આગાહ અપની મૌતસે કોઈ બશર નહીં
સામાન સો બરસકા પલ કી ખબર નહીં

# તોહફાએ નજાત

## ભાગ – ૯

## "મૌતને ભૂલશો નહીં !"


★ લેખક ★

**ફખ્રે ગુજરાત હઝરત અલ્લામહ્ મૌલાના યૂનુસ મિસ્બાહી**



★ પ્રકાશક ★

**અંજુમને રઝાએ મુસ્તફા**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.






## ☆ અનુક્રમણિકા ☆


| | |
|---|---|
| પ્રાસ્તાવિક વાત | ૦૦૭ |
| **પ્રકરણ : ૧** | |
| **★ જીવન સફળ બનાવો ★** | |
| મૌતમાં વિવાદ નથી | ૦૦૯ |
| મૌત કેમ રાખવામાં આવી ? | ૦૧૦ |
| મૌતનો ઉલ્લેખ પ્રથમ કેમ ? | ૦૧૦ |
| મૌત કયારે આવશે ? | ૦૧૨ |
| કાળ ત્રણ છે ? | ૦૧૩ |
| કિંમતી સમય કયો ? | ૦૧૪ |
| ઉંમર નાની કે મોટી ! | ૦૧૪ |
| કાળ વર્તમાન જ છે ! | ૦૧૫ |
| પગાર કામ પર મળે છે ! | ૦૧૫ |
| સફળતા અને નિષ્ફળતા | ૦૧૬ |
| ઈમામે આ'ઝમનો જવાબ | ૦૧૬ |
| ખુદાને કોણ ભૂલે છે | ૦૧૮ |
| મૌતને કેવી રીતે યાદ કરશો ? | ૦૧૯ |
| એક બુઝુર્ગ અને મૌતની યાદ | ૦૧૯ |
| આપણે શું કરવું જોઈએ ? | ૦૨૦ |
| આજે પેલો તો કાલે આપણે ! | ૦૨૦ |
| મૌતનો ટપાલી | ૦૨૧ |
| ઓચિંતા અવસાન | ૦૨૧ |
| વસ્તી અને વેરાન | ૦૨૩ |
| વેઈટિંગમાં નામ | ૦૨૩ |
| સમય હતો પણ હવે નહીં | ૦૨૪ |
| માલ નહીં પણ આપણો | |
| નિર્ણય ખોટો છે | ૦૨૪ |
| દુનિયાનો રાજા પણ | ૦૨૫ |
| મૌતની યાદ અને લોકોના પ્રકાર | ૦૨૭ |
| દુઆનું રહસ્ય | ૦૩૦ |
| અક્કલ અને સદ્બુદ્ધિવાળો કોણ ? | ૦૩૧ |
| સબ્ર પ્રાપ્ત થાય છે | ૦૩૧ |
| ખલીફાએ અવ્વલનું અવસાન | |
| અને વસિયતો | ૦૩૩ |
| ખલીફએ ષાનીનું અવસાન અને વસિયતો | ૦૩૯ |
| ત્રીજા ખલીફાનું અવસાન અને વસિયતો | ૦૪૬ |
| ચોથા ખલીફાનું અવસાન અને વસિયતો | ૦૫૨ |
| ઈબ્ને મસઉદ رضی اللہ عنہما ની | |
| શિખામણો | ૦૫૭ |
| સુફયાન ષૌરી رضی اللہ عنہ ની શિખામણો | ૦૫૮ |
| યહ્યા બિન મુઆઝની શિખામણો | ૦૫૯ |
| બુઝુર્ગોની શિખામણો | ૦૬૦ |
| વહબ બિન મુનબ્બહની શિખામણો | ૦૬૫ |
| ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની | |
| શિખામણો | ૦૬૭ |
| શફીક બલ્ખી رحمۃ اللہ علیہ ની શિખામણો | ૦૭૦ |
| હઝરત હસન બસરી رضی اللہ عنہ ની | |
| શિખામણ | ૦૭૧ |

## ☆ અનુક્રમણિકા ☆


હઝરત સાલેહ મરકદીની શિખામણ ૦૭૩
હઝરત ઈબ્રાહીમ બિન અદ્દહમની શિખામણો ૦૭૪
હઝરત લુકમાનની શિખામણ ૦૭૪
હઝરત હાતિમની શિખામણ ૦૭૬
હઝરત કઅબ رضی اللہ عنہ ની શિખામણ ૦૭૮
મુહમ્મદ બિન દુરીય્ય رحمۃ اللہ علیہ ની શિખામણ ૦૭૯
હઝરત અનસ رضی اللہ عنہ ની શિખામણ ૦૭૯
આપણી કસમજ ૦૮૦

**પ્રકરણ : ૨**

**★ મુસલમાન અને આખરેતની ચિંતા ★**

ઈસ્લામનો સબક ૦૮૩
આખેરત ઉત્તમ છે ૦૮૩
દુનિયાની બેઈજ્જતીનું વર્ણન શા માટે ? ૦૮૪
મૌતનું ઈનામ ૦૮૫
આખેરત તરફ નમવાના તરીકાઓ ૦૮૬
દોઝખ અઝાબનું ઘર ૦૮૬
દયાળુ અલ્લાહ عزوجل ૦૮૮
અલ્લાહનાં નવ્વાણું નામો ૦૮૯
કૃપાની વિશાળતા ૦૯૦
વારંવાર કૃપાનો ઉલ્લેખ ૦૯૦
પાપીને પણ દા'વત ૦૯૦
મતલબીને પણ કબૂલી લીધો ! ૦૯૩
અલ્લાહનો પ્રિય ! ૦૯૪
પાછળ ચાલવાનો મતલબ ૦૯૪
અમુક અમલો પર પ્રિયતાનું એલાન ૦૯૫
શિખામણોનો ફાયદો ૦૯૬
આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની નસહીતો તથા વસિયતો ૦૯૭
હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ની શિખામણો ૧૦૮
ધ્યાન આપશો ! ૧૨૪
હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ૧૨૫
યાદ રાખવાનો મતલબ શું ? ૧૨૬
જેવા સાથે તેવો અમલ ૧૨૭
ખ્વાજા સાહબનો પ્રથમ પત્ર ૧૨૮
બીજો પત્ર ૧૩૦
ત્રીજો પત્ર ૧૩૦
ચોથો પત્ર ૧૩૧
પાંચમો પત્ર ૧૩૨
છઠ્ઠો પત્ર ૧૩૭
સાતમો પત્ર ૧૩૮
ખ્વાજા ગરીબ નવાઝની શિખામણો ૧૩૮
દોસ્તીની શિખામણો કેમ કરી ? ૧૪૫






## ☆ અનુક્રમણિકા ☆


**પ્રકરણ : ૩**

**★ ઈસાલે સવાબ ★**

ઈસાલે સવાબ હદીષના પ્રકાશમાં ૧૫૨
સૂરએ ઈખ્લાસનો સવાબ ૧૫૬
જીવંતને પણ ઈસાલે સવાબ થઈ શકે છે ! ૧૫૯
દુઆ પર પહાડી જેવી નેકીઓ ૧૬૧
બીજા માટે મગફેરતની દુઆ કુર્આન તથા તફસીરના પ્રકાશમાં ૧૬૨
મા બાપ માટે દુઆ કરવી જરૂરી છે ૧૭૨
કફન દફન અને નમાઝ મૈયતની ઈજ્જત છે ૧૭૬
કુર્આન શરીફની તિલાવત ૧૭૭
કુર્બાનીથી ઈસાલે સવાબ ૧૮૦
કલ્મા શરીફની બરકત ૧૮૩
ખરાબી સુધારવાનો તરીકો ૧૮૫
મૈયતના ખાણામાં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની હાજરી ૧૮૬
અઝવાજે મુતહ્હરાએ નબીના વિસાલ પછી સહાબાને ખાણુ ખવડાવ્યું ૧૮૮
હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના તુફૈલમાં ઈસાલે સવાબ કરો ૧૯૦
હુઝૂરે ફાતેહાખ્વાની કરી ૧૯૦
હાજી ઈમ્દાદુલ્લાહનું મતવ્ય ૧૯૧
ફાતેહાનાં કામો ૧૯૨
એક શંકાનો ઈલાજ ૧૯૭
૧૧ મી શરીફની ન્યાઝ અને આપણે ! ૨૦૨
જે ખવડાવવા જ ઈચ્છે તેમને મારી એક ભલામણ ૨૦૩
મોટા ફાતેહામાં જે સૂરતો તથા આયતો પઢવામાં આવે છે તેનું કારણ ૨૦૫
અઝાને કબ્ર ૨૦૭
દફન પછી જવાબ શિખવાડો ૨૧૬
દફન પછી કેટલુ રોકાવું ઉત્તમ ૨૧૭

**પ્રકરણ : ૪**

**★ રૂહની માહિતી ★**

બદનમાં રૂહ અગત્યનો ભાગ ભજવે છે ૨૨૯
યહૂદીઓનો રૂહ વિશે નબી પાકને પ્રશ્ન ૨૩૧
કુર્આનથી રૂહોના હમેશાંથી ન હોવાનો સબૂત ૨૩૪
અસલ ઈન્સાન રૂહ છે તો બદનને અઝાબ શાથી ? ૨૪૩
મૌતનો મતલબ શું ? ૦૪૫
નફ્સ અને રૂહમાં ફરક ૦૪૮
રૂહના ઠેકાણા વિશે વિવાદ ૦૪૮
રૂહોની મુલાકાત હદીષની રોશનીમાં ૨૫૦
ગૈર મુસ્લિમોની માન્યતા ૨૫૩
મુડદાની હાલત ગયબ કેમ ? ૨૫૪
આલમે બરઝખમાં મરણ પામનારની સ્થિતિઓ ૨૫૫
ન જાણવું ન હોવાની દલીલ નથી ૨૫૯

## ☆ અનુક્રમણિકા ☆


છે તો પછી દેખાતી કેમ નથી ! ૨૬૦
શરીરમાં પ્રવેશ રૂહ માટે જેલ છે ૨૬૧
મરણ બાદ રૂહની શક્તિ હદીષની રોશનીમાં ૨૬૨
આલિમોની જિમ્મેદારી શું છે ? ૨૬૫
મુડદુ પણ અવાજ કરે છે ! ૨૬૫
ફરિશ્તાઓથી ગુપ્ત ન રહેવાનું શું કારણ ? ૨૬૪
નબીઓ માટે ગુપ્ત નથી ! ૨૬૮
હઝરત ઈસાનો વાકયો ૨૬૮
જાનવરો માટે તેમની હાલત ગુપ્ત કેમ નથી ? ૨૭૦
સામાન્ય માણસો અને જિન્નાતો માટે ગુપ્ત કેમ ? ૨૭૦
એક સાંભળે અને બીજો ન સાંભળે ? ૨૭૧
જિન આપણને જુએ છે ૨૭૨
ફરિશ્તા આપણને જુએ છે ૨૭૩
મુડદુ સમજે પણ છે ૨૭૫
મૃત્યુ સમયે ફરિશ્તા અને ઠેકાણુ દેખાવું ૨૭૬
પાક રૂહનો આકાશના દરવાજાઓથી પ્રવેશ ૨૭૭
નાપાક રૂહનું પરિણામ ૨૭૮
નબીનું મુડદાંને સંબોધવું ૨૮૦
મુડદાને તેના ઠેકાણે જલ્દી પહોંચાડો ૨૮૧
કબ્રવાળાઓથી હયા કરવી ૨૮૪
ઈમામ શાફઈનું ઈમામે આ'ઝમથી શરમાવું ૨૮૭
જીવતં લોકોની નિષ્કાળજીથી મુડદાંઓને તકલીફ થાય છે ૨૮૮
ખરાબ પડોશીથી મુડદાંને તકલીફ ૨૯૦
ઊંચા સ્વરે રડવાથી મુડદાને તકલીફ ૨૯૦
મુડદાની તારીફમાં ગલત બયાનીથી મુડાદાને નુકસાન ૨૯૩
મુડદાની બુરાઈથી બચો ૨૯૫
મુડદાંઓને ખુશ કરવાનો તરીકો ૨૯૭
વારસદારોનો વિખવાદ મુડદાં માટે દુઃખદાયક ૨૯૮
રૂહ પર સવાર સાંજ તેનું ઠેકાણું પેશ કરવામાં આવે છે ૩૦૨
કબ્રમાં મુડદાને સવાલ ૩૦૫
કાફિર અને મુસ્લિમનાં બાળકોનો હુકમ ૩૦૯
મુન્કર નકીરના સવાલ શું હશે ? ૩૧૩
મરણ બાદ રૂહો કયાં રહે છે ? ૩૧૭
કાફિરોને હમેશાં અઝાબ શા માટે ૩૨૨
વહાબીઓ પર અફસોસ ! ૩૨૭
દેવું ચુકાવવું જરૂરી છે ૩૨૯






## ☆ અનુક્રમણિકા ☆


કર્ઝ અદા ન કરનારને આલમે બરઝખમાં સજા ૩૩૩
કર્ઝદારને મેહતલ આપવાનો સવાબ ૩૨૯
વસિયત કોને કહેવાય ? ૩૪૦
રૂહની પોતાનાં ઘરવાળાંઓ પાસે હાજરી ૩૪૨
કબ્રોની ઝિયારતનો હુકમ ૩૪૬
મા બાપની કબ્ર પર જવાની ફઝીલત ૩૪૮
કબ્રની ઝિયારતનો તરીકો ૩૫૦
ઝિયારત સાથે અન્ય ખરાબીઓ ૩૫૫
અજમેરમાં મજાવરોની ખરાબી ૩૬૦
દરગાહો પર ઔરતોની ભીડભાડ ! ૩૬૪
અદબના નામથી બેઅદબી ! ૩૬૮
બુઝુર્ગોની ખુશી કયા કામમાં છે ૩૭૦
ઔરતો જઈ નથી શકતી ૩૭૦
ઉર્સના નામે ગુનાહોનું કામ ! ૩૭૮
વહાબીઓ અજમેરમાં... ૩૮૨
મજાવરોને આલિમથી આદાવેર ૩૮૬
સુન્ની આલિમોનું મહાન એહસાન ૩૮૬
વાજિંત્રો મનાઈના હુકમમાં ૩૯૧
મ્યુઝિક સાથે કવ્વાલી ગુનાહનુ કામ ૩૯૨
કબ્રની ઝિયારતે જનાર ઔરતો લા'નતની હક્કદાર ૩૯૬
વહાબીઓ જવાબ આપો ૪૦૧
નબી صلی اللہ علیہ وسلم ની બારગાહની હાજરી ૪૦૫


### પ્રકરણ : ૫

### ★ કફન દફન સંબંધિત મસ્અલાઓ ★


મૌત સમયે મૈયતને તલ્કીન ૪૦૮
મૈયતને ગુસ્લ કરાવવું ૪૧૧
મૈયતનું કફન ૪૧૬
જનાઝો લઈ જવો ૪૨૨
જનાઝાની નમાઝ ૪૨૫
કફન અથવા પેશાની પર લખવું ૪૩૩
કબર પર ફૂલો રાખવાં ૪૪૩
નમાઝે જનાઝા પછી તરત દુઆ ૪૪૫
કબર પર દીવો સળગાવવો, મકાન બનાવવું અને ચાદર રાખવી ૪૪૬
દફન પછી મૈયતને ફાયદો પહોંચાડો ૪૫૨
કબરમાં મુન્કર નકીર ૪૫૪
અઝાબે કબર ૪૫૭
જનાઝો લઈ જતી વખતે ઊંચે સ્વરે ઝિક્ર ૪૬૧
પતિનું અવસાન અને પત્નીની ઈદ્દત તથા શોક ૪૬૩
કબ્રસ્તાન ૪૬૯
મૈયતનાં ઘરવાળાંઓની ખબર લેવી ૪૭૪

بسم الله الرحمن الرحيم

## (પ્રાસ્તાવિક વાત....)

# ઈલ્મની રોશની અને આપણે

(અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)

જેહાલતનો અંધકાર ઘણી જ ખતરનાક ચીજ છે ! જેવી રીતે અંધારી રાતમાં સફર કરનાર માણસ પાસે જો રોશનીની વ્યવસ્થા ન હોય, આકાશમાં પણ કાળાં ડિબાંગ વાદળો છવાયેલાં હોય કે જેથી ચંદ્ર કે તારાની રોશની પણ જોવા ન મળે, તો તદ્દન સરળ સપાટ માર્ગે પણ માનવી કદમ વધારી શકતો નથી ! અને આગળ વધવા જાય તો અવળી જ દિશામાં અટવાઈને છેવટે કયાંક ગોઠુ ખાઈ બેસે છે અને શારીરિક નુકસાનનો ભોગ બને છે. એવી જ રીતે જેહાલતનો અંધકાર પણ માનવીને ગુનાહોની, ગુમરાહીની, કુફ્રની, શિર્કની ભયાનક ખીણોમાં ગબડાવી મૂકે છે જે ઈન્સાનની હમેશાંની દુનિયા એટલે આખેરતને તબાહ કરી મૂકે છે.

એટલા જ માટે દરેક 'બુદ્ધિશાળી' માટે અનિવાર્ય ચીજ છે કે જેહાલતના અંધકારથી બચવા દીની ઈલ્મની રોશનીની તલાશમાં સતત કોશિશમાં લાગેલો રહે. જ્યારે કે જેહાલતના ભયાનક નુકસાનથી બચવા માટે ઈલ્મે દીન અતિ આવશ્યક ચીજ છે તો દરેક વ્યકિત પોતાના દિલમાં સોચે કે પોતે ઈલ્મે દીન માટે ૨૪ કલાકમાં કે વરસમાં કે જિંદગીમાં શું કોશિશ કરી છે ? અને ઘરમાં રાચ રચીલા માટે કેટલી રકમ ખર્ચી ? પોતાના દુનિયવી આરામ માટે કેટલી રકમ ખર્ચી ? અને ઈલ્મે દીન તેના પ્રચાર માટે કે કિતાબ વસાવવા માટે કેટલી રકમ ખર્ચી ? અને કેટલો સમય એના માટે ફાળવ્યો કે કાઢયો ? આ પ્રશ્નના જવાબો જ તમારી સમક્ષ તમારા પોતાના 'બુધ્ધિશાળી' હોવા ન હોવાનું પ્રમાણપત્ર બની જશે !

તકરીરોનો ફાયદો એના સ્થાને છે, પણ યકીનન ! લખાણોનો ફાયદો લાંબા કાળનો બલ્કે યુગો સુધી પહોંચનારો હોય છે. ઈલ્મે દીનના





વૃક્ષની જ્યારે કલમની અણી વડે સિંચાઈ કરવામાં આવે છે તો એના થકી મળતાં ફળોમાં વૃદ્ધિ આવી જાય છે ! અને તે પણ એક યુગ કે યુગોના યુગ સુધી ફળો આપતુ રહે છે. એટલે જ હદીષમાં ફર્માવવામાં આવ્યું છે કે, "ઈલ્મને લખીને કેદ (સુરક્ષિત) કરી લો."

ગુજરાતી ભાષામાં દીની ઈલ્મની રોશની ફેલાવવાના ક્ષેત્રે નવયુવાન સુન્ની આલિમોમાં બયાનની સાથોસાથ લેખન પ્રવૃત્તિમાં સૌથી મૌખરે કોઈનું નામ હોય તો તે **ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી** مدظلہ العالی ની જાત છે. આપની ઈન્કિલાબી કલમે ગુજરાતી સુન્ની મુસ્લિમોને જેહાલતના અંધકારના નુકસાનોથી ઉગારી લેવા **તોહફાએ નજાત** નામથી સતત તોહફા પેશ કરવાનું ચાલુ રાખ્યું છે અને અસંખ્ય ઈલ્મના પ્યાસાઓને ઈલ્મે શરીઅતના જામ ભરી ભરીને પીવડાવ્યા છે. આપની કિતાબોથી કૌમમાં જાગૃતિની જાણે એક લહેર દોડી છે જેની અસર યુ.કે.થી ઈન્ડિયા-ગુજરાત સુધી જોવા મળે છે. આપની કલમે એક તરફ બાતિલ ફિર્કાઓને ભાગવા ભોંય ભારે પડે તેવી શરઈ દલીલો વડે ફટકાર્યા છે અને ઈન્સાફ પ્રિયને મસ્લકે આ'લા હઝરત યા'ને અહલે સુન્નત વ જમાઅતના શયદાઈ બનાવ્યા છે, તો વળી બીજી બાજુ કહેવાતા સુન્નીઓમાં કૌમને ગુમરાહીના કાદવમાં જ ખૂપેલી રાખવા મથતા ઢોંગી બની બેઠલા બેશરઅ સૂફીઓની પણ છૂટ્ટી કરાવી દીધી છે ! અને દૂધનું દૂધ અને પાણીનું પાણી અલગ કરી બતાવ્યું છે.

હું કોઈ જઝબાતના આવેશમાં નથી લખી રહ્યો પણ સુન્નિયતની સાચી લાગણીથી મારા તમામ સુન્ની ભાઈ બહેનોને આજીજીપૂર્વક વિનંતિ કરું છું કે **ફખ્રે ગુજરાત હઝરત મૌલાના યૂનુસ મિસ્બાહી**ની હક્કની રોશની ફેલાવતી કલમના અણમોલ તોહફાઓનો અને આ **તોહફાએ નજાત** (ભાગ-૯) યા'ને **"મૌતને ભૂલશો નહીં !"** કિતાબનો ધ્યાનથી અભ્યાસ કરો, ઈન્સાફપૂર્વક મનન કરો અને પોતાનામાં રહેલી બદીઓને દૂર કરવા કોશિશ કરો, એ જ અપીલ છે. આ કિતાબોનો તમારા મિત્ર વર્તુળમાં ફેલાવો કરો અને ઈલ્મે દીનની રોશની ફેલાવવાના કામમાં લાગી જાવ.

**-પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

(પ્રકરણ-૧)

# જીવન સફળ બનાવો

نَحْمَدُهٗ وَنُصَلِّيْ عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ اَمَّا بَعْدُ
فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ بِسْمِ اللّٰهِ
الرَّحْمٰنِ الرَّحِيْمِ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا
اللّٰهَ وَلْتَنْظُرْ نَفْسٌ مَّا قَدَّمَتْ لِغَدٍ وَّاتَّقُوا
اللّٰهَ صَدَقَ اللّٰهُ الْعَظِيْمُ

الصلوٰۃ و السلام علیک یا رسول اللہ

الصلوٰۃ و السلام علیک یا حبیب اللہ

الصلوٰۃ و السلام علیک یا نبی اللہ

الصلوٰۃ و السلام علیک یا نور اللہ

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ખુત્બા પછી જે આયતે કરીમા પઢવાનો મેં શરફ પ્રાપ્ત કર્યો તેની બાબત અલ્લાહ તઆલા મને હક્ક કહેવાની અને તમને બધાને હક્ક સાંભળવાની અને એની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન બિજાહિ સૈયેદિલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم)

## ★ મોતમાં વિવાદ નથી ★

મારી બહેનો ! અસંખ્ય ધર્મો છે. કોઈ અલ્લાહને એક માને છે





કોઈ એકથી અધિક માને છે. હિંદુ લોકો માણસથી થોડી અધિક શકિત ધરાવતી ચીજ વસ્તુને ખુદા માની લે છે એટલે તેઓ અસંખ્ય ખુદા માને છે અને દરેકની ઈબાદત કરે છે. જ્યારે ખુદાની જાત બાબત સંમતિ નથી તો પછી બીજી વાતોમાં એકમતી કેવી રીતે થાય ? પણ મોત એક એવી વસ્તુ છે જેની બાબત કોઈનો વિવાદ નથી, દરેકને એ વાત માન્ય છે કે હું દુનિયામાં આવ્યો છું તો મારા દુનિયાના જીવનની એક મર્યાદા છે, ત્યાર પછી મને મોત આવશે અને હું દુનિયા છોડીને ચાલ્યો જઈશે. એટલે કે મોત આવશે એ દરેક માને છે.

## ★ મોત કેમ રાખવામાં આવી ★

માણસ એકાંતમાં બેસીને એ વિચારી શકે છે કે અલ્લાહ તઆલાએ આપણને હયાત અને જીવન અર્પણ કર્યું છે તો પછી એની સાથે મોત કેમ રાખી ? મોત આપવી જ હતી તો પછી જીવન કેમ અર્પણ કર્યુ ? જીવનનો શબ્દ ખુશી ઉપજાવે છે અને મૌત માતમને દા'વત આપે છે, તો ખુશીને માતમથી કેમ બદલવામાં આવે છે ? એટલે કે પ્રશ્ન એક છે પણ તેને જુદા જુદા શબ્દોમાં જુદા જુદા પ્રકારથી નવું નવું રૂપ આપી શકાય છે. તો એનો જવાબ અલ્લાહ તઆલાએ આપણને કુર્આન શરીફમાં આપેલો છે :–

خَلَقَ الْمَوْتَ وَالْحَيٰوةَ لِيَبْلُوَكُمْ اَيُّكُمْ اَحْسَنُ عَمَلًا

"એણે મોત અને જીવન પેદા ફર્માવ્યું એટલે કે તમને ખબર પડે તમારામાં વધારે સારા અમલવાળો કોણ છે."

ઉપરોકત વર્ણન થયેલ આયતમાં જીવન કેમ અર્પણ કર્યું તેનો જવાબ પણ આપવામાં આવ્યો અને મોત કેમ રાખવામાં આવી તેનો પણ ખુલાસો કરી દેવામાં આવ્યો. જીવન એટલે આપવામાં આવ્યું કે તમે સારા અમલ કરો અને સારા અમલ કરવામાં એક બીજાથી આગળ વધો અને મોત પણ એ મકસદથી જ રાખવામાં આવી.

## ★ મોતનો ઉલ્લેખ પ્રથમ કેમ ? ★

આયતમાં ધ્યાન આપવામાં આવે તો તમને જોવા મળશે કે મોત

અને હયાત બંનેનો ઉલ્લેખ થયો છે, પણ શબ્દોમાં મોતનો ઉલ્લેખ પ્રથમ કરવામાં આવ્યો છે, જ્યારે કે પ્રથમ હયાત છે અને હયાત પછી મોત આવે છે. હયાત દુનિયામાં જીવંત રહેવાના સમયને કહેવામાં આવે છે જેમાં રૂહ તથા પ્રાણ શરીરમાં હોય છે. તે બંનેની વચમાં તફાવત કરી દેવામાં આવે તો એ જુદાઈને મોતનું નામ આપવામાં આવે છે.

જ્યારે હયાત પ્રથમ નંબર પર છે અને મોત ત્યાર બાદ વજૂદમાં આવે છે તો પછી મોતનો શબ્દ આયતમાં પ્રથમ કેમ છે ?! તો એનો જવાબ એ છે કે માણસ મોતનો શબ્દ પ્રથમ સાંભળે તો એને એ વાતનું યકીન થઈ જાય અને એ અમલ માટે તત્પર થઈ જાય કે આ દુનિયામાં જીવનનો એક સમય નિશ્ચિત છે, એમાં મોતથી જુદાઈ થઈ જવાની છે.

દુનિયામાં માણસ ગાફિલ કયારે થાય છે, ખુદાને કયારે ભૂલે છે, ખરાબ કામોમાં રહેવાનું અથવા અલ્લાહના હુકમ વિરૂધ્ધ જવાનું પસંદ કયારે કરે છે જ્યારે કે તેને પોતાનું પરિણામ શું આવવાનું છે તેની ચિંતા ન હોય. જે વિદ્યાર્થી એવું ઈચ્છે કે મારે સારા માર્કે પાસ થવું છે અને પરિક્ષામાં પ્રથમ નંબર લાવવો છે તો એની સમક્ષ એનું પરિણામ અને રિઝલ્ટ છે એટલે તે એ માર્ગમાં પોતાની ધારેલી સફળતા પ્રાપ્ત કરવા માટે એટલા જ પ્રયત્નો કરશે અને સફળ જઈને જ રહેશે. અને જેનું ધ્યાન પરિણામ પર નહીં હોય તે રમત ગમતમાં લાગેલો રહેશે અને સેર સપાટા કરશે.

અલ્લાહ તઆલાએ ઉપરોકત આયતમાં એ પણ સ્પષ્ટ કર્યું કે તમને દુનિયાનું જીવન પરિક્ષા માટે આપવામાં આવેલું છે, એટલે કે તમે વિદ્યાર્થી છો, દુનિયા પરિક્ષા ખંડ છે, તમારા જીવનનો સમય પરિક્ષાનો, સમય છે, મોત આવશે એટલે તમારું અમલનામું બંધ કરી દેવામાં આવશે, જો તેમાં સારા અમલોનો વધારો હશે તો તમારું રિઝલ્ટ સારું છે અને તમે સફળ છો. જો તમારા અમલનામામાં ગુના અને પાપ વધારે હશે તો તમે પરિક્ષામાં નિષ્ફળ થયા.

આ સઘળા કારણો પર ધ્યાન આપવા માટે આયતમાં અલ્લાહ તઆલાએ મોતનો ઉલ્લેખ હયાત પહેલાં ફર્માવ્યો.





## ★ મોત કયારે આવશે ? ★

આપણા જીવનનો સમય અલ્લાહ તઆલાના ઈલ્મમાં નિશ્ચિત છે, લોહે મહફૂઝમાં આપણી ઉમરના દિવસો લખી દેવામાં આવ્યા છે એ સમય આવી જાય તો આપણને થોડી પણ મેહતલ આપવામાં આવશે નહીં. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

لَنْ يُّؤَخِّرَ اللّٰهُ نَفْسًا اِذَا جَآءَ اَجَلُهَا

"કોઈ પણ જાનને અલ્લાહ કદાપિ મહેતલ આપશે નહીં જ્યારે એનો નિશ્ચિત સમય આવી જશે."

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :

لِكُلِّ اُمَّةٍ اَجَلٌ اِذَا جَآءَ اَجَلُهَا فَلَا يَسْتَاْخِرُوْنَ سَاعَةً
وَّلَا يَسْتَقْدِمُوْنَ

"દરેક જમાઅતનો એક નિયત સમય છે જ્યારે એ નિયત સમય આવશે તો તેઓ થોડીવાર માટે પણ આગળ પાછળ નહીં થાય."

કુર્આનની બે આયતોથી એ સ્પષ્ટ થયું કે જીવનનો સમય અલ્લાહના ઈલ્મમાં નિશ્ચિત છે અને લોહે મહફૂઝમાં લખી લેવામાં આવ્યો છે ! એ સમયમાં થોડો પણ ફેરફાર થશે નહીં. લખેલ સમયથી એક □ાસ પણ વધારે મળશે નહીં. સમય પૂરો થતાંની સાથે જ ફરિશ્તો આપણી રૂહ અને પ્રાણને શરીરમાંથી અલગ કરી લેશે. તે સમય પહેલાં આપણને જીવંત કહેવામાં આવતા હતા, પ્રાણ અલગ થતાંની સાથે આપણો આલમ અને જગત બદલાઈ જશે અને મરેલાઓમાં ભરી જઈશું.

મોતનો સમય અલ્લાહના ઈલ્મમાં નિશ્ચિત છે પણ આપણને એ નિયત સમયની ખબર આપવામાં આવી નથી. આપણાં જીવનનો ટોટલ સમય આપણા માટે ગેયબ છે. આપણા જીવન માટે પળ પળ મોતનો ખતરો છે આપણને શી ખબર કઈ પળ આપણા જીવનની અંતિમ પળ હશે. સ્પષ્ટ થયું કે મૌતનો સમય અલ્લાહના ઈલ્મમાં નિશ્ચિત છે પણ આપણા માટે તો જીવનની પળ પળ મોતનો ખતરો જ છે.

અનુભવથી પણ મોતનો સમય માલૂમ નથી કરી શકાતો. કારણ કે કયારેક પેદા થનાર બાળક પેદા થતાની સાથે જ અવસાન પામ છે, કયારેક થોડા મહીનાનું થાય છે અને મોત આવી જાય છે, કયારેક જવાનીના સમયે પહોંચે છે અને મોત પામે છે. કયારેક તે વૃધ્ધવસ્થા સુધી જાય છે અને મોત આવી જાય છે.

સારાંશ એ કે જીવનની ત્રણ હાલતો છે બાળપણ, જવાની વૃદ્ધાવસ્થા. અને તે ત્રણેવમાં મોત આવે છે, પછી અનુભવથી મોતનો સમય કેમ કરી માલૂમ કરી શકાય ?

## ★ કાળ ત્રણ છે ! ★

પરિભાષામાં સમયને ત્રણ કાળમાં વહેંચવામાં આવે છે ભૂતકાળ, વર્તમાનકાળ, અને ભવિષ્યકાળ. પસાર થયેલ સમયને ભૂતકાળ, ચાલી રહેલ સમયને વર્તમાનકાળ અને આવતા સમયને ભવિષ્ય કાળ કહેવામાં આવે છે.

અમલ માટેનો સમય ભૂતકાળ પણ નથી અને ભવિષ્યકાળ પણ નથી. ભૂતકાળ જ્યારે આવીને ચાલ્યો ગયો તો હવે આપણે તેની ઉપર કાબૂ નથી જમાવી શકતા તે આપણા કાબૂમાંથી નીકળી ગયો છે. ભવિષ્યકાળ ત્યારે આપણા કાબૂમાં આવશે જ્યારે તે આવી જશે પણ આપણને એ ખબર નથી કે આપણે તેને પામી શકીશું કારણ કે આપણને આપણી મોતનો સમય ખબર નથી, શકય છે જેને કાબૂમાં લાવવાની ઉમ્મીદમાં આપણે બેસેલા હોય તે આપણી મોતનો સમય હોય તો પછી ત્રણ કાળમાં માત્ર વર્તમાનકાળ આપણો છે અને તેમાં આપણે આપણી જવાબદારીઓનો ખ્યાલ રાખીને અમલ કરતા રહેવું જોઈએ.

જે વ્યકિત સમય બાબતે આ રહસ્ય જાણી લે તે અમલમાં આળસ કરી શકતો નથી અને જવાબદારીઓથી વંચિત રહી શકતો નથી. જેની નમાઝ કઝા થઈ તે એટલે જ કે તે વર્તમાનકાળને ભૂલી ગયો, જે ગુના કરી તૌબા નથી કરતો અને કાલ પર ટાળતો રહે છે તે ભવિષ્ય પર ભરોસો રાખે છે જ્યારે કે ભવિષ્ય તેના કાબૂની ચીજ નથી. વર્તમાનકાળ આપણો છે એમાં આપણે અમલ કરી લેવો જોઈએ, જે કઝા થયું હોય તે અદા કરી





લેવું જોઈએ. ગુના પર તૌબા રહી ગઈ હોય તો તરત તૌબા કરી લેવી જોઈએ, કોઈનું કર્ઝ દેવાનું હોય તો બંદોબસ્ત થતાંની સાથે અદા કરી દેવું, માફી માંગવાની હોય અને હક્ક માફ કરાવવાનો હોય તો માફ કરાવી લેવું આ બધું વર્તમાનકાળમાં થઈ શકે છે તો એની કદર કરી લો.

## ★ કિંમતી સમય કયો ? ★

જોવા જઈએ તો સમયની દરેક પળ કિંમતી છે પણ તે એના માટે જે એની કિંમત સમજી શકે. દુનિયામાં જે લોકો સમયની દરેક પળની કદર સમજે છે તેઓ દુનિયાના દરેક વર્ગમાં કામયાબ અને સફળ જોવા મળે છે. આળસુ માણસ આળસનો ભોગ એટલે જ બનેલો છે કે એને સમયની કદર નથી. ગુજરાતીમાં કહેવામાં આવે છે "ગધેડો જાફરાનને શું સમજે !" એટલે કે ગધેડો જાફરાનને ઘાસ સમજે છે જ્યારે માણસને એની ખબર છે કે બજારમાં જાફરાનનો ભાવ કેટલો હોય છે ? માણસોમાં પણ અન્ય લોકો ગધેડા માફક હોય છે એમને સમય શું છે તેની ખબર હોતી નથી. બાળકને મોતી આપવામાં આવે તો તે મણકો સમજીને ફેંકી આપે, તેને શું ખબર કે મોતીની કિંમત કેટલી હોય છે. કેટલાક લોકો વિચારસરણીમાં બાળકો માફક હોય છે તેઓ સમયને જીવન વિતાવવાની ચીજ સમજીને ગમે તેમ ગુમાવે છે.

## ★ ઉમર નાની કે મોટી ★

માણસ દુનિયામાં આવીને જેટલા દિવસ પસાર કરતો જાય છે તે પ્રમાણે હિસાબ કરીને કહેવામાં આવે છે આ એક વર્ષનો થયો, આ બે વર્ષનો થયો વગેરે.... એક એક વર્ષનો અને બીજો બે વર્ષનો હોય અને પૂછવામાં આવે કે બંનેમાં મોટો કોણ તો બે વર્ષવાળાને મોટો કહેવામાં આવે છે. આ પ્રમાણે આપણો સમાજ ચાલી રહ્યો છે અને આપણે સમાજમાં રહીને સમાજ માફક વિચારસરણી રાખીએ છીએ. જ્યારે કે ઈસ્લામી વિચારસરણી એવી છે કે માણસના દુનિયામાં આવ્યા પછી જેટલા દિવસો પસાર થયા તે એટલો નાનો થયો. કારણ કે દરેકની ઉમરનો સમય અલ્લાહના ઈલ્મમાં નિશ્ચિત છે, તો એ જેટલા દિવસ વિતાવતો

ગયો એટલા દિવસ તે નિશ્ચિત સમયમાંથી ઓછા થઈ ગયા. મલતબ એ કે આપણા જીવનના સમયમાં ભાગાકાર થઈ રહ્યો છે અને આપણે ગુણાકાર કરી રહ્યા છીએ. ગુણાકારમાં વધારો થાય છે અને ભાગાકારમાં ઘટાડો થાય છે, આપણે વધારાવાળો હિસાબ લગાડીએ છીએ અને ઈસ્લામ ઘટાડાવાળો હિસાબ લગાડે છે.

## ★ કાળ વર્તમાન જ છે ! ★

પરિભાષામાં કાળના ત્રણ પ્રકાર કરવામાં આવ્યા છે પણ જોવા જઈએ તો આ પણ સમજના આધારે છે, નહીંતર વાસ્તવમાં કાળ માત્ર વર્તમાન છે. જતો રહ્યો તે ખત્મ થઈ ગયો હવે તે વજૂદ અને અસ્તિત્વમાં છે જ નથી, એને જે આવશે તે હજી અસ્તિત્વમાં આવ્યો જ નથી પછી તે કાળ કેવી રીતે કહેવાય ? કાળ જે અસ્તિત્વમાં છે તે વર્તમાનકાળ છે, સમ્રગ જગત વર્તમાનકાળ પર ચાલી રહેલ છે. આ છે ઈસ્લામી તાલીમ. વર્તમાનકાળ જવાબદારીઓ પૂરી પાડવાનો સમય છે જે વર્તમાનકાળને ભૂલી ગયો તે કાળને તદ્દન ભૂલી ગયો, વર્તમાનને ભૂલનાર કામયાબી અને સફળતાના પંથે આવી શકતો નથી. તેનું ભાવિ નાકામી અને નિષ્ફળતા છે.

## ★ પગાર કામ પર મળે છે ★

આપણે કોઈ જગાએ કામ કરતા હોય અથવા આપણા ત્યાં કોઈ કામ કરતું હોય તો આપણે તેના માટે અથવા કોઈ આપણા માટે જવાબદારી રાખે છે. કામના અને જવાબદારીના આધારે પગાર નક્કી કરવામાં આવે છે અને સમયસર ચૂકવવામાં આવે છે. અહીં સમય પણ કિંમતી બની ગયો કે એમાં આપણને જવાબદારી પૂરી કરવાનો મોકો મળ્યો, જવાબદારી પણ કિંમતી છે કે એ પૂરી થવાથી આપણને પગાર મળ્યો. સમય ભરવામાં ન આવે તો કામ ન થાય, અને કામ ન થાય તો પગાર ન મળે. સમય કામ સાથે મળીને માણસ માટે કિંમતી બને છે. સમયને કામ સાથે મેળવવામાં ન આવે તો તે વ્યર્થ છે. કોઈ વ્યકિત કામ પર હાજરી આપે, સમય ભરે, પણ જવાબદારીનું કામ ન કરે તો તેની હાજરી અને સમય ભરેલો બેકાર સમજવામાં આવે છે અને તેને પગાર





આપવામાં આવતો નથી. તો સ્પષ્ટ થયું કે સમય કામ સાથે જવાબદારી સાથે મળીને કિંમતની બને છે.

જ્યારે આપણો સમાજ સમય બાબત આ પ્રમાણે ચાલી રહ્યો છે તો પછી ધર્મના વર્તુળમાં આવીને આપણી અક્કલ કામ કેમ નથી કરતી અને અહીં ટાઈમને બરબાદ કેમ કરવામાં આવે છે ?

## ★ સફળતા અને નિષ્ફળતા ★

જીવનની મુદ્દત કામનો નિયુકત સમય છે, શરીઅત પર અમલ કરવો જવાબદારી છે, મોત કામ બંધ કરવાનો સમય છે. જીવનને શરઈ જવાબદારી સાથે મેળવીને રાખવામાં આવે તો તે આપણા માટે લાભદાયક છે અને શરીઅતની જવાબદારી ભૂલાવી દેવામાં આવે તો જીવન વ્યર્થ છે. જો તમે તમારું જીવન કિંમતી બનાવા માંગતા હોઉ તો તેને શરઈ જવાબદારીના સંપર્કમાં રાખો. આ બાબતે ધ્યાન કેન્દ્રિત કરવા માટે અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા કલામમાં આપણને ઈમાનવાળા કહીને સંબોધિત કર્યા અને પછી આપણને આપણી જવાબદારી બતાવી :–

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اتَّقُوا اللَّهَ وَلْتَنْظُرْ نَفْسٌ مَا قَدَّمَتْ
لِغَدٍ وَاتَّقُوا اللَّهَ إِنَّ اللَّهَ خَبِيرٌ بِمَا تَعْمَلُونَ

''અય ઈમાનવાળાઓ ! અલ્લાહનો ડર રાખો અને દરેક જાને એ ધ્યાન આપવું જોઈએ કે તેણે આવતી કાલ માટે આગળ શું મોકલ્યું, અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહ તમારાં કામોથી બાખબર છે.''

## ★ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો જવાબ ★

હઝરત નુઅમાન બિન ષાબિત એટલે કે હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ ઈમામે મુજતહિદ હતા. ચાર ઈમામો જેમનામાંથી કોઈ એકની તકલીદ વાજિબ છે તેઓ પૈકી આપ એક છે અને તેઓમાં દરજો આપનો ઊંચો છે, વર્ષો સુધી નવાફિલમાં રાતો પસાર કરતા રહ્યા, હજારોની સંખ્યામાં ખત્મે કુર્આન મજીદ કર્યા, આટલી આટલી ઈબાદત અને બંદગી કરવા છતાં જ્યારે આપને પૂછવામાં આવ્યું કે ઈમામ તમારી

ઉમર શરીફ કેટલી થઈ ? તો આપે જવાબમાં હિકમતને લક્ષમાં રાખીને ફર્માવ્યું, બે વર્ષની ! આપના વાળ સફેદ થઈ ગયા હતા, વૃદ્ધાવસ્થાનાં ચિન્હો સાફ જોવા મળતાં હતાં તો પણ આપનું બે વર્ષ કહેવું સાંભળનારને અચરજમાં નાખે એવું હતું, સવાલ પૂછનારે વિનંતી કરી કે ઈમામ ! આપે ઉમર શરીફમાં માત્ર બે વર્ષ શા માટે બતાવ્યાં ? તો ફર્માવ્યું, ભાઈ ! હું મારા જીવનના માત્ર તે બે વર્ષને મારું સત્ય જીવન સમજું છું જે મેં હઝરત ઈમામ જાફર સાદિકની ખિદમતમાં વિતાવ્યાં હતાં, તે બે વર્ષમાં હું સતત અલ્લાહને યાદ કરતો રહ્યો અને થોડો પણ ગાફેલ થયો ન હતો.

**બોધ** : ઈમામે આ'ઝમના જવાબથી આપણને એ બોધ મળે છે કે જીવન વાસ્તવમાં તે જીવન છે જે અલ્લાહની યાદમાં પસાર થઈ રહ્યું હોય, જે સમય અલ્લાહથી ગાફિલ રહીને પસાર થાય તે વ્યર્થ અને બેકાર છે. અય લોકો ! આપણે આપણા જીવનની કદર કરવી જોઈએ.

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :

وَلَا تَكُنْ مِّنَ الْغَافِلِيْنَ "અને તું ગાફિલ ન બન !"

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :

وَلَا تَكُوْنُوْا كَالَّذِيْنَ نَسُوا اللّٰهَ فَاَنْسَاهُمْ اَنْفُسَهُمْ

"જેઓ અલ્લાહને ભૂલી ગયા તેમની જેવા ન બનો, તો અલ્લાહે પણ તેમને છોડી દીધા."

આયતનો મતલબ એ છે કે અલ્લાહને તમારી જરૂરત નથી પણ તમને અલ્લાહની જરૂરત છે. જો તમે અલ્લાહને ભૂલી જશો તો અલ્લાહ તઆલા તમને પોતાની રહમત અને કૃપાથી દૂર કરી આપશે અને એનાથી તમને આખેરતમાં નુકસાન થશે.

અલ્લાહ તઆલા આપણને યાદ રાખે અને પોતાની કૃપાની વર્ષા આપણી ઉપર કરતો રહે એના માટે શું કરવું જોઈએ ? તો એ રહસ્ય પણ આપણને પોતાના કલામે પાકથી બતાવી આપ્યું, ફર્માવે છે : فَاذْكُرُوْنِيْ اَذْكُرْكُمْ "જો તમે મને યાદ કરશો તો હું પણ તમને યાદ રાખીશ."





આદમી નશ્શએ ગફલતમેં ભૂલા દેતા હય
વરના જો સાંસ હય પૈગામે ફના દેતા હય

## ★ ખુદાને કોણ ભૂલે છે ★

જે વ્યકિત જાતને ભૂલી જાય છે તે પોતાના પરિણામને ભૂલી જાય છે, અને જે પરિણામ પર ધ્યાન નથી આપતો તે દુનિયામાં સપડાય છે અને જે દુનિયામાં સપડાય તે દીનથી અલગ થઈ જાય છે અને દીનથી અલગ થવું એ જ ખુદાને ભૂલી જવું છે. શાયરે પોતાની શાયરીથી એ બોધ આપ્યો કે માણસને એનો દરેક □ાસ મોતની યાદ અપાવે છે પણ દુનિયાના નશામાં એને યાદ રહેતું નથી.

ગાફિલ તુઝે ઘળિયાલ યે દેતા હય મુનાદી
ગર્દૂંને ઘળી ઉમ્ર કી એક ઓર ઘટા દી

ભાવાર્થ એ છે કે તું ઘડિયાળમાં જુએ છે અને કહે છે આટલો સમય થયો, આટલો સમય થયો, પણ વાસ્તવમાં એ સમય જે પસાર થયો તમારા જીવનમાંના નિયત સમયમાંથી ઓછો થઈ ગયો. જો માણસ આ વાતોથી ગાફિલ ન રહે તો પોતાના જીવનની કદર કરી શકે છે અને આખેરતમાં સફળ થવના પ્રયત્નો કરી શકે છે. નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે તું સવાર કરે તો પોતાની સાંજની વાટ ન જો અને જ્યારે સાંજ કરે તો સવારની વાટ ન જો. એટલે કે મોતને યાદ રાખો અને અમલમાં લાગેલા રહો, આજનું કામ કાલ પર ટાળવાની કોશિશ ન કરો. વર્તમાન તમારા અમલનો સમય છે, ભવિષ્ય ખતરાથી ખાલી નથી. જેની આશા રાખીને બેસેલા છો તે તમારી આશાઓના અંતનો સમય હોય અને તેમાં તમારે મોતને ભેટવાનું હોય.

ખાહિશોં કે હેસારસે નિકલો
આરઝૂ કે ખોમારસે નિકલો

આગ હય યે તુમ્હેં જલા દેગી
નૂરમેં આવો નારસે નિકલો

## ★ જન્નતમાં જવા શું કરવું ?! ★

હઝરત હસનથી રિવાયત છે કે નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પૂછયું, શું તમે લોકો જન્નતમાં જવાનું પસંદ કરો છો ? સહાબાએ વિનંતી કરી, નિઃશંક ! આકા અમે ઈચ્છીએ છીએ. આપે ફર્માવ્યું, તો પછી લાલચ ઓછી કરો, પોતાની મોતને સામે રાખો, અને જોઈએ તેવી અલ્લાહ તઆલાથી શરમ કરો.

**એક દિન મરના હય આખિર મોત હય**
**કર લે જો કરના હય આખિર મોત હય**

## ★ મોતને કેવી રીતે યાદ કરશો ? ★

મોતને યાદ રાખવાના ઘણા બધાં કારણો થઈ શકે છે, આપ મેળે એ યાદ રાખવું કે મારે એકને એક દિવસ મરી જવાનું છે, અને તે કયો દિવસ હશે તે મને ખબર નથી. તો એવો વ્યકિત મોતને કદાપિ ભૂલશે નહીં અને આ સશકત ઈમાનવાળાની શાન છે. બીજું એ કે બીજાના અવસાનની ખબર સાંભળીને પોતાની મોતને યાદ કરવી, કોઈના જનાઝામાં શરીક થઈને મોત યાદ કરવી, જનાઝાની નમાઝ પઢીને મોત યાદ કરવી, કબ્રસ્તાનમાં હાજરી આપીને મોત યાદ કરવી, કોઈને કબ્રમાં ઉતારીને મોત યાદ કરવી, જે વ્યકિત મોતથી ગાફિલ થઈ જતો હોય તો તેણે આ પ્રમાણેનાં કામો કરીને મોતની યાદ તાજી રાખવી જોઈએ.

## ★ એક બુઝુર્ગ અને મોતની યાદ ★

હઝરત રબીઅ કરીને એક બુઝુર્ગ થઈ ગયા તેમણે જીવતા જીવ પોતાના ઘરમાં એક કબ્ર ખોદીને રાખી હતી, જ્યારે દિલમાં દુનિયાની લાલચ આવતી અને તે કઠણ બનતું જોવા મળતું તો આપ તે કબ્રમાં જઈને આડા પડતા, ઘણા લાંબા સમય સુધી એમાં રહેતા પછી ઊંચા સ્વરે ફર્માવતા, અય મારા રબ ! મને દુનિયામાં પરત કરી આપ જેથી હું સારા અમલો કરું. પછી બહાર નીકળી પોતાને સંબોધિત કરીને ફર્માવતા, અય





નફસ ! તને થોડી મહેતલ આપી દેવામાં આવી છે જો હજી પણ તેં તારા રબને ખુશ ન કર્યો તો પછી તારાથી વધીને નકામો કોઈ નથી.

## ★ આપણે શું કરવું જોઈએ ? ★

આપણે આપણા દિલના વિચારો પર ચાલીએ છીએ, દિલ નરમ હોય અને તેમાં કબૂલ કરવાની શકિત હોય તો તે સારા વિચારો આપે છે. અને આપણાથી સારાં કામો વજૂદમાં આવે છે, દિલ કઠણ બની જાય તો એમાં કોઈ વાત જતી નથી અને તેના વિચારો આઝાદ અને ભયંકર બની જાય છે અને પછી આપણાથી ખરાબ કામો વજૂદમાં આવે છે. એટલે આપણે પ્રથમ આપણા દિલ પર નજર કરવી જોઈએ અને એનો ઈલાજ કરવો જોઈએ. નબીએ રહમતનું ફર્માન છે, નિઃશંક ! બદનમાં એક ટૂકડો એવો છે એ સારો તો બધું જ સારું અને એ ખરાબ તો બધું જ ખરાબ. સારી રીતે જાણી લો એ દિલ છે. તો હુઝૂરના આ ફર્માનને લક્ષમાં રાખી બીજા અવયવોનો ઈલાજ કરતાં પહેલાં દિલનો ઈલાજ કરવો જોઈએ. મોતને યાદ કરવાના કારણો દિલના ઈલાજ માટે જ છે.

ઈલાજનો એક તરીકો એ છે કે એકાંતમાં એક રૂમમાં બેસવામાં આવે અને પાછી લાઈટ ઓફ કરી દેવામાં આવે, બારીઓ અને દરવાજો બંધ કરી દેવામાં આવે અને પછી વિચારવામાં આવે કે આજે એકાંતમાં રૂમનું અંધારું કેટલું ભયંકર લાગે છે ! જ્યારે કે એ આપણા અધિકારમાં છે આપણે સ્વીચ ઓન કરીએ તો અજવાળુ થઈ જાય, ગભરામણ અને બીક જતી રહે, ફ્રેશ અને તાજી હવાની અવર જવર થવા લાગે, પણ કબ્રનું અંધારું આપણા અધિકારમાં નહીં હોય, ત્યાં તો દરેક ફેંસલો અમલના આધારે થશે તો પછી આપણે અમલ કરવા જોઈએ અને દુનિયાની ચીજોથી આખેરતનું યકીન મજૂબત કરવું જોઈએ.

## ★ આજે પેલો તો કાલે આપણે ! ★

એક પછી એકનું મરણ થાય છે અને જોત જોતામાં તો કબ્રસ્તાન ભરાય જાય છે. કાલે જેઓ વસ્તીમાં સગા સંબંધીઓ સાથે ખુશાલીથી રહેતા હતા આજે તેઓ મોતનો શિકાર થઈને એકાંતવાસમાં અંધકારમય

ખાડામાં પડેલા છે. કેટલાક આપણા સગા સંબંધિત હતા, સાથી અને મિત્રો હતા જેમની સાથે આપણે હંસી, મજાક અને ખેલકૂદ કરતાં હતાં તેમને મરણ પછી આપણે વસ્તીમાંથી કાઢીને ગામ બહાર કબ્રસ્તાનમાં જઈને ક્વિન્ટલો માટીની નીચે દફન કરીને ચાલ્યા આવ્યા. શું તે આપણને એ વાતની જાણ નથી કરતું કે, આજે જેને તું જનાઝામાં લઈને દફન માટે લઈ જઈ રહ્યો છે, કાલે જ્યારે તારી રૂહ લઈ લેવામાં આવશે, અને તું મરણ પામશે લોકો તને પણ આ પ્રમાણે જનાઝામાં રાખીને ખભે સવાર કરી એકાંતવાસમાં મૂકી આવશે. આજે એની તો કાલે આપણી વારી છે !

## ★ મોતનો ટપાલી ★

કરતબીમાં છે કે એક અલ્લાહના વલીએ મલકુલ મોતને પૂછયું, શું તમારી પાસે કોઈ ખબર પહોંચાડનાર નથી જેને તમે તમારા આવતાં પહેલાં મોકલીને બતાવી આપો કે હું નિકટમાં જ આવવાનો છું ! લોકો એ બીકથી તૈયાર થઈ જાય.

મલકુલ મૌતે જવાબ આપ્યો, ખુદાની કસમ ! મારી પાસે ઘણા બધા ટપાલી છે દા.ત. બીમારીઓ, વૃદ્ધાવસ્થા, કાન અને આંખની અશક્તિ. જ્યારે લોકો આનાથી પણ બોધ નથી લેતા તો પછી હું પોતે જ અવાજ આપું છું, અય લોકો ! એક પછી એક મારા ટપાલીઓ તમારી પાસે આવ્યા તો હવે હું પોતે જ આવું છું, મારા પછી બીજું કોઈ આવશે નહીં.

જાણવા મળ્યું કે બીમારીઓ અને બદનની અશક્તિઓથી આપણને એટલી તો જાણ થઈ જ જાય છે કે હવે કબ્રમાં જવાનો સમય નજીક આવી રહ્યો છે, તો પછી મોતના સામનની વ્યવસ્થા કરીને જ રાખવી જોઈએ. મલકુલ મોત આવતાં પહેલાં આપણી પાસે તૈયારીનો સમય છે, તેમની પધરામણી થતાની સાથે આપણાં અમલોનો દરવાજો બંધ.

## ★ ઓચિંતા અવસાન ★

મેં તમને બતાવ્યું કે જીવન અમલ માટેનો ખુલ્લો દરવાજો છે જેને એમાં પ્રવેશવું હોય તેને રજા છે. મોતનો ઝટકો આવતાની સાથે એ દરવાજો





બંધ કરી દેવામાં આવે છે. પછી કોઈ પ્રકારના અમલનો મોકો આપવામાં આવતો નથી, પછી કરેલો અફસોસ બેકાર છે, અને ચિંતા વ્યર્થ છે. આ બાબતે બોધ આપવા હઝરત વહબ બિન મોનબ્બહ رحمۃ اللہ علیہ એ એક વાકયો રિવાયત ફર્માવ્યો છે જેને હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ એ ઈહયાઉલ ઉલૂમના ચોથા ભાગમાં લખેલ છે. વર્ણવે છે :– એક રાજા હતો એણે કોઈ જગાએ જવા માટે સવારી તૈયાર કરી. એક પછી એક કપડાં મંગાવ્યાં અને તેમાં જે અધિક મૂલ્યવાન હતાં તે પહેરી લીધાં. પછી સવારીઓ મંગાવી અને જે અધિક ઉત્તમ હતી એના પર સવાર થયો. શૈતાને આવીને ફૂંક મારી અને અભિમાનથી ફૂલાવી દીધો. એ તો પોતાના સિપાહીઓની સાથે રવાના થયો, અભિમાનથી કોઈને જોતો પણ ન હતો. એટલામાં એની પાસે એક વ્યકિત ફકીરના રૂપમાં આવ્યો અને સલામ કરી પણ એણે સલામનો જવાબ ન આપ્યો, એણે તો ઘોડાની લગામ પકડી લીધી, રાજાએ કહ્યું લગામ છોડી આપ ! તે મારું અપમાન કર્યું છે ! ફકીરના રૂપમાં આવેલી વ્યકિતએ દબાવીને લગામ પકડી અને કહ્યું, મારે તારું કામ છે ! રાજાએ જવાબ આપ્યો, જ્યારે હું સવારીથી ઉતરું ત્યારે મને કહેજે, હમણા વાતનો સમય નથી. એણે કહ્યું, તારે સાંભળવું જ પડશે. રાજાએ કહ્યું, ચાલ બતાવ ! એણે કહ્યું, રહસ્યની વાત છે. બધાની વચમાં નથી કહી શકતો. કાનમાં કહીશ. રાજાએ માથુ નમાવ્યું તો આવનાર વ્યકિતએ કહ્યું, હું મલકુલ મૌત છું ! સાંભળતાની સાથે ચહેરો ફીકો પડી ગયો, શરીર ધ્રુજવા લાગ્યું, ધ્રુજતા અવાજમાં કહેવા લાગ્યો, મને એટલા ટાઈમ આપો કે હું ઘરે પહોંચી જાઉં અને ઘરવાળાઓથી વિદાય લઈ લઉં ! કહ્યું, હવે નહીં, તારા ઘરવાળાઓ અને માલ મિલકતને એક સેકન્ડ માટે પણ જોવાનો સમય મળશે નહીં ! અને જોત જોતામાં રૂહ કબ્જ ફર્માવી ચાલ્યા ગયા, રાજા ધબ દઈને સવારી પરથી નીચે પડયો.

મલકુલ મોત ત્યાંથી આગળ વધ્યા અને એક નેક માણસ સાથે મુલાકાત કરી અને સલામ બાદ કાનમાં કહ્યું હું મલકુલ મોત છું. એણે કહ્યું, ભલે પધારો ! લાંબા સમયથી મને તમારી યાદ હતી. અદ્રશ્ય ચીજોમાં તમારાથી અધિક મને કોઈને મળવાનો શોખ ન હતો. મલકુલ મૌતે કહ્યું, તું જે કામ માટે નીકળ્યો છે તે પૂર્ણ કરી લે. જવાબ આપ્યો, અલ્લાહ

તઆલાથી મુલાકાત કરવી એ જ અધિક પ્રિય છે. મલકુલ મૌતે કહ્યું, તમારા મરણ માટે કોઈ સ્થિતિ પસંદ કરી લે તે સ્થિતિમાં તારી રૂહ કબ્જ કરીશ. અણે પૂછયું, શું તમે આ પ્રમાણે કરી શકો છો ? જવાબ આપ્યો, મને તારી બાબતે એ હુકમ આપવામાં આવ્યો છે. એણે વિનંતી કરી કે હું જયારે નમાઝ શરૂ કરું અને સિજદામાં પહોંચું તો એ સ્થિતિમાં મારી રૂહ કબ્જ કરી લેશો, મલકુલ મૌતે એના કહેવા મુજબ એની રૂહ કબ્જ કરી.

**ભાવાર્થ** : ઓચિંતા મોતનો મતલબ એ છે કે જયારે આપણને ખબર નથી કે આપણી મોત કયારે આવવાની છે તો જયારે આવશે તે આપણા માટે તો અજાણ બાબત હોવાના લઈને ઓચિંતા જ હશે. તો ઓચિંતા અમલનો દરવાજો બંધ થાય તે પહેલાં આપણે તેમાં પ્રવેશીને બરઝખ અને આખેરતની તૈયારી કરી લેવી જોઈએ. તૈયારી હોય તો ગમે ત્યારે મોત આવે ફિકર થશે નહીં.

## ★ વસ્તી અને વેરાન ★

માણસને વસ્તી છોડીને વેરાન જગાએ જવાનું પસંદ નથી આવતું પણ જે માણસ એ જાણતો હોય કે મારે વસ્તી છોડીને વેરાન જગાએ જવાનું છે તો જો તે વેરાન જગાને રહેવા લાયક બનાવી દે અને તેને આબાદ કરી આપે તો વસ્તી છોડીને ત્યાં જવામાં એને ચિંતા થશે નહીં. તો આપણી દુનિયા વસ્તી છે અને કબ્રની દુનિયા વેરાન છે, જો કબ્રને આબાદ કરી લેવામાં આવે તો વસ્તી છોડીને કબ્ર તરફ જવામાં ચિંતા થશે નહીં. જેમ કે પેલા નેક વ્યકિતએ મલકુલ મોતને કહ્યું હતું, ભલે પધારો ! હું તો તમારી મુલાકાતની લાંબા સમયથી વાટ જોઈ રહ્યો હતો.

## ★ વેઈટિંગમાં નામ ★

આજે લોકો પ્લેનથી મુસાફરી વધારે કરે છે, છુટ્ટીઓમાં બુકીંગ એટલુ ફુલ જતું હોય છે કે બુકીંગમાં વેઈટિંગમાં નામ લખવામાં આવે છે અને કહેવામાં આવે છે કે જગા થશે કે તરત તમને જાણ કરવામાં આવશે, તમે તમારી તૈયાર રાખશો. તો મુસાફરી કરનાર તૈયાર રહે છે અને ગમે ત્યારે ખબર આપવામાં આવે તેને કોઈ ફિકર ચિંતા રહેતી નથી. કારણ કે





તેણે ઓચિંતા કરવામાં આવતી મુસાફરી માટે સામાન પ્રથમથી તૈયાર રાખેલો છે. આ દાખલા પ્રમાણે મોતની મુસાફરીમાં આપણું નામ આપણા ઈલ્મ અને માલૂમાતના આધારે વેઈટિંગમાં છે. જવાનું તો છે જ પણ તેડુ કયારે થશે તે ખબર નથી, તો પછી ચિંતાથી મુકત થવા માટે પ્રથમથી તૈયાર રહેવું જોઈએ.

## ★ સમય હતો પણ હવે નહીં ! ★

અબૂબક્ર અબ્દુલ્લાહ મુઝની કહે છે કે બની ઈસ્રાઈલમાં એક વ્યકિતએ ઘણો જ સામાન ભેગો કર્યો અને ધનવાન બની ગયો. જયારે મરવા લાગ્યો તો પોતાના છોકરાઓને કહ્યું કે કેટલા પ્રકારનો માલ છે એ મને દેખાડો ! તો ઊંટ, ઘોડા અને લોંડી, ગુલામ એની સામે કરી દેવામાં આવ્યાં. માલ જોઈને એ રડવા લાગ્યો. મલકુલ મોતે પૂછયું, તું શા માટે રડે છે ? ખુદાની કસમ ! તારા ઘરમાંથી હું તારો પ્રાણ લઈને જ નીકળીશ. એણે કહ્યું, મને તમે એટલી મહેતલ આપો કે હું આ માલ અલ્લાહના માર્ગમાં આપી દઉં, મલકૂલ મોતે ફર્માવ્યું, તારી પાસે સમય હતો ત્યારે તેં કરી લીધું હોત તો કામ લાગતું પણ હવે એ સમય નીકળી ગયો છે ! અને એની રૂહ કબ્જ કરી લીધી.

## ★ માલ નહીં પણ આપણો નિર્ણય ખોટો છે ★

માલ મિલ્કત અલ્લાહ તઆલાની નેઅમત છે એનાથી આપણી જરૂરતો પૂરી થાય છે અને એનાથી આખેરતનો ફાયદો પણ પ્રાપ્ત કરી શકાય છે. એટલે માલ મિલ્કતને બુરો અથવા ખરાબ નથી કહી શકતા, એનો આધાર આપણા નિર્ણય પર છે કે એની બાબત આપણે કેવો મામલો કરીએ છીએ. જો આપણે એનાથી ગુનાનાં કામો કરીએ તો ગુનો બુરો છે અને સારાં કામો કરીએ તો એ કામો સારાં છે. જેની સાથે સંબંધિત કરીએ તે થાય. દા.ત. છરી કામની વસ્તુ છે તો કાપ કુપમાં એનો ફાયદો છે, પણ જો કોઈ વ્યકિત છરી પોતાના પેટમાં ભોંકી દે અને પછી કહે કે છરી ખરાબ છે એણે પેટ કોચી નાખ્યું ! તો એ ખોટુ અને જહાલતની વાત છે. ફાયદાની વસ્તુને નુકસાનકારક બનાવવામાં આપણા અમલોને દખલ છે.

ઈહયાઉલ ઉલૂમમાં છે કે એક વ્યકિત ધનવાન બની ગયો અને એણે દરેક પ્રકારનો માલ ભેગો કરી લીધો. એણે એક આલીશાન ઘર બનાવ્યું, આગળ પાછળ બે મજબૂત દરવાજા રાખ્યા, રક્ષણ માટે પોતાના નોકરોને વોચમેન બનાવ્યા. એક દિવસ એણે પોતાની ધનવાની બતાવા માટે નગરજનોની દા'વત કરી. લોકો ખાવા આવ્યા અને એણે પોતાનું તખ્ત લગાવ્યું અને પગ પર પગ ચડાવીને રૂઆબથી બેસી ગયો. લોકો ખાતા રહ્યા અને એ કહેતો રહ્યો, હે નફસ ! હવે તું મજા લેતો રહેજે. મેં તારી માટે એટલું ભેગું કરેલું છે કે હવે અધિકની જરૂરત રહેશે નહીં. આ પ્રમાણેની અભિમાનીની વાતો કરી રહ્યો હતો એટલામાં હઝરત મલકુલ મોત એક ફકીરના રૂપમાં ગળામાં ઝોલી નાખીને આવ્યા અને એટલા જોરથી દરવાજો ખખડાવ્યો કે એ ડરી ગયો. નોકરો દોડી આવ્યા અને કહ્યું શું છે ? આટલા જોરથી દરવાજો કેમ ખખડાવ્યો ! મલકુલ મૌતે ફર્માવ્યું, જાવ અને તમારા માલિકને મારી પાસે મોકલો ! કહ્યું, અમારો માલિક તમારી જેવા પાસે આવે ?! તેમણે માલિકને જઈને કહ્યું એટલામાં આવેલા ફકીરે એટલા જોરથી ફરી દરવાજો ખખડાવ્યો કે નોકરો દોડી આવ્યા, મલકુલ મૌતે કહ્યું, તારા માલિકને કહી આપ કે હું મલકુલ મોત છું ! માલિકે કહ્યું, કહી આપો કે એની જગાએ બીજાને લઈ લો. મલકુલ મોત ધસી આવ્યા અને ફર્માવ્યું તારા માલમાં તારે જે કરવું હોય તું જાણે પણ હું તો તારો જીવ લઈને જ જઈશ ! એણે માલ સામે રાખીને કહ્યું, અય માલ ! તારી ઉપર લા'નત છે ! તે જ મને અલ્લાહની ઈબાદતથી ગાફિલ કર્યો. અલ્લાહ તઆલાએ માલને બોલવાની શકિત આપી જેથી માલ બોલ્યો, તું મને ખરાબ શા માટે કહે છે ? મારાથી તું રાજા પાસે જતો હતો, અને ફકીરોને હટાવતો હતો, તું મારાથી ફાયદો ઉઠાવતો અને ખરાબ કામોમાં ખર્ચતો હતો, જો તેં મને સારા કામોમાં ખર્ચ કર્યો હોત તો હું તને કામ લાગતો. સ્પષ્ટ થયું કે માલ તો સારો જ છે પણ સારા અને ખરાબ હોવામાં એનો સંબંધ આપણાં કામો સાથે છે. એટલે આપણે આપણા માલને સારો બનાવવો હોય તો એનાથી નેક કામોમાં હેલ્પ કરવી જોઈએ, અને દીનના કામોમાં એને ખર્ચ કરવો જોઈએ.

## ★ દુનિયાનો રાજા પણ ★

દુનિયાનો રાજા બનવામાં દુનિયાનો ફાયદો થાય છે, પણ





દુનિયામાં રાજા બનનાર દુનિયામાં હમેશાં નથી રહેવાનો. મોતનો ફરિશ્તો આવશે તો એ પણ મરણ પામશે અને એનું રાજપાટ અહિંયા જ રહી જશે. રાજા હોવાને લઈને આખેરતમાં એને આવકાર આપવામાં આવશે નહીં. આખેરતમાં આવકાર દુનિયાના માન મરતબા પર આધારિત નથી. નેક અમલો તથા અલ્લાહના ફર્માનના પાલન અને અલ્લાહના રસૂલ ﷺ ના અનુસરણ પર આધારિત છે. એટલે નેક અમલોથી કોઈને ચારો જ નથી. દીનની જરૂરી વાતો પર અમલ દરેક જ માટે જરૂરી છે.

ઈહયાઉલ ઉલૂમમાં યઝીદ કાસેમીના પૂરાવાથી આ વાકયો વર્ણવવામાં આવ્યો છે કે બની ઈસરાઈલનો એક જાલિમ રાજા પોતાના ઘરમાં હતો, પોતાની ઘરવાળી પાસે એકાંતવાસમાં હતો. એટલામાં એણે જોયું કે એક અજાણ્યો વ્યકિત દરવાજાથી રૂમમાં આવી રહ્યો છે. રાજાના ક્રોધનો પાર ન રહ્યો, એણે કહ્યું, તું કોણ છે ? કોને પૂછીને અંદર આવ્યો છે ? ફર્માવ્યું, ઘરના માલિકે મને અહીં પહોંચાડયો છે ! અને તું મારી બાબત માલૂમ કરવા માંગતો હોય તો હું એ છું જેને કોઈની રજાની જરૂરત નથી ! કોઈ ચોકીદાર મને રોકી શકતો નથી ! કોઈ શકિતશાળી મને રોકી નથી શકતો ! રાજા ગભરાયને જમીન પર પડી ગયો પછી બેઈજ્જતીથી માથુ ઉઠાવીને કહેવા લાગ્યો, એવું લાગે છે તમે મલકુલ મોત છો ! ફર્માવ્યું, હા ! હું તે જ છું ! રાજાએ કહ્યું, મને થોડો સમય આપો કે હું તૌબા કરી લઉં ! ફર્માવ્યું, બધું રહેવા દે ! તારો □ાસ પૂરો થયો, મહેતલની હવે કોઈ શકયતા નથી. રાજાએ કહ્યું, તમે મને કયાં લઈ જશો ? જે અમલો તેં કર્યા હશે અને જેવું ઘર બનાવ્યું હશે ત્યાં તને લઈ જવામાં આવશે. રાજાએ કહ્યું, મેં તો સારા અમલો નથી કર્યા અને કોઈ સારુ ઘર મેં નથી બનાવ્યું ! મલકુલ મોતે ફર્માવ્યું, ત્યારે તો હું તને આગમાં લઈ જઈશ ! અને એની રૂહ કબ્જ ફર્માવી લીધી.

**બોધ** : આ વાકયાથી એ જાણવા મળ્યું કે આખેરતની ઈજ્જત દુનિયાના માન મરતબા પર આધારિત નથી, ત્યાંની ઈજ્જત તકવા અને પરહેઝગારી પર છે. દુનિયાનો ધનવાન વ્યકિત હોય કે પછી રાજા કેમ ન હોય જો તે આખેરતમાં ઈજ્જત માટે સારા અમલો ન કરે તો એ ત્યાંનો ફકીર છે. મરવાનું તો બધાંને જ છે, દુનિયા છોડીને સઘળા લોકોએ જવાનું

છે, તો પછી જયાં આપણે હમેશાં રહેવાનું છે ત્યાંના ધનવાન બનવામાં કેમ ન આવે.

**અહસન જો તુઝે અકલ હય તો મોત ન ભૂલ**
**કર મોત કે સામાનમેં ફિકર મઅકૂલ**

**હય ઝિંદગી ચંદ નફસ મિસ્લે હોબાબ**
**ઈસ ફાની હયાત પર તૂ ઈતના ન ફૂલ**

અલ્લાહ તઆલા આપણને જગાડવા માટે ફર્માવે છે :–

اقْتَرَبَ لِلنَّاسِ حِسَابُهُمْ وَهُمْ فِي غَفْلَةٍ مُّعْرِضُونَ

"લોકો માટે એમનો હિસાબ નિકટ આવી ગયો તો પણ તેઓ ગાફિલ થઈને મોઢુ ફેરવેલા છે."

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

أَلَمْ يَأْنِ لِلَّذِينَ آمَنُوا أَن تَخْشَعَ قُلُوبُهُمْ لِذِكْرِ اللَّهِ

"શું ઈમાનવાળાઓ માટે હજી એ સમય નથી આવ્યો કે એમનાં દિલો અલ્લાહની યાદ માટે તત્પર થઈ જાય"

## ★ મોતની યાદ અને લોકોના પ્રકાર ★

મોતની યાદમાં લોકોના ત્રણ પ્રકાર બયાન કરવામાં આવે છે : **(૧)** દુનિયામાં ડૂબેલો **(૨)** તૌબા કરનારો **(૩)** અલ્લાહની મઅરેફત રાખનારો. પ્રથમ પ્રકાર દુનિયામાં ડૂબેલાનો મતલબ એ છે કે એ દુનિયાથી એટલો બધો ઈશ્ક અને પ્રેમ કરવા લાગ્યો છે કે એને દુનિયા સિવાય બીજું કંઈ દેખાતું જ નથી. એનો ના'રો એક જ છે, હાય પૈસો ! હાય માલ ! હાય પૈસો ! હાય માલ ! દા.ત. દુનિયામાં કોઈને કોઈની સાથે પ્રેમ થઈ જાય તો તે કયારેક મહોબ્બત અને પ્રેમમાં એટલો આગળ વધે છે કે દુનિયા એને પાગલ, ગાંડો અને મજનુ કહેવા લાગે છે. પણ એ મહબ્બતમાં આંધળો બની જાય છે એટલે કોઈના તુ ખસ (કનડગત)ની પરવા કરતો નથી. જેમ કે રિવાયતમાં છે : "તારી કોઈ વસ્તુથી મહોબ્બત





અને પ્રેમ આંધળો અને બહેરો બનાવી આપે છે." આ બાબતે વધુ માહિતી માટે લૈલા મજનૂનો કિસ્સો લોકોમાં ખ્યાતી પામેલો છે. એ જ પ્રમાણે કયારેક કોઈ વ્યકિત દુનિયાના માલનો એટલો આશિક થઈ જાય છે કે દુનિયા સિવાય એને કંઈ દેખાતું જ નથી. એવો વ્યકિત મોતને તદ્દન યાદ કરવાની નિય્યતે યાદ કરતો નથી બલ્કે કોઈ દિવસ ભૂલથી યાદ કરી લે તો એ નફરતથી યાદ કરતો હોય છે કે મોત શા માટે રાખવામાં આવી ! મોતથી શું ફાયદો ! મોત ન રાખવામાં આવી હોત તો કેટલું સારું ! આવા વ્યકિતને મોતની યાદ ફાયદો નથી પહોંચાડતી બલ્કે તે અલ્લાહ તઆલાથી વધારે દૂર થઈ જાય છે. અલ્લાહના કાયદા કાનૂનમાં ન બોલવાની વાતો બોલે છે. મોતની યાદ તો એટલા માટે છે કે માણસ એને યાદ કરી વાસનાઓથી બચે અને અલ્લાહનો બનવાની કોશિશ કરે. જો મોતની યાદથી આ મકસદ પ્રાપ્ત ન થાય તો એનું જીવન ધાર્મિક ઉન્નતી મેળવી નથી શકતું.

અલ્લાહ તઆલા ફર્માવે છે :

قُلْ إِنَّ الْمَوْتَ الَّذِي تَفِرُّونَ مِنْهُ فَإِنَّهُ مُلَاقِيكُمْ

"આપ ફર્માવી દો, બેશક ! મોત જેનાથી તમે ભાગો છો જરૂરથી તમારાથી મળીને જ રહેશે."

**(૨)** તૌબા કરનાર વ્યકિત મોતને યાદ કરે છે પણ તે મોતને સારુ નથી સમજતો અને તે મોતથી નફરત કરતો હોય છે. મોત હમણાં ન આવે તો સારું, થોડો સમય મળે તો સારું, હમણાં રબનો બોલાવો ન થાય તો ઉત્તમ, આમ તે મોતને ન આવવામાં યાદ કરે છે.

ઉપરોકત જે પ્રકાર વર્ણન થયો તેમાં પણ મોતને નફરતથી યાદ કરવાનો ઉલ્લેખ છે અને તૌબા કરનાર માટે પણ એ પ્રમાણે તો ઉલ્લેખ થયો તો બંનેમાં તફાવત શું છે ? આ શંકા અહીં ઉપસ્થિત થાય છે તો એનો જવાબ એ છે કે તૌબા કરનાર મોતને એટલા માટે સારું નથી સમજતો કે એ એવા ખયાલમાં હોય છે કે હું છૂટેલાં કામો કરી લઉં અને મારી તૌબાને સંપૂર્ણ કરી લઉં. બીજાું એ કે ગુના અને પાપને લઈને અલ્લાહ તઆલાથી મળવામાં એને શરમ આવે છે, એવું નથી કે એને રબને મળવું

નથી. રબથી મળવું છે પણ એવી હાલતમાં જે રબને પસંદ હોય. તો એ પસંદવાળી તૈયારીમાં વ્યસ્ત થઈને એ મોતથી નફરત કરતો હોય છે.

દુનિયામાં ડૂબેલો વ્યકિત આ મકસદથી મોતથી નફરત નથી કરતો બલ્કે એ એટલા માટે નફરત કરે છે કે એને દુનિયાની નેઅમતો છોડવી નથી અને પોતાના માલ મિલ્કતથી અલગ નથી થવું, અને તૌબા કરનાર વ્યકિતને મોતથી નફરત કરવા પર માફ રાખવામાં આવશે જ્યારે પ્રથમ વ્યકિતને નહીં, કારણ કે એ દુનિયાની નેઅમતોને ઉત્તમતા આપીને મૌતથી નફરત કરતો હોય છે. દા.ત. એક આશિક પોતાના માશૂકથી મળવાનો શોખ રાખે પણ એ મુલાકાતમાં વાર એટલા માટે લગાડે કે હું જતાં પહેલાં એવી તૈયારી કરી લઉં જે મારા માશૂકને પસંદ આવે અને એ મુલાકાતથી નારાજ ન થઈ જાય.

તૌબા કરનાર વ્યકિતની ઓળખ એ છે કે એ પોતાની કમી પૂરી કરવામાં લાગેલો રહે અને ગુનાહોથી પોતાને બચાવીને રાખે, માત્ર શબ્દોમાં તૌબા તૌબા કરીને અલગ થનારને તૌબા કરનાર કહેવામાં આવશે નહીં, ગુનાના કામો સતત થઈ રહ્યા હોય તો એ તૌબા કયાં છે ? કેવળ શાબ્દિક તૌબા કરનારને પ્રથમ પ્રકારમાં ગણવામાં આવશે.

(૩) આરિફ કે જેને અલ્લાહ તઆલાથી મારેફત પ્રાપ્ય છે, તેને અલ્લાહ તઆલાથી મુલાકાત દરેક ચીજ વસ્તુથી અધિક પ્રિય હોય છે. જ્યારે એને ખબર છે કે રબની મુલાકાત આ જગતમાં પ્રાપ્ત થવાની નથી, એના માટે આલમે આખેરત રાખવામાં આવ્યો છે અને આલમે આખેરતમાં જવાનો પ્રથમ માર્ગ મોત છે તો તે મોતને એટલે યાદ કરે છે કે જલ્દી આવે અને ગુનેહગારીના પંજામાંથી કાઢીને રબની નિકટતામાં લઈ જવામાં આવે. દા.ત. હઝરત હોઝૈફા رضی اللہ عنہ સહાબી છે, આરિફ બિલ્લાહ છે, જ્યારે એમના અવસાનનો સમય નિકટ થયો તો ફર્માવ્યું, ઈલાહી ! તું જાણે છે કે માલદારી કરતાં ફકીરી મને અધિક પ્રિય છે, તંદુરસ્તી કરતાં બીમારી અધિક પ્રિય છે, જીવન કરતાં મોત વધારે પસંદ છે. તું મારા માટે મોતને સરળ ફર્માવી આપ કે હું તારાથી મુલાકાત કરું.

સારાંશ એ કે મોતને યાદ કરનારાઓ ત્રણ પ્રકારમાં છે, કોઈ નફરતથી યાદ કરે છે, અને એ નફરત દુનિયા ન છોડવા માટે હોય છે જે





નુકસાન પહોંચાડે છે. તૌબા કરનાર પણ નફરત કરતો હોય છે પણ કયા મકસદથી કરે છે એ ઉલ્લેખ થઈ ગયો અને આરિફ (મારેફતવાળો) પણ યાદ કરે છે પણ તે મોતને પસંદ કરીને યાદ કરે છે જેથી એ જલ્દીથી મહબૂબની મુલાકાત કરવાની ઈચ્છા ધરાવે છે.

આશિક ઈશ્કમાં ડૂબી જાય છે તો એની કોઈ ખ્વાહિશ અને ઈચ્છા રહી જતી નથી બલ્કે એ પોતાને અલ્લાહ તઆલાની મરજી પર આધારિત સમજે છે, અલ્લાહ તઆલા જે હાલતમાં રાખે તેમાં એની ખુશી હોય છે. એટલે તેવો વ્યકિત મરવાની તમન્ના નથી રાખતો અને જીવવાની તમન્ના પણ નથી રાખતો, અલ્લાહ તઆલા એની બાબત જે ફૈંસલો ફર્માવે અને જે નિર્ણય કરે તે એને પસંદ આવે છે.

પ્રથમ પ્રકાર માટે : **એક દિન મરના હય આખિર મોત હય**
**કર લે જો કરના હય આખિર મોત હય**

બીજા પ્રકાર માટે : **જગા જી લગાનેકી દુનિયા નહીં હય**
**યે ઈબ્રતકી જા હય તમાશા નહીં હય**

ત્રીજા પ્રકાર માટે : **ખુશ નસીબ કે આજ અપની જાનસે ગયા**
**યહી હિજાબ થા, અચ્છા હય દરમિયાનસે ગયા**

એના અંતિમ પ્રકાર માટે :

**મુઝકો અબ અપની ઝાત પર કુચ્છ ભી નહીં હય ઈખ્તિયાર**
**મેરી હયાતો મોત સબ અલ્લાહ કે નામ હો ચૂકી**

## ★ દુઆનું રહસ્ય ! ★

સૂવું મોત જેવું છે અને જાગવું મોત પછી જીવન માફક છે. માણસે સૂવા અને જાગવામાં પોતાની મોત અને હયાતને યાદ રાખવી જોઈએ યાદ તાજી રહે અને આપણે એનાથી ગાફિલ ન થઈએ જેથી આપણા નબીએ આપણને એક દુઆ સૂવાની અને એક દુઆ જાગવાની શિખવાડી આપી.

સૂતી વખતે પઢવાની દુઆ :– اَللّٰهُمَّ بِاسْمِكَ اَمُوْتُ وَاَحْيٰى

"અય અલ્લાહ ! હું તારા નામની મદદથી મરું અને જીવું છું."

જાગીને પઢવાની દુઆ :—

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ اَحْيَانَا بَعْدَ مَا اَمَاتَنَا وَاِلَيْهِ النُّشُوْرُ

"સઘળા વખાણ અલ્લાહ માટે જે મૃત્યુ પછી અમને જીવંત કરે છે અને એની બારગાહમાં જ એકઠા થવાનું છે."

## ★ અક્કલ અને સદ્‌બુદ્ધિવાળો કોણ ? ★

મોતને યાદ કરવાનો મતલબ એ છે કે એની યાદથી દુનિયાની મહોબ્બત ઓછી કરી રબની ખુશીનાં કામો કરવામાં આવે. જો કોઈ વ્યક્તિ મોત મોતની તસ્બીહ ફેરવે પણ તે દુનિયામાં ડૂબેલો જ રહે અને દીનનાં કામોમાં આગળ ન આવે અથવા જવાબદારી પૂરી કરવાની કોશિશ ન કરે તો એ પ્રકારની યાદ મકસદ વિનાની છે. એટલે સદ્‌બુદ્ધિ એ છે કે મોતને યાદ રાખી સફરે આખેરતની તૈયારી કરી લેવામાં આવે. જેમ કે હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, લોકોમાં સદ્‌બુદ્ધિવાળો કોણ છે ? હઝરત અલી رضی اللہ عنہ એ વિનંતી કરી, અલ્લાહ અને એના રસૂલને વધારે ખબર ! આપે ફર્માવ્યું, લોકોમાં સદ્‌બુદ્ધિવાળો તે છે જે મોતને અધિક યાદ કરે અને એના માટે સારી એવી તૈયારી કરે. *(કન્ઝુલ ઈમાન)*

હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે કે જ્યારે નબીએ અકરમને પૂછવામાં આવ્યું કે લોકોમાં સદ્‌બુદ્ધિવાળો કોણ છે ? તો આપે ફર્માવ્યું, તેઓમાં મોતને વધારે યાદ કરનાર અને મોત આવતાં પહેલાં એની સારી એવી તૈયારી કરનાર, આ પ્રમાણેના લોકો સદ્‌બુદ્ધિવાળા છે અને તેઓ દુનિયા તથા આખેરત બંનેની ભલાઈ લઈ ગયા.

## ★ સબ્ર પ્રાપ્ત થાય છે ★

મોતની યાદથી માણસ સબ્ર કરતો થઈ જાય છે, કારણ કે એને ખબર છે કે આ તકલીફ હમેશાં નથી રહેવાની, મોત આવવાથી દુનિયાની તકલીફનો નાશ થઈ જશે. અને મોતની યાદથી માણસ ધનવાન બની અભિમાની પણ નથી કરી શકતો કારણ કે એને ખબર છે મારી પાસે ગમે





તેટલું ધન હશે પણ અંતે તે છોડીને ચાલ્યા જ જવાનું છે. સબ્રની નેઅમત અને અભિમાનથી મુક્તિ મહાન ઈનામ છે.

હઝરત અનસથી રિવાયત છે કે મોતને અધિક યાદ કરો, બેશક ! એની યાદ ગુનાહો નષ્ટ કરે છે, દુનિયાથી અરૂચી ઉભી કરે છે, તમે એને માલદારીના સમયે યાદ કરો તો એનો નાશ કરે છે (એટલે કે અભિમાન આવતું નથી) ફકીરીમાં અને ગરીબીમાં એને યાદ કરો તો તમારા જીવનથી તમને ખુશ રાખે છે. *(કન્ઝુલ ઉમ્માલ)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે વાસનાઓને નષ્ટ કરનાર (મૌત)ને વધારે યાદ કરો, જે જીવનની કષ્ટીમાં એને યાદ કરે આનંદ પામે, એને જે આનંદમાં યાદ કરે તો કષ્ટીમાં પડે. (એટલે કે ધનવાન બની નાફર્માન ન બની જાય અને ગરીબીમાં બેસબ્રો ન થઈ જાય.) *(કન્ઝુલ ઉમ્માલ)*

જલાસ ઈબ્ને અમ્ર કુન્દીથી રિવાયત છે કે દરેક ચાલવાવાળા માટે અંત છે અને માણસનો અંત મોત છે. તો જરૂરથી અલ્લાહને યાદ રાખો એ તમારા માટે સરળ કરી આપશે અને આખેરતમાં તમારું મન લગાડી દેશે. *(કન્ઝુલ ઉમ્માલ)*

હઝરત રબીઅ બિન અનસથી રિવાયત છે : દુનિયામાં અરૂચી પેદા કરવા અને આખેરતમાં દિલ લગાડવા મોત બસ છે. *(કન્ઝુલ ઉમ્માલ)*

હઝરત અનસથી રિવાયત છે કે જમાનો શિખામણ આપવામાં અને મોત જુદાઈ કરવામાં બસ છે. *(કન્ઝુલ ઉમ્માલ)*

દૈલમીમાં હઝરત અબૂ સઈદથી રિવાયત છે કે પશુઓને મોતની એટલી માહિતી પ્રાપ્ત થાય જેટલી કે માણસને પ્રાપ્ત છે તો લોકોને એમનામાં તાજુ તગડુ ગોશ્તવાળું ખાવા ન મળતું.

કહેવાનો ભાવાર્થ એ છે કે પશુ, પક્ષી અને પ્રાણીઓ પાસે અક્કલ હોતી અને એમને મોતનું જ્ઞાન આપવામાં આવતું તો તેઓ વિચારસરણીમાં માણસથી આગળ નીકળી જતી અને માણસથી અધિક તેમને મોતની ફિકર રહેતી.

**બોધ** : આ હદીષોથી જાણવા મળ્યું કે મોતની યાદ માણસનું

જીવન સફળ બનાવે છે, માણસને દીનદાર અને પરહેઝગાર બનાવે છે, તકલીફમાં રાહત અને આરામ આપે છે, રાહત અને આરામમાં ખુદાથી ગાફિલ અને સુસ્ત થવા દેતી નથી. એટલે મોતને જે જે તરીકાથી યાદ કરી શકતા હોઉ કરવી જોઈએ. મોતનો ઉલ્લેખ કરનાર લોકોનું બયાન સાંભળવું જોઈએ. ખુદાનો ખોફ રાખનાર અને ખોફ આપનાર લોકોની ખિદમતમાં હાજરી આપવી જોઈએ. અંતમાં એ છે કે આપણા નબીએ આપણને દાખલો આપવા માટે સમજાવ્યું કે તમે તો માણસ છો, તમને તો અલ્લાહ તઆલાએ અક્કલ આપી છે, તમે તો સમજી શકો છો. જો પશુ, પક્ષીઓને એ પ્રમાણેની મોતની સમજ આપવામાં આવી હોત તો તેઓ એ યાદમાં વ્યસ્ત રહી દુબળા પાતળા થઈ જતા. જ્યારે આપણને તો એ સમજ આપવામાં આવી છે પછી આપણે મોતની તૈયારીમાં રહેવું જોઈએ અને અલ્લાહ તથા રસૂલની ફર્માંબરદારી તથા અનુસરણમાં વ્યસ્ત રહેવું જોઈએ.

## ★ ખલીફએ અવ્વલનું અવસાન અને વસિયતો ★

ખલીફએ અવ્વલ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ મોતના નિકટના સમયે ફર્માવ્યું, બેટા આઈશા ! આ મારાં કપડાં જોઈ રાખો, મારા અવસાન પછી મને એનાથી જ કફન આપશો, નવાં કપડાંની મુડદાથી વધારે જીવતંને જરૂર છે.

જ્યારે આપની તબીયત ખરાબ હતી અને જેવો કે એ આપનો અંતિમ સમય હતો, લોકોએ વિનંતી કરી, અમીરુલ મો'મિનીન ! આપ કહો તો ડોકટર (તબીબ)ને બોલાવીએ જે આપને ચેક અપ કરીને દવા આપે. આપે ફર્માવ્યું, મારા ડોકટરે મને દેખીને કહી આપ્યું છે : "હું જે ઈચ્છું છું તે જ કરું છું."

હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہ એ વિનંતી કરી, અમીરુલ મો'મિનીન ! તમે અમને વસિય્યત ફર્માવો ! આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલા તમારા માટે દુનિયાનો વિજય આપવાનો છે. તો તમે એમાંથી એટલું જ લેશો જે તમારા સમય વિતાવવા માટે જરૂરી હોય. અને યાદ રાખશો જે કોઈ ફજરની નમાઝ અદા પઢે છે તે અલ્લાહના વાયદા હેઠળ





આવી જાય છે. ખુદા તઆલાના આ વાયદાને ન તોડો, વાયદો તોડનારને ઊંધા મોઢે દોઝખમાં ફેંકી આપવામાં છે.

જ્યારે આપની તબીયત વધારે ખરાબ થઈ, અને આપ બહાર ન આવી શકયા તો લોકોએ વિનંતી કરી કે આપ પોતાની જગાએ કોઈને નિયુકત કરી આપો. આપે હઝરત ઉમર رضی اللہ عنہ ને પોતાની જગાએ નિયુકત ફર્માવ્યા. અન્ય લોકોએ વિનંતી કરી, અમીર ! આપે ગરમ તબીયતના સખત માણસને પોતાની જગાએ નિયુકત ફર્માવ્યા ! આપ અલ્લાહને શું જવાબ આપશો ? ફર્માવ્યું, હું કહીશ તારી મખ્લૂકમાં જે સૌથી અધિક ઉત્તમ હતો તેને રાખીને આવ્યો છું. પછી હઝરત ઉમર رضی اللہ عنہ ને બોલાવ્યા અને ફર્માવ્યું, હું તમને એક વસિય્યત કરું છું તેને યાદ રાખશો. અલ્લાહ તઆલાના અમુક હક્કો દિવસથી સંબંધિત છે એને રાતમાં કબૂલશો નહીં, અને અમુક હક્કો રાતથી સંબંધિત છે જેને દિવસમાં કબૂલશો નહીં. ફર્ઝ અદા ન કરો ત્યાં સુધી નફલ કબૂલ કરતો નથી. કિયામતના દિવસે જેમનું ત્રાજવું ભારે હશે તો એનું કારણ એ જ હશે કે એમણે દુનિયામાં હક્કનું અનુસરણ કર્યું હશે અને પોતાની ઉપર એને ભારે સમજ્યું હશે. અને એ ત્રાજવામાં માત્ર હક્કને જ રાખવામાં આવે તો એનો હક્ક છે કે એનું વજન વધારે થાય. જેમનું પલ્લુ હલકુ રહ્યું તો એનું કારણ એ જ હશે કે એણે દુનિયામાં નાહકનું અનુસરણ કર્યું હશે અને એને પોતાના માટે હલકુ સમજ્યું હશે. અને જે પલ્લામાં નાહકને રાખવામાં આવે તો એના માટે માન્ય એ જ છે કે હલકુ રહે. અલ્લાહ તઆલાએ જન્નતવાળાઓનું વર્ણન એમના અમલોમાંથી અતિ ઉત્તમ સાથે કર્યું અને ખરાબ કામોને માફ રાખ્યાં. તો કહેવાવાળો કહે છે : હું એમનાથી નીચો છું અને એમના દરજે નથી પહોંચી શકતો. દોઝખવાળાઓનું વર્ણન એમના અતિ ખરાબ કામોથી કર્યું અને જે નેક અમલો કર્યા હશે તે પરત કરી આપ્યા. તો કહેવાવાળો કહે છે હું એમનાથી નીચે છું અને એમના દરજે નથી પહોંચી શકતો.

અલ્લાહ તઆલાએ રહમત અને કૃપાની આયતો ઉતારી, ડર અને અઝાબની આયતો નાઝિલ ફર્માવી તો તે એટલા માટે કે ઈમાનવાળો એની તરફ નમે અને ડર પણ રાખે. નીડર થઈને પોતાનો હાથ નુકસાન

તરફ ન લઈ જાય અને અલ્લાહ તઆલાથી માત્ર હક્કની જ ઈચ્છા ધરાવે.

અય ઉમર ! જો તમે મારી વસિયત યાદ રાખશો તો તમારા માટે અદ્રશ્ય ચીજ વસ્તુઓમાં મોત અધિક પ્રિય હશે અને મોતનું આવવું નકકી જ છે. અને મારી વસિય્યત ભૂલશો તો અદ્રશ્ય ચીજ વસ્તુઓમાં મોત તમને અતિ ખરાબ લાગશે અને તમે એનાથી બચી પણ નહીં શકો અને એને થકાવી શકશો નહીં.

જે સહાબા અંતિમ સમયે આપની પાસે ઉભા હતા તેમને કહ્યું કે જે વ્યકિત અંતિમ સમયે આ પ્રમાણે કહશે તો અલ્લાહ તઆલા એની રૂહને ઓફુકે મુબીનમાં જગા આપશે. ઓફુકે મુબીન અર્શ સામે એક મદાન છે જેમાં બાગ, નહેરો અને પ્રકાર પ્રકારના વૃક્ષો હશે. દરરોજ અલ્લાહની સો કૃપાઓ તેને ઢાંકી લે છે. તેના શબ્દો આ પ્રમાણે છે :–

અય અલ્લાહ ! તેં મખ્લૂકને પેદા ફર્માવી અને તને એમની જરૂરત ન હતી. પછી તેં એમના બે વર્ગ કર્યા, એક જન્નત માટે અને એક દોઝખ માટે. તું મને જન્નતવાળો બનાવ, દોઝખવાળો નહીં. ઈલાહી ! તેં મખ્લૂકને કેટલા ફિર્કાઓમાં પેદા કર્યા અને જન્મ લેતાં પહેલાં તેમને અલગ કરી આપ્યા. અમુકને બદ્નસીબ અને અમુકને ખુશનસીબ બનાવ્યા. તું મને પોતાના હુકમ પર અમલ કરાવી ખુશનસીબ બનાવી આપ. નાફર્માનીથી બદ્નસીબ ન બનાવ. દરેક નફસ જે કંઈ કરે છે એની પેદાઈશથી પહેલાં તને એની ખબર છે અને એ પ્રમાણે જ થઈને રહેશે. તું મને એ લોકોમાંથી બનાવ જે તારા ફર્માન પર અમલ કરે છે. અય અલ્લાહ ! તારી ઈચ્છા સિવાય કાંઈ થઈ શકતું નથી તો તું તારી ઈચ્છા એ કર કે હું એવું જ કરું જે મને તારાથી નિકટ કરી આપે. ઈલાહી ! તેં બંદાઓનાં કામોને ગણી રાખ્યાં છે અને કોઈ ચીજ તારા હુકમ વિના હલી પણ નથી શકતી. તું મારા અમલો અને હલન ચલન તારા તકવા માટે કરી આપ. ઈલાહી ! તેં ભલાઈ અને બુરાઈ બંનેને પેદા કર્યા છે, અને બંનેના કરવાવાળાઓ પણ બનાવ્યા, તને બંને પ્રકારમાં જે પસંદ હોય તેમાં કરી આપ. ઈલાહી ! તેં જન્નત અને દોઝખ પેદા ફર્માવી, દરેકમાં રહેવાવાળાઓ બનાવ્યા, તું મને પોતાની જન્નતના રહેવાસીઓમાં કરી આપ. ઈલાહી ! તેં એક કોમને માર્ગ બતાવ્યો અને એમનું દિલ એના કબૂલવા માટે વિશાળ કરી આપ્યું, અને એક





કોમને કમાર્ગી ઈચ્છી તો તેમના દિલને કઠણ કરી આપ્યું. તો ઈલાહી ! તું મારું દિલ ઈમાન માટે ખોલી આપ અને ઈમાનને મારા દિલ માટે અતિ ઉત્તમ બનાવી આપ. મને કુફ્ર, બદ્કારી અને નાફર્માનીથી નફરત આપ, મને નેક ચલનવાળો બનાવી આપ. ઈલાહી ! તેં દરેક કામ પરિણામના આધારે નિયુકત કરેલું છે અને તેનું ઠેકાણું તારી બાજુએ જ રાખેલું છે તો અવસાન પછી તું મને સારા જીવન સાથે જીવંત કર, અને મારું પદ તારા નિકટમાં રાખ. ઈલાહી ! જે વ્યકિત સવાર અને સાંજ કરે છે તે એ પ્રમાણે કે એને બીજા પર ભરોસો હોય છે તો હોય, પણ મારો ભરોસો તારા પર જ રહે. દરેક તાકત અને શકિત અલ્લાહની જ છે. ત્યાર પછી આપે ફર્માવ્યું, આ પ્રમાણેના પ્રકરણો કુર્આન મજીદમાં છે. *(ઈહયાઉલ ઉલૂમ, ભાગ–૪)*

હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ એ પણ ફર્માવ્યું કે, જે કબ્રમાં વિના સામાને પ્રવેશ્યો તો એવો છે જાણે એ સમુદ્રમાં વિના નાવડીએ સફર ખેડવા લાગ્યો. એટલે કે નાનું ખાબોચીયું હોય તો તરીને પાર કરી લેવાય, તળાવ હોય તો પણ સાહસ કરી લેવાય પણ સમુદ્રમાં વિના નાવડીએ સફર ખતરો છે. એ જ પ્રમાણે બરઝખના વિશાળ જગતમાં સામાન વિના જવું ભયંકર છે એટલે દુનિયાની હયાતમાં સામાન તૈયાર કરીને રાખવો જોઈએ.

આપે એ પણ ફર્માવ્યું કે પાંચ વસ્તુઓ અંધારું છે અને બીજી પાંચ દીવો છે. (૧) દુનિયાની મહબ્બત અંધારું છે, તકવો અને પરહેઝગારી એનો દીવો છે. (૨) ગુનો અને પાપ અંધારું છે, તૌબા એનો દીવો છે. (૩) કબ્ર અંધારું છે, પ્રથમ કલ્મો એનો દીવો છે. (૪) આખેરત અંધારું છે, નેક અમલો એનો દીવો છે. (૫) પુલસિરાત અંધારું છે, (ઈસ્લામનું) સત્ય યકીન એનો દીવો છે. એટલે કે પાંચ પ્રકારની બલાઓથી મુકિત મેળવવા અને છૂટકારો પ્રાપ્ત કરવા ઉપરોકત પાંચ વસ્તુઓનો સહારો લેવો જોઈએ.

આપે એ પણ ફર્માવ્યું કે ઈબ્લીસ તારી સામે ઉભો છે, એના પર અલ્લાહની લા'નત પડે, એ તને દીન અને ધર્મથી અલગ થવાની દા'વત આપે છે, જે એની વાત માન્ય રાખશે તેનો દીન ચાલ્યો જશે. (૨) વાસનાઓ તારી ડાબી બાજુ છે, એ તમને મનેચ્છાઓ તરફ દા'વત આપે છે, જે વાસનાની વાત માન્ય રાખે તેની અક્કલ જતી રહે છે. (૩) નફસ

તારી જમણી બાજુ છે એ તમને નાફર્માનીની દા'વત આપે છે, જે એની વાત માની લે તેની રૂહાનિયત નાસી જાય છે. (૪) દુનિયા તારી પાછળ છે એ તને એ દા'વત આપે છે કે આખેરતને ભૂલીને એને અપનાવી લે, જે એ અપનાવી લેશે એની આખેરત છૂટી જશે. (૫) શરીરના અંગો ચારે બાજુ છે, તેઓ તને પાપની દા'વત આપે છે, જે એમની વાત માની લે તેના હાથમાંથી જન્નત ચાલી જાય છે. (૬) જબ્બાર અલ્લાહ તમારી ઉપર છે, તમે તની શકિતઓ હેઠળ છો, એ તમને જન્નત અને મગફેરતની દા'વત આપે છે, જે એની વાત માન્ય રાખે તેના ગુનાહો માફ થઈ જાય છે અને દરેક પ્રકારની ભલાઈઓ તેને પ્રાપ્ત થઈને રહે છે.

આપે ફર્માવ્યું : બખીલને સાત આફતોમાંથી કોઈ એક જરૂરથી પહોંચીને રહે છે : (૧) એ મરી જશે તો એના વારસદાર કુમાર્ગે અલ્લાહની નાફર્માનીમાં ખર્ચ કરશે. (૨) અથવા અલ્લાહ જાલિમ રાજાને નિયુકત કરશે, જે એને બદનામ કરીને એનો માલ લઈ લેશે. (૩) અથવા વાસનાઓનો એવો હુમ્લો થશે, જેમાં એ પોતે પોતાનો માલ ઉડાડી દેશે. (૪) અથવા એના દિલમાં ઘર અને મકાન બનાવવાની ઈચ્છા થશે, જેને પૂરી કરવા વેરાન જગાએ બિલ્ડીંગ ઊભી કરશે અને એમાં માલ જતો રહેશે. (૫) અથવા દુનિયાની કોઈ આફત આવી પડશે દા.ત. ડૂબી જવું, બળી જવું, ચોરી થઈ જવું વગેરે... (૬) અથવા એવી કોઈ બીમારી લાગી જાય જેના ઈલાજમાં માલ ખર્ચ કરી નાખે. (૭) અથવા કોઈ જગાએ (માલ) દફન કરે પછી ભૂલી જાય અને મળે નહીં.

સારાંશ એ કે બખીલ માણસ બખીલીથી માલ બચાવી શકશે નહીં, કોઈ પણ માર્ગે માલ ખર્ચ થઈ જશે, અને ગુનો પણ થશે. જ્યારે અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાથી સવાબ મળે છે અને અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત થાય છે.

આપે ફર્માવ્યું : આઠ વસ્તુઓ બીજી આઠ વસ્તુઓનો શણગાર છે : (૧) પાક દામની ગરીબીનો શણગાર છે. (૨) શુક્ર ગુજારી નેઅમતનો શણગાર છે. (૩) સબ્ર મુસીબતનો શણગાર છે. (૪) નમ્રતા જ્ઞાનનો શણગાર છે. (૫) નીચા બનીને રહવું વિદ્યાર્થીનો શણગાર છે. (૬) વધારે રડવું ખૌફે ખુદાનો શણગાર છે. (૭) ભલાઈ કરીને કહી ન સંભળાવવું





ઉપકારનો શણગાર છે. (૮) દિલ લગાડવું નમાઝનો શણગાર છે.

આપે ફર્માવ્યું : બંદાઓના ત્રણ પ્રકાર છે અને દરેક પ્રકારની ત્રણ નિશાનીઓ છે : –

**(૧)** જેઓ અલ્લાહની બંદગી એના ડર અને ખૌફથી કરે એની ત્રણ નિશાનીઓ આ પ્રમાણે છે : (अ)પોતાને નીચો સમજે. (ब) પોતાની નેકીઓને ઓછી સમજે. (क) પોતાના ગુનાહોને વધારે સમજે.

**(૨)** બીજો પ્રકાર તે લોકોનો છે જેઓ રહમતની ઉમ્મીદ રાખીને બંદગીમાં વ્યસ્ત રહે છે. તેમની ત્રણ નિશાનીઓ આ પ્રમાણે છે : (अ) દરેક હાલત અને સંજોગમાં લોકોનો આગેવાન બનીને રહે છે. (ब) દુનિયાના માલમાં સૌથી મહાન સખી હોય છે. (क) અલ્લાહ તઆલાથી સારા અનુમાનમાં દરેકથી વધીને હોય છે.

**(૩)** ત્રીજો પ્રકાર એવા લોકોનો છે જેઓ મહબ્બત અને પ્રેમથી અલ્લાહની બંદગી કરે છે. અને તેની પણ ત્રણ નિશાનીઓ છે : (अ) પોતાની પ્રિય ચીજ અલ્લાહના માર્ગમાં આપે છે. અલ્લાહને ખુશ કરવામાં એમને કશાની પરવા નથી હોતી. (ब) પોતાના નફસને નારાજ કરવાનો અમલ કરે છે. માત્ર એટલે કે અલ્લાહ ખુશ થઈ જાય. (क) કરવા ન કરવાના દરેક સંજોગમાં તે અલ્લાહને પોતાની સાથે સમજે છે.

આપે ફર્માવ્યું : જે બંદાને અલ્લાહ તઆલા દસ ગુણો આપે તેને દરેક પ્રકારની આફત અને મુસીબતથી નજાત મળી જાય છે. પરહેઝગાર અને નિકટતા પ્રાપ્ત કરનાર લોકોના દરજ્જે પહોંચી જાય છે. (૧) તે હમેશાં સત્ય પર રહે અને એનું દિલ નમ્રતાવાળું હોય છે. (૨) એની પાસે સંપૂર્ણ સબ્ર હોય છે અને હમેશાં શુક્ર અદા કરતો રહે છે. (૩) હમેશાંની ગરીબી અને જે મળે તેના પર ખુશ રહે છે. (૪) હમેશાં આખેરતની ફિકર ચિંતામાં રહે છે અને એનું પેટ ભૂખ્યું હોય છે. (૫) પોતાના ગુનાહો પર ચિંતા કરે અને સાથે ખુદાના ખૌફને હમેશાં સાથે રાખે. (૬) બદનમાં નમ્રતા અને આખેરત માટે હમેશાંની કોશિશમાં લાગેલો રહે. (૭) હમેશાં નરમી રાખે અને કૃપાનું દામન કયારે પણ ન છોડે. (૮) લોકો સાથે પ્રેમ ભાવના રાખે અને શરમને પોતાનો દોસ્ત બનાવીને રાખે. (૯) ઈલ્મ અને જ્ઞાન પર અમલ કરે અને હમેશાં નમ્રતાથી રહે. (૧૦) હમેશાં ઈમાનની સાથે

રહે અને અક્કલથી કામ લે.

## ★ ખલીફએષાનીનું અવસાન અને એમની વસિયતો ★

બીજા ખલીફા અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ફારૂક આ'ઝમ رضی اللہ عنہ છે આપની શહાદત બાબતે નબીએ પાકે ઘણા પહેલાં ખબર આપી હતી. એક દિવસ આપ ફજરની નમાઝમાં જમાઅત માટે ઈમામ બનીને આગળ મુસલ્લા પર ગયા અને નમાઝ શરુ ફર્માવી, આપની તિલાવત ચાલું રહી એટલામાં બેધારની તલ્વારથી અબૂલૂલૂ ફીરોઝે આપ પર હુમ્લો કર્યો, આપના પેટમાં એવો ઘા કર્યો કે આંતરડીઓ કપાઈ ગઈ અને લોહી વહેવા લાગ્યું, આપ જમીન પર પડી ગયા. હઝરત અબ્દુર્રહમાન બિન ઔફે નાની સૂરતો પઢી નમાઝ પૂરી કરી.

અબૂલૂલૂએ બીજા નમાઝીઓ પર હુમ્લો કર્યો અને લગભગ તેર માણસોને ઝખમી કર્યા, તેમાંથી નવ માણસોની શહાદત થઈ ગઈ. એને પકડી લેવામાં આવ્યો તો એણે પોતાની તલ્વારથી પોતે આત્મહત્યા કરી લીધી અને મરી ગયો.

હઝરત ઉમર ફારૂકે આ'ઝમે પૂછયું, જુઓ ! મને ઝખ્મી કોણે કર્યો છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, મોગીશ બિન શોઅબાના ગુલામે આ હરકત કરી છે. શહીદ કરનાર વ્યકિત મુસલમાન ન હતો અગ્નિપૂજક હતો. આપે ફર્માવ્યું, અલ્લાહનો શુક્ર છે એણે મારી મોત મુસલમાનના હાથે ન કરાવી. પણ ઈબ્ને અબ્બાસને ફર્માવ્યું, તમે અને તમારા પિતાની જ ઈચ્છા એ હતી કે મદીનામાં ગેર અરબી કાફિરોની સંખ્યા વધે. એટલા માટે ફર્માવ્યું કે હઝરત અબ્બાસ رضی اللہ عنہ ના બધાં ગુલામ અને નોકર ચાકર હતા. ઈબ્ને અબ્બાસે વિનંતી કરી કે જો આપ ફર્માવો તો અમે એ બધાંને કત્લ કરી નાખીએ. આપે ફર્માવ્યું, હવે એ વાત કરો છો જ્યારે તેઓ તમારી બોલી બોલવા લાગ્યા, તમારા કિબ્લા તરફ નમાઝ પઢવા લાગ્યા અને તમારા જેવી હજ્જ કરવા લાગ્યા.

આપને એ સ્થિતિમાં ઘેર લાવવામાં આવ્યા. આપ બેહોશ થઈ





ગયા, આપની ફજરની નમાઝ અદા કરવાની બાકી હતી તો આપ સામે બુલંદ સ્વરે કહેવામાં આવ્યું, અમીરુલ મો'મિનીન ! નમાઝ ! નમાઝ ! આપ નમાઝનો શબ્દ સાંભળીને તરત હોશમાં આવી ગયા અને એ સ્થિતિમાં ઈશારાથી નમાઝ અદા કરી અને ફર્માવ્યું નમાઝથી કોઈને છૂટકારો નથી, જેની નમાઝ ન હોય તેનો દીનમાં કોઈ અધિકાર નથી. આપને દ્રાક્ષનો રસ પીવડાવવામાં આવ્યો તે આંતરડામાંથી બહાર આવી ગયો, દૂધ પીવડાવવામાં આવ્યું તે પણ બહાર આવી ગયું તો લોકોને એવું થઈ ગયું કે હવે આપ બચી શકશે નહીં અને આપની શહાદત થઈ જશે. તો ધારવા પ્રમાણે એ ઝખમથી આપનું અવસાન થયું અને નબીના ફર્માન મુજબ અલ્લાહ તઆલાએ આપને શહાદતનો રુત્બો પણ અર્પણ કર્યો.

વિસાલના સમયે લોકો આપના લાયક વખાણ કરી રહ્યા હતા, એટલામાં એક યુવાન આવ્યો અને વિનંતિ કરી, અમીર ! અલ્લાહ તઆલા તરફથી આપને ખુશખબર. આપને હુઝૂરની સંગતમાં અને શરૂઆતમાં ઈસ્લામ સ્વીકારવાને લઈને જે પદ મળ્યું છે તેને આપ જાણો છો. પછી આપ ખલીફા બન્યા, ન્યાય કર્યો અને હવે દરજએ શહાદત પર પહોંચશો. આપે ફર્માવ્યું, બધું મારા માટે બરાબર બરાબર થઈ જાય, ન નફો થાય અને ન નુકસાન વેઠવું પડે તો પણ હું સફળ છું. આ ફર્માન આપની નમ્રતાનો પૂરાવો આપે છે કે ઈસ્લામ માટે અસંખ્ય ગર્વનાં કામો કરીને પણ આપ સમજે છે કે એ કશું જ નથી.

એ વખાણ કરવાવાળો યુવાન જવા લાગ્યો તો આપે જોયું એના લેંગાનો પાયચો નીચો છે અને જમીન સાથે ઘસેડાઈ રહ્યો છે. આપે ફર્માવ્યું, પેલા છોકરાને બોલાવો. જ્યારે એ પરત આવ્યો તો આપે પ્રેમથી શિખામણ આપતાં ફર્માવ્યું, ભત્રીજા ! કપડું ઊંચું રાખ, ધૂળથી બચી જશે અને અલ્લાહ તઆલાની બારગાહમાં તકવા પરેઝગારીનાં નિકટ પણ છે. એટલે કે અંતિમ સમયે પણ આપ દીનની તબ્લીગ કરી રહ્યા છે અને સુન્નતનો પૈગામ પહોંચાડી રહ્યા છે.

પછી આપે પોતાના પુત્ર અબ્દુલ્લાહ رضی اللہ عنہ ને બોલાવ્યા અને કહ્યું, બેટા ! જુઓ ! મારા માથે કેટલું દેવું છે ? હિસાબ કરવાથી જાણવા મળ્યું કે ૮૬ હજાર દિરહમ છે. આપે ફર્માવ્યું, આપણા કુટુંબનો માલ

એના માટે સંપૂર્ણ થઈ શકે તો કુટુંબના માલથી અદા કરી આપશો. નહિતર અદી બિન કઅબની ઓલાદ પાસે માંગશો. એમનો માલ પણ પૂરતો ન હોય તો કુરૈશ પાસેથી લઈને અદા કરશો. એમના સિવાય બીજા કોઈની પાસે ન જશો અને મારું દેવું ચૂકવી આપશો. દેવું ચૂકાવવું કેટલું જરૂરી છે તેને આપની વસિય્યતથી સમજી શકાય છે કે માલ પૂરતો ન હોવા પર સગાઓ પાસેથી લઈને અદા કરવાનો આદેશ આપ્યો.

આપે પોતાના પ્રિય પુત્ર અબ્દુલ્લાહને કહ્યું કે, બેટા ! હઝરત આઈશાની ખિદમતમાં જાવ અને કહેશો કે ઉમર તમને સલામ કહે છે, 'અમીરુલ મો'મિનીન' ન કહેશો, હવે હું ઈમાનવાળાઓનો સરદાર નથી. (આ આપની નમ્રતા હતી) અને વિનંતી કરશો કે મારા પિતા તમારી પાસે પોતાના બંને સાથીઓ સાથે દફન થવાની રજા માંગે છે. ઈબ્ને ઉમરે જઈને સલામ કરી અને જોયું કે ઉમ્મુલ મો'મિનીન હઝરતે ઉમરના ગમમાં આંસું સારી રહ્યાં છે. વિનંતિ કરી, ઉમ્મુલ મો'મિનીન મારા પિતાએ તમારી પાસે એ વાતની રજા માંગી છે કે એમને બંને સાથીઓ સાથે દફન કરવામાં આવે. હઝરતે આઈશાએ ફર્માવ્યું, એ જગા મેં મારા માટે રાખી હતી પણ ઉમરની ઈચ્છા છે તો હું એમને મારી જાન પર ઉત્તમતા આપું છું. હઝરત ઈબ્ને ઉમર પોતાના પિતાની ખિદમતમાં પરત આવ્યા. લોકોએ કહ્યું, લ્યો અબ્દુલ્લાહ ઉમ્મુલ મો'મિનીન પાસેથી આવી ગયા. ફર્માવ્યું, મને બેસાડો ! એક માણસે આપને સહારો આપ્યો અને આપ બેઠા થયા અને પૂછયું, શું જવાબ લાવ્યા ? વિનંતિ કરી, પિતા ! જે આપને પ્રિય હતું તેની રજા મળી ગઈ છે. આપે અલ્લાહનો શુક્ર અદા કર્યો, અને ફર્માવ્યું, આનાથી અધિક પ્રિય મને બીજું કંઈ ન હતું. ફર્માવ્યું, જ્યારે મારું અવસાન થઈ જાય, મારો જનાઝો હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ના રૂમ પાસે લઈ જશો, સલામ કરશો અને કહેશો ઉમર રજા માંગે છે, જો મને રજા મળે તો દફન કરશો, અને રજા ન મળે તો મુસલમાનોના કબ્રસ્તાનમાં લઈ જઈને દફન કરી આપશો. આપના ઈર્શાદ મુજબ અવસાન પછી આપના જનાઝાને રસૂલે પાકના હુજરા પાસે રાખીને ફરી હઝરતે આઈશાથી રજા માંગવામાં આવી અને એમની રજા મળવા પર આપને બંને સાથીઓની પાસે દફન કરવામાં આવ્યા.





અંતિમ સમયે લોકોએ આપને વિનંતી કરી કે આપ અમને વસિય્યત કરો અને ખલીફા પણ નિયુકત કરી આપો. આપે ફર્માવ્યું, મારા નિકટ ખિલાફતનો વધારે હક્ક એમને પહોંચે છે જેમનાથી હુઝૂર ખુશ થઈને ગયા હતા પછી આપે નામ બતાવ્યાં : હઝરત અલી, હઝરત ઉસ્માન, હઝરત ઝુબૈર, હઝરત તલ્હા, હઝરત સઅદ, અને હઝરત અબ્દુર્રહમાન, હઝરત સઅદ رضوان اللہ تعالٰی علیہم اجمعین ને ખલીફા બનાવવામાં આવે તો ઉત્તમ. નહીં તો જે પણ ખલીફા બને તેની મદદ કરવામાં આવે.

આપે ફર્માવ્યું, જે ખલીફા બને એને હું વસિય્યત કરું છું કે, જે લોકો પ્રથમ હિજરત કરીને આવ્યા હતા તેમનું માન રાખવામાં આવે, ઈજ્જત કરવામાં આવે, અન્સાર સાથે ભલાઈ કરવામાં આવે, આ જગાએ ઈસ્લામને ઉન્નતી મળી હતી એમની સાથે ભલાઈ કરનારને માન્ય રાખવામાં આવે અને ભૂલ કરનારને માફ કરી દેવામાં આવે. અડોશ પડોશના શહેરોના લોકો સાથે સારો વર્તાવ કરવામાં આવે, અરબ સાથે પણ ભલાઈ કરવામાં આવે, અલ્લાહ અને રસૂલના ફર્માન પર અમલ કરવામાં આવે.

હઝરત ઈબ્ને અબ્બાસ ફર્માવે છે કે હું હઝરત ઉમર رضی اللہ عنہ ના જનાઝા પાસે ઉભો હતો એટલામાં એક માણસે મારા ખભા પકડીને મને બીવડાવ્યો, મોઢું ફેરવીને જોયું તો હઝરત અલી હતા. તેમણે હઝરત ઉમરના વખાણ કર્યા અને ફર્માવ્યું, તમે તમારા પછી કોઈ એવો વ્યકિત ન છોડયો જેની જેવા અમલો કરીને મને મરવાનું પસંદ આવે. તમારી જેવા અમલો કરીને જ મને મરવાનું પસંદ આવે છે. અલ્લાહની કસમ ! મને ખબર જ હતી કે અલ્લાહ તઆલા તમને તમારા દોસ્તો સાથે જ કરી આપશે. કારણ એ છે કે હું હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم થી વધારે પ્રમાણમાં એ સાંભળ્યા કરતો હતો. હું અબૂબક્ર અને ઉમર આવ્યા, હું અબૂબક્ર અને ઉમર નીકળ્યા, હું અબૂબક્ર અને ઉમર અંદર આવ્યા વગેરે. જ્યારે દરેક વાતમાં આમ ફર્માવતા, તો મને એવું લાગતું જ હતું કે અલ્લાહ તઆલા તમને તમારા દોસ્તો સાથે કરી આપશે. (અને એવું જ થયું આપને હઝરત આઈશાના રૂમમાં હઝરત અબૂબક્રની કબ્ર પાસે દફન કરવામાં આવ્યા.

દુનિયામાં સાથે હતા, કબ્રમાં સાથે રહ્યા અને કિયામતના દિવસે બીજા સૂર વખતે કબ્રથી સાથે ઉઠશે અને હશ્રનાં મેદાનમાં આવશે.)

## ★ આપની વસિયતો અને શિખામણો ★

**(૧)** આપે ફર્માવ્યું : દુનિયાની ઈજ્જત માલથી મળે છે અને આખેરતની ઈજ્જત નેક અમલોથી મળે છે. (દુનિયાની ઈજ્જત હમેશાં રહેવાવાળી વસ્તુ નથી કયારે તો હયાતમાં ચાલી જાય છે અને માણસ બદનામ થઈ જાય છે. જેના અસંખ્ય દાખલાઓ માણસ પોતાના સમાજથી મેળવી શકે છે. દુનિયામાં આજીવન ઈજ્જતથી રહે તો એ ઈજ્જત મરણ પછી જરૂર ચાલી જશે. જ્યારે આખેરત હમેશાંની છે અને એમાં નેક અમલોને લઈને અલ્લાહની અપાર કૃપાથી ઈજ્જત મળશે તો એનો નાશ થશે નહીં. અને એ હમેશાં કામ આપનાર ઈજ્જત હશે. એટલે માણસે નેક અમલોનો સહારો લઈ આખેરતની ઈજ્જત પ્રાપ્ત કરવાની કોશિશ કરવી જોઈએ.)

**(૨)** આપે ફર્માવ્યું : સમુદ્ર ચાર છે : વાસનાઓ ગુનાહોનો સમુદ્ર છે, નફસ વાસનાઓનો સમુદ્ર છે, મોત જિંદગીઓનો સમુદ્ર છે, કબ્ર શરમનો સમુદ્ર છે. (જેમ માણસ સમુદ્રમાં ડૂબી જાય છે, અથવા ડૂબી શકે છે એ પ્રમાણે કયારેક શરીઅતનો ખયાલ ન રાખે તો તે મનમાની કરીને વાસનાઓ અને ગુનાહોના સમુદ્રમાં ડૂબી જાય છે અને તેમાં દુનિયાનું જીવન જે નેક અમલો માટે આપવામાં આવ્યું હતું વ્યર્થ અને બેકાર બની જાય છે. અને પછી કબ્રમાં જઈને માણસને અફસોસ કરવો પડે છે અને તે અફસોસથી છૂટકારો મળી શકતો નથી. જેમ દુનિયામાં સમુદ્રમાં ડૂબવાથી બચવા માટે સ્ટીમર, નાવડી, વહાણોનો સહારો લેવામાં આવે છે. દુનિયામાં વાસનાઓના સમુદ્રથી બચવા શરીઅતની સ્ટીમરનો સહારો લેવો જોઈએ અને તેના થકી આખેરતનો પ્રવાસ કરવો જોઈએ.)

**(૩)** આપે ફર્માવ્યું : હું જ્યારે કોઈ મુસીબતમાં સપડાતો તો એમાં અલ્લાહ તઆલા તરફથી મને ચાર પ્રકારની નેઅમત મળતી : (अ) એ મને ગુનાહથી બચાવતી. (ब) એનાથી મોટી ન આવી તે સારું. (હું શુક્ર કરતો કે અલ્લાહ એ મને આનાથી મોટી બલાથી





બચાવી લીધો.) (क) મને રબની ખુશીથી વિમુખ ન કરતી. (હું અલ્લાહના હુકમ પર ખુશ રહેતો.) (ड) હું એના પર સવાબની ઉમ્મીદ રાખતો.

(તકલીફ અને મુસીબતમાં માણસની વાસનાઓ મંદ પડી જાય છે અને એ કામ કરતી નથી એટલે ગુનાહ અને નાફર્માની થતી નથી, ગુનાહથી બચાવનાર વસ્તુ નેઅમત છે. જે મુસીબત આવી તેનાથી અધિક મોટી પણ આવી શકે છે, પણ અલ્લાહ તઆલાએ મોટી મુસીબતથી બચાવી લીધો અને નાની મુસીબત આપી તો એ પણ નેઅમત છે. દરેક હાલતમાં રબથી ખુશ રહેવું પણ એક નેઅમત છે. મુસીબતથી તકલીફના આધારે ગુનાહ માફ થાય છે અને એ પણ એક નેઅમત છે એટલે આપે ફર્માવ્યું કે એક મુસીબત ચાર નેઅમતો સાથે લઈને આવે છે.

**(૪)** આપે ફર્માવ્યું : મેં સઘળા દોસ્તોને જોઈ લીધા પણ જીભના રક્ષણથી વધીને ઉત્તમ દોસ્ત ન જોયો, મેં સઘળાં વસ્ત્રો જોઈ લીધાં પણ પરેઝગારીથી વધીને ઉત્તમ વસ્ત્ર ન જોયો, મેં દરેક પ્રકારનો માલ અજમાવી લીધો પણ જેટલું મળે એના પર સબ્રથી વધીને કંઈ ન પામ્યો, મેં દરેક પ્રકારની નેકીઓ દેખી પણ ભલાઈથી વધીને ઉત્તમ ન જોયું, દરેક પ્રકારનું ખાણું જોયું પણ સબ્રથી ઉત્તમ કોઈ ખાણું ન મળ્યું.

(એટલે કે આપણે જીભનું રક્ષણ કરવું જોઈએ, પરેઝગારીનું જીવન જીવવું, વધારે લાલચ ન કરવી જોઈએ, લોકોની સાથે ભલાઈ કરવી જોઈએ અને મુસીબત પર સબ્રથી કામ લેવું જોઈએ.

**(૫)** અલ્લાહ તઆલાએ છ વસ્તુને છ વસ્તુમાં ગુપ્ત રાખી : (अ) પોતાની ખુશી અમલ કરવામાં (ब) પોતાનો ક્રોધ નાફર્માનીમાં (क) પોતાનું ઈસ્મે આ'ઝમ (મહાન નામ) કુર્આનની આયતોમાં (ड) શબે કદ્ર રમઝાન માસમાં (च) સલાતે વુસ્તા (વચલી નમાઝ) પાંચ વખતની બીજી નમાઝોમાં (छ) કિયામતનો દિવસ બીજા દિવસોમાં.

(અલ્લાહને રાજી કરવો હોય તો હુકમ પર અમલ કરો, એના ક્રોધથી બચવું હોય તો ગુનાહોથી બચીને રહો, ઈસ્મે આ'ઝમને કુર્આનમાં શોધો, શબે કદ્રને પામવા રમઝાનની સઘળી રાતોની કદ્ર કરો અને એમાં બંદગી કરો, સલાતે વુસ્તાની ફઝીલત પ્રાપ્ત કરવા દરેક નમાઝને પાબંદીથી

અદા કરો, કિયામત કોઈ એક દિવસમાં ઓચિંતા આવશે તો પછી અમલમાં આળસ ન કરો.)

**(૬)** આપે ફર્માવ્યું : (૧) જે બેકાર બકવાસ છોડી આપે તેને હિકમત આપવામાં આવે છે. (૨) જે બદ્‌નિગાહીથી બચે તેને આત્મશાંતિ આપવામાં આવે છે. (૩) જે જરૂરતથી અધિક ખાવાનું છોડી આપે તેને બંદગીની લિજ્જત અર્પણ થાય છે. (૪) જે બેફાયદા હસવાનું છોડી દે તેને રૂઆબ મળે છે. (૫) જે દુનિયાની મહોબ્બત છોડી આપે તેને આખેરતની મહોબ્બત અર્પણ થાય છે. (૬) જે બીજાના અયબો જોવાનું છોડી આપે તેને પોતાના અયબો સુધારવાની નેઅમત મળે છે. (૭) જે અલ્લાહની હાલતોમાં અને એની જાત બાબતે મનન નથી કરતો તેને નિફાકથી નજાત આપવામાં આવે છે.

(વધારે ચૂપ રહેવું જોઈએ, ખરાબ નજરથી બચવું જોઈએ, માફકસર ખાવું જોઈએ, વધારે હંસવું ન જોઈએ, દુનિયાની મહોબ્બત દિલમાંથી કાઢી નાખવી જોઈએ, પોતાના અયબોને સુધારવા જોઈએ, અલ્લાહની પોતાની જાત બાબતે વધારે ચર્ચા ન કરવી જોઈએ.)

**(૭)** આપે ફર્માવ્યું : શૈતાનના વંશમાંથી નવનું વર્ણન જરૂરી સમજાુ છું : (૧) ઝલીતૂન એ બજારોમાં રહે છે અને ત્યાં પોતાનો ઝંડો ફરકાવેલો રાખે છે. (એટલે કે બજારમાં લોકોને વસવસાઓ આપે છે અને વેપાર ધંધામાં નાજાઈઝ માર્ગે ચલાવવાની કોશિશ કરે છે.) (૨) વસીન એ મુસીબતો અને બલાઓમાં સપડાવવાનું કામ કરે છે. (૩) લકૂસ એ અગ્નિપૂજકો સાથે રહે છે (અને એમને અગ્નિપૂજામાં વ્યસ્ત રાખે છે.) (૪) રઅવાન એ રાજાઓ અને પ્રધાનો સાથે રહે છે. (એમને અન્યાય અને ત્રાસ ગુજારવાનો વસવસો આપતો રહે છે.) (૫) હફ્ફાફ એ શરાબ અને દારૂ સાથે રહે છે. (અને લોકોને એને પીવાનો અને મસ્ત થઈ બકવાસ કરવાનો વસવસો આપે છે.) (૬) મુરરા એ મ્યુઝિક અને વાજિંત્રોવાળો છે. (લોકોને મ્યુઝિક અને વાજિંત્રોમાં વ્યસ્ત રાખી ધર્મથી દૂર કરવાનો શ્રમ કરતો રહે છે.) (૭) મુસવ્વિત એ અફવાવાળો છે. (લોકોને ખોટી ખબરો આપવા પર ઉકસાવે છે.) લોકો વિના ચકાસણી એકબીજાને કહેવા લાગે છે. (૮) દાસિમ એ ઘરો પર નિયુકત છે, કોઈ





વ્યક્તિ ઘરમાં પ્રવેશે, સલામ ન કરે, અલ્લાહનું નામ ન લે તો ઘરવાળાઓમાં ઝઘડો કરે છે. પરિણામ એ આવે છે કે મર્દ તલાક આપે છે અથવા સ્ત્રી તલાકની માંગ કરે છે, નહીં તો મારપીટ થાય છે. (૯) વલ્હાન એ વુઝૂ, નમાઝ અને બંદગીઓમાં વસવસો નાખે છે.

(અન્ય શૈતાન અલગ અલગ કામો પર મોટા શૈતાન તરફથી નિયુકત કરવામાં આવે છે. એટલે આપણે હર હંમેશ શૈતાનથી બચવાની કોશિશ કરવી જોઈએ. કોઈ પણ જાઈઝ કામ વખતે બિસ્મિલ્લાહ શરીફ પઢી લેવામાં આવે તો એની બરકતથી શૈતાન દૂર રહેશે.)

**(૮)** આપે ફર્માવ્યું : કે દસ વસ્તુઓ દસ વસ્તુઓથી જ વ્યવિસ્થત થાય છે : (૧) બુદ્ધિ પરહેઝગારીથી જ સુધરે છે. (૨) બુઝુર્ગી અને મહાનતા ઈલ્મથી જ વ્યવસ્થિત બને છે. (૩) સફળતા અને આખેરતની કામયાબી અલ્લાહના ડરથી જ મળે છે. (૪) રાજા ન્યાયથી જ શોભે છે. (૫) કળા અદબથી જ વખણાય છે. (૬) શાંતિ હોય તો જ આનંદ અને ખુશી સારી રહે છે. (૭) માલદારી સખાવતથી જ શોભે છે. (૮) ગરીબી કનાઅત (જે મળે તેમાં સંતોષ)થી જ શોભે છે. (૯) ઉચ્ચતા નમ્રતાથી જ વખણાય (પ્રશંસાને પાત્ર) છે. (૧૦) જેહાદ સામાનની તૈયારીથી જ ફાયદો પહોંચાડે છે.

## ★ ત્રીજા ખલીફાનું અવસાન અને વસિયતો ★

ત્રીજા ખલીફા હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ની શહાદત મદીના શરીફમાં એમના ઘરમાં જ થઈ હતી. આપને શહીદ કરનાર મિસ્રના લોકો હતા જેઓ આપની ખિદમતમાં ગર્વનરની ફરિયાદ લઈને આવ્યા હતા. તેમને આપના એક પત્રથી શંકા થઈ હતી, અને પછી તેમણે આપને શહીદ કર્યા હતા એટલે આપને શહીદ કરનાર મુસલમાન હતા.

મિસ્રના લોકોએ આપના ઘરને પોતાના ઘેરામાં લઈ લીધું હતું. આપની પાસે ખાણું પાણી કંઈ પણ જવા દેવામાં ન આવતું હતું, આપને ભૂખ્યા અને તરસ્યા શહીદ કરવામાં આવ્યા હતા, શહાદતના સમયે આપ કુર્આનની તિલાવત ફર્માવી રહ્યા હતા, જે સમયે આપની શહાદત થઈ આપ આ આયત પઢતા હતા : فَسَيَكْفِيكَهُمُ اللّٰهُ

આપની શહાદતથી અલ્લાહ તઆલાની એ નારાજગી થઈ કે મદીના પાસેથી કેપિટલ હોવાનું પદ લઈ લેવામાં આવ્યું, હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ કેપિટલ કૂફાને બનાવ્યું, હઝરત અમીરે મુઆવિયાએ દમિશ્કને કેપિટલ બનાવ્યું, આજે રિયાઝ કેપિટલ છે. તો ત્યારથી લઈને આજ સુધી મદીના કેપિટલ બન્યું નથી એટલા માટે જ કે ત્રીજા ખલીફા હઝરત ઉસ્માન ગનીને ત્યાં નાહક શહીદ કરવામાં આવ્યા હતા.

હઝરત અબ્દુલ્લાહ બિન સલામ ફર્માવે છે કે, જ્યારે મિસ્રના લોકોએ આપના ઘરને પોતાના ઘેરામાં લઈ લીધું હતું ત્યારે હું આપને સલામ કરવા માટે ગયો. આપે ફર્માવ્યું, ભાઈ તમે આવ્યા તે સારું કર્યું, આજે રાત્રે મેં હુઝૂર ﷺ ને સ્વપ્નમાં જોયા, આપે ફર્માવ્યું, લોકોએ તમને ઘેરી લીધા છે ? મેં વિનંતી કરી, હા ! મારા આકા ! ફર્માવ્યું, તમને તરસ્યા રાખ્યા છે ? મેં વિનંતી કરી, હા ! મારા આકા ! આપે પાણીથી ભરેલી ડોલ લટકાવી, મેં એમાંથી ધરાઈને પીધું જેની ઠંડક મને મારી છાતીમાં લાગે છે. પછી આપે ફર્માવ્યું, જો તમે ઈચ્છો તો તમારી મદદ થાય અને તમને વિજય મળે અને ઈચ્છા હોય તો મારી પાસે આવીને રોઝો ખોલજો. મેં હુઝૂર પાસે રોઝો ખોલવાનું પસંદ કર્યું, છે. એ જ દિવસે આપને શહીદ કરવામાં આવ્યા.

હઝરત અબ્દુલ્લાહ બિન સલ્લામ ફર્માવે છે કે જેમણે હઝરત ઉષ્માન ગનીને શહાદત સમયે લોહીમાં તરફડતા જોયા હતા તેમને મેં પૂછયું કે આપ એ સમયે શું ફર્માવી રહ્યા હતા ? તેમણે કહ્યું, આપ ફર્માવતા હતા, અય અલ્લાહ ! ઉમ્મતે મુહમ્મદ ﷺ ને ભેગી કરી આપ ! આ પ્રમાણે આપે ત્રણ વખત કહીને ઈત્તેફાકની દુઆ કરી હતી. હઝરત અબ્દુલ્લાહ ફર્માવે છે, ખુદાની કસમ ! જો આપ ફર્માવતા એમનામાં સંમતિ ન કરતો તો કયારે પણ સંમતિ ન થતી અને વિવાદ થતો રહેતો.

સુમામા બિન હઝન કુશૈરી કહે છે, જ્યારે આપને ઘરમાં નજરબંધ રાખવામાં આવ્યા હતા ત્યારે એક દિવસ આપે ઘરમાંથી નીચે જોયું અને ફર્માવ્યું, તમે મારી પાસે તે બે વ્યકિતને લાવો જેમણે તમને અહીં લાવીને ભેગા કર્યા છે. જ્યારે તેઓ આવ્યા, આપે લોકોને સંબોધીને ફર્માવ્યું, હું તમને અલ્લાહ અને ઈસ્લામની સોગંદ આપીને પૂછું છું કે જ્યારે સરકારે





દો આલમ ﷺ મદીના શરીફ આવ્યા ત્યારે આપે ફર્માવ્યું છે, કોઈ જે રૂમા કૂવાની ખરીદી કરી એમાં પોતાની ડોલ મુસલમાનોની ડોલો સાથે નાખે એને જન્નતમાં એનાથી ઉત્તમ પ્રાપ્ત કરે. મેં આપના ફર્માન પર મારા માલથી એની ખરીદી કરી અને લોકોને પાણી માટે વકફ કર્યો, તમે મને જ એના પાણીથી રોકો છો. દરિયાનું પાણી પણ નથી પીવા દેતાં ! લોકોએ જવાબ આપ્યો, બરાબર છે ! એટલે કે તમારી વાત સાચી છે, તમે ખરીદી કરીને વકફ કર્યો હતો.

હું તમને સોગંદ આપીને પૂછુ છું કે મેં ગરીબ મુસલમાનોને લડાઈનો સામાન આપ્યો હતો ? લોકોએ કહ્યું સાચું કહો છો.

ફરી ફર્માવ્યું, હું તમને કસમ આપીને પૂછુ છું કે મસ્જિદે નબવીમાં નમાઝીઓ વધી ગયા અને જગા પૂરતી ન રહી તો સરકારે મદીના ﷺ એ ફર્માવ્યું, છે કોઈ જે ફલાણા લોકોની જગા ખરીદીને મસ્જિદમાં વધારો કરે ? અને એનાથી ઉત્તમ જન્નતમાં પ્રાપ્ત કરે ! મેં મારા માલથી ખરીદી વકફ કરી તો આજે તમે મને એમાં બે રકાત નમાઝ પઢવાથી રોકો છો ! લોકોએ કહ્યું, સત્ય છે.

હું તમને કસમ આપીને પૂછુ છું કે નબીએ પાક મક્કા શરીફમાં સોબૈર પહાડ પર હતા, આપની સાથે અબૂબક્ર, ઉમર અને હું પોતે હતો. પહાડ ધ્રુજવા લાગ્યો, એના પથ્થરો નીચે પડયા તો આપે ઠોકર મારી અને ફર્માવ્યું, થોભી જા ! એ સોબૈર ! તારી ઉપર એક નબી, એક સિદ્દીક અને બે શહીદ છે ! તો એ થોભી ગયો. લોકોએ કહ્યું, સત્ય છે.

આપે અલ્લાહુ અકબર કહ્યું અને ફર્માવ્યું, કા'બાના રબની કસમ ! આ લોકોએ મારી વાતો પર ગવાહી આપી, બેશક ! હું શહીદ છું ! અને હુઝૂરની આપેલી ગયબની ખબર પ્રમાણે આપને મદીનામાં શહીદ કરી દેવામાં આવ્યા. જુમ્આનો દિવસ હતો, ઝિલ હજ્જાની ૨૭ તારીખ હતી, હિજરી સન ૩૫ હતી.

## ★ આપની વસિયતો ★

આપે ફર્માવ્યું દુનિયાની ચિંતા દિલનું અંધારું છે અને આખેરતની

ચિંતા દિલનો પ્રકાશ છે.

**(૧)** દુનિયાની ચિંતામાં વ્યસ્ત રહેનાર વ્યકિત દીન અને ધર્મ તરફ નજર નથી કરતો, શરીઅતનો ખયાલ નથી રાખતો, અલ્લાહના હુકમની નાફર્માની કરતો હોય છે. એટલે કે એ દુનિયા ભેગી કરવાની ચિંતામાં ગુનાહ પર ગુનાહ કર્યે જાય છે. ગુનાહથી દિલમાં કાળુ ટપકુ પેદા થાય છે અને ગુનાહ વધતા જાય છે તો એ પણ વધતુ જાય છે, અને દિલ કાળુ થઈ જાય છે અને પછી તેમાં અલ્લાહ તરફ લગન બાકી રહી જતું નથી એટલે આપે ફર્માવ્યું દુનિયાની ચિંતા દિલનું અંધારું છે. અંધારામાં માર્ગ દેખાતો નથી તમે દુનિયાના પૂજારીને આખેરતનો માર્ગ દેખાતો નથી. આખેરતની ચિંતા દિલનું પ્રકાશ છે એનાથી માણસને ખુદાનો માર્ગ મળે છે અને સતત નિકટતાના પ્રયાસો ચાલુ રહે છે.

**(૨)** આપ ફર્માવે છે : જે દુનિયા છોડી આપે તેને અલ્લાહ પ્રિય રાખે છે, જે ગુનાહ છોડી આપે તેને ફરિશ્તાઓ પ્રિય રાખે છે, અને જે મુસલમાનો પાસે લાલચ ન રાખે તેને મુસલમાન પ્રિય રાખે છે.

**(૩)** આપ ફર્માવે છે : બંદગીની ચાસણી મને ચાર વસ્તુઓમાં જોવા મળી : (અ) અલ્લાહના ફર્ઝોની અદાયગીમાં. (બ) અલ્લાહની હરામ કરેલ વસ્તુઓથી બચવામાં. (ક) સવાબની ઈચ્છાએ લોકોને નેક કામોનો હુકમ આપવામાં (ડ) અલ્લાહના ક્રોધથી બચવા ગુનાહોથી રોકવામાં.

**(૪)** આપે ફર્માવ્યું : ચાર કામો ફઝીલતથી સંબંધ રાખે છે પણ એમના પરિણામ પર લક્ષ આપવામાં આવે તો એવું જાણવા મળે છે કે એ ફર્ઝ છે : (અ) નેક લોકો સાથે સંબંધ રાખવો ફઝીલતનું કામ છે પણ એમનું અનુસરણ ફર્ઝ છે. (બ) કુર્આનની તિલાવત ફઝીલતનું કામ છે, પણ એના પર અમલ ફર્ઝ છે. (ક) કબ્રોની ઝિયારત ફઝીલતનું કામ છે, પણ કબ્ર માટે તૈયારી કરવી ફર્ઝ છે. (ડ) બીમારની ખબર લેવી ફઝીલતનું કામ છે, પણ એની વસિયતને પૂરી કરવી ફર્ઝ છે.

**(૫)** આપ ફર્માવે છે : પાંચ ચીજો નેક લોકોની નિશાનીઓ છે : (અ) એવા લોકો સાથે બેસવું પસંદ કરશે જે એના દીન અને ધર્મનાં કામોમાં સુધારો કરે. (બ) ગુપ્તાંગ અને જીભ પર અંકુશ રાખશે. (ક) દુનિયાની કોઈ ગમે તેટલી મોટી નેઅમત મળે તો એને પરિક્ષા સમજશે અને ધર્મના





માર્ગમાં નાના સરખા કામને પણ ઉત્તમ સમજશે. (ડ) એ હલાલથી પણ વધારે પેટ નહીં ભરે, એ બીકથી કે એમાં હરામ મેળવવામાં ન આવ્યું હોય. (ચ) બીજા લોકોને નજાતવાળા સમજશે અને પોતાની બાબત અનુમાન કરશે કે હું બરબાદ થઈ ગયો. (વધારે નકીઓ કરીને તેને ઓછી સમજનાર, આળસ કરતો નથી અને અને અધિક નેક કામો કરતો જાય છે. તેમજ તે કોઈની બેઈજ્જતી નથી કરતો અને પોતાની બંદગી પર ગર્વ પણ નથી કરતો. શૈતાનને એના ગર્વ અને અભિમાને બરબાદ કરી નાખ્યો.)

**(૬)** આપે ફર્માવ્યું : સંપૂર્ણ ઈમાનવાળા વ્યકિતને છ વસ્તુનો ડર લાગે છે : (૧) અલ્લાહનો ડર લાગે છે (કે ગુનાહોના કારણે) ઈમાન ન લઈ લે. (૨) અમલોના લખાણ માટે નિયુકત ફરિશ્તાઓનો ડર રાખે છે કે કયાંક એવા અમલો ન લખી લે જેનાથી કિયામતના દિવસે શરમાવું પડે. (૩) શૈતાનનો ડર લાગે છે (કે કુફ્રનું કામ કરાવી) અમલો બરબાદ ન કરાવી દે. (૪) મલકુલ મૌતનો ડર લાગે છે કે ઓચિંતા એની રૂહ કબ્ઝ ન કરી લે (અને તૌબાનો સમય ન મળે). (૫) દુનિયાનો ડર લાગે છે કે એમાં વ્યસ્ત થઈ આખેરતને ભૂલી ન જાય. (૬) ઘરવાળાઓનો ડર લાગે છે કે એમનાં કામોમાં મગ્ન થઈ અલ્લાહની યાદ ભૂલી ન જાય.

**(૭)** આપે ફર્માવ્યું : કુર્આન શરીફની આયત :–

وَكَانَ تَحْتَهٗ كَنْزٌ لَّهُمَا وَكَانَ اَبُوْهُمَا صَالِحًا માં કન્ઝ (ખજાનો) એટલે સોનાની એક પ્લેટ હતી તેમાં સાત લીટીઓમાં લખવામાં આવ્યુ હતું : (૧) હું અચરજમાં પડી ગયો એનાથી જે મૌતને જાણી લીધા પછી પણ હસે છે. (૨) હું અચરજમાં પડી ગયો એનાથી જેણે જાણી લીધું કે દુનિયા નાશવંત છે તો પણ એમાં દિલ લગાડે છે. (૩) હું અચરજમાં પડી ગયો એનાથી જેણે એ જાણી લીધું કે દરેક કામ અલ્લાહના ચાહવાથી થાય છે છતાં પણ કશું ન મળવા પર ચિંતા કરે છે. (૪) હું અચરજમાં પડી ગયો એનાથી જેણે એ જાણી લીધું કે દરેક કામનો હિસાબ થશે છતાં પણ માલ ભેગો કરવામાં લાગેલો છે. (૫) હું અચરજમાં પડી ગયો એનાથી જેણે જાણી લીધું કે દોઝખ શું છે તો પણ ગુનાહ પર ગુનાહ કરે છે. (૬) હું અચરજમાં પડી ગયો એનાથી જે નિઃશંક ! અલ્લાહને

ઓળખે છે છતાં એને છોડી બીજાની યાદમાં લાગેલો રહે છે. (૭) હું અચરજમાં પડી ગયો એનાથી જેણે નિઃશંક એ જાણી લીધું કે જન્નત શું છે તો પણ દુનિયાની નેઅમતો માટે જાન આપી દે છે. (૮) હું અચરજમાં પડી ગયો એનાથી જેણે જાણી લીધું કે શૈતાન શત્રુ (દુશ્મન) છે તો પણ તેનું અનુસરણ કરે છે.

**(૮)** આપે ફર્માવ્યું : અલ્લાહની મારેફત જેમને પ્રાપ્ત થાય છે તેમને ઓળખવાની નિશાનીઓ છે : (૧) તેના દિલમાં અલ્લાહનો ડર પણ હશે અને એની રહમતથી ઉમ્મીદ પણ રાખતો હશે. (૨) એની જીભ અલ્લાહની તારીફ અને વખાણમાં વ્યસ્ત રહેતી હશે. (૩) એની આંખોમાં શરમ પણ હશે અને અને એ રડતો પણ હશે. (૪) એની ઈચ્છામાં (દુનિયાને) છોડી દેવું અને અલ્લાહને ખુશ રાખવું હશે.

**(૯)** આપે ફર્માવ્યું : જે પાંચ વખતની નમાઝની ટાઈમસર પાબંદી રાખે અને આમ કરતો જ રહે તો અલ્લાહ તઆલા તેને નવ પ્રકારની કરામતો અર્પણ કરશે : (૧) અલ્લાહ તઆલા એને પ્રિય રાખે છે. (૨) એનું શરીર તંદુરસ્ત રહે છે. (૩) ફરિશ્તાઓ તેનું રક્ષણ કરે છે. (૪) તેના ઘરમાં બરકતોની વર્ષા થાય છે. (૫) એના ચહેરા પર નેક લોકોની નિશાની જાહેર થાય છે. (ચેહરો નૂરાની બની જાય છે.) (૬) અલ્લાહ તઆલા એનું દિલ નરમ કરે છે. (૭) પુલસેરાત પરથી ચમકતી વીજળી માફક પસાર થઈ જશે. (૮) અલ્લાહ તઆલા દોઝખથી એને નજાત આપશે. (૯) અલ્લાહ તઆલા એને એવા લોકોની પડોશ આપશે જેમને કોઈ ચિંતા અને ડર નહીં હોય.

**(૧૦)** આપે ફર્માવ્યું, જગતમાં દસ પ્રકારની વસ્તુઓ એવી છે (જેને વખતસર ઉપયોગમાં ન લાવવાથી) નષ્ટ થઈ જાય છે : (૧) આલિમ જેને પ્રશ્ન કરવામાં ન આવે (એટલે કે એના ઈલ્મથી ફાયદો પ્રાપ્ત કરવામાં ન આવે.) (૨) ઈલ્મ જેના પર અમલ કરવામાં ન આવે. (૩) સાચો મશ્વેરો જેને કબૂલ કરવામાં ન આવે. (૪) હથિયાર જે ઉપયોગમાં ન આવે. (૫) મસ્જિદ જેમાં નમાઝ અદા કરવામાં ન આવે. (૬) કુર્આન જેની તિલાવત કરવામાં ન આવે. (૭) માલ જેને ખર્ચ કરવામાં ન આવે. (૮) ઘોડો જેના પર સવાર થવામાં ન આવે. (૯) ઝુહદ અને





દુનિયા છોડવાનું ઈલ્મ દુનિયા પરસ્તનાં પેટમાં. (૧૦) લાંબી ઉમર જેમાં પોતાની મુસાફરી માટે સામાનની તૈયારી કરીવામાં ન આવે.

## ★ ચોથા ખલીફાનું અવસાન અને એમની વસિયતો ★

હઝરત અલી كرم الله تعالى وجهه الكريم મુસલમાનોનાં ચોથા ખલીફા અને અમીરુલ મો'મિનીન છે. આપને પણ અલ્લાહના માર્ગમાં શહાદત પ્રાપ્ત થઈ હતી. ઈબ્ને તય્યાહ ફજરની નમાઝ માટે આપને ઉઠાડવા આવ્યા કરતા હતા. જે સવારમાં આપની શહાદત થઈ આપને તેઓ ઉઠાડવા આવ્યા. આપે જવામાં મોડુ કર્યું તો તેઓ ફરી ઉઠાડવા આવ્યા ત્યારે પણ આપ ન પહોંચ્યા તો આપને ત્રીજી વખત ઉઠાડવા આવ્યા ત્યારે આપ મસ્જિદે જવા માટે નીકળ્યા. જ્યારે આપ નાના દરવાજા પાસે પહોંચ્યા ઈબ્ને મુલ્જીમ ખારજીએ અંધારામાં આપની ઉપર તલ્વારનો પ્રહાર કર્યો જેનાથી આપને માથામાં એટલો કાતિલ ઝખ્મ આવ્યો કે તલ્વાર માથાના હાડકાને કાપીને આંખો સુધી પહોંચી ગઈ. આપે ફર્માવ્યું, કા'બાની રબની કસમ ! મારો મસકદ મને પ્રાપ્ત થઈ ગયો. આપે પોતાના છોકરાઓને વસિય્યત કરી અને પછી અવસાન સુધી કલ્મા શરીફ પઢતા રહ્યા.

આપની નેક દુખ્તર ઉમ્મે કુલષુમ બહાર આવ્યાં અને હઝરત અલી પોતાના પ્રિય પિતાની ગંભીર હાલત જોઈને કહેવા લાગ્યાં કે ફજરની નમાઝને શું થઈ ગયું છે કે, મારા પતિ હઝરતે ઉમરને પણ તે સમયે શહીદ કરવામાં આવ્યા અને મારા પિતાને પણ તે સમયે શહીદ કરી દેવામાં આવ્યા. રમઝાનની ૧૭ મી તારીખે આપની શહાદત થઈ હતી તે સમયે હિજરી સન ૪૦ હતી.

## ★ આપની શિખામણો ★

**(૧)** આપે ફર્માવ્યું, જે ઈલ્મની શોધમાં રહે છે જન્નત એની શોધમાં રહે છે અને જે ગુનાહની શોધમાં રહે છે દોઝખ એની શોધમાં રહે છે.

**(૨)** આપે ફર્માવ્યું, દુનિયાની નેઅમતોમાં તમારા માટે ઈસ્લામની

નેઅમત પૂરતી છે. (એનાથી વધીને બીજી કોઈ નેઅમત નથી.) કામમાં રહેવું હોય તો અલ્લાહ અને રસૂલના હુકમનું પાલન પૂરતુ છે. શિખામણ મેળવવી હોય તો મોત પૂરતુ છે.

**(૩)** આપે ફર્માવ્યું, જેની પાસે અલ્લાહની સુન્નત ન હોય, તેના રસૂલની સુન્નત ન હોય, તેના દોસ્તોની સુન્નત ન હોય તો તેની પાસે કશું જ નથી. આપને પૂછવામાં આવ્યું, અલ્લાહની સુન્નત શું છે ? ફર્માવ્યું, રહસ્યને ગુપ્ત રાખવું (જાહેર ન કરવું). પૂછવામાં આવ્યું, રસૂલે પાકની સુન્નત શું છે ? ફર્માવ્યું, પબ્લિક સાથે સારો વર્તાવ રાખવો. પૂછવામાં આવ્યું, એના દોસ્તોની સુન્નત શું છે ? ફર્માવ્યું, લોકોની તકલીફ દૂર કરવી. આપે એ પણ ફર્માવ્યું, પહેલાંના લોકો ત્રણ પ્રકારની એક બીજાને શિખામણ આપતા હતા અને એક બીજાને લખાવતા હતા : (૧) જે વ્યકિત આખેરત માટે અમલ કરશે અલ્લાહ તેના દીન અને દુનિયાના કામો બનાવી આપશે. (૨) જે એકાંતમાં સારો બનીને રહેશે અલ્લાહ તઆલા તેની જાહેરી હાલતોને સારી બનાવી આપશે. (૩) એની અને ખુદાની વચમાં જે હક્કો છે એને વ્યવસ્થિત કરશે તો એની અને બંદાઓની વચમાં જે હક્કો છે તેને અલ્લાહ વ્યવસ્થિત બનાવી આપશે.

**(૪)** આપે ફર્માવ્યું, અલ્લાહની બારગાહમાં તું નેક બન પણ પોતે પોતાને ખરાબ અને નકામો સમજ. અને લોકોમાં તેઓ પૈકી એક બનીને રહેજે.

(આપમેળે પોતાને નકામો સમજનાર વ્યકિત અભિમાન નહીં કરે, કોઈને તુચ્છ નજરથી નહીં જુએ, અને વધારે સારા અમલો કરવામાં વ્યસ્ત રહેશે. લોકોમાં પોતાને મહાન નહીં સમજે અને પોતાને સામાન્ય વ્યકિત સમજીને રહેશે તો લોકોની વાત સાંભળશે અને લોકો એની વાત પણ સાંભળશે અને કોઈ નહીં સાંભળે તો ગુસ્સો કરશે નહીં અને લડાઈ ઝઘડો પણ કરશે નહીં, કારણ કે એ પોતાને સામાન્ય વ્યકિત સમજે છે અને એનો ફાયદો એ થશે કે લોકો તેની ઈજ્જત કરશે અને લોકોમાં એનું માન વધી જશે.)

**(૫)** આપે ફર્માવ્યું, તારી મરજી હોય તેની સાથે ભલાઈ કર, તું એનો સરદાર બની જશે. તારી મરજી હોય તેની પાસે માંગ, તું એનો





બંદી બની જશે. લોકોથી બેપરવા થઈ જા તો તું તેમની જેવો છે.

(ભલાઈ કરવાથી એક બીજાની મદદ કરવાથી મહબ્બતમાં વધારો થાય છે. અને જેની સાથે ભલાઈ કરવામાં આવી તે વ્યકિત એહસાનને યાદ રાખીને તેની વાત માન્ય રાખે છે, તેની ઈજ્જત કરે છે અને તેને કામ લાગે છે, એટલે લોકો સાથે સારો વર્તાવ રાખવો જોઈએ અને ભલાઈમાં આગળ આગળ રહેવું જોઈએ. માંગવાની આદત સારી નથી એનાથી માણસનો માન મરતબો ઘટી જાય છે, લોકોની નજરોમાંથી એ પડી જાય છે અને એહસાનના ભાર નીચે એવા દબાય જાય છે કે નીકળવું મુશ્કેલ થઈ પડે છે, એટલે માંગવાની આદત ન બનાવવી જોઈએ. અને હાથે કરીને એહસાન નીચે દબાવું ન જોઈએ. બંધ મુટ્ઠી લાખની ! આપણે જરૂરતના સમયે સબ્રથી કામ લઈએ અને ગમે તેમ કરી ગબડાવી લઈએ તો આપણી મજબૂરીની કોઈને ખબર થશે નહીં અને સારા લોકોમાં તેની ગણના થશે.

**(૬)** આપે ફર્માવ્યું : દુનિયા અને ધર્મનાં કામો વ્યવસ્થિત ચાલતાં રહેશે જ્યાં સુધી ચાર વસ્તુઓ પર અમલ કરવામાં આવશે. (૧) જ્યાં સુધી માલદાર અને ધનવાન લોકો બખીલી અને કંજુસાઈથી કામ નહીં લે. (અને સખાવત કરતા રહેશે.) (૨) જ્યાં સુધી આલિમો પોતાના ઈલ્મ પ્રમાણે અમલ કરતા રહેશે. (૩) જ્યાં સુધી જાહિલો જે નથી જાણતા તેમાં ગર્વ નહીં કરે. (૪) જ્યાં સુધી ફકીરો પોતાની આખેરતને દુનિયાના બદલામાં નહીં વેચે.

(બખીલીથી દીન અને દુનિયાના ઘણા બધાં કામો અટકી જાય છે, આલિમો અમલ ન કરે તો પબ્લિકને છટકબારી મળી જાય છે, જાહિલો દીનની વાતોમાં બકવાસ કરવાનું શરૂ કરે તો ગુમરાહી જન્મ લે છે અને કસમજ ઊભી થાય છે, ધર્મને દુનિયા જેવી હકીર વસ્તુના બદલામાં વેચવું દીનદારી નથી દુનિયાદારી છે.

**(૭)** આપે ફર્માવ્યું : ચાર વસ્તુઓ ઓછી હોય તો પણ તે વધારે જ છે. ચિંતા, ફકીરી, આગ અને દુશ્મની.

(ચિંતા અને ફિકરમાં માણસને શાંતિ મળતી નથી, ચિંતાથી ચતુરાઈ પણ ઘટે છે, ચિંતા દિલમાં લાગેલી આગને કહેવામાં આવે છે.

ગરીબી અને ફકીરીમાં માણસની જરૂરતો પૂરી થતી નથી. તેને જીવનમાં વિવિધ પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો છે. એમાં માણસને શાંતિ પ્રાપ્ત થતી નથી અને આનંદ મળતો નથી. આગની એક ચિંગારીથી મોટી આગ લાગી શકે છે, એટલે ચિંગારીને નાની સમજીને છોડવી નહીં. દુશ્મની સારી વસ્તુ નથી એનાથી માણસને જીવનમાં ભય રહે છે. બનતાં કામો પણ કયારેક બગડી જાય છે એટલે દુશ્મનીથી બચી પ્રેમ ભાવનો માહોલ બનાવવો જોઈએ.

**(૮)** આપે ફર્માવ્યું : પાંચ આદતો ન હોતી તો સઘળા લોકો વલી બની જાત. (૧) જહાલત અને અજાણતા પર સબ્ર કરીને બેસી રહેવું. (ઈલ્મ પ્રાપ્ત કરવા પ્રયત્નો ન કરવા.) (૨) દુનિયાની લાલચ (જેટલું મળે તેનાથી અધિકની ચિંતામાં વ્યસ્ત રહેવું.) (૩) પોતાની આવડતોથી બીજાને ફાયદો ન પહોંચાડવો. (૪) અમલમાં દેખાડો કરવો (લોકોમાં સારો કહેવડાવવા માટે સારા અમલોનો સહારો લેવો. એનાથી માણસને ખુદા તઆલા તરફથી બદલો મળતો નથી અને એનો અમલ વ્યર્થ જાય છે.) (૫) પોતાના મશ્વેરાને અતિ ઉત્તમ સમજવો (અને બીજાની વાતને ધ્યાનમાં ન લેવી) (આ પાંચ કુટેવોથી પોતાને બચાવવો જોઈએ એનાથી માણસની પરહેઝગારી ધૂળમાં મળી જાય છે.)

**(૯)** આપે ફર્માવ્યું, જેણે છ પ્રકારની આદતો પર અમલ કર્યો તેને જન્નતની તલબ અને દોઝખનો ડર રહેશે નહીં : (૧) જેણે અલ્લાહને ઓળખી લીધો અને પછી તેના હુકમોનું પાલન કર્યું. (૨) શૈતાનને ઓળખી લીધો અને પછી તેની નાફર્માની કરી. (૩) આખેરતને ઓળખી લીધી પછી તેની પ્રાપ્તિમાં રહ્યો. (૪) જેણે દુનિયાને ઓળખી લીધી પછી એને છોડી આપી. (૫) હક્કને ઓળખી લીધું પછી તેનું અનુસરણ કર્યું. (૬) નાહકને ઓળખી લીધું પછી તેનાથી બચીને રહ્યો.

**(૧૦)** આપે ફર્માવ્યું, છ વસ્તુઓ નેઅમત છે : (૧) ઈસ્લામ (૨) કુર્આન (૩) મુહમ્મદ અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وآلہ (૪) સલામતી (૫) પર્દો (ગુનાહોનો પર્દો) (૬) લોકોથી બેપરવાઈ. (નેઅમતો અસંખ્ય છે પણ ઉપરોકત છ નેઅમતો માણસને અધિક ફાયદો પહોંચાડે છે અને તેનો સંબંધ આખેરત સાથે વધારે છે, એટલે તેનું વર્ણન ફર્માવ્યું.)





**(૧૧)** આપને સાત પ્રકારના પ્રશ્ન પૂછવામાં આવ્યા જેના આપે અણમોલ જવાબો અર્પણ ફર્માવ્યા :-

**સવાલ નં. ૧** : આકાશથી વધીને વજની શું છે ?
**જવાબ નં. ૧** : નેક માણસ પર આક્ષેપ મૂકવો આકાશથી વધીને વજની છે.
**સવાલ નં. ૨** : પૃથ્વીથી વધીને પહોળુ શું છે ?
**જવાબ નં. ૨** : હક્ક પૃથ્વીથી વધીને પહોળુ છે.
**સવાલ નં. ૩** : સમુદ્રથી વધીને બેપરવા કોણ છે ?
**જવાબ નં. ૩** : જેટલું મળે તેના પર સબ્ર કરી લેનારનું દિલ સમુદ્રથી અધિક બેપરવા છે.
**સવાલ નં. ૪** : પથ્થરથી વધીને કઠણ શું છે ?
**જવાબ નં. ૪** : મુનાફિકનું દિલ પથ્થરથી વધીને કઠણ છે.
**સવાલ નં. ૫** : અગ્નિથી વધીને ગરમ શું છે ?
**જવાબ નં. ૫** : જાલિમ રાજા અગ્નિથી અધિક ગરમ છે.
**સવાલ નં. ૬** : ઝમહરીરથી વધીને ઠંડુ શું છે ?
**જવાબ નં. ૬** : બદમાશ વ્યક્તિ પાસે માંગ કરવી ઝમહરીરથી વધીને ઠંડુ છે.
**સવાલ નં. ૭** : ઝેરથી વધીને કડવું શું છે ?
**જવાબ નં. ૭** : સબ્ર ઝેરથી વધીને કડવું છે અને એ પણ ફર્માવ્યું કે ચુગલી ખાનાર ઝેરથી વધીને કડવો છે.

**(૧૨)** આપે ફર્માવ્યું : (૧) એ નમાઝમાં કોઈ ભલાઈ નથી જેમાં દિલ હાજર ન હોય. (૨) એ રોઝામાં કોઈ ભલાઈ નથી જેમાં બકવાસથી બચવામાં ન આવે. (૩) એ તિલાવતમાં કોઈ ભલાઈ નથી જેમાં સમજ મેળવવામાં ન આવે. (૪) એ ઈલ્મમાં કોઈ ભલાઈ નથી જેમાં તકવાનો સહારો લેવામાં ન આવે. (૫) એ માલમાં કોઈ ભલાઈ નથી જેને સખાવતથી ખર્ચ કરવામાં ન આવે. (૬) એ ભાઈબંધીમાં કોઈ ભલાઈ નથી જેમાં (હક્કોનું) રક્ષણ ન હોય. (૭) એ નેઅમતમાં કોઈ ભલાઈ નથી જે હમેશાં ન રહે. (૮) એ દુઆમાં કોઈ ભલાઈ નથી જે ખરેખર

દિલથી ન હોય.

**(૧૩)** આપે ફર્માવ્યું : રડવું ત્રણ પ્રકારનું હોય છે : (૧) અલ્લાહના અઝાબના ડરથી રડવું કે એનાથી ગુનાહો માફ થાય છે. (૨) એટલા માટે રડવું કે અલ્લાહ નારાજ ન થઈ જાય કે એનાથી માણસ કુટેવોથી પાક થાય છે. (૩) એટલા માટે રડે કે દોસ્તથી સંબંધ તૂટી ન જાય, એનાથી મહબૂબની ખુશી સાથે નિકટતા પ્રાપ્ત થાય છે.

ગુનાહોની માફીનો ફાયદો એ છે કે સજાઓથી છૂટકારો મળે છે. કુટેવોથી પાક થવાનો ફાયદો એ છે કે જન્નત અને તેમાં ઉચ્ચ દરજ્જાઓ મળે છે. મહબૂબની ખુશી સાથે નિકટતાનો ફાયદો એ છે કે ખુશી સાથે અલ્લાહના દીદારની ખુશખબર મેળવે છે, ફરિશ્તાઓની ઝિયારતનો મોકો મળે છે, બુઝુર્ગીમાં વધારો થાય છે.

**(૧૪)** આપે ફર્માવ્યું : (૧) ઈલ્મ ઉત્તમ વારસો છે. (૨) અદબ ઉત્તમ હુન્નર છે. (૩) પરહેઝગારી ઉત્તમ મુસાફરીનો સામાન છે. (૪) બંદગી ઉત્તમ અમલ છે. (૫) નેક અમલ ઉત્તમ માર્ગદર્શક છે. (૬) સારો અખ્લાક ઉત્તમ દોસ્ત છે. (૭) નમ્રતા ઉત્તમ વજીર છે. (૮) જેટલું મળે એટલા પર સબ્ર ઉત્તમ બેપરવાઈ છે. (૯) ભલાઈની તૌફીક સર્વોત્તમ મદદ છે. (૧૦) મોત ઉત્તમ શિખામણ આપનાર છે.

## ★ ઈબ્ને મસ્ઊદની શિખામણો ★

**(૧)** આપે ફર્માવ્યું : અમુક એવા છે જેમને નેઅમતો આપીને ઢીલ આપવામાં આવે છે. (એટલે કે ગુનાહ અને નાફર્માની કરતા હોય છે તો પણ તેમને અલ્લાહ વિવિધ પ્રકારની નેઅમતો આપે છે અને દુનિયામાં ખુશહાલ રાખે છે. એનો મલતબ એ નથી કે એ અલ્લાહનો પ્રિય છે, બલ્કે અલ્લાહ તઆલએ એને ઢીલ આપી છે. અને એ ગુનાહોમાં આગળ વધતો જાય છે. પરિણામ એ આવે છે કે એની આખેરત ખરાબ થઈ જાય છે. એટલે નેઅમતો મળવા પર ગર્વ કરવો નહીં પણ અલ્લાહની ફર્માંબરદારી કરવી જોઈએ.)

અમુક એવા છે જેઓ વખાણથી ફિત્નામાં પડે છે. (એટલે કે





લોકો માત્ર તેમને ખુશ કરવા વખાણ કરતા હોય છે અને તેઓ સમજી નથી શકતા અને પોતાની જાત પર ધ્યાન નથી આપતા કે આ લોકો જે પ્રમાણે કહે છે કે હું પોતે અંદરથી એવો છું કે નહીં.) અમુક એવા છે જેમની કુટેવોને ગુપ્ત રાખવામાં આવે તો તેઓ અભિમાન કરતા થઈ જાય છે. (ગુનાહો પર અલ્લાહ તરફથી પર્દો કરવામાં આવે અને લોકોમાં અપમાનથી બચાવી લેવામાં આવે તો વધારે ગુનાહ તરફ લક્ષ ન આપતાં તૌબા તરફ જવું જોઈએ. અલ્લાહનું એહસાન અને કૃપા થઈ કે તમને અપમાનથી બચાવ્યા અને ગુનાહો પર પકડ ન કરી તો તેના હુકમના પાલન તરફ આગળ ધપવું જોઈએ.

**(૨)** આપે ફર્માવ્યું : જે કામો અલ્લાહ તઆલાએ ફર્ઝ ફર્માવ્યાં તેના પર અમલ કરો તો લોકોમાં અધિક બંદગી કરવાવાળાઓમાં તમારો સમાવેશ થશે. અલ્લાહ તઆલાએ હરામ કરેલ વસ્તુઓથી બચીને રહો તો દુનિયાથી જુદા રહેવાવાળાઓમાં તમારો સમાવેશ થશે. અલ્લાહ તઆલાએ જે વહેંચણી તમારા માટે કરી તેના પર ખુશ રહો તો લોકોથી બેપરવા રહેવાવાળાઓમાં તમારો સમાવેશ થશે.

**(૩)** આપે ફર્માવ્યું : ચાર વસ્તુમાં દિલનું અંધારું છે : (૧) લાપરવા થઈને ખાવું (૨) જાલિમ લોકોની સંગત (૩) પાછલા ગુનાહો ભૂલી જવા (૪) લાંબી લાંબી ઉમ્મીદો. આપે ફર્માવ્યું : ચાર વસ્તુઓમાં દિલનું પ્રકાશ છે : (૧) જાણીને ભૂખ્યા રહેવું (ભૂખથી થોડું ઓછું ખાવું.) (૨) નેક લોકોની સંગત (૩) પાછલા ગુનાહો યાદ કરવા (૪) ઉમ્મીદો ઓછી કરવી.

## ★ સુફ્યાન ષૌરી رحمۃ اللہ علیہ ની શિખામણો ★

સુફ્યાન ષૌરી رحمۃ اللہ علیہ શિખામણ આપતાં ફર્માવે છે કે, હઝરત અનસ رضی اللہ عنہ ને પૂછવામાં આવ્યું, અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત કરવાની તદબીર શું છે ? તો આપે ફર્માવ્યું, દરેક ખૂબસૂરત ચહેરા, સૂરીલી અવાજ, અને લચ્છાદાર વાત કરનાર પર આશિક ન બનો. આપે ફર્માવ્યું, ઝોહદમાં ત્રણ શબ્દો છે : ઝે, હે અને દાલ. "ઝે"નો મતલબ આખેરત માટે સામાન, "હા" નો મતલબ છે દીનની હિદાયત અને દાલનો મતલબ છે સતત હુકમનું પાલન કરવુ. બીજી જગાએ ફર્માવ્યું, ઝેનો મતલબ છે

શણગાર છોડી આપવો, **હા**નો મતલબ છે વાસનાઓ છોડી આપવી અને **દાલ**નો મલતબ છે દુનિયા છોડી આપવી.

**(૨)** આપે ફર્માવ્યું : આ જગતમાં કોઈને માલ મળે તો એની પાસે પાંચ આદતો આવીને જ રહે છે : (૧) લાંબી લાંબી ઉમ્મીદો (૨) સશકત લાલચ (૩) મજબૂત બખીલી (૪) તકવામાં કમી (૫) આખેરતને ભૂલી જવું.

## ★ યહ્યા બિન મુઆઝ રાઝીની શિખામણો ★

**(૧)** ખુશખબર છે એના માટે જેણે દુનિયા છોડી આપી એ પહેલાં કે દુનિયા એને છોડી આપે. (૨) કબ્ર બનાવી લે એમાં જતાં પહેલાં (નેક અમલોનો સામાન સાથે લઈ લે.) (૩) પોતાના રબને ખુશ કરી લે એનાથી મુલાકાત કરતાં પહેલાં.

**(૨)** આપ ફર્માવે છે : આખી દુનિયા છોડી આપવી તેને આખી લઈ લેવી છે. (એટલે કે એનાથી વધીને અલ્લાહ જન્નતમાં આપશે) જેણે આખી છોડી આપી તેણે આખી લઈ લીધી, જેણે આખી લઈ લીધી તેણે એને છોડી આપી, તો એને લેવું એને છોડવામાં છે અને એને છોડવું એને લેવામાં આવે.

**(૩)** આપે ફર્માવ્યું : જે પેટ ભરીને ખાય છે એનું ગોશ્ત વધી જાય છે, જેનો ગોશ્ત વધી જાય છે તેની વાસનાઓમાં વધારો થઈ જાય છે, જેની વાસનાઓ વધી જાય છે તેના ગુનાહોમાં વધારો થાય છે, જેના ગુનાહ વધી જાય છે તેનું દિલ સખત (કઠણ) થઈ જાય છે, જેનું દિલ કઠણ થઈ જાય છે તે દુનિયા અને એના શણગારમાં વ્યસ્ત થઈ જાય છે.

**(૪)** આપે ફર્માવ્યું : (૧) ઈલાહી રાત તારી બારગાહમાં દુઆ કરવાથી જ સારી બને છે. (૨) દિવસ તારી ફર્માંબરદારીથી જ સારો બને છે. (૩) દુનિયા તારા ઝિક્રથી જ સારી બને છે. (૪) આખેરત તારા માફ કરવાથી જ સારી બનશે. (૫) જન્નત તારા દીદારથી જ સારી રહેશે. (આ પ્રમાણે આપ દુઆ કરતા હતા અને આપની દુઆથી આપણને શિખામણ પણ મળે છે.

**(૫)** આપે ફર્માવ્યુ : (૧) ઈલ્મ અમલનો માર્ગદર્શક છે. (૨) સમજ





ઈલ્મનું વાસણ છે. (૩) અક્કલ ભલાઈનો માર્ગદર્શક છે. (૪) વાસના ગુનાહોની સવારી છે. (૫) માલ અભિમાનીની ચાદર છે. (૬) દુનિયા આખેરતનું બજાર છે. એટલે કે દુનિયામાં આખેરત માટે જે લેવું હોય તે લઈ શકાય છે.

**(૬)** આપે ફર્માવ્યું : અતિ મહાન દગાબાજી એ છે કે (૧) માણસ શર્મ વિના ગુનાહ પર ગુનાહ કરતો જાય માફીની ઉમ્મીદ પર. (૨) અલ્લાહ તઆલાથી નિકટતાની ઈચ્છા તેના હુકમના પાલન વિના. (૩) જન્નતની ખેતીની વાટ જોવી દોઝખની ખેતીથી. (૪) ગુનાહો પર નેક લોકોના ઘરની માંગ. (૫) વિના અમલે બદલાની વાટ જોવી. (૬) અલ્લાહ તઆલાથી ઉમ્મીદ તદ્દન નીચે પડીને.

જેમ કે કોઈ શાયરે કહ્યું છે :–

**તર્જુમો** : નજાતની ઉમ્મીદ રાખે છે અને તેના માર્ગે નથી ચાલતો નિઃશંક ! નાવડી સૂકામાં નથી તરી શકતી.

**(૭)** આપે એક મૌલ્વીને દુનિયામાં ડૂબેલો જોયો તો ફર્માવ્યું, અય ઈલ્મ અને સુન્નતવાળાઓ ! તમારા મહેલો, રોમના રાજાના મહેલો જેવા છે અને તમારાં ઘરો ઈરાનના રાજાનાં ઘરો જેવાં છે, તમારા રહેવાની જગાઓ હારૂનના રહેવાની જગા માફક છે, તમારા દરવાજાઓ તાલૂતી લોકોના દરવાજાઓ જેવા છે, તમારાં કપડાં જાલૂતી લોકોના કપડાંઓ જેવાં છે, તમારો હાવ ભાવ શૈતાની છે, તમારી માલ મિલ્કત ફિરઔની છે, તમારા જજો દુનિયાદાર છે, દગાબાઝ અને રિશ્વતખોર છે, તમારું મોત જમાનએ જાહિલિયતની રસ્મોના આધારે છે. (દરેક વસ્તુ બીજાની છે) તો મુહમ્મદી તરીકો કયાં છે ?

**(૮)** આપે ફર્માવ્યું : જે અલ્લાહ તઆલાની નાફર્માની ન કરે તે બુઝુર્ગ સારો વ્યકિત છે અને જેણે દુનિયાને આખેરત પર ઉત્તમતા ન આપી તે હિકમતવાળો છે.

## ★ બુઝુર્ગોની શિખામણો ★

**(૧)** જે હસતાં હસતાં ગુનાહો કરશે તો અલ્લાહ તઆલા એને

એ સ્થિતિમાં દોઝખમાં દાખલ કરશે કે એ રડતો હશે અને જે રડતાં રડતાં હુકમનું પાલન કરશે તો અલ્લાહ તઆલા એને એ સ્થિતિમાં જન્નતમાં દાખલ કરશે કે એ હસતો હશે.

**(૨)** નાના ગુનાહોને નાના ન સમજ ! કારણ કે એનાથી પછી મોટા મોટા ગુનાહો થવા લાગે છે. મતલબ એ કે માણસની હિંમત વધી જાય છે અને પછી એ મોટા ગુનાહો કરતાં પણ ખચકાતો નથી. જેમ કે કોઈ વ્યકિત વરસાદમાં કપડાં ઉઠાવીને ચાલી રહ્યો હોય, એક છાંટો પડયો, બીજો પડયો, ત્રીજો પડયો આમ એક એક કરતાં ઘણા બધા છાંટા પડતાં કપડાં ભીનાં થઈ ગયાં તો હવે તે ઉઠાવીને રાખશે નહીં, છોડી દેશે, ભીનાં થઈ ગયા પછી ઉઠાવીને રાખવાનો શો મતલબ ?

**(૩)** વાસના રાજાને ગુલામ બનાવી દે છે અને સબ્ર તથા સહનશીલતા ગુલામને રાજા બનાવી આપે છે. શું તમે નથી જોયું અને નથી વિચાર્યુ કે યૂસુફ عليه السلام ને ગુલામ બનાવીને મિસ્રમાં વેચવામાં આવ્યા હતા, સહનશીલતાથી રાજા બની ગયા.

**(૪)** વખાણના લાયક છે તે વ્યકિત જેની અક્કલ સરદાર છે અને વાસના બંદી, અને બરબાદી છે તે વ્યકિત માટે જેની વાસના સરદાર છે અને અક્કલ બંદી. (અક્કલવાળો વ્યકિત કામ કરતાં પહેલાં પરિણામને લક્ષમાં રાખે છે, એને ખબર છે ગુનાહ અલ્લાહની નાફર્માની છે એની નાશુક્રી છે, એનાથી આ નાશવંત જગતમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડશે, જ્યારે વાસનાનો ભૂખ્યો માણસ જાનવર માફક પોતાની મનેચ્છા પૂરી કરવામાં જ લાગેલો રહે છે એને શું ખબર કે આનું પરિણામ કેવું ભયંકર આવશે.

**(૫)** જે ગુનાહો છોડી આપે છે તેનું દિલ નરમ થવા લાગે છે, જે હલાલ ખાય છે અને હરામથી બચે છે તે સાફ અને સ્વચ્છ વિચારનો બની જાય છે.

**(૬)** જે અલ્લાહના હુકમના પાલનમાં વ્યસ્ત રહે છે તે લોકોમાં અજાણ્યો રહે છે. (લોકો સાથે તેનો ખાસ લગાવ હોતો નથી અને તે સમાજની ચકેડીમાં સપડાતો નથી. કોઈ ઓળખે તો પણ શું અને ન ઓળખે તો પણ શું !)





**(૭)** અલ્લાહના હુકમના પાલનમાં કોશિશ કરવી અલ્લાહની મારેફતની દલીલ છે, જેમ કે શરીરનું હલન ચલન કરવું જીવંત હોવાનો પૂરાવો છે.

**(૮)** લોકોમાં ખુશનસીબ એ છે જેનું દિલ આલિમ હોય, બદન સહનશીલ હોય અને જે એની પાસે હોય તેના પર સબ્ર કરી લે.

**(૯)** અલ્લાહ તઆલાએ હઝરત ઓઝૈર عليه السلام ને ફર્માવ્યું, અય ઓઝૈર ! જ્યારે કોઈ નાનો ગુનોહ થાય તો એને નાનો ન સમજો એવું વિચારો એ ગુનોહ કોનો કરેલો છે (એટલે કે કોઈ પણ ગુનોહ એ નાફર્માની અલ્લાહ તઆલાની છે) અને જ્યારે તમને કોઈ નાની સરખી ભલાઈ પ્રાપ્ત થાય તો એના નાના હોવાને ન જુઓ પણ એ વિચારો કે એ તમને કોણે આપ્યું છે ! જ્યારે તમને કોઈ તકલીફ પહોંચે તો મારી મખ્લૂકને એની ફરિયાદ ન કરો. જેમ કે હું તમારી ફરિયાદ ફરિશ્તાઓને નથી કરતો જ્યારે કોઈ ભૂલ મારી પાસે આવે.

**(૧૦)** જ્યારે અલ્લાહ તઆલા કોઈ બંદા સાથે ભલાઈનો ઈરાદો કરે છે તો એને દીનની સમજ અતા ફર્માવે છે, દુનિયાથી દૂર કરે છે અને પોતાની ભૂલો જોવાની તૌફીક અતા ફર્માવે છે.

**(૧૧)** જેણે પોતાની અક્કલ પર ભરોસો કરી લીધો તે બેદીન બની ગયો, અને જેણે પોતાનો માલ લોકોથી અલગ રાખ્યો તો તે ઓછો થઈ ગયો (એની બરકત જતી રહે છે.) **જેણે મખ્લૂકને પોતાની ઈજ્જતનો સહારો બનાવ્યો તે બેઈજ્જત બની ગયો.** જેને અલ્લાહની મારેફત મળે તેને ત્રણ પ્રકારના સદ્ગુણો આપવામાં આવે છે. (૧) અલ્લાહ તઆલાથી હયા (શરમ) કરવી. (૨) અલ્લાહ માટે જ મહોબ્બત અને પ્રેમ રાખવો. (૩) અલ્લાહના ઝિક્રથી મહોબ્બત ધરાવવી છે.

**(૧૨)** ઈબાદત એક પ્રકારનો હુનર છે, એની દુકાન એકાંતવાસ છે, એનો સ્ટોક તકવો છે, એનો નફો જન્નત છે.

**(૧૩)** પુરૂષો માટે શરમ સારી છે પણ સ્ત્રીઓ માટે વધારે સારી છે, ન્યાય દરેક માટે સારો છે પણ આગેવાનો માટે વધારે સારો છે, તૌબા કરવી ડોસાઓ માટે સારી છે પણ યુવાનો માટે વધારે સારી છે, સખાવત

માલદારો માટે સારી છે, પણ ફકીરો માટે વધારે સારી છે.

**(૧૪)** યુવાનોનો ગુનોહ બુરો છે પણ ડોસા માટે વધારે બુરો છે, જાહિલ માટે દુનિયામાં વ્યસ્ત રહેવું ખરાબ છે પણ આલિમ માટે વધારે ખરાબ, હુકમના પાલનમાં આળસ સઘળા લોકો માટે ખરાબ છે પણ આલિમો અને વિદ્યાર્થીઓ માટે વધારે ખરાબ છે, અભિમાન માલદારો માટે ખરાબ છે, પણ ફકીરો માટે વધારે ખરાબ છે.

**(૧૫)** એક બુઝુર્ગને પૂછવામાં આવ્યું કે, તમે કેવા છો ?! ફર્માવ્યું, હું મારા મૌલા સાથે એની ઈચ્છા પ્રમાણે છું, મારા નફસનો વિરોધી છું, પબ્લિક સાથે તેમની ભલાઈમાં છું, દુનિયા સાથે જરૂરત પ્રમાણે છું.

**(૧૬)** એક બુઝુર્ગે ફર્માવ્યું, તૌરાતમાં છે : અલ્લાહ તઆલાએ જે અર્પણ કર્યું તેનાથી ખુશ રહેનાર દુનિયા અને આખેરતમાં આનંદ મેળવે છે. ઈન્જીલમાં છે : વાસનાઓ છોડી આપે તે દુનિયા અને આખેરતમાં ઈજ્જત મેળવે છે, ઝબુરમાં છે : જે લોકોથી અલગ રહે તે દુનિયા અને આખેરતમાં નજાત પ્રાપ્ત કરે છે. કુર્આનમાં છે : જે જીભનું રક્ષણ કરે છે તે દુનિયા અને આખેરતમાં સલામત રહે છે.

**(૧૭)** માણસ પર ચાર પ્રકારની મુસીબતો આવે છે : મલકુલ મોત એની રૂહ (પ્રાણ) લઈ લે છે, વારસદારો એનો માલ લઈ લે છે, કીડી મકોડી એના શરીર પર તૂટી પડે છે અને કિયામતના દિવસે દુશ્મનો (જેમને હક્ક લેવાનો બાકી હશે) એની ઈજ્જત પર હુમલો કરશે.

**(૧૮)** જે મનેચ્છાઓ પૂરી કરવામાં રહે તે સ્ત્રીઓથી બચી નથી શકતો, જે માલ ભેગો કરવામાં રહે તે હરામથી બચી નથી શકતો, જે મુસલમાનોની મદદમાં લાગેલો રહેશે તે એમની સાથે પ્રેમભાવના રાખશે, જે ઈબાદતમાં વ્યસ્ત રહેશે તેના માટે ઈલ્મ અનિવાર્ય રહેશે.

**(૧૯)** ઝબૂરમાં છે : અલ્લાહ તઆલાએ હઝરત દાઊદ عليه السلام પર વહી ઉતારી કે સદ્‌બુદ્ધિવાળી વ્યક્તિ પોતાના સમયમાં આ ચાર સમય જરૂરથી કાઢતો હશે : એક સમય જેમાં પોતાના રબથી દુઆ કરે, બીજો સમય જેમાં પોતાના નફસનો હિસાબ લે, ત્રીજો સમય જેમાં તે એવા દોસ્તો પાસે જાય જેઓ એને એના ગુનાહો અને કુટેવોની જાણ કરે, ચોથો





સમય જેમાં તે (રબને ખુશ કરવા માટે) હલાલ લિજ્જતોથી પણ બચીને રહે.

**(૨૦)** ચિંતા અને મનનના પાંચ પ્રકાર છે : (૧) અલ્લાહની આયતોમાં મનન કરવું, એનાથી તૌહીદનું ઈલ્મ અને યકીન પેદા થાય છે. (૨) અલ્લાહની નેઅમતોનું મનન કરવું, એનાથી મહોબ્બત અને પ્રેમ જન્મ લે છે. (૩) અલ્લાહના વાયદા બાબતે મનન કરવું, એનાથી શોખ વધે છે. (૪) અલ્લાહની વઈદો (અઝાબની આયતો) બાબતે મનન કરવું, એનાથી ડર અને ખૌફે ખુદા પેદા થાય છે. (૫) આપણાથી અલ્લાહના હુકમના પાલનમાં એના નેઅમતો આપવા છતાં જે કમી થઈ હોય તે બાબતે મનન કરવું, એનાથી હયા અને શરમ વધે છે.

**(૨૧)** તકવાના માર્ગમાં પાંચ પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, જે એને પાર કરી જાય તેને તકવો મળી જાય છે : (૧) નેઅમત છોડી મુશ્કેલીને ઉત્તમતા આપવામાં આવે. (૨) કોશિશને આરામ પર ઉત્તમતા આપવામાં આવે. (૩) નમ્રતાને અભિમાન પર ઉત્તમતા આપવામાં આવે. (૪) બકવાસ છોડી ચૂપ રહેવાને ઉત્તમતા આપવામાં આવે. (૫) મોતને જીવન પર ઉત્તમતા આપવામાં આવે.

**(૨૨)** જેની પાસે ખુદાનો ખૌફ ન હોય તે જીભના ગુનાહોથી બચી શકતો નથી. (૨) જેને અલ્લાહ પાસે જવાની બીક ન હોય તેનું દિલ હરામ અને શંકાની વસ્તુઓથી બચી શકતું નથી. (૩) જે પબ્લિકથી નાઉમ્મીદ ન થાય તે લાલચથી બચી શકતો નથી. (૪) જે પોતાના અમલોનું રક્ષણ ન કરે તે દેખાવથી બચી નથી શકતો. (૫) પોતાના દિલના રક્ષણમાં જે અલ્લાહ તઆલાથી બેપરવા ન થાય તે હસદ અને ઈર્ષાથી બચી શકતો નથી. (૬) જે પોતાનાથી અધિક ઈલ્મ અને અમલવાળો ન જુએ તે અભિમાનથી બચી શકતો નથી.

**(૨૩)** દસ ખરાબ આદતો દસ વ્યક્તિમાં એવી છે જેનાથી અલ્લાહ તઆલાને ક્રોધ આવે છે : (૧) માલદારો અને ધનવાનોમાં કંજૂસાઈ (૨) ફકીરોમાં અભિમાન (૩) આલિમોમાં લાલચ (૪) સ્ત્રીઓમાં શરમ અને હયાની કમી (૫) વૃધ્ધ લોકોમાં દુનિયાની મહોબ્બત (૬) યુવાનોમાં આળસ (૭) રાજામાં ત્રાસ (૮) લડવૈયામાં ડરપોકી (૯) ઝાહિદ અને પરહેઝગાર લોકોમાં આપ વખાણ (૧૦) ઈબાદત ગુજારોમાં દેખાડો (દંભ).

**(૨૪)** સમજદાર માણસ જ્યારે તૌબા કરે તો દસ વાતો પર અમલ કરે : (૧) જીભથી માફી માંગવી (૨) દિલથી શરમ (૩) શરીર અને એના અંગો સાથે બળજબરી (૪) પાકો વાયદો કે હવે કયારે પણ એ તરફ પરત થશે નહીં (૫) આખેરતની મહોબ્બત (૬) દુનિયાથી નફરત (૭) વાત ઓછી કરવી (૮) ખાવું પીવું ઓછું કરી નાખવું એટલે કે ઈલ્મ અને ઈબાદત માટે પૂરતો સમય મળે.(૯) ઓછું સૂવું. અલ્લાહ તઆલા ફર્માવે છે, રાત્રે જાગવાવાળાના વખાણ કરતાં કે રાત્રે તેઓ ઓછું સૂવે છે અને સવાર થયે તેઓ ગુનાહોથી માફી માંગે છે.

**(૨૫)** એક બુઝુર્ગે ફર્માવ્યું કે મેં દસ વસ્તુઓને દસ વસ્તુઓમાં શોધી પણ તે બીજી દસમાં મને મળી : (૧) મેં ઉચ્ચતા મોટા બનવામાં શોધી પણ મને એ નમ્રતામાં મળી. (૨) બંદગીને મેં નમાઝમાં શોધી પણ એ મને ખૌફે ખુદામાં મળી. (૩) મેં આનંદની શોધ લાલચમાં કરી પણ એ મને દુનિયા છોડવામાં મળી. (૪) મેં દિલનું પ્રકાશ દિવસની નમાઝોમાં શોધ્યું પણ એ મને રાત્રીની નમાઝોમાં ગુપ્ત મળ્યું. (૫) મેં કિયામતના નૂરની શોધ સખાવતમાં કરી પણ એ મને રોઝાની તરસમાં મળ્યું. (૬) મેં પુલસિરાતથી પસાર થવાને કુર્બાનીઓમાં શોધ્યું પણ મને સદકામાં મળ્યું. (૭) મેં અલ્લાહની મહોબ્બતની શોધ દુનિયામાં કરી તો એ મને અલ્લાહના ઝિક્રમાં મળી. (૮) મેં આમ શાંતિ મેહફિલોમાં શોધી પણ મને એ એકાંતવાસમાં મળી. (૯) દોઝખથી બચવાને મેં જાઈઝ ચીજ વસ્તુઓમાં શોધ્યું પણ મને એ વાસનાઓ છોડવામાં મળ્યું. (૧૦) મેં દિલનું પ્રકાશ વઅઝ, મહફિલો અને કુર્આનની તિલાવતમાં શોધ્યું પણ મને એ ચિંતા, મનન અને રડવામાં મળ્યું.

## ★ વહબ બિન મુનબ્બહની શિખામણો ★

આપે ફર્માવ્યું : તૌરેતમાં લખવામાં આવ્યું છે કે (૧) જે દુનિયામાં (આખેરતનો) સામાન તૈયાર કરી લે કિયામતના દિવસે અલ્લાહનો પ્રિય બની જશે. (૨) જે ગુસ્સો અને ક્રોધ છોડી આપે તે અલ્લાહની નિકટતા પ્રાપ્ત કરશે. (૩) જે દુનિયામાં આનંદને પ્રિય નહીં રાખે તે કિયામતના દિવસે અલ્લાહના અઝાબથી નીડર રહેશે. (૪) જે ઈર્ષા છોડી દેશે તે





કિયામતના દિવસે પબ્લિક સામે વખાણાતો હશે. (૫) જે આગેવાન બનવાની મહોબ્બત દિલમાંથી કાઢી નાખશે કિયામતના દિવસે બાદશાહ જબ્બાર અલ્લાહની બારગાહમાં ઈજ્જતવાળો હશે. (૬) જે દુનિયામાં બેફાયદા અને ફુઝૂલ છોડી આપશે તે નેક લોકોમાં પણ સારો બની જશે. (૭) જે દુનિયામાં લડાઈ ઝઘડો છોડી આપશે કિયામતના દિવસે કામયાબ રહેશે. (૮) જે દુનિયામાં બખીલી છોડી આપશે મહેશરવાળાઓમાં તેની વાહ વાહ થશે. (૯) જે દુનિયામાં આરામ છોડી દેશે તે કિયામતના દિવસે ખુશ હશે. (૧૦) જે દુનિયામાં હરામ છોડી દેશે કિયામતના દિવસે નબીઓની પડોશમાં હશે. (૧૧) જે દુનિયામાં હરામ જોવાનું છોડી આપશે અલ્લાહ તઆલા તેની આંખને જન્નતમાં ખુશ કરી આપશે. (૧૨) જે દુનિયામાં માલદારી છોડીને ગરીબી પસંદ કરી લેશે અલ્લાહ તઆલા કિયામતના દિવસે વલીઓ, અને નબીઓ સાથે ઉઠાડશે. (૧૩) જે દુનિયામાં લોકોની જરૂરતો માટે તૈયાર રહેશે, અલ્લાહ તઆલા દુનિયા અને આખેરતમાં એની જરૂરતો પૂરી કરશે. (૧૪) જેની ઈચ્છા એ હોય કે એની કબ્રમાં કોઈ દોસ્ત હોય તો એણે રાતના અંધારામાં ઉઠી નમાઝ પઢવી જોઈએ. (૧૫) જે એવું ઈચ્છે કે અલ્લાહના અર્શના છાયડામાં એને જગા મળે તો એણે દુનિયાથી અલગ રહેવું જોઈએ. (૧૬) જે એવું ઈચ્છે કે અનો હિસાબ સરળ થઈ જાય તો એણે પોતાને અને પોતાના ભાઈઓને શિખામણ આપવી જોઈએ. (૧૭) જે એવું ઈચ્છે કે ફરિશ્તાઓ એનાથી મુલાકાત કરે તો એણે તકવો અપનાવવો જોઈએ. (૧૮) જે એવું ઈચ્છે કે જન્નતના ઉચ્ચ દરજ્જામાં એને રહેવાનું મળે તો એણે રાત દિવસ અલ્લાહની યાદમાં રહેવું જોઈએ. (૧૯) જે એવું ઈચ્છે કે જન્નતમાં હિસાબ વગર પ્રવેશે તો એણે અલ્લાહ તઆલાની બારગાહમાં સાચી તૌબા કરવી જોઈએ. (૨૦) જે એવું ઈચ્છે કે ધનવાન બની જાય તો અલ્લાહ તઆલાએ જે એને અર્પણ કર્યું એનાથી ખુશ રહે. (૨૧) જે એવું ઈચ્છે કે અલ્લાહની બારગાહમાં સમજદાર બની જાય તો તે દિલ હાજર રાખીને ઈબાદત કરે. (૨૨) જે એવું ઈચ્છે કે રહસ્યોનો જાણકાર બને તો એણે આલિમ બનવું જોઈએ. (૨૩) જે એવું ઈચ્છે કે લોકોમાં સલામત રહે તો દરેકને ભલાઈથી યાદ કરે અને એ શિખામણ મેળવે કે કઈ ચીજથી એને

પૈદા કરવામાં આવ્યો અને કેમ પેદા કરવામાં આવ્યો. (૨૪) જે દુનિયા અને આખેરતમાં ઈજ્જત પ્રાપ્ત કરવા ઈચ્છે તો તે આખેરતને દુનિયા પર ઉત્તમતા આપે. (૨૫) જે એવું ઈચ્છેકે જન્નતે ફિરદૌસમાં અને જન્નતે નઈમ મળે તો આ નાશવંત દુનિયામાં પોતાની ઉમર દુનિયાના ઝઘડામાં ખરાબ ન કરે. (૨૬) જેને દુનિયા અને આખેરતમાં જન્નતનો ઈરાદો હોય તો એણે સખાવત જરૂરથી કરવી જોઈએ, કારણ કે સખી જન્નતથી નિકટ હોય છે અને દોઝખથી દૂર છે. (૨૭) જે એવું ઈચ્છે કે એનું દિલ પ્રકાશિત બની જાય તો એણે આખેરતની ચિંતા કરવી જોઈએ અને શિખામણ મેળવવી જોઈએ. (૨૮) જે એવું ઈચ્છે કે એનું બદન સબ્રવાળુ, જીભ ઝિક્રવાળી, દિલ હાજર રહેવાવાળુ બને તો એણે વધારે મગફેરતની દુઆ કરવી જોઈએ, ઈમાનવાળા પુરૂષ અને સ્ત્રીઓ માટે.

**(૨)** આપે ફર્માવ્યું, તૌરતમાં છે કે લાલચી ફકીર છે ભલે તે દુનિયાનો રાજા હોય, અલ્લાહના હુકમનું પાલન કરનાર સરદાર છે ભલે તે પછી ગુલામ હોય, જેટલું મળે એટલા પર સબ્ર કરી લેનાર ધનવાન છે, પછી ભૂખ્યો કેમ ન હોય.

## ★ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ની શિખામણો ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ને પૂછવામાં આવ્યું, ઉત્તમ દિવસ કયો છે ? ફર્માવ્યું, જુમ્આનો દિવસ સઘળા દિવસોમાં ઉત્તમ છે. (૨) ઉત્તમ મહીનો કયો છે ? ફર્માવ્યું, રમઝાનનો મહીનો ઉત્તમ છે. (૩) ઉત્તમ અમલ કયો છે ? ફર્માવ્યું, સમયસર પાંચ વખતની નમાઝ ઉત્તમ અમલ છે.

ત્રણ દિવસ પછી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને ખબર થઈ કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ આ પ્રમાણે જવાબ આપ્યા છે તો આપે ફર્માવ્યું, પૂર્વથી લઈને પશ્ચિમ સુધીના સઘળા આલિમો અને મુફતીઓને પશ્ન કરવામાં આવે તો તેઓ ઈલ્મે અબ્બાસથી સારો જવાબ ન આપી શકે. પછી ફર્માવ્યું, પણ હું કહું છું કે ઉત્તમ અમલ એ છે જેને તમારા તરફથી અલ્લાહ કબૂલ કરે, ઉત્તમ મહીનો એ છે જેમાં તું અલ્લાહ તઆલાથી સાચી પાકી તૌબા કરે, ઉત્તમ દિવસ એ છે જેમાં તું દુનિયાથી અલ્લાહ તઆલા તરફ ઈમાનની રાહમાં જાય.





**(૨)** આપે ફર્માવ્યું : સમજદાર વ્યકિતએ સાત અમલોને બીજા સાત અમલો પર ઉત્તમતા આપી અમલમાં લાવવા જોઈએ : (૧) ફકીરને માલદારી પર (૨) બેઈજ્જતીને ઈજ્જત પર (૩) નમ્રતાને અભિમાન અને મોટાઈ પર (૪) ભૂખ્યા રહેવાને પેટ ભરવા પર (૫) ચિંતાને ખુશી પર (૬) નીચા હોવાને ઊંચા હોવા પર (૭) મોતને જીવન પર.

**(૩)** આપે ફર્માવ્યું, સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મારી ઉમ્મતના દસ પ્રકાર એવા છે જેઓ તૌબા વિના જન્નતમાં પ્રવેશી નહીં શકે. એક કલ્લાઅ, બીજો જોયૂફ, ત્રીજો ફત્તાત, ચોથો દબૂબ, પાંચમો દય્યૂષ, છટ્ઠો અરતબાવાળો, સાતમો કુબાવાળો, આઠમો ઉત્તુલ, નવમો ઝનીમ, દસમો આક માતા પિતાનો નાફર્માન. પૂછવામાં આવ્યું, અય અલ્લાહના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ! **કલ્લાઅ** કોને કહેવાય ? ફર્માવ્યું, જે આગેવાનો પાસે અવર જવર રાખે. **જોયૂફ** કોણ છે ? ફર્માવ્યું, કફન ચોર. પૂછવામાં આવ્યું **ફત્તાત** કોણ છે ? ફર્માવ્યું, ચુગલખોર (લડાઈ માટે એકબીજાને વાતો પહોંચાડનાર.) પૂછવામાં આવ્યું, **દબૂબ** કોણ છે ? ફર્માવ્યું, જે પોતાના ઘરમાં છોકરીઓને ખરાબ કામો માટે ભેગી કરીને રાખે. પૂછવામાં આવ્યું, **દય્યૂષ** કોણ છે ? ફર્માવ્યું, જેને પોતાની પત્નીની બદકારી પર શરમ ન આવે. પૂછવામાં આવ્યું, **અરતબવાળો** કોણ છે ? ફર્માવ્યું, જે તબલા વગાડે. પૂછવામાં આવ્યું, **કૂબાવાળો** કોણ છે ? ફર્માવ્યું, જે તંબૂરો વગાડે. પૂછવામાં આવ્યું **ઉત્તુલ** કોણ છે ? ફર્માવ્યું, જે બીજાની ભૂલો માફ ન કરે અને (સત્ય) કારણ કબૂલ ન કરે. પૂછવામાં આવ્યું, **ઝનીમ** કોણ છે ? ફર્માવ્યું, જે ઝિનાથી પેદા કરવામાં આવ્યો, લોકોની અવર જવરના માર્ગે બેસે અને લોકોની ગીબત કરે. **આક** મા બાપના નાફર્માનને કહેવામાં આવે છે.

ઉપરોકત હદીષે પાકથી જાણવા મળ્યું કે જે ગુનાહોનું વર્ણન થયું તેનાથી બચવું જોઈએ અને એ પ્રકારનો અથવા બીજા કોઈ પણ ગુનોહ આપણાથી થઈ જાય તો ગુનોહ ગુનોહ જ છે એનાથી તૌબા કરી લેવી જોઈએ. તૌબાનો કૃપાવાળો દરવાજો એટલો વિશાળ છે કે જે કોઈ વ્યકિત સાચી નિય્યતે એમાં પ્રવેશવા ઈચ્છે તો એને રજા આપવામાં આવે છે.

**(૪)** આપે ફર્માવ્યું કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નો પ્યારો પ્યારો

ઈર્શાદ છે, આપે ઈબ્લીસને પૂછયું કે મારી ઉમ્મતમાં તારા દોસ્તો અને પ્રિય કોણ છે ? કહ્યું, દસ પ્રકારના લોકો મને પ્રિય છે : (૧) જાલિમ ઈમામ અને આગેવાન (૨) અભિમાની (૩) એ ધનવાન જેને એ ફિકર ન હોય કે કયાંથી માલ કમાય અને કયાં ખર્ચ કરે (૪) આલિમ જે ત્રાસ કરવા છતાં આગેવાનની તરફદારી કરે (૫) ખયાનત કરનાર વેપારી (૬) સંગ્રહખોર (લોકોને જરૂરત હોય તો પણ વધારે ભાવ ખાવા અને લોકોને તકલીફમાં નાખવા) (૭) ઝિનાકાર અને બદ્‌કાર (૮) વ્યાજ ખાવાવાળો (૯) બખીલ અને કંજૂસ જેને એ ફિકર ન હોય કે માલ કયાંથી ભેગો કરે છે. (૧૦) દારૂડીયો, જેને આદત પડી ગઈ હોય.

આ પ્રમાણેના દસ પ્રકારના માણસો શૈતાનના મિત્રો અને એના પ્રિય સાથીઓ છે, ભલે ને તેઓ પોતાની જીભથી એ વાતનો અસ્વીકાર કરતા હોય. આપણે શૈતાનને દુશ્મન સમજીને એનાથી બચીને રહેવું હોય તો ઉપરોકત કુટેવોથી પોતાને બચાવવી જોઈએ અને દરેક પ્રકારના પાપથી દૂર રહેવું જોઈએ.

ઉપરોકત પ્રશ્ન દોસ્તોની સંખ્યા જાણવા માટે હતો, શૈતાનના દુશ્મનોના પ્રકાર જાણવા માટે પૂછયું તો એણે જવાબ આપ્યો, વીસ પ્રકારના લોકો મને પસંદ નથી : (૧) તમે પોતે અય મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ! હું તમારાથી ક્રોધ અને ગુસ્સો રાખું છું. (૨) આલિમ, ઈલ્મ પર અમલ કરવાવાળો. (૩) હાફિઝે કુર્આન જે એના પર અમલ કરે. (૪) અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા પાંચ વખતની અઝાન આપવાવાળો. (૫) ફકીર, ગરીબ અને યતીમને પ્રિય રાખનાર. (૬) નરમ દિલવાળો વ્યકિત જે કૃપાળુ હોય. (૭) હક્ક અને નમ્રતા પ્રગટ કરનાર. (૮) યુવાન જેણે પોતાની જવાની અલ્લાહના હુકમના પાલનમાં પસાર કરી. (૯) હલાલ ખાનાર. (૧૦) અલ્લાહ માટે એકબીજાથી મહોબ્બત રાખનાર બે વ્યકિત. (૧૧) નમાઝે બાજમાઅતનો વધારે શોખ ધરાવનાર. (૧૨) લોકો સૂતા હોય ત્યારે નમાઝો અદા કરનાર. (૧૩) જે પોતાને હરામથી બચાવે. (૧૪) બીજા લોકોનો શુભેચ્છક. એક રિવાયત છે મુસલમાન ભાઈઓ માટે ભલાઈની દુઆ કરનાર જેના દિલમાં કોઈ કપટ ન હોય. (૧૫) જે હમેશાં વુઝૂથી રહે. (૧૬) સખી માણસ. (૧૭) સારા અખ્લાકનો.





(૧૮) અલ્લાહ તઆલાએ જે જવાબદારીઓ રાખી તેમાં એને સત્ય માનનાર. (૧૯) બેવા સ્ત્રીઓ સાથે ભલાઈ કરવાવાળો. (૨૦) મોતની તૈયારી કરનાર વ્યકિત.

કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાનું ફર્માન છે : "નિઃશંક ! શૈતાન તમારો શત્રુ છે તો તમે એને શત્રુ બનાવીને રાખશો." એ તમારો દોસ્ત અને મિત્ર નથી, તમારો દુશ્મન છે. તમને અસફળ બનાવવા અને તમારી આખેરત ખરાબ કરવી એની તમન્ના છે, તો તમે એના મકસદમાં એનો સાથ આપશો નહીં. જે કામો એને પસંદ નથી અને જેમાં એ અસફળ થાય અને તમે સફળ થાવ એવા અમલોથી મહોબ્બત રાખી એના પર અમલ કરતાં રહેશો. ઉપરોકત હદીષમાં શૈતાનના મિત્રો અને એના શત્રુઓનો ઉલ્લેખ થયો એનાથી પણ આપણને સફળતાનો માર્ગ મળે છે.

**(૫)** આપે ફર્માવ્યું, જે વ્યકિત નબી صلی اللہ تعالیٰ علیہ وسلم પર એક વખત દુરૂદ મોકલે અલ્લાહ તઆલા તેને દસ ઘણો બદલો આપશે અને જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એક વખત બુરું કહે અલ્લાહ તઆલા એના દસ અયબો ખોલશે. શું તમને ખબર નથી વલીદ બિન મુગીરાએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એક વખત બુરાઈ કરી (અને આપને મજનું કહ્યા) તો અલ્લાહ તઆલાએ એના દસ પ્રકારના અયબો જાહેર ફર્માવ્યા :–

لَا تُطِعْ كُلَّ حَلَّافٍ مَّهِيْنٍ هَمَّازٍ مَّشَّاءٍۭ بِنَمِيْمٍ مَّنَّاعٍ
لِّلْخَيْرِ مُعْتَدٍ اَثِيْمٍ عُتُلٍّۭ بَعْدَ ذٰلِكَ زَنِيْمٍ اَنْ كَانَ ذَا
مَالٍ وَّبَنِيْنَ اِذَا تُتْلٰى عَلَيْهِ اٰيٰتُنَا قَالَ اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ

**તર્જુમો** : "અને દરેક એવાની વાત ન સાંભળશો જે મોટો કસમો ખાનાર, ઝલીલ, ઘણો જ ટોણા મારનાર, ખૂબ જ ઈધર ઉધરની લગાડતો ફરનાર, ભલાઈથી ઘણો રોકનાર, હદથી વધનાર, ગુનેહગાર, ક્રોધી સ્વભાવનો આ બધાથી વધીને એ કે તેના તુખમમાં ફેર (હરામી)." *(સૂરએ કલમ)*

## ★ શફીક બલ્ખી رحمۃ اللہ علیہ ની શિખામણો ★

આપે ફર્માવ્યું, તમારે પાંચ આદતો જરૂરથી જાણવી જોઈએ :

(૧) અલ્લાહ તઆલાની બંદગી કરો જેટલી તમને એની જરૂરત હોય. (૨) દુનિયાથી એટલું લ્યો જેટલું તમે એમાં જીવવાના હોય. (૩) અલ્લાહની એટલી નાફર્માની કરો જેટલી તમારામાં અઝાબ વેઠવાની શકિત હોય. (૪) દુનિયામાં એટલો સામાન ભેગો કરો જેટલું તમારે કબ્રમાં રોકવાનું હોય. (૫) જન્નત માટે એટલું કરો જેટલું તમારે એમાં રોકવાની ઈચ્છા હોય.

અલ્લાહની આપણને પળ પળ જરૂરત છે તો પછી એની બંદગી એ પ્રમાણે કરવી જોઈએ. આખેરતમાં કબ્ર અને જન્નતમાં દુનિયાની હયાતથી વધારે રહેવાનું છે તો એના માટે એ પ્રમાણે કોશિશ કરવી જોઈએ, **જ્યાં વધારે રહેવાનું હોય તેના માટે ઓછી કોશિશ અને જ્યાં ઓછું રહેવાનું હોય તેના માટે વધારે કોશિશ** અક્કલની વાત ન કહેવાય !

## ★ હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ ની શિખામણો ★

આપે ફર્માવ્યું : જેની પાસે અદબ નથી તેની પાસે ઈલ્મ નથી, જેની પાસે સબ્ર નથી તેની પાસે દીન નથી, જેની પાસે તકવો નથી તેની પાસે અલ્લાહની નિકટતા નથી.

ઈલ્મ માણસને એ શિખવે છે કે એણે લોકો સાથે કેવો વર્તાવ રાખવો જોઈએ, આપણાથી મોટી ઉમર અને મોટા મરતબાના માણસો સાથે કઈ રીતે રહેવું જોઈએ. જો કોઈ વ્યકિત દીનનું ઈલ્મ લઈને પણ અદબનો વર્તાવ ન કરી શકે તો એમાં અને જાહિલમાં કોઈ તફાવત નથી. કોઈ નથી જાણતો અને નથી કરતો અને આ જાણવા છતાં નથી કરતો, ન કરવામાં બંને બરાબર છે. જાહિલને તો કયારે માફ પણ રાખવામાં આવે છે, પણ જાણી જોઈને ખરાબ કામો કરનારને કોણ માફી આપે. સારાંશ એ કે ઈલ્મ પર અમલ કરવો જોઈએ અને અદબથી રહેવું જોઈએ.

દીન અને ધર્મની તાલીમ એ છે કે દરેક પ્રકારનો ફેંસલો અલ્લાહનો છે. અલ્લાહની ઈચ્છા વિના દુનિયામાં કંઈ જ થઈ શકતું નથી તો પછી મુસીબત આવે આપણે ફરિયાદ ન કરવી જોઈએ, બલ્કે સબ્રથી કામ લેવું જોઈએ, અને અલ્લાહથી ભલાઈની માંગ કરવી જોઈએ.





શરીઅત પર અમલ કરવો તકવો છે, તકવાથી અલ્લાહ તઆલાની નિકટતા મળે છે જે કોઈ તકવા વિના અલ્લાહની નિકટતાનો દા'વો કરે તો એ જૂઠો છે કેમ કે કોઈ મૌલ્વી, પીર, ફકીર, પબ્લિકનો માણસ તકવા વિના કંઈ બની શકતો નથી. દુનિયામાં જૂઠા લોકોને ઓળખો અને તેમનો સાથ છોડી સાચા અને દીનદાર લોકોની સંગતમાં આવવાની કોશિશ કરો.

**(૨)** આપે ફર્માવ્યું, તૌરેતમાં આ પ્રમાણેની પાંચ શિખામણો છે : (૧) જેટલું મળે એટલામાં ખુશ રહેવા પર બેપરવાઈ છે (કોઈની મજબૂરી રહેલી નથી.) (૨) સલામતી એકાંતવાસમાં છે. (૩) ઈજ્જત વાસનાઓ છોડવામાં છે. (૪) લાંબા દિવસોમાં ફાયદો ઉઠાવી શકાય છે (આખેરત હમેશાંની છે, જેને ત્યાં આરામ મળશે તે હમેશાંનો આરામ હશે.) (૫) સબ્ર થોડા દિવસો માટે છે (કારણ કે દુનિયા થોડા દિવસો માટે છે.)

આપથી રિવાયત છે, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, પાંચથી પહેલાં પાંચને નેઅમત સમજીને ફાયદો ઉઠાવી લેવો જોઈએ : (૧) તમારી જવાનીનો તમારી વૃધ્ધાવસ્થા પહેલાં (૨) તમારી તંદુરસ્તીનો તમારી બીમારી પહેલાં (૩) તમારી માલદારીનો તમારી ફકીરી પહેલાં (૪) તમારા જીવનનો મોત પહેલાં (૫) તમારી ફુરસદનો તમારા વ્યસ્ત થતાં પહેલાં.

**(૩)** આપે ફર્માવ્યું, અબ્દાલ (વલીઓનો એક ખાસ પ્રકાર) ન હોત તો જમીન અને એની દરેક ચીજ વસ્તુ નષ્ટ થઈ જતી. (૨) નેક લોકો ન હોય તો ગુનેહગાર લોકો બરબાદ થઈ જતા. (૩) **આલિમો ન હોત તો પબ્લિક પ્રાણીઓ માફક હોત.** (૪) રાજા ન હોત તો એકબીજા લડીને મરી જતા. (૫) મૂર્ખ લોકો (જેઓ દુનિયામાં દિલ આપી આખેરતનો ખયાલ રાખતા નથી) ન હોત તો દુનિયા ખરાબ થઈ જતી (એનો ફાયદો ઉઠાવનાર કોઈ ન હોત.) (૬) હવા ન હોત તો દરેક ચીજ વસ્તુમાં દુર્ગંધ પેદા થઈ જતી.

**(૪)** આપે ફર્માવ્યું, દિલોની ખરાબી છ વસ્તુઓમાં થાય છે :

(૧) તૌબાની ઉમ્મીદ પર ગુનાહો કરવા. (૨) ઈલ્મ શિખવો અને અમલ ન કરવો. (૩) વિના ઈખ્લાસે દેખાડવાની નિય્યતે અમલ કરવો. (૪) અલ્લાહનું રિઝ્ક ખાવું અને શુક્ર અદા ન કરવો. (૫) અલ્લાહ તઆલાની વહેંચણી પર ખુશ ન રહેવું. (૬) પોતાના મુર્દાઓને દફન કરવા અને સબક ન શીખવો.

**(૫)** આપે ફર્માવ્યું, જે દુનિયાની પાછળ લાગેલો રહે અને આખેરત પર દુનિયાને ઉત્તમતા આપે એને અલ્લાહ તઆલા છ પ્રકારની મુસીબતોમાં સપડાવે છે. ત્રણ દુનિયામાં અને ત્રણ આખેરતમાં. દુનિયાની ત્રણ મુસીબતો આ પ્રમાણે છે : (૧) લાંબી લાંબી ઉમ્મીદો જેનો અંત ન હોય. (૨) એવી લાલચ જેમાં મળે એટલા પર ખુશ રહેવાની શકયતા ન હોય. (૩) બંદગીની લિજ્જત એની પાસેથી લઈ લેવામાં આવશે. જે ત્રણ મુસીબતો આખેરતમાં આવશે તે આ પ્રમાણે છે : (૧) કિયામતના દિવસે એ સખત ચિંતામાં હશે. (૨) એનો સખત હિસાબ કિતાબ કરવામાં આવશે. (૩) અફસોસ પર અફસોસ કરવો પડશે.

## ★ સાલેહ મરકદી رحمۃ اللہ علیہ ની શિખામણ ★

હઝરત સાલેહ મરકદી رحمۃ اللہ علیہ એક વસ્તી પાસેથી પસાર થયા, વેરાન સ્થિતિમાં ઘરોને જોઈને ફર્માવ્યું, અય ઘરો ! તમારા પ્રથમ માલિકો કયાં છે ? તમને આબાદ કરનાર પૂર્વજો કયાં છે ? પહેલાંના તમારા રહેવાસી કયાં છે ? એક ગયબી વ્યકિતએ જવાબ આપ્યો; એમની નિશાનીઓ નષ્ટ થઈ ગઈ, માટી નીચે એમના બદનો ખરાબ થઈ ગયાં, એમના અમલો એમના ગળામાં ફાંસો બનીને રહી ગયા.

દુનિયાની મિલ્કત અહીં જ રહી જવાની છે આપણી સાથે નથી આવવાની, દુનિયામાં કોઈ હમેશાં રહ્યો નથી અને રહેવાનો પણ નથી, દુનિયાની માલ મિલ્કત કોઈ સાથે લઈ નથી ગયો અને લઈ પણ નથી જવાનો, આલમે બરઝખ અને આલમે આખેરતમાં આપણા અમલો સાથે આવશે, તો પછી આપણે વધારે પ્રમાણમાં સારા અમલો કરી ત્યાંના સફરને આપણા માટે સરળ બનાવવો જોઈએ, વારસદારોને મળે તેનાથી જે તમને પોતાને મળે તેનું વધારે રક્ષણ કરવું જોઈએ.





## ★ હઝરત ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہ ની શિખામણો ★

હઝરત ઈબ્રાહીમ બિન અદહમને રાજા હતા પણ આપે આખેરતને પોતાના માટે સફળ બનાવવા રાજપાટ છોડી આપ્યું હતું. અલ્લાહનો કરમ થયો અને આપ ઈબાદત અને બંદગીમાં લાગી ગયા અને વિલાયતના દરજ્જે પહોંચી ગયા. આપને પૂછવામાં આવ્યું કે આપને તકવામાં આટલું મહાન પદ કેમ કરીને મળ્યું ? ફર્માવ્યું, ત્રણ કામોને લઈને આ પદ મળ્યું છે : (૧) મેં જોયું કે કબ્ર ઉકતાવી દેનાર ઘર છે અને એમાં કોઈ દોસ્ત નથી. (૨) મેં જોયું કે માર્ગ લાંબો છે અને મારી પાસે સફરનો સામાન નથી. (૩) મેં જોયું કે જબ્બાર અલ્લાહ ન્યાય કરશે અને મારી પાસે કોઈ પૂરાવો નથી.

નેક અમલો રૂપાળી શકલોમાં આવી કબ્રમાં અને આલમે બરઝખના એકાંતવાસમાં આપણને સાથ આપશે, તો તે એકાંતવાસમાં કામ આપે એની કોશિશ કરવી જોઈએ. માર્ગ જેટલો લાંબો હોય એટલો સામાન પણ વધારે જોઈએ, તો આખેરતના લાંબા સફરમાં તકલીફોનો સામનો ન કરવો પડે અને સરળતાથી પસાર થઈ જઈએ તેના માટે પણ નેક અમલોનો સાથ લેવો જોઈએ. અલ્લાહ ન્યાય ફર્માવશે અને આપણે આપણા અમલોનો જવાબ આપવાનો છે, સારા અમલો ફાયદો પહોંચાડશે અને એના સદકામાં અલ્લાહ તઆલાની કૃપાની વર્ષા થશે, તો આપણે એની પૂરેપૂરી તૈયારી કરવી જોઈએ. જે વ્યકિત આ પ્રમાણેની ચિંતાઓમાં મગ્ન રહે છે તે દુનિયામાં રહી સફળતાની ખૂશખબરીઓ પામી લે છે.

## ★ હઝરત લુકમાનની શિખામણો ★

આપે પોતાના છોકરાને શિખામણો આપી જે બધાને માટે કામની છે. આપે ફર્માવ્યું, અય પ્રિય પુત્ર ! દરેક વ્યકિતના ત્રણ ભાગ કરી શકાય છે : (૧) ૧/૩ અલ્લાહના માટે અને તે એની રૂહ છે. (૨) ૧/૩ નફસ અને જાત માટે અને તે એના અમલો છે. (૩)

૧/૩ કીડાઓ માટે અને તે એનું શરીર છે.

**(૨)** આપે ફર્માવ્યું, બેટા ! હિકમત અને સમજદારીની વાત એ છે કે તું દસ વાતો પર અમલ કરે : (૧) મુર્દા દિલને જીવંત બનાવે. (૨) ગરીબ લોકો પાસે બેસે. (૩) રાજાઓની મેહફિલથી દૂર રહે. (૪) પડી ગએલાની ઈજ્જત કરે (મોહતાજની મદદ કરે.) (૫) ગુલામને આઝાદ કરે. કિમત આપીને એને બીજાથી છૂટકારો આપે.) (૬) મુસાફરોને જગા આપે. (૭) ફકીરની સાથે સખાવત કરે. (૮) ઈજ્જતવાળાઓની વધારે ઈજ્જત કરે. (૯) આગેવાનોને હિંમત આપે. (૧૦) આ અમલો માલથી અતિ ઉત્તમ છે, બીકના સમયે બચાવે છે, યુધ્ધમાં સામાન છે, નફો કમાવા સ્ટોક છે, મુસીબત આવી પડે તો એ શફાઅત કરનાર છે, મોતના સમયે શરીરનો પૂરાવો છે, જ્યારે કપડું ન ઢાંકે તો એ પર્દો છે.

એટલે કે ઉપરોક્ત શિખામણોથી દુનિયામાં પણ ફાયદો થાય છે અને દરેક વ્યકિત પ્રેમથી એને જુએ છે, એને જરૂરત પડી જાય તો લોકો એને કામ લાગે છે, એનો અયબ લોકો જાહેર કરતા નથી, આખેરતના ફાયદાઓ નેક અમલો પર આધારિત છે, અલ્લાહને ખુશ કરવા માટે કરવામાં આવ્યા હશે તો એનો બદલો અલ્લાહની અપાર કૃપાથી જરૂર મળીને રહેશે.

**(૩)** આપે ફર્માવ્યું, પ્રિય પુત્ર ! બુરાઈ રાઈના દાણા જેટલી હોય પછી તે પથ્થર પર અથવા આકાશો અને જમીનોમાં હોય પણ અલ્લાહ એને પામી લે છે. (અલ્લાહને એની ખબર છે, એના ઈલ્મથી બહાર નથી.)

(માણસ ગમે ત્યાં હોય, ગમે તે સ્થિતિમાં હોય, ગમે તે સમયે હોય, અને ગમે તે કરતો હોય, અલ્લાહના ઈલ્મમાં છે, તો પછી માણસે નેક અમલો કરવા જોઈએ અને ગુનાહોથી બચવું જોઈએ.)

**(૪)** આપે ફર્માવ્યું, બેટા ! નમાઝ પઢતો રહેજે, સારી વાતનો હુકમ આપજે ખરાબ કામને અટકાવજે, મુસીબત પર સબ્રથી કામ લેજે, લોકોથી વાત કરવામાં મોઢું વાંકુ ન કરજે, પૃથ્વી પર અભિમાનથી ન ચાલજે, મધ્યમ ચાલ ચાલજે અને બોલવામાં અવાજ ધીમો રાખજે.





## ★ હઝરત હાતિમ رحمۃ اللہ علیہ ની શિખામણો ★

હઝરત હાતિમ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે દરરોજ સવારમાં શૈતાન મારી પાસે આવે છે અને કહે છે, તું શું ખાશે ? હું જવાબ આપું છું, મોત ખાવી છે. પછી પૂછે છે, શું પહેરશે ? હું જવાબ આપુ છું, કફન પહેરવું છે. ફરી પૂછે છે, કયાં રહેશે ? હું જવાબ આપું છું, કબ્રમાં રહેવું છે.

દુનિયામાં માણસને ત્રણ પ્રકારની ચીજોની વધારે જરૂરત પડે છે, અને એ જરૂરતોને વ્યવસ્થિત કરવામાં માણસ પોતાના જીવનનો વધારે પડતો સમય વિતાવી આપે છે. અંતે એની પાસે આખેરતને શણગારવાનો સમય રહેતો નથી, દુનિયા દુનિયાની જગાએ રહી જાય છે અને એ કબ્રના ખાડામાં પહોંચી જાય છે. એ ત્રણ જરૂરતો આ છે : રોટી, કપડાં, અને ઘર. આ માણસના જીવનની મૂળ જરૂરતો છે, એના વિના માણસનું કામ ચાલી શકતું નથી. શૈતાન માણસને આ જરૂરતોનો ખયાલ અપાવી દુનિયામાં વ્યસ્ત રાખે છે એટલે હાતિમ અસ્સમ رحمۃ اللہ علیہ એ ત્રણેવ જરૂરતોમાં આખેરતનો જવાબ આપ્યો. એ જવાબ એટલો કડક જવાબ છે કે શૈતાનની એના આગળ કંઈ જ ચાલતી નથી અને એ મોઢું લટકાવીને ચાલ પડે છે. આપણે શૈતાનને એના દા'વામાં નાકામ કરવો હોય અને એનાથી છૂટકારો મેળવી આખેરતમાં સફળ થવું હોય તો આખેરતનો અધિક ખયાલ રાખવો જોઈએ.

**(૨)** આપે ફર્માવ્યું, જે ચાર વસ્તુનો દાવો ચાર વસ્તુ વિના કરે તો તે પોતાના દાવામાં જૂઠો છે : (૧) જે અલ્લાહ સાથે મહોબ્બત અને પ્રેમનો દાવો કરે અને અલ્લાહની હરામ કરેલી વસ્તુઓથી ન બચે તો એનો દાવો જૂઠો છે. (૨) જે નબીએ અકરમ صلی اللہ علیہ وسلم ની મહોબ્બતનો દાવો કરે અને ગરીબ, મોહતાજ લોકોને નાપસંદ કરે તો એનો દાવો જૂઠો છે. (૩) જે જન્નતની મહોબ્બતનો દાવો કરે અને (ઈસ્લામના માર્ગમાં) સદકો, ખૈરાત ન કરે તો એનો દાવો જૂઠો છે. (૪) દોઝખની બીકનો દાવો કરે અને ગુનાહોથી ન બચે તો એનો દાવો જૂઠો છે.

દાવો કરવો અને જીભ હલાવવી ઘણુ જ સહેલું કામ છે એમાં કંઈ તકલીફ પડતી નથી, વર્તમાનકાળમાં દાવા ઘણા જ વધી ગયા છે. દરેક

વ્યકિત પોતાને અલ્લાહ અને રસૂલનો સાચો ચાહક સમજે છે પણ દલીલ અને પૂરાવાના પ્રકાશમાં જોવામાં આવે તો ખબર પડે છે કે, લોકો અપને મુંહ મિયાં મિટ્ઠુ બની રહ્યા છે. હઝરત હાતિમએ મોટા મોટા ચાર દાવાઓ સાથે ચાર પ્રકારના પૂરાવાનો ઉલ્લેખ કર્યો અને ફર્માવ્યું, જો દાવો એ પૂરાવા સાથે સંબંધિત હોય તો સાચા નહીં તો માત્ર દાવો છે, સત્યથી એને દૂરનો પણ સંબંધ નથી.

**(૩)** આપે ફર્માવ્યું, જે ચાર વસ્તુઓને ચાર વસ્તુઓ સુધી છોડી આપે (તે મકસદમાં સફળ છે) જન્નત પામશે : (૧) ઊંઘ કબ્ર સુધી. (૨) અભિમાન અને મોટાઈ મીઝાન (હશ્રના મેદાનનું ત્રાજવું જેમાં સારા અને ખરાબ અમલોનું વજન કરવામાં આવશે) સુધી. (૩) આનંદ અને આરામ પુલસિરાત સુધી. (દોઝખ પર એક પુલ બનાવામાં આવેલો છે જેની ઉપરથી દરેકે પસાર થવું પડશે. જે તલ્વારથી અધિક ધારદાર અને વાળ થી અધિક પાતળો હશે, લોકો પોતાના ઈમાન અને અમલના આધારે એના પરથી પસાર થશે.) (૪) વાસના જન્નત સુધી.

જરૂર પૂરતુ ઊંઘવું જોઈએ, માણસ જેટલું સૂવે છે એટલો એનો સમય બેકાર જાય છે, જરૂરતથી અધિક સૂવામાં માણસ બંદગીથી આળસમાં આવી જાય છે. દુનિયામાં નમ્રતાથી રહેવું જોઈએ, અભિમાન કેવી રીતે કરી શકાય જ્યારે આપણો હિસાબ બાકી છે, અને આપણું પરિણામ ખતરામાં છે, દુનિયાનો આરામ ત્યાંની કષ્ટીનું કારણ બની શકે છે તો પછી અમલની દુનિયામાં આનંદની વધારે ઈચ્છા ન હોવી જોઈએ. જેમ કે આપણા હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ ફર્માવે છે, "ઝમીનકે ઉપર કામ, ઝમીનકે નીચે આરામ." વાસનાઓ અને મનેચ્છાઓ દુનિયામાં વ્યસ્ત કરે છે, ગુનાહો અને નાફર્માનીઓ કરાવે છે, એનાથી જન્નત દૂર ચાલી જાય છે, જન્નતમાં મનગમતી ચીજ વસ્તુઓનો ફાયદો પ્રાપ્ત કરવો હોય તો દુનિયામાં હરામ અને નાજાઈઝથી દૂર રહેવું પડશે.

**(૪)** આપે ફર્માવ્યું, ચાર વસ્તુઓની કદર ચાર પ્રકારના લોકો કરે છે : (૧) જવાનીની કદર ડોસાઓને જ હોય છે. (૨) રાહત અને આરામની કદર મુસીબતમાં સપડાએલાઓને જ હોય છે. (૩) તંદુરસ્તીની કદર બિમારોને જ હોય છે. (૪) હયાત અને જીવનની કદર





મુર્દાઓને જ હોય છે.

જ્યાં સુધી કોઈ નેઅમત આપણી પાસે હોય છે આપણને એની કદર નથી હોતી, આપણે એને ગમે તેમ ઉપયોગ કરીએ છીએ પણ જ્યારે આપણી પાસેથી ચાલી જાય, અને એના જવાથી તકલીફોનો સામનો કરવો પડે ત્યારે એ જાણવા મળે છે કે નેઅમતની કદર કેટલી છે.

નેઅમત ચાલી ગયા પછી મુસીબતમાં અફસોસની સાથે કદર જાણવી ફાયદો નથી પહોંચાડતું. ત્યારે તે સમય પસાર થઈ ગયો હશે અને આપણી પાસે અફસોસ અને અફસોસ જ હશે. એટલે જ્યારે નેઅમત આપણી પાસે હોય ત્યારે કદર કરી લેવી જોઈએ અને એ નેઅમતોથી આખેરત સફળ બની જાય એ કોશિશ કરી લેવી જોઈએ.

**(૫)** આપે ફર્માવ્યું, જલ્દબાઝી (ઉતવાળ) શૈતાની કામ છે એનાથી બચવું જોઈએ પણ પાંચ કામોમાં જલ્દીની રજા આપવામાં આવે છે, બલ્કે એમાં જલ્દી કરવી નબીએ અકરમની સુન્નત છે : (૧) મહેમાન આવે તો એને ખાણું ખવડાવું. (૨) જ્યારે કોઈનું અવસાન થઈ જાય તો કફન દફનમાં જલ્દી કરવી. (૩) છોકરી પુખ્તવયની થઈ જાય તો એની શાદી કરાવી આપવામાં. (૪) વાયદા પ્રમાણે કર્ઝ (દેવું) અદા કરી દેવામાં. (૫) ગુનો થઈ જાય તો વહેલી તકે તૌબા કરી લેવામાં.

## ★ હઝરત કઅબ رضی اللہ عنہ ની શિખામણ ★

હઝરત કઅબે અહબાર رضی اللہ عنہ ફર્માવે છે કે ઈમાનવાળાઓ માટે શૈતાનથી બચવાના કિલ્લાઓ ત્રણ છે : (૧) મસ્જિદ કિલ્લો છે. (૨) અલ્લાહનો ઝિક્ર અને એની યાદમાં વ્યસ્ત રહેવું કિલ્લો છે. (૩) કુર્આનની તિલાવત કિલ્લો છે.

દુનિયામાં દુશ્મનોથી બચવા અને પોતાનું રક્ષણ કરવા પહેલાંના રાજાઓ કિલ્લો બનાવતા હતા, દુશ્મન ચઢી આવતો તો તેઓ કિલ્લામાં ચાલ્યા જતા હતા. એ જ પ્રમાણે શૈતાન આપણો એવો દુશ્મન છે જે કયારે પણ દોસ્ત બનવાનો નથી અને તે ઘણો જ તાકતવર તથા શકિતશાળી છે તેમજ તે આપણને નજર પણ નથી આવતો પછી આપણે આપણા રક્ષણ માટે કિલ્લાઓમાં સહારો લેવો જોઈએ.

એ કયા કિલ્લાઓ છે જ્યાં શૈતાન તમારા પર અસફળ રહી શકે છે ? તો સહાબીએ રસૂલે આપણને એની ખબર આપી કે, મસ્જિદમાં અવર જવર રાખો, નમાઝ પઢો, તેમાં ઝિક્ર કરો, કુર્આનની તિલાવત કરો આ નેક કામો જ્યાં સુધી ચાલતાં રહે છે શૈતાન નજીક નથી આવી શકતો અને આપણી નેકીઓમાં પણ સતત વધારો થતો રહે છે.

## ★ મુહમ્મદ બિન દુરીય્ય رحمۃ اللہ علیہ ની શિખામણ ★

હઝરત મુહમ્મદ બિન દુરીય્ય رحمۃ اللہ علیہ ફર્માવે છે કે પાંચ વસ્તુઓને લઈને શૈતાન બદનસીબ બની ગયો : (૧) ગુનો કરી તેનો અસ્વીકાર કર્યો. (૨) ગુના પર શર્મ ન કરી. (૩) પોતાના નફસને ધમકાવ્યો નહીં. (૪) તૌબાનો ઈરાદો ન કર્યો. (૫) અલ્લાહની રહમતથી નાઉમ્મીદ થઈ ગયો.

ફર્માવ્યું, હઝરત આદમ علیہ السلام પાંચ વસ્તુઓને લઈને સફળ થઈ ગયા : (૧) ખતા (ઈજતેહાદી)નો સ્વીકાર કરી લીધો. (૨) શર્મ કરી. (૩) નફસની બુરાઈ કરી. (૪) તૌબામાં જલ્દી કરી. (૫) અલ્લાહની રહમતથી નાઉમ્મીદ ન થયા.

## ★ હઝરત અનસ رضی اللہ عنہ ની શિખામણ ★

આપે ફર્માવ્યું : પૃથ્વી દરરોજ દસ વાતોનું એલાન કરે છે :– (૧) અય માણસ ! તું મારી પીઠ પર કોશિશ કરે છે અને તારું ઠેકાણુ તો મારું પેટ છે. (૨) તું મારી પીઠ પર નાફર્માની અને પાપ કરે છે અને તને મારા પેટમાં અઝાબ આપવામાં આવશે. (૩) તું મારી પીઠ પર હસે છે અને મારા પેટમાં રડશે. (૪) તું મારી પીઠ પર ખુશી મનાવે છે અને મારા પેટમાં તું ચિંતા કરશે. (૫) તું મારી પીઠ પર માલ ભેગો કરે છે અને મારા પેટમાં શર્મ કરશે. (૬) તું મારી પીઠ પર મનમાની કરે છે અને મારા પેટમાં બેઈજ્જત થશે. (૮) તું ખુશાલીથી મારી પીઠ પર હરે ફરે છે અને મારા પેટમાં ચિંતિત થઈને બેસશે. (૯) તું મારી પીઠ પર પ્રકાશમાં ચાલે છે અને મારા પેટમાં અંધારામાં રહેશે. (૧૦) તું મારી





પીઠ પર સભાઓમાં ચાલે ફરે છે, અને મારા પેટમાં એકાંતમાં હશે.

દુનિયામાં કંઈ થાય છે તો એક બીજાનો સહકાર મળી જાય છે અને મુસીબતથી મુક્તિ મળે છે અથવા રાહત અને આનંદ થોડા સમય માટે પણ પ્રાપ્ત થાય છે. દુનિયા સબબો અને કારણોના આધારે ચાલે છે અને એમાં એક બીજાની હુંફ પણ રહે છે, જ્યારે **આલમે બરઝખ** જેને કબ્રની દુનિયા કહેવામાં આવે છે અને **આલમે આખેરત** જ્યાં અમલો પ્રમાણે પરિણામ પ્રગટ કરવામાં આવશે, એ બંને અમલોના બદલો પામવાનાં જગત છે તો પછી ત્યાં ફાયદો જોઈતો હોય તો નેક અમલોનો સહકાર લેવો જોઈએ, ગુનોહ અને નાફર્માનીઓથી દૂર રહેવું જોઈએ, નાફર્માની થઈ ગઈ હોય તો સાચી પાકી તૌબા કરવી જોઈએ, નેક લોકો માટે બંને જગતમાં કામયાબી અને સફળતા છે.

## ★ આપણી કસમજ ★

ઘણા લોકો એવા છે જેઓ અમલ કરતાં નથી ગુનાહ પર ગુનાહ કર્યે જાય છે, એમને શિખામણ આપવામાં આવે છે તો કહે છે કે ચાલો ! અમારા છોકરા, છોકરી અને સગા સંબંધીઓ અમને પઢી પઢીને પહોંચાડશે !

પોતાની જાન અને પ્રાણથી પોતાને જેટલો પ્યાર હોય છે એટલો બીજાના જાન અને પ્રાણથી આપણને પણ નથી હોતો અને બીજાને પણ આપણા જાન અને પ્રાણથી વધારે મહોબ્બત નહીં હોય, જ્યારે આપણે પોતાની જાન માટે કાંઈ કરવા તૈયાર નથી અને બીજા પર ભરોસો રાખીને બેસેલા છીએ, તમે પોતે તમારા માટે નથી કરતા તો તેઓ તમારા માટે કેટલું કરશે ?! તમે તમારા સગાઓ માટે કેટલું કરેલું છે ? શું એનાથી એ જાણવા નથી મળતું કે તમારી સાથે પણ એ પ્રમાણે કરવામાં આવશે ? દુનિયામાં ભરોસા પર રહીએ અને કામ ન બને તો બીજા કોઈનો પણ સહારો લઈ શકાય છે, શું કબ્રમાં પણ એ પ્રમાણે થઈ શકશે ? શું તેઓ તમારા માટે કાંઈ નહીં કરે તો શું તમે આવીને કહી જશો ? શું તમને દુનિયામાં આવવાનો અધિકાર

આપવામાં આવશે ? શું તમે તેમનાથી માંગણી કરો છો તેની ખબર પહોંચાડી શકશો ? તો પછી પોતાની જાત પર પોતે કરમ અને કૃપા કરવી જોઈએ અને જરૂરતનું સાથે જ લઈ જવું જોઈએ, જો તેઓ કાંઈ પહોંચાડશે તો વધારો થશે અને ફાયદાઓમાં પણ વધારો થતો રહેશે, અને કોઈ કાંઈ નહીં પહોંચાડે તો પણ ચિંતા નહીં રહે કારણ કે જરૂરતનું તો કરેલું છે.

મારી પ્યારી બહેનો ! ખુલફાએ રાશેદીન અને બુઝુર્ગોની અસંખ્ય શિખામણો તમારી ખિદમતમાં એટલા માટે રજુ કરવામાં આવી છે કે આપણે પોતાની જાન માટે શું કરવું જોઈએ તેની આપણને ચિંતા જાગે અને આપણે એની તૈયારીમાં વ્યસ્ત થઈ જઈએ.

અલ્લાહ તઆલા આપણને દીનની વાતો પર અમલની તૌફીક અતા ફર્માવે, ગુનાહો પર સાચી પાકી તૌબાની તૌફીક બખ્શે અને આપણી તૌબા કબૂલ પણ ફર્માવે. –આમીન. બિ જાહિ સૈયેદિલ મુસલીન (صلی اللہ تعالیٰ علیہ وسلم)

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْن


★ અન્વારુલ્ કુર્આન ★

*(પેજીસ–૧૨૪, હદિયો : ૨૦ રૂા., ટપાલ ખર્ચ : ૫ રૂા.)*

ઈસ્લામી કાનૂનો તથા ઈબાદતો વિરુધ્ધ ઉઠતા અવનવા પ્રશ્નો તથા વાંધાઓના ઈમાન અફરોઝ જવાબ રજુ કરતી (સવાલ જવાબ રૂપે) કિતાબ આજે જ મંગાવો.

**લેખક** : હઝરત અલ્લામા મુફતી અહમદ યારખાં નઈમી અશરફી

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી






بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(પ્રકરણ-૨)

# મુસલમાન અને આખેરતની ચિંતા

نَحْمَدُهٗ وَنُصَلِّیْ عَلٰی رَسُوْلِهِ الْكَرِیْمِ اَمَّا بَعْدُ
فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّیْطٰنِ الرَّجِیْمِ بِسْمِ اللّٰهِ
الرَّحْمٰنِ الرَّحِیْمِ فَاَمَّا مَنْ اَعْطٰی وَ اتَّقٰی وَ
صَدَّقَ بِالْحُسْنٰی فَسَنُیَسِّرُهٗ لِلْیُسْرٰی
صَدَقَ اللّٰهُ الْعَظِیْمُ

الصلوٰۃ و السلام علیک یا رسولَ اللہ
الصلوٰۃ و السلام علیک یا حبیبَ اللہ
الصلوٰۃ و السلام علیک یا نبیَّ اللہ
الصلوٰۃ و السلام علیک یا نورَ اللہ
صلی اللہ تعالی علیک و سلم

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! ગયા અઠવાડિએ તમને ''જીવન સફળ બનાવો''ના પ્રકરણ પર અસંખ્ય શિખામણોની સાથે બયાન સંભળાવ્યું હતું, આજે હું તમને ''મુસલમાન અને આખેરતની ચિંતા''ના પ્રકરણ પર બયાન સંભળાવવા ઈચ્છું છું. અલ્લાહ તઆલા મને હક્ક કહેવાની અને તમને બધાને હક્ક સાંભળવાની અને એની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે.–આમીન

## ★ ઈસ્લામનો સબક ★

ઈસ્લામ ધર્મ આપણને પ્રથમથી જ આખેરતનો સબક આપે છે, દુનિયાને નાશવંત બતાવી આખેરતના અનાશવંત (કાયમી) હોવાનો પૂરાવો આપે છે. આખેરતમાં અલ્લાહના બનાવેલ બે ઘર જન્નત અને દોઝખનો ઉલ્લેખ કરી જન્નત તરફ આવવાની દા'વત આપે છે. રૂહોના પવિત્ર જગતમાંથી આવનાર પવિત્ર રૂહોને નાશવંત જગતની બુરાઈઓથી રોકી પવિત્ર સ્થિતિમાં ખુદાની બારગાહમાં પરત થવાની તાલીમ આપે છે. ખુદાનો બંદો ખુદાની પવિત્ર બારગાહના લાયક કેવી રીતે બની શકે છે, તેના પાઠ શિખવે છે. એ પવિત્રતાની ટ્રેનિંગ માટે અલ્લાહ તઆલાએ પવિત્ર નબીઓ મોકલ્યા, એમને પોતાના પવિત્ર સમાચાર પોતાની પવિત્ર કિતાબોના રૂપમાં આપ્યા, પવિત્ર ચરિત્રના આલિમો અને વલીઓ પેદા કરી આપણા માટે સત્ય માર્ગ સરળ બનાવ્યો. આ સઘળા બંદોબસ્ત અને વ્યવસાય એટલા માટે જ છે કે આખેરતને સફળ બનાવામાં આપણને આળસ ન આવે એની ચિંતા આપણા દિમાગમાંથી ન નીકળે.

## ★ આખેરત ઉત્તમ છે ★

આખેરતની નેઅમતો અમૂલ્ય છે, અલ્લાહની બારગાહમાં એની કદર છે. અલ્લાહ તઆલાએ પોતાના પ્રિય બંદાઓની મહેમાની માટે જ એ નેઅમતો પેદા ફર્માવી છે, એ કદર અને ઈજ્જત બનાવવા માટે અલ્લાહ તઆલાનો પ્યારો ઈર્શાદ છે :– اَللّٰهُ يَدْعُوْٓا اِلٰى دَارِ السَّلٰمِ

"અલ્લાહ સલામતીના ઘરની દા'વત આપે છે, શાંતિના ઘરનું આમંત્રણ આપે છે."

એ એવું ઘર હશે જેની અલ્લાહ તઆલા આપણને દા'વત આપી રહ્યો છે ? શું શબ્દોમાં તેના સંપૂર્ણ વખાણ થઈ શકે છે ? શું દુનિયામાં કશાથી એનો દાખલો આપી શકાય છે ? જવાબમાં અલ્લાહ તઆલા ફર્માવે છે :– لَا تَعْلَمُ نَفْسٌ مَّآ اُخْفِيَ لَهُمْ مِّنْ قُرَّةِ اَعْيُنٍ

"કોઈ જાન એ નથી જાણતી જે એમની આંખોની ઠંડક માટે ઢાંકીને રાખવામાં આવ્યું છે."





એટલું તો વિચાર કરો કે આટલી વિશાળ દુનિયાને પેદા કરનાર અને એમાં આપણા ફાયદા માટે અસંખ્ય નેઅમતો આપનાર અલ્લાહ એને પોતાની આખેરતની કૃપા સામે નાની સરખી કહે છે ! ખેલકૂદ કહે છે, આંખોનો ધોખો કહે છે, એમાં આપણને મોકલીને પણ એની દા'વત નથી આપતો, જન્નતની દા'વત આપે છે.

قُلْ مَتَاعُ الدُّنْيَا قَلِيْلٌ

"ફર્માવી આપો ! દુનિયાનો સામાન ઓછો છે."

لَا يَغُرَّنَّكَ تَقَلُّبُ الَّذِيْنَ كَفَرُوْا فِى الْبِلَادِ

"દુનિયાનું જીવન માત્ર ખેલકૂદ છે."

રમત ગમત થોડા સમયમાં પૂરી થઈ જાય છે એ જ પ્રમાણે દુનિયાનું જીવન પસાર થઈ જાય છે અને પછી મોતના પંજામાં ચાલ્યા જવું પડે છે.

مَتَاعٌ قَلِيْلٌ ثُمَّ مَاْوٰىهُمْ جَهَنَّمُ

"દુનિયાનું જીવન ધોખાનો જ સામાન છે."

આ હતો દુનિયાનો પરિચય. આખેરતના વખાણ કરતાં ફર્માવ્યું :–

وَالْاٰخِرَةُ خَيْرٌ وَّاَبْقٰى

"આખેરત ઉત્તમ અને હમેશાં રહેનાર છે."

وَالْاٰخِرَةُ خَيْرٌ لِّمَنِ اتَّقٰى

"આખેરત પરેઝગારો માટે ઉત્તમ છે."

અને જે ઉત્તમ છે તેની અલ્લાહ તઆલા આપણને દા'વત આપે છે.

## ★ દુનિયાની બેઈજ્જતીનું વર્ણન શા માટે ? ★

આપણે દુનિયામાં વ્યસ્ત ન થઈ જઈએ, ખોવાઈ ન જઈએ, બીજા લોકોની દેખા દેખી ભેરવાઈ ન જઈએ, આખેરતનો માર્ગ ભૂલી ન જઈએ,

ત્યાની કોશિશોને આળસમાં બદલી ન દઈએ એટલા માટે ફર્માવે છે :–

لَا يَغُرَّنَّكَ تَقَلُّبُ الَّذِيْنَ كَفَرُوْا فِي الْبِلَادِ

"અય સાંભળનાર ! કાફિરોનું શહેરોમાં હરવું ફરવું તને ધોખામાં ન નાખી દે."

અલ્લાહ તઆલા સાથે કારણ પણ દર્શાવે છે કે આપણી સમજમાં સારી રીતે આવી જાય અને કોઈ પ્રકારની શંકા કુશંકા ન રહી જાય.

مَتَاعٌ قَلِيْلٌ ثُمَّ مَاْوٰهُمْ جَهَنَّمُ

"ઓછો સામાન પછી એમનું ઠેકાણું દોઝખ છે."

એટલે કે તેઓ દુનિયામાં થોડા દિવસ સેર સપાટા કરી લેશે, મજા મારી લેશે, લિજ્જતો લઈ લેશે, મરણ થતાની સાથે એ બધું ગયું ! અને હવે આલમે બરઝખથી લઈને આલમે આખેરત સુધી અને તે પછીથી લઈને હર હંમેશ માટે એમને અઝાબમાં રહેવાનું છે ! તેમ છતાં શું તમે પણ તેમના દેખા દેખી એવું કરશો ? ના ! ભૂલ ન થાય ! તમને તો હું હંમેશની જન્નતની દા'વત આપી રહ્યો છું.

અલ્લાહ તઆલાના ફર્માનથી સ્પષ્ટ થયું કે અલ્લાહની બારગાહમાં દુનિયાને ઈજ્જતનું સ્થાન પ્રાપ્ત નથી, અને આપણને દુનિયામાં જે જગા અર્પણ કરી છે તે નેક અમલો કરવા અને એની ફર્માબરદારી કરવા, એટલે આપણને દુનિયામાં હમેશાં માટે રાખવામાં ન આવ્યા બલ્કે આપણા જીવનનો સમય નિશ્ચિત રાખવામાં આવ્યો અને પછી મોતનું ઈનામ રાખ્યું, જેનાથી એ આપણને પોતાની બારગાહમાં બોલવી લે છે.

## ★ મોતનું ઈનામ ★

સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, મોત ઈમાનવાળા માટે ભેટ છે, ભેટ એક દોસ્ત તરફથી કોઈ સારા પ્રસંગે બીજા દોસ્તને આપવામાં આવે છે. તો આ પ્રસંગ ઈમાનવાળા માટે સારો પ્રસંગ છે કે નાશવંત જગતમાંથી મુક્તિ મળે છે. મુસીબતોના જગતમાંથી એને નજાત





મળે છે. કબ્રમાં પ્રથમ નબીની મુલાકાત કરવાની પછી પોતાના અમલોના આધારે આરામ અને રાહતો પણ પ્રાપ્ત કરવાની છે, ત્યાં કોઈ પ્રકારની પાબંદી રહેશે નહીં. અને આખેરતમાં અલ્લાહ તઆલાની ઝિયારત કરશે એટલે કે એના માટે રાહત સાથે ઈનામોનો દરવાજો મોતથી જ ખૂલે છે એટલે ફર્માવવામાં આવ્યું કે, મોત ઈમાનવાળા માટે ભેટ છે.

## ★ આખેરત તરફ નમવાના તરીકાઓ ★

ઈમાનવાળાઓ પોતાના ઈમાનના આધારે આખેરત તરફ નમવામાં ત્રણ પ્રકારના રાખે છે : (૧) મહોબ્બત અને પ્રેમ (૨) શોખ (૩) ડર

મહોબ્બત અને પ્રેમના આધારે જે અલ્લાહ અને રસૂલ તરફ નમે છે, તેમાં એ પોતાનો નફો નુકસાન જોતો નથી, બલ્કે નફા નુકસાન તરફ એનું ધ્યાન પણ નથી હોતું, એની ઈચ્છા માત્ર એ હોય છે કે મારો મહબૂબ મારાથી ખુશ રહે, અને એ ખુશીને લક્ષમાં રાખી દરેક પ્રકારનો અમલ કરતો જાય છે અને ગુનાહોથી પોતાને બચાવતો જાય છે. આ પ્રમાણેના સશકત ઈમાનવાળા માટે જન્નતના વર્ણનની અને દોઝખના ઉલ્લેખની જરૂરત નથી હોતી માત્ર મહબૂબની ખુશીની જ ઈચ્છા વધારે મહત્વ ધરાવે છે. જેમ કે હઝરત જુનૈદ બગદાદી અને અબૂબક્ર શિબ્લી رحمۃ اللہ علیہ ની એકબીજાથી મુલાકાત થઈ, હઝરત જુનૈદ رحمۃ اللہ علیہ એ પૂછયું, શિબ્લી ! જો અલ્લાહ તઆલા તમને જન્નત અને દોઝખનો એવો અધિકાર આપે કે તમને યોગ્ય લાગે તેમાં ચાલ્યા જાવ ! તો તમે કયાં જશો ? જવાબ આપ્યો, જન્નતમાં જવું મારા નફસને પસંદ છે એટલું હું એના વિરોધમાં દોઝખમાં જવાને ઉત્તમતા આપીશ. હઝરત શિબ્લી رحمۃ اللہ علیہ એ પૂછયું, જો તમને અધિકાર આપવામાં આવે તો તમે શું કરશો ? ફર્માવ્યું, જો મને અધિકાર આપવામાં આવશે તો હું વિનંતિ કરીશ, અય અલ્લાહ ! તું મારો રબ છે, તારી બારગાહમાં મારી ઈચ્છા કેવી ? હું મારી પસંદગીથી કાંઈ નથી કરી શકતો, હું તારી ખુશીમાં જ ખુશ છું, તું જન્નત કહેશે તો જન્નતમાં અને દોઝખ કહેશે તો દોઝખમાં ચાલ્યો જઈશ.

## ★ દોઝખ અઝાબનું ઘર ★

દોઝખ અઝાબનું ઘર છે, ત્યાં અલ્લાહનો ક્રોધ અને એની

જબ્બારી, કહ્હારી જાહેર થાય છે. માણસને દોઝખમાં જવું પસંદ આવતું નથી અને એટલે તો એ નેક કામો કરે છે અને ગુનાહોથી બચીને રહે છે. પણ અલ્લાહ અને રસૂલથી પોતાની જાન અને પ્રાણથી અધિક મહોબ્બત ધરાવનાર પોતાના નફા નુકસાનનો ખયાલ જ નથી કરતો માત્ર મહબૂબની ખુશીનો ખયાલ કરે છે અને મહોબ્બતના ઈર્શાદને પોતાના માટે પ્રિય સમજે છે. જેમ કે ઉપરોકત વાકયાથી સ્પષ્ટ થાય છે મહોબ્બતના આ પ્રકારના વખાણ કરતાં અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

الَّذِيْنَ اٰمَنُوْٓا اَشَدُّ حُبًّا لِّلّٰهِ

"ઈમાનવાળાઓ અલ્લાહ તઆલાથી અધિક પ્રેમ રાખે છે."

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا مَنْ يَّرْتَدَّ مِنْكُمْ عَنْ دِيْنِهٖ
فَسَوْفَ يَاْتِي اللّٰهُ بِقَوْمٍ يُّحِبُّهُمْ وَيُحِبُّوْنَهٗ

"અય ઈમાનવાળાઓ ! જો તમારામાંથી કોઈ એના ધર્મથી ફરી જાય તો (અલ્લાહને એની કોઈ જરૂરત નથી) નિકટમાં અલ્લાહ તઆલા એવા લોકોને લઈ આવશે જેમનાથી એ પ્રેમ કરશે અને તેઓ એનાથી પ્રેમ કરશે."

તિર્મિઝી શરીફમાં છે : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અલ્લાહ તઆલાથી આ પ્રમાણે દુઆ કરી, અય અલ્લાહ ! હું તારી મહોબ્બત માંગુ છું, અને જે તારાથી મહોબ્બત કરે એની મહોબ્બત, અને એ કામથી મહોબ્બત જે તારી મહોબ્બતથી મને નિકટ કરી આપે.

હાકિમમાં છે : આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અય અલ્લાહ ! તારી મહોબ્બત મારા માટે મારી જાનથી અધિક, મારા ઘરવાળાઓથી અધિક અને ઠંડા પાણીથી અધિક કરી આપ.

તિર્મિઝી શરીફમાં છે : આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અય અલ્લાહ ! મને તારી મહોબ્બત અર્પણ કર અને જે તારી મહોબ્બતમાં મને ફાયદો પહોંચાડે તેની મહોબ્બત અર્પણ કર.

સહીહૈનમાં છે : આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ઈમાનની લિજ્જત એને મળે છે જેને અલ્લાહ અને રસૂલથી દરેકથી વધીને મહબ્બત હોય.





સહીહૈનમાં છે : આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, માણસ ત્યાં સુધી સંપૂર્ણ ઈમાનવાળો નથી બની શકતો જ્યાં સુધી મારાથી પોતાના પુત્ર, પિતા અને સર્વ લોકોથી અધિક મહોબ્બત ન રાખે.

કન્ઝમાં છે : આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તમારામાં સંપૂર્ણ ઈમાનવાળો તે જ છે જે પોતાના પ્રાણથી અધિક મારી સાથે પ્રેમ રાખે.

ઉપરોકત રિવાયતોથી સ્પષ્ટ થયું કે માણસ ઈમાનમાં અતિ સંપૂર્ણ ત્યારે જ બને છે જ્યારે તે મહોબ્બત અને પ્રેમમાં એટલો જ ભાગ ધરાવતો હોય. જેથી અલ્લાહ અને રસૂલની અધિકથી અધિક મહોબ્બત રાખવી જોઈએ તથા દીન બાબતે અને ઈર્શાદ પર અમલ કરવા બાબતે દરેક નફા નુકસાનને ભૂલીને નિર્ણય લેવો જોઈએ.

**(૨) શોખ** : માણસની તબીયતમાં છે કે એ નફા અને ફાયદાને પોતાના માટે પસંદ કરે છે, નુકસાન અને ખોટને પસંદ કરતો નથી, એટલે માણસ કોશિશ અને શ્રમ કરીને ફાયદો પ્રાપ્ત કરવાની આશા ધરાવે છે જ્યારે કે ખોટ અને નુકસાન માટે આપમેળે ડગ ભરતો નથી. તો અલ્લાહ તઆલાએ બંદાઓ પર અપાર કૃપા કરીને એમને પોતાની તરફ બોલાવવામાં પોતાની કૃપા અને દયાની સિફતોનું વર્ણન ફર્માવ્યું કે, હે બંદાઓ ! જે રબ તમને પોતાની તરફ બોલાવી રહ્યો છે તે અપાર કૃપાળુ છે, એની દયાની કોઈ સીમા નથી, જો તમારી તબીયત નફો અને ફાયદાની ઈચ્છા ધરાવે છે તો શું ખુદાથી વધીને કોઈ તમને નફો અને ફાયદો પહોંચાડી શકે છે ? નથી પહોંચાડી શકતો અને કોઈના માટે એ શકય પણ નથી. તો પછી તમે શું કરશો ?

فَفِرُّوْٓا اِلَى اللّٰهِ

"દોડીને અલ્લાહની બારગાહ તરફ ચાલ્યા આવો."

## ★ દયાળુ અલ્લાહ ★

કુર્આન શરીફ ખોલતાની સાથે પ્રથમ સૂરત સૂરએ ફાતિહા છે, એ સૂરત પહેલાં બિસ્મિલ્લાહ શરીફ છે અને સૂરએ તૌબા છોડીને દરેક સૂરતની શરૂઆત અને આરંભમાં બિસ્મિલ્લાહ શરીફ છે, ટોટલ

કુર્આનમાં ૧૧૪ વખત બિસ્મિલ્લાહ શરીફ આપી છે, એમાં અલ્લાહની સિફત રહમાન અને રહીમનું વર્ણન છે. અલ્લાહ અતિ કૃપાળુ અને દયાળુ છે. વારંવાર દયાળુ, દયાળુ, કહેવાનો ભાવાર્થ એ છે કે મારા બંદાઓ મારાથી ભાગશો નહીં, દૂર ન ચાલ્યા જશો, નિકટ આવવાની કોશિશ કરશો, હું દયાળુ છું, તમારા પર દયા કરીશ, દુઃખ, દર્દથી બચાવી લઈશ અને મારી નેઅમતોથી તમને માલામાલ કરી આપીશ.

અલ્લાહ તઆલા ફર્માવે છે :-

وَإِذَا جَاءَكَ الَّذِينَ يُؤْمِنُونَ بِآيَاتِنَا فَقُلْ
سَلَامٌ عَلَيْكُمْ كَتَبَ رَبُّكُمْ عَلَىٰ نَفْسِهِ الرَّحْمَةَ

''અય મહબૂબ ! જયારે તમારી પાસે મારી આયતો પર ઈમાનવાળાઓ આવે તો ફર્માવશો તમારા માટે સલામતી છે તમારા રબે પોતાની ઉપર કૃપા લખી લીધી છે.'' એટલે કે અલ્લાહ તઆલાએ પોતાના કરમથી રહમત અને કૃપા કરવાની જવાબદારી સ્વીકારી લીધી છે. મતલબ એ થયો કે અય મારા બંદાઓ ! ભાગો નહીં, દૂર ન જાવ, હું અપાર દયાળુ છું, મેં કૃપા અને દયા કરવાની જવાબદારી મારા કરમના જિમ્મે લઈ લીધી છે, તમે મારા નિકટ થાવ હું તમારા પર દયા કરીશ.

## ★ અલ્લાહનાં નવ્વાણુ નામો ★

અલ્લાહ તઆલાનાં નવ્વ ાણુ નામો વર્ણન કરવામાં આવે છે. જો તમે એ સિફાતી નામોનો અર્થ નહીં, ભાવાર્થ લેશો તો તમને એ જાણવા મળશે કે વધુ પડતી સિફતોમાં અલ્લાહ તઆલાની કૃપાનું વર્ણન છે. દા.ત. ગફૂર-ગુનોહ બખ્શનાર, તવ્વાબ-તૌબા કબૂલ કરનાર, વદૂદ-મહોબ્બત રાખનાર, મુ'મિન-અમ્ન અને શાંતિ આપનાર, રઊફ--કૃપાળુ, હન્નાન-(મા માફક) મહોબ્બત રાખનાર, સલામ-સલામતી, વહહાબ-અર્પણ કરનાર, હલીમ-નરમી કરનાર, સબ્બૂર-સબ્રનો બદલો આપનાર, બર્ર-નેક વગેરે. આ બધામાં દયા અને કૃપાનો ભાવાર્થ જાણવા મળે છે.





## ★ કૃપાની વિશાળતા ★

અલ્લાહ તઆલા ફર્માવે છે :-

عَذَابِي أُصِيبُ بِهِ مَنْ أَشَاءُ وَرَحْمَتِي وَسِعَتْ
كُلَّ شَيْءٍ

'મારો અઝાબ હું જેને ઈચ્છું છું તેને પહોંચશે અને મારી કૃપા દરેક ચીજને ઘેરી વળેલ છે. એટલે કે અલ્લાહની રહમત અને કૃપાથી વધીને કોઈ ચીજ નથી અને કોઈ પણ ચીજ વસ્તુ અસ્તિત્વમાં કૃપાની પળ પળ મોહતાજ છે.''

## ★ વારંવાર કૃપાનો ઉલ્લેખ ★

અલ્લાહ તઆલાએ વારંવાર કૃપાનો ઉલ્લેખ ફર્માવ્યો અને તેના સિફાતી નામોમાં વધુ પડતા નામોનો ભાવાર્થ કૃપા એટલા માટે જ છે કે અલ્લાહ તઆલાએ એવી તબીયતના લોકોને જેઓ પોતાનો ફાયદો અને નફો લક્ષમાં રાખીને નિર્ણય લે છે તેમના શોખમાં વધારો કરવા માટે અને તેમને પોતાનો માર્ગે ચલાવવા માટે દયા અને કૃપાનો ઉલ્લેખ કર્યો કે તેઓ રબની કૃપા જોઈને તેની તરફ આવવા કોશિશ અને શ્રમમાં લાગી જાય છે. દા.ત. આપણામાં નેક લોકો વાજિબાત અને ફરાઈઝ પર પાબંદીની સાથે અમલ કરે છે, નફલ કામો પણ વધુ પ્રમાણમાં કરે છે એટલે જ કે અલ્લાહ તઆલાએ નાજાઈઝથી બચવામાં, હરામ ન અપનાવવામાં, અને વાજિબો, ફર્ઝોની પાબંદીમાં કુર્આન શરીફમાં જગા જગાએ જન્નતની ખુશખબર સંભળાવી છે. તેમને જન્નતમાં જવાનો શોખ છે અને રબના વાયદાનું શું પૂછવું, જયારે એ વારંવાર ફર્માવે કે હું જન્નત આપીશ તો માણસ દુનિયા તરફનું ધ્યાન ઓછું કરી આખેરતને સફળ બનાવવાના પ્રયાસોમાં વ્યસ્ત થઈ જાય છે.

## ★ પાપીને પણ દા'વત ★

અલ્લાહ તઆલા માત્ર નેક લોકોને જન્નતની દા'વત નથી આપતો

એની દા'વત સર્વના માટે છે. કાફિર ઈમાન લાવીને દા'વત સ્વીકારી લે, ગુનેગાર અને પાપી તૌબા કરીને દા'વત સ્વીકારી લે અને જે એના બનીને રહે છે એમના માટે તો દા'વત છે જે.

આનાથી પણ એ જાણવા મળે છે કે અલ્લાહ તઆલા કેટલો દયાળુ છે, દરેકને જન્નતની દા'વત આપી, દરેકના માટે અલગ અલગ પ્રકારથી પોતાની કૃપાનો દરવાજો ખુલ્લો રાખે છે, દુનિયામાં માણસ જ્યાં સુધી જીવંત છે એના માટે રહમતનો દરવાજો ખુલો છે પણ પ્રવેશવાની કોશિશ એણે પોતાને કરવાની છે. સદા માટે અલ્લાહ તઆલાએ કોઈને નાઉમ્મીદ અને નિરાશ નથી કર્યો. સ્પષ્ટ થયું અલ્લાહ તઆલા ગુનેગારોને પણ શોખ અપાવે છે કે તેઓ પણ મારી બારગાહમાં ચાલ્યા આવે, તેમની ઉપર પણ હું કૃપા કરીશ. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

يَا عِبَادِيَ الَّذِيْنَ اَسْرَفُوْا عَلٰى اَنْفُسِهِمْ لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ اِنَّ اللّٰهَ يَغْفِرُ الذُّنُوْبَ جَمِيْعًا اِنَّهٗ هُوَ الْغَفُوْرُ الرَّحِيْمُ

''અય મારા બંદાઓ ! જેમણે પોતાની જાનો પર ત્રાસ કર્યો અલ્લાહની કૃપાથી નાઉમ્મીદ ન થઈ જશો, બેશક ! અલ્લાહ તઆલા સઘળા ગુનાહો માફ ફર્માવી આપશે. બેશક ! એ બખ્શી આપનાર દયાળુ છે.''

ફર્માવે છે :–

اَنَّهٗ مَنْ عَمِلَ مِنْكُمْ سُوْٓءًۢا بِجَهَالَةٍ ثُمَّ تَابَ مِنْۢ بَعْدِهٖ وَاَصْلَحَ فَاَنَّهٗ غَفُوْرٌ رَّحِيْمٌ

''બેશક ! તમારામાંથી જેણે જહાલતને લઈને ગુનો કર્યો, પછી તૌબા કરી અને વ્યવસ્થિત થઈ ગયો તો બેશક ! એ (અલ્લાહ) બખ્શવાવાળો દયાળુ છે.''

ફર્માવે છે :–

لَا يَيْاَسُ مِنْ رَّوْحِ اللّٰهِ اِلَّا الْقَوْمُ الْخَاسِرُوْنَ





''અલ્લાહની રહમતથી નુકસાન ઉઠાવનારા લોકો જ નિરાશ થાય છે.''

ફર્માવે છે :– وَلَا تَكُنْ مِّنَ الْقَانِطِيْنَ

''નિરાશ થવાવાળો ન બન !''

ફર્માવે છે :–

مَنْ يَّقْنَطُ عَنْ رَّحْمَةِ رَبِّهٖٓ اِلَّا الْقَوْمُ الضَّآلُّوْنَ

''એના રબની કૃપાથી ગુમરાહ લોકો જ નિરાશ થાય છે.''

આ આયતોથી જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાએ ગુનેગાર અને પાપી લોકોને પણ પોતાની કૃપાનું યકીન આપ્યું છે અને ગુનાહોને લઈને એની બારગાહથી ખસી જવાનું નથી કહેવામાં આવ્યું બલ્કે અલ્લાહ તઆલાએ એમને પોતાની રહમતથી નિરાશ થવાની મનાઈ કરી અને ગુનાહો માફ કરી આપવાની ખુશખબર સંભળાવી.

અલ્લાહ તઆલાની આ બશારતો અને ખુશખબરીઓથી ગુનેગારોને આત્મશાંતિ પ્રાપ્ત થાય છે અને તેઓ રબની બારગાહથી તૌબા થકી નિકટ થાય છે અને એની બારગાહના લાયક બનવાનો શોખ ઉત્પન્ન થાય છે.

બુખારીમાં છે : નબીએ પાક ﷺ એ ફર્માવ્યું કે, અલ્લાહ તઆલાનો પ્યારો પ્યારો ઈર્શાદ છે :– رَحْمَتِيْ سَبَقَتْ غَضَبِيْ ''મારી કૃપા મારા ક્રોધથી આગળ થઈ ગઈ.''

**નોંધ** : ખુદા તઆલાની રહમત અને કૃપા પર વધુ ઉલ્લેખ માટે **તોહફાએ નજાત, ભાગ–૭** ને જુઓ.

**(૩) બીક અને ડર** : મહોબ્બત અને પ્રેમ પછી બીજો નંબર શોખનો હતો કે માણસને કંઈક આપવાનો વાયદો આપી એને નિકટ કરવામાં આવે, ત્રીજો પ્રકાર છે બીક અને ડર આપીને નિકટ કરવામાં આવે અને એ બાબતે કુર્આન શરીફની અસંખ્ય આયતો અને નબીએ પાકની હદીષો છે. વધુ ઉલ્લેખ માટે **તોહફાએ નજાત, ભાગ–૨** અને **ભાગ–3** જોવામાં આવે.

## ★ મતલબીને કબૂલ કરી લીધો ★

મતલબી માણસને દુનિયામાં સારો સમજવામાં નથી આવતો અને અજમાવી લીધા પછી એને સાથ પણ આપવામાં નથી આવતો, પણ અલ્લાહ તઆલા કેટલો મહાન દયાળુ છે કે એણે મતલબીને પણ કબૂલ ફર્માવી લીધો.

## ★ મતલબી કોણ અને શાથી ? ★

મહોબ્બત અને પ્રેમથી અલ્લાહની બારગાહથી નિકટ થનાર અને એના ફર્માનો પર અમલ કરનાર પોતાના નફા નુકસાન તરફ ધ્યાન નથી આપતો, એ પોતે દરેક નુકસાનને મહબૂબને ખુશ રાખવામાં ફાયદો જ સમજે છે. એટલે કે આશિક મહબૂબને અને તેની ખુશીને જ લક્ષમાં રાખે છે અને તેના માટે દરેક કુર્બાની આપવા તૈયાર થઈ જાય છે. તો સમાજમાં અને પરિભાષામાં આશિકને મતલબી નથી કહી શકતા, એ નિઃશંક ! બારગાહમાં કબૂલ કરવાના લાયક છે અને એને કબૂલ પણ કરવામાં આવે છે.

પોતાનો ફાયદો લક્ષમાં રાખી નિકટ થનાર અમલ એટલા માટે કરે છે કે મને અમલના બદલામાં જન્નત અને એની નેઅમતો મળશે, વાસનાઓથી બચવામાં એ જ નિય્યત હોય છે કે મને ઈનામ આપવામાં આવશે, તો મહબૂબ તરફ ધ્યાન કેન્દ્રિત ન કરતાં પોતાના નફા તરફ ધ્યાન આપવું ઈશ્કના મેદાનમાં મતલબપરસ્તી છે.

નેક અમલો કરવા એ નિય્યતે કે મને દોઝખથી બચાવી લેવામાં આવે, વાસનાઓથી બચવું એ ઈરાદાથી કે મને અઝાબથી બચાવી લેવામાં આવે, તો અહીંયાં પણ મલતબપરસ્તી સાફ જોવા મળે છે, કારણ કે અહીંયાં પણ મહબૂબ તરફ ધ્યાન કેન્દ્રિત નથી કરવામાં આવતું પોતાની જાતને નુકસાનથી બચાવવાની કોશિશ છે.

ઉપરોકત બંને પ્રકાર મલતબ પરસ્તીના છે એને સ્વીકારવા તો ન જોઈએ. કારણ કે ઈશ્કના મેદાનમાં અને મહોબ્બતની પરિભાષામાં મતલબ પરસ્તીને કોઈ જ દખલ નથી. પણ અલ્લાહ તઆલાની અપાર કૃપા પર કુર્બાન કે એણે મતલબ પરસ્તીને પણ સ્વીકારી લીધી અને પોતે





કુર્આનની આયતોમાં શોખની અને ડરની આયતો ઉતારીને એમને પણ દા'વત આપી અને પોતાની બારગાહમાં કબૂલ કરી લેવાની ખુશખબરી સંભળાવી.

## ★ અલ્લાહનો પ્રિય ! ★

અલ્લાહ તઆલાના ફર્માન પર અમલ કરનાર અલ્લાહનો પ્રિય છે. અને જે લોકો અમલ નથી કરતા, ગુનાહોનાં કામો કરે છે તેમને અલ્લાહ તરફથી પ્રિય હોવાની દા'વત આપવામાં આવી છે કે, જ્યારે તમે મને રબ માનો છો, અલ્લાહ જાણો છો, તમારો અને સમ્રગ જગતનો મને ખાલિક અને માલિક સમજો છો, તમે પોતાને મારો બંદો કહે છો, તો પછી તમારે મને પ્રિય રાખવો જોઈએ અને તમારી ઈચ્છા એ પણ હોવી જોઈએ કે અલ્લાહ તઆલા મને પણ પોતાની બારગાહમાં પ્રિય બનાવી લે.

પ્રિય બનવા માટે શું કરવું જોઈએ ? તો એનો સહેલો અને સરળ જવાબ અલ્લાહ તઆલાએ આપણને કુર્આનની આયતથી આપ્યો :–

إِنْ كُنْتُمْ تُحِبُّونَ اللَّهَ فَاتَّبِعُونِي يُحْبِبْكُمُ اللَّهُ

"જો તમને અલ્લાહથી મહોબ્બત હોય તો મારી પાછળ પાછળ ચાલો ! અલ્લાહ તમને પ્રિય બનાવી લેશે."

## ★ પાછળ ચાલવાનો મતલબ ★

પાછળ પાછળ ચાલવાનો મતલબ એ છે કે તમે તમારી ઈચ્છાથી કશું ન કરો, કરવાની વસ્તુઓમાં જુઓ કે નબીએ પાકનું ફર્માન શું છે ? ખાવા પીવાની વસ્તુઓમાં વિચાર કરો કે નબીએ પાકનો ઈર્શાદ શું છે ? કયા કામો જરૂરી કરવામાં આવ્યાં છે, કયા કામોથી સખ્તી સાથે રોકવામાં આવ્યા છે. સારાંશ એ કે જીવનમાં દરેક નિર્ણયમાં નબીએ પાકની વાતને ઉત્તમતા આપવામાં આવે, અને પોતાની ઈચ્છા છોડીને નબીની ઈચ્છા પર અમલ કરવામાં આવે. આ છે અલ્લાહ તઆલાને પ્રિય રાખવાની દલીલ, અને આ છે નબીની પાછળ ચાલવાનો મતલબ અને ખુદા તઆલા આપને પ્રિય કેવી રીતે બનાવશે એનો મતલબ પણ એ જ છે કે નબીની

પાછળ ચાલવામાં આવે. ખુલાસો એ થયો કે તમે અલ્લાહને પ્રિય રાખો તો નબીની પાછળ ચાલો અને એ ઈચ્છા હોય કે અલ્લાહ તમને પ્રિય રાખે તો પણ નબીની પાછળ ચાલો.

## ★ અમુક અમલો પર પ્રિયતાનું એલાન ★

સમગ્ર શરીઅતનું પાલન કરવું એ જ પ્રિયતાની મોટામાં મોટી દલીલ અને સશકત પૂરાવો છે. પણ અમુક અમલો એવા છે જે અલ્લાહ તઆલાને અધિક પ્રિય છે તો તેની ઉપર અમલ કરવાવાળાઓને અલ્લાહ તઆલાએ એ બશારત આપી કે તમે મારી બારગાહના પ્રિય છો.

(૧) إِنَّ اللّٰهَ يُحِبُّ الْمُحْسِنِيْنَ "બેશક ! અલ્લાહ ભલાઈ કરનારાઓને પ્રિય રાખે છે."

(૨) إِنَّ اللّٰهَ يُحِبُّ التَّوَّابِيْنَ "બેશક ! અલ્લાહ તૌબા કરનારાઓને પ્રિય રાખે છે. "

(3) إِنَّ اللّٰهَ يُحِبُّ الْمُحْسِنِيْنَ "બેશક ! અલ્લાહ એના પર ભરોસો રાખનારાઓને પ્રિય રાખે છે."

(૪) إِنَّ اللّٰهَ يُحِبُّ الْمُحْسِنِيْنَ "બેશક ! અલ્લાહ ન્યાય કરવાવાળાઓને પ્રિય રાખે છે. "

(૫) إِنَّ اللّٰهَ يُحِبُّ الْمُقْسِطِيْنَ "બેશક ! અલ્લાહ નેક લોકોને પ્રિય રાખે છે."

(૬) إِنَّ اللّٰهَ يُحِبُّ الَّذِيْنَ يُقَاتِلُوْنَ فِيْ سَبِيْلِهٖ

"બેશક ! અલ્લાહ એના માર્ગમાં જિહાદ કરનારાઓને પ્રિય રાખે છે."

(૭) وَاللّٰهُ يُحِبُّ الصَّابِرِيْنَ "અલ્લાહ સબ્ર કરવાવાળાઓને પ્રિય રાખે છે."





(૮) وَاللّٰهُ يُحِبُّ الْمُتَطَهِّرِيْنَ "અલ્લાહ પાક સાફ રહેવાવાળાઓને પ્રિય રાખે છે. "

કુર્આનની આ આયતોથી આપણને એક અલગથી દા'વત આપવામાં આવી કે આપણે ખુદાના પ્રિય બનવું હોય તો શું કરવું જોઈએ, બીજું એ કે જેને પ્રિય રાખે તેનાથી ખુશ હોય છે તો અલ્લાહ તઆલાને ખુશ રાખવા માટે શું કરવું જોઈએ, તો સમગ્ર શરીઅત પર અમલ એનો પુરાવો છે પણ ઉપરોકત અમલો અધિક પ્રિય છે અને એના પર અમલ કરવાથી અલ્લાહ તઆલા આપણને અધિક પ્રિય બનાવી લે છે. જ્યારે આપણું દિમાગ આ વાતોમાં વ્યસ્ત થઈ જાય અને આપણા હાથ, પગ અને બીજા અંગો એ માર્ગમાં સફળ થવા માટે કોશિશમાં લાગી જાય તો સમજવું કે એ છે આખિરતની ચિંતા.

## ★ શિખામણોનો ફાયદો ★

શૈતાન આપણને દુનિયાનો બનાવીને રાખવા અને ખુદા તઆલાથી દૂર કરી દેવા માટે લાલચ અને વાસનાઓની શિખામણ આપે છે. જીવન થોડા દિવસ માટે છે જેથી તારે ફાયદો ઉઠાવી લેવો જોઈએ, વાસનાઓ પર અમલ કરીને તો જો, કેટલું સારુ લાગે છે ! જે દુનિયા તારી સમક્ષ છે તેનો વિચાર કર, જે આવવાનું છે તે પછી જોઈ લેવાશે વગેરે..

શૈતાન આ પ્રમાણેની ખોટી શિખામણોથી લાખો લોકોનું જીવન બરબાદ કરી નાખે છે અને આખેરતથી લોકોને વંચિત કરી દે છે. તો અલ્લાહ તઆલાએ આપણી લાગણી રાખીને સશકત દુશ્મનથી બચવા સમગ્ર જગતથી અતિ સશકત નબી આપણને આપ્યા કે તમે શું કરશો અને શું નહીં કરો એનો નિર્ણય પોતે લેશો નહીં, નહીં તો તમે દુશ્મનથી બચી નહીં શકો પણ જે નબીને મેં તમારા માર્ગદર્શક બનાવીને મોકલ્યા છે તેમની પાછળ પાછળ ચાલશો, તેમની શિખામણો પર અમલ કરશો તો તમે મારી બારગાહના પ્રિય બની જશો અને તમારી આખેરત સફળ થઈ જશે.

નબી પછી મેં અન્ય લોકોને મારા તરફથી હિદાયત આપી અને તેમને ઉલૂલ અમ્ર બનાવ્યા તો તમે તેમની શિખામણો પર અમલ કરશો.

અને પોતાને શૈતાનના દાવથી બચાવી લેશો, તમે પ્રિય બની જશો.

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ صِرَاطَ الَّذِيْنَ
اَنْعَمْتَ عَلَيْهِمْ

"અય અલ્લાહ ! અમને સીધે માર્ગે ચલાવ ! માર્ગે તેઓના જેમના પર તે ઈનામ કર્યું."

આપણે ખુદાની બારગાહના પ્રિય બનવું હોય, સત્ય માર્ગે રહેવું હોય અને આખેરત સફળ બનાવવી હોય તો શું કરવું જોઈએ તેનો ઉલ્લેખ થઈ ગયો કે ઈમાનવાળાઓના માર્ગે ચાલવું જોઈએ અને ઈમાનવાળાઓના માર્ગે ચાલવા એમની શિખામણો પર ધ્યાન આપવું જાઈએ અને એ પ્રમાણે બનવાની કોશિશ કરવી જોઈએ તો હવે અમે તમારી ખિદમતમાં આપણા પ્યારા નબી અને અન્ય બુઝુર્ગોની શિખામણોનો ઉલ્લેખ કરીશું અને રબથી દુઆ કરીશું કે આપણને એ પ્રમાણે અમલની તૌફીક અતા ફર્માવે.—*આમીન.*

## ★ આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની નસીહતો અને વસિયતો ★

**(૧)** આપે ફર્માવ્યું : તમારે આલિમોની સભામાં બેસવું જ જોઈએ, શરીઅતના રહસ્યો જાણનાર બુઝુર્ગોની વાતો સાંભળવી જ જોઈએ. બેશક ! અલ્લાહ તઆલા દિલને હિકમતના પ્રકાશથી જીવંત કરે છે, જેમ કે મુર્દા જમીનને વરસાદના પાણીથી જીવંત ફર્માવે છે. આપે ફર્માવ્યું : આલિમ બન, વિદ્યાર્થી બન, સાંભળનાર બન, અથવા (એનાથી) મહોબ્બત રાખનાર બન, પાંચમો ન બન નહીં તો બરબાદ થઈ જશે.

**(૨)** આપે ફર્માવ્યું : સઘળા ગુનાહોનું મૂળ દુનિયાની મહોબ્બત છે અને સઘળા ફિત્નાઓનું મૂળ ઉશ્ર અને ઝકાત ન આપવું છે.

**(૩)** આપે ફર્માવ્યું, ત્રણ કામો નજાત આપનાર છે અને ત્રણ વસ્તુઓ હલાક કરનાર છે તથા ત્રણ દરજ્જાની બુલંદીનું કામ આપે છે અને ત્રણ ગુનાહોને માફ કરનાર છે.





ત્રણ નજાત આપનાર આ છે : જાહેર અને એકાંતમાં અલ્લાહથી ડરવું, ગરીબી અને માલદારીમાં વચલા માર્ગે રહેવું, ખુશી અને ક્રોધમાં ન્યાય કરવો. ત્રણ હલાક કરનાર આ છે : સખત કંજૂસાઈ, વાસનાઓ પર અમલ, અભિમાન. દરજ્જામાં બુલંદીનું કામ આપનાર આ છે : સલામ ફેલાવવી (રિવાજ દેવો), ખાણું ખવડાવવું, લોકો સૂઈ જાય ત્યારે રાતમાં નમાઝ પઢવી.

ત્રણ ગુનાહોને માફ કરાવનાર આ છે : કડાકાની ઠંડકમાં સંપૂર્ણ (સુન્નત મુજબ) વુઝૂ કરવું, જમાઅત માટે અવર જવર, એક નમાઝ પછી બીજી નમાઝની વાટ જોવી.

**(૪)** આપે ફર્માવ્યું, ત્રણ પ્રકારના લોકોને અલ્લાહ તઆલા પોતાના અર્શના છાયડામાં છાયડો આપશે જે દિવસે માત્ર એનો જ છાયડો હશે : (૧) તકલીફમાં વુઝૂ કરવાવાળો (૨) અંધારામાં મસ્જિદો તરફ ચાલનાર (૩) ભૂખ્યાને ખવડાવનાર.

**(૫)** આપે ફર્માવ્યું, જે ગુનાહોની બદનામીથી નીકળીને હુકમના પાલનની ઈજ્જતમાં પ્રવેશી જાય અલ્લાહ તઆલા એને વિના માલ મિલ્કતે બેપરવા કરી આપે છે, વિના સૈન્યએ એની મદદ કરે છે, કુટુંબ કબીલાવાળા ન હોય તો પણ તેને ઈજ્જત આપે છે.

**(૬)** આપણા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم એક દિવસ પોતાના સહાબા પાસે આવ્યા અને પૂછયું, તમે સવાર કેવી સ્થિતિમાં કરી ? વિનંતિ કરી, અલ્લાહ પર ઈમાનવાળા હોવાની હાલતમાં. ફર્માવ્યું, તમારા ઈમાનનું ચિન્હ શું છે ? વિનંતિ કરી, અમો મુસીબત પર સબ્ર કરીએ છીએ, રાહત અને આનંદ પર શુક્ર કરીએ છીએ, અલ્લાહના નિર્ણય પર ખુશ રહીએ છીએ. આપે ફર્માવ્યું, તમે સાચા ઈમાનવાળા છો, કા'બાના રબની કસમ ! અલ્લાહ તઆલાએ એક નબી પર વહી ઉતારી કે જે મને પ્રિય રાખવાની હાલતમાં મારી મુલાકાત કરે એને હું મારી જન્નતમાં દાખલ કરીશ. જે મારાથી ડરવાની હાલતમાં મારી મુલાકાત કરે એને હું મારી દોઝખથી બચાવી લઈશ, જે મારાથી શરમ રાખવાની હાલતમાં મારી મુલાકત કરે તેના અમલો લખનાર ફરિશ્તાઓને હું એના ગુનાહો ભૂલાવી દઈશ.

**(૭)** આપે ફર્માવ્યું, બેશક ! અલ્લાહ તઆલા ચાર પ્રકારના લોકો માટે બીજા ચાર પ્રકારના લોકોથી પુરાવો લાવશે, માલદારો માટે સુલેમાન બિન દાઊદ عليه السلام નો લાવશે, ગુલામો પર હઝરત યુસૂફ عليه السلام નો પુરાવો લાવશે, બીમારો પર હઝરત ઐયૂબ عليه السلام નો પુરાવો લાવશે, ફકીરો અને ગરીબો પર હઝરત ઈસા عليه السلام નો પુરાવો લાવશે.

હદીષે પાકનો ભાવાર્થ એ છે કે માલદારો બહાનું બનાવશે કે માલ દોલતની હેરાફેરીમાં અમારી પાસે સમય ન હતો કે અમો તારું (ઈબાદત તથા ફર્માંબરદારી) કરી શકીએ તો અમને એ બાબતે મજબૂર સમજીને માફ કર. તો અલ્લાહ તઆલા ફર્માવશે હઝરત સુલેમાનને મેં રાજા બનાવ્યા, રાજાને તો સઘળી પ્રજાની ચિંતા હોય છે તો પણ તેમણે મારા એક હુકમને છોડયો નથી, રાજા બનીને બંદગી થઈ શકે છે તો માત્ર ધનવાન બનીને કેમ ન થઈ શકે ?

ગુલામ અને બંદી લોકો કહે કે અમે અન્યના હાથ નીચે હતાં એટલે અમારાથી તારી બંદગીનું કંઈ ન થઈ શકયું. તો અલ્લાહ તઆલા ફર્માવશે, હઝરત યુસૂફ عليه السلام પણ જીવનનો એક મોટો ભાગ ગુલામ અને બંદી બનીને રહ્યા હતા પણ એમણે તો આમ ન કર્યું હતું ?

બીમાર લોકો કહેશે કે બીમાર હોવાને લઈને અમારાથી તારી બંદગીનું કામ ન થઈ શકયું. તો અલ્લાહ તઆલા ફર્માવશે, હઝરત ઐયૂબ عليه السلام ને મેં તમારાથી વધારે સખત બીમારી આપી હતી પણ એમણે તો એવું ન કર્યું હતું ?

ગરીબ અને ફકીર લોકો કહેશે કે અમે ગરીબ હતાં, ફકીર હતાં અમારી પાસે કંઈ ન હતું થોડું ઘણુ પ્રાપ્ત કરવામાં અમારી પાસે બંદગીનો સમય ન હતો ! તો અલ્લાહ તઆલા ફર્માવશે, હઝરત ઈસા عليه السلام એ તો નથી ઘર બનાવ્યું નથી પાસે કંઈ વસાવ્યું, એ તો દુનિયાથી તદ્દન અલગ રહીને પણ મારી બંદગી કરતા હતા, અને તમે કહો છો તમારી પાસે સમય ન હતો.

**(૮)** આપે ફર્માવ્યું, જયારે કિયામતનો દિવસ હશે, ત્રાજવુ રાખવામાં આવશે પછી નમાઝીઓને બોલાવવામાં આવશે, પછી એમને પૂરો બદલો આપવામાં આવશે, પછી રોઝાદારોને બોલાવવામાં આવશે,





પછી એમને પૂરો બદલો આપવામાં આવશે, પછી હાજીઓને બોલાવવામાં આવશે, પછી એમને પૂરો બદલો આપવામાં આવશે, પછી મુસીબતવાળાઓને બોલાવવામાં આવશે, એમના માટે ત્રાજવુ રાખવામાં નહીં આવે, એમનું અમલનામુ પણ ખોલીને બતાવવામાં નહીં આવે, એમને તો એમનો અસંખ્ય ગણો બદલો આપશે. એમને જોઈને રાહતવાળાઓ તમન્ના કરશે કે આપણે પણ એમની જગાએ વધારે સવાબવાળા હોત !

**(૯)** આપે ફર્માવ્યું, જે પાંચ ચીજોને હલકી સમજશે એ પાંચ વસ્તુઓમાં નુકસાન ઉઠાવશે : (૧) જે આલિમોને હલકો સમજશે દીનનું નુકસાન ઉઠાવશે. (૨) જે આગેવાનો અને લીડરોને હલકો સમજશે દુનિયાનું નુકસાન ઉઠાવશે. (૩) જે પડોશીઓને નીચાં સમજશે તેને (નિકટતાનો) ફાયદો નહીં પહોંચે. (૪) જે સગા સંબંધીઓને તુચ્છ નજરોથી જોશે તે મહોબ્બતનું નુકસાન ઉઠાવશે. (૫) જે ઘરવાળાઓને નીચ જાણશે એનું જીવન બરબાદ થઈ જશે.

**(૧૦)** આપે ફર્માવ્યું, નિકટમાં મારી ઉમ્મત પર એક એવો જમાનો આવશે કે તેઓ પાંચ ચીજોથી મહબ્બત રાખશે અને પાંચને ભૂલી જશે : (૧) દુનિયાથી પ્રેમ કરશે અને આખેરતને ભૂલી જશે. (૨) ઘરોથી પ્રેમ કરશે અને કબ્રોને ભૂલી જશે. (૩) માલથી પ્રેમ કરશે અને હિસાબ (નો દિવસ) ભૂલી જશે. (૪) ઘરવાળાઓથી પ્રેમ કરશે અને હૂરને ભૂલી જશે. (૫) પોતાની જાતથી પ્રેમ કરશે અને અલ્લાહને ભૂલી જશે, તેઓ મારાથી અલગ છે અને હું તેમનાથી અલગ છું.

**(૧૧)** આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલા જેને પાંચ કામોની તૌફીક આપશે તો તેને બીજી પાંચ પણ અર્પણ કરશે : (૧) જેને શુક્રની તૌફીક આપશે તેની નેઅમતોમાં વધારો પણ કરશે. (૨) જેને દુઆની તૌફીક આપશે તેની દુઆ કબૂલ પણ કરશે. (૩) જેને ગુનાહોથી માફી માંગવાની તૌફીક આપશે તેના ગુનાહો પણ માફ કરશે. (૪) જેને તૌબાની તૌફીક આપશે તેની તૌબા કબૂલ પણ કરશે. (૫) જેને સદકો આપવાની તૌફીક આપશે તેનો સદકો કબૂલ પણ કરશે.

**(૧૨)** આપે ફર્માવ્યું, માલ ભેગો કરવામાં પાંચ આફતો આવે છે :

(૧) એને ભેગો કરવામાં તલ્લીન રહેવું. (૨) એને વ્યવસ્થિત બનાવવામાં અલ્લાહના ઝિક્રને છોડી આપવો. (૩) લૂટારા અને ચોરનો ભય રહેવો. (૪) એને બખીલનું નામ આપવામાં આવશે એ શંકા રહેવી. (૫) એને લઈને નેક લોકોની સંગતથી જુદા થઈ જવું.

માલ ભેગો કરવાથી બચવામાં પાંચ ફાયદાઓ છે : (૧) ભેગો કરવાથી રાહત મળી જવી. (૨) રક્ષણની ચિંતા નથી એટલે અલ્લાહની યાદનો સમય મળવો. (૩) લૂટારા અને ચોરનો કોઈ જ ભય નહીં. (૪) પોતાના માટે સખીનું ઉપનામ મેળવવું. (૫) નેક લોકોની સંગતમાં રહેવાનો મોકો મળશે.

**(૧૩)** આપે ફર્માવ્યું, છ વસ્તુઓ છ જગાએ ગરીબીની સ્થિતિમાં હોય છે : (૧) બેનમાઝી લોકોમાં મસ્જિદ. (૨) તિલાવત ન કરનારાઓના ઘરમાં કુર્આન. (૩) બેઅમલ અને બદ્‌કારના પેટમાં કુર્આન. (જ્યારે તે હાફિઝ હોય.) (૪) નેક મુસલમાન સ્ત્રી જાલિમ અને બદ્‌કાર પુરૂષના હાથ નીચે. (૫) નેક મુસલમાન પુરૂષ બદ્‌ચલન, ખરાબ સ્ત્રીના હાથમાં. (૬) આલિમ એવા લોકોમાં જેઓ એની વાત ન સાંભળે. આપે ફર્માવ્યું એવા લોકો પર અલ્લાહ તઆલા કૃપાથી જોશે પણ નહીં.

**(૧૪)** આપે ફર્માવ્યું, સાત પ્રકારના વ્યક્તિઓ પર મારી લા'નત ! અલ્લાહ તઆલાની લા'નત ! અને દરેક નબીની લા'નત જેમની દુઆ કબૂલ થાય છે ! (૧) અલ્લાહની કિતાબમાં વધઘટ કરનાર. (૨) તકદીર (નસીબનું લખાણ)નો અસ્વીકાર કરનાર (૩) પોતાના જુલ્મ અને ત્રાસથી લોકો પર કબ્જો જમાવી લેનાર. (૪) જેને અલ્લાહ તઆલાએ માન આપ્યું તેનું અપમાન કરનાર. (૫) અલ્લાહના હરામને હલાલ કરનાર. (૬) મારી ઓલાદનું અપમાન કરનાર. (૭) મારી સુન્નત છોડી આપનાર. આપે ફર્માવ્યું, કિયામતના દિવસે આવા લોકોને અલ્લાહ તઆલા કૃપાની નજરથી જોશે પણ નહીં.

**(૧૫)** આપે ફર્માવ્યું, સાત પ્રકારના લોકોને અલ્લાહ તઆલા કિયામતના દિવસે પોતાના અર્શના છાયડા નીચે રાખશે, તે દિવસે માત્ર એનો છાયડો હશે : (૧) ન્યાય કરવાવાળો આગેવાન (૨) યુવાન જે અલ્લાહની ઈબાદતમાં મોટો થયો. (૩) જેણે એકાંતમાં અલ્લાહને યાદ





કર્યો અને અલ્લાહના ડરથી એની આંખોમાં આંસૂ આવી ગયાં. (૪) નમાઝી જેનું દિલ મસ્જિદ સાથે લાગેલું રહે જ્યાં સુધી ત્યાં પરત ન થાય. (૫) એવો વ્યક્તિ જેણે સદકો આપ્યો તો એના ડાબા હાથને ખબર ન થઈ કે જમણા હાથે શું કર્યું. (૬) બે વ્યક્તિ જેઓ અલ્લાહને ખુશ રાખવા એક બીજાથી દોસ્તી રાખે. (૭) જેને ખૂબસૂરત સ્ત્રીએ પોતાની તરફ બોલાવ્યો તો એણે ના કહ્યું અને કહ્યું કે હું અલ્લાહ તઆલાનો ડર રાખું છું.

**(૧૬)** આપે ફર્માવ્યું, (૧) દુનિયા એનું ઘર છે જેનું કોઈ ઘર ન હોય. (૨) એનો માલ છે જેનો કોઈ માલ ન હોય. (૩) જેની પાસે અક્કલ ન હોય તે એને ભેગી કરશે. (૪) જેની પાસે સમજ ન હોય તે એની વાસનાઓમાં વ્યસ્ત થશે. (૫) જેની પાસે ઈલ્મ ન હોય તે એની પાછળ રહેશે. (૬) જેની પાસે અક્કલનો છાંટો ન હોય તે એના પર ઈર્ષા કરશે. (૭) જેની પાસે યકીન ન હોય તે એમાં કોશિશ કરશે.

**(૧૭)** આપે ફર્માવ્યું, હઝરત જિબ્રઈલ عليه السلام એ મને (૧) પડોશી બાબતે સતત વસિય્યત કરતાં રહ્યા, મને એવું થયું કે એને વારસદાર બનાવી દેવામાં આવશે. (૨) સ્ત્રીઓ બાબતે વસિય્યત કરતા રહ્યા ત્યાં સુધી કે મને એવું લાગ્યું કે એમને તલાક આપવી હરામ કરી દેવામાં આવશે. (૩) ગુલામો અને બાંદીઓ બાબત વસિય્યત કરતા રહ્યા, મને એવું લાગ્યું કે એક સમય પછી એમને મુક્તિ આપી દેવામાં આવશે. (૪) મિસ્વાકની વસિય્યત કરતા રહ્યા, મને એવું લાગ્યું કે ફર્ઝ કરી દેવામાં આવશે. (૫) મને નમાઝે બાજમાઅતની વસિય્યત કરતા રહ્યા, મને એવું લાગ્યું કે વિના જમાઅતે નમાઝ કબૂલવામાં નહીં આવે. (૬) રાતની નમાઝ (તહજ્જુદ) બાબતે વસિય્યત કરતા રહ્યા, મને એવું લાગ્યું કે રાતમાં સૂવાનું નહીં રહે. (૭) મને અલ્લાહના ઝિક્રની વસિય્યત કરતા રહ્યા, મને એવું લાગ્યું કે એના સિવાય કોઈ વાત ફાયદાની નહીં રહે.

**(૧૮)** આપે ફર્માવ્યું, સાત વ્યક્તિ એવા છે કે કિયામતના દિવસે અલ્લાહ તઆલા એમને જોશે નહીં, એમને પાક કરશે નહીં, અને એમને દોઝખમાં દાખલ કરશે. તેઓ છે : પાછળની જગાએથી જાતિય સંતોષ મેળવનાર અને આપનાર, હસ્તદોષ કરનાર, પ્રાણીથી જાતિય સંતોષ મેળવનાર, પત્નીની પાછળની જગાએથી જાતિય સંતોષ પ્રાપ્ત કરનાર, પત્ની

અને તેની પુત્રીને જાતીય સંતોષમાં ભેગી કરનાર, પોતાના પડોશીની પત્નીથી ઝિના કરનાર, પોતાના પડોશીને નાહક તકલીફ આપનાર.

**(૧૯)** આપે ફર્માવ્યું, આઠ ચીજો બીજી આઠ ચીજોથી ધરાઈ નથી શકતી : (૧) આંખ જોવાથી (૨) પૃથ્વી વરસાદથી (૩) સ્ત્રી પુરૂષથી (૪) આલિમ ઈલ્મથી (૫) ભીખારી માંગવાથી (૬) લાલચી ભેગું કરવાથી (૭) સમુદ્ર પાણીથી (૮) આગ લાકડાથી.

**(૨૦)** આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ હઝરત મૂસા બિન ઈમરાન عليه السلام ને વહી મોકલી કે, ગુનાહોના મૂળ ત્રણ છે, અભિમાન, ઈર્ષા, અને લાલચ. એનાથી બીજા છ ગુનાહ જન્મ લે છે, આમ ટોટલ નવ થાય છે. પ્રથમ છ આ પ્રમાણે છે : (૧) પેટ ભરીને ખાવું (૨) ઊંઘવું (૩) આરામ કરવું (૪) માલ મિલ્કતની મહબ્બત (૫) પોતાના વખાણનો શોખ (૬) આગેવાન બનવાનો શોખ.

**(૨૧)** આપે ફર્માવ્યું, મારી ઉમ્મતમાંથી દસ વ્યક્તિ એવાં છે જે અલ્લાહ તઆલા સાથે કુફ્ર કરનારાઓ જેવા છે, ભલે એમનું માનવું એવું હોય કે અમે પાકા મુસલમાન છીએ : (૧) નાહક (મુસલમાનને) કતલ કરનાર (૨) જાદૂગર (૩) દય્યૂષ જેને પોતાની પત્નીની બદ્કારીથી શરમ ન આવે. (૪) ઝકાત ન આપનાર (૫) દારૂ પીનાર (૬) હજ્જ ફર્ઝ થયા પછી પણ ન કરનાર (૭) ફિત્ના ફેલાવનાર (૮) ગૈર મુસ્લિમને હથિયાર વેચનાર (૯) પત્નીની પાછળની જગાએથી જાતિય સંતોષ પ્રાપ્ત કરનાર, જો આ કામોને હલાલ સમજી લે તો ખરેખર કાફિર છે.

**(૨૨)** આપે ફર્માવ્યું, માણસ આકાશ અને જમીનમાં ઈમાનવાળો નથી થઈ શકતો જ્યાં સુધી એ અલ્લાહ સુધી પહોંચનાર ન બને. અલ્લાહ સુધી પહોંચનાર ત્યારે જ બને છે જ્યાં સુધી મુસલમાન ન બને, અને મુસલમાન નથી બની શકતો જ્યાં સુધી લોકો એના હાથ જીભથી સલામત ન રહે, મુસલમાન ત્યારે જ બની શકે છે જ્યારે ઈલ્મવાળો હોય, આલિમ ત્યારે જ બની શકે છે જ્યારે તે ઈલ્મ પર અમલ કરતો હોય, અને ઈલ્મ પર અમલવાળો ત્યારે જ બની શકે છે જ્યારે એ ઝાહિદ (દુનિયાથી નફરત કરનાર) બને, અને ઝાહિદ ત્યારે જ બની શકે છે કે એના દિલમાં ખુદાનો ખૌફ આવે, અને ખુદાનો ખૌફ રાખનાર ત્યારે જ બની શકે છે જ્યારે





નમ્રતાવાળો બને, નમ્રતાવાળો નથી બની શકતો જ્યાં સુધી પોતાની જાતને ન ઓળખે, અને પોતાની જાતને ઓળખનાર ત્યારે જ બની શકે છે જ્યારે વાતચીતમાં સમજદારીથી કામ લે.

**(૨૩)** આપે ફર્માવ્યું, સલામતીના દસ પ્રકાર છે, પાંચ દુનિયાથી સંબંધિત છે અને પાંચ આખેરતથી સંબંધિત છે. દુનિયાથી સંબંધિત પાંચ આ પ્રમાણે છે : (૧) ઈલ્મ (૨) બંદગી (૩) હલાલ રોજી (૪) તકલીફ પર સબ્ર (૫) નેઅમત પર શુક્ર કરવો. આખેરતથી સંબંધિત પાંચ આ પ્રમાણે છે : (૧) એની પાસે મલકુલ મૌત કૃપા અને નરમીથી આવશે. (૨) કબ્રમાં મુન્કર નકીર એની પાસે ભયંકર શકલમાં નહીં આવે. (૩) કિયામતના દિવસની તકલીફોથી એને ભય નહીં હોય. (૪) એના ગુનાહો માફ કરી દેવામાં આવશે અને નેકીઓ કબૂલી લેવામાં આવશે. (૫) પુલસિરાત પરથી વીજળી માફક પસાર થઈ જશે અને જન્નતમાં સલામતીથી દાખલ થઈ જશે.

**(૨૪)** આપે ફર્માવ્યું, હસનારને દસ પ્રકારની સજાઓ આપવામાં આવે છે : (૧) એનું દિલ મરી જશે. (૨) ચહેરાની ચમક જતી રહેશે. (૩) શૈતાન એની મજાક કરશે. (૪) અલ્લાહ એના પર ક્રોધિત હશે (૫) કિયામતના દિવસે એનો હિસાબ સખ્તીથી લેવામાં આવશે. (૬) નબીએ પાક એનાથી મોઢું ફેરવી લેશે. (૭) ફરિશ્તાઓ એના પર લા'નત કરશે. (૮) આકાશવાળા અને જમીનવાળા એનાથી નારાજ થશે. (૯) દિમાગ ભૂલકણું બની જાય છે. (૧૦) કિયામતમાં એની બેઈજ્જતી કરવામાં આવશે.

**(૨૫)** આપે ફર્માવ્યું, દસ પ્રકારના લોકોની નમાઝ અલ્લાહ કબૂલ નહીં કરે : (૧) જે કિરાઅત વિના એકલો નમાઝ પઢે. (૨) જે માણસ ઝકાત ન આપે. (૩) જે લોકોનો ઈમામ બને જ્યારે લોકો એને પસંદ ન કરે. (૪) નાસી છૂટેલો ગુલામ (૫) હમેશાં દારૂ પીનાર (૬) પત્નીનું અવસાન થઈ ગયું અને એનો પતિ એનાથી ખુશ ન હોય. (૭) આઝાદ સ્ત્રી (જે કોઈની ગુલામીમાં ન હોય) ઓઢણી વિના નમાઝ પઢે (૮) વ્યાજખોર (૯) જાલિમ આગેવાન (૧૦) જેને એની નમાઝ બુરાઈ અને બેહયાઈથી ન બચાવે અને રહમતથી દૂર કરી આપે.

**(૨૬)** આપે ફર્માવ્યું, મસ્જિદમાં પ્રવેશનારે દસ કામોનો ખયાલ રાખવો જોઈએ : (૧) પોતાના શોકસ અને ચપ્પલને સારી રીતે જોઈ લેવા (૨) જમણા પગથી અંદર પ્રવેશે. (૩) જ્યારે પ્રવેશે તો પઢે, અલ્લાહના નામથી સલામ અલ્લાહના રસૂલ પર અને અલ્લાહના ફરિશ્તાઓ પર, અય અલ્લાહ ! અમારા માટે તારી રહમતના દરવાજાઓ ખોલી નાખ, બેશક ! તું અર્પણ કરનાર છે. (૪) મસ્જિદવાળાઓને સલામ કરે, મસ્જિદમાં કોઈ ન હોય તો આમ કહે, સલામ અમારા પર અને અલ્લાહના નેક બંદાઓ પર, અને પઢે : **અશ્હદુ અલ્ લાઈલાહા ઈલ્લલાહ વ અન્ના મુહમ્મદર રસૂલુલ્લાહ.** (૫) નમાઝીની સામેથી પસાર ન થાય. (૬) દુનિયાનું કામ ન કરે. (૭) દુનિયાની વાત ન કરે. (૮) બે રકાત (નફ્લ) પઢીને જ નીકળે (જો મકરૂહ સમય ન હોય.) (૯) વુઝૂ કરીને જ પ્રવેશે. (૧૦) જ્યારે બહાર નીકળવા ઊભો થાય તો પઢે : **સુબ્હાનકલ્લાહુમ્મા વબિહમ્દિકા અશ્હદુ અલ લાઈલાહ ઈલ્લા અન્તા અસ્તગફિરુક વ અતૂબુ ઈલૈહ.**

**(૨૭)** આપે ફર્માવ્યું : નમાઝ દીનનો થાંભલો છે એમાં દસ ફાયદાઓ છે : (૧) ચહેરાની ખૂબસૂરતી (૨) દિલનું પ્રકાશ (૩) બદનમાં શાંતિ (૪) કબ્રમાં દોસ્તી (૫) કૃપા અને રહમત ઉતરવાનું કારણ (૬) આકાશની ચાવી (૭) આખેરતમાં ત્રાજવાનું વજન (૮) દોઝખથી પર્દો (૯) જેણે એની પાબંદી કરી એણે દીનને વ્યવસ્થિત કર્યો (૧૦) જેણે એને છોડી આપી દીનને બરબાદ કર્યો.

**(૨૮)** આપે ફર્માવ્યું, માણસના ત્રણ મિત્રો છે : એક એની મોત સુધી એની સાથે રહે છે, બીજો કબ્ર સુધી, અને ત્રીજો કિયામત સુધી સાથે રહેશે. જે મોત સુધી સાથે રહેશે તે માલ છે, કબ્ર સુધી સાથ આપશે તે એના ઘરવાળાઓ છે, અને કિયામત સુધી સાથ આપનાર એના અમલો છે.

જ્યારે દરેક સાથી અને દોસ્ત કબ્ર સુધી છે અને આપણા અમલો આપણા સાથે જ રહેશે તો પછી આપણે સારા અમલો કરીને આપણી બરઝખ અને આખેરત સફળ બનાવવી જોઈએ.

**(૨૯)** આપે ફર્માવ્યું, બે ભયંકર સિંહ બકરીઓના ધણમાં પેસીને એટલું નુકસાન નથી પહોંચાડી શકતા, જેટલું કોઈ મુસલમાનના ધર્મમાં



તોહફાએ નજાત (ભાગ-૯)

માલ, ઈજ્જત અને પદની ઈચ્છા નુકસાન પહોંચાડે છે. એટલે કે કોઈ મુસલમાનના દિલમાં માલ, ઈજ્જત અને કોઈ પદની પ્રાપ્તિની ઈચ્છા થાય છે અને એ એના માટે કોશિશમાં લાગી જાય છે તો પછી એનું ધ્યાન દીન અને ધર્મ તરફ રહેતું નથી, એ પોતાનો સઘળો સમય એમાં જ લગાડી આપે છે અને શરીઅતને પણ વચમાં જગા આપતો નથી એટલે એની વધારે ઈચ્છા ન હોવી જોઈએ. આખેરત સફળ બનાવવાની ઈચ્છા હોવી જોઈએ.

**(૩૦)** આપે ફર્માવ્યું : હું તમારા માટે બે વસ્તુઓના ઘેરી વળવાથી ડરું છું, લાંબી લાંબી ઉમ્મીદો, અને વાસનાઓનું અનુસરણ, મતલબ એ કે માણસ જેટલી લાંબી ઉમ્મીદો રાખે એટલી તેની પ્રાપ્તિમાં કોશિશ કરે, અને વાસનાઓ પૂરી કરવી શરીઅત અને દીનથી ખસીને જ થઈ શકે છે, એટલે નુકસાનથી બચવા એ બે વસ્તુઓથી બચવું જરૂરી છે.

**(૩૧)** આપે સહાબાને ફર્માવ્યું, શું તમે જન્નતમાં જવાની ઈચ્છા રાખો છો ? વિનંતિ કરી, કેમ નહીં આકા ! આપે ફર્માવ્યું, ઉમ્મીદો ઓછી કરો અને અલ્લાહથી એની શાન પ્રમાણે શરમ કરો. સહાબાએ વિનંતિ કરી, આકા ! અમે શરમ કરીએ છીએ. આપે ફર્માવ્યું, શરમ એ નથી જે તમે સમજો છો, શરમ એ છે કે તમે કબ્ર અને એની તકલીફોને યાદ કરો, પેટને હરામથી બચાવો, દિમાગમાં બુરા ખ્યાલો ન આવવા દો, વાસ્તવમાં શરમ આ જ છે અને એનાથી જ બંદાને અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત થાય છે.

**(૩૨)** એક અન્સારી યુવાને પૂછયું, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم ઈજ્જતવાળો અને ચતુર કોણ છે ? આપે ફર્માવ્યું, જે મોતને વધારે યાદ કરે અને એના માટે વધારે કોશિશ કરે, અને એવા લોકો જ આખેરતમાં ઈજ્જતવાળા છે.

**(૩૩)** આપે ફર્માવ્યું, જે જવાનીમાં હસે છે વૃધ્ધવસ્થામાં રડે છે, જે માલદારીમાં હસે છે, ગરીબીમાં રડે છે, જે જીવનમાં હસે છે, મોત સમયે રડે છે. મતલબ એ કે આપણે જવાની, માલદારી અને જીવનની કદર કરવી જોઈએ. આખેરતમાં હસવાનો સમય મળે એ કોશિશ કરવી જોઈએ.

**(૩૪)** આપે ફર્માવ્યું, કિયામતના દિવસે સઘળી આંખો રડવાવાળી હશે પણ ત્રણ આંખો નહીં રડે :– જે અલ્લાહના ખૌફથી રડી, જે અલ્લાહની હરામ કરેલ ચીજોથી બંધ થઈ ગઈ, જે ખુદાના માર્ગમાં જાગતી રહી.

**(૩૫)** આપે ફર્માવ્યું, મય્યિતના વાળોમાંથી એક વાળ જમીન અને આકાશમાં રહેવાવાળઓ પર રાખી દેવામાં આવે તો સૌ મૃત્યુ પામે કારણ કે મય્યિતના દરેક વાળમાં મોત હોય છે અને મોત કશા પર આવે તો તે નષ્ટ થઈ જાય છે.

**(૩૬)** આપે ફર્માવ્યું, જ્યારે માણસ મરે છે તો ફરિશ્તાઓ કહે છે, એણે શું મોકલ્યું છે ? અને માણસો કહે છે, એણે શું છોડયું છે ? એટલે કે ફરિશ્તાઓની નજર એના અમલો પર હોય છે. કારણ કે એમને એ પ્રમાણેનો ફૈંસલો કરવાનો હોય છે. વારસદારોને મય્યિતની ચિંતા નથી હોતી, એમને એ ફિકર હોય છે કેટલું છોડીને મર્યો છે અને આપણને કેટલો ભાગ મરશે. તેઓ પોતાના મતલબમાં પડેલા છે. તો પછી આપણે આપણા આખેરતના જીવન માટે તો કાંઈ કરવું જ જોઈએ, જે અમલો આપણને સાથ આપશે અને જે આપણા બનીને રહશે તેની ચિંતા આપણને વધારે હોવી જોઈએ.

**(૩૭)** આપે ફર્માવ્યું, માણસ મારો માલ ! મારો માલ ! કહે છે પણ તમારો માલ એ છે, જે તમે ખાઈ લીધો એ ખત્મ થઈ ગયો, જે પહેરી લીધુ તે જૂનુ થઈ ગયું, જે ખુદાના માર્ગમાં ખર્ચ કર્યો તે બાકી રહી જશે, એટલે કે એનો બદલો તમને આખેરતમાં મળશે. હુઝૂરે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના કહેવાનો ભાવાર્થ એ છે કે આ તમારા માલમાંથી તમારું છે અને જે તમે છોડીને મરશો એ તમારા વારસદારોનું છે. વારસદારોની પણ ચિંતા હોવી જોઈએ પણ એટલી નહીં કે એમના માટે આપણે આપણી આખેરત ખરાબ કરી લઈએ, આખેરત ખરાબ કરીને દુનિયા સફળ બનાવાનો કોઈ જ ફાયદો નથી.

**(૩૮)** એક ગામડિયો માણસ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં આવ્યો અને વિનંતિ કરી, હુઝૂર મને વસિય્યત ફર્માવો, શિખામણ આપો ! આપે ફર્માવ્યું, તું દરેક નમાઝને તારા જીવનની અંતિમ નમાઝ સમજીને પઢ, કોઈ વાત એવી ન કર જેના પર કાલે તારે બહાનું ન





બનાવવું પડે અને લોકોના માલની ઈચ્છા ન રાખ.

**(૩૯)** આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલા ફર્માવે છે : મેં માલ, મિલ્કત, નમાઝ અને ઝકાત અદા કરવા માટે આપ્યા છે, જો માણસને સોનાનું એક જંગલ મળી જાય તો એ બીજાની ઈચ્છા ધરાવશે, જો બીજુ મળે તો ત્રીજાની ઈચ્છા રાખશે, માણસના પેટને કબ્રની માટી જ ભરી શકે છે. એટલે કે માણસ એટલો લાલચી છે કે હાય દુનિયા ! હાય દુનિયા ! કરીને એને પ્રાપ્ત કરવામાં વ્યસ્ત રહે છે. આખેરતનું આજે નહીં કાલે કરીશ, કહીને મોતના મોઢામાં પહોંચી જાય છે અને કબ્રમાં જઈને પોતાના જીવન માટે હમેશાંનો અફસોસ કરતો રહી જાય છે.

**(૪૦)** આપે ફર્માવ્યું, અય મુહાજેરીનની જમાઅત ! પાંચ આફતો એવી છે જેનાથી હું રબની પનાહ માંગું છું. (૧) **જ્યારે કૌમમાં ખુલ્લમ ખુલ્લા બદ્‌કારીઓ થવા લાગે છે તો અલ્લાહ તઆલા એમના પર એવી મુસીબતો ઉતારે છે જે પહેલાં કોઈના ઉપર ઉતારવામાં નહીં આવી હોય.** (૨) જ્યારે કોઈ કૌમ માપ તોલમાં ઓછું કરે છે તો એમના પર, ગરીબી, દુષ્કાળ અને જાલિમ આગેવાન નિયુકત કરી આપે છે. (૩) જ્યારે કોઈ કૌમ પોતાના માલની ઝકાત નથી આપતી તો એમને સુકા દુષ્કાળમાં સપડાવામાં આવે છે. (૪) જો જમીન પર ખુશ પક્ષીઓ ન હોત તો એમના પર કયારે વરસાદ ન વરસતો. (૫) જ્યારે કોઈ કૌમ અલ્લાહ અને રસૂલના વાયદાઓ તોડી નાખે છે તો એમની ઉપર એવા દુશ્મનો નિયુકત કરવામાં આવે છે જે એમના માલ મિલ્કત ખેંચાવી લે છે અને જે કૌમના આગેવાનો અલ્લાહની કિતાબથી ફૈંસલો નથી કરતા એમના દિલોમાં એક બીજાનો ડર બેસી જાય છે.

## ★ હુઝૂર ગૌષે આ'ઝમ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہ ની શિખામણો ★

આપે ફર્માવ્યું, એક ઈમાનવાળા માટે દરેક હાલતમાં ત્રણ ચીજો જરૂરી છે : (૧) શરીઅતના હુકમો પર પૂરેપૂરો અમલ કરે. (૨) શરીઅતે મનાઈ કરેલ હુકમોમાં સંપૂર્ણપણે બચે. (૩) તકદીર (ના નિર્ણયો) પર

શુક્ર કરે અને સબ્રથી કામ લે. એક મુસલમાન માટે તદ્દન નીચલું પદ એ છે કે એ આ ત્રણથી કયારે પણ અલગ ન થાય, એક ઈમાનવાળાની શાન જ એ છે કે એ ઉપરોકત ત્રણ વાતોને પોતાના માટે જરૂરી સમજી હમેશાં પોતાના દિલ અને અંગોને એના અમલમાં વ્યસ્ત રાખે.

**(૨)** આપે ફર્માવ્યું, વાસનાઓ અને મનેચ્છાઓ પર અમલ ગુમરાહી અને અલ્લાહના હુકમનો વિરોધ છે. અલ્લાહના હુકમ મુજબ મનેચ્છાઓથી ખસીને કોઈ ચીજ વસ્તુ કબૂલી લેવી ન્યાય છે, એને છોડી આપવું નિફાક છે. મતલબ એ છે કે અલ્લાહ અને રસૂલનો વિરોધી કાફિર છે, ઈમાનવાળો વિરોધ નથી કરી શકતો, તો પછી એ અમલમાં પોતાની મન માની કરે તો અમલમાં વિરોધ કહેવાય અને એ નિફાક અને મુનાફિક હોવાનું ચિન્હ છે જેથી એ આપણામાં ન આવવું જોઈએ.

**(૩)** આપે ફર્માવ્યું, જે વ્યકિત ઊંઘવાને જાગવા પર ઉત્તમતા આપે છે એ સારી વસ્તુને છોડીને ખરાબની પાછળ પડેલો છે, એ પોતાની સઘળી જરૂરતોમાં મૌતની માંગ કરી રહ્યો છે. કારણ કે ઊંઘ મૌતનો ભાઈ છે, એટલા માટે તો અલ્લાહ તઆલા તરફ ઊંઘનો સંબંધ કરવો જાઈઝ નથી. ઊંઘ અયબ છે અને અલ્લાહ દરેક પ્રકારના અયબથી પાક છે. એ જ પ્રમાણે ફરિશ્તાઓ ખુદા તઆલાથી વધારે નિકટ છે, તો એ નિકટતાને લઈને એમને ઊંઘ નથી આવતી. એ જ હાલત જન્નતી લોકોની હશે, તેઓ અતિ ઉત્તમ જગાએ હશે એટલે એમને ઊંઘ આવશે નહીં. ઊંઘ દરેક હાલતમાં નુકસાનકારક છે, સઘળી ભલાઈઓ જાગવામાં છે અને સઘળી બુરાઈઓ ઊંઘવામાં અને આળસમાં છે.

કહેવાનો મતલબ એ છે કે ઊંઘમાં આપણાથી કંઈ થઈ શકતું નથી, એ સમય આપણો બેકાર જાય છે. આપણને જ્યારે આ જીવન નેક અમલો માટે આપવામાં આવેલું છે તો આપણે એની પળ પળની કદર કરવી જોઈએ.

**(૪)** આપે ફર્માવ્યું, જે વ્યકિત જરૂરતથી અધિક ખાય છે અને સૂતો રહે છે એને શરમાવું પડે છે. એની સઘળી ભલાઈઓ અસફળતામાં બદલાય જાય છે, કોઈ વ્યકિત હરામનો એક કોળિયો પણ ખાય લે તો એનો દાખલો એવો છે જાણે એણે પોતાની ઈચ્છાથી જરૂરતથી અધિક





હલાલ ખાય લીધું, એટલા માટે કે હરામ ઈમાનને અંધારામાં લઈ જાય છે, જેમ કે દારૂ અક્કલને અંધારામાં લઈ જાય છે. જો ઈમાન અંધકારમય બની જાય તો નમાઝ, બંદગી અને ઈખ્લાસ રહી જતો નથી. અલ્લાહ તઆલાના હુકમ વિના પોતાની ઈચ્છાથી હરામ ખાણામાં પણ કોઈ ભલાઈ નથી, હરામ ખાણું ઊંઘમાં વધારો કરે છે એટલે એમાં પણ કોઈ ભલાઈ નથી.

મતલબ એ છે કે વધારે ખાવાથી માણસને આળસ આવે છે અને એનાથી ઊંઘ પણ વધારે આવે છે, માણસને કામમાં દિલ લગાડવું હોય તો લાગતું નથી, અને આમ માણસ નેક કામોમાં વધારો કરી શકતો નથી, કયારે તો આળસને લઈને ફર્ઝ અને વાજિબને પણ ભૂલી જાય છે. એટલે માણસે વધારે ન ખાવું જોઈએ. આપણા નબીની સુન્નત પણ એ જ છે કે પેટના ત્રણ ભાગ કરી એક ભાગનું ખાવામાં આવે. એનાથી તબીયત પણ સારી રહે છે અને આળસ પણ આવતી નથી.

**હરામ કોળિયો એક વખત ખાય લેવામાં આવે તો ચાલીસ દિવસ સુધી નમાઝ કબૂલ થતી નથી,** ઈબાદતમાં દિલ લાગતું નથી એટલે હરામ ઓછું પણ હોય મુસલમાનના ઈસ્લામી જીવન માટે ભયંકર છે. એટલે હરામ તદ્દન નહીં અને હલાલ સુન્નત મુજબ ઉપયોગમાં લાવવું જોઈએ.

**(૫)** આપે ફર્માવ્યું, એક દિવસ મારે કામમાં સંકટનો સામનો કરવો પડયો તો કોઈએ મારા નફસને હલાવીને કહ્યું, તો શું ઈચ્છો છો ? મેં કહ્યું, એવું જીવન જેમાં મોત ન હોય અને એવી મોત જેમાં હયાત ન હોય. મને કહેવામાં આવ્યું એ કયું જીવન છે જેમાં મોત ન હોય અને એ કેવી મોત છે જેમાં હયાત અને જીવન ન હોય ? મેં જવાબ આપ્યો, જે મોતમાં જીવન ન હોય એ પોતાની જેવી પબ્લિકથી એ પ્રમાણે મરી જવું કે હું એમની તકલીફ અને ફાયદાને જોઈ ન શકું. દીન અને દુનિયામાં નફસ, વાસના, ઈરાદા, ઈચ્છા અને તમન્નાથી એ પ્રમાણે મારું મોત થઈ જાય કે મને એનો એહસાસ ન થાય અને ન મારો વજૂદ બાકી રહે.

એ જીવન જેમાં મૌત ન હોય તે મારું એ જીવન છે કે કોઈ પણ કામમાં મારી હયાત બાકી ન રહે અને મારી મૌત એ પ્રમાણે થઈ જાય કે

મારું જીવન અલ્લાહ તઆલા સાથે સંબંધિત રહે. મારી સઘળી ઈચ્છાઓમાં મારી અક્કલ પ્રમાણે આ ઈચ્છા ઘણી જ ઉત્તમ છે.

મરી જનાર વ્યકિતની દુનિયાની ઈચ્છાઓ પણ મુર્દા થઈ જાય છે, કારણ કે એનો આલમ અને જગત બદલાય ગયું છે, તો માણસ દુનિયામાં રહીને દુનિયાથી સંબંધ તોડી નાખે, દરેક હુકમને ખુદા તઆલા તરફથી સમજીને પબ્લિકના કોઈ પણ કામ પર સબ્રથી કામ લે, પોતે કંઈ ન કરે, દરેકમાં અલ્લાહ અને રસૂલની વાતને ઉત્તમતા આપે તો એવો વ્યકિત પોતે મરી ગયો અને પોતાના ઈરાદા અને ઈચ્છાઓને પણ મારી ગયો. કારણ કે તેણે પોતાના વજૂદનો કોઈ અધિકાર બાકી નથી રાખ્યો. અને જે આ પ્રમાણે નફસને મારી નાખે છે એને ફના ફીલ્લાહ કહેવામાં આવે છે. અને જે અલ્લાહમાં ફના થઈ જાય તેને એવી હયાત અને જીવન મળે છે જેમાં મૌત નથી. દાખલા તરીકે પાણીનું ટીપુ સમુદ્રમાં ચાલ્યું જાય તો તેને નષ્ટ કરવા પૂરા સમુદ્રને નષ્ટ કરવો પડે અને સમુદ્ર નષ્ટ ન થાય તો એ ટીપુ પણ નષ્ટ ન થાય, એ જ પ્રમાણે જે પોતાના વજૂદને ખુદાના વજૂદમાં ખોઈ નાખે તો એ ફના નથી થઈ શકતો.

**ઝિંદા હો જાતે હંય જો મરતે હંય હક્ક કે નામ પર**
**અલ્લાહ અલ્લાહ મૌતકો કિસને મસીહા કર દિયા**

**(૬)** આપના પુત્ર હઝરત અબ્દુલ વહ્હાબ رحمۃ اللہ علیہ એ વિનંતિ કરી, હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ ના વિસાલના સમયે કે અબ્બા અમને વસિયત કરો જેની ઉપર આપના પછી અમે અમલ કરતાં રહીએ.

આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલા માટે તકવો અપનાવી લો, અલ્લાહ સિવાય કોઈનો ડર ન રાખો, અલ્લાહ સિવાય કોઈનાથી ઉમ્મીદ ન રાખો, પોતાની જરૂરતો અલ્લાહને સોંપી દો, એના સિવાય કોઈનાથી ઉમ્મીદ ન કરો, દરેક વસ્તુની માંગ અલ્લાહ તઆલાથી કરો, તૌહીદ પર હમેશાં કાયમ રહો, જેના પર બધા લોકોની સંમતિ છે. (એટલે કે અલ્લાહ તઆલા સાથે શિર્ક ન કરો.) દિલમાં એ શકિત આવી જાય કે એ અલ્લાહ સાથે જ સંબંધિત રહે તો પછી દિલમાં કશું આવવા ન દો અને કશું બહાર પણ ન જવા દો, એટલે કે એના પર અમલ કરો.





**(૭)** આપે ફર્માવ્યું, સુન્નતની પાબંદી કરો, બિદઅતોથી બચો, ખુદા અને રસૂલના હુકમના પાલનમાં વ્યસ્ત રહો, ખુદાને એક માની એની સાથે શિર્ક ન કરો, અલ્લાહનો સ્વીકાર કરી એમાં શંકા ન આવવા દો, એની બાબતે અપશબ્દ ન બોલો, મુસીબતો પર ફરિયાદ ન કરતાં સબ્ર અને સહનશીલતાથી કામ લો, સહનશીલ બનો અને પછી નાસ ભાગ ન કરો, અલ્લાહથી માંગવાને અયબ ન સમજો, નાઉમ્મીદી ન આવવા દો અને દુઆના કબૂલ થવાની આશા રાખો, દુશ્મની ન રાખો એકબીજા સાથે પ્રેમ ભાવના રાખો, અલ્લાહના હુકમ પર અમલ કરવામાં મળીને રહો, નફરત અને વેર છોડીને પ્રેમ અને મહબ્બતથી કામ લો, ગુનાહોથી દૂર રહી ગુનાહ ન કરો, પોતાના રબની ફર્માંબરદારીથી પોતાની જાતને શણગારો, એની બારગાહથી દૂર ન ખસો, હમેશાં એની તરફ જ ધ્યાન રાખો, તૌબા કરવામાં સમય ન લગાડો (જલ્દી કરો), પોતાના ખાલિકથી રાત અને દિવસમાં કોઈ પણ ભાગમાં ગુનાહોની માફી માંગવામાં ચિંતા ન કરો. (એટલે કે માફી માંગતા જ રહો) શકય છે તમને રહમત અને કૃપાથી દોઝખની આગથી દૂર રાખવામાં આવે અને જન્નતની ખુશીઓ અર્પણ કરી દેવામાં આવે. તમને ખુદાની મુલાકાત પ્રાપ્ત થઈ જાય, તમને સલામતીના ઘરમાં પાક કુંવારીઓ (હૂરો) અને બીજી નેઅમતો આપવામાં આવે, તમને પ્રકાર પ્રકારની સુગંધોથી સુગંધી હૂરો અને સૂરીલા અવાજવાળી ગાનારીઓથી ખુશ કરવામાં આવે. અને તમને સિદ્દીકો, શહીદો અને વલીઓ સાથે ઉઠાડવામાં આવે એટલે કે ઉપરોકત નેક અમલો કરવાથી અલ્લાહ તઆલા આખેરતમાં આ પ્રમાણે ઈનામો અને નેઅમતો આપશે.

**(૮)** આપે ફર્માવ્યું, જ્યારે અલ્લાહ તઆલા તમને દૌલત આપે અને તમે એમાં વ્યસ્ત થઈ અલ્લાહના હુકમના પાલનથી દૂર ભાગો તો અલ્લાહ તઆલા તમને પોતાની નિકટતાથી દૂર કરી આપશે, દુનિયા અને આખેરત બંને જગાએ તમને બેઈજ્જત કરી દેશે. એ પણ શકય છે કે એ તમારી પાસેથી દોલત લઈ લે અને તમને ગરીબ અને ફકીર બનાવી દે. સાચુ ઈનામ આપવાવાળાથી મોઢું ફેરવી લેવાની આ જ સજા હોય છે. ધનવાન થઈને પણ તમે અલ્લાહ તઆલાના હુકમનું પાલન કરો તો

અલ્લાહ તઆલા તમારા માટે આ દોલતને ભેટ બનાવી દેશે અને એમાં એક દાણો પણ ઓછો નહીં થાય, પછી દુનિયામાં તમે ખુદાના (ફર્માંબરદાર બંદો) ખાદિમ બનીને રાહત અને આનંદથી જીવન વિતાવશો. આખેરતમાં પણ તમને ખુશહાલ રાખવામાં આવશે, તમારી ઈજ્જત કરવામાં આવશે, સિદ્દીકો, શહીદો અને વલીઓની સંગત આપવામાં આવશે.

**(૯)** આપે ફર્માવ્યું, જ્યારે તમે કોઈની સાથે દોસ્તી અથવા દુશ્મની રાખો તો એના અમલોને કિતાબ અને સુન્નતથી માપો, જો એના અમલો નફરતના લાયક છે તો અલ્લાહ અને રસૂલ સાથે એકમત હોવામાં ખુશી પ્રગટ કરો કે (એ ઈસ્લામી શરીઅતના વર્તુળમાં ઈજ્જતના લાયક નથી એટલે જ હું દૂર છું અને દુશ્મની રાખું છું.) **જો એના અમલો શરીઅતના વર્તુળમાં અલ્લાહ અને રસૂલના ફર્માન મુજબ છે તો પણ તમે એનાથી દુશ્મની રાખો છો તો તમારો આ અમલ જુલ્મ છે** અને તમે પોતે અલ્લાહ અને રસૂલના નાફર્માન છો, તમારે તમારા આ કામથી ખુદાની બારગાહમાં તૌબા કરવી જોઈએ. અલ્લાહ તઆલાની મહોબ્બત સાથે, સઘળા વલીઓ સૂફીઓ અને નેક લોકોથી પણ મહોબ્બત રાખો, તમે એમની સાથે મહબ્બતમાં સંમત થશો તો અલ્લાહ તઆલાની મહોબ્બતના લાયક બની જશો, અને આ જ પ્રમાણે તમે તમારી સાથે મહોબ્બત રાખનાર સાથે કરો, એટલે કે જો એ અલ્લાહ અને રસૂલના હુકમનું પાલન કરે છે તો તમે પણ મહોબ્બત રાખો અને નથી કરતો તો તમે એનાથી નફરત કરી અલગ થઈ જાવ. આમ એટલા માટે જ કરવું કે તમારી દુશ્મની અને મહોબ્બતમાં તમારી ઈચ્છાનો દખલ ન રહે, તમને તમારી મનેચ્છાઓના વિરોધનો હુકમ આપવામાં આવ્યો છે.

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :-

لَا تَتَّبِعِ الْهَوٰى فَاِنَّهٗ يُضِلُّكَ عَنْ سَبِيْلِ اللّٰهِ

"વાસનાઓની પાછળ પાછળ ન ચાલો, બેશક ! એ તમને અલ્લાહના માર્ગથી હટાવી દેશે."

**(૧૦)** આપે ફર્માવ્યું, અય ઈમાનવાળા ! કયા કારણસર હું તને





જોઉં છું કે તું ખાવા પીવા, કપડા, નિકાહ અને અલ્લાહ તઆલાની અર્પણ કરેલી માલદારીમાં પોતાના પડોશીની ઈર્ષા કરે છે. આ તે નેઅમતો છે જે અલ્લાહ તઆલાએ એના માટે નિયુકત કરી આપી છે. શું તમને ઈલ્મ નથી કે તમારું ઈર્ષા કરવું ઈમાનના અશકત હોવાની દલીલ છે ?! જે તમને તમારે રબની નજરોથી ફેંકી દેશે અને ક્રોધનું કારણ બની જશે. શું તમે હુઝૂરે પાક ﷺ ની આ હદીષ નથી સાંભળી કે ઈર્ષા કરનારાઓ મારી નેઅમતોના દુશ્મન છે. અને શું તમે નબીએ પાકનો ઈર્શાદ નથી સાંભળ્યો કે ઈર્ષા નેકીઓને એ પ્રમાણે ખાય જાય છે જેમ આગ લાકડીઓને. પછી બતાવો કે તમને ઈર્ષા કઈ વાતની પોતાના નસીબ પર કે પછી સામેવાળાના નસીબ પર થાય છે, જો તમે એ બંદા પર એટલા માટે ઈર્ષા કરો છો કે અલ્લાહ તઆલાએ એને પોતાના આ ફર્માન મુજબ કરી આપ્યો છે કે, દુનિયાના જીવનમાં અમે જ પોતાના બંદાઓમાં રોજીની વહેંચણી કરીએ છીએ. તો પછી તમારું ઈર્ષા કરવું જુલ્મ છે કે એ બંદાને જે નેઅમતો મળી તે રબની કૃપાથી મળી છે જે એના માટે જ નિયુકત રાખી છે. બીજાનો ભાગ એને નથી આપ્યો. તો પછી એવી હાલતમાં તમારાથી વધીને કંજૂસ, નકામો, અને અક્કલ વિનાનો બીજો કોણ થઈ શકે છે. અને જો તમે તમારા નસીબ પર ઈર્ષા કરો છો, તો એ પણ જહાલત અને મૂર્ખાઈ છે. કારણ કે તમારા નસીબનો ભાગ બીજાને નથી મળી શકતો. અલ્લાહ એનાથી પાક છે. જેમ કે અલ્લાહ તઆલાનું ફર્માન છે, મારી વાત નથી બદલાની અને હું બંદાઓ પર ત્રાસ નથી કરતો, સંપૂર્ણ યકીન રાખો કે અલ્લાહ તઆલા તમારા પર આ પ્રમાણે ત્રાસ નથી કરી શકતો કે તમારા નશીબનું લખેલું બીજી તરફ ફેરવી આપે. આ તમારી જહાલત છે તમે ઈર્ષા કરી તમારા ભાઈ પર ત્રાસ કરી રહ્યા છો.

તમારા માટે યોગ્ય તો એ હતું કે તમારા ભાઈથી ઈર્ષા ન કરી જમીનથી ઈર્ષા કરતા જેમા ખજાનો દફન છે ! જ્યાં સોના અને ચાંદીની ખાણો છે, જ્યાંથી આદ, સમૂદ, કૈસર, કિસરા અને બીજા સઘળા રાજાઓ એ ભેગું કર્યું. જે તમારા પડોશીના ભાગમાં આવ્યું છે, તે એનાથી ઘણુ જ ઓછું છે જે જમીનના ખજાનાઓમાં છે. તમારો દાખલો એના જેવો છે જે કોઈ રાજાના માલ, મિલ્કત અને રાજ પાટ જોઈને તો ઈર્ષા નથી કરતો

પણ એ જંગલી કૂતરાથી ઈર્ષા કરે છે જે રાજાઓના કૂતરાઓની ખિદમત કરીને એમની જગાએ સ્થાન મેળવી લે છે. સવાર સાંજ એમની સાથે રહીને એના (રાજાના) રસોડામાં વધેલું ઘટેલું ખાયને જીવન વિતાવે છે અને તમે એની મોતની ઈચ્છા એટલા માટે કરો છો કે એ મરી જાય તો હું એની જગા લઈ લઉં ! આ તમારા તૃચ્છતા અને નીચ હોવાનો પુરાવો છે.

જો તમને એ વાતની જાણ થઈ જાય કે કાલે કિયામતના દિવસે લાંબા હિસાબને લઈને તમારા પડોશી પર શું વિતવાનું છે જ્યારે એણે નેઅમતોનાં બદલામાં અલ્લાહના હુકમનું પાલન નહીં કર્યું હોય, ન નેઅમતોનો હક્ક અદા કર્યો હોય, ન હુકમ અને મનાઈ પર અમલ કર્યો હોય, ન હુકમના પાલન માટે મદદની માંગ કરી હોય, ત્યારે એ ઈર્ષાખોર કહેશે કે એની નેઅમતમાંથી મને એક દાણો પણ ન મળ્યો હોત તો સારું ! શું તમે આ હદીષ નથી સાંભળી ?! જે દિવસે આ લોકો દુનિયામાં મુસીબતમાં રહેવાવાળાઓને મળતો બદલો જોશે તો એમની તમન્ના હશે કે દુનિયામાં અમારો ગોશ્ત કાપી લેવામાં આવ્યો હોત તો પણ સારું ! તો એ જ પ્રમાણે તમારો ધનવાન પડોશી પણ કહેશે કે હું દુનિયામાં તારી જગાએ હોત તો સારું, કારણ કે એ પોતાનો લાંબો હિસાબ જોશે, સૂર્યની ગરમીમાં પચાસ હજાર વર્ષો ઊભા રહેશે. કારણ કે એ જ હશે કે એણે દુનિયામાં નેઅમતોનો ફાયદો ઉઠાવી લીધો હશે. તમને તો નેઅમતો મળી ન હતી, તો તમે ત્યાં અર્શનાં છાયડામાં વિવિધ પ્રકારની નેઅમતો જોઈને ખુશ ખુશ હશો. આ નેઅમતો માત્ર એટલે જ આપવામાં આવશે કે તમને દુનિયામાં તકલીફોનો સામનો કરવો પડયો હતો, ગરીબી અને મોહતાજીથી પસાર થવું પડયું હતું અને તો પણ તમે શરીઅતનું અનુસરણ કર્યું હતું, તમારા નસીબમાં ગરીબી અને મોહતાજી હતી અને બીજાના નસીબમાં દોલત અને ધનવાની, તમારા માટે મુસીબતો અને બીજાના માટે રાહતો, સારાંશ એ કે તમે મુસીબતો પર સબ્ર કરીને નેઅમતો પર શુક્ર ગુજારીને પોતાનો દરેક મસ્અલો રબને સોંપી આપ્યો હતો.

ભાવાર્થ એ છે કે તમને તકલીફોનો બદલો મળશે અને ધનવાનને વધારે માલ મિલ્કતના આધારે લાંબો હિસાબ આપવો પડશે ત્યારે તમને એવું થશે કે મને વધારે નેઅમતો ન મળી એ જ સારું રહ્યું, તો પછી





દુનિયામાં હસદ અને ઈર્ષા શા માટે કરો છો ? અલ્લાહના નિર્ણય પર હમેશાં માટે ખુશ થઈ જાવ ! અલ્લાહનો ફેંસલો જ તમારા માટે ઉત્તમ છે.

**(૧૧)** આપે ફર્માવ્યું, સૂફી એને કહેવાય જે પોતાના મકસદની નાકામી અને અસફળતાને અલ્લાહ તઆલાનો ઈરાદો સમજે. દુનિયાને છોડી આપે, અને એક ખાદિમ બનીને રહે. આખેરતથી પહેલાં દુનિયામાં જ સફળ થઈ જાય, તો એવા વ્યકિત પર અલ્લાહ તઆલા તરફથી સલામતી ઉતરે છે. મતલબ એ એ કે તકલીફ, રાહત જે કાંઈ હોય એને અલ્લાહ તરફથી સમજીને એના પર રાજી રહે, ખાદિમ પોતાના માલિકના હુકમનો પાંબદ હોય છે તો એ અલ્લાહના હુકમનો પાબંદ બની જાય. માત્ર સૂફીનું નામ આપી દેવાથી કોઈ વ્યકિત સૂફી નથી બની જતો એના માટે ગૌષે પાકના ફર્માન મુજબ બનવાની જરૂરત છે.

**(૧૨)** આપે ફર્માવ્યું, સબ્ર એટલે મુસીબત અને બલામાં સહનશીલ રહેવું, ખુશી ખુશી અલ્લાહની કિતાબ અને રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નતના પાંબદ રહેવું.

સબ્રના ઘણા પ્રકાર છે : (૧) સબ્ર લિલ્લાહ : તે એ છે કે અલ્લાહના હુકમ પર અમલ કરે અને મનાઈથી બચે. (૨) સબ્ર મઅલ્લાહ : એ છે કે અલ્લાહની તકદીર અને એના નિર્ણય પર ખુશ રહે, કોઈ પણ પ્રકારની ફરિયાદ ન કરે, ગરીબી અને ફકીરીની ગભરામણ ન રાખે, મોઢુ બગાડયા વિના એ બેપરવા છે એવું પ્રગટ કરે. (૩) સબ્ર અલલ્લાહ : એ છે કે દરેક હુકમમાં વાયદા અને વઈદ (ધમકી)ને લક્ષમાં રાખી દરેક સમય એની પાબંદી કરે, દુનિયાથી આખેરત તરફ ધ્યાન લઈ જવું સરળ છે, પરંતુ મજાઝથી હકીકત તરફ ધ્યાન લઈ જવું કષ્ટદાયક છે. મખ્લૂકને છોડીને હક્ક તઆલા સાથે મહોબ્બત વધારે મુશ્કેલ છે. સબ્ર મઅલ્લાહ અધિક મુશ્કેલ છે.

**(૧૩)** આપે ફર્માવ્યું, પ્રથમ પોતાના નફસને શિખામણ આપ ત્યાર પછી બીજાના નફસને શિખામણ આપ, પોતાના નફસને શિખામણ આપવું વધારે જરૂરી છે. જ્યાં સુધી તારી જાતમાં સુધારો કરવાની જરૂરત છે બીજા તરફ શિખામણ લઈને જવાનો તને અધિકાર નથી, અફસોસ કે પોતે જ ડૂબી રહ્યો છે બીજાને કેમ કરી બચાવી શકશે ! તું પોતે તો આંધળો છે

તો બીજાનો હાથ કેવી રીતે પકડશે ! બીજાનો હાથ એ જ પકડે છે જે આંખોવાળો હોય. એમને દરિયામાંથી એ જ કાઢી શકે છે જે પોતે વધારે તરવાનું જાણે, અલ્લાહ તઆલા સુધી લોકોને એ જ પહોંચાડી શકે છે જેણે એની મઅરેફત પ્રાપ્ત કરી લીધી હોય, જે પોતે જ એનાથી જાહિલ છે એ એનો રસ્તો કેવી રીતે બતાવી શકે છે.

**(૧૪)** આપે ફર્માવ્યું, દોસ્તો ખુશ થઈ જાવ ! અને જીવનના દરવાજાને નેઅમત સમજો જ્યાં સુધી એ તમારા માટે ખુલ્લો છે, નિકટમાં જ એ બંધ કરી દેવામાં આવશે, નેઅમત સમજો નેક અમલોને જ્યાં સુધી તમે એને કરી શકો છો, નેઅમત સમજો તૌબાના દરવાજાને અને એમાં પ્રવેશી જાવ, જ્યાં સુધી એ તમારા માટે ખુલ્લો છે, નેઅમત સમજો તમારા નેક દીનદાર લોકોના રોક, થામના દરવાજાને જે તમારા માટે ખુલ્લો છે. લોકો જે તૂટી ગયું હોય તેને બનાવી લો, અને જે લઈ લીધું હોય તેને પરત કરી આપો, પોતાના નાસી છૂટવાના ગુનાહથી તૌબા કરીને પોતાના રબની બારગાહમાં પરત આવી જાવ.

અય પુત્ર ! અલ્લાહ તઆલાને છોડીને કોઈ જ નથી, જો તું ખાલિક અલ્લાહ તઆલા સાથે સાથે રહે તો તું એનો બંદો છે, અને જો તું મખ્લૂક અને પબ્લિક સાથે (એમનો બનીને) રહે તો તું એમનો બંદો છે. તને વાઈઝ (શિખામણ આપવાવાળો) બનવાનો અધિકાર નથી, જ્યાં સુધી તું તારા દિલના આધારે જંગલોથી પસાર ન થાય અને પોતાના અંતરના આધારે તું બધાંને છોડી ન આપે. શું તને ખબર નથી કે હક્ક તઆલાને ચાહનાર બધાંથી અલગ થઈ જાય છે. આ યકીની અને શંકા વિનાની વાત છે કે મખ્લૂકમાંથી દરેક ચીજ વસ્તુ બંદા અને એના ખુદાની વચમાં પર્દો છે. એ જ્યાં જઈને ઊભો રહેશે એ વસ્તુ એના માટે પર્દો બની જશે અને એને ઢાંકી લેશે, એટલે કે મકસદની પ્રાપ્તિ માટે એટલી કોશિશ કરવામાં આવે કે સફળતા પ્રાપ્ત કરી લે. જ્યાં સુધી સફળતા ન મળે કોઈ જગ્યાએ ઊભું રહેવામાં ન આવે.

**(૧૫)** ફર્માવ્યું, બેટા ! તું મને તારો અરીસો બનાવ, મને તારા દિલ અને અંતરનો અરીસો બનાવ, પોતાના અમલોનો અરીસો બનાવ, મારી પાસે આવ, તને તારા એવા અયબો અને કુટેવો દેખાશે જે મારાથી





દૂર રહીને નથી જોઈ શકાતી, જો તારે દીન અને ધર્મનું રક્ષણ કરવું હોય હોય તો મારી પાસે આવવું જરૂરી છે, હું અલ્લાહ તઆલાના દીનમાં તારો થોડો પણ ખયાલ નહીં કરીશ. દીનની વાતમાં શરમ કરવી મારું કામ નથી, હું એવા સખત હાથોમાં મોટો થયો છું જેઓ મુનાફિક ન હતા અને બદલાની માંગ કરનાર પણ ન હતા, તારી દુનિયાને તારા ઘરમાં છોડીને મારી પાસે આવી જા, કારણ કે હું આખેરતના દરવાજા પર ઊભો છું, મારી પાસે ઊભો રહીને મારી વાત સાંભળ અને મોત આવતાં પહેલાં એના પર અમલ કર દરેક કામ અલ્લાહના ખૌફ પર નિર્ભર છે, જો તારી પાસે એનો ડર ન હોય તો તું દુનિયા અને આખેરતમાં શાંતિ પ્રાપ્ત નહીં કરી શકે, અલ્લાહનો ડર જ ઈલ્મનું મૂળ છે. એટલા માટે અલ્લાહનું ફર્માન છે, "અલ્લાહ તઆલાથી ઈલ્મવાળાઓ જ ડરે છે." એટલે કે અલ્લાહ તઆલાથી ઈલ્મ સાથે અમલ કરનારાઓ જ ડરે છે. જેટલું જાણે છે એના પર અમલ કરે છે. અલ્લાહ તઆલાથી પોતાના અમલોનો બદલો નથી માંગતા, તેઓ પ્રિય રાખે છે એની જાતને એની નિકટતાને અને એની મહોબ્બતને. એ પછી પર્દાથી છૂટકારાને અને ઈચ્છે છે કે અલ્લાહના દીદારનો દરવાજો એમના માટે બંધ કરવામાં ન આવે, ન દુનિયામાં અને ન આખેરતમાં, ન એમને શોખ છે દુનિયાનો, ન આખેરતનો અને ન પબ્લિકનો. તેઓ અલ્લાહ સિવાય કોઈને નથી ઈચ્છતા.

**(૧૬)** આપે ફર્માવ્યું, બેટા ! જ્યારે તું ખાદિમ બનશે તો મખદૂમ બનશે. (મખદૂમ બનવા પ્રથમ ખાદિમ બનવું જ પડશે.) જો ઊભો થઈ જશે તો રોકી દેવામાં આવશે. અલ્લાહની ખિદમત (હુકમનું પાલન) કર એને છોડીને રાજાઓ પાસે જઈ એમની સેવા ન કર, જેઓ તને નફો નુકસાન નથી પહોંચાડી શકતા, શું તને તેઓ એવી ચીજ આપી શકશે જે તારા નસીબમાં નથી ? અને શું એમની પાસે શકિત છે કે એ તમારા નસીબમાં આપે ? એમના તરફથી કશું જ નથી. જો તું એવું સમજે કે એમની ભેટ એમના તરફથી જ છે તો તું કાફિર છે. શું તને ખબર નથી કે કોઈ આપનાર, રોકનાર, આગળ વધાવનાર અને પાછળ હટાવનાર નથી પણ માત્ર અલ્લાહ તઆલા. જો તું કહે કે એની તો મને ખબર છે ! તો હું કરીશ એ કેવી રીતે બની શકે કે તું એ વાત જાણે અને પછી ઉત્તમતા

બીજાને આપે.

**(૧૭)** આપે ફર્માવ્યું, બેટા ! તું કશું જ નથી. નથી તારો ઈસ્લામ બરાબર અને તારી તૌહીદ અને રિસાલતની ગવાહી પણ બરાબર નથી. તું કહે છે અલ્લાહને છોડી કોઈ ઈબાદત અને બંદગીના લાયક નથી. પણ એ તારા તરફથી તારી હલાતો જોઈને જૂઠુ છે. કારણ કે મા'બૂદાની એક જમાઅત તારા દિલમાં છે. પોતાના રાજા અને પોતાના ફળિયાના આગેવા નથી તમારું ડરવું તમારો મા'બૂદ બનેલો છે. પોતાની કમાઈ, પોતાનો નફો, પોતાની શકિત, પોતાનું સાંભળવું. પોતાની શકિત, પોતાનું સાંભળવું, પોતાનું જોવું એ સૌ તારા મા'બૂદ બનેલા છે. મખ્લૂકમાં ઘણા બધા છે જેઓએ પોતાના દિલોથી એ ચીજો પર ભરોસા કરેલા છે અને જાહેર એવું કરે છે કે એમનો ભરોસો અલ્લાહ તઆલા પર છે. તેમનું અલ્લાહને યાદ કરવું માત્ર આદત છે અને તે પણ જીભથી અને કયારેક એમને કહેવામાં આવે છે તો ચોંકી જાય છે અને કહે છે કે અમને આવું કેમ કહેવામાં આવે છે ? શું અમે મુસલમાન નથી ?! કાલે બધી વાતો ખુલી જશે અને રહસ્યો જાહેર થઈ જશે. તારા પર અફસોસ છે ! જ્યારે તું કહે છે **"લાઈલાહ"** (કોઈ મા'બૂદ નથી) આ સંપૂર્ણ નકારત્મક છે, **ઈલ્લાહ** (સિવાય અલ્લાહ) સંપૂર્ણ હકારત્મક છે. મતલબ એ છે મા'બૂદ માત્ર અલ્લાહ તઆલા જ છે. બીજો કોઈ જ નથી તો પછી જ્યારે પણ તારા દિલમાં અલ્લાહને છોડીને બીજા પર ભરોસો થશે તો તું જૂઠો થયો, તારો મા'બૂદ તો એ બની ગયો જેના પર તેં ભરોસો કરી લીધો. જાહેરને માન્ય રાખવામાં નહીં આવે, દિલ છે જેની સાથે ઈમાનનો સંબંધ છે, મુવહ્હિદ એ જ છે, મુખ્લિસ એ જ છે, મુત્તકી એ જ છે, ઝાહિદ એ જ છે, યકીનવાળો એ જ છે, બીજા બધાં એના સૈન્ય અને એની શકિત નીચે છે. એટલે કે દરેક વસ્તુ એની શકિતથી જ છે તો ભરોસો અલ્લાહ પર કરવામાં આવે અને એના ફેંસલાથી ખુશ રહેવામાં આવે.

**(૧૮)** આપે ફર્માવ્યું, પ્રથમ ઈલ્મ શીખ, પછી એકાંતમાં જા. જે વ્યકિત ઈલ્મ શીખ્યા વિના અલ્લાહની બંદગીમાં વ્યસ્ત થાય છે, એના સઘળા કામો બનવાની જગાએ બગડી જાય છે, પ્રથમ પોતાની સાથે અલ્લાહની શરીઅતનો દીવો લે પછી એની બંદગીમાં લાગી જા, જે વ્યકિત પોતાના ઈલ્મ પર અમલ કરે છે અલ્લાહ એના ઈલ્મને વિશાળ કરી





આપે છે. ઈલ્મે લદુન્ની જે પ્રાપ્ત નથી હોતુ અર્પણ કરે છે. તું સબબો, કારણો અને મખ્લૂકથી આ'લા થઈ જા, એ તારા દિલને સશકત બનાવી દેશે અને એને બંદગી અને તકવા માટે શોખીન બનાવી દેશે. અલ્લાહ સિવાય બધાંથી અલગ રહી પોતાનો શરીઅતનો દીવો ઓલવાય જવાનો ડર રાખ ! અલ્લાહ તઆલાથી સારી નિય્યત અને ઉમ્મીદ રાખ, ચાલીસ દિવસ જો તું એની યાદમાં બેસે તો તારા દિલમાંથી જીભના માર્ગે રહસ્યોનાં ઝરણાઓ વહેવા લાગે. અને તારું દિલ હઝરત મૂસા علیہ السلام માફક અલ્લાહની મહોબ્બતની આગ જોવા લાગશે. મહોબ્બતની આગ દેખીને તારો નફસ, તારી મનેચ્છા, તારો શૈતાન, તારી તબીયત, તારા વજૂદને કહેવા લાગશે, થોભી જા ! મેં આગ જોઈ છે ! ગૃપ્ત જગાએથી અવાજ આવશે, હું છું તારો રબ ! મારી સિવાય કોઈનાથી સંબંધ ન રાખ, મને ઓળખી લે અને મારી સિવાયને ભૂલી જા ! મારી સાથે સંબંધ રાખ, સઘળા લોકોથી સંબંધ તોડી નાખ, મારો ચાહક બની જા ! બીજા લોકોથી મોઢું ફેરવી લે, મારા ઈલ્મથી મારી નિકટતા પ્રાપ્ત કર પછી તારી મુલાકાત થશે, તો જે મળવાનું છે મળશે, અને પર્દો ખસી જશે.

**(૧૯)** આપે ફર્માવ્યું, પાકીના બે પ્રકાર છે, એક જાહેર, બીજી ગૃપ્ત, જાહેરી પાકી માટે પાણીની જરૂરત છે, ગૃપ્ત પાકી માટે તૌબા , દિલની સફાઈ, અને તરીકતવાળાઓના માર્ગે ચાલવાની જરૂરત છે. જ્યારે નાપાકી નીકળવાથી વુઝૂ તૂટી જાય તો પાણીથી તાજા વુઝૂ કરવું જરૂરી થઈ જાય છે, જેમ કે નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જેણે તાજુ વુઝૂ કર્યુ, અલ્લાહ તઆલાએ એના ઈમાનને તાજુ કર્યુ. બીજી હદીષમાં છે : વુઝૂ પર વુઝૂ નુરૂન અલા નૂર છે. પ્રકાશ જ પ્રકાશ છે. એ જ પ્રમાણે જ્યારે ખરાબ કામો અને કુટેવો દા.ત. અભિમાન, ઈર્ષા, કીનો, ચુગલી, આક્ષેપ અને જૂઠ વગેરેથી એનું ગૃપ્ત વુઝૂ તૂટી જાય છે, તો એને નવા તરીકાથી પ્રાપ્ત કરવાનો અમલ એ છે એ ગુનાહોથી સાચી પાકી તૌબા કરવામાં આવે, પોતાના પાપોથી શરમ કરીને અલ્લાહ તઆલા તરફ પરત આવે. દરેક રાત અને દિવસમાં જાહેરી વુઝૂનો સમય છે જ્યારે ગુપ્ત વુઝૂનો સમય જીવનના અંત સુધી છે. મતલબ એ છે કે જાહેરી નાપાકીથી પાક થઈ જવું સરળ છે. પાણી જાહેરી નાપાકીઓથી પાક

કરવાનું હથિયાર છે પણ અંતરની નાપાકીની અસર દિલ પર આવે છે. ગુનાહ અને નાફર્માની એ નાપાકી છે એને પાણીથી પાક નથી કરી શકતા, એની પાકી તૌબાથી અને નેક લોકોની સેવમાં રહેવાથી મળે છે તો એના માટે એ કામો કરવામાં આવે.

**(૨૦)** આપે ફર્માવ્યું : શરીઅતની નમાઝમાં રાત અને દિવસમાં પાંચ સમય નિયુકત છે અને સુન્નત એ છે કે એ નમાઝ દેખાડવા માટે ન હોય, મસ્જિદમાં કિબ્લા તરફ મોઢું કરીને જમાઅત સાથે અદા કરવામાં આવે. તરીકતની નમાઝ હર હમેશાંની છે એના માટે સંપૂર્ણ ઉંમર (આખુ જીવન) છે. એની મસ્જિદ દિલ છે, એની જમાઅત અંદરના અંગોનું ભેગું થવું છે. અને તૌહીદના નામોનાં ઝિક્રમાં વ્યસ્ત થવું છે. એનો ઈમામ દિલમાં શોખનો જુસ્સો છે. એનો કિબ્લો અલ્લાહ તઆલા પોતે જ છે. દિલ અને રૂહ બંને હમેશાં એ નમાઝમાં તલ્લીન રહે છે. આ પ્રમાણે કરવાથી આરિફ (મારેફતવાળા)થી પર્દાવાળી સ્થિતિ દૂર થઈ જાય છે અને અલ્લાહની બારગાહમાં એને હાજરીની ઈજ્જત મળી આવે છે. પછી એ અલ્લાહની બારગાહમાં નિકટતા મેળવી લેનારાઓની મેદનીમાં આવી જાય છે. જેની બાબત નબીએ પાક ﷺ નું ફર્માન છે કે નબીઓ અને વલીઓ પોતાની કબ્રોમાં પોતાના ઘરો માફક નમાઝ પઢે છે, મતલબ એ છે કે પોતાના જીવંત દિલોથી અલ્લાહ તઆલાથી વાતોમાં તલ્લીન રહે છે. ફર્માવે છે : જ્યારે જાહેરની અને અંતરની નમાઝો ભેગી થઈ જાય છે ત્યારે નમાઝ સંપૂર્ણ બને છે. એનો બદલો ખુદાની બારગાહમાં રૂહાની નિકટતાથી અને જન્નતમાં દરજ્જાઓની બુલંદીથી મળશે. આ પ્રમાણેનો નમાઝી જાહેરમાં ઈબાદત કરનાર અને ગૃપ્તમાં આરિફ (મારેફતવાળો) હોય છે. જીવંત દિલથી ગૃપ્ત અને જાહેર નમાઝ ભેગી ન કરી શકે તે નમાઝી અધૂરો છે, એને દરજાતની બુલંદી તો મળશે પણ નિકટતા પ્રાપ્ત થશે નહીં.

**(૨૧)** આપે ફર્માવ્યું, શરીઅતનો રોઝો એ છે કે દિવસમાં ખાવા, પીવા અને મનેચ્છાઓથી રોકાવામાં આવે, અને તરીકતનો રોઝો એ છે કે માણસ રાત દિવસ પોતાના જાહેર અને અંતરથી પોતાના અંગોને નાજાઈઝ અને હરામથી અને અભિમાન જેવી કુટેવોથી બચાવીને રાખે,





જો તે કોઈ એક કુટેવને અમલમાં લાવશે તો એનો તરીકતનો રોઝો તૂટી જશે. શરીઅતનો રોઝો એક નિશ્ચિત સમયમાં છે, જ્યારે તરીકતના રોઝાનો સમય સંપૂર્ણ ઉંમર છે. નબીએ અકરમ ﷺ નું ફર્માન છે કે ઘણા બધા રોઝદાર એવા છે કે એમને એમના રોઝાથી ભૂખ્યા તરસ્યા રહેવા સિવાય કંઈ પ્રાપ્ત નથી. એટલા માટે જ ફર્માવવામાં આવ્યું કે કેટલાક રોઝદાર રોઝો તોડનાર છે અને કેટલાક રોઝો ન રાખનાર રોઝદાર છે. એટલે કે તેઓ પોતાના અંગોને ગુનાહથી અને લોકોને તકલીફ આપવાથી બચાવીને રાખે છે. ફર્માવ્યું, હકીકતનો રોઝો દિલને અલ્લાહ સિવાય દરેકથી જુદા કરી લેવું. દિલના રહસ્યનું અલ્લાહના જ દીદાર માટે પાક રાખવું. જેમ કે હદીષે કુદસીમાં છે, માણસ મારું રહસ્ય છે અને હું એનું રહસ્ય છું. રહસ્ય જે અલ્લાહ તઆલાના નૂરથી છે, એ ગૈરુલ્લાહ તરફ કેન્દ્રિત નથી થઈ શકતું, એટલા માટે કે દુનિયા અને આખેરતમાં અલ્લાહ તઆલા જ મહબૂબ અને પ્રિય છે, જો ગૈરુલ્લાહની મહોબ્બતમાં મગ્ન થઈ જાય તો હકીકતનો રોઝો તૂટી જાય. એ રોઝાની કઝા એ છે કે ફરીથી અલ્લાહ તઆલાની મહોબ્બત અને શોખનો જુસ્સો પોતાના અંતરમાં પેદા કરવામાં આવે. જેમ કે અલ્લાહ તઆલાનું ફર્માન છે, રોઝો મારા માટે છે અને હું એનો બદલો છું.

**(૨૨)** આપે ફર્માવ્યું, શરીઅતની ઝકાતનો મલતબ એ છે કે માણસે દુનિયામાં જે કમાણી કરી જ્યારે એ નિસાબે પહોંચે તો એમાંથી દર વર્ષે નિશ્ચિત સમયે ચાલીસમો ભાગ અને જેવો નિસાબ હોય તે પ્રમાણે અલગ કરી હકદાર ફકીરોને વહેંચી આપે, તરીકતની ઝકાત એ છે કે આખેરતની કમાણીમાંથી દીનના ફકીરો અને આખેરતના જરૂરતમંદોને વહેંચી આપવામાં આવે. (સવાબ પહોંચાડવામાં આવે.) કુર્આનમાં એ ઝકાતને સદકાનું નામ આપવામાં આવ્યું છે કારણ કે એ ફકીરના હાથમાં પહોંચતા પહેલાં અલ્લાહની કુદરતના હાથમાં પહોંચી જાય છે એટલે કે કબૂલ કરી લેવામાં આવે છે. આ હમેશાંની ઝકાત છે, એનો મતલબ ઈસાલે સવાબ કરવો છે. અલ્લાહ તઆલાને ખુશ કરવા માટે ગુનેહગારોને આખેરતની કમાણીનો સવાબ વહેંચી દેવામાં આવે છે અને એના અમલોનો સવાબ એના માટે બાકી નથી રહી જતો તો એ નેકીઓમાં ફકીર અને કંગાળ થઈ

જાય છે. અલ્લાહ તઆલાએ સખાવત અને ફકીરીને પસંદ કરેલી છે જેમ કે નબીએ પાકનું ફર્માન છે : ફકીર બંને જહાનમાં અલ્લાહના રક્ષણમાં છે. ખુલાસો એ થયો કે શરઈ ઝકાત તો નિસાબવાળાએ આપવાની જ છે અને એના માટે વર્ષમાં એક સમય છે. પણ તરીકતમાં અધિકથી અધિક નેક અમલો કરીને એનો બદલો પણ આખેરતના ગરીબોને આપી દેવામાં આવે અને હમેશાં આમ કરવામાં આવે.

**(૨૩)** આપે ફર્માવ્યું, શરીઅતની હજ્જ એ છે કે શરતો અને ફર્ઝોની પાબંદી સાથે બયતુલ્લાહ શરીફની હજ્જ કરવામાં આવે, આમ કરવાથી પૂરો સવાબ મળે છે, જો શરતોની પાબંદીમાં કમી રહી જાય તો એ પ્રમાણે સવાબ પણ ઓછો થઈ જાય છે.

તરીકતની હજ્જનો સામાને સફર એ છે કે પ્રથમ કોઈ કામિલ (શરીઅતનો પાબંદ) પીરની સાથે સંબંધિત થાય, તેનાથી શિખામણ મેળવે, પછી સતત જીભથી ઝિક્ર કરે, ત્યાર પછી જ્યારે દિલ જીવંત થઈ જાય, બાતિની ઝિક્ર (જે અંતરથી થાય અને એમાં જીભનો સહારો લેવામાં ન આવે)માં વ્યસ્ત થઈ જાય. અલ્લાહના પાક નામોના સતત ઝિક્રથી અંતરને પાક અને સાફ કરવામાં આવે. એટલે કે રહસ્યનું કા'બા અલ્લાહ તઆલાના સિફાતે જમાલીના પ્રકાશો સાથે જાહેર થાય. જેમ કે અલ્લાહ તઆલાએ હઝરત ઈબ્રાહીમ અને ઈસ્માઈલ عَلَيْهِمُ السَّلَام ને હુકમ આપ્યો કે મારું ઘર સાફ કરો ! તવાફ કરનાર, એ'તેકાફ કરનાર અને રુકૂઅ, સિજદા કરનાર માટે જાહેરી કા'બાને સાફ કરવું મખ્લૂકમાંથી તવાફ કરવાવાળાઓ માટે છે અને અંતરના કા'બાની સફાઈ અલ્લાહની નિકટતા માટે છે. એ પાક જાતના જલ્વાના દીદાર માટે ઉત્તમ માર્ગ એ છે કે અંતરના કા'બાને અલ્લાહ સિવાય બધાથી પાક કરી દેવામાં આવે. અંતરના કા'બામાં પ્રવેશવા અલ્લાહના નામનો સતત ઝિક્ર કરવામાં આવે. દિલના અરફાતમાં રોકાવા "હૂ" અને પછી "હક્ક"નો સતત ઝિક્ર કરવામાં આવે. પછી દિલના અંતરનાં મુઝદલેફામાં કેન્દ્રિત થવામાં આવે અને અલ્લાહના નામ "હય્ય" અને "કય્યૂમ"નો એક સાથે ઝિક્ર કરવામાં આવે, પછી મિના એટલે રહસ્યના ઠેકાણા તરફ કેન્દ્રિત થવામાં આવે અને "કહ્હાર"નો ઝિક્ર કરવામાં આવે. પછી નફસે મુતમઈન્નાની કુર્બાની કરે.





**નોંધ** : હુઝૂર ગૌષે પાક رَضِيَ اللهُ عَنْه ની ૨૩ શિખામણો તમારી ખિદમતમાં પેશ કરવામાં આવી. જેનો દરેક શબ્દ આપણને કહે છે કે દુનિયાની જિંદગી આખેરતના હમેશાંના જીવનને સફળ બનાવવા માટે આપવામાં આવી છે, તો એની પળ પળની કિંમત સમજી મકસદમાં કામયાબ થવાની કોશિશ કરવી જોઈએ. અંતિમ ચાર શિખામણોમાં આપે એ સ્પષ્ટ કર્યું કે શરીઅતમાં જે હુકમ આપવામાં આવ્યા છે તેમાં આપણી સહુલતોનો પૂરે પૂરો ખયાલ રાખવામાં આવ્યો છે પણ માણસે એટલા પર રોકાય ન જવું જોઈએ એણે પોતાના તરફથી ઘણુ બધું કરવું જોઈએ, એ માર્ગનો કોઈ અંત નથી, પણ જીવનની દરેક □ાસ એ મકસદની સફળતાની કોશિશમાં લાગી જવી જોઈએ. એ જ માણસની સત્ય મહોબ્બત કહેવાશે.

આપની અંતિમ ચાર શિખામણોથી સ્પષ્ટ થયું કે માણસ શરીઅતના વર્તુળમાંથી કયારેય નીકળી શકતો નથી, પણ એ મહોબ્બતના સમુદ્રમાં છે, તો જ્યાં સુધી મોતી મળી ન આવે એણે શાંતિનો □ાસ ન લેવો જોઈએ.

## ★ ધ્યાન આપશો ! ★

હુઝૂર ગૌષે પાક رَضِيَ اللهُ عَنْه થી આપણને મહબ્બત છે, આપણે હમેશાં અને ખાસ કરીને અગ્યારમીના મહીનામાં એટલે રબીઉલ આખિરમાં આપણે એમને અધિક યાદ કરીએ છીએ, જગા જગાએ એમની બારગાહમાં નજર કરવા ન્યાઝ બનાવામાં આવે છે, સગા, સંબંધીઓ અને ગરીબ મુસલમાનોને ખવડાવામાં આવે છે. તે સિવાય ખત્મે કુર્આન, વાઈઝના જલ્સા, અને કેટલીક જગાએ જુલૂસો પણ કાઢવામાં આવે છે. સુન્નીઓમાં ચાલતો સારો રિવાજ છે અને એના પર આપણને સવાબ આપવામાં આવશે અને વલીયુલ્લાહનો ફૈઝ પણ આપણને મળશે, પણ આપણે માત્ર એમના સવાબના નામના ખાણા પણ અટકી ન જવું જોઈએ, ખાઈને કપડાં ખંખેરીને ઊભુ ન થઈ જવું જોઈએ ! એમની શિખામણોને લક્ષમાં રાખી આખેરત તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ ! અને મકસદમાં સફળ બનવા પ્રયત્નશીલ થવું જોઈએ. કામયાબી અને સફળતા કેવી રીતે

પ્રાપ્ત થાય છે, જેને આપના વર્ણવેલ ઉપરોકત ર૩ સબકોના તોહફાથી જાણી શકાય છે. અને અમલથી પામી શકાય છે, આપણે જે એમના ઈસાલે સવાબના નામથી બનાવી ખાઈએ છીએ તે **જિસ્માની ખાણુ** છે, જેનાથી લિજ્જત મળે છે, શરીરમાં શકિત આવે છે, પણ આ શિખામણો એમના તરફથી બનાવીને **રૂહાની ખાણુ** આપવામાં આવ્યું છે, જેનાથી રૂહ સશકત બને છે, આખેરત સફળ થાય છે, ખુદાને ખુશ કરી શકાય છે, મકસદ પ્રાપ્ત થઈ શકે છે.

શું તમને તમારું ખાણુ ઉત્તમ લાગે છે કે પછી ગૌષે પાકનું રૂહાની ખાણુ ? જો તમને તમારું ખાણુ ઉત્તમ લાગે છે તો તમે ગૌષે પાકને સમજવાની કોશિશ નથી કરી, તમે એમના જીવનથી પોતાની ઈચ્છાની ચીજ સંબંધિત કરી મતલબી બની પોતાની જરૂરત પૂરી કરવામાં લાગેલા છો ! અને ગૌષે પાકનું રૂહાની ખાણુ ઉત્તમ છે તો પછી તમે આપની શિખામણોને અમલમાં લાવી રૂહાનિયતને સશકત બનાવો.

## ★ હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ★

સુલ્તાનુલ હિંદ હઝરત ખ્વાજા ગરીબ નવાઝ મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ જેમની કબ્ર શરીફ અજમેર શરીફમાં છે, સુન્નીના દરેક બાળકને ખબર છે કે ગરીબ નવાઝ કોણ છે ? અને એમનું મઝાર શરીફ કયાં છે, ગરીબથી ગરીબ માણસ પણ પોતાના ખર્ચામાંથી થોડી થોડી રકમ બચાવીને આપના મઝાર પર જાય છે. મુસલમાનોને આપની જાતે પાકથી ઘણો જ પ્રેમ છે અને સર્વને આપની જાતને પ્રિય રાખવાનો હક્ક છે કારણ કે આપણને ઈમાન આપના સદકાથી મળ્યું છે. હિંદુસ્તાનમાં આપ ઈસ્લામના એવા મુબલ્લિગ થઈ ગયા કે આપના હાથો પર લગભગ નેવું લાખ હિંદુઓએ મુસલમાન બનાવાની ઈજ્જત મળી અને પછી એમનો વંશ વધતો રહ્યો એટલે સુધી કે હિંદુસ્તાનમાં આજે વીસ કરોડ મુસલમાન છે. પાકિસ્તાન અને બાંગલાદેશને મેળવવામાં આવે તો સંખ્યા ઘણી જ વધી શકે છે, આ બધું આપની તબ્લીગનું ફળ છે. એટલે આપને આપણે લોકોએ પ્રિય રાખવા જોઈએ. આપણને ઈસ્લામ અને ઈમાનની દોલત અલ્લાહ તઆલાએ આપી પણ એ દોલત આપવાનું જાહેરી કારણ આપની





જાતને બનાવી.

## ★ યાદ રાખવાનો મતલબ શું ?! ★

યાદ રાખવાનો મતલબ એ છે કે આપે આપણા સુધી ઈસ્લામ પહોંચાડયો. હવે ઈસ્લામના વર્તુળમાં આવ્યા પછી આપણે શું કરવાનું છે ? આખેરતની સફળતા માટે કેવા અમલોમાં વ્યસ્ત થવાનું છે ? તે સઘળી જરૂરતોમાં આપની તાલીમ અને આપની શિખામણોને યાદ રાખી એ માર્ગે ચાલવાનું છે. આપના નામે ઈસાલે સવાબ કરવો, ખાણું બનાવીને ખાવું અને ખવડાવું એ જરૂરથી સારું કામ છે પણ એ મકસદ નથી, મકસદ તો આપની તાલીમને લક્ષમાં રાખી સફળતાને માર્ગે ચાલવું છે.

બુઝુર્ગોને દુનિયાથી મહોબ્બત અને પ્રેમ નથી હોતો એટલે તેઓ આજીવન ફકીરી અને ગરીબીને ઉત્તમતા આપે છે, તેમના અમલોમાં અને તેમની સીરતમાં તમને દુનિયાની વાતો મળશે નહીં, આખેરત શું છે ? અને એની કામયાબી માટે શું કરવાનું છે ? એ જ પ્રકરણ પર એમની વાણીઓ હોય છે, અને એમના લખાણથી પણ એ જ મકસદ જાહેર થાય છે, એટલે આપણી દુનિયાની ઉન્નતી અને માલ દોલતની પ્રગતિ, અને દુનિયાના કામોમાં મદદ આપતી ચીજ વસ્તુઓથી એમને પ્રેમ નથી, અને એનાથી એમને ખુશ નથી કરી શકતા. આપણા ઈસાલે સવાબની પણ એમને જરૂરત નથી, કારણ કે તેઓ પોતાની આખેરતની કામયાબીમાં કોઈ કમી લઈને નથી ગયા, એટલે માત્ર એ તરીકાથી પણ આપણે એમને ખુશ નથી કરી શકતા. તો પછી ખુશ કરવાનો તરીકો શું છે ? તો તે એ જ છે કે આપ નબીનો પૈગામ અને નબીની તાલીમ લઈને આપણી પાસે આવ્યા હતા, આપણે એ તાલીમથી પોતાને શણગાર આપી સાચા અને પાકા મુસલમાન બની જઈએ, ફર્ઝ, વાજિબ અને સુન્નતોની પાબંદી રાખીએ, તો એનાથી જરૂર આપ ખુશ થઈ જશે કારણ કે આપણે મકસદને ધ્યાનમાં રાખી એમાં સફળતાનો પ્રયત્ન કર્યો. તો આપની મધૂર વાણીઓથી વાકેફ થવા માટે અમે તમારી ખિદમતમાં આપના અમુક પત્રો રજુ કરીએ છીએ જે આપે પોતાના વિદ્યાર્થીઓ, ખલીફાઓ અને ચાહકોને લખ્યા હતા. ત્યાર પછી અલગથી અન્ય શિખામણો પણ રજુ કરીશું.

જેથી આપણે એમની શિખામણોને અમલમાં લાવી સફળ બનીએ અને ગરીબ નવાઝને ખુશ પણ કરીએ.

## ★ જેવા સાથે તેવો અમલ ★

દરેક વ્યક્તિને ખુશ કરવાનો અલગ અલગ તરીકો હોય છે. અને તે વ્યક્તિની હાલત જોઈને ફૈંસલો કરી શકાય છે. ભૂખ્યા માણસને ખુશ કરવા તેને ખાણું આપવું પડે, તરસ્યાને ખુશ કરવા પાણી આપવું પડે, નગ્નને ખુશ કરવા કપડું આપવું પડે, બેઘરને ખુશ કરવા ઘર આપવું પડે, બીમારને ખુશ કરવા દવા આપવી પડે, કર્ઝદાર અને દેવાદારને ખુશ કરવા તેનું દેવું ચુકવવું પડે, ઉસ્તાદને ખુશ કરવા તેમનો આપેલો સબક યાદ કરવો પડે, **વલીયુલ્લાહને ખુશ રાખવા દીનદાર અને પરહેઝગાર બનવું પડે.**

મેં ઉપરોકત દાખલાઓ તમારા દિમાગથી મારી વાતને નિકટ કરવા માટે જ આપ્યા છે જે આપણા સમાજ પ્રમાણે છે, અને સમાજમાં ઉપરોકત તરીકાથી વ્યક્તિને જોઈને એની જરૂરતનો ખયાલ કરીને નિર્ણય લેવામાં આવે છે. તો પછી ગરીબ નવાઝ અલ્લાહના વલી છે, દુનિયા એમને પસંદ નથી, દુનિયાની ચીજ વસ્તુઓથી એમને નફરત છે, તો પછી એમને દુનિયાની ચીજ વસ્તુઓથી ખુશ ન કરી શકાય. એમની ખુશી આખેરતની સફળતામાં છે તો પછી આપણે આખેરતના સંબંધિત કામોમાં વ્યસ્ત રહેવું જોઈએ, **દીન પર રહેવું આપને પસંદ છે તો આપણે દીન પર રહેવું જોઈએ. દીનનો પ્રચાર કરવો પસંદ છે તો આપણે એ કામમાં ભાગ લેવો જોઈએ, દીનની મદદ પ્રિય છે તો આપણે દીનની મદદ કરવી જોઈએ.** મારા પ્રિય મુસલમાન ભાઈઓ અને બહેનો ! આપણે ગરીબ નવાઝને ખુશ કરવાની ઈચ્છા તો ધરાવીએ છીએ, પણ કયા તરીકાથી ખુશ કરવા એમાં આપણે અજાણ હતા, પણ એ તરીકો આપણને માલૂમ થઈ ગયો તો પછી આપણે એ તરીકાને પ્રિય સમજી એને આજે જ અમલમાં લઈ આવવો જોઈએ, ગુનાહો અને નાફર્માનીઓથી તૌબા કરી દીનમાં આગળ ધપવું જોઈએ. આવો ! હઝરત ખ્વાજા ગરીબ નવાઝ શું ફર્માવે છે તેને દિલના કાનો વડે સાંભળો અને





અમલમાં મૂકી સાચી મહોબ્બતની સાબિતી આપો :–

## ★ ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہ નો પ્રથમ પત્ર ★

મારા હાર્દિક પ્રિય, દિલી દોસ્ત, મારા ભાઈ ખ્વાજા કુત્બુદ્દીન દહેલ્વી ! અલ્લાહ તઆલા આપને બંને જહાનમાં ખુશનસીબી અર્પણ કરે, મિસ્કીન બંદો (નમ્રતાસૂચક શબ્દ) મુઈનુદ્દીન તરફથી સુન્નત મુજબ સલામ પછી જણાવવાનું અને સ્પષ્ટ કરવાનું કે અલ્લાહના રહસ્યોના અમુક નમૂના હું લખી જણાવું છું, આ પોતાના સાચા મુરીદો અને હક્કના ચાહકોને શિખવાડી આપશો કે તેઓ ભૂલ ન ખાય :–

પ્રિય ! જેણે અલ્લાહ તઆલાને ઓળખી લીધો એ કયારે સવાલ માંગ (તલબ)અને આશા નથી રાખતો, જે અત્યાર સુધી ઓળખી ન શકયો, તે એની વાત સમજી નથી શકતો, બીજું એ કે લાલચ અને વાસના છોડી આપો, જેણે લાલચ અને વાસના છોડી આપી એણે મકસદ પ્રાપ્ત કરી લીધો. એવા વ્યક્તિ બાબત અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

وَنَهَى النَّفْسَ عَنِ الْهَوٰى فَاِنَّ الْجَنَّةَ هِىَ الْمَاْوٰى

"જેણે નફસને વાસનાથી રોકયો, તો બેશક ! જન્નત એનું ઠેકાણું છે."

જેણે અધિક વાસનાઓથી પોતાના દિલને ખુદા તઆલા તરફથી ફેરવી લીધું, એને લા'નતના કફનમાં દફન કરીને બેઈજ્જતીની જમીનમાં દફન કરી દે છે. અને જેણે અધિક વાસનાઓથી દૂર રહીને ખુદાના માર્ગમાં નફસને મારી નાખ્યો એને રહમતના કફનમાં લપેટીને સલામતીની જમીનમાં દફન કરી આપે છે. એટલે કે વાસનાઓ પર ચાલનાર બેઈજ્જત થાય છે અને આખેરતમાં નાકામ રહે છે. જ્યારે અલ્લાહ અને રસૂલના ફર્માન પર ચાલનાર ઈજ્જતવાળો, કામયાબ હોય છે.

સુલ્તાનુલ આરેફીન હઝરત ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે, એક દિવસ સ્વપ્નમાં મેં અલ્લાહ તઆલાનો દીદાર કર્યો. ફર્માવ્યું, બાયઝીદ ! તું શું ઈચ્છે છે ? વિનંતિ કરી, હું તે જ ઈચ્છું છું જે તું ઈચ્છે છે. અલ્લાહ તઆલાએ ખુશ થઈને ફર્માવ્યું, હું એ જ પ્રમાણે તારો

છું જેવી રીતે તું મારો છે.

જો તસવ્વુફની હકીકત અને એની વાસ્તવિકતાથી વાકેફ થવું હોય તો પોતાની દરેક સહુલતનો દરવાજો બંધ કરી આપો, મહબ્બત અને પ્રેમ સાથે બેસી જાવ. જો તમે આ કામ કરી લીધું તો સમજો તસવ્વુફના આલિમ બની ગયા. હક્કની શોધમાં રહેનારે આ વાતને દિલો જાનથી સ્વીકારી લેવી જોઈએ. ઈન્શાઅલ્લાહુ તઆલા એ શૈતાનની બુરાઈથી છૂટકારો પામશે અને બંને જહાંનમાં મકસદ પામશે.

એક દિવસ મારા શૈખ સાહેબ علیہ الرحمۃ والرضوان એ ફર્માવ્યું, મુઈનુદ્દીન ! શું તને ખબર છે સાહિબે હુઝૂર કોને કહેવામાં આવે છે ? જુઓ સાહિબે હુઝૂર એ છે કે દરેક સમય ઉબૂદિયતની જગામાં હોય, અને દરેક વાકયાને અલ્લાહ તઆલા તરફથી જાણે, અને સમજે, અને એના પર ખુશ રહે, બલ્કે એને રહમત જ ખ્યાલ કરીને રહે, અને સઘળી ઈબાદતોનો મકસદ આ જ છે, જેને આ પ્રાપ્ત થઈ જાય છે એ જગતનો રાજા છે બલ્કે દુનિયાનો રાજાઓને એની જરૂરત છે.

એક દિવસ મારા શૈખ સાહબે મને સંબોધીને કહ્યું કે, અમુક દુરવેશ જે કહે છે તાલિબ (શોધમાં રહેનાર) જ્યારે કમાલ પ્રાપ્ત કરી લે છે તો એને ગભરામણ નથી રહેતી, એ ખોટું છે. બીજા જે એવું કહે છે કે ઈબાદતની પણ એને જરૂરત નથી, એ પણ ખોટું છે. કારણ કે જનાબ સરવરે કાઈનાત હમેશાં ઈબાદત, બંદગી અને ઉબૂદિયતમાં સિજદામાં રહ્યા, બંદગીમાં ઉત્તમ દરજ્જે પહોંચીને પણ ફર્માવતા હતા : "અમે તારી શાન લાયક તારી ઈબાદત નથી કરી."

નિઃશંક ! એ જાણો કે આરિફ (મારેફતવાળો) જ્યારે દરજ્જામાં પ્રગતિ કરી લે છે તો એ સમયે અતિ ઉત્તમ દરજ્જાની ઈબાદત નમાઝને તદ્દન સાચા દિલથી અદા કરે છે અને એનાથી નિકટતા અને જાણકારી વધારે પ્રાપ્ત થાય છે. બલ્કે અગત્યની ખાસ મેઅરાજ આ જ નમાઝ છે. જ્યારે કોઈ આને જાણી સચ્ચાઈથી કામ કરે છે તો એને એવી તરસ લાગે છે, જાણે એણે આગના કેટલા પ્યાલા પી લીધા છે, જ્યારે જ્યારે એવા પ્યલા પીશે તો તરસ વધતી જશે, એટલા માટે કે સીમા પારના જમાલનો અંત નથી. તે સમયે એની શાંતિ અને આરામ બેચેનીમાં બદલાય જાય છે





જ્યાં સુધી અલ્લાહની મુલાકાતની નેઅમત પ્રાપ્ત ન કરી લે. (વસ્સલામ)

## ★ બીજો પત્ર ★

**(૨)** દર્દમંદ, અલ્લાહના દીદારના શોખીન દુરવેશ, તકલીફો સહેનાર, મારા ભાઈ ખ્વાજા કુત્બુદ્દીન દહેલ્વી ! અલ્લાહ તઆલા બંને જહાંનમાં આપને કામયાબ કરે. સુન્નત મુજબ સલામ પછી મકસદ એ છે કે એક દિવસ ખ્વાજા ઉષ્માન હારૂની قدس سرہ ની ખિદમતમાં ખ્વાજા નજમુદ્દીન સાહેબ સુગરા, ખ્વાજા મુહમ્મદ તારિક અને બીજા દુરવેશ હતા, એટલામાં એક વ્યક્તિએ હાજર થઈને ખ્વાજા સાહેબને પૂછયું, એ કેવી રીતે જણાય કે કોઈને અલ્લાહની નિકટતા પ્રાપ્ત થઈ ગઈ છે ? આપે ફર્માવ્યું, નેક અમલોની તૌફીક અર્પણ થઈ ગઈ એના માટે નિકટતાનો દરવાજો ખુલી ગયો. પછી રૂદન કરીને ફર્માવ્યું, એક વ્યક્તિને ત્યાં એક નેક લોંડી હતી, જે અડધી રાત્રે વુઝૂ કરીને બે રકાત નમાઝ પઢતી, અલ્લાહનો શુક્ર અદા કરતી અને હાથ ઉઠાવીને દુઆ કરતી, પરવરદિગાર ! મેં તારી નિકટતા પ્રાપ્ત કરી લીધી છે, તું હવે મને તારી પાસેથી દૂર ન કરતો લોંડીના માલિકે સાંભળીને કહ્યું, તને કેવી રીતે ખબર પડી ગઈ કે તને અલ્લાહની નિકટતા પ્રાપ્ત થઈ ગઈ છે ? તેણીએ જવાબ આપ્યો મને એવી રીતે ખબર થઈ કે મને અડધી રાત્રે જગાડીને બે રકાત નમાઝની તૌફીક આપી છે ! એટલે મને ખબર છે કે મને નિકટતા પ્રાપ્ત છે. આકાએ કહ્યું, અય લોંડી ! જા મેં તને ખુદાના માર્ગમાં આઝાદ કરી આપી.

સારાંશ એ કે માણસે રાત દિવસ અલ્લાહની ઈબાદતમાં વ્યસ્ત રહેવું જોઈએ, એટલે સુધી કે એનું નામ નેક લોકોના ચોપડામાં લખી લેવામાં આવે, નફરત અને શૈતાનના ફંદાથી બચી જાય. (વસ્સલામ)

## ★ ત્રીજો પત્ર ★

**(૩) અલ્લાહુસ્સમદ**ના રહસ્યોને જાણનાર, **લમ યલીદ વલમ યુલદ**ના પ્રકાશોના માહિર, મારા ભાઈ ખ્વાજા કુત્બુદ્દીન દહેલ્વી ! અલ્લાહ તઆલા તમારી પ્રગતિમાં વધારો કરે, ફકીર પુરતકસીર મુઈનુદ્દીન સંજરી તરફથી હર્ષોલ્લાસ અને પ્રેમ મહોબ્બતથી ભરેલી સલામ પહોંચે, મકસદ

એ કે લખાવવા સુધી જાહેર તંદુરસ્તી પર શુક્ર ગુજાર છું, અલ્લાહ તઆલા આપને દારૈનની તંદુરસ્તી આપે. ભાઈ જાન ! મારા શૈખ ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મારેફતવાળાઓને છોડીને બીજા કોઈને ઈશ્કના રહસ્યોની જાણકારી ન આપવી જોઈએ. જ્યારે ખ્વાજા શૈખ સઅદીએ આં જનાબને પૂછયું કે, મારેફતવાળાઓને કેમ કરી ઓળખી શકીએ છીએ ? ખ્વાજા ઉષ્માન હારૂની સાહેબે ફર્માવ્યું, મારેફતવાળાઓની ઓળખ તર્ક (જુદા થઈ જવું) છે. જેનામાં તર્ક આવી ગઈ યકીનથી જાણી લો એ અહલે મારેફત છે અને એને ખુદાની ઓળખ પ્રાપ્ય છે. અને જેમાં તર્ક નથી એમાં હક્કની મારેફતની ગંધ પણ નથી. આ સારી રીતે જાણી લો કે શહાદતનો કલ્મો અને નફી, ઈસ્બાત (નકારાત્મક અને હકારત્મક) અલ્લાહ તઆલાની ઓળખ છે. માલ અને પદ મહાન મૂર્તિ છે, એમણે ઘણા લોકોને સીધા માર્ગેથી ગુમરાહ કરી દીધા છે અને કરી રહ્યા છે. આ મખ્લૂકના મા'બૂદ બની રહ્યા છે. ઘણા લોકો માલ અને પદની પૂજા કરે છે.

જેણે પદ અને માલને દિલમાંથી હટાવી દીધા એણે નફી કરી અને જેને હક તઆલાની મારેફત મળી એણે પૂરે પૂરો ઈસ્લામ પ્રાપ્ત કર્યો અને આ વાત **લાઈલાહ ઈલ્લલ્લાહ** કહેવા અને એના પર અમલ કરવાથી પ્રાપ્ત થાય છે. તો જેણે શહાદતનો કલ્મો ન પઢયો એને ખુદાની ઓળખ પ્રાપ્ત નથી.

**ભાવાર્થ : લાઈલાહા** કોઈ મા'બૂદ નથી તો એમાં આપણે દરેક મા'બૂદનો અસ્વીકાર કર્યો, અને જ્યારે **ઈલ્લલ્લાહ** કહ્યું, મા'બૂદ હોવાનું પદ માત્ર અલ્લાહ તઆલા માટે રાખ્યું, તો પછી બધાથી હટીને અલ્લાહ તઆલા સાથે સંબંધ હોવો જોઈએ, એને તર્ક કહેવામાં આવે છે.

## ★ ચોથો પત્ર ★

**(૪)** હકીકતો અને મારેફતોથી વાકિફ, રબ્બુલ આલમીનના આશિક, મારો ભાઈ ખ્વાજા કુત્બુદ્દીન દહેલ્વી رحمۃ اللہ علیہ !

જણાવવાનું કે ઈન્સાનોમાં અધિક અક્કલવાળા એ ફકીરો છે જેમણે દુરવેશી અને નામુરાદીને પસંદ કરી રાખી છે, કારણ કે દરેક મુરાદમાં નામુરાદી છે અને દરેક નામુરાદીમાં મુરાદ છે. (દુનિયાની





નેઅમતની પ્રાપ્તિ નાકામી છે અને એના ન મળવામાં સફળતા છે.) એના વિરોધમાં ગાફિલ (આખેરતથી વંચિત) લોકોએ તંદુરસ્તીને તકલીફ અને તકલીફને તંદુરસ્તી સમજી રાખી છે. (દુનિયાની નેઅમત મળે તો ખુશ થાય છે અને ન મળે તો ઉદાસ રહે છે, મુસીબતને પસંદ કરતો નથી જેનાથી આખેરતમાં બદલો મળશે) અક્કલવાળો એ જ છે કે જ્યારે દુનિયાના મકસદની પ્રાપ્તિનો ખ્યાલ આવે તો તરત જ તેને છોડી આપે, નાકામી અને ફકીરીને ઉત્તમતા આપી દે, જ્યાં સુધી નાકામ ન બને, કામયાબ બની જ નથી શકતો. (દુનિયામાં નાકામ રહીને જ આખેરતની કામયાબી પ્રાપ્ત કરી શકાય છે.)

માણસે હક તઆલા સાથે દિલી સંબંધ રાખવો જરૂરી છે, જે હમેશાંથી છે અને હમેશાં રહેશે. જો અલ્લાહ તઆલા આંખ આપે તો દરેક માર્ગમાં એના દીદાર સિવાય બીજું કંઈ ન જુએ અને બંને જહાંનમાં જેને પણ જુએ તેમાં એની જ હકીકત અને વાસ્તવિકતાને જુએ. દીનદારી અને આંખ પ્રાપ્ત કરો, કારણ કે જો તમે ધ્યાનથી જુઓ તો જમીનનો દરેક રજકણ દુનિયા બનાવનારાનું પ્યાલું છે. જાહેરમાં મુલાકાત થાય એ શોખ સિવાય બીજું શું લખું ! (વસ્સલામ)

## ★ પાંચમો પત્ર ★

**(૫)** અલ્લાહ સુધી પહોંચનારાઓના પ્રિય ! રબ્બુલ આલમીનના આશિક, મારા ભાઈ ખ્વાજા કુત્બુદ્દીન દહેલ્વી ! (મા'બૂદે હકીકીની પનાહમાં રહીને ખુશ રહો) એક દિવસ આ દુઆ કરનાર (ગરીબ નવાઝ પોતે) ખ્વાજા ઉસ્માન હારૂનીની ખિદમતમાં હાજર હતો. એક વ્યકિતએ આવીને વિનંતિ કરી, શૈખ સાહેબ ! મેં વિવિધ પ્રકારના ઈલ્મો શીખ્યા અને બંદગી પણ ઘણી કરી પણ કંઈ પ્રાપ્ત ન થયું ! (એને કારણ શું ?) ખ્વાજા ઉષ્માન હારૂની સાહબે ફર્માવ્યું, તમારે માત્ર એક વાત પર અમલ કરવો જોઈએ, આલિમ પણ બની જશો અને ઈબાદતગુજાર પણ અને એ છે જનાબ હઝરત રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન :–

تَرْكُ الدُّنْيَا رَأْسُ كُلِّ عِبَادَةٍ وَحُبُّ الدُّنْيَا
رَأْسُ كُلِّ خَطِيْئَةٍ ۔

"દુનિયા છોડી આપવી દરેક ઈબાદતનું મૂળ છે અને દુનિયાની મહોબ્બત દરેક ગુનાહનું મૂળ છે." જો તમે આ હદીષ પર અમલ કરી લો તો તમારે બીજા કોઈ ઈલ્મની જરૂરત ન રહે. ઈલ્મ માત્ર એક જ નુકતો છે એને પ્રાપ્ત કરવું સરળ છે, પરંતુ એના પર અમલ કરવો મુશ્કેલ છે. યકીનથી જાણી લો, છોડવું (તર્ક) ત્યાં સુધી પ્રાપ્ત નથી થઈ શકતું જ્યાં સુધી મહબ્બત સંપૂર્ણ ન હોય. મહોબ્બત ત્યારે જ પ્રાપ્ત થાય છે જ્યારે અલ્લાહ તૌફીક આપે, અલ્લાહની હિદાયત વગર મકસદ પ્રાપ્ત નથી થઈ શકતો. માણસ માટે જરૂરી છે કે અલ્લાહ તઆલાની કદર કરે, કિંમતી સમયને દુનિયાની વાસનાઓ પૂરી કરવામાં ખરાબ ન કરે. બલ્કે સમયને નેઅમત સમજી ફકીરી અને ગરીબીમાં ઉંમર વિતાવવી જોઈએ, નમ્રતાથી રહે અને ગુનાહોથી શરમાઈને માથુ ન ઉઠાવે, દરેક હાલતમાં નીચો બનીને રહે, રૂદન કરતો રહે, અતિ ઉત્તમ કામ આ જ છે.

ત્યાર પછી ચર્ચા સંબંધિત આપે એક કિસ્સો બયાન કર્યો : હઝરત હાતિમ અસમ્મ رحمۃ اللہ علیہ ખ્વાજા ઉષ્માન હારૂનીના શાર્ગિદ અને મુરીદ હતા. એક દિવસ શૈખ સાહેબે પૂછયું, કેટલા સમયથી તમે મારી સેવામાં છો અને મારી વાતો સાંભળતા આવ્યા છો ? વિનંતિ કરી, ત્રીસ વર્ષથી સેવામાં છું. પૂછયું, એટલા સમયમાં શું પ્રાપ્ત કર્યું ? અને કેટલો ફાયદો ઉઠાવ્યો ? વિનંતિ કરી, મેં આઠ પ્રકારના ફાયદા પ્રાપ્ત કર્યા અને હવે એનાથી અધિકની મને જરૂરત નથી. આપે ફર્માવ્યું, **ઈન્ના લિલ્લાહ વ ઈન્ના ઈલૈહિ રાજિઊન.** હાતિમ ! મેં પૂરી ઉંમર તારા કામમાં ખર્ચ કરી આપી, હું પણ નથી ઈચ્છતો કે તું એનાથી અધિક પ્રાપ્ત કરે. વિનંતિ કરી, મારા માટે આટલું ઈલ્મ સંપૂર્ણ છે કારણ કે બંને જહાંનની નજાત આ આઠ ફાયદાઓમાં આવી જાય છે. ફર્માવ્યું, બયાન કરો ! વિનંતિ કરી, મારા માર્ગર્શક ! :–

**(૧)** જ્યારે મેં મખ્લૂકને ધ્યાનથી જોઈ તો મને જાણવા મળ્યું કે દરેકે કોઈને પોતાનો મહબૂબ અને પ્રિય બનાવ્યો છે. એ મહબૂબ અને પ્રિય એ પ્રકારના છે કે અમુક તો મૌત સુધી સાથે રહે છે, અમુક કબ્ર સુધી સાથે રહે છે, એ પછી કોઈ સાથે નથી જતું. કોઈ પણ એવું નથી જે માણસ સાથે એની કબ્રમાં જાય, એની ચિંતાનો ઈલાજ કરે અને એની





કબ્રને પ્રકાશિત બનાવે. એ જોઈને મેં વિચાર્યું કે મહબૂબ એ જ સારો જે માણસ સાથે કબ્રમાં આવે, ત્યાં એની ચિંતાનો ઈલાજ કરે અને દીવો બને અને કિયામતમાં ફાયદા પહોંચાડે. મને જાણ થઈ કે આ પ્રમાણેનો મહબૂબ માત્ર નેક અમલો છે તો મેં એને પોતાનો મહબૂબ બનાવી લીધો અને એમને મારા માટે પુરાવો બનાવ્યો. એટલે જ કે કબ્રમાં મારી ચિંતાનો ઈલાજ કરે અને મારા માટે દીવો બને, અને દરેક જગાએ મારી સાથે રહે, મને છોડીને નાસી ન જાય. ખ્વાજા શફીક رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, હાતિમ ! તમે ઘણુ સારું કર્યું !

**(૨)** જ્યારે મેં લોકોને ધ્યાનથી જોયા તો જાણવા મળ્યું સઘળા લોકો લાલચ અને વાસનાની પાછળ પડે છે. નફસની ઈચ્છાઓ પર ચાલે છે, પછી મેં આ આ આયત પર ધ્યાન આપ્યું :–

وَأَمَّا مَنْ خَافَ مَقَامَ رَبِّهِ وَنَهَى النَّفْسَ عَنِ
الْهَوَى فَإِنَّ الْجَنَّةَ هِيَ الْمَأْوَى

"જે પોતાના રબ સમક્ષ ઊભો રહેવાથી ડરી ગયો અને નફસને વાસનાથી રોકયો તો એનું ઠેકાણું જન્નત છે." તો મને યકીન આવી ગયું કે કુર્આન સાચું છે, એટલે નફસનો વિરોધ કરવામાં હું વ્યસ્ત થઈ ગયો, એને સતત તકલીફોમાં મૂકયો અને એની એક ઈચ્છા પણ પૂરી ન કરી માત્ર અલ્લાહ તઆલાની ફર્માબરદારીથી જ મને આરામ મળે છે. ખ્વાજા શફીક رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, અલ્લાહ તઆલા તમને એમાં બરકત આપે, તમે ઘણુ જ સારું કામ કર્યું !

**(૩)** જ્યારે મેં પબ્લિકની હાલતો પર ધ્યાન આપ્યું તો જાણવા મળ્યું કે અન્ય લોકોએ ઈજ્જત અને મોટાઈ વધારે લોકોને સાથે રાખવામાં સમજી લીધી છે અને એના પર એ લોકો ગર્વ કરે છે. અમુક એવું સમજે છે કે માલ અને ઔલાદ પર એનો આધાર છે અને એને જ ગર્વ સમજે છે, ત્યાર પછી મેં આ આયત પર પૂરતું ધ્યાન કર્યું :–

إِنَّ أَكْرَمَكُمْ عِندَ اللَّهِ أَتْقَاكُمْ

"બેશક ! તમારામાં અલ્લાહની બારગાહમાં ઈજ્જતવાળો

તમારામાનોં મોટો પરહેઝગાર છે.''

જાણવા મળ્યું કે આ જ સત્ય અને હક્ક છે અને જે લોકોએ વિચારી રાખ્યું છે તે તદ્દન ખોટુ છે. તો મેં તકવો અપનાવી લીધો કે અલ્લાહની બારગાહમાં ઈજ્જતવાળો બની જાઉં, ખ્વાજા શફીક رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, તમે ઘણુ જ સારું કર્યુ !

**(૪)** જ્યારે મેં લોકોની હાલતોને ધ્યાનથી જોઈ તો જોયું કે દરેક વ્યક્તિ દુનિયા માટે કોશિશમાં લાગેલો છે, તકલીફો સહે છે. જ્યારે છેવટે દુનિયાના આગેવાનો પાસેથી કશું મળી આવે છે અને પછી એના પર એ ખુશ થાય છે. ત્યાર પછી મેં અલ્લાહના આ ફર્માન પર મનન કર્યુ :-

مَا عِنْدَكُمْ يَنْفَدُ وَمَا عِنْدَ اللّٰهِ بَاقٍ

''જે તમારી પાસે છે પૂરું થઈ જશે અને અલ્લાહ પાસે છે બાકી રહી જશે.''

તો પછી જે કંઈ મેં ભેગું કર્યુ તેને અલ્લાહના માર્ગમાં ખર્ચી નાખ્યું અને પોતાને અલ્લાહ તઆલાને સોંપી આપ્યો કે અલ્લાહ તઆલા પાસે બાકી રહે અને આખેરતમાં મારો બદલો બને. ખ્વાજા શફીક رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, અલ્લાહ તઆલા તને બરકત આપે, તેં સારું કર્યુ !

**(૫)** મેં જ્યારે લોકોના હાલાતને ધ્યાનથી જોયા તો જાણવા મળ્યું કે એક બીજાને હસદ અને ઈર્ષાથી બુરાઈ સાથે યાદ કરે છે અને ઈર્ષા પણ માલ, પદ અને ઈલ્મમાં કરે છે. પછી મેં આ આયત પર મનન કર્યુ :-

قسمنا بينهم معيشتهم في الحيوة الدنيا

''અમે એમની દુનિયાના જીવન માટે રોજીની વહેંચણી કરી.''

જ્યારે પ્રથમથી જ નિર્ણય લઈ લેવામાં આવ્યો છે, એમનો ભાગ એમના માટે નિશ્ચિત થઈ ગયો છે અને કોઈનો એમાં અધિકાર નથી તો પછી ઈર્ષા બેફાયદા છે. ત્યારથી મેં ઈર્ષા છોડી આપી છે અને દરેક સાથે સુલેહ કરી લીધી છે. ખ્વાજા શફીકે ફર્માવ્યું, તમે સારું કર્યુ !

**(૬)** જ્યારે દુનિયાને ધ્યાનથી જોઈ તો જાણવા મળ્યું, લોકો એક





બીજાથી દુશ્મની રાખે છે અને કોઈ ખાસ કામ માટે એક બીજાથી રમત રમે છે, પછી મેં આ આયતને ધ્યાનથી જોઈ : ''શૈતાન તમારો ખુલ્લો દુશ્મન છે.'' તો મને ખબર થઈ અલ્લાહ તઆલાનું કલામ તદ્દન સાચું છે, ત્યારથી હું શૈતાનને મારો દુશ્મન સમજુ છું, નથી એનું અનુસરણ કરતો, નથી એની પાછળ ચાલતો, અલ્લાહના હુકમોનું પાલન કરું છું, એની બુઝુર્ગી બયાન કરું છું, અને ઠીક પણ એ જ છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :-

الم اعهد اليكم يا بني آدم ان لا تعبدوا الشيطان انه لكم عدو مبين وان اعبدوني هذا صراط مستقيم

''અય આદમના વંશ ! શું મેં તમારાથી વાયદો નથી લીધો કે શૈતાનની પૂજા ન કરશો ? બેશક ! એ તમારો ખુલ્લો દુશ્મન છે ! અને જો તમે મારી બંદગી કરો તો આ સીધો માર્ગ છે.'' ખ્વાજા સોહેબે (ઉષ્માન હારૂનીએ) ફર્માવ્યું, તમે ઘણુ જ સારું કામ કર્યુ !

**(૭)** જ્યારે મેં મખ્લૂકને ધ્યાનથી જોઈ તો જાણવા મળ્યું કે દરેક વ્યક્તિ પોતાની રોજી માટે અથાગ કોશિશો કરે છે અને એટલે જ હરામ અને શંકામાં પડે છે અને પોતાને બેઈજ્જત કરે છે. પછી મેં આ આયતને ધ્યાનથી પઢી :-

وما من دابة في الارض الا على الله رزقها

''પૃથ્વી પર દરેક ચાલવાવાળા માટે અલ્લાહની કૃપા પર રોજી છે.''

તો સમજી લીધું એનું ફર્માન હક્ક છે. હું પણ એક ચાલનાર છું, ત્યારથી હું અલ્લાહના હુકમના પાલનમાં વ્યસ્ત થઈ ગયો, મારી રોજી મને પહોંચીને જ રહેશે. કારણ કે એ એના વાયદાના આધારે જવાબદાર છે. હઝરત ખ્વાજા સિદ્દીકે (ઉષ્માન હારૂનીએ) ફર્માવ્યું, તે સારું કર્યુ ! હવે આઠમો ભાગ વર્ણન કરો.

**(૮)** જ્યારે મેં ખુદાની મખ્લૂકને ધ્યાનથી જોઈ તો જાણવા મળ્યું કે દરેકને કોઈ ન કોઈ ચીજ વસ્તુ પર ભરોસો હોય છે, અમુકને સોના ચાંદી પર, અમુકને માલ મિલ્કત પર. પછી મેં આ આયતને ધ્યાનથી

જોઈ : وَمَنْ يَّتَوَكَّلْ عَلَى اللّٰهِ فَهُوَ حَسْبُهٗ "જે વ્યકિત અલ્લાહ પર ભરોસો રાખે છે, અલ્લાહ એના માટે બસ છે." ત્યારથી મેં અલ્લાહ તઆલા પર ભરોસો કર્યો અને એ મારા માટે બસ છે, અને મારું કામ બનાવનાર એ જ છે.

ખ્વાજા શફીક رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, હાતિમ ! અલ્લાહ તમને આ વાતોની તૌફીક આપે, મેં તૌરેત, ઈન્જીલ, ઝબુર અને કુર્આનમાં મનન કર્યું, તો એ ચાર કિતાબોથી મને આ આઠ વાતો મળી, જે એની ઉપર અમલ કરે છે એ ચારેવ કિતાબો પર અમલ કરે છે. ખ્વાજા સાહેબે ફર્માવ્યું, આ કિસ્સાથી મને એ જાણ થઈ ગઈ કે વધારે ઈલ્મની જરૂરત નથી, અમલની જરૂરત છે. (વસ્સલામ)

## ★ છટ્ઠો પત્ર ★

**(૬)** અલ્લાહના રહસ્યોનો ખજાનો, ખુદાના ફયૂઝાનોની ખાણ, મારા ભાઈ ખ્વાજા કુત્બુદ્દી દહેલ્વી ! અલ્લાહ તઆલા તમને સલામત રાખે. એક દિવસ મારા શૈખ સાહબે નફી, ઈસ્તબાતના કલ્મા બાબતે કેટલુ સરસ ફર્માવ્યું ! : નફી (નકારત્મક) પોતાની જાતને ન જોવું છે, અને ઈસ્બાત અલ્લાહ તઆલા عزوجل ને જોવું છે, કારણ કે કોઈ પોતાને જોનાર ખુદાને જોનાર નથી બની શકતો. નકારાત્મકને નકારાત્મક કરવાવાળો હોવું જોઈએ, નહીં તો નકારાત્મકનો કોઈ ફાયદો નથી. જો એ વિચારવામાં આવે કે હસ્તી માત્ર અલ્લાહની જ હસ્તી છે તો મકસદ પ્રાપ્ત થાય છે.

વધુ જાણવાનું કે કલ્મએ શહાદત, નમાઝ રોઝા, વગેરેનો ભાવાર્થ આ જ છે. વાસ્તવિકતાને છોડીને માત્ર જાહેરી 'રૂપ પર અટકી' જવું વ્યર્થ છે. અને એ વ્યકિત મૂર્ખ છે જે એની વાસ્તવિકતા સુધી નથી પહોંચતો. પછી ફર્માવ્યું, અલ્લાહ તઆલા હમેશાં હતો અને હમેશાં રહેશે. માર્ગે ચાલનાર શરૂમાં આંધળો હોય છે, જ્યારે હક્ક તરફથી એને જોવાની શકિત મળે છે તો પછી એનાથી જુએ અને સાંભળે છે, અને પોતાને ભૂલી જાય છે. જ્યારે આવી હાલત થઈ જાય તો પછી હક્ક સુધી પહોંચનાર અને હમેશાં માટે જીવંત થઈ જાય છે. (વધારેમાં વસ્સલામ)





## ★ સાતમો પત્ર ★

**(૭)** મારેફતોના જાણકાર, હક્કથી બાખબર, અલ્લાહના આશિક, મારા ભાઈ ખ્વાજા કુત્બુદ્દીન ! અલ્લાહ તઆલા તમારી ફકીરીમાં વધારો કરે, દુઆ કરનાર તરફથી પ્રેમ ભરેલા સલામ બાદ જણાવવાનું કે, તરીકતના શૈખોએ ફર્માવ્યું છે કે ફકીર એ છે જેને કશાની જરૂરત ન રહે, દીદારે ઈલાહી સિવાય એની કોઈ માંગ નથી હોતી. દરેક મખ્લૂક બાકી રહેનાર અનાશવંત જાતની કુદરતોનો અરીસો છે. એટલે દરેકમાં એને પોતાનો મકસદ જોવા મળે છે. અન્ય બુઝુર્ગોએ એનો ખુલાસો એ આપ્યો કે કામિલ ફકીર અન કહેવામાં આવે છે જેના દિલથી હક તઆલા સિવાય ને બધું દૂર થઈ જાય અને અલ્લાહ તઆલાને છોડીને એનો કોઈ મકસદ ન હોય. જ્યારે અલ્લાહ સિવાય બધાં જ દૂર થઈ જાય છે ત્યારે આ મકસદ પ્રાપ્ત થાય છે.

શોધનારે હમેશાં મકસદની પાછળ રહેવું જોઈએ. હવે એ માલૂમ કરી લેવું જોઈએ મકસદ શું છે ? મકસદ આ મહોબ્બતની જલન છે, સત્ય હોય કે પછી માત્ર જાહેરી સ્વરૂપમાં, જાહેરી સ્વરૂપનો મતલબ શરીઅતના આરંભિક હુકમો છે. (વસ્સલામ)

## ★ ખ્વાજા ગરીબ નવાઝની શિખામણો ★

**(૧)** જૂઠી કસમ ખાવાવાળાના ઘરમાંથી બરકત જતી રહે છે અને એ બરબાદ થઈ જાય છે. (૨) નમાઝ અલ્લાહની નિકટતાનો દાદર છે, નમાઝ ખુદાની અનામત છે એનું સંપૂર્ણ રક્ષણ કરવું જોઈએ, નમાઝ ઈમાનવાળાઓની મેઅરાજ છે, અને નમાઝ બંદા અને ખુદાની વચમાં રહસ્ય છે. (૩) જે વ્યકિત ઈબાદત નથી કરતો હરામ રોજી ખાય છે. (૪) મોત પહેલાં આખેરતનો સામાન તૈયાર કરો, મોતને દરેક સમય માથા પર સમજો. (૫) ખુદા તઆલા જેને દોસ્ત રાખે છે એના માથા પર મુસીબતોની વર્ષા કરે છે. (૬) કબ્રસ્તાન શિખામણની જગા છે, ત્યાં જઈને હસવું, મોટા અવાજથી હસવું અથવા ખાવું પીવું કે પછી બીજું કોઈ દુનિયાનું કામ ન કરવું જોઈએ. (૭) ચુપ રહેવું અને ચિંતિત રહેવું

અલ્લાહની મારેફતવાળાઓની ઓળખ છે. (૮) નેક કામોથી ઉત્તમ નેક લોકોની સંગત છે અને બુરા કામોથી વધીને બુરુ ખરાબ લોકોની સંગત છે. (૯) બદ્નસીબ એ છે જે ગુનાહ કરે અને પછી આશા રાખે કે હું મકબૂલ બંદો છું. (૧૦) ગુનાહ કરવાથી એટલું નુકસાન નથી પહોંચતું જેટલું કોઈ મુસલમાન ભાઈને બેઈજ્જત અને તુચ્છ સમજવાથી પહોંચે છે. (૧૧) તૌબાનો નફો એ થવો જોઈએ કે ડાબા ખભાનો ફરિશ્તો વીસ વર્ષો માટે ગુનાહ લખવાથી અટકી જાય. એટલે કે તૌબા કરીને એટલી મુદ્દત સુધી એવો નેક બની જાય કે ફરિશ્તાને લખવાની જરૂરત ન પડે. એનો મતલબ એ નથી કે તૌબા વીસ વર્ષો માટે હોય છે પછી ગુનાહની છૂટ્ટી મળી જાય છે, ના બલ્કે જે વીસ વર્ષો ગુનાહ ન કરે એનો નફસ એટલો પાક થઈ જાય છે કે પછી ગુનાહ તરફ જવું તો ઘણા દૂરની વાત છે, એનો ખયાલ અને વિચાર પણ દિમાગમાં આવતો નથી. અને એ થોડીવાર માટે માની લેવામાં આવે કે વીસ વર્ષો પછી એને ગુનાહની છૂટ્ટી મળી જાય છે તો એ એટલો લાંબો સમય બચીને તો રહે, પછી એ નફસને ગુનાહ પર મજબૂર કરશે તો પણ એ ગુનાહ તરફ નમશે નહીં. (૧૨) મહોબ્બતવાળા દિલની ઓળખ એ છે કે દીન પર ચાલનાર અને ડર રાખનાર હોય, એવું ન થાય કે દોસ્ત ક્રોધમાં આવી મહોબ્બતથી અલગ ન કરી આપે. (૧૩) શરીઅતમાં સંપૂર્ણ પ્રગતિ કરીને માણસ તરીકતના દરજ્જે પહોંચે છે, પછી મઅરેફતના અને પછી હકીકત સુધી જાય છે. (૧૪) આપે ફર્માવ્યું : દરરોજ બે ફરિશ્તાઓ આકાશથી ઉતરે છે, એક કા'બાના ધાબા પર ઊભો રહી ઊંચા સ્વરે કહે છે, અય જિન્નાત અને ઈન્સાનની જમાઅત ! જે વ્યકિત ખુદાના ફર્ઝો અદા નથી કરતો એ ખુદાની પનાહ અને મદદથી બહાર છે ! બીજો ફરિશ્તો કબ્રે રસૂલના ગુંબદે ઊભો રહી ઊંચા સ્વરે કહે છે, અય લોકો ! તમારામાંથી જે રસૂલે ખુદાની સુન્નત છોડી દેશે, એ રસૂલુલ્લાહની શફાઅત નહીં પામી શકે ! (૧૫) અલ્લાહ عزوجل એ કોઈ બંદગી માટે એટલો ભાર નથી મૂકયો જેટલો નમાઝ માટે મૂકયો છે, નમાઝ એક વચન છે, જો એ વચનથી સલામતી સાથે મુકિત મળી જાય તો છૂટકારો છે, નહીં તો શરમને લઈને ખુદા તરફ મોઢું નહીં થઈ શકે. અધિક મહાન ગુનોહ એ છે કે ફર્ઝ નમાઝ સમયસર પઢવામાં





ન આવે (કઝા કરવામાં આવે) અને બે ફર્ઝોને એક સમયમાં પઢવામાં આવે.

**બોધ** : ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ના પત્રો અને આપની શિખામણોથી જાણવા મળ્યું કે મુસલમાન હોવું માત્ર ખત્ના કરાવી ઓળખપત્ર મેળવવું નથી, અને મુસલમાનો જેવું નામ રાખવું જ નથી ! એના માટે એ જરૂરી છે કે મુસલમાન બનીને રહેવામાં આવે અને જીવનની દરેક પળમાં ઈસ્લામની તાલીમાતને જગા આપવામાં આવે. દુનિયાની મહોબ્બતથી મુકિત હાંસલ કરી અલ્લાહ અને રસૂલની મહબ્બતને સશકત બનાવામાં આવે. જીભથી મુસલમાન કહી આપવાથી માણસ ઈસ્લામી શરીઅતના વર્તુળમાં મુસલમાન હોવાનું ઉપનામ પ્રાપ્ત કરી લે છે પણ સાચો મુસલમાન જે પોતાના જીવનને સંબંધિત દરેક કામ અને દરેક જરૂરતને પણ મુસલમાન બનાવી આપે. **જાહેર** અને **અંતર** બંને જ્યારે મુસલમાન બની જાય છે ત્યારે માણસ ઈસ્લામમાં સંપૂર્ણ બને છે, તો આપણે ગરીબે નવાઝની મહબ્બત દિલમાં રાખીએ છીએ અને આપને પ્રિય સમજીએ છીએ તો પછી આપણે માત્ર ''આશિકે ખ્વાજા'' હોવાનું એલાન ન કરવું જોઈએ, એવા બનવાની કોશિશ કરવી જોઈએ કે જોવાવાળા કહી શકે કે નક્કી આ માણસનો માર્ગદર્શક કોઈ અલ્લાહનો વલી છે જેની શિખામણોએ એની કાયા પલ્ટાવી નાખી છે ! દુનિયાની ખૈર બનાવી લેવી બુઝુર્ગોની ઈચ્છાથી નથી એમની ઈચ્છા આખેરતની સફળતાની હોય છે તો આપણે આપણી આખેરતને સફળ બનાવવા એમની શિખામણોને ગળે લગાડવી જોઈએ.

તમારી ખિદમતમાં સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ની હદીષોથી ચાલીસ શિખામણો જેમાં બીજી ઘણી બધી શિખામણોનો સમાવેશ છે જે રજુ કરવામાં આવી. ત્યાર પછી પીરાને પીર હઝરત મુહયુદ્દીન અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہ ની શિખામણો રજુ થઈ, પછી હિંદલ વલી ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ના શિખામણોથી ભરપૂર પત્રો અને આપની મધૂર વાણીઓથી પ્રકરણને શણગાર આપવામાં આવ્યો, જેનાથી એ સ્પષ્ટ થયું કે જેમને આપણે આપણા માર્ગદર્શક સ્વીકારીએ છીએ તેમનો માર્ગ કેવો હતો અને તેઓ આપણી ભલાઈ, ઉન્નતિ અને પ્રગતિ માટે આપણને કેવી રીતે ગાડઈ કરી ગયા, માર્ગ જોવાથી મકસદ પ્રાપ્ત નથી થતો અને

માણસ મંઝિલ પર નથી પહોંચતો, બલ્કે મંઝિલ પર પહોંચવા માટે પોતે મુસાફરીનો આરંભ કરવો પડે છે, સામાને સફર સાથે લેવો પડે છે અને સવારીની વ્યવસ્થા કરવી પડે છે. તો આપણે આ અલ્લાહના પ્યારાઓની શિખામણોની કદર કરવી જોઈએ અને આપણે અમલમાં એને ઉત્તમ સ્થાન આપવું જોઈએ.

આપણે આપણા પ્યારા આકા વ મૌલ صلی اللہ تعالیٰ علیہ وسلم થી મહોબ્બત કરીએ છીએ, આપના ફર્માનને મખ્લૂકમાં દરેકથી વધીને માનીએ છીએ. આપણે ગૌષે પાકથી બેહદ પ્રેમ રાખીએ છીએ અને આપના ફર્માનને ઉચ્ચ સ્થાન આપીએ છીએ, ગરીબ નવાઝથી આપણને દિલી મહોબ્બત છે, અને આપના ફર્માનની કદર આપણા દિલ અને દિમાગમાં છે. આ બાબતે ઓલમાથી લઈને પબ્લિક સુધીમાં કોઈને પણ પૂછવામાં આવે તો સર્વનો ઉત્તર એક જ હશે અને કોઈ પણ વિવાદ વિના બધાની એકમતી હશે, પણ આ શબ્દોની વાત છે. અમલને લક્ષમાં રાખી નિર્ણય લેવામાં આવે તો જાણવા મળશે કે કેટલાક લોકો માત્ર શબ્દ ખર્ચ કરી રહ્યા છે અને એની આગળ કઈ નહીં ! અને કેટલાક છે જેઓ તેમની શિખામણોને અમલમાં લાવી સાચી મહોબ્બતનો પુરાવો આપી રહ્યા છે, દા'વો કરવો સરળ છે, કહી લેવું આસાન છે, પણ જો દા'વાને પુરાવાથી શણગારવામાં ન આવે તો એની કોઈ વાસ્તવિકતા નથી એને માત્ર શબ્દોનો જથ્થો જ કહી શકાય છે.

આપણે એ મનન કરવાનું છે કે શું આપણે આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم અને મહાન વલીઓની વાતોને આપણા દોસ્તોની વાતો બરાબર સ્થાન આપીએ છીએ ? આપણે આપણા દોસ્તોની વાતોને માન્ય રાખીએ છીએ, એમની વાતો સ્વીકારી લઈએ છીએ, એમની દા'વતોને કબૂલ કરી લઈએ છીએ, માત્ર એટલે જ કે આપણને એમની સાથે મહોબ્બત અને સંબંધ છે, એથી વધીને બીજું કંઈ નથી કહી શકતા તો પણ આપણે એમની ખુશીનો ખયાલ રાખીએ છીએ. અને બનતી કોશિશે એમની વાતો પર અમલ કરીએ છીએ. હવે આપણે વિચાર એ કરવાનો છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم અને મહાન વલીઓની વાતોને આપણે દોસ્તોની વાતો જેટલું સ્થાન આપીએ છીએ ? જો એવું હોય તો પણ કામ બની જાય અને આપણે





દીન અને દુનિયામાં સફળ થઈ જઈએ. એવું જરૂરી નથી કે દરેક જ વાત પર અમલ થાય, પણ જેટલું જરૂરી છે અને ઈસ્લામમાં જેના વગર ચાલી નથી શકતું એટલા પર તો અમલ કરવો જ જોઈએ.

અંતમાં આપણે ખાનદાને રસૂલના ચશ્મો ચિરાગ, સૈયેદુલ આબેદીન, શેહઝાદએ ઈમામ હુસૈન, હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન رضی اللہ عنہما ના ઈર્શાદો અને આપની અમૂલ્ય શિખામણોથી ફૈઝ પ્રાપ્ત કરીએ અને આપણી આખેરતની જિંદગી સફળ બનાવામાં લાગી જઈએ.

દુનિયામાં આપણે થોડો સમય રહેવાનું છે અને આખેરતમાં હમેશાં માટે રહેવાનું છે. દુનિયા નાશવંત છે અને આખેરત આપણા માટે અનાશવંત છે, દુનિયા મુસાફરખાનું છે અને આખેરત આપણુ મૂળ વતન છે, ત્યાંની જન્નતથી આપણે દુનિયામાં આવ્યા, સમય વિતાવી આપણે આપણા વતન પરત જવાનું છે, વતન પરત જવા માટે ઘણી બધી શરતો રાખવામાં આવી છે, તો શરતોનું આપણે પાલન કરવું પડશે અને જે માર્ગ બતાવામાં આવ્યો તે માર્ગે જ જવું પડશે, જેનો ખુલાસો આપણને આપણા નબી અને મહાન વલીઓની વાણીઓથી મળે છે. તો આપણે નાશવંત માટે જેટલું યોગ્ય હોય એટલી અને અનાશવંત માટે જેટલી યોગ્ય હોય એટલી કોશિશ જરૂરથી કરવી જોઈએ. થોડો સમય રહેવા માટે બધો સમય ખર્ચી નાખવો અક્કલ નથી. જ્યાં હમેશાં રહેવાનું છે ત્યાંની અથાગ કોશિશો હોવી જોઈએ.

આ વાતો આપણા દિમાગમાં બેસી શકે અને ત્યાંની સફળતા માટે આપણે તત્પર થઈ જઈએ એના માટે હું હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન رضی اللہ عنہ ની શિખામણો અત્રે રજુ કરું છું, અલ્લાહ તઆલા આપણને અમલની તૌફીક અતા ફર્માવે :–

**(અ)** આપે પોતાના પ્રિય પુત્ર ઈમામ બાકિર رحمۃ اللہ علیہ ને શિખામણ આપતાં ફર્માવ્યું, બેટા ! પાંચ પ્રકારનાં માણસો સાથે દોસ્તી ન રાખવી જોઈએ.

**(૧)** ફાસિક અને જાહેરમાં ગુનાહો કરનાર સાથે દોસ્તી ન કરો, કારણ કે એ તમને એક કોળિયો અથવા એનાથી પણ ઓછામાં વેચી દેશે, એ લાલચી હોય છે, જે એક કોળિયાની પ્રાપ્તિમાં તમારી કિંમત લગાવી

દેશે. મલતબ એ કે ગુનાહો કરનાર અલ્લાહ અને રસૂલની વિરોધ જવામાં ગભરાતો નથી અને એમની નાફર્માનીથી શરમ નથી કરતો તો પછી એને તમારી કેટલી પડેલી હશે ? તમને તો એ કોળીનું પણ સ્થાન નથી આપી શકતો ! અને તમને નુકસાન પહોંચાડવામાં એને કોઈ શરમ આવશે નહીં. એટલે એવા નીડર અને ખરાબ લોકોની સંગતથી પોતાને બચાવવું જોઈએ. જેમ કે અફઝલુલ ફવાઈદમાં હઝરત નિઝામુલ મિલ્લતે વદ્દીન નિઝામુદ્દીન ઔલિયા رحمۃ اللہ علیہ નું અમૂલ્ય કથન છે કે "નેક અમલથી નેક માણસની દોસ્તી વધારે સારી છે અને ગુનાહથી ખરાબ વ્યકિતની દોસ્તી અધિક ખરાબ છે." અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

الْأَخِلَّاءُ يَوْمَئِذٍ بَعْضُهُمْ لِبَعْضٍ عَدُوٌّ إِلَّا الْمُتَّقِينَ

"દોસ્તો આજે એક બીજાનાં દુશ્મન છે પણ તકવાવાળાઓ."

(તેઓની સંગતથી ફાયદો પ્રાપ્ત કરનાર મહેશરમાં પણ તેમનો શુક્ર અદા કરશે કે, તમારી સંગતે મને આખેરતમાં સફળ બનાવી દીધો. અને ખરાબ મિત્રોને એક બીજાની સંગતથી જે ગુનાહોનું નુકસાન થયું જેને લઈને તેમને નાકામીનું યકીન થઈ જશે તો તેઓ મહેશરમાં પણ તેમને છોડશે નહીં અને તેમને કહેશે, તમારી લીધે જ અમારે નુકસાન વેઠવું પડશે અને અઝાબ સહેવો પડશે ! અમારી આખેરતની ખરાબી તમારી લીધે જ થઈ છે, ત્યાં જઈને અફસોસ કરવો અને દુશ્મની કરવી એના કરતાં તો ઉત્તમ એ છે કે અહીં જ એમનાથી દૂર રહેવામાં આવે.)

**(૨)** આપે ફર્માવ્યું, બેટા ! જૂઠા માણસ સાથે પણ દોસ્તી કરશો નહીં એ સરાબ (ઝાંઝવાના જળ) માફક છે નજીકને દૂર અને દૂરને નજીક બતાવશે.

મતલબ એ કે જૂઠો માણસ તમને જૂઠી વાતો બતાવીને દુશ્મનીમાં નાખશે, તમારા મિત્રોથી તમને લડાવશે, દોસ્તીમાં કીચડ નાખશે, સગાઈમાં ઝેર મેળવી દેશે. આ છે સંબંધોનું નુકસાન. માલી નુકસાન એ છે કે એ તમારી પાસેથી જૂઠુ બોલીને પડાવી લેશે, ખોટા ખોટા વાયદા કરશે, તમારી બાબત બીજાને જૂઠી વાતો બતાવશે, અને મોટામાં મોટું નુકસાન એ છે કે તમે પણ એની સંગતમાં જૂઠા બની જશો.





હઝરતે એની દોસ્તીને "સરાબ" (ઝાંઝવાના જળ) ફર્માવ્યું, સરાબ એટલે રણની તે રેતી જે તડકામાં દૂરથી આપણને પાણીની નદી લાગે છે, જ્યારે એની નિકટ જવામાં આવે ત્યારે આપણને જાણવા મળે છે એ પાણી ન હતું, આપણી આંખોને ધોખો થયો છે. તડકાને લઈને ચળકતી રેતીને જ આપણે પાણીની નદી સમજી લીધી છે. તો એ જ પ્રમાણે જૂઠાની દોસ્તી છે, પ્રથમ તો આપણને ખબર નથી પડતી પણ જેમ જેમ અનુભવ થાય છે તેમ ખબર પડે છે કે આપણને એનાથી કેટલું નુકસાન થયું, નુકસાન થવા પછી સમજવું કામનું નથી, કામનું તો એ છે કે પ્રથમથી જ એવો લોકોથી બચીને રહેવામાં આવે.

**(૩)** બખીલ અને કંજૂસથી પણ દોસ્તી ન રાખતો કારણ કે એ તમને પોતાના માલથી ત્યારે કાપી નાખશે જ્યારે તમને એની અગત્યની જરૂરત હશે.

મલતબ એ કે કંજૂસ માણસ કંજૂસ એટલા માટે જ છે કે એને માલ બચાવીને ધનવાન બનવું છે, અને એ મકસદ પૂરો કરવા એ ગમે તેમ કરીને માલમાં વધારો કરશે, અને બીજા કોઈને મદદ કરશે નહીં. બલ્કે દરેક કામમાં એ તમારાથી મદદ લઈ લેશે, આમ તમને નુકસાનમાં નાખશે, અને જ્યારે તમારે અગત્યની જરૂરત હશે ત્યારે તમને સ્પષ્ટ શબ્દોમાં મનાઈ કરી દેશે. એટલે તમને એની સંગતથી નુકસાન તો પહોંચશે પણ દોસ્તીથી જે ફાયદો મળે છે એ મળી શકશે નહીં. કંજૂસ માણસ માત્ર દુનિયામાં પોતાનો માલ નથી બચાવીને રાખતો બલ્કે એ ઝકાત અને સદકો પણ નથી કરતો, અને ખુદાના ફર્ઝનો પણ ખ્યાલ નથી કરતો. તો એવાની સંગતથી આપણામાં પણ ગુનોહ કરવાની હિંમત આવી જાય છે, આ આખેરતનું નુકસાન છે એટલે એવાની સંગતમાં ન રહેવું જોઈએ.

**(૪)** બેવકૂફ અને મૂર્ખ સાથે દોસ્તી કરવામાં ન આવે કારણ કે એ તમને નફો પહોંચાડવા ઈચ્છશે અને નુકસાન કરી જશે.

મૂર્ખ માણસ પાસે અક્કલ નથી, જેની પાસે અક્કલ ન હોય તેના કામો બનવાની જગાએ વધારે બગડે છે, ન કરવાનું કરી જશે, અને ન કહેવાનું કહી જશે, જેનાથી તમને નુકસાન થશે, મૂર્ખથી દુનિયાનો ફાયદો

તો થશે નહીં. અને એ આખેરત બાબતે તમને શિખામણ પણ નહીં આપી શકે જેનાથી ધાર્મિક ફાયદો પણ થશે નહીં. તો પછી એવાની સંગતમાં ન રહેવું જ ઉત્તમ છે.

**(૫)** સગાઈ તોડવાવાળાથી દોસ્તી ન રાખશો કારણ કે મેં અલ્લાહની કિતાબમાં પઢયું છે કે એવા લોકો પર અલ્લાહની લા'નત છે.

મતલબ એ છે કે સગાઈનો માણસને વધારે ખયાલ હોય છે કારણ કે એમાં માણસના લોહીના સંબંધો પણ હોય છે, તબીયતમાં સગાઓની મહોબ્બત બીજા લોકોથી અધિક હોય છે. જો કોઈ સગાઓને જ કાંઈ ન સમજે અને એમના સંબંધોની પરવા ન કરે, તો શું એવો વ્યકિત દોસ્તીના સંબંધોનું મહત્વ સમજી શકે છે ? જેને સગાઓના ભલાની ઈચ્છા હોય શું તેને દોસ્તીની ભલાઈની ફિકર હશે ખરી ? તો પછી દોસ્તીનો તમને ફાયદો નથી થવાનો પણ નુકસાન જરૂરથી થશે. તો એવું કામ ન કરવું જોઈએ.

## ★ દોસ્તીની શિખામણ કેમ કરી ★

માણસના જીવનનો હેતુ આખેરતમાં દુનિયામાં રહીને સફળ થવું છે, એ મકસદ નેક કામોથી જ પ્રાપ્ત થાય છે. માણસના બનવા અને બગડવામાં મોટો ફાળો સંગતોનો હોય છે. નબીએ પાકનું ફર્માન છે, માણસ પોતાના દોસ્તના દીન પર હોય છે. (કન્ઝુલ ઉમ્માલ) એટલે કે માણસના અખ્લાક પર દોસ્તની મોટી અસર આવે છે. વળી ઉપરોકત હઝરત નિઝામુદ્દીન رحمة الله عليه ની શિખામણથી તમે ફૈઝ પ્રાપ્ત કર્યો કે ગુનાહથી વધીને ખરાબ વ્યકિતની દોસ્તી ખરાબ છે, આ કારણોને લઈને ઈમામ સાહેબે પ્રથમ શિખામણ દોસ્તો બાબતે ફર્માવી.

**(બ)** આપ (ઈમામ ઝૈનુલ આબેદીન رحمة الله عليه) ફર્માવે છે કે મારા ભાઈઓ ! હું તમને આખેરતના ઘર બાબતે શિખામણ આપું છું તો એટલા માટે કે દુનિયામાં તો તમે આગળ જ છો અને લાલચુ જ છો. એટલે કે દુનિયા કમાવામાં અને એને શણગારવામાં તો દરેક વ્યકિત ચતુર અને ચાલાક હોય છે, એની કામયાબીની શિખામણ આપવાની જરૂરત નથી, આખેરત તરફ ધ્યાન ઓછું હોય છે એટલે એના માટે શિખામણની જરૂરત છે.





ફર્માવે છે, શું તમને એ ખબર નથી કે હઝરત ઈસા عليه السلام એ પોતાના શુભેચ્છકોને કહ્યું હતું કે દુનિયા પુલ છે, એના પરથી પાર થઈ જાવ, એમાં બાંધકામ ચાલુ ન કરી દો, તમારામાંથી કોણ છે જે દરિયાના મોજાં પર ઘર બનાવે ! આ દુનિયા રોકાવાની જગા નથી.

**(ક)** આપે ફર્માવ્યું : જે લોકો (દોઝખના) ડરથી ઈબાદત કરે છે. તેઓ ગુલામો અને બંદીઓ માફક ઈબાદત કરે છે, જે લોકો (જન્નતની) લાલચમાં ઈબાદત કરે છે તેઓ વેપારીઓ માફક કરે છે, જે લોકો માત્ર અલ્લાહ માટે ઈબાદત કરે છે તેઓ આઝાદ લોકો માફક ઈબાદત કરે છે.

**સોદાગરી નહીં ઈબાદત ખુદા કી હય**
**આબિદ જઝા કી તમન્ના ભી છોળ દે !**

એનો ઉલ્લેખ થઈ ગયો કે ઈબાદત કરવાવાળા કયારેક મતલબી બનીને ઈબાદત કરે છે, કોઈ એટલે કે દોઝખમાં ન જવું પડે, કોઈ એટલે કે જન્નત મળી જાય, અને કોઈ વ્યકિત મહબ્બતમાં એ દરજજે પહોંચેલો હોય છે કે એનો મકસદ કંઈ પ્રાપ્ત કરવું નથી હોતું, માત્ર એ હોય છે કે મારા મહબૂબનું ફર્માન છે એને મારે કરવાનું છે. તો ઈમામ સાહેબે એનો ઉલ્લેખ કર્યો અને ફર્માવ્યું કે વખાણ લાયક તો એ જ છે જે પોતાના નફા નુકસાનને ભૂલીને અલ્લાહના હુકમથી જ અમલ કરે.

**(ડ)** મુહમ્મદ બિન મુસ્લિમ બિન શેહાબ ઝાહેરી رحمة الله عليه હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન رحمة الله عليه ની ખિદમતમાં આવ્યા. તેમના ચહેરાથી જણાતું હતું કે ઘણા જ ચિંતિત છે. કારણ પૂછયું, આટલા ચિંતિત કેમ છો ? વિનંતિ કરી, ગુના થઈ જવાથી ચિંતિત છું ! ફર્માવ્યું, ઝોહરી ! આશા કેમ છોડી આપો છો ! અલ્લાહ તઆલાની રહમત તમારા ગુનાથી વિશાળ છે. પછી એમણે વિનંતિ કરી કે મારી નેઅમતો પર લોકો હસદ અને ઈર્ષા કરે છે. જેમની સાથે હું ભલાઈ કરું છું તેઓ જ મારી વિરોધી બની જાય છે. આપે ફર્માવ્યું, જીભનું રક્ષણ કર ! તું પોતાના ભાઈઓનો માલિક બની જશે. બીજા પ્રશ્નનો ઉત્તર આપ્યો કે ભલાઈ કરીને ગર્વ ન કરો. અય ઝોહરી ! જેની અક્કલ સંપૂર્ણ ન હોય તે બરબાદ થઈને જ રહે છે. અય ઝોહરી ! તમે મુસલમાનોને પોતાના ઘરના માણસો માફક સમજો, મોટેરાઓને બાપની

જગાએ, બાળકોને ઓલાદની જગાએ, અને સરખી ઉંમરના લોકોને ભાઈઓની જગાએ. તમારા દિલમાં એવી વાત આવે કે તમે ફલાણાથી સારા છો, તો પછી કોઈ એવી વ્યક્તિ વિશે વિચારો જે તમારાથી ઈમાન અને અમલમાં આગળ વધી ગયો હોય. (આમ કરવાથી માણસને અભિમાન આવતું નથી અને નમ્રતાથી કામ કરતો જાય છે.) બીજો તમારી જેવો જ હોય તો એવું વિચારો મને મારા ગુનાહોનું તો યકીન છે, પણ બીજાના ગુનાહોનું યકીન નથી માત્ર શંકા હોય છે, તો પછી પોતાના યકીનને ભૂલીને બીજાની શંકા તરફ ધ્યાન કેન્દ્રિત કરવાનો અધિકાર મળી શકે છે ખરો ? તમને એવું લાગે કે મુસલમાન તમારી ઈજ્જત કરે છે તો સમજો, એ અલ્લાહનો ફઝલ અને એની કૃપાથી છે. અને લોકો તમને ત્રાસ આપે, પરેશાન કરે તો સમજો આ કોઈ ગુનાહને લઈને થઈ રહ્યું છે. જો તમે તમારી આદતો આ પ્રમાણે બનાવી લો તો તમારું જીવન તમારા માટે સરળ બની જશે, તમારા શુભેચ્છકોમાં વધારો થઈ જશે, તમારા દુશ્મનો ઓછા થઈ થશે, તેઓ સારાં કામો કરશે તો તમને ખુશી થશે અને ત્રાસ આપશે તો તમને અફસોસ નહીં થાય.

**(ચ)** આપે ફર્માવ્યું, તમારા માટે દરેક વ્યક્તિ પાસે બેસવું જાઈઝ નથી, કારણ કે કુર્આન શરીફમાં છે :–

فَلَا تَقْعُدْ بَعْدَ الذِّكْرَىٰ مَعَ الْقَوْمِ الظَّالِمِينَ

"ખબર પડી ગયા પછી જાલિમ લોકો પાસે ન બેસો."

તમારા મનમાં આવે તે બોલવાની પણ તમને રજા નથી, કુર્આન શરીફમાં છે :– لَا تَقْفُ مَا لَيْسَ لَكَ بِهِ عِلْمٌ "તમો ઈચ્છો તે સાંભળવાની પણ તમને રજા નથી"

કુર્આનમાં છે :–

إِنَّ السَّمْعَ وَالْبَصَرَ وَالْفُؤَادَ كُلُّ أُولَٰئِكَ كَانَ عَنْهُ مَسْئُولًا

"બેશક ! કાન, આંખ અને દિલ એ બધાંને જ પૂછવામાં આવશે."

આપના ફર્માનનો ભાવાર્થ એ છે કે આપણે મુસલમાન છીએ, આપણે કોઈ પણ કામ કરતાં પહેલાં એ વિચારવું જોઈએ કે અલ્લાહ





તઆલાએ આપણને એ વાતની રજા આપી છે ? અને કોઈની સંગતમાં જવું હોય તો એ વિચારવામાં આવે કે એ મને અલ્લાહથી નિકટ કરશે કે પછી એની દોસ્તી મારી બરબાદીનું કારણ બની જશે ?

**(છ)** આપે ફર્માવ્યું, અભિમાની જ્યારે ગર્વ કરે છે તો એનાથી અચરજમાં પડી જવાય છે. એ વિચારતો નથી કે અનો આરંભ કેવો હતો અને અંત કેવો આવશે ? આરંભ એનો વિર્યનું ટીપુ હતું અને અંત મૃતદેહ હોવું છે. એક રિવાયતમાં છે કે માણસનાં આરંભ વિર્યનું ટીપુ છે, એનો અંત મુરદાર હોવું, અને એ મળનું વાસણ છે, છતાં એ અભિમાન કરે છે ! જો અભિમાની પોતાનો આરંભ અને અંતને ધ્યાનથી જુએ અને એ વિચારે કે એના પેટે કેટલી ગંદકી ઉઠાવેલી છે તો અભિમાન ન કરે.

કહેવાનો મતલબ એ છે કે માણસે નમ્રતાથી રહેવું જોઈએ, અભિમાન ન કરવું જોઈએ, તકબ્બુર અને મોટાઈ અલ્લાહની સિફત છે, અલ્લાહ સિવાય બડાઈનો હુકમ નથી, અને તકબ્બુર તોડવા એ દાખલો આપવામાં આવ્યો કે પેદાઈશ પર ધ્યાન કરો તો વિર્યનું નાપાક ટીપુ છે, અને જીવનનો સમય પૂરો થયા પછી મરી જવાનું છે. પછી તકબ્બુર અને અભિમાન શા કામનું ?! માણસે પોતાના આખેરતના જીવનને સફળ બનાવવામાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. શું પોતાની આખેરતને સફળ બનાવવામાં ચિંતિત વ્યક્તિને એવી બેકાર વાતોનો સમય મળી શકે છે ખરો ?!

**(જ)** આપે ફર્માવ્યું, મો'મિન (ઈમાનવાળો) એ છે જે પોતાના ઈલ્મને અક્કલ સાથે મેળવીને રાખે, પ્રશ્ન કરે તો શીખવા માટે, અને ચૂપ રહે તો વિચારવા, સમજવા અને અમલ કરવા.

મતલબ એ છે કે ઈલ્મ સાથે અક્કલ હોવી જોઈએ, અક્કલ વિનાના ઈલ્મથી જોઈએ તેવો ફાયદો નથી મળી શકતો, બલ્કે કયારેક મસ્અલો ખરાબ પણ થઈ જાય છે. ઉખાણું છે **ચકમન ઈલ્મરા દેહમન અકલ બાયદ** એટલે કે એક મણ ઈલ્મ માટે દસ મણ અક્કલ જોઈએ. પછી ફર્માવ્યું, દીનની વાતો શીખો, એમાં કોશિશ કરો, અને ખોટો બકવાસ ન કરતાં અમલમાં વ્યસ્ત રહેવું

**(ઝ)** આપે ફર્માવ્યું, તમારામાં અલ્લાહથી વધારે નિકટ એ માણસ છે, તમારામાં જેની ચાલ ચલગત અને અખ્લાક સારા હોય, તમારામાં

અલ્લાહને વધારે પ્રિય તે છે જે પોતાના ઘરવાળાઓને સારી રીતે રાખે, અલ્લાહના અઝાબથી એ નજાત પામશે જેના દિલમાં અલ્લાહનો ડર હોય. અને જે માણસ વધારે અમલ કરવાવાળો છે તે અલ્લાહને વધારે મહબૂબ છે અને તમારામાં અલ્લાહની બારગાહમાં વધારે ઈજ્જતવાળો એ છે જેમાં અલ્લાહનો ખૌફ વધારે થાય.

**(ભ)** આપે એક વ્યકિતને હાથ ઉઠાવી એવી દુઆ માંગતો જોયો કે, અય અલ્લાહ ! મને સબ્રની તૌફકી આપ. આપે ફર્માવ્યું, આવી દુઆ ન માંગો, બલ્કે અલ્લાહ તઆલાથી રાહતની માંગ કરો, અને એના પર શુક્ર કરવાની તૌફીક માંગો, કારણ કે રાહત પર શુક્ર કરવો, મુસીબત પર સબ્ર કરવાથી ઉત્તમ છે.

અલ્લાહના વલીઓ મુસીબતોને વેઠી શકે છે, અને મુસીબત, બલાને તેઓ રબ તબારક વ તઆલા તરફથી સમજીને એને જ રાહત સમજે છે, એટલે તેઓ માટે સબ્ર શુક્રથી ઉત્તમ હોય છે, શુક્રમાં નેઅમતોનો વધારો થાય છે, જ્યારે કે સબ્ર કરનાર સાથે અલ્લાહ તઆલા હોય છે, એટલે સબ્ર ઉત્તમ છે. પણ પબ્લિક માટે સબ્રથી શુક્ર ઉત્તમ છે, કારણ કે પબ્લિકમાં સહેવાની શકિત ઓછી હોય છે, એવું પણ થઈ શકે છે કે મુસીબત આવતાં એમનાથી સબ્ર ન થઈ શકે અને ફરિયાદી બની જાય તો ફાયદો કંઈ ન મળે અને નુકસાન તો થઈ જ ગયું ! એટલે આપે પબ્લિકને સબ્રની દુઆ કરવાથી મનાઈ કરી, હા ! જો મુસીબત આવી જ ગઈ હોય તો સબ્રની તૌફીક માંગવી જોઈએ, પણ સાથે એ પણ માંગ કરવી જોઈએ કે, અય અલ્લાહ ! તું મને તારા ફઝ્લ અને કૃપાથી એનાથી મુકિત આપ અને મારી મુસીબતને રાહતમાં બદલી નાખ.

આ હતી ઈમામ સાહેબ (ઝયનુલ આબેદીન رحمۃ اللہ علیہ)ની શિખામણ. આપણને અહલે બૈયતથી મહોબ્બત હોય તો એમની મહોબ્બતની પ્રાપ્તિ માટે આપણે દીનદાર બનવું જોઈએ, મોતને યાદ રાખી ત્યાંની તૈયારીમાં તલ્લીન રહેવું જોઈએ, અલ્લાહ આપણને સર્વને તૌફીક અતા ફર્માવે અને અઝાબે કબ્રથી બચાવે. *–આમીન.*

وَمَا عَلَيْنَا اِلاَّ الْبَلاَغُ الْمُبِيْنُ





بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(પ્રકરણ-૩)

# ઈસાલે સવાબ

نَحْمَدُهٗ وَ نُصَلِّیْ عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ اَمَّا بَعْدُ
فَاَعُوْذُ بِاللّٰہِ مِنَ الشَّیْطٰنِ الرَّجِیْمِ بِسْمِ اللّٰہِ
الرَّحْمٰنِ الرَّحِیْمِ رَبَّنَا اغْفِرْلِیْ وَلِوَالِدَیَّ وَ
لِلْمُؤْمِنِیْنَ یَوْمَ یَقُوْمُ الْحِسَابُ صَدَقَ اللّٰہُ الْعَظِیْم

الصلوۃ و السلام علیک یا رسولَ اللہ
الصلوۃ و السلام علیک یا حبیبَ اللہ
الصلوۃ و السلام علیک یا نبیَ اللہ
الصلوۃ و السلام علیک یا نورَ اللہ
صلی اللہ تعالی علیک و سلم

મારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! આજે આપણે ઈસાલે સવાબ વિશે ચર્ચા કરીશું અને એ સમજવાની કોશિશ કરીશું કે જીવંત તરફથી જીવંતને તથા મુર્દાઓને સવાબ પહોંચાડી શકાય છે અને તેમને પહોંચે છે. અલ્લાહ તઆલા મને હક્ક કહેવાની અને સર્વને હક્ક સાંભળ વાની અને એની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે.

મારી બહેનો ! આપણા નેક અમલોનો બદલો તો આપણને આપવામાં જ આવે છે પરંતુ જે બદલો આપણને મળે તેને બીજાને આપવાનો અધિકાર પણ આપણને આપવામાં આવ્યો છે. દા.ત. દુનિયાની કોઈ વસ્તુ આપણી માલિકીમાં હોય તો આપણને એ અધિકાર

છે કે આપણે આપણી પાસે રાખીએ અને એ પણ અધિકાર છે કે આપણે કોઈને ભેટ ધરી દઈએ. કારણ કે આપણે માલિક છીએ તો પછી નેક અમલ પર આપણને બદલો આપવામાં આવે છે તો એ બદલાના આપણે માલિક બની ગયા, હવે આપણે કોઈને અર્પણ કરીએ તો જેને અર્પણ કરીએ એને આપી દેવામાં આવે છે, આને ઈસાલે સવાબ કહેવામાં આવે છે. ઈસાલે એટલે પહોંચાડવું અને સવાબ એટલે નેક અમલોનો બદલો, નેક અમલોનો બદલો પહોંચાડવો.

**સવાલ** : તમને ખબર છે કે તમારા અમલો ખુદા તઆલાએ કબૂલ કરી લીધા અને બદલો આપ્યો ? જ્યારે કે આ અમલના બદલાનો સંબંધ ગયબથી છે !

**જવાબ** : અલ્લાહ તઆલાના કરમથી ઉમ્મીદ રાખીને આ કામ કરવામાં આવે છે કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

إِنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ الْمُؤْمِنِيْنَ

"બેશક ! અલ્લાહ તઆલા ઈમાનવાળાઓનો બદલો બરબાદ કરતો નથી."

આ આયતથી અમને એ યકીન થઈ ગયું કે અમારા નેક અમલોનો બદલો અલ્લાહ તઆલા અમને જરૂરતથી આપશે. તો અલ્લાહના ફઝલો કરમ પર ભરોસો કરીને ઈસાલે સવાબ કરવામાં આવે છે.

ઈબાદતના ઘણા પ્રકાર છે : ફર્ઝ, વાજિબ, સુન્નત, નફલ વગેરે અને દરેકનો સવાબ મુર્દાઓને પહોંચાડી શકાય છે. અને જીવંતને પહોંચાડવા ઈચ્છે તો જીવંતને પણ પહોંચાડી શકાય છે.

**સવાલ** : આપણને શું ખબર કે તેમને સવાબ પહોંચાડી આપવામાં આવે છે ?

**જવાબ** : હદીષે પાકથી સાબિત છે કે સવાબ પહોંચાડવામાં આવે છે અને અસંખ્ય આલિમોના મંતવ્યો એ જ છે કે સવાબ પહોંચાડવામાં આવે છે. એટલે આપણને જાણવા મળ્યું કે સવાબ પહોંચે છે. અહલે સુન્નત વલ જમાઅતના સઘળા આલિમોએ ઈસાલે સવાબ બાબતે પોતાની એકમતી દર્શાવી છે. દેવબંદી જમાઅતના ચોટીના આલિમોએ પણ ઈસાલે સવાબ બાબતે લખાણો લખ્યાં છે અને જવાબના





ફત્વાઓ આપ્યા છે.

## ★ ઈસાલે સવાબ હદીષના પ્રકાશમાં ★

**(૧) સદકો કરવો** : ઐનીએ શર્હે હિદાયા ભાગ–૨, પેજ નં. ૧૬૧૨ પર હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે એક વ્યકિતએ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પ્રશ્ન કરતાં વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! અમે મુર્દાઓ તરફથી સદકો કરીએ છીએ તેમના તરફથી હજ્જ કરીએ છીએ, તેમના માટે દુઆ કરીએ છીએ તો શું તે એમને પહોંચે છે ? તો આપે ફર્માવ્યું, હા ! તે એમને પહોંચે છે :–

وَيَفْرَحُوْنَ كَمَا يَفْرَحُ اَحَدُكُمْ بِالطَّبَقِ اِذَا اُهْدِيَ اِلَيْهِ ـ

"અને તેઓ ખુશ થાય છે એ રીતે જેમ કે તમારામાંથી કોઈને તબાખ અર્પણ કરવામાં આવે અને તે ખુશ થાય."

**ફાયદો** : આ હદીષે પાકમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ પ્રશ્ન કરવામાં આવ્યો કે અમે મુર્દાઓ તરફથી નેક કામો કરીએ અથવા તેમને પહોંચાડીએ તો શું તેમને પહોંચે છે ? તો એનો જવાબ આપણા આકાએ આપ્યો કે પહોંચે છે અને જીવંત માફક તેમને ખુશી પણ થાય છે.

સવાબ પહોંચવું ગયબથી સંબંધિત છે, મુર્દાની હાલતો આપણા માટે ગયબ છે, બરઝખનો આલમ આપણા માટે ગયબ છે પરંતુ આપણા આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم ને અલ્લાહ તઆલાએ ગયબનું ઈલ્મ અર્પણ ફર્માવ્યું છે અને આપના માટે બરઝખ અને આલમે આખેરત ગયબ નથી, તો આપે ફર્માવ્યું, તમે જે નેક કામો મુર્દાઓ માટે કરો છો તેનો સવાબ તેમને પહોંચાડવામાં આવે છે એટલે આપણને ખબર થઈ ગઈ કે સવાબ પહોંચે છે. અને મુર્દાઓ માટે નેક કામો કરવાં વ્યર્થ અને બેકાર નથી, એમના માટે અતિ ફાયદાકારક છે. એટલે આપણે તેમના માટે અધિકથી અધિક સવાબનાં કામો કરવાં જોઈએ અને એમની ખુશીનો સામાન કરવો જોઈએ.

**(૨) નમાઝ અને રોઝાનો ઈસાલે સવાબ** : અલ્લામા શામી દુર્રે મુખ્તાર, ભાગ–૨ માં ફર્માવે છે દારે કુત્નીએ રિવાયત કરી કે એક

વ્યક્તિએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પ્રશ્ન પૂછયો અને વિનંતિ કરી કે મારા માતા પિતા છે તેમની જીવનાવસ્થામાં તો હું એમની સાથે ભલાઈ કરતો હતો એમના અવસાન પછી ભલાઈ કરવાનો તરીકો શું છે ? ઈર્શાદ ફર્માવ્યો, અવસાન પછી એમની સાથે ભલાઈ કરવાનો તરીકો એ છે કે પોતાની નમાઝ સાથે એમના માટે પણ નમાઝ પઢો અને પોતાના રોઝાઓ સાથે એમના પણ રોઝો રાખો.

**ફાયદો** : આ હદીષે પાકથી જાણવા મળ્યું કે નમાઝ અને રોઝાનો સવાબ પણ મુર્દાઓને પહોંચાડી શકાય છે. તેમના નામથી અલગથી કરવામાં આવે તો પણ પહોંચે છે અને અલગથી કરવામાં ન આવે બલ્કે આપણે જે નમાઝ પઢી અને રોઝા રાખ્યા તેનો સવાબ પહોંચાડી આપવામાં આવે તે પણ જાઈઝ છે.

**(૩) સવાબ માટે કૂવો ખોદાવ્યો** : મિશ્કાતમાં અબૂ દાઊદ અને નસાઈના પુરવાથી હઝરત સઅદ બિન ઓબાદાથી રિવાયત છે : એમણે કહ્યું કે, અય અલ્લાહના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ઉમ્મે સઅદ એટલે કે મારી માતાનું અવસાન થઈ ગયું છે તો તેણી માટે ઉત્તમ સદકો કયો છે ? આપે ફર્માવ્યું, પાણી ! તો એમણે કૂવો ખોદયો અને ફર્માવ્યું :– هٰذِهٖ لِاُمِّ سَعْدٍ "આ ઉમ્મે સઅદ માટે છે."

**ફાયદો** : મિર્કાતમાં મુલ્લા અલી કારી આ હદીષે પાકની શરહમાં લખે છે, કયો સદકો ઉત્તમ છે એમની રૂહ માટે. ફર્માવ્યું, પાણી ! પાણી ઉત્તમ છે એટલા માટે કે એનો ફાયદો દીન અને દુનિયાનાં કામોમાં છે, ખાસ કરીને તે ગરમ પ્રદેશોમાં. અને એટલા માટે અલ્લાહ તઆલાએ પોતાના આ ફર્માનથી એહસાનનું એલાન કર્યું, وَاَنْزَلْنَا مِنَ السَّمَآءِ مَآءً طَهُوْرًا "અમે આકાશથી પાણી ઉતાર્યું."

અલ્લાહના નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ આ પ્રમાણે વર્ણન કર્યું છે :–

મલેકુલ ઉલમા હઝરત ઝફરુદ્દીન બિહારી ખલીફએ આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, આ હદીષ રિવાજ પ્રમાણે છે જે મુસલમાનોમાં થઈ રહ્યો છે કે મસ્જિદોમાં નમાઝીઓના ગુસલ અને વુઝૂ કરવા માટે ઘડો, બડનું વગેરે મોકલાવે છે. જો કૂવો ન ખોદાવ્યો તો અમારો





ભરેલો ઘડો મસ્જિદમાં રહેશે, કોઈ તરસ્યો પાણી પીશે, કોઈ વુઝૂ ગુસલ કરશે તો એનો સવાબ મોકલવાવાળાઓને અથવા જેની તરફથી મોકલવામાં આવ્યો છે એને મળશે.

કહેવાનો ભાવાર્થ એ છે કે પાણી અને પાણીના ઉપયોગ કરવાના વાસણો આપવાથી સવાબ મળે છે અને એ સવાબ આપણે જેને આપીએ તેને પણ આપવામાં આવશે. રસ્તામાં લોકોને પીવા માટે પાણીના પરબ લગાડી એને પણ આમાંથી ગણવામાં આવશે.

**(૪) બાગ સદકો કર્યો** : તિર્મિઝીમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ની રિવાયત છે કે એક વ્યક્તિએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી પ્રશ્ન કર્યો, અય અલ્લાહના રસૂલ ! મારી માતાનું અવસાન થઈ ગયું છે તો હું તેણી તરફથી સદકો કરું તો એને ફાયદો મળશે ? ફર્માવ્યું, હા ! તેણે વિનંતિ કરી કે મારી પાસે એક બાગ છે તો હું આપને ગવાહ (સાક્ષી) બનાવું છું કે મેં એ બાગ તેણી તરફથી સદકો કર્યો.

**(૫)** હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે એક વ્યક્તિએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પૂછયું કે, મારી માતાનું ઓચિંતા અવસાન થઈ ગયું, જો મારી માતા બોલતી તો જરૂર સદકો કરતી, તો જો હું તેણી તરફથી સદકો કરું તો એને સવાબ મળશે ? તો આપે ફર્માવ્યું, હા ! (સવાબ મળશે). *(બુખારી અને મુસ્લિમ)*

**ફાયદો** : હઝરત ઈમામે નવોવી, મુસ્લિમની શરહમાં ફર્માવે છે, આ હદીષમાં એ ઉલ્લેખ છે કે મય્યિત તરફથી સદકો કરવાથી મય્યિતને ફાયદો મળે છે અને તેને સવાબ પહોંચે છે. આ વાત પર આલિમોની સંમતિ છે. અને આ જ પ્રમાણે આ વાત પર સંમતિ છે કે દુઆ પણ પહોંચે છે અને કર્ઝ અદા થાય છે અને આની ઉપર હદીષોના પુરવા છે.

અલ્લામા ઐની આની શરહમાં ફર્માવે છે, આ હદીષથી એ જાણવા મળે છે કે મુર્દા તરફથી સદકો કરવો જાઈઝ છે અને આનાથી મુર્દાને ફાયદો પહોંચે છે.

**(૬) દુઆનો ફાયદો મય્યિતને મળે છે** : ઐની શરહે બુખારીમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે તેમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી

માલૂમ કર્યું કે હુઝૂર અમે અમારા મુર્દાઓ માટે દુઆ કરીએ છીએ, એમના તરફથી સદકો કરીએ છીએ અને હજ્જ પણ કરીએ છીએ તો શું આ બધું એમને પહોંચે છે ? તો આપે ફર્માવ્યું, તે એમને પહોંચે છે અને તેઓ એનાથી ખુશ થાય છે જેમ કે તમારામાંથી કોઈ ભેટથી ખુશ થાય છે.

**ફાયદો :** આ હદીષમાં એ વાતનું વર્ણન થયું કે બદની (શારીરિક) અને માલી દરેક ઈબાદતનો સવાબ મુર્દાઓને પહોંચાડવામાં આવે, તો પહોંચે છે અને તેમને ફાયદો મળે છે. દુઆ બદની ઈબાદત છે, સદકો માલી ઈબાદત છે, અને હજ્જ બદની અને માલી ઈબાદત છે. સ્પષ્ટ થયું મય્યિત માટે દરેક પ્રકારનું સવાબનું કામ કરી શકાય છે.

**(૭) કાફિરને ફાયદો થશે નહીં :** ઐની શરહે બુખારીમાં છે : ઈમામ અહમદે અબ્દુલ્લાહ બિન અમ્રથી રિવાયત કરી કે આસ બિન વાઈલે જાહિલિયતના જમાનામાં મન્નત માની હતી કે એક સો ઊંટની કુર્બાની કરશે. હિશામ બિન આસે એના તરફથી પચાસની કુર્બાની કરી, અમ્રએ એ બાબતે નબીએ પાકને સવાલ કર્યો તો આપે ફર્માવ્યું, તમારો બાપ તૌહીદ (અલ્લાહના એક હોવાની) કબૂલાત કરતો તો તમે રોઝા રાખતા અને એની તરફથી સદકો કરતા તો એ એમને ફાયદો કરતું.

**ફાયદો :** આનાથી જાણવા મળ્યું કે જીવંત તરફથી મુર્દાને ફાયદો પહોંચાડવા માટે માલી અથવા બદની ઈબાદત કરવામાં આવે તો એનાથી મય્યિતને ફાયદો પહોંચે છે પણ **એમાં શર્ત એ છે કે મરનાર વ્યક્તિ ઈમાનવાળો હોય,** કાફિર અને ગૈર મુસ્લિમને કોઈ પ્રકારનો ફાયદો મળી શકતો નથી. એના પોતાના નેક અમલોનો પણ નહીં અને બીજા લોકો તરફથી એના માટે કરવામાં આવેલા અમલોનો પણ નહીં. કુર્આન શરીફમાં છે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :-

سَوَآءٌ عَلَيْهِمْ اَسْتَغْفَرْتَ لَهُمْ اَمْ لَمْ تَسْتَغْفِرْ
لَهُمْ لَنْ يَّغْفِرَ اللّٰهُ لَهُمْ





"બરાબર છે એમના માટે, તમે એમના માટે મગફેરતની માંગ કરી કે પછી ન કરી, અલ્લાહ તઆલા કયારે પણ એમને માફ કરશે નહીં." *(પારા-૨૮)*

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :-

مَاكَانَ لِلنَّبِيِّ وَالَّذِيْنَ اٰمَنُوْٓا اَنْ يَّسْتَغْفِرُوْا
لِلْمُشْرِكِيْنَ وَلَوْ كَانُوْٓا اُولِيْ قُرْبٰى

"નબી અને ઈમાનવાળાઓ માટે લાયક નથી કે મુશ્રિકો માટે મગફેરતની માંગ કરે, ભલેને પછી નિકટના સગાઓ હોય."

આયતો અને હદીષથી સ્પષ્ટ થયું કે **કાફિર અને મુશ્રિકને મગફેરતની દુઆથી પણ ફાયદો થતો નથી.** બીજા કોઈ પ્રકારના સવાબનાં કામોથી તો ફાયદો પહોંચવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી ! કારણ કે જ્યારે **તેમને પોતાના અમલોનો ફાયદો નથી પહોંચતો તો બીજાના સવાબના કામોથી ફાયદો પહોંચી શકતો જ નથી.** આ ફઝીલત અલ્લાહના ફઝ્લથી **ઈમાનવાળાઓ માટે જ** છે કે તેમને પોતાના નેક અમલોનો બદલો મળે અને બીજા લોકોના પહોંચાડેલ નેક અમલોથી પણ ફાયદો પ્રાપ્ત થાય.

દુઆમાં આપણા શબ્દો હોય છે તો પણ આટલો ફાયદો મય્યિતને મળે પછી કુર્આન શરીફ તો ખુદાનું ફર્માન છે એ પઢીને બખ્શવામાં આવે તો ફાયદો કેમ ન મળે ?!

# ☆ સૂરએ ઈખ્લાસનો સવાબ ☆

## ★ હમ્માદ મક્કીનું મંતવ્ય ★

મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ ભાગ-૨, કાઝી અબૂબક્ર બિન અબ્દુલ બાકી અન્સારી પોતાની મશીખતમાં સલ્મા બિન ઓબૈદથી રિવાયત કરે છે એમણે કહ્યું, હમ્માદ મક્કીએ ફર્માવ્યું, એક રાત્રે હું મક્કાના કબ્રસ્તાનમાં ગયો, એક કબ્ર પાસે માથુ રાખીને સૂઈ ગયો તો

સ્વપ્નમાં કબ્રસ્તાનવાળાઓને જોયાં કે ટુકડી ટુકડી કરીને બેઠાં છે. મેં કહ્યું, શું કિયામત આવી ગઈ ! એમણે કહ્યું, ના ! પણ અમારા ભાઈઓમાંથી એક વ્યકિતએ **કુલહુવલ્લાહ** પઢીને એનો સવાબ અમને અર્પણ કર્યો તો એક વર્ષથી અમે એને વહેંચી રહ્યા છીએ.

## ★ અહમદ બિન હંબલનું મંતવ્ય ★

ઈમામ નવોવી શાફેઈ કિતાબુલ અઝકારમાં લખે છે કે મુહમ્મદ બિન અહમદ મરવઝી કહે છે કે મેં અહમદ બિન હંબલથી ફર્માવતાં સાંભળ્યું, જ્યારે તમે કબ્રસ્તાનમાં પ્રવેશો તો **સૂરએ ફાતિહા, ફલક** અને નાસ અને **કુલહુવલ્લાહુ અહદ** પઢો અને આનો સવાબ કબ્રસ્તાનવાળાઓને બખ્શો, એ એમને પહોંચે છે.

## ★ ઈમામે રબ્બાનીનું મંતવ્ય ★

ઈમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની શૈખ અહમદ સરહિંદી رحمۃ اللہ علیہ ના મકતૂબાત (ભાગ–૨) માં છે :– આનાથી થોડા વર્ષો પહેલાં ફકીરનો તરીકો એ હતો કે જો ખાણુ બનાવતો તો આલે અબાની રૂહાનિયત સાથે ખાસ કરતો. હુઝૂર, હઝરત અલી, ફાતિમા અને હસન હુસૈન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن છે. એક રાત્રે સ્વપ્નમાં જોયું કે હુઝૂર પધારેલ છે. ફકીર એમની બારગાહમાં સલામ પેશ કરે છે. ફકીર તરફ ધ્યાન ન આપતાં ચહેરો બીજી તરફ ફેરવેલો હતો. એ સમયે ફર્માવે છે કે હું આઈશાના ઘરમાં ખાણુ ખાઉં છું જે મને ખાવા મોકલે આઈશાના ઘરમાં મોકલે. તે સમયે ફકીરે જાણી લીધું કે હુઝૂરના ધ્યાન આપવાનું કારણ એ છે કે ફકીર હઝરત આઈશા رضی اللہ عنہا ને તે ખાણામાં શામેલ નથી કરતો. ત્યાર પછી હઝરત સિદ્દીકાને બલ્કે સઘળી અઝવાજે મુતહ્હરાતને અને અહલે બૈયતને શરીક કરતો અને બધાથી તવસ્સુલ કરતો હતો.

## ★ શાહ અબ્દુર્રહીમનું મંતવ્ય ★

દુર્રે સમીનમાં હઝરત શાહ વલીયુલ્લાહ સાહેબ દહેલ્વી લખે છે :– બાવીસમી હદીષ મને મારા સરદાર બુઝુર્ગ પિતાએ ખબર આપી





કે દર વર્ષે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈસાલે સવાબ માટે ખાણુ બનાવતો હતો. એક વર્ષે કંઈ ન હતું જેનાથી હું ખાણું બનાવી શકું તો પછી મેં શેકેલા ચણા મંગાવ્યા અને એ લોકોને વહેંચી આપ્યા તો હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝિયારત કરું છું કે હુઝૂર સામે એ ચણા રાખેલા છે અને આપ ઘણા ખુશ છે.

## ★ મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીનું મંતવ્ય ★

દેવબંદીઓના પેશ્વા દહેલ્વી સાહેબની કિતાબ ''સિરાતે મુસ્તકીમ''ના પેજ નં. ૫૫ પર છે :– જે ઈબાદત મુસલમાન અદા કરે એનો સવાબ પોતાના ગુજરી ગએલા લોકોમાંથી કોઈની રૂહને પહોંચાડે, આ દુઆએ ખૈર પહોંચાડવાનો તરીકો જનાબે ઈલાહી થકી છે. તો આ સારો અને ઉત્તમ છે. જે વ્યકિતની રૂહને સવાબ પહોંચે છે તેના હક્કદારોમાંથી છે તો તેના હક્ક પ્રમાણે સવાબ પહોંચાડવાની ઉત્તમતા વધી જશે. તો પછી જે કામોનો મય્યિત માટે રિવાજ છે, ફાતિહા, ઉર્સ, નઝરો નિયાઝ એમાં કોઈ શંકા કુશંકા નથી.

પેજ નં. ૬૪ પર લખે છે કે :– જયારે કોઈ મય્યિતને નફો પહોંચાડવો મંજૂર હોય તો તેને ખાણા પર આધારિત ન રાખે, મળી આવે તો ઉત્તમ છે, નહીં તો માત્ર **સૂરએ ફાતિહા** અને **સૂરએ ઈખ્લાસ** અતિ ઉત્તમ સવાબ છે.

દહેલ્વી સાહેબ કહેવા માંગે છે કે મય્યિત માટે ઈસાલે સવાબના રિવાજ સારાં કામો છે એના સારા હોવામાં કોઈ પ્રકારની શંકા કુશંકા નથી. પણ એવું સમજવામાં ન આવે કે ખાણું તૈયાર કરીને જ ઈસાલે સવાબ કરવામાં આવે, કુર્આન શરીફની નાની સૂરતોનો સવાબ પણ પહોંચાડી શકાય છે. એટલે વધારેને વધારે કુર્આન પઢીને મય્યિતને બખ્શવામાં આવે.

અલ્લામા શામી રદુલ મુહતાર, ભાગ–૧ માં ફર્માવે છે કે :– હઝરત અલ્લામા ઈબ્ને હજર મક્કીને કબ્રસ્તાનવાળાઓ માટે પઢવામાં આવેલી સૂરએ ફાતેહા બાબતે પ્રશ્ન પૂછવામાં આવ્યો કે તેમને સવાબ વહેંચવામાં આવે છે અથવા દરેકને પૂરેપૂરો સવાબ વહેંચવામાં આવે છે ? આપે જવાબમાં ફર્માવ્યું, એક જમાઅતે બીજા ભાગ પર ફત્વો આપ્યો

છે અને (અલ્લાહની) કૃપાની વિશાળતાને લઈને એ ઉત્તમ છે. (એટલે કે બધાંને સરખો સવાબ મળશે.)

આપે ફર્માવ્યું કે સવાબ આપવાનું કામ અલ્લાહ તઆલાનું છે અને અલ્લાહ તઆલાની કૃપા સીમા પારની છે ! જેમ કે અલ્લાહ તઆલાનું ફર્માન છે : رَحْمَتِي وَسِعَتْ كُلَّ شَيْءٍ "મારી રહમત દરેક ચીજને ઘેરી વળે છે."

તો અલ્લાહની વિશાળ રહમતને લક્ષમાં રાખીને એ નિર્ણય લેવો વધારે ઉત્તમ છે કે જેટલા લોકોને એક સૂરએ ફાતિહામાં સવાબ પહોંચાડવામાં આવે તો અલ્લાહ પોતાના ફઝ્લથી દરેકને પૂરી સૂરતનો સવાબ આપશે.

મકતૂબાતે ઈમામ રબ્બાની, ભાગ-૩ માં છે કે એકની રૂહાનિયત માટે સદકો કરીને દરેક ઈમાનવાળાને શરીક કરી લેવામાં આવે તો દરેકને મળશે. અને જેની નિય્યતથી સદકો કરવામાં આવે છે તેમાં ઘટાડો થશે નહીં.

إِنَّ رَبَّكَ وَاسِعُ الْمَغْفِرَةِ

"બેશક ! તારો રબ વિશાળ બખ્શિશવાળો છે."

## ★ જીવંતને પણ ઈસાલે સવાબ થઈ શકે છે ! ★

લોકોમાં એ વાતને ખ્યાતિ મળી ગઈ છે કે ઈસાલે સવાબ મય્યિત માટે જ કરવામાં આવે છે અને મય્યિતને જ ઈસાલે સવાબ થઈ શકે છે. એવું નથી ! આમાં પણ વિશાળતા છે. જીવંતને ઈસાલે સવાબ કરવું હોય તો એ પણ થઈ શકે છે અને મુર્દા સાથે જીવંતને સવાબમાં શરીક કરી શકાય છે.

શામી, ભાગ-૨ માં છે :- એમનું કહેવું કે એનો સવાબ **કોઈ મુર્દા અથવા જીવંત**ને બખ્શી આપ્યો તો એ **જાઈઝ** છે. (એટલે કે જીવંતને પણ ઈસાલે સવાબ કરી શકાય છે.) આનો ફાયદો અને કાયદો એ છે કે જે વ્યકિત કોઈ પ્રકારની ઈબાદત કરે એને એ હક્ક છે કે એનો સવાબ બીજાને પણ અર્પણ કરી આપે, પછી તે બીજી વ્યકિત જીવંત હોય કે મુર્દા બંનેને સવાબ પહોંચાડી શકે છે.





બહરુર્રાઈકમાં છે :- કોઈએ રોઝો રાખ્યો અથવા નમાઝ પઢી અથવા સદકો કર્યો અને એનો સવાબ બીજા કોઈને અર્પણ કર્યો, મુર્દામાંથી કે પછી જીવંતમાંથી તો એ જાઈઝ છે. અહલે સુન્નત વલ જમાઅતની માન્યતા મુજબ તેઓને એ સવાબ પહોંચશે, "બદાઈઅ"માં પણ આ પ્રમાણે છે. પછી ફર્માવ્યું, આનાથી એ જાણવા મળ્યું કે એમાં કોઈ તફાવત નથી કે જેમને બખ્શવામાં આવે છે તે મુર્દા હોય કે પછી જીવંત. અને એ વાતમાં પણ તફાવત નથી કે કામ કરતી વખતે તે બીજાની નિય્યત કરવામાં આવી હોય અથવા પોતાના માટે કર્યું હોય અને પછી એનો સવાબ બીજાને બખ્શી દેવામાં આવે. કારણ કે આ બાબતે એમના તરફથી કોઈ શર્ત લગાડવામાં નથી આવી. ફર્ઝ અને નફ્લમાં પણ તફાવત નથી.

સારાંશ એ કે ઈસાલે સવાબમાં ફર્ઝ, વાજિબ અને નફ્લમાં પણ તફાવત નથી. બદની, માલી અથવા બંને એક સાથે નિય્યત પોતાના માટે હોય અથવા બીજા માટે અથવા કોઈ નિય્યત કરવામાં ન આવી હોય. જીભથી કહીને બખ્શવામાં આવે અથવા માત્ર દિલથી કહી દેવામાં આવે, ઈસાલે સવાબમાં એ બધું જ શકય છે. એટલે કે અલ્લાહ તઆલાને આપણી નિય્યતોનું પણ ઈલ્મ છે, દિલથી નિય્યત કરી લેવામાં આવે અને મુખેથી ઈસાલે સવાબના શબ્દો કહેવામાં ન આવે તો પણ ઈસાલે સવાબ થઈ જાય છે. સ્પષ્ટ થયું કે જે કામ પર આપણને અલ્લાહ તઆલા તરફથી સવાબ મળે છે તે સવાબ બીજાને કોઈ પણ શર્ત અને કંડિશન વિના પહોંચાડી શકાય છે.

ઈસાલે સવાબના ઘણા બધા પ્રકાર છે. ઈસાલે સવાબ તે પ્રકારમાંથી કોઈ એક અથવા વધારે અથવા સઘળા પ્રકારોથી કરી શકાય છે અને એનાથી મય્યિતને નફો થાય છે.

## ★ દુઆએ મગફેરત ★

ગુનાહોની માફી અને દરજાતની બુલંદી માટે દુઆ કરવી જીવંત માટે પણ ફાયદાકારક છે અને મુર્દા માટે જીવંતથી અધિક ફાયદાકારક છે. જીવંત તો પોતે પણ પોતાના માટે દુઆ કરી શકે છે અને એનાથી ફાયદો પ્રાપ્ત કરી શકે છે. મય્યિત દારુલ જઝામાં પહોંચી ગયું તે પોતે

અમલ નથી કરી શકતો પણ તેના માટે જીવંત લોકો તરફથી દુઆ કરવામાં આવે તો તેનાથી મય્યિતને ફાયદો થાય છે.

## ★ દુઆ પર પહાડી જેવી નેકીઓ ★

બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી : નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મય્યિત કબ્રમાં ડૂબનાર માફક હોય છે જે મદદની માંગમાં હોય છે. તે વાટ જોતો હોય છે બાપ, અથવા મા, અથવા ભરોસાપાત્ર દોસ્તની દુઆની. જ્યારે દુઆ એને પહોંચે છે તો તે એને દુનિયા અને તેમાં જે કાંઈ છે તેનાથી અધિક પ્રિય હોય છે. એટલા માટે કે અલ્લાહ તઆલા દુનિયાવાળાઓની દુઆથી કબ્રવાળાઓ પર પહાડ જેવડી (ખૈરો બરકત અને નૂર) દાખલ કરે છે.

اِنَّ هَدِيَّةَ الْاَحْيَاءِ لِلْاَمْوَاتِ الْاِسْتِغْفَارُ لَهُمْ

"જીવંત લોકોની મુર્દાઓ માટે ભેટ એમના માટે મગફેરતની માંગ કરવી છે અને એમના તરફથી સદકો કરવો છે."

**ફાયદો :** આ હદીષે પાકથી જાણવા મળ્યું કે મગફેરતની દુઆ પણ ઈસાલે સવાબનો એક પ્રકાર છે અને દુઆના બદલામાં મુર્દાઓને પહાડો જેવો બદલો આપવામાં આવે છે અને તેમને દુનિયાની દરેક ચીજ વસ્તુથી અધિક કિંમતી બદલો આપવામાં આવે છે એટલે તેમને તે બદલો દુનિયાથી અધિક પ્રિય લાગે છે. હુઝૂરે પાકના ફર્માન મુજબ મય્યિતને ખુશ કરવું હોય અને તેમને કિંમતી ભેટ અર્પણ કરવી હોય તો અવાર નવાર તેમના માટે મગફેરતની દુઆ કરતા રહેવું જોઈએ. દુઆ દરેક મુસલમાન માટે કરવામાં આવે પણ ખાસ કરીને આપણા સગાંઓ માટે કરવામાં આવે. કારણ કે મુર્દાઓને દુઆએ મગફેરતની વધારે આશા સગાંઓથી હોય છે અને ખાસ કરીને નિકટનાં સગાંઓથી. એટલે હદીષમાં નિકટના સગાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો કે મય્યિતને પણ વધારે આશા નિકટના સગાઓથી જ હોય છે.





## ★ બીજા માટે મગફેરતની દુઆ કુર્આન અને તફસીરના પ્રકાશમાં ★

રસૂલે અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે મય્યિતને જીવંત લોકોની જરૂરત હોય છે કે તેઓ થકી તેમને કાંઈક પહોંચાડવામાં આવશે અને તેમનું કામ બનશે. અને આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, જીવંત લોકોની ભેટ મુર્દાઓ માટે તેમના માટે મગફેરતની ખુદા તઆલાથી માંગ કરવી છે. કુર્આન હદીષમાં પણ અલ્લાહ તઆલાએ આપણને બીજા લોકો માટે મગફેરતની દુઆ કરવાની તાલીમ આપી છે.

તાલીમના તરીકા જુદા જુદા હોય છે, કયારેક જેને તાલીમ આપવી હોય તેને સંબોધીને કહેવામાં આવે છે, કયારેક બીજાને કહીને આપણને દિમાગ આપવામાં આવે છે, કયારેક નબીઓની દુઆઓની યાદ અપાવી દુઆનો તરીકો શિખવાડવામાં આવે છે. તો અમુક પ્રકાર અત્રે રજુ કરીએ છીએ.

નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઉમ્મત માટે ઈસ્તિગફારની દુઆનું કહેવામાં આવ્યું :-

فَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ وَاسْتَغْفِرْهُ اِنَّهٗ كَانَ تَوَّابًا

"તો તમારા રબના વખાણ સાથે તેની પાકી બયાન કરો અને તેનાથી મગફેરતની માંગ કરો, બેશક ! તે તૌબા કબૂલ ફર્માવનાર છે."

فَاعْفُ عَنْهُمْ وَاسْتَغْفِرْ لَهُمْ

"તેઓથી દરગુજર કરો અને તેમના માટે મગફેરતની દુઆ કરો."

سَوَآءٌ عَلَيْهِمْ اَسْتَغْفَرْتَ لَهُمْ اَمْ لَمْ تَسْتَغْفِرْ لَهُمْ
لَنْ يَّغْفِرَ اللّٰهُ لَهُمْ

"બરાબર (સરખી) છે એમના માટે કે તમે એમના માટે મગફેરતની માંગ કરી અથવા ન કરી, અલ્લાહ કયારે પણ એમને માફ કરશે નહીં."

وَاِذَا قِيْلَ لَهُمْ تَعَالَوْا يَسْتَغْفِرْ لَكُمْ رَسُوْلُ اللّٰهِ
لَوَّوْا رُءُوْسَهُمْ

"જ્યારે એમને કહેવામાં આવ્યું કે આવો અલ્લાહના રસૂલ તમારા માટે મગફેરતની માંગ કરે, તો તેમણે મોઢું ફેરવી લીધું."

فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا
اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا

"તેઓ અલ્લાહથી મગફેરતની માંગ કરે અને રસૂલ પણ તેમના માટે મગફેરતની માંગ કરે તો અલ્લાહને જરૂર વધારે તૌબા કબૂલ કરનાર દયાળુ પામશે."

اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ يُّشْرَكَ بِهٖ وَيَغْفِرُ مَا دُوْنَ
ذٰلِكَ لِمَنْ يَّشَآءُ

"બેશક ! અલ્લાહ માફ નહીં કરે એની સાથે શિર્ક કરનારને અને એ સિવાય જેને માફ કરવા ઈચ્છે માફ ફર્માવશે."

رَبَّنَا اغْفِرْ لِيْ وَلِوَالِدَيَّ وَلِلْمُؤْمِنِيْنَ يَوْمَ يَقُوْمُ الْحِسَابُ

"અય મારા રબ ! માફ કર ! મને અને મારા માતા પિતાને અને ઈમાનવાળાઓને જે દિવસે તું હિસાબ કાયમ કરે."

فَاسْتَغْفَرُوْا لِذُنُوْبِهِمْ وَمَنْ يَّغْفِرُ الذُّنُوْبَ اِلَّا اللّٰهُ

"પોતાના ગુનાહોની માફી માંગે, અલ્લાહ સિવાય ગુનાહ કોણ માફ કરે ?"

وَمَا كَانَ اسْتِغْفَارُ اِبْرٰهِيْمَ لِاَبِيْهِ اِلَّا عَنْ مَّوْعِدَةٍ
وَّعَدَهَآ اِيَّاهُ فَلَمَّا تَبَيَّنَ لَهٗۤ اَنَّهٗ عَدُوٌّ لِّلّٰهِ تَبَرَّاَ مِنْهُ

"અને ઈબ્રાહીમનું પોતાના અબ (કાકા) માટે મગફેરતની માંગ કરવી માત્ર એનાથી કરેલા વાયદાના લીધે હતી, પરંતુ જ્યારે સ્પષ્ટ થઈ ગયું કે તે અલ્લાહનો દુશ્મન છે તો એનાથી અલગ થઈ ગયા."





**સારાંશ** : ઉપરોકત આયતોથી એ જાણવા મળ્યું કે અલ્લાહ તઆલા તરફથી જુદા જુદા પ્રકારથી આપણને મગફેરતની દુઆનો સબક આપવામાં આવ્યો છે. મગફેરતની માંગ અલ્લાહને પસંદ છે અને આપણા માટે અથવા બીજા માટે મગફેરતની માંગ કરવા પર અલ્લાહ તઆલા પોતાની ગફ્ફારીની શાન જાહેર ફર્માવે છે અને મગફેરત માંગનારને માફ કરી પોતાની વિશાળ રહમતમાં તેને અથવા જેના માટે માંગવામાં આવી તેને જગા અર્પણ કરે છે.

નબી ગુનાહોથી પાક હોય છે અને તેઓ અલ્લાહ તઆલાની હિફાઝતમાં રહે છે એટલે તેઓ ગુનો કરી પણ નથી શકતા, જેને શરીઅતની પરિભાષામાં 'માસૂમ' કહેવામાં આવે છે. નબી અલ્લાહ તઆલાથી મગફેરતની પોતાના માટે માંગ કરે તો તે દરજાની બુલંદી માટે હોય છે અથવા ખુદા તઆલાની બારગાહમાં તેમની નમ્રતા હોય છે. ત્રીજું એ કે ઉમ્મતની તાલીમ માટે કે અમે ગુનાહથી પાક થઈને પણ મગફેરતની માંગ કરીએ છીએ તો તમારે અધિકથી અધિક મગફેરતની માંગ કરવી જોઈએ. ચોથું એ કે નબીની મગફેરતની માંગ ઉમ્મતી માટે હોય છે.

કાફિર અને મુશ્રિક જેના કુફ્ર અને શિર્કની આપણને ખબર હતી તેવા લોકો માટે મગફેરતની માંગ કરવી હરામ અને સખ્ત ગુનાહનું કામ છે જેનો સુબૂત કુર્આનની આયતથી થયો. જ્યારે મગફેરતની માંગ કરવાનો આદેશ આપનાર અલ્લાહ મનાઈ કરે છે તો પછી માંગવાનો મતલબ રહી જતો જ નથી. આયતમાં છે કે હઝરત ઈબ્રાહીમ عليه الصلوٰة والسلام એ એમના કાકા માટે મગફેરતની માંગ કરી હતી પણ જ્યારે આપને રહસ્યથી બાખબર કરવામાં આવ્યા તો આપે પોતાને એ કામથી રોકી લીધા, અને પછી કયારે પણ માંગ કરી નહીં. કુર્આને એનું કારણ પણ સ્પષ્ટ કર્યું કે એમણે મગફેરતની દુઆનો વાયદો કર્યો હતો તો વાયદાને લઈને આપે મગફેરતની માંગ કરી હતી પણ અલ્લાહ તરફથી મનાઈ કરી દેવામાં આવી તો આપે તેનાથી જુદાઈ પસંદ કરી લીધી.

આપણા પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ અબૂ તાલિબ માટે મગફેરતની દુઆ કરવાનો ઈરાદો ફર્માવ્યો હતો તો અલ્લાહ તરફથી આપને તો રોકી દેવામાં આવ્યા, પણ ઈમાનવાળાઓને પણ એનાથી મનાઈ કરી દેવામાં આવી. જેનો ઉલ્લેખ આયતોથી કરી દેવામાં આવ્યો છે.

**સવાલ** : આપણું કામ મગફેરતની માંગ કરવી છે, માફ કરવું ન કરવું અલ્લાહનું કામ છે, તો પછી માંગ કરવાથી મનાઈ કેમ કરવામાં આવી ?

**જવાબ** : કાફિર અને મુશ્રિક માટે મગફેરતની માંગ કરવી એમની સાથે ખુશી અને દોસ્તી જાહેર કરે છે. કાફિર અને મુશ્રિક અલ્લાહના દુશ્મન છે અને મુસલમાને અલ્લાહના દુશ્મનને પોતાના દુશ્મન સમજવા જોઈએ. એટલે આપણને એમના માટે મગફેરતની માંગ કરવાની મનાઈ કરવામાં આવી. અલ્લાહ તઆલા જેને દુશ્મન રાખે તેની સાથે તમે દોસ્તીનો વર્તાવ ન કરો. બીજું એ કે જ્યારે એમને મગફેરતની જરૂરત હતી તો તેઓ ઈમાન કેમ ન લાવ્યા ? જ્યારે એમને પોતાની પડેલી ન હતી તો તમે એમના માટે કૃપાનો વર્તાવ કેમ કરો છો ? ત્રીજું એ કે તમારી માંગની અલ્લાહની બારગાહમાં કદર અને ઈજ્જત છે પણ કાફિરો બાબતે અલ્લાહ તઆલાનું ફર્માન છે : لَنْ يَّغْفِرَ اللّٰهُ لَهُمْ "અલ્લાહ તઆલા એમને કયારે પણ માફ કરશે નહીં." તો પછી તમે તમારા શબ્દો વ્યર્થ કેમ કરો છો અને અલ્લાહ માફ નહીં કરે તો પછી માંગ શા માટે કરો છો ? શું તમે એવું સમજો છો કે અલ્લાહ તઆલાએ કુર્આનમાં ખાલી ફોગટ મનાઈ કરી છે ?! આટલા માટે મગફેરતની માંગ કરવાની મનાઈ કરવામાં આવી છે, ચોથુ એ કે નબીની દુઆથી વધીને કોઈની દુઆ નથી હોતી જ્યારે નબીને પોતાના નિકટના સગા માટે તેના કાફિર હોવાને લઈને મગફેરતની માંગથી મનાઈ કરવામાં આવી તો પછી તમે કોણ છો જે મગફેરતની માંગ કરો ?! પાંચમું એ કે અલ્લાહ તઆલા સૌથી વધીને દયાળુ, કૃપાળુ અને મહેરબાન છે તો પણ એ મનાઈ કરે છે કે હું માફ નહીં કરું, તો પછી શું તમારી કૃપા વધારે છે કે અલ્લાહથી માંગ કરવાની હિંમત કરો છો ? છઠ્ઠુ એ કે અલ્લાહ તઆલા સાથે દોસ્તીનો દા'વો એ તેના દુશ્મનો સાથે દુશ્મનીની માંગ કરે છે અને મગફેરતની માંગ કરવામાં એનો ભંગ છે એટલે મનાઈ કરવામાં આવી.

**સવાલ** : કુર્આનમાં તો કહેવામાં આવ્યું છે :–

وَيَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ "શિર્ક સિવાય જે ગુનો માફ કરવા ઈચ્છે તે માફ કરશે અને જેને માફ કરવા ઈચ્છશે તેને માફ કરશે."





તો પછી મુશ્રિક માટે દુઆ કરવામાં ન આવે પણ તે સિવાય બીજા કાફિરો માટે દુઆ કરી શકાય છે ?

**જવાબ** : માત્ર એક આયતને દેખીને હુકમ નથી લાગી શકતો કુર્આનની દરેક આયતને સામે લાવ્યા પછી નિર્ણય લઈ શકાય છે. કુર્આનની બીજા આયતોમાં કાફિર માટે પણ મનાઈ કરવામાં આવી છે એટલે કોઈ કાફિર મુશ્રિક ન હોય તો પણ એના માટે મગફેરતની દુઆ કરવી હરામ છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

اِنَّ الَّذِيْنَ كَفَرُوْا مِنْ اَهْلِ الْكِتٰبِ وَ الْمُشْرِكِيْنَ
فِىْ نَارِ جَهَنَّمَ خٰلِدِيْنَ فِيْهَا

"બેશક ! કિતાબી કાફિરો (ઈસાઈ, યહૂદી) અને મુશ્રિકો દોઝખની આગમાં હમેશાં હંમેશ રહેશે."

હમેશાં હંમેશનો મતલબ થયો એમને દોઝખથી નજાત કયારે પણ આપવામાં આવશે નહીં એટલે તેમના માટે શફાઅત નહીં થાય, અને અલ્લાહ પોતે પણ માફ નહીં કરે, અને માફ નહીં કરે તો એમના માટે માફીની માંગ પણ કરવામાં નહીં આવે, કારણ કે તેઓને હંમેશ દોઝખમાં રહેવાનું છે. બીજું એ કે આ આયતમાં કાફિર અને મુશ્રિક બંનેની હાલત વર્ણવવામાં આવી છે.

**(૨)** સૂરએ મુનાફેકૂનમાં મુનાફિકો માટે ફર્માવામાં આવ્યું :–

لَنْ يَّغْفِرَ اللّٰهُ لَهُمْ "અલ્લાહ એમને કયારે પણ માફ કરશે નહીં."

મુનાફિક જે અંદરથી ઈમાનવાળો ન હોય માત્ર લોકોને મૂર્ખ બનાવવા મુસલમાની જાહેર કરે. પછી તે મુશ્રિક હોય અથવા મુશ્રિક ન હોય અને માત્ર કાફિર હોય. આમાં બંનેનો સમાવેશ છે. એટલે અન્ય કાફિરો માટે પણ દુઆ કરવામાં નહીં આવે.

**(3)** وَالَّذِيْنَ كَفَرُوْا وَصَدُّوْا عَنْ سَبِيْلِ اللّٰهِ ثُمَّ مَاتُوْا وَهُمْ كُفَّارٌ فَلَنْ يَّغْفِرَ اللّٰهُ لَهُمْ "જેમણે કુફ્ર કર્યું અને અલ્લાહના

માર્ગથી રોકાણ કર્યું પછી કુફ્રની હાલતમાં મરી ગયા તો અલ્લાહ તેમને કયારે પણ માફ કરશે નહીં''

કુર્આન શરીફની આયતોથી સ્પષ્ટ થયું કે **કાફિર ભલે પછી અલ્લાહને એક માનતો હોય પણ દીનની જરૂરી વાતનો ઈન્કાર કરતો હોય અથવા દીને ઈસ્લામને સત્ય દીન ન માનતો હોય તો તેવો વ્યક્તિ કાફિર છે, મુશ્રિક નથી. પણ તેને કયારે માફ કરવામાં નહીં આવે. એટલે એના માટે મગફેરતની દુઆની રજા આપવામાં નથી આવી,** અને એ પણ સ્પષ્ટ થયું કે માત્ર એક આયતને જોઈને નિર્ણય નથી લઈ શકાતો, નિર્ણય લેવા માટે કુર્આનની બીજી આયતો અને હદીષો પર પ્રથમ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

**સવાલ** : એમના માટે જનાઝાની નમાઝ પઢી શકાય છે ?

**જવાબ** : જયારે માત્ર શબ્દોથી મગફેરતની દુઆની રજા આપવામાં નથી આવી તો પછી હાલતે નમાઝમાં એની સમક્ષ ઊભા રહીને મગફરેતની દુઆની રજા કેમ કરી મળી શકે છે ?!

**સવાલ** : આના પર તમારી પાસે દલીલ છે ?

**જવાબ** : કુર્આન શરીફ સૂરએ તૌબા, સિપારા દસમાં અલ્લાહ તઆલાનું ફર્માન છે :-

لا تصل على احد منهم مات ولا تقم على قبره
انهم كفروا بالله ورسوله

''તેઓમાંથી કોઈની પણ જે મરી ગયો નમાઝે જનાઝ ન પઢો અને એની કબ્ર પાસે ઊભા પણ ન રહો, બેશક ! તેમણે અલ્લાહ અને રસૂલ સાથે કુફ્ર કર્યું છે.''

કુર્આન શરીફની આ આયતથી સ્પષ્ટ થયું કે કાફિરની નમાઝ તો નથી પઢી શકાતી અને મુશ્રિકની નમાઝનો તો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી પણ રસૂલે પાકને મુનાફિકની નમાઝે જનાઝા પઢવાની પણ મનાઈ કરવામાં આવી અને કબ્ર પાસે ઊભા રહેવાની અને દફન કરવાની પણ મનાઈ કરવામાં આવી. એટલે કાફિરોની નમાઝે જનાઝા નથી પઢી શકાતી.





**સવાલ** : જેની બાબતે ખબર ન હોય કે આ મુસલમાન છે અથવા કાફિર તો શું કરવામાં આવશે ?

**જવાબ** : એની નમાઝે જનાઝાથી બચવામાં આવશે.

**સવાલ** : કોઈ વ્યકિત મુસલમાન છે પણ **બદ્અકીદા છે કે નહીં એ ખબર નથી તો શું કરવું ?**

**જવાબ** : એનો ધાર્મિક સંબંધ ગુસ્તાખીવાળો અકીદો રાખનાર લોકો સાથે હોય, દીની અમલો તેમની સાથે કરતો હોય તો નમાઝે જનાઝા અને દુઆએ મગફરેતમાં તેમનો હુકમ આપવામાં આવશે, **પઢવામાં નહીં આવે.**

**સવાલ** : કોઈ માણસ **સુન્ની અને સત્ય અકીદાનો હતો** તેના સગા સંબંધી ખરાબ અકીદાના હતા, **મરણ પછી તેઓ નમાઝે જનાઝા માટે બદ્અકીદા વ્યકિતને લાવ્યા તો શું કરવું ?**

**જવાબ** : જો સુલેહ શાંતિથી રોકી શકાય એવું હોય તો રોકવાની કોશિશ કરવી અને લડાઈ ઝઘડો થઈ જાય એવું લાગે તો **નમાઝમાં શરીક ન થવું**, દફન કર્યા પછી લોકો ચાલ્યા જાય ત્યારે **કબ્ર પાસે નમાઝ અદા કરી લેવી.** વર્તમાનકાળમાં આ બાબતે ધ્યાન આપવાની જરૂરત છે.

**સવાલ** : અબ્દુલ્લાહ બિન ઓબય બિન સલૂલ મુનાફિકોનો નેતા હતો અને તેનું મુનાફિક હોવું જાહેર થઈ ગયું હતું, એ મરી ગયો તો હુઝૂરે નમાઝે જનાઝ પઢાવી અને દફન માટે પોતાનું કમીસ પણ આપ્યું તો પછી હુઝૂરે આમ શા માટે કર્યું ?

**જવાબ** : તે વખતે વહી ઉતરવાનો સિલસિલો ચાલુ જ હતો, પહેલાં મનાઈની કોઈ આયત ઉતારવામાં ન આવી હતી એટલે હુઝૂરે ઉપરોકત કામ કર્યું પણ ત્યાર બાદ ઉપરોકત આયતથી મનાઈ કરી દેવામાં આવી અને ત્યાર પછી **હુઝૂરે કોઈ મુનાફિકની નમાઝ પઢી નથી,** એટલે આ હુકમ કિયામત સુધી રહેશે.

**સવાલ** : આલિમોનું કહેવું એવું છે કે માણસ કાફિર હોય અથવા મુસલમાન હોય મુનાફિકનો હુકમ હવે બાકી નથી. પછી ઉપરોકત આયત તો મુનાફિક માટે છે ?

**જવાબ** : એ બરાબર છે કે વર્તમાનકાળમાં કોઈને રીઅલ મુનાફિક નથી કહી શકતા અને ઉપરોકત આયત મુનાફિક બાબતે ઉતરી છે, પણ મુનાફિક અંદરથી કાફિર જ હોય છે એટલે કાફિર માટે પણ થઈ અને કોઈ માણસ એવો અકીદો રાખે જેનાથી દીનની કોઈ જરૂરી વાતનો ઈન્કાર થતો હોય તો તે પણ કાફિર છે, અને કુફ્ર ગમે તે શકલમાં આવે એનો હુકમ એક જ છે.

**સવાલ** : પબ્લિકમાંથી કોઈ જાહિલ માણસ જેને અકીદા બાબતે કંઈ જ ખબર નથી અને જે મૌલ્વીઓને અનુસરે અને માને તેમની બાબતે પણ બદ્અકીદા હોવાની ખબર નથી, તો તેને શું હુકમ આપવામાં આવશે ?

**જવાબ** : પબ્લિકમાંથી દરેકને કુફ્રનો ફત્વો આપવામાં નથી આવતો, તેમને ગુમરાહ બદ્દીન કહેવામાં આવશે. તેમના માટે મગફેરતનું કામ કરવામાં તો નહીં આવે પણ અંદરથી એ બદ્અકીદા નહીં હોય તો એની નજાત થઈ જશે, અને અલ્લાહ તઆલા એને માફ ફર્માવશે. *(તફસીરે નઈમી, ભાગ–૧, ફાતિહા)*

**સવાલ** : દુનિયામાં એની બાબત શું કરવામાં આવશે ?

**જવાબ** : એવા મોઝબઝબ લોકોથી આવા કામોમાં બચવું ઉત્તમ છે.

**નોંધ** : આના લગતા અન્ય મસાઈલની છણાવટ મસાઈલના પ્રકરણમાં જોઈ શકાય છે.

## ★ મગફેરતની દુઆ ★

وَالَّذِينَ جَاءُوا مِن بَعْدِهِمْ يَقُولُونَ رَبَّنَا اغْفِرْ لَنَا
وَلِإِخْوَانِنَا الَّذِينَ سَبَقُونَا بِالْإِيمَانِ

"જે લોકો એમના પછી આવ્યા; કહે છે, અય અમારા રબ ! અમારા ગુનાહ ફર્માવ અને અમારા તે ભાઈઓના પણ જે અમારાથી પહેલાં ઈમાન લાવ્યા હતા.

તફસીરે કબીરમાં આ આયતની તફસીરમાં આ પ્રમાણે ઉલ્લેખ કરવામાં





આવ્યો છે : અલ્લાહ તઆલાનું ફર્માન : وَالَّذِينَ جَاءُوا مِن بَعْدِهِمْ નો સંબંધ છે મુહાજેરીન સાથે, એટલે કે તે લોકો જેમણે તેઓ બાદ હિજરત કરી. (પ્રથમ હિજરત કરનારાઓ માટે પછી હિજરત કરનાર લોકો મગફેરતની માંગ કરે છે.) અને એ પણ કહેવામાં આવ્યું છે કે ભલાઈમાં જેઓ તેમની પાછળ ચાલવા લાગ્યા. અને તેનાથી મુરાદ એ લોકો છે જેઓ મુહાજેરીન અને અન્સાર પછી કિયામત સુધી આવતા રહેશે. એમના વખાણમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે તેઓ પોતાના માટે દુઆ કરે છે અને જેઓ ઈમાનમાં તેમની આગળ નીકળી ગયા તેમના માટે પણ દુઆ કરે છે.

ઈમામ રાઝી ફર્માવે છે કે આ આયતોએ સઘળા ઈમાનવાળાઓને ઘેરી (સમાવી) લીધા છે, એટલા માટે કે ઈમાનવાળાઓ મુહાજેરીન છે, અન્સાર છે, અને તેમના પછી જે લોકો આવશે તે છે. (કિયામત સુધી આવનાર મુસલમાનો ત્રીજા પ્રકારમાં સામેલ છે.) એમનાં વખાણ એ પ્રમાણે કરવામાં આવ્યાં કે જેઓ મુહાજેરીન અને અન્સાર પછી આવ્યા. તેમની શાન એ છે કે તેઓ પોતાના પૂર્વજોને એટલે કે મુહાજેરીન અને અન્સારને દુઆ અને રહેમતમાં યાદ રાખે છે, અને જેઓ આ પ્રમાણેના નથી બલ્કે તેમને બુરાઈથી યાદ કરે છે તો તેઓ ઈમાનવાળાઓના સઘળા પ્રકારથી બહાર છે.

**ભાવાર્થ** : ઈમામ સાહેબના કહેવાનો ભાવાર્થ એ છે કે પૂર્વજો માટે મગફેરતની દુઆ કરવી જોઈએ કારણ કે કુર્આનમાં પૂર્વજો માટે દુઆ કરનારની તારીફ અને વખાણ કરવામાં આવ્યા છે. જો આપણે કુર્આની આયતમાં દર્શાવેલ ત્રણ પ્રકારો પૈકી ત્રીજા પ્રકારમાં સામેલ રહેવું હોય તો આપણે પૂર્વજોને દુઆમાં યાદ રાખવા જોઈએ અને તેમના માટે ઈસાલે સવાબનાં કામો કરવાં જોઈએ. માત્ર મગફેરતની દુઆથી યાદ કરવા પર વખાણ છે તો પછી મગફેરતની દુઆથી પહેલાં કુર્આનની તિલાવત કરી લેવામાં આવે, ખાણુ બનાવીને ઈમાનવાળાઓને ખવડાવવામાં આવે તો અધિક ઉત્તમ છે. નેકીઓ વધતી જાય તો ફઝીલત આપમેળે વધતી જાય છે. અહલે સુન્નતના લોકો જે અવાર નવાર પૂર્વજોની યાદમાં ઈસાલે

સવાબની મહફિલો રાખે છે અને પૂર્વજોને ઈસાલે સવાબ કરી એમના અને પોતાના માટે મગફેરતની દુઆઓ કરે છે તેઓ આ ત્રીજા પ્રકારમાંથી છે અને કુર્આનના આધારે તે લોકો વખાણને પાત્ર છે. કુર્આન જે કામને વખાણનું કારણ બતાવે જો તે કામ શરીઅતના હુકમ પ્રમાણે થતું હોય તો તેનો વિરોધ કરવામાં ન આવે.

તફસીરે જલાલૈનના હાશિયા જુમલમાં છે કે અલ્લાહનું ફર્માન :– "જેઓ ઈમાનમાં અમારાથી આગળ થયા"થી તે લોકોને મુરાદ લેવામાં આવે જેઓ દુઆ કરનારથી પહેલાં ગુજરી ગયા, અને તેમાં કોઈ ફઝીલતનો ઈરાદો કરવામાં ન આવે (એટલે કે દરેક મુસલમાન સાહિબે ઈમાનને સામેલ કરી લેવામાં આવે) અને આ સિલસિલો નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી પહોંચાડવામાં આવે તો આમાં પ્રથમ ગુજરી ગયેલા સઘળા મુસલમાનોને પોતાના વર્તુળમાં લઈ શકે છે. આનાથી માત્ર મુહાજેરીન અને અન્સાર મુરાદ લેવામાં ન આવે, કારણ કે એમાં કમી જોવા મળે છે, ભલેને આયતની શાને નુઝૂલ એ જ છે.

તફસીરે જલાલૈનના હાશિયા "સાવી"માં પણ આ જ પ્રમાણેનો ખુલાસો આપવામાં આવ્યો છે કે ઈમાનમાં આપણાથી આગળ થનારાઓની મુરાદ એ લોકો છે જેઓ આપણી પહેલાં ગુજરી ગયા તે નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી. દુઆ કરનારથી પ્રથમ રુખસદ થયેલ સઘળા મુસલમાનો આવી જશે.

તફસીરે બૈદાવીના હાશિયામાં છે : આ આયતમાં ખલફને સલફ (પૂર્વજો) માટે દુઆનો શોખ આપવામાં આવ્યો છે. ખાસ કરીને પૂર્વજ આલિમો માટે કારણ કે તેઓ તાલીમમાં બાપ સમાન છે.

તફસીરે બૈદાવીના હાશિયા શેહાબ ખફ્ફાજીમાં છે કે મુરાદ એ છે કે પછી આવનાર પ્રથમ માટે દુઆ એટલે કે એમના માર્ગે ચાલે અથવા એ કે એમના માટે દુઆ કરે અને એમને ભલાઈ સાથે યાદ કરે.

તફસીરે રૂહુલ બયાનમાં છે કે પછી આવનાર મુસલમાનોએ પ્રથમ રુખસદ થનાર મુસલમાનો માટે રહમત અને મગફેરતની દુઆ કરવી જરૂરી છે, ખાસ કરીને પોતાના બાપ દાદાઓ માટે અને દીની ઈલ્મના ઉસ્તાદો માટે.





કુવ્વતુલ કોલૂબમાં છે : અમુક આલિમોનું કહેવું એવું છે કે ભાઈ બનવામાં બીજો કશો ફાયદો ન હોય તો એ ઓછું છે કે જેને પોતાના કોઈ ભાઈના મરણની ખબર પહોંચે તો તે મરનાર માટે રહમત અને મગફેરતની દુઆ કરે. આશા છે તેની ભલી નિય્યતને લઈને મરનારની મગફેરત કરી દેવામાં આવે. અને એ પણ કહેવામાં આવ્યું છે કે **જેને પોતાના કોઈ ભાઈની મોતની ખબર પહોંચે અને તે રહમત અને મગફેરતની દુઆ કરે તો જાણે જનાઝામાં શરીક થયો.**

**ખુલાસો** : તફસીરોના પુરાવાથી એ જાણવા મળ્યું કે મગફેરતની દુઆને ઘણી જ વિશેષતા પ્રાપ્ય છે અને એનાથી મુર્દાઓને મોટો લાભ થાય છે એટલે આપણે દુનિયાથી રુખસદ થનાર સઘળા મુસલમાનોને મગફેરતની દુઆમાં સામેલ કરી લેવો જોઈએ. જ્યારે અલ્લાહ તઆલા મગફેરતની દુઆ પર વધુથી વધુ આપવા ઈચ્છે છે તો પછી આપણે માંગમાં બખીલીથી કામ ન લેવું જોઈએ. એક મુસલમાન પર બીજા મુસલમાનનો હક્ક છે કે જરૂરતના સમયે એની મદદ કરે અને મરનારને દુઆની કેટલી હાજત હોય છે તે આપણે હદીષે પાકથી જાણી ગયા, તો પછી આપણે દરેક મુસલમાન માટે મગફેરતની દુઆ કરતા રહેવું જોઈએ.

## ★ મા બાપ માટે દુઆ કરવી જરૂરી છે ★

મા બાપનું ઔલાદ પર મોટુ એહસાન છે અને દરેકને જ ખબર છે એનો ખુલાસો કરવાની જરૂરત નથી. *(ખુલાસા માટે તોહફાએ નજાત, ભાગ–૨ જુઓ.)* અલ્લાહ તઆલાએ આપણને મા બાપ માટે રહમત અને કૃપાની દુઆ કરવાનો આદેશ આપ્યો છે. એમના જે હક્કો ઔલાદ પર છે તેમાંથી એક અગત્યનો હક્ક એમના માટે દુઆ છે, દુઆ કરો,

قُلْ رَّبِّ ارْحَمْهُمَا كَمَا رَبَّيَانِي صَغِيرًا

"અય રબ ! માતા પિતા પર કૃપા કર ! જેમ તેમણે બાળપણમાં મારી સેવા કરી."

તફસીરે રૂહુલ મઆનીમાં છે કે ઔલાદને હુકમ આપવામાં આવ્યો છે અને જાહેર એ છે કે હુકમથી તે કામનું વાજિબ હોવું સાબિત થાય છે,

તો આ કાયદાના આધારે બાળકો અને ઔલાદ માટે જરૂરી બને છે કે પોતાના માતા પિતા માટે રહમત અને કૃપાની દુઆ કરે.

તફસીરે જલાલૈનના હાશિયા જુમલમાં છે કે :– આયતનો ભાવાર્થ એ છે કે માતા પિતા માટે રહમતની દુઆ કરો, વધારે નહીં તો દિવસમાં પાંચ વખત કરે.

તફસીરે રૂહુલ બયાનમાં અલ્લાહ તઆલાથી દુઆ કરો કે એ પોતાની બાકી રહેનાર અનાશવંત રહમતથી કૃપા કરે માત્ર ખત્મ થનાર રહમતથી નહીં.

ઉપરોકત તફસીરમાં આ પણ છે :– હઝરત ઈબ્ને ઓયયનાથી મય્યિતના સદકા બાબતે પ્રશ્ન કરવામાં આવ્યો તો આપે ઉત્તર આપતાં ફર્માવ્યું, બધું જ એમને પહોંચે છે. મગફેરતની દુઆથી વધીને નફો પહોંચાડનાર કોઈ ચીજ વસ્તુ નથી, જો એનાથી વધીને કોઈ ચીજ હોતે તો માતા પિતાના હક્કમાં તેનો હુકમ આપવામાં આવતો. આ વાતને રસૂલે પાક ﷺનો આ ઈર્શાદ સશકત બનાવે છે, અલ્લાહ તઆલા જન્નતમાં બંદાનો રૂત્બો બુલંદ કરશે તો બંદો વિનંતિ કરશે, અય મારા રબ ! મને આ (ઈનામ) કયાંથી મળ્યું ? તો ફર્માવશે, તારા છોકરાના (તારા માટે મગફેરતની દુઆ કરવાથી). એક હદીષમાં આ પ્રમાણે છે (મિશ્કાત) **જે પોતાના માતા પિતાની કબ્રોની દર જુમ્આના દિવસે ઝિયારત કરશે તે નેક લોકોમાં ગણવામાં આવશે.**

તફસીરે કબીર, ભાગ–૫ માં છે : પોતાની નાશવંત અને ખત્મ થનાર કૃપા પર બસ ન કરી લો ! બલ્કે અલ્લાહ તઆલાથી એની વિશાળ અનાશવંત કૃપાની દુઆ કરો અને કહો, અય રબ ! એમની ઉપર દુનિયાની અને આખેરતની દરેક પ્રકારની રહમ અને કૃપા કર. તેના પૈકી ઈસ્લામનો સત્ય માર્ગ બતાવવો પણ છે, જો તેઓ કાફિર હોય તો પણ હિદાયતની દુઆમાં કંઈ વાંધો નથી.

**ખુલાસો** : તફસીરોના ઉલ્લેખથી એ જાણવા મળ્યું કે દુનિયામાં આપણે ગમે તેટલી ખિદમત કરીને માતા પિતાનો પૂરેપૂરો હક્ક અદા નથી કરી શકતા, એમનું કરેલું એહસાન આપણી સતત સેવા ચાકરીથી





વધીને છે. અને કહેવામાં આવ્યું કે માતા પિતા માટે અલ્લાહ તઆલાથી રહમતની દુઆ કરો અને દુનિયાથી રુખસદ થયા પછી પણ એમના માટે દુઆ કરવાનું ચાલુ જ રાખો. બાળકોની દુઆથી માતા પિતાના દરજાઓ બુલંદ કરવામાં આવે છે અને બાળકોને નેક ગણી લેવામાં આવે છે. માતા પિતા માટે મગફેરતની દુઆનો અલગથી ઉલ્લેખ એટલા માટે કરવામાં આવ્યો કે ઔલાદ માટે વધારે હક્ક એમના માતા પિતાનો છે.

## ★ નમાઝે જનાઝા ★

ઈસાલે સવાબનો એક પ્રકાર મરનાર માટે જનાઝાની નમાઝ છે. નમાઝે જનાઝા ફર્ઝે કિફાયા છે અને એનો મકસદ મય્યિત માટે મગફેરતની દુઆ કરવી છે. બાલિગ અને પૃખ્તવય માટે જનાઝાની નમાઝમાં જે દુઆ પઢવામાં આવે છે તેનાથી સ્પષ્ટ છે કે મકસદ મગફેરતની દુઆ છે.

**સવાલ** : નમાઝ ઈબાદત છે અને ઈબાદત માત્ર અલ્લાહની જ થઈ શકે છે પછી મય્યિત માટે નમાઝ કેમ પઢવામાં આવે છે ?

**જવાબ** : નમાઝ મય્યિત માટે નહીં ખુદા તઆલા માટે જ પઢવામાં આવે છે અને એમાં દુઆએ મગફેરત મુર્દા માટે કરવામાં આવે છે.

**સવાલ** : નમાઝે જનાઝામાં દુઆઓ પઢવી જરૂરી નથી, કોઈ વ્યકિતને પઢવાનું ન આવડે અને નમાઝમાં શરીક થાય તો પણ કહેવામાં આવે છે એની નમાઝ થઈ જશે. તો પછી મગફેરતની દુઆનો મકસદ કયાં પ્રાપ્ત થયો ?

**જવાબ** : નમાઝે જનાઝા મય્યિતની મગફેરતની દુઆ માટે જ છે પણ એમાં નિય્યતથી મકસદ હલ થઈ જાય છે એટલે મોઢાથી મગફેરતના શબ્દો અદા કરી લેવા સુન્નત છે.

**નોંધ** : જનાઝાના મસાઈલ વિશે વધુ ઉલ્લેખ મસાઈલના પ્રકરણમાં જુઓ.

**સવાલ** : મય્યિત માટે નમાઝે જનાઝા સ્પષ્ટ ઉલ્લેખ છે ?

**જવાબ** : મુનાફિકો માટે નમાઝે જનાઝા ન પઢવી જેનો ઉલ્લેખ થઈ ગયો છે, તો પછી એનો મતલબ એ થયો કે ઈમાનવાળાઓની નમાઝે

જનાઝા પઢવી. બીજું એ કે અલ્લાહ ફર્માવે છે :

وَصَلِّ عَلَيْهِمْ اِنَّ صَلٰوتَكَ سَكَنٌ لَّهُمْ

"અને એમની નમાઝે જનાઝા પઢો, બેશક ! તમારી નમાઝ એમના માટે શાંતિ છે."

આ આયતની તફસીર બે પ્રકારની કરવામાં આવે છે : એક તો એ કે એમના માટે મગફેરતની દુઆ કરો, રહમતો બરકતની દુઆ કરો, બીજું એ કે જનાઝાની નમાઝ પઢો. એનાથી મય્યિત માટે મગફેરતની દુઆનો હુકમ પણ જાણવા મળે છે અને નમાઝે જનાઝા મુરાદ લેવામાં આવે તો એનો પણ હુકમ જાણવા મળે છે.

તફસીરે બહરે મુહીતમાં છે કે તમે એમના માટે દુઆ કરો અથવા મગફેરતની માંગ કરો અથવા જ્યારે તેઓ મરણ પામે તો એમની નમાઝે જનાઝા પઢો. صَلِّ عَلَيْهِمْ اِذَا مَاتُوْا

તફસીરે રૂહુલ બયાનમાં છે કે :– કાફીમાં છે નમાઝે જનાઝા અલ્લાહ તઆલાના આ ફર્માનથી સાબિત થાય છે :–

صَلِّ عَلَيْهِمْ اِنَّ صَلٰوتَكَ سَكَنٌ لَّهُمْ

તફસીરે દુર્રેમન્ષુરમાં હઝરત ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ ઉપરોકત આયતની તફસીરમાં અન્ય હદીષો સાથે આ હદીષ પણ લખાણ કરી છે :–

ઈબ્ને અબી શૈબાએ યઝીદ બિન ષાબિતથી રિવાયત કરી અને યઝીદ ઉમરમાં ઝૈદથી મોટા છે, ફર્માવે છે : અમે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે નીકળ્યા, જ્યારે બકીઅમાં પહોંચ્યા તો હુઝૂરે એક નવી કબ્ર દેખી, આપે (એ કબ્ર બાબતે) પૂછયું, લોકોએ વિનંતિ કરી, ફલાણી સ્ત્રીની કબ્ર છે. આપે તેણીને આળખી લીધી. આપે ફર્માવ્યું, એની બાબતે તમે લોકોએ મને ખબર કેમ ન આપી. વિનંતિ કરી કે, હુઝૂર આરામ ફર્માવી રહ્યા હતા તો અમને સારું ન લાગ્યું કે હુઝૂરને તકલીફ આપીએ. ફર્માવ્યું, આમ ન કરો ! જ્યાં સુધી હું તમારામાં છું કોઈનું પણ અવસાન થાય તો મને જરૂરથી ખબર આપો કારણ કે મારું નમાઝ પઢવું મય્યિત માટે રહમત છે.





**ફાયદો** : આ હદીષથી સાબિત થયું કે કુર્આનની ઉપરોકત આયતથી એ પણ સાબિત કરી શકાય છે કે એનાથી નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને નમાઝે જનાઝાનો આદેશ આપવામાં આવ્યો છે. અને એટલે હુઝૂરે ફર્માવ્યું કે, જ્યાં સુધી હું દુનિયામાં છું તમારામાંથી કોઈ પણ વ્યકિત અવસાન પામે તો મને ખબર આપો હું એની નમાઝે જનાઝા પઢવીશ. જાણવા મળ્યું કે નમાઝે જનાઝાનો આદેશ કુર્આનથી પણ છે.

## ★ કફન દફન અને નમાઝ મય્યિતની ઈજ્જત છે ! ★

મુસલમાનના કફન દફન અને નમાઝે જનાઝામાં મય્યિતની ઈજ્જત અને તા'ઝીમ છે. કફન દફનથી તો આપણને સવાબ મળે છે અને નમાઝે જનાઝામાં આપણને પણ સવાબ મળે છે અને મય્યિતને પણ સવાબ મળે છે અને મગફેરતની દુઆનો મોટો ફાયદો પ્રાપ્ત થાય છે એટલા માટે આ કામનો આદેશ આપવામાં આવ્યો. અને કાફિર અને બીજા ગેરમુસ્લિમોથી આપણને આવા કામોથી મનાઈ કરવામાં આવી. કુર્આનમાં અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ وَلِلْمُؤْمِنِيْنَ

"ઈજ્જત અલ્લાહ માટે છે અને રસૂલ માટે અને ઈમાનવાળાઓ માટે છે."

આનાથી જાણવા મળ્યું કે કાફિર, મુશ્રિક અને મુર્તદ અલ્લાહ તઆલાની બારગાહમાં બેઈજ્જત છે અને એમના માટે મરણ પછી પણ ઈજ્જત જાહેર થાય એવું કોઈ કામ કરવામાં નહીં આવે.

ઈમામ રાઝી તફસીરે કબીર, સિપારા દસ, સૂરએ બરાઅત, આયત નં. ૮૪ ની તફસીરમાં લખે છે :– જાણી લો બેશક ! અલ્લાહ તઆલાએ પોતાના રસૂલને હુકમ આપ્યો કે મુનાફિકોને બેઈજ્જત, ઝલીલ અને રુસ્વા કરો. પાછલી આયતોમાં તેઓને જેહાદમાં આવવાથી મનાઈનો હુકમ આપવો તેઓને બેઈજ્જત કરવાનું મજબૂત અને સશકત કારણ છે, અને જેનું વર્ણન આ આયતમાં છે અને તે નબીએ પાકને એમની નમાઝે જનાઝા પઢવાથી મનાઈ કરવું છે, તો આ બેઈજ્જત કરવાનું બીજું

સશકત કારણ છે.

**ફાયદો** : જ્યારે કાફિરો મુશ્રિકો અને મુનાફિકોની નમાઝે જનાઝા, કફન, દફન અને એમના માટે મગફેરતની દુઆથી મનાઈ એમની બેઈજ્જતી માટે છે, તો જેઓ એવા લોકો માટે દુઆએ મગફેરતની કોશિશ કરે, એમના કફન દફનમાં જાય અથવા મદદ કરે એ બેઈજ્જતને ઈજ્જત આપવી છે એટલે મનાઈ કરવામાં આવી.

## ★ કુર્આન શરીફની તિલાવત ★

કુર્આન શરીફની તિલાવત ઘણા સવાબનું કામ છે, એ વિશે વધારે ખુલાસા માટે **તોહફાએ નજાત, ભાગ-૭** જુઓ. અહીં અમારે તમને એ બતાવવું છે કે ઈસાલે સવાબનો એક પ્રકાર કુર્આન શરીફની તિલાવત કરી તેનો સવાબ મય્યિતને અર્પણ કરવો, એ જાઈઝ છે અને મુર્દાને એનાથી ફાયદો થાય છે. આખું કુર્આન પઢીને બખ્શવું ઉત્તમ કામ છે, પણ આખા કુર્આનની તિલાવતનો ટાઈમ ન હોય તો કુર્આનની જે સૂરતો યાદ હોય તે પણ પઢીને બખ્શી શકાય છે.

કુર્આન શરીફની તિલાવતના મસ્અલાઓ વિશે **તોહફાએ નજાત, ભાગ-૪** માં ચર્ચા થઈ ગઈ છે પણ અહીં એક મસ્અલો યાદ તાજી કરવા માટે કે કુર્આનની તિલાવત મોઢે કરવી હોય વિના કુર્આન પકડે તો એમાં વુઝૂ જરૂરી નથી, વિના વુઝૂએ મોઢે તિલાવત કરી શકાય છે. એટલે મુર્દાઓને બખ્શવા માટે પઢવું હોય અથવા માત્ર ફઝીલત પ્રાપ્ત કરવા પઢવું હોય તો આ મસ્અલો યાદ રાખવામાં આવે અને સહુલતનો ફાયદો લેવામાં આવે.

## ★ ઈસાલે સવાબમાં તિલાવતે કુર્આન હદીષના પ્રકાશમાં ★

ઈમામ તિર્મિઝી, હાકિમ, અને ઈમામ બુખારીએ તારીખમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ تعالیٰ عنہ થી રિવાયત કરી, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે વ્યકિત કુર્આનનો એક શબ્દ પઢે એને એક





હસના મળશે અને એક હસનાનો સવાબ દસ ગણો છે. હું નથી કહેતો કે અલિફ, લામ, મીમ એક શબ્દ છે, બલ્કે અલિફ એક શબ્દ છે લામ એક શબ્દ છે, મીમ એક શબ્દ છે તો જે વ્યકિત માત્ર અલિફ, લામ, મીમ પઢશે એને ત્રીસ નેકીઓ મળશે.

મિર્કાત, શર્હે મિશ્કાત, ભાગ-૨ માં ઈમામ શોઅબીથી રિવાયત છે : અન્સારમાંથી કોઈનું અવસાન થતું તો લોકો એની કબ્ર પર જતા અને કુર્આન પઢતા.

ઐની શર્હે હિદાયત દારે કુતની અને શામીમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે વ્યકિત કબ્રસ્તાન પાસેથી પસાર થાય તો તે **કુલહુવલ્લાહ**ની સૂરત દસ વખત પઢે પછી એનો સવાબ મુર્દાઓને બખ્શી આપે તો મુર્દાઓ બરાબર (જેટલો) એને પણ સવાબ મળશે.

બયહકી શોઅબુલ ઈમાનમાં હઝરત ઈબ્ને ઉમરથી રિવાયતથી એમણે કહ્યું કે મેં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યું કે, જ્યારે તમારામાંથી કોઈનું અવસાન થઈ જાય તો તેને રાખી ન મૂકો એને જલ્દીથી કબ્રમાં પહોંચાડી આપો, એના માથા પાસે સૂરએ બકરહનો પ્રથમ ભાગ અને એના પગો પાસે સૂરએ બકરહનો અંતિમ ભાગ પઢવામાં આવે.

મિર્કાતમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે કબ્રસ્તાનમાં પ્રવેશે એ પઢે **સૂરએ ફાતિહા, કુલહુવલ્લાહ, અલ્હાકુમુત્તકાષુર**. પછી કહે, અય અલ્લાહ ! મેં તારા કલામમાંથી જે પઢયું તેનો સવાબ મેં મો'મિન કબ્રવાળાઓને (બખ્શી) આપ્યો તો તેઓ પઢનાર માટે (કિયામતના દિવસે) અલ્લાહની બારગાહમાં શફાઅત કરનાર બનશે.

મિર્કાતમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે : રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે કબ્રસ્તાનમાં પ્રવેશે પછી સૂરએ યાસીન પઢે, તો કબ્રવાળાઓ માટે અલ્લાહ તઆલા હલકું કરી આપશે. પઢનાર માટે તેમની (મુર્દાઓની) સંખ્યા બરાબર નેકીઓ મળશે.

મિર્કાતમાં હઝરત સલ્મા બિન ઓબૈદથી રિવાયત છે કે તેમણે કહ્યું હઝરત હમ્માદ બિન મક્કીથી રિવાયત છે તેમણે પોતાનો વાકયો બયાન કર્યો જેમાં કુલહુવલ્લાહની સૂરતના મળતા સવાબ વિશે વર્ણન છે જેનો ઉલ્લેખ થઈ ગયો છે.

ઉમદતુલ કારી શર્હે બુખારીમાં હઝરત અબૂબક્ર સિદ્દીકથી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જેણે પોતાના માતા પિતાની કબ્રોની ઝિયારત કરી અથવા એમનામાંથી કોઈ એકની, એમની, પાસે અથવા એની પાસે યાસીનની તિલાવત કરી તો એના ગુનાહ માફ કરી દેવામાં આવશે.

**ફાયદો** : ઉપરોકત હદીષો અને રિવાયતોથી એ સ્પષ્ટ થયું કે કબ્ર પાસે પણ કુર્આનની તિલાવત કરી શકાય છે, અને કબ્ર પાસે ન હોય તો ગમે ત્યાંથી પઢીને મુર્દાઓને ઈસાલે સવાબ કરી શકાય છે. કુર્આન ગમે ત્યાંથી પઢી શકાય છે અને સવાબ પ્રાપ્ત કરી શકાય છે પણ હદીષમાં જે સૂરતો અને આયતોનું વર્ણન થયું તેની તિલાવત ઉત્તમ છે. હદીષો પર અમલ માટે કયારેક તે સૂરતો અને આયતો પણ તિલાવત કરી લેવી જોઈએ.

શર્હે લુબાબમાં છે : કુર્આનમાંથી જે બની શકે તે તિલાવત કરે (દાખલા તરીકે) સૂરએ ફાતિહા, સૂરએ બકરહ્‌થી શરૂ થઈ મુફલેહુન સુધી, આયતુલ કુરસી, આમનર્રસૂલ, સૂરએ યાસીન, તબારકલ્લઝી (સૂરએ મલક) સૂરએ તકાષુર, ઈખ્લાસ બાર વખત અથવા અગ્યાર વખત, અથવા સાત વખત, અથવા ત્રણ વખત પઢી કહે, અય અલ્લાહ ! મેં જે કંઈ પઢયું તેનો સવાબ ફલાણાને અર્પણ ફર્માવ.

**ફાયદો** : પઢીને ઈસાલે સવાબ માટે કહેવું અને મુખેથી બોલવું જરૂરી નથી પણ કહી લેવામાં આવે તો ઉત્તમ છે. નહીંતર અલ્લાહ તઆલાને આપણા દિલના ઈરાદા અને નિય્યતોની ખબર છે. આપણે ઈસાલે સવાબની નિય્યત કરી લીધી તો એનાથી પણ ઈસાલે સવાબ થઈ જાય છે, એટલે આ જગાએ આ મસ્અલો ભૂલવામાં ન આવે.

## ★ ઈમામે આ'ઝમની વસિય્યત ★

હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ એ પોતાના





છોકરાને વીસ વસિય્યતો કરી હતી તેઓ પૈકી એકનો સંબંધ ઈસાલે સવાબ અને તે પણ કુર્આન શરીફની તિલાવતથી છે. હનફીઓ માટે ઈમામે આ'ઝમનું ફર્માન ઘણુ અગત્યનું છે તો એ વસિય્યત તમારી ખિદમતમાં રજુ કરીએ છીએ :–

શેખ અહમદ ઝિયાઉદ્દીનની કિતાબ જામેઉલ ઓસૂલ ફીલ ઔલિયાના પેજ નં. ૧૫૩ પર છે. તેરમી વાત એ દરરોજ કુર્આન શરીફની તિલાવત કરતાં રહો :–

وَتُهْدِيْ ثَوَابَهَا اِلٰى رَسُوْلِ اللّٰهِ وَوَالِدَيْكَ وَ
اُسْتَاذِكَ وَسَائِرِ الْمُسْلِمِيْنَ

"અને એનો સવાબ રસૂલે પાકને, તમારા માતા પિતાને તમારા ઉસ્તાદને અને સઘળા ઈમાનવાળાઓને અર્પણ કરો."

## ★ ઈમામે યૂસુફને વસિય્યત ★

કિતાબ અલ અશ્બાહ વન્નઝાઈર, પેજ નં. ૬૫૪ પર હઝરત ઈમામે આ'ઝમની વસિય્યતોનું વર્ણન છે જે આપે હઝરત ઈમામે યુસૂફને કરી હતી તેઓ પૈકી એક વસિય્યત ઈસાલે સવાબથી સંબંધિત છે, તે આ પ્રમાણે છે :–

"હમેશાં મોતને યાદ રાખો, ઉસ્તાદ અને જેનાથી તમે ઈલ્મ પ્રાપ્ત કર્યું એમના માટે મગફેરતની દુઆ કરો. કુર્આન શરીફની તિલાવત કરતા રહો, કબ્રોની વધારે ઝિયારત કરો, મશાઈખ (બુઝુર્ગો અને આલિમો)ની વધારે ઝિયારત કરો અને બરકતવાળી જગાઓની ઝિયારત કરો."

## ★ કુર્બાનીથી ઈસાલે સવાબ ★

ઈદે અદહા પર કુર્બાની કરવામાં આવે છે દરેકને એ વાતની ખબર છે. અહીં સમજવા લાયક વાત એ છે કે મય્યિતના ઈસાલે સવાબ માટે કુર્બાની કરવામાં આવે તો એની રજા આપવામાં આવી છે.

# ★ ઉમ્મત માટે હુઝૂરની કુર્બાની ★

મુસ્લિમ શરીફમાં હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ દુંબો શિંગડાવાળો લાવવાનો હુકમ ફર્માવ્યો જેના પગ કાળા હોય, પેટ કાળુ હોય અને આંખો કાળી હોય. (એટલે કે આખો કાળો હોય અથવા વધારે ભાગ કાળો હોય) કુર્બાની માટે એ પ્રમાણે લાવવામાં આવ્યો. ફર્માવ્યું, અય આઈશા ! છરી લાવો અને એને પથ્થર પર તેજ કરી લો તો મેં એ મુજબ કર્યું. હુઝૂરે છરી લીધી પછી દુંબાને પકડીને જમીન પર સૂવડાવ્યો પછી એને કાપ્યો અને ફર્માવ્યું :–

بِسْمِ اللّٰهِ اَللّٰهُمَّ تَقَبَّلْ مِنْ مُحَمَّدٍ وَّمِنْ اُمَّةِ مُحَمَّدٍ

"બિસ્મિલ્લાહ અય અલ્લાહ ! કબૂલ ફર્માવ મુહમ્મદ અને ઉમ્મતે મુહમ્મદ તરફથી." પછી એની કુર્બાની કરી.

મિર્કાત શર્હે મિશ્કાતમાં આ હદીષે બાબતે ખુલાસો કરતાં મુલ્લા અલી કારી અલ્લામા તીબીનું મંતવ્ય વર્ણન કરે છે : આનો મતલબ ઉમ્મતને સવાબમાં સામેલ કરવી છે. એટલા માટે કે એક બકરી, બે માણસ તરફથી કુર્બાન કરી શકાય છે એકથી અધિકને સામેલ કરી લેવામાં આવે તો કોઈની કુર્બાની થશે નહીં. અલ્લામા તીબી ફર્માવે છે કે એક દુંબો હુઝૂરે પોતાની તરફથી કુર્બાન કર્યો અને ઉમ્મતને એ કુર્બાનીની સવાબમાં સામેલ કરી, અને એ પ્રમાણે કરી શકાય છે કે, કુર્બાની કરીને કહેવામાં આવે, અય અલ્લાહ ! તેં મને આ કુર્બાની પર સવાબ અર્પણ કર્યો તે હું સઘળા ઈમાનવાળાઓની રૂહોને બખ્શું છું. તો સવાબમાં ગમે તેટલા વ્યકિતઓને સામેલ કરી શકાય છે. ઉપરોકત હદીષમાં પણ આ પ્રમાણે કરવામાં આવ્યું છે. આનાથી એ પણ જાણવા મળ્યું કે વાજિબનો સવાબ પણ પહોંચાડી શકાય છે.

**(૨)** ઈબ્ને માજા અને દારેમીમાં હઝરત જાબિરની રિવાયતમાં બે દુંબાનો ઉલ્લેખ છે. એ હદીષ બાબતે મુલ્લા અલી કારીએ આ પ્રમાણે વર્ણન કર્યું છે :– આ કુર્બાની મુહમ્મદ અને એમના તે ઉમ્મતીઓ તરફથી કરવામાં આવી છે જેઓ કુર્બાનીની શકિત નથી ધરાવતા અને કુર્બાનીની સુન્નતમાં આપનું અનુસરણ નથી કરી શકતા. અને એ પણ શકય છે કે





આપના જમાનાના લોકો તરફથી હોય અને એ પણ શકય છે કે કિયામત સુધીના મુસલમાનો માટે હોય. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું એહસાન જોતાં આ વધારે ઉત્તમ છે. એ પણ થઈ શકે છે કે જીવંત અને મુર્દા બંને તરફથી હોય અથવા બંને તરફથી હોય. એ પણ થઈ શકે છે કે ઉમ્મતને સવાબમાં સામેલ કરવામાં આવી હોય અને એ પણ થઈ શકે છે કે ઉમ્મત તરફથી જ કુર્બાની કરવામાં આવી હોય. આમ કે એક હુઝૂર તરફથી અને બીજી કુર્બાની ઉમ્મત તરફથી. તો આ હુઝૂરની વિશિષ્ટતા રહેશે કે એક કુર્બાની સઘળી ઉમ્મત તરફથી કરે અને તે બધાં માટે પૂરતી બની જાય છે. બીજા કોઈને આની રજા નથી અને કોઈ આમ કરી નથી શકતું.

**ફાયદો** : આ હદીષથી જાણવા મળ્યું કે એકના અમલથી બીજાને સવાબ મળી શકે છે, જો અમલ કરનાર વ્યકિત બીજાના તરફથી અલગથી અમલ કરે અથવા પોતાના અમલના સવાબમાં બીજાને સામેલ કરે. અને એ પણ જાણવા મળ્યું કે મુર્દા તરફથી અલગથી કુર્બાની કરાવી હોય તો કરાવી શકાય છે.

**(૩)** અબૂ દાઊદ અને તિર્મિઝીમાં છે કે હઝરત અલીએ બે બકરાની કુર્બાની કરી. રાવી કહે છે : મેં પૂછયું તમે આમ શા માટે કર્યું ? તો ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને વસિય્યત કરી હતી કે હું આપના તરફથી કુર્બાની કરું જેથી (બીજી કુર્બાની) મેં આપના તરફથી કરી છે.

મિર્કાત શર્હે મિશ્કાતમાં છે : ઈબ્ને માલિકે ફર્માવ્યું, આ હદીષ એ પુરાવો આપે છે કે મય્યિત તરફથી કુર્બાની કરવી જાઈઝ છે.

દુર્રે મુખ્તાર, ભાગ–૫ માં છે કે મય્યિત તરફથી નફલ કુર્બાની કરવામાં આવે તો એને ખાવું જાઈઝ છે કારણ કે એ કુર્બાની કરનાર તરફથી વજૂદમાં આવી છે અને સવાબ મય્યિત માટે છે.

**ફાયદો** : મય્યિત તરફથી **વાજિબ કુર્બાની** માત્ર ફકીરો માટે ખાવાના કામમાં આવશે અને **નફલ** માત્ર સવાબની નિય્યતે કરવામાં આવે તો દરેક એને ખાય શકે છે. માલાદાર લોકો માટે ઉત્તમ એ છે કે તેઓ હુઝૂર તરફથી પણ એક કુર્બાની કરાવે અથવા મોટુ પશું હોય જેમ કે ગાય, પાડો વગેરે તો તેના એક ભાગમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું નામ સામેલ

કરે કારણ કે હુઝૂર ﷺ એ પોતાની કુર્બાનીમાં આપણને સામેલ કરેલ છે.

## ★ કલ્મા શરીફની બરકત ★

ઈસાલે સવાબનો એક પ્રકાર એ છે કે મય્યિતને કલ્મા શરીફ પઢીને બખ્શવામાં આવે. કલ્મા શરીફ પઢવાની ઘણી ફઝીલત છે અને એક નિશ્ચિત સંખ્યામાં બખ્શવામાં પઢીને ઈસાલે સવાબ કરવામાં આવે તો મય્યિતનો અઝાબ પણ ઉઠાવી લેવામાં આવે છે.

મુલ્લા અલી કારી શર્હે મિશ્કાતમાં ફર્માવે છે : સૈયદી શૈખે અકબર મુહ્યુદ્દીન બિન અરબીએ ફર્માવ્યું કે મને હુઝૂર ﷺ ની હદીષ પહોંચી છે કે જે વ્યક્તિ સિત્તેર હજાર વખત **લાઈલાહ ઈલ્લલ્લાહ** પઢે એની મગફેરત થઈ જશે અને જેના માટે આટલી વખત કહેવામાં આવે એની પણ મગફેરત થઈ જશે. મેં **લાઈલાહ ઈલ્લલ્લાહ** એટલી વખત પઢયું હતું અને કોઈના માટે નિશ્ચિત નિય્યત ન કરી હતી. મારા અન્ય દોસ્તો સાથે એક જગાએ દા'વતમાં ગયો તેઓમાં એક નવયુવાનના કશ્ફને ખ્યાતિ પ્રાપ્ય હતી. ખાવા ખાતાં ખાતા રડવા લાગ્યો. મેં કારણ પૂછયું તો કહ્યું, હું મારી માને અઝાબમાં જોઈ રહ્યો છું ! મેં મારા દિલમાં કલ્માનો સવાબ એની માને બખ્શી આપ્યો તો તરત જ એ નવયુવાન હસવા લાગ્યો અને કહ્યું કે હું મારી માને સારી જગાએ જોઈ રહ્યો છું ! ઈમામ મુહયુદ્દીન બિન અરબી ફર્માવે છે કે મેં હદીષની સત્યતા એ નવયુવાનના કશ્ફથી જાણી અને એના કશ્ફની સત્યતા હદીષથી જાણી.

હઝરત શૈખ સરહિંદી મુજદ્દિદે અલ્ફેષાની મકતૂબાત, ભાગ-૨ માં ફર્માવે છે : દોસ્તો અને સાથીઓ ફર્માવશે કે સિત્તેર સિત્તેર હજાર વખત કલ્મએ તૈયબા પઢીને ખ્વાજા મુહમ્મદ સાદિકના બંને ભાઈઓની રૂહોને બખ્શો. અને એમની બહેન ઉમ્મે કુલ્સુમ મર્હૂમાની રૂહને બખ્શો. સિત્તેર હજાર વખત પઢીને એકની રૂહને બખ્શો. બીજી વખત એટલું પઢીને બીજાની રૂહને બખ્શો. ફાતિહા અને દુઆની માંગ દોસ્તોથી જ છે.

**ફાયદો** : દરેક માટે અલગ અલગ પઢીને બખ્શવામાં આવે માત્ર સવાબ પહોંચાડવામાં ગમે તેટલાને પહોંચાડી શકાય છે પણ કામોનો





નિશ્ચિત ફાયદો પ્રાપ્ત કરવો હોય તો સિત્તેર હજાર વખત પઢીને એક મય્યિતને બખ્શવામાં આવે.

સૈયદ જલાલુદ્દીન મખ્દૂમ જહાંનિયાં જહાંગશતના મલફૂઝાતમાં, ભાગ-૧, પેજ નં. ૧૬૭ પર છે :- જે વ્યક્તિ **લાઈલાહ ઈલ્લલ્લાહ** એક લાખ વખત પઢે અને એનો સવાબ મુર્દાને બખ્શે તો અલ્લાહ તઆલા એ મુર્દાને બખ્શી આપશે, ભલે પછી તે અઝાબના લાયક હોય.

એમાં એ પણ છે :- મય્યિતવાળાઓ પર વાજિબ છે કે એક લાખ વખત કલ્મો પઢે. એટલે કે મય્યિતના સગાઓએ જરૂરથી આ કામ કરવું જોઈએ.

ભાગ-૧ ના પેજ નં. ૧૬૮ પર છે કે :- દુઆગોએ મારા ભાઈ હાજી દીન મુહમ્મદ માટે એક લાખ વખત **લાઈલાહ ઈલ્લલ્લાહ** પઢયું. મારો એક દોસ્ત જે મારો મુરીદ છે અને વારંવાર આવ્યા કરે છે એણે દુઆગોને કહ્યું કે મેં હાજી દીન મુહમ્મદની કબ્ર દેખી પ્રકાશિત અને પહોળી કરી દેવામાં આવી હતી.

મદ્રસએ દેવબંદના બનાવનાર મોલ્વી કાસિમ સાહેબ નાનોત્વી પોતાની કિતાબ તહઝીરુન્નાસ, પેજ નં. ૩૮ પર લખે છે :-

હઝરત જુનૈદના મુરીદનો રંગ ઓચિંતા બદલાઈ ગયો. આપે કારણ પૂછયું તો તેણે કશ્ફથી જણાવ્યું કે હું મારી માતાને દોઝખમાં જોઈ રહ્યો છું. હઝરત જુનૈદે એક લાખ વખત અથવા પંચોતેર હજાર વખત કલ્મો પઢેલો હતો. એટલા માટે કે અમુક રિવાયતોમાં એટલી વખત કલ્મો પઢવાના સવાબમાં મગફેરતનો વાયદો છે. મનમાં મેં એની માતાને એનો સવાબ બખ્શી આપ્યો અને એ વ્યક્તિને કહ્યું. બખ્શતાંની સાથે શું જોયું કે એ જવાન હસી રહ્યો છે. આપે કારણ પૂછયું તો એણે વિનંતી કરી કે હવે હું મારી માતાને જન્નતમાં જોઈ રહ્યો છું ! આપે આના પર એ ફર્માવ્યું કે આ નવયુવાનના કશ્ફની સત્યતા મને હદીષથી જાણવા મળી અને હદીષની સત્યના એના કશ્ફથી.

**ફાયદો** : હદીષ અને બુઝુર્ગોના અમલથી એ જાણવા મળ્યું કે કલ્મા શરીફ નિશ્ચિત સંખ્યામાં પઢી મુર્દાની રૂહને બખ્શવામાં આવે તો

એની મગફેરત થઈ જશે. આ રિવાજ બનાવવો જોઈએ અને દરેક મુર્દાને જીવંત લોકોથી ફાયદો થાય એ કોશિશ કરવી જોઈએ. અન્ય જગાઓ પર રિવાજ છે અને ચણા પર કલ્મો પઢવામાં આવે છે અને પછી ચણા લોકોને વહેંચી દેવામાં આવે છે એ પણ યોગ્ય છે. અને યુ.કે.માં નિશ્ચિત સંખ્યામાં પઢવું હોય તો સંખ્યાવાળી તસ્બીહ મળે છે દરેકને આપવામાં આવે, અંતે તેનો ટોટલ કરી લેવામાં આવે. આમ સિત્તરે હજાર વખત પઢીને ઈસાલે સવાબ કરવામાં આવે, ઈન્શાઅલ્લાહ ફઝીલત મળીને રહેશે. આ અમલ બુઝુર્ગોનો અપનાવેલો છે.

## ★ ખરાબી સુધારવાનો એક તરીકો ★

આપણા ત્યાં એ જોવામાં આવે છે કે કોઈના ઘરે મય્યિત થાય છે તો લોકો ફાતિહા પઢવાની નિય્યતે બેસવા આવે છે અને કહેવામાં પણ એ જ આવે છે કે ફલાણાંના ઘરે બેસવા જવાનું છે. ઈસાલે સવાબ માટે બેસવા જવું અને ત્યાં જઈ કુર્આન પઢવું, ઝિક્રો દુઆ કરવું સવાબનું કામ છે. પણ જોવા એ મળે છે કે એ કામ અમુક મિનિટો માટે કરવામાં આવે છે પછી લોકો વાતોમાં લાગી જાય છે અને તારી મારી થવા લાગે છે ! તો આ ખરાબીને સુધારવાનો એક તરીકો આ પણ છે કે સિત્તેર હજાર વખત કલ્મા શરીફ પઢવાનો રિવાજ ચાલુ કરવામાં આવે. થોડા દિવસ લોકોની અવર જવર ચાલુ રહે છે તો તેમાં લોકો તારી મારીથી પણ બચી જશે અને મય્યિતને મોટો ફાયદો થઈ જશે.

## ★ ખાવા ખવડાવવું ★

મય્યિત તરફથી ઈસાલે સવાબનો એક પ્રકાર એ પણ છે કે મુસલમાનોને સવાબની નિય્યતથી ખાવા ખવડાવામાં આવે. ખાવા ખવડાવું ઈસ્લામમાં ઘણુ સારું કામ છે અને નબીએ પાકે આપણને એ તાલીમ આપી છે કે આપણે ખાવા ખવડાવીએ. આપણા રિવાજમાં છે કે ચોથા દિવસે ખાવા ખવડાવામાં આવે છે તો એ સારું કામ છે અને આમ કરી શકાય છે અને સગા સંબંધીઓ શક્તિશાળી હોય ઈસાલે સવાબમાં આમ કરવું જોઈએ. મકરૂહનું જે કહેવામાં આવે છે તે દા'વતને લઈને છે કેમ કે





દા'વત ખુશીના સમયે હોય છે એટલે દા'વતના શબ્દોનો ઉપયોગ કરવામાં ન આવે. લોકોને ભેગા કરવાનો તરીકો એ છે કે આમ કહેવામાં આવે કે ઈસાલે સવાબની મેહફિલમાં આવશો, તો આમ દા'વતનો શબ્દ નીકળી જશે અને મેહફિલમાં આવવું મકરૂહ પણ રહેશે નહીં.

## ★ મય્યિતના ખાણામાં નબીની હાજરી ★

અબૂ દાઊદમાં આસિમ બિન કોલૈબથી અને તેઓ પોતાના પિતાથી અને તેઓ અન્સારના એક માણસથી રિવાયત કરે છે કે અમે રસૂલુલ્લાહ ﷺ સાથે એક જનાઝામાં નીકળ્યા કે અમે રસૂલુલ્લાહ ﷺ ને જોયા કે કબ્ર ખોદનારને કહી રહ્યા છે, એના પગ તરફથી કબ્ર પહોળી કરો, એના માથા તરફથી પહોળી કરો, જ્યારે આપ પરત થયા તો મરનારની પત્ની તરફથી એક વ્યક્તિ દા'વત દેવા સામે આવ્યો, હુઝૂરે દા'વત કબૂલી લીધી, અને અમે હુઝૂર સાથે હતા. ખાણું લાવવામાં આવ્યું આપે એમાં હાથ નાખ્યો, લોકોએ પણ હાથ એમાં નાખ્યા (ખાવા લાગ્યા) અને ખાધું, અમે રસૂલુલ્લાહ ﷺ ને જોયા કે આપ કોળિયો મોઢામાં ફેરવી રહ્યા છે, પછી ફર્માવ્યું, આ ગોશ્ત એવી બકરીનું છે જે એના માલિકની રજા વિના લેવામાં આવી છે ઘરવાળી ઔરત બોલાવવામાં આવી (અને બકરી બાબતે પૂછવામાં આવ્યું) તેણીએ કહ્યું, અય અલ્લાહના રસૂલ ! ﷺ મેં એક વ્યક્તિને નકીઅ (બજારનું નામ છે) માં મોકલ્યો જ્યાં બકરીઓ વેચાય છે જેથી મારા માટે બકરી ખરીદી લાવે, તો ત્યાં બકરી ન મળી,તો મેં મારા પડોશીને ત્યાં મોકલ્યો કે જે બકરી એમને ખરીદી છે મને એ કિંમતથી આપી દે, તો એ પડોશી પણ ઘેર ન હતો. મેં એની પત્ની પાસે માણસ મોકલ્યો તો તેણીએ એના પતિને પૂછયા વિના મારી પાસે મોકલી આપી. ત્યારે હુઝૂરે ફર્માવ્યું, આ ખાણું કેદીઓને ખવડાવી આપો. *(બયહકી દલાઈલુન્નબુવ્વત)*

મિર્કાત શર્હે મિશ્કાતમાં હઝરત મુલ્લા અલી કારી આ હદીષના ખુલાસામાં લખે છે કે અમારા મઝહબના આલિમોએ જે સાબિત કર્યું છે પ્રથમ દિવસે અને ત્રીજા તથા સાતમા દિવસે ખાણું બનાવવું મકરૂહ છે. તો આ હદીષ એના વિરૂધ્ધ સાબિત કરે છે. (એટલે કે મકરૂહ નથી કારણ

કે મકરૂહ હોત તો ખાણું બનાવામાં ન આવતું બીજું એ કે બનાવવામાં આવ્યું પણ જ્યારે હુઝૂરને સહાબા સાથે એ ખાણામાં હાજર થવાની દા'વત આપવામાં આવી તો આપ કબૂલ ન ફર્માવત અને કહી આપત કે આમ ન કરવું જોઈએ. પણ આપે દા'વત કબૂલી લીધી એટલે મકરૂહ નથી કહી શકતા.)

જ્યારે હદીષથી સાબિત થાય છે તો પછી હનફી આલિમોએ મકરૂહનો ફત્વો કેમ આપ્યો છે ? એનો જવાબ આપતાં મુલ્લા અલી કારી વર્ણન ફર્માવે છે :- હનફી આલિમોએ એટલા માટે મકરૂહ કહ્યું હોય કે એ પ્રમાણે લોકો ભેગા થાય જેનાથી મય્યિતના ઘરવાળાઓને શરમ આવે, અને (પોતાની મરજીથી નહીં) શરમાયને ખાણું ખવડાવે, અથવા મય્યિતની રકમમાંથી કરવામાં આવ્યું હોય તો વારસદારમાં કોઈ નાબાલિગ હોય, અથવા કોઈ ગેર હાજર હોય, અથવા કોઈ નાખુશ હોય અથવા ખબર ન પડે કે ખુશ છે, અથવા કોઈ એકે ખાસ પોતાના માલથી ખાણું તૈયાર ન કર્યું હોય.

કહેવાનો ભાવાર્થ એ છે કે જો વારસદારો બધા બાલિગ છે અને ખવડાવવા પર બધા ખુશ છે, અને પોતાની મરજીથી ખવડાવી રહ્યા છે, લોકો તેમના કહેવા પર હાજર થયા છે, અથવા કોઈના નાખુશ હોવા પર કોઈ વારસદારે પોતાની માલિકીની રકમમાંથી ખાણું બનાવ્યું હોય તો એમાં મકરૂહ હોવાનું કોઈ કારણ નથી અને એ પ્રમાણે ખાય અને ખવડાવી શકાય છે.

હિદાયા ફસ્લ સદકામાં છે :-

قَدْ يُقْصَدُ بِالصَّدَقَةِ عَلَى الْغَنِيِّ الثَّوَابُ

"કયારેક માલદાર પર સદકાથી સવાબની નિય્યત પણ કરવામાં આવે છે." (એટલે કે જેમ માત્ર એમને ખુશ કરવા માટે ખવડાવવામાં આવે છે તેમ કયારેક સવાબની નિય્યતે પણ ખવડાવામાં આવે છે.)

મજમઉલ બિહારમાં, ભાગ-૨, પેજ નં. ૨૩૮ પર છે :- સદકો એ છે જે ફકીરો અને ગરીબો માટે કરવામાં આવે છે. એટલે કે વધુ પ્રમાણમાં આમ કરવામાં આવે છે.





فَإِنَّهَا عَلَى الْغَنِيِّ جَائِزَةٌ عِنْدَنَا يُثَابُ بِلَا خِلَافٍ

"સદકો અમારા મઝહબ (હનફી)માં માલદાર માટે પણ જાઈઝ છે. વિના વિવાદે એના પર સવાબ મળે છે." (એટલે કે નફલ અને મુસ્તહબ સદકો માલદારે ઉપયોગ કરવો જાઈઝ છે, આપણે ગમે તેને ખવડાવીએ એ સવાબનું કામ છે અને એ રકમ પર સદકાનો સવાબ હદીષમાં છે કે પત્નીને ખવડાવું સદકો છે, બાળકને ખવડાવું સદકો છે, અને આમ પણ છે : "كُلُّ مَعْرُوفٍ صَدَقَةٌ" "દરેક સારું કામ સદકો છે." એટલે કે સદકાનો સવાબ મળે છે. સ્પષ્ટ થયું માલદારને ખવડાવાથી પણ સવાબ મળે છે અને એ સવાબને ઈસાલ કહી શકાય છે. એટલે મય્યિતના ફાતિહા રાખવામાં આવ્યા હોય તો માલદાર, ગરીબ દરેક ખાય શકે છે અને દરેકને ખવડાવી શકાય છે.)

ખલીફએ આ'લા હઝરત મલેકુલ ઓલમા હઝરત ઝફરુદ્દીન બિહારી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ "નુસ્તુલ અસ્હાન" પેજ નં. ૧૫૩ પર લખે છે કે, ફકીર ગફર લહુલ મૌલલ કદીર કહે છે કે :- એટલા માટે મુસલમાનોમાં રિવાજ છે કે મય્યિત તરફથી ઈસાલે સવાબ માટે ખાણું બનાવી ફકીરને ખવડાવે છે અથવા વહેંચી આપે છે અને એમાં કયારેક માલદારોને પણ શરીક કરી લે છે. (એટલે કે આમ કરી શકાય છે અને આ પ્રમાણે દુઆ કરવું શરીઅતના વર્તુળમાં જાઈઝ છે.)

## ★ અઝવાજે મુતહ્હરાતે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના વિસાલ પછી સહાબાને ખાણું ખવડાવ્યું ★

મખ્દૂમુલ મિલ્લત હઝરત પીરે લાષાની કુત્બે ઝમાં શરફુદ્દીન યહયા મોનીરી رحمۃ اللہ علیہ ના મલફુઝાત (પ્રવચન સંગ્રહ) મુખ્ખુલ મઆનીના પેજ નં. ૧૧૧ પર લખવામાં આવ્યું છે કે :-

હુઝૂરના પર્દો ફર્માવી ગયા પછી સહાબામાં ખિલાફત બાબતે વિવાદ થયો કે હુઝૂરનો ખલીફા કોણ બનશે ? મુહાજિર કહેતા અમારામાંથી થશે, અન્સાર કહેતા અમારામાંથી થશે, અમુક સુલેહ કરવાની નિય્યત કહેતા કે એક મુહાજિરમાંથી એક અન્સારમાંથી હોવો

જોઈએ. આ વિવાદમાં નવ દિવસ વિતી ગયા. એ નવ દિવસોમાં હુઝૂરની નવ પત્નીઓ હતી, એક એક દરરોજ જે કંઈ પાસે હતું એનાથી એક ખાણુ રસૂલે પાકના નામથી કરતી હતી. એમના ઘરોમાં એટલું કયાં હતું કે બધાંને પહોંચી વળે. અંતમાં એ કે નવમા દિવસ પછી સહાબામાં દરેકે આ એક વસ્તુ પર દલીલ કરી કે જ્યારે હુઝૂરને તકલીફ વધારે થવા લાગી અને આપ તકલીફને લઈને મસ્જિદમાં હાજર ન થઈ શકતા હતા અને હુઝૂર હોય તો કોની હિંમત છે કે ઈમામત કરે ! જ્યારે નમાઝનો સમય થયો, હુઝૂરની ખિદમતમાં હઝરત બિલાલ હાજર થયા, હુઝૂરે ફર્માવ્યું, હઝરત અબૂબક્ર સિદ્દીકને કહો તેઓ ઈમામત કરશે. હઝરત બિલાલે આ ફર્માન હઝરતે અમીરુલ મો'મિનીન અબૂબક્ર સિદ્દીકને પહોંચાડયું. એમણે ઈમામત કરાવી. એટલે સહાબાએ દલીલ કરી કે નબીએ પાકે દીનના રુકનોમાંથી એક રુકન નમાઝમાં ખાસ કરીને અબૂબક્ર સિદ્દીકને ઈમામ બનાવ્યા, એ કામમાં અમાનતદાર ઠેરવ્યા અને પોતાના ખલીફા બનાવ્યા. એટલે સુધી કે હઝરત અબૂબક્ર સિદ્દીકે નમાઝમાં ઈમામત કરી. તો જ્યારે દીનના કામમાં એમને ઈમામ બનાવ્યા અને અમીન બનાવ્યા તો દુનિયાના કામમાં ઉત્તમ તરીકાથી અમારા ઈમામ રહેશે. આનાથી એ ફેંસલો થઈ ગયો અને હઝરત અબૂબક્રની ખિલાફત પર સહાબાની સંમતિ થઈ ગઈ. પછી ખિલાફત એમને સોંપી દેવામાં આવી. પછી બે દિવસ દફન ક્રિયામાં પસાર થઈ ગયા અને નવ દિવસ વિવાદમાં ટોટલ ૧૧ દિવસ પસાર થયા, બારમાં દિવસે અબૂબક્ર ખિલાફતના પદે બિરાજમાન થઈ ગયા હતા. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાકીઝા રૂહ માટે ખાણું તૈયાર કરાવ્યું જે આખા મદીના માટે સંપૂર્ણ હતું, મદીનામાં બુમો પડવા લાગી કે આજે શું છે ?! લોકો કહેવા લાગ્યા, આજે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઉર્સ છે ! આજે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઉર્સ છે ! અને બારમીના દિવસે ઉર્સ પ્રખ્યાત થઈ ગયો.

**ભાવાર્થ** : મખ્દૂમ સાહેબે આ પ્રવચન પર તફસીરે ઝાહેદીનો પુરાવો આપ્યો છે, સ્પષ્ટ થયું કે હુઝૂરના વિસાલ પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની નવ પત્નીઓએ નવ દિવસ ખાણું ખવડાવ્યું અને બારમા દિવસે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ આખા મદીનાને નબીના નામથી ખાણું ખવડાવ્યું.





ત્યાર પછી સહાબા, મશાઈખ, ઓલમામાં અને મુસલમાનોમાં આ રિવાજ ચાલુ રહ્યો અને આજ સુધી ચાલે છે.

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના તુફૈલમાં ઈસાલે સવાબ કરો ★

મલ્ફૂઝાતમાં એ પણ લખેલ છે કે જ્યારે કોઈ ખાસ મુર્દાને બખ્શવાની નિય્યત હોય તો પણ પ્રથમ સરકારે મદીનાની ખિદમતે અકદસમાં નઝર કરવામાં આવે અને પછી હુઝૂરના તુફૈલથી મુર્દાને ઈસાલે સવાબ કરવામાં આવે, આમ કરવાથી કબૂલની ઉમ્મીદ વધી જાય છે. અને પછી ફર્માવે છે : મારી આદત પણ એ પ્રમાણે જ છે કે હું હુઝૂરના તુફૈલથી બીજાને બખ્શું છું. તો આપણે પણ આમ જ કરવું જોઈએ. અને રિવાજ જોતાં ખબર પડે છે કે લોકો ઈસાલે સવાબ એ પ્રમાણે જ કરે છે. આપણા પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم આપણને કદી પણ ભૂલ્યા નથી પછી આપણે આપણા મહબૂબ અને પ્રિય આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ને કેમ કરી ભૂલી જઈએ ?! અને એટલું જ નહીં તમામ નબીઓ, સહાબીઓ, વલીઓ અને સઘળા ઈમાનવાળાઓને પણ બખ્શી આપવામાં આવે. એ મસ્અલો તો તમારી ખિદમતમાં રજુ કરવામાં આવ્યો કે એક સૂરત પઢીને ગમે તેટલા વ્યકિતને બખ્શવામાં આવે તો સર્વને એક સરખો સવાબ મળશે એટલે એક સૂરતની સઘળી નેકીઓ દરેકને જ મળશે. તો પછી આપણે આપણા તરફથી કંજુસાઈ ન કરવી જોઈએ અને સઘળા મુસલમાનોને ઈસાલે સવાબમાં સામેલ કરી લેવા જોઈએ. એનાથી એક ફાયદો એ પણ થશે કે સઘળા ઈમાનવાળાઓની મદદ કરવાનો સવાબ મળશે.

## ★ હુઝૂરે ફાતિહાખ્વાની કરી ★

મુલ્લા અલી કારીએ પોતાના ફત્વામાં એ હદીષ નકલ કરી છે જેનાથી એ સાબિત થાય છે કે હુઝૂરે પણ ખાણા પર ફાતિહા પઢી ઈસાલે સવાબ કરેલો છે. લખે છે :–

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્રિય પુત્ર સૈયેદોના ઈબ્રાહીમની વફાત પછી ત્રીજા દિવસે હઝરત અબૂઝર رضی اللہ عنہ ખારેકો, ઊંટડીનું દૂધ અને જવની રોટલી લઈને ખિદમતે અકદસમાં હાજર થયા. આ ચીજો તેમણે હુઝૂર

સામે રાખી તો હુઝૂરે એના પર એક વખત સૂરએ ફાતિહા, ત્રણ વખત સૂરએ ઈખ્લાસ પઢી અને પછી આમ ફર્માવ્યું :–

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ اَنْتَ اَهْلُهٗ وَهُوَ لَهَا اَهْلٌ

પછી પોતાના હાથ ઉઠાવ્યા અને ચહેરા પર ફેરવ્યા. એ પછી હઝરત અબૂઝરને કહ્યું, આને વહેંચી આપો અને એનો સવાબ મારા બેટા ઈબ્રાહીમને પહોંચે.

## ★ હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કીનું મંતવ્ય ★

હફત મસ્અલા, પેજ નં. ૧૦, ૧૧ નફસે ઈસાલે સવાબમાં જે મુર્દાઓની રૂહોને કરવામાં આવે છે એમાં કોઈનો વિવાદ નથી, પૂર્વજોની તો એ આદત હતી કે દાખલા તરીકે ખાણું બનાવીને ગરીબને ખવડાવી આપ્યું અને દિલથી ઈસાલે સવાબની નિય્યત કરી લીધી. (એટલે કે ઈસાલે સવાબ કરવા શબ્દોનો સહારો ન લેતા હતા.) પછી જે લોકો આવ્યા તેઓમાંથી કોઈએ એ વિચાર કર્યો કે જેમ નમાઝમાં નિય્યત દિલથી કાફી છે (એટલે કે જીભથી કંઈ કહેવામાં ન આવે તો પણ નમાઝ માટે માત્ર દિલનો ઈરાદો અને નિય્યત બસ છે અને જીભથી કહેવું માત્ર ઉત્તમ કામ છે) એ જ પ્રમાણે અહીં જીભથી કહી લેવામાં આવે કે, અય અલ્લાહ ! આ ખાણાનો સવાબ ફલાણા વ્યક્તિને પહોંચી જાય તો ઉત્તમ છે. (તો પછી તેમણે ઈસાલે સવાબ માટે શબ્દોનો સહારો લીધો) પછી ફરી કોઈને એ ખયાલ આવ્યો કે શબ્દોથી જે તરફ ઈશારો કરવામાં આવે તેને રૂબરૂ કરી લેવામાં આવે તો દિલી ઈરાદો વધારે સશક્ત બની જાય, જેથી ખાણું સામે રાખવા લાગ્યા. કોઈને એ ખયાલ આવ્યો કે એક દુઆ છે એની સાથે જો કલામે ઈલાહી પઢી લેવામાં આવે તો દુઆની કબૂલિયતની ઉમ્મીદ છે અને એ કલામનો સવાબ પણ પહોંચી જશે, આમાં બે ઈબાદતોનો સંગમ છે. ચે ખૂશ બુવદ કે બર આયદ બયક કરિશ્મા દોકાર, એક કામથી બે કાજ થાય એ કેટલું સારું કહેવાય ! કુર્આન શરીફની અમુક સૂરતો પણ પઢવામાં આવવા લાગી. કોઈને ખયાલ આવ્યો કે દુઆમાં હાથ ઉઠાવવા સુન્નત છે, હાથ પણ ઉઠાવવા લાગ્યા. કોઈને વિચાર આવ્યો, ખાણું જે





મિસ્કીનને આપવામાં આવે એની સાથે પાણી આપવું પણ મુસ્તહબ છે, પાણી પીવડાવું પણ ઘણા સવાબનું કામ છે જેથી પાણીને પણ ખાણા સાથે રાખી દીધું. તો પછી આ પ્રમાણે એક શક્કલ બની.

**ભાવાર્થ** : હાજી સાહેબે લખાણ કરીને ફાતિહામાં ખાણું પાણી સામે રાખવામાં આવે છે તેનો, કુર્આન પઢવામાં આવે છે તેનો અને ખાણું સામે રાખી દુઆમાં હાથ ઉઠાવવામાં આવે છે તે બધાનો જવાબ આપી દીધો છે કે વધારે સવાબની નિય્યત છે, એમાં કામોનો વધારો કરવામાં આવ્યો છે અને સવાબનાં કામોમાં વધારો કરવો જાઈઝ છે. ઈસ્લામમાં જે કામથી મનાઈ કરવામાં ન આવ્યું તે મુબાહ અને જાઈઝ છે એમાં કોઈ વાંધો નથી.

## ★ ફાતિહાનાં કામો ★

**(૧)** ઈસાલે સવાબ માટે લોકોની હાજરી (૨) તિલાવતે કુર્આન (૩) ખાણું પકાવવું (૪) કુર્આનની અમુક સૂરતો પઢવી (૫) ઈસાલે સવાબ અને દુઆએ મગફેરત કરવી (૬) લોકોને સવાબની નિય્યતે ખવડાવું.

આ સઘળાં કામોમાંથી દરેક કામ જાઈઝ છે, તો પછી બધાનો સરવાળો પણ જાઈઝ છે. અને જાઈઝ છે તો તેનાથી મનાઈ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત નથી થતો. અને મય્યિત તરફથી ઈસાલે સવાબમાં ખાણું ખવડાવા વિશે માત્ર વહાબીઓનો વિવાદ છે.

**નોંધ** : લોકો આ'લા હઝરત તરફ સંબંધ કરી મય્યિત તરફથી જે ખાણું બનાવામાં આવે છે તેને મનાઈનો હુકમ આપે છે અને એટલા સુધ્ધા કહે છે માલદારો માટે ખાવું હરામ છે, તો અહીં આ'લા હઝરતના ફત્વાથી એની ચોખવટ કરી આપીએ છીએ :–

ફતાવા રઝવિય્યહ્, ભાગ–૪, પેજ નં. ૨૧૪ પર છે :– ખાણું ત્રણ પ્રકારનું હોય છે. એક તે ખાણું જે મોતના દિવસોમાં પબ્લિક બનાવે છે દા'વતના તરીકા પર, આ નાજાઈઝ અને મનાઈના હુકમમાં છે. એટલા માટે કે દા'વત ખુશીના પ્રસંગે થાય છે શોકના પ્રસંગે નહીં. જેમ કે ફત્હુલ

કદીરમાં છે : માલદારોએ એ ખાણું ખાવું જાઈઝ નથી. બીજું તે ખાણું જે પોતાના મુર્દાના ઈસાલે સવાબ માટે સદકાની નિય્યતથી કરવામાં આવે છે. ફકીરો આનો વધારે હક્ક ધરાવે છે, માલદારોએ ન (લેવું) જોઈએ. ત્રીજું તે ખાણું પવિત્ર રૂહોની ખિદમતમાં પેશ કરવા માટે હોય (નબીઓ અને વલીઓ માટે) ફકીરો અને માલદારો સર્વને તબર્રુકાતના તરીકાથી આપવામાં આવે છે. આ બધાના માટે જાઈઝ છે અને તે જરૂરથી બરકતનો ઝરીયો છે. બરકતવાળાઓ તરફ જેનો સંબંધ કરવામાં આવે છે એમાં પણ બરકત આવી જાય છે. મુસલમાન એ ખાણાની ઈજ્જત કરે છે.

**ફાયદો** : આ'લા હઝરતના ઉપરોકત લખાણથી એ જાણવા મળ્યું કે મય્યિતના ઈસાલે સવાબની નિય્યતથી જે ખાણું બનાવવામાં આવે છે તેનો વધારે હક્ક ફકીરોને છે, **"માલદારોએ ન જોઈએ"** એટલે કે **બચવું ઉત્તમ છે નાજાઈઝ કહેવામાં નથી આવ્યું,** એટલે ઉત્તમ માણસની પોતાની ઈચ્છા પર આધારિત હોય છે, ખાવાથી નુકસાન નથી અને ન ખાય તો તેમાં તેની ઈચ્છા.

ભાગ–૪, પેજ નં. ૨૧૮ પર છે, ફાતિહાનું ખાણું ઉત્તમ એ છે કે મિસ્કીનોને (ગરીબોને) આપવામાં આવે. (અહીંયા પણ ઉત્તમ કહેવામાં આવ્યું, એનો મતલબ એ થયો કે માલાદારો માટે ઉત્તમ નથી. એવું નથી ફર્માવ્યું કે નાજાઈઝ છે.)

પેજ નં. ૨૨૩ પર છે, આ'લા હઝરતને પ્રશ્ન કરવામાં આવ્યો કે "મય્યિતનું ખાણું દિલને મારી નાખે છે." આનો મતલબ શું છે ? જવાબમાં આપે ફર્માવ્યું કે, આ અનુભવની વાત છે, એનો મતલબ એ છે કે **જે મય્યિતના ખાણાની આશા રાખીને બેસે છે તેમનું દિલ મરી જાય છે.** ઝિક્ર અને તાઅતે ઈલાહી માટે હયાત અને ચતુરાઈ એનામાં નથી રહેતી. **તે પોતાના પેટના કોળિયા માટે મુસલમાનોની મોતની ઈચ્છા કરતો રહે છે** અને ખાણું ખાતી વખતે મોતથી વંચિત હોય અને એની લિજ્જતમાં વ્યસ્ત !

**ફાયદો** : જે લોકો વિના વિચારે કહી આપે છે કે મય્યિતનું ખાણું, દિલ મુર્દા કરી દે છે, તો આ'લા હઝરતે ફર્માવ્યું, બધાનું નહીં બલ્કે જેઓ





મય્યિતના ખાણાની આશામાં લોકોની મોતની વાટ જુએ. અને **આપણા ત્યાં કોઈની નિય્યત એવી નથી હોતી** એટલે દરેક માટે ઉપરોકત વાત કહેવી પાયા વિનાની છે.

પેજ નં. ૨૨૮ પર છે :– ચાલીસમું વગેરેનું ખાણું બનાવવાથી લોકોનો અસલ મકસદ મય્યિતને સવાબ પહોંચાડવું હોય છે. આ કારણને લઈને જે આ કામ કરે છે એટલા માટે એને ફાતિહાનું ખાણું, ચાલીસમાંના ફાતિહા વગેરે કહે છે. એક હવાલો નકલ કર્યા પછી પોતે ફર્માવે છે :– અને શકાં નથી કે આ નિય્યતથી જે ખાણું બનાવવામાં આવે તે મુસ્તહસન (સારું) છે. એની તહકીકથી એ સાબિત છે કે માત્ર ફકીરો પર સદકો કરવાથી સવાબ નથી બલ્કે માલદારો માટે પણ સવાબનો ઝરીયો છે.

હુઝૂર પૂરનૂર સૈયદે આલમ ﷺ ફર્માવે છે :– દરેક ગરમ જિગરમાં સવાબ છે. એટલે કે **જે જીવંતને ખાણું ખવડાવશે, પાણી પીવડાવશે સવાબ પામશે.** બુખારી અને મુસ્લિમે અબૂ હુરૈરહ્થી, અહમદે અબ્દુલ્લાહ બિન અમ્રથી અને ઈબ્ને માજાએ સુરાકા બિન માલિકથી રિવાયત કરી છે : હદીષમાં છે : હુઝૂર અકદસ ﷺ એ ફર્માવ્યું, જે કાંઈ માણસ ખાય જાય એમાં સવાબ છે. હિંસક પ્રાણી જે ખાય જાય એમાં સવાબ છે, જે પક્ષીને પહોંચે એમાં સવાબ છે. આ હદીષ હાકિમે હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત કરી છે. બલ્કે હુઝૂર અકદસ ﷺ ફર્માવે છે : જે કાંઈ તું તારી પત્નીને ખવડાવે તે તારા માટે સદકો છે, જે કાંઈ તારા બાળકને ખવડાવે છે તે તારા માટે સદકો છે, અને જે કાંઈ પોતાના ખાદિમને ખવડાવે તે તારા માટે સદકો છે, અને જે કાંઈ તું ખાય તે તારા માટે સદકો છે. એટલે કે નિય્યત સારી હોય અને સવાબનો ઈરાદો હોય. આ હદીષ ઈમામ અહમદે અને તિબ્રાનીએ કબીરમાં સહીહ સનદ સાથે મિકદામ બિન મઅદી કરબથી રિવાયત છે.

રદુલ મુહતારમાં બહરુર્રાઈકથી છે કે :– ઝખીરામાં ખુલાસો કરવામાં આવ્યો છે કે માલદાર પર સદકો કરવામાં નિકટતાનો એક પ્રકાર છે જે ફકીરીની નિકટતાની નીચે છે. (એટલે કે **માલદારને ખવડાવાથી પણ સવાબ મળે છે પણ ફકીરને આપવાથી વધારે સવાબ મળે છે.)**

દુર્રે મુખ્તારમાં છે, સદકામાં પરત લેવાનું નથી ભલેને માલદાર પર કરવામાં આવ્યો હોય, કારણ કે એમાં મકસદ સવાબનો હોય છે. (અને માલદારને આપવાથી પણ સવાબ મળે છે.) મજમએ બિહારિલ અન્વારમાં તવસ્સુત શર્હે સુનને અબૂ દાઊદથી છે :– સદકો એ છે જે ફકીરો પર કરવામાં આવે એટલે કે એના વધારે પ્રકાર અને પ્રમાણેના છે, પણ સદકો અમારા મઝહબ પ્રમાણે **માલદાર માટે પણ જાઈઝ** છે, એમાં કોઈ વિવાદ વિના સવાબ મળશે. કામનો આધાર નિય્યત પર છે. તો જે ખાણું ફાતિહા માટે બનાવવામાં આવ્યું, બોલવાનાં સમયે દા'વતના શબ્દથી કહેવું એ નિય્યતને નષ્ટ નહીં કરે. જેમ કે કોઈએ પોતાના ગરીબ ભાઈ, ભત્રીજો ઈદના દિવસે દિલમાં ઝકાતની નિય્યત કરીને આમ કહીને આપ્યા કે આ ઈદી છે તો ઝકાત અદા થઈ જશે, ઈદી કહેવાથી એ નિય્યત નષ્ટ નહીં થાય. સાથે એ પણ જાણી લેવું જોઈએ કે સગા સંબંધીઓ સાથે સારો વર્તાવ પણ સિલાએ રહમ અને સવાબનું કારણ છે ભલેને તેઓ માલદાર હોય. અને માણસ જે કામ પર પોતે સવાબ પામે તો પછી ગમે તે કામ હોય એનો સવાબ મય્યિતને પહોંચાડી શકે છે. કોઈ ખાસ પ્રકારના સદકાની વિશિષ્ટતા નથી.

**ફાયદો** : આ'લા હઝરતે જવાબ આપ્યો તે પ્રશ્નનો કે લોકો કહે છે ભલેને ઈસાલે સવાબની મેહફિલમાં બોલવામાં આવે છે અને પછી પઢાવીને ખાણું ખવડાવવામાં આવે છે પણ એના માટે બોલવામાં દા'વતનો શબ્દ ઉપયોગ કરવામાં આવે છે. અને તમે કહી ગયા તેમ કે દા'વતનો શબ્દ ખુશીના પ્રસંગે ઉપયોગ થાય છે, શોક અને ગમીના પ્રસંગે નહીં. તો આ'લા હઝરતે ફર્માવ્યું, કામનો આધાર નિય્યત પર છે અને ફાતિહાની મહેફિલ રાખનારની નિય્યત ફાતિહા છે તો પછી દા'વતનો શબ્દ કહીને લોકોને બોલાવવામાં આવે તો એ દા'વત નહીં ફાતિહા જ રહેશે અને પછી આપે દિમાગથી નિકટ કરવા માટે ઝકાત, ઝકાતના હક્કદારને ઈદી કહીને આપવાથી ઝકાત અદા થઈ જશે, તો દાખલો આપીને સમજાવ્યું કે ઝકાતને ઈદી કહીને આપવાથી ઈદી નથી થઈ જતી, એ જ પ્રમાણે ફાતિહાની મહેફિલમાં દા'વતનો શબ્દ ઉપયોગ કરીને બોલાવવામાં આવે તો એ દા'વત નથી ફાતિહા જ રહેશે. અને આપે એ પણ સાબિત કરી





બતાવ્યું કે માલદારને ખવડાવાથી પણ સવાબ મળે છે અને એ સવાબ પણ પહોંચાડી શકાય છે.

પેજ નં. ૨૨૯ ની અંતિમ લીટીથી આપ જણાવે છે કે ઉત્તમ તો એ જ હતું કે માત્ર ફકીરો પર સદકો કરતો, કારણ કે મકસદ ઈસાલે સવાબ છે, તો આ જ કામ અતિ ઉત્તમ છે. જેમાં સવાબ અધિકથી અધિક મળે. તો પણ અસલ મકસદનો ભંગ નથી થતો. જ્યારે કે નિય્યત સવાબ પહોંચાડવું છે. (એટલે કે માલદારોને ખવડાવાથી પણ ઈસાલે સવાબ થઈ શકે છે પણ ગરીબોને ખવડાવામાં આવે તો વધારે સવાબ છે.)

**મય્યિતના ખાણામાં નાજાઈઝ કઈ દા'વત છે ?** તેની છણાવટ કરતાં પેજ નં. ૨૩૦ પર આ'લા હઝરત દર્શાવે છે કે **જેનો મકસદ આ ન હોય (એટલે કે ઈસાલે સવાબ) બલ્કે દા'વત અને મહેમાની માટે ખાણું રાંધે. જેમ કે શાદીઓમાં રાંધે છે** તો એને નિ:શંક સવાબથી કોઈ સંબંધ નથી, ન આવી દા'વત શરીઅતમાં પસંદ, ન એને સ્વીકારવી જોઈએ. કારણ કે આવી દા'વતોનો મકસદ ખુશી હોય છે, ગમી નહીં. એટલા માટે આલિમો કહે છે કે એ બિદઅતે સૈયેઆ છે.

**નોંધ** : જે લોકો મય્યિતના ઈસાલે સવાબ માટે બનાવવામાં આવતા ખાણાને આ'લા હઝરતનો હવાલો આપી **બિદઅતે સૈયેઆ** કહી દે છે તેઓ આ'લા હઝરતના લખાણ પર ધ્યાન આપે અને પછી નિર્ણય લે. આ'લા હઝરતે ફાતિહાની નિય્યતથી બનાવવામાં આવતા ખાણા વિશે નથી કહ્યું. **જે ખાણું માત્ર વિના ઈસાલે સવાબે દા'વતના નામથી ખવડાવવામાં આવે તે જ માત્ર બિદઅતમાં છે. ઈસાલે સવાબની નિય્યતથી મય્યિતના નામથી બનાવામાં આવતું. ખાણું, દા'વતના નામથી હોય તો પણ બિદઅત નથી.** અમીર, ગરીબ બધાં જ ખાય શકે છે. એ અલગ વાત છે કે ગરીબોને ખવડાવવાથી સવાબ વધારે મળે છે પણ માલદારોને ખવડાવવાથી સવાબમાં ભંગ નથી પડતો. **એટલે વિના તહકીકે આ'લા હઝરતનો રિસાલો દા'વતે મય્યિત દેખીને ફેંસલો લેવામાં ન આવે.** આ બાબતે ફતાવાએ રઝવિય્યહ્ના ભાગ–૪ ના ફત્વાઓનો પણ સહારો લેવામાં આવે અને એમના કહેવાનો ભાવાર્થ સમજવામાં આવે કે દા'વતે મય્યિતનો મતલબ શું છે.

## ★ એક શંકાનો ઈલાજ ★

કયારેક લોકો કહી આપે છે કે ફલાણાએ ઈસાલે સવાબ માટે એક હજાર માણસને દા'વત આપી તો એ દેખાવો જ છે ! અને દેખાવો કરનારની દા'વત સ્વીકારવાની મનાઈ કરવામાં આવી છે. જેમકે અબૂ દાઊદની હદીષમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ દેખાવા માટે રાંધવામાં આવતા ખાણાથી મનાઈ કરી છે.

**જવાબ** : કેટલા માણસોને ખવડાવે છે તે માણસની પોતાની શકિત પર આધારિત છે. એ જેટલો વધારે ઈસાલે સવાબ કરવા ઈચ્છતો હશે એટલાને પોતાની શકિત પ્રમાણે ખવડાવશે, એટલે માણસોની ગણતરી વધારે જોઈને દેખાવો કરે છે તે આક્ષેપ શરીઅતમાં બદ્‌ગુમાની છે અને કુર્આનમાં કહેવામાં આવ્યું : اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ "બેશક ! અમુક અનુમાન ગુનાહ હોય છે." અને નબીએ પાકનું ફર્માન છે : ظُنُّوا الْمُؤْمِنِيْنَ خَيْرًا "ઈમાનવાળાઓ બાબતે સારું અનુમાન રાખો." સારાંશ એ કે વધારે માણસોના આમંત્રણને જોઈને "દેખાવો કરે છે"નો નિર્ણય ખોટો છે.

બીજું એ કે જ્યારે લોકોએ આવીને કુર્આન ખ્વાની કરી, અથવા અન્ય સૂરતો પઢવામાં આવી, અથવા ખાણાને પઢીને ઈસાલે સવાબ કરવામાં આવ્યો, જ્યારે ઈસાલે સવાબ થઈ રહ્યો છે તો પછી આને દેખાવો કેમ કરીને કહી શકાય છે ?!

ત્રીજું એ કે દેખાવો છે કે નથી તે જોઈને નથી કહી શકાતું. કારણ કે એનો આધાર નિય્યત પર છે. અને નિય્યત દિલના ઈરાદાનું નામ છે. તમે દિલની બાબત પર ફેંસલો કેમ કરીને કરો છો ?

ચોથું એ કે શરીઅતે આપણને જાહેરમાં જવાબદાર બનાવ્યા છે અને જાહેરમાં ઈસાલે સવાબ થઈ રહ્યો છે. પછી તે ઈસાલે સવાબ નથી એવું કેમ કરીને કહેવાય ?!

પાચમું એ કે આ'લા હઝરત ઉપરોકત હદીષને નકલ કર્યા પછી પોતાનો નિર્ણય દર્શાવે છે, પેજ નં. ૨૩૦ પર છે :– સ્પષ્ટ દલીલ અને





પુરાવા વિના કોઈ મુસલમાન વિશે એ અનુમાન કરી લેવું કે "આ કામ એણે દેખાવા અને પ્રખ્યાત થવા માટે કર્યું છે" જાઈઝ નથી. એટલા માટે કે દિલની હાલત અલ્લાહ તઆલા જાણે છે અને મુસલમાન માટે ખરાબ અનુમાન હરામ છે.

ખુલાસો એ થયો કે લોકોને સમજવામાં ફરક આવ્યો છે એમણે દા'વતે મય્યિત કોને કહેવાય અને દા'વતે ઈસાલે સવાબ કોને કહેવાય બંનેમાં તફાવત ન કર્યો અને આ'લા હઝરત તરફ સંબંધ કરી આપ્યો, તો મેં મારી તહકીકથી એ વાત સ્પષ્ટ કરી આપી કે **ઈસાલે સવાબની કોઈ પણ મેહફિલ જેમાં શરીઅત વિરૂધ્ધનું બીજું કોઈ જાહેર કામ કરવામાં ન આવતું હોય તેને બિદઅત નથી કહી શકતા. અને ઈસાલે સવાબ ભલે કોઈ ખાસ મય્યિત માટે હોય તે ખાણાને માલદાર ગરીબ બધાં જ ખાય શકે છે.** બંનેને ખવડાવાથી સવાબ મળે છે અને સવાબ પહોંચાડી શકાય છે. ગરીબને ખવડાવવાથી સવાબ વધારે મળે છે, કારણ કે તે જરૂરતમંદ છે. માલદાર પોતાની તરફથી બચવા ઈચ્છે તો બચી શકે છે તેની ઈચ્છા પર આધારિત છે. પણ નાજાઈઝ સમજીને બચવું ફત્વાના આધારે ખોટું છે.

ફતાવા રઝવિય્યહ્‌ના પેજ નં. ૧૭૭ પર છે :– દા'વત વિના જુમેરાતો, ચાલીસમાંઓ, છમાહી, વરસીઓએ જે ખાણું માલદારોને વહેંચવામાં આવે છે તે પણ અર્થવિહિન છે, પરંતુ એનું ખાવું મનાઈના હુકમમાં નથી, ઉત્તમ એ છે કે માલદાર ન ખાય અને ફકીરને કોઈ વાંધો નથી, એ તો એનો હકદાર છે.

**ફાયદો** : કહેવાનો ભાવાર્થ એ છે કે દા'વતથી નહીં પણ ફાતેહા વિના દા'વતે દા'વત માફક ખાણું વહેંચવામાં આવે તો એ પણ માલદાર માટે નાજાઈઝ નથી, ખાય શકે છે, પણ જો તે પોતે બચવા ઈચ્છે તો બચવું એના માટે ઉત્તમ છે.

પેજ નં. ૨૧૬ પર છે :– આ'લા હઝરતને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે જે ખાણું ખાસ નિય્યત સાથે ઈસાલે સવાબ પછી બુઝુર્ગાને દીન માટે હોય અથવા સામાન્ય મુસલમાનો માટે તો એ ખાણું માલદાર ખાય શકે છે ?

**જવાબ** : માલદાર પણ ખાય શકે છે. માત્ર તે ખાણું જે મૌતમાં દા'વતના તરીકાથી કરવામાં આવે એ મનાઈના હુકમમાં છે અને બિદઅત છે. સામાન્ય પબ્લિકનો ફાતેહા, ચાલીસમું, વરસી, છમાહીનું ખાણું માલદારો માટે ઉત્તમ નથી.

મારા પ્યારા આકા صلی اللہ تعالی علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! મેં તમારી સમક્ષ એ વાતનો ખુલાસો કરી આપ્યો કે મય્યિત માટે ખાણાનો ઈસાલે સવાબ કરવો પણ જાઈઝ છે અને એનાથી મય્યિતને ફાયદો થાય છે. અને સામાન્ય લોકોમાંથી કોઈ મરનાર વ્યક્તિ હોય તો એમાં ફાતિહાનું ખાણું માલાદાર, ગરીબ સર્વ ખાય શકે છે અને દરેકને ખવડાવાથી સવાબ મળે છે પણ ગરીબને ખવડાવામાં વધારે સવાબ છે. માલદાર પોતે બચવા ઈચ્છે તો એના માટે ઉત્તમ છે. પણ ખાણું નાજાઈઝ અને મનાઈના હુકમમાં એના માટે પણ નથી.

મારી બહેનો ! હવે અમે તમારી ખિદમતમાં અમુક પ્રશ્નો જે શંકા કુશંકાનું કારણ બને છે અને તેને લઈને લોકોમાં વિવાદ થતો રહે છે તે જવાબ સાથે રજુ કરીએ છીએ. જો તમારી માન્યતા એ વિરૂધ્ધની હોય તો તરત જ તૌબા કરી લેવી જોઈએ અને ઈલ્મની વાતથી પોતાની જહાલતનો ઈલાજ કરી લેવો જોઈએ.

**સવાલ** : ઈસાલે સવાબ કરવો હોય તો ખાવા પીવાની ચીજ વસ્તુ હોવી જરૂરી છે ?

**જવાબ** : જરૂરી નથી, જો ખાવા પીવાની ચીજ વસ્તુ સામેલ કરી લેવામાં આવે તો એ પ્રમાણે સવાબનો વધારો થશે.

**સવાલ** : અન્ય લોકો ફાતિહા વખતે દીવો સળગાવે છે એ કેવું છે ?

**જવાબ** : અંધારું હોય અને પ્રકાશ માટે દીવો સળગાવામાં આવે તો જાઈઝ છે. અને ઈલેકટ્રીકનું પ્રકાશ છે અને માત્ર આમ જ બરકત સમજીને સળગવામાં આવે તો વ્યર્થ છે અને ફુઝૂલ ખર્ચી છે, અને વિના કારણે આમ કરવું હરામ છે એનાથી બચવું જરૂરી છે.

**સવાલ** : ઈસાલે સવાબમાં જે વ્યકિતને બખ્શવાનું હોય તેનું નામ લેવું જરૂરી છે ?





**જવાબ** : નામ લેવું જરૂરી નથી, પણ લઈ લેવામાં આવે તો સારું કામ છે. એનાથી નિય્યતે ખાસની ખબર પડી જાય છે. જેમ કે નમાઝની નિય્યત દિલના ઈરાદાનું નામ છે, તો પણ મુખેથી કહી લેવું ઉત્તમ કામ સમજવામાં આવે છે.

**સવાલ** : કોઈ જગાએ કોઈ મુસલમાનનું અવસાન થઈ ગયું ખબર પહોંચી પણ નામની ખબર નથી, આપણે ઈસાલે સવાબ કરવો હોય તો કેવી રીતે કરવો ?

**જવાબ** : આમ કહી શકાય છે કે, અય અલ્લાહ ! મને જે મુસલમાનના મોતની ખબર મળી હું તેના માટે ઈસાલે સવાબ કરું છું. અને હું બતાવી ગયો કે, કહેવું જરૂરી નથી, અલ્લાહ તઆલા દિલોનો ઈરાદો જાણે છે, આપણે શબ્દોમાં કાંઈ ન કહીએ અને મનમાં જ બખ્શી આપીએ તો પણ પહોંચી જશે.

**સવાલ** : બુઝુર્ગો અને નબીઓને ઈસાલે સવાબ કરવો હોય તો ઉત્તમ કેવા શબ્દો છે ?

**જવાબ** : ઈસાલે સવાબ કરીએ છીએ આમ ન કહેવામાં આવે બલ્કે કહેવામાં આવે કે તેઓની બારગાહે અકદસમાં (સવાબનું નઝરાણું) અર્પણ કરીએ છીએ, નઝર કરીએ છીએ વગેરે.

**સવાલ** : ખાણા પર ખાતા પહેલાં ફાતેહા આપવાનાં કે ખાધા પછી ?

**જવાબ** : બંને પ્રકાર જાઈઝ છે, પ્રથમ આપવામાં સવાબ પહોંચાડવામાં જલ્દી કરવી છે, અને ભલાઈમાં જલ્દી પણ ભલાઈ છે. અને પછી આપવામાં આવે તો એની પણ રજા છે.

**સવાલ** : ફાતેહામાં દરેક વ્યક્તિ એક પ્રકારની સૂરતો અને આયતો પઢે છે, શું એ જ દરેકે પઢવું જોઈએ ?

**જવાબ** : ફાતેહામાં કુર્આનની કોઈ પણ સૂરત અને આયત પઢી શકાય છે, કોઈ સૂરત અને આયત નિશ્ચિત નથી. લોકો જે ખાસ પ્રકારની સૂરતો પઢે છે તે એક ખાસ પ્રકારની ફઝીલતને લઈને છે. જેનો ખુલાસો અમે તમારી ખિદમતમાં રજુ કરીશું કે એ પ્રમાણે કેમ પઢવામાં આવે છે.

ખાસ કરવું પોતાની ઉપર છે, પણ ગેર જરૂરીને જરૂરી સમજી લેવું જાઈઝ નથી.

**સવાલ** : ઈસાલે સવાબની નિય્યતથી કોઈને ચપ્પલ આપવામાં આવે તો સવાબ મળે ખરો ?

**જવાબ** : જેનાથી મુસલમાન ફાયદો ઉઠાવી શકે જાઈઝ તરીકાથી તે દરેક ચીજ વસ્તુમાં સવાબ છે, અને જેમાં પણ સવાબ મળે તે બીજાને પહોંચાડી શકાય છે. દાખલા તરીકે રહેવા માટે ઘર બનાવી આપવું, કપડાં આપવાં, જાજરૂની જરૂરત હોય તો તે બનાવી આપવું, શાદી અટકેલી હોય તો તે કરાવી આપવી વગેરે વગેરે.

**સવાલ** : પશુ પક્ષી અને જન જનાવરને ખવડાવીને ઈસાલે સવાબ કરી શકાય છે ?

**જવાબ** : નબીએ પાકનું ફર્માન છે કે, "દરેક ગરમ જિગરવાળામાં અજર છે." એટલે કે તેમને ખવડાવવાથી અને તેમનો ખયાલ રાખવાથી પણ સવાબ મળે છે અને જેમાં સવાબ મળે તે બીજાને પહોંચાડી શકાય છે.

**સવાલ** : ઈસાલે સવાબમાં ઉત્તમ કયું કામ છે ?

**જવાબ** : ઈસાલે સવાબમાં ઉત્તમ એવું કામ છે જેનો સવાબ સતત મળતો રહે, જેને શરીઅતની પરિભાષામાં **સવાબે જારિયા** કહેવામાં આવે છે. દાખલા તરીકે મસ્જિદ બનાવી આપવી, મદ્રસાની વ્યવસ્થા કરી દેવી, કોઈ કિતાબ છપાવી આપવી, કૂવો ખોદાવી દેવો, પાણીની પરબ લગાડવી આપવી, ગરીબો અથવા મુસલમાનોની સહાય માટે દવાખાનાંઓ બનાવી આપવાં વગેરે. ખાણા કરતાં તે રકમો આવાં કામોમાં લગાડવામાં આવે તો આનો સવાબ મળીને ખત્મ નહીં થઈ જાય પણ જ્યાં સુધી એ ચીજ વસ્તુથી ફાયદો ઉઠાવવામાં આવશે સવાબ મળતો રહેશે. **દુનિયામાં અક્કલવાળો વ્યક્તિ પોતાના પચાસ રૂપિયાને વેપારમાં લગાડીને પાંચસો બનાવે છે તો દીનની સમજવાળો પોતાની ઓછી રકમને સવાબમાં હજાર ગણી બનાવ શકે છે. જેથી આ બાબતે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે.**





## ★ ૧૧ મી શરીફની ન્યાઝ અને આપણે ★

**સવાલ** : ગૌષે પાકના નામથી લોકો અગ્યારમીની નિયાઝ કરે છે અને વર્ષમાં મુસલમાનોનાં અબજો રૂપિયા નિયાઝના ખાણામાં લાગતા હશે, જ્યારે કે આજે ખાણા પીવાની લોકોને એટલી જરૂરત નથી જેટલી દીનને આગળ લાવવા માટેની જરૂરત છે તો શું નિયાઝની રકમો દીનનાં બીજા કામોમાં લગાડી શકાય છે ?

**જવાબ** : નિયાઝનો મતલબ પણ એમની બારગાહમાં ઈસાલે સવાબ કરવો છે અને અગ્યારવીં ઈસાલે સવાબનો એક પ્રકાર છે. જો દીનનાં કામો અટકેલાં હોય અને દીનનાં કામોમાં નુકસાન થઈ રહ્યું હોય તો મુસલમાનોએ એ રકમો કેવળ ખાણામાં ન લગાડવી બલ્કે દીનનાં અન્ય કામોમાં લગાડી એનો સવાબ ગૌષે પાકની ખિદમતમાં નઝર કરી આપવો. અને જો અગ્યારમીની રકમોથી એવાં કામો કરવામાં આવે જે એક જમાના સુધી બાકી રહેતાં હોય તો એનો સવાબ લોકોને ખવડાવેલ ખાણાથી હજારો ગણો વધીને છે.

**સવાલ** : આ પ્રમાણેની વાત કરવામાં આવે છે તો લોકો કહે છે કે તમે તો વહાબી જેવી વાતો કરી રહ્યા છો ! તો શું કરવું ?

**જવાબ** : મુસલમાનોમાં જે લોકોને દીનની તાલીમ લેવી નથી અને ખાય પીયને મોજ મજા કરવી છે તેવાં લોકો જ આ પ્રમાણેની વાતો કરે છે અને દીનના કામોમાં ઉન્નતિ અને પ્રગતિ નથી થવા દેતા. એવા જાહિલ લોકોને એમની જગાએ રહેવા દો, પણ **મુસલમાનોમાં જેઓ સમજદાર હોય તેઓ આ કામોમાં આગળ આવે અને પોતાની નઝરો નિયાઝની રકમોને દીનના જરૂરી કામોમાં લગાડે** અને એલાન કરાવે કે અમે અમારી અગ્યારમીની રકમ ફલાણા ગામના મદ્રસાના બાળકોની કિતાબો લાવવામાં આપી, ફલાણા મદ્રસાના બિલ્ડીંગ કામમાં આપી ફલાણી જગાએ **મસ્જિદે ગૌષિયા** કે **મદ્રસાએ ગૌષિયા** બનાવ્યો વગેરે વગેરે. જો સમજદાર લોકો આ પ્રમાણેનાં કામો શરૂ કરે તો આપોઆપ માહોલ બનતો જશે અને દીનનાં કામો સરળ બનતાં જશે.

**સવાલ** : ખાણું ખવડાવું પણ સવાબનું કામ છે પછી તેને છોડીને બીજી તરફ ધ્યાન કેમ લઈ જવામાં આવે ?

**જવાબ** : ઈસાલે સવાબમાં એવો માર્ગ ઈખ્તિયાર કરવો જોઈએ જેમાં ઓછી રકમમાં પણ વધારે સવાબ મળી શકે, ખાણું ખવડાવ્યું સવાબ મળી ગયો, પછી તમે ઈચ્છો કે વારંવાર મળતો રહે તો એ શકય નથી. પણ મેં તમને કહ્યું કે મસ્જિદ બનાવામાં આવે તો દાખલા તરીકે દસ લાખ રૂા. ખર્ચ આવ્યો પણ જયાં સુધી મસ્જિદ રહેશે સવાબ સતત લખાતો રહેશે, જેટલા લોકો નમાઝ પઢશે તેનો તેમને તો સવાબ મળશે પણ બનાવનારાને પણ મળતો રહેશે, બનાવનાર મૃત્યુ પામશે તો કબરમાં પણ પહોંચતો રહેશે તો આ સવાબની કોઈ સીમા નથી, અને ખવડાવાના સવાબની એક સીમા છે. પછી તો કરનારની મરજી એને બેમાંથી કયું કામ પસંદ આવે છે.

**સવાલ** : સુન્નીઓના મોટા ભાગના ઈદારાઓનું સંચાલન (આર્થિક રીતે) જોઈએ તેવું ચાલતું નથી એનું કારણ શું ?

**જવાબ** : એનું કારણ આપણી નાસમજી અને નાદાની છે કેમ કે પબ્લિક પોતાની મનમાની કરે છે અને આલિમોની વાતો એમણે સાંભળવી નથી ! કહેવામાં આવે છે કે તમે આવી આવી રીતે ઈસાલે સવાબ કરો તો કોઈએ કરવો નથી. એ તો બસ ધરાએલાને ખવડાવવામાં જ દીનની પ્રગતિ સમજે છે ! ઈદારાઓ પાસે પૂરતી રકમો હોતી નથી પછી તંત્ર કેવી રીતે સુધરે ?! એ તો ખુદાનો શુક્ર અદા કરો કે ઈસ્લામમાં ઝકાત ફર્ઝ કરવામાં આવી છે જેથી આજના ઈદારાઓ ઝકાતની રકમો પર નભી રહ્યા છે, નહીં તો સુન્નીનો તો એક ઈદારો પણ નભી ન શકતો !

## ★ જે ખવડાવવા જ ઈચ્છે તેમને મારી એક ભલામણ ★

તમે મને પહેલાં એ બતાવો કે તમે ઈસાલે સવાબ માટે કરો છો કે દેખાડવા માટે ? દેખાડવા માટે હોય તો એનો સવાબ નથી, એને નિયાઝ કહેવી બેકાર વાત છે. કેમ કે ઈસાલે સવાબ માટે હોય તો તમારી નિય્યત શુધ્ધ ઈસાલે સવાબની હોવી જોઈએ. જો તમે નિયાઝની રકમોથી ખવડાવવા જ ઈચ્છતા હોય તો હું તમને સુંદર માર્ગ બતાવું છું, આપણા





ત્યાં દારુલ ઉલૂમ ચાલે છે અને ત્યાં બાળકોને સમયસર ખાણું ખવડાવામાં આવે છે. વધારે નહીં એક ઈલાકાના ૩૬૫ માણસો એક સમય માટે હોય તો, અને બંને સમય માટે ખવડાવું હોય તો ૭૩૦ માણસો એ નિય્યત કરે કે હું એક સમય મારા તરફથી બાળકોને ખવડાવીશ, તો દારુલ ઉલૂમ પરથી ખાણાનું ખર્ચ ઓછું થઈ જશે અને બાળકોને સારું ભોજન સમયસર મળશે અને **તાલિબે ઈલ્મ ખાશે તો તમને વધારે સવાબ પણ મળશે.** એક માણસ ન કરી શકે તો બે ત્રણ ભેગા થઈને એક સમયની જવાદારી લઈ લો, જો આપણી વિચારસરણી આવી હોય તો પછી જુઓ દીનને કેટલી ઉન્નતિ મળે છે અને મુસલમાનો કેટલા જાગૃત થાય છે.

**સવાલ** : અગ્યારમીની રકમથી મસ્જિદ બનાવી શકાય છે ?

**જવાબ** : જયારે એ નફલ નામી ખૈરાત છે તો મસ્જિદમાં પણ લગાડી શકાય છેફ

**સવાલ** : એનાથી મદ્રસાના મુદર્રિસના પગારો આપી શકાય છે ?

**જવાબ** : નફલ રકમમાં કોઈ હીલો નથી એનાથી પગારો પણ આપી શકાય છે.

**સવાલ** : એ રકમોથી ગરીબોના ઘરો બનાવી અપાય ?

**જવાબ** : એમાં પણ લગાડી શકાય.

**સવાલ** : મય્યિતના ઈસાલે સવાબ માટે આમ થઈ શકે ?

**જવાબ** : જરૂરથી થઈ શકે અને કરવું જોઈએ, અક્કલ એ નથી કે દરેક વ્યકિત પોતાની રકમો એક જ કામમાં લગાવે અને દીનની બીજી દિશાએ ધ્યાન જ ન આપે. સમજદારી તો એને કહેવાય કે દીનની જરૂરતોને દરેક દિશાએથી પૂરી કરવાનો શ્રમ કરવો જોઈએ.

**સવાલ** : અગ્યારમી અને ન્યાઝની રકમોથી કિતાબો છપાવીને લોકોમાં વહેંચી શકાય છે ?

**જવાબ** : વહેંચી શકાય છે અને દીનની કિતાબ પઢીને જેટલા સુધરશે અને અમલ કરશે તેનો સઘળો સવાબ છપાવનારને પણ મળશે અને મળતો રહેશે.

**સવાલ** : મય્યિતના માટે ચોથિયું, ચાલીસમું, વરસી વગેરે કરવું

જરૂરી છે ?

**જવાબ** : જરૂરી નથી પણ મય્યિતને ફાયદો પહોંચાડવાના એ તરીકાઓ છે, મરનાર વ્યક્તિને જેટલો સવાબ પહોંચાડવામાં આવે એના માટે ફાયદાકારક છે.

**સવાલ** : ઈસાલે સવાબ ગકમે ત્યારે થઈ શકે છે પછી ગણતરીના દિવસો કેમ રાખવામાં આવે છે ?

**જવાબ** : ગણતરીના દિવસોમાં ઈસાલે સવાબને શરઈ જરૂરત સમજવામાં ન આવે તો કંઈ વાંધો નથી, જો કોઈ એવું સમજતો હોય કે એ ગણતરીમાં ફેરફાર કરવો જાઈઝ નથી તો એ ખોટું છે.

## ★ મોટા ફાતેહામાં જે સૂરતો અને આયતો પઢવામાં આવે છે તેનું કારણ ★

**(૧)** પ્રથમ દુરૂદ શરીફ પઢવામાં આવે છે. દુરૂદ શરીફની બરકતોનો કોઈ મુસલમાન ઈન્કાર નથી કરી શકતો, બયૂહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરી :

كُلُّ دُعَاءٍ مَحْجُوْبٌ حَتّٰى يُصَلّٰى عَلَى النَّبِيِّ દરેક દુઆ (કબૂલથી) રોકી રાખવામાં આવે છે, ત્યાં સુધી કે નબીએ પાક પર દુરૂદ પઢવામાં ન આવે.

જાણવા મળ્યું ઝિક્ર અને દુઆના કબૂલ થવામાં દુરૂદનો મોટો ફાળો છે અને આપણે તિલાવત તથા દુઆ કરવાની છે તો તેને કબૂલ કરવા માટે દુરૂદ શરીફનો વસીલો લેવામાં આવે છે.

**(૨)** સૂરએ કાફિરૂન ચાર કુલમાંથી એક છે, પ્રથમ સૂરએ કાફિરૂન પઢવામાં આવે છે, તેનું કારણ એ છે કે તિબ્રાનીએ કબીરમાં હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ એ ફર્માવ્યું, **કુલ્ યા અય્યુહલ કાફિરૂન** કુર્આનના ચોથા ભાગ બરાબર છે. (એટલે કે સવાબમાં ચોથા ભાગ જેટલી.)

**(૩)** ત્રીજા નંબર પર સૂરએ ઈખ્લાસ ત્રણ વખત પઢવામાં આવે છે એનું કારણ એ છે કે ઈમામ બુખારીએ અબૂ સઈદ ખુદરીથી રિવાયત





કરી, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : تَعْدِلُ ثُلُثَ الْقُرْاٰنِ **કુલહુ વલ્લાહુ અહદ** કુર્આનમાં ત્રીજા ભાગ બરાબર છે. (સવાબમાં)

ત્રણ વખત પઢવાથી એક કુર્આન બરાબર સવાબ મળે છે એટલે ત્રણ વખત તિલાવત કરી લેવામાં આવે છે.

**(૪)** સૂરએ ફલક અને નાસ ચોથા નંબર પર પઢવામાં આવે છે એનું કારણ એ છે કે તિર્મિઝીમાં ઉકબા બિન આમિરથી રિવાયત છે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મારી ઉપર એવી આયતો ઉતારવામાં આવી કે એના જેવી કયારે પણ જોવામાં નથી આવી તે **કુલ અઊઝુ બિ રબ્બિલ ફલક** અને **કુલ અઊઝુ બિ રબ્બિન્નાસ** છે.

**(૫)** પાંચમાં નંબર પર સૂરએ ફાતિહા પઢવામાં આવે છે, તેનું કારણ એ છે કે બયૂહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત અનસથી રિવાયત કરી, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :

اَفْضَلُ الْقُرْاٰنِ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ

"સૂરએ ફાતિહા કુર્આનમાં સૌથી ઉત્તમ છે."

**(૬)** દૈલમીએ મસનદુલ ફિરદૌસમાં અબૂ દરદાથી રિવાયત કરી : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, સૂરએ ફાતિહા એ કામમાં કાફી છે જેમાં કુર્આનનો બીજો કોઈ ભાગ કાફી ન હોય. જો સૂરએ ફાતિહા એક પલ્લામાં અને કુર્આન બીજા પલ્લામાં રાખવામાં આવે તો સૂરએ ફાતિહા ફઝીલતમાં કુર્આનથી સાત ગણી વધી જાય.

**(૭)** અલિફ–લામ–મીમથી મુફલિહૂન સુધી પઢવામાં આવે છે એનું કારણે એ છે કે બયૂહકીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કરી : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવ્યું, જયારે તમારામાંથી કોઈનું અવસાન થઈ જાય તો તેને રોકી ન રાખો. જલ્દીથી તેની કબ્રમાં તેને પહોંચાડો, એના માથા પાસે સૂરએ બકરહનો પ્રથમ ભાગ અને એના પગો પાસે સૂરએ બકરહનો અંતિમ ભાગ પઢવામાં આવે.

મિર્કાતમાં મુલ્લા અલી કારી લખે છે કે, પ્રથમ ભાગથી મુરાદ **મુફલેહૂન** સુધી છે અને અંતિમથી મુરાદ **આમર્નરસૂલ**થી **કાફિરીન** સુધી છે.

**(૮)** આયતુલ કુર્સી પઢવામાં આવે છે એનું કારણ એ છે કે તિર્મિઝીમાં હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, દરેક ચીજની એક ચોટી હોય છે અને કુર્આનની ચોટી સૂરએ બકરહ છે, એમાં એક આયત છે જે કુર્આનની સરદાર છે, આયતુલ કુર્સી.

**(૯)** સૂરએ બકરહની અંતિમ બે આયતો તિલાવત કરવામાં આવે છે એનું કારણ એ છે તિબ્રાનીએ કબીરમાં હઝરત અબૂ ઉમામાથી રિવાયત કરી : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ચાર છે જેને અર્શ નીચેના ખજાનામાંથી ઉતારવામાં આવ્યું, સૂરએ ફાતિહા, આયતુલ કુર્સી, સૂરએ બકરહનું અંતિમ અને કૌષર. બીજું કારણ નં. ૭ માં વર્ણન થયું.

**(૧૦)** એ પછી જે આયતો પઢવામાં આવે છે તે નબીએ પાકની શાનમાં છે અને આપની રહમત અને બરકતને કુર્આનથી જાહેર કરવા માટે પઢવામાં આવે છે.

**ફાયદો** : ઉપરોકત હવાલાઓ અને પુરાવાઓથી જાણવા મળ્યું કે ઉપરોકત આયતો અને સૂરતો ફાતેહામાં પઢવામાં આવે છે તે એવા માટે નહીં કે એને જરૂરી સમજવામાં આવે છે, બલ્કે હદીષોમાં એની અધિક ફઝીલત બયાન કરવામાં આવી છે અને ફઝીલત પ્રાપ્ત કરવાના માટે પઢવામાં આવે છે.

## ★ અઝાને કબ્ર ★

મુસલમાન વ્યકિતને દફન કર્યા પછી એની કબ્ર પાસે અઝાન આપવામાં આવે છે. અઝાન આપવી કબ્ર પાસે સુન્નત નથી અને સહાબાથી એનો સુબૂત નથી. પણ અઝાન એક ઝિક્ર છે. એમાં અલ્લાહ અને રસૂલની ઈમાની ગવાહી છે એટલે અઝાન આપવામાં આવે છે. અને અઝાન કહેવી જાઈઝ છે, કારણ કે હદીષમાં કોઈ જગાએ અઝાને કબ્રથી મનાઈ કરવામાં નથી આવી. જે ઝિક્ર અને દુઆથી હદીષમાં અથવા કુર્આનમાં મનાઈ નથી આવી તેનાથી જો કોઈ ખાસ પ્રકારની સુન્નતનો ભંગ ન થતો હોય તો તેના નાજાઈઝ હોવાનું કોઈ કારણ નથી. તો હવે એના જાઈઝ હોવા પર અમુક પુરાવા તમારી ખિદમતમાં રજુ કરીએ





છીએ :-

**(૧)** શૈતાન દુનિયામાં તો માણસનો કબ્જો નથી છોડતો અને તેને વિવિધ પ્રકારના વસવસાઓ આપીને રબથી દૂર કરવાની કોશિશો કરે છે પણ તે શત્રુ કબ્રમાં પહોંચીને પણ માણસને સતાવે છે. અને એને ખબર છે કે મરનાર વ્યકિત કબ્રના સવાલોનો બરાબર જવાબ આપશે તો એ સફળ થઈ જશે અને રાહત મળી જશે. તો આ વાત દુશ્મનને કેમ કરી પસંદ આવે જેથી એ કબ્રમાં પણ પીછી છોડતો નથી, અને જ્યારે એ પ્રશ્ન કરવામાં આવે છે કે, "તારો રબ કોણ છે ?" તો શૈતાન મુર્દાને પોતાની પ્રતિ ઈશારો કરે છે કે તું આમ કહી દે, "આ મારો રબ છે !"

નવાદેરુલ ઓસૂલમાં હઝરત સુફયાને ષૌરીથી રિવાયત છે કે મય્યિતને જ્યારે એ સવાલ કરવામાં આવે છે કે તારો રબ કોણ છે ?

تَرٰی لَہٗ الشَّیۡطَانُ فَیُشِیۡرُ اِلٰی نَفۡسِہٖ اِنِّیۡ اَنَا رَبُّکَ

તો શૈતાન એના જોવામાં આવે છે અને તે પોતાની તરફ ઈશારો કરે છે કે હું તારો રબ છું.

એટલા માટે હદીષમાં આવ્યું છે કે મય્યિત માટે સવાલમાં સમર્થ રહેવાની દુઆ કરવામાં આવે.

ઈમામ તિર્મિઝી ફર્માવે છે કે તે હદીષો આ હદીષને સશકત બનાવે છે જેમાં મય્યિતને દફન કરતી વખતે નબીએ પાકે ફર્માવ્યું હતું : اَللّٰھُمَّ اَجِرۡہُ مِنَ الشَّیۡطَانِ "અય અલ્લાહ ! એને શૈતાનથી બચાવજે." જો શૈતાનનો ત્યાં કોઈ દખલ ન હોત તો એનાથી બચવાની દુઆ કેમ માંગી ? દુઆ માંગવાનો મતલબ એ જ છે કે શૈતાન તે સમયે પણ વસવસો આપવાની મુર્દાને અને લપાસવાની કોશિશ કરે છે.

**ફાયદો** : જ્યારે એ જાણવા મળ્યું કે કબ્રમાં શૈતાન પહોંચે છે અને વસવસો આપે છે તો આપણે આપણા મુસલમાન ભાઈની મદદ કરવી જોઈએ અને શૈતાન એ સમયે એની પાસે રહી ન શકે એ ટ્રાય કરવી જોઈએ.

શૈતાનને નસાડવાના ઘણા માર્ગો છે અને તે માર્ગોનો ખુલાસો

અલ્લાહનો ઝિક્ર છે. હિસ્ને હસીનમાં છે : "ઈઝા ઝકરા ખનસ" જ્યારે ઝિક્ર કરે તો તે દૂર થઈ જાય છે. અને અલ્લાહ તઆલા ફર્માવે છે :–

إِنَّ الَّذِينَ اتَّقَوْا إِذَا مَسَّهُمْ طَائِفٌ مِّنَ الشَّيْطَانِ
تَذَكَّرُوا فَإِذَا هُم مُّبْصِرُونَ

કુર્આન અને હદીષથી એ સ્પષ્ટ થયું કે અલ્લાહનો ઝિક્ર કરવાથી અને એને યાદ કરવાથી શૈતાન નાસે છે. અઝાન પણ અલ્લાહનો ઝિક્ર છે અને એનાથી શૈતાન દૂર ભાગે છે એ હદીષમાં સ્પષ્ટ શબ્દોમાં વર્ણવવામાં આવ્યું છે. બુખારી અને મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી રિવાયત છે : નબીએ પાક صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું, જ્યારે બાંગી અઝાન આપે છે ત્યારે શૈતાન પીઠ ફેરવીને હવા છોડતો નાસ મૂકે છે. મુસ્લિમમાં હઝરત જાબિર رضي الله عنه થી રિવાયત છે કે જ્યારે અઝાન થાય છે શૈતાન ૩૬ માઈલ દૂર ભાગી જાય છે.

બાળકનાં કાનમાં અઝાન અને ઈકામત કહેવી સુન્નત છે, નબીએ પાકે હઝરતે ઈમામે હસનના કાનમાં અઝાન કહી હતી અને તે એટલા માટે જ કે જ્યારે બાળક જન્મ લે છે શૈતાન તેની કુખમાં આંગળી મારે છે

જ્યારે બાળકને પેદા થવાની સાથે શૈતાન સતાવે છે અને એના માટે પણ અઝાન અને ઈકામતનો હુકમ આપવામાં આવ્યો તો સ્પષ્ટ થયું કે શૈતાનને નસાડવા માટે અઝાન અકસીર છે અને એ પણ સાબિત થયું કે અઝાનનો ઉપયોગ માત્ર નમાઝ માટે જ નથી થતો બલ્કે બીજાં કામોમાં પણ થઈ શકે છે. જેમ કે ઈમામ તિબ્રાનીએ કિતાબુલ અવસતમાં હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه ની રિવાયતથી સાબિત કર્યું છે, શૈતાનનો ભય હોય તો તરત જ અઝાન આપો તે નાસી જશે.

જ્યારે હદીષથી એ જાણવા મળ્યું કે કબ્રમાં શૈતાન વસવસો આપવા આવે છે, અને એ પણ કુર્આન અને હદીષથી જાણવા મળ્યું કે અલ્લાહને યાદ કરવાથી શૈતાન દૂર થઈ જાય છે. અને માત્ર હદીષથી એ જાણવા મળ્યું કે અઝાનથી શૈતાન દૂર થાય છે તો પછી મય્યિતને દફન કર્યા પછી એને શૈતાનના ફરેબથી બચાવવા અઝાનનો સહારો લેવામાં આવે તો વાંધો શું ? એટલે દફન કર્યા પછી અઝાન આપવાને અમે જાઈઝ કહીએ છીએ.





## ★ અઝાનનો ફાયદો ★

અઝાનનો એક જાહેર ફાયદો એ છે કે એમાં કબ્રમાં કરવામાં આવતા ત્રણ સવાલોના સ્પષ્ટ જવાબ છે.

કબ્રમાં કરવામાં આવતા ત્રણ સવાલો આ પ્રમાણે છે :

(૧) مَنْ رَّبُّكَ "તારો રબ કોણ છે ?" (૨) مَا دِيْنُكَ "તારો દીન કયો છે ?" (૩) مَا كُنْتَ تَقُوْلُ فِيْ هٰذَا الرَّجُلِ "તું આ માણસ બાબત શું કહેતો હતો ?"

અઝાનમાં છ વખત **અલ્લાહુ અકબર** કહેવામાં આવે છે, અને બે વખત **અશહદુ અલ લાઈલાહ ઈલ્લલ્લાહ** કહેવામાં આવે છે જેનાથી મય્યિતને યાદ આવી જાય છે, **"રબ્બિયલ્લાહ"** મારો રબ અલ્લાહ છે. બે વખત **અશહદુ અન્ન મુહમ્મદુર્રસૂલલ્લાહ** કહેવામાં આવે છે, એમાં ત્રીજા સવાલનો જવાબ છે તો એ કહેશે **હુવ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ** અને **હય્યા અલસ્સલાહ** બે વખત કહેવામાં આવે છે, અને નમાઝ બાબત કહેવામાં આવ્યું છે, "ઈમાદુદ્દીન" તો એને યાદ આવી જશે કે મારો દીન ઈસ્લામ છે. તો આમ એ ત્રણેય સવાલનો જવાબ આપી દેશે.

## ★ તસ્બીહ અને તકબીરનો પુરાવો ★

તિબ્રાનીએ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહથી રિવાયત કરી કે જ્યારે હઝરત સઅદ બિન મોઆઝને દફન કરીને કબર બંધ કરી દેવામાં આવી ત્યારે હુઝૂરે ઘણીવાર **સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ !** પઢયું અને સહાબા પણ આમ કહેતા રહ્યા. પછી હુઝૂર **અલ્લાહુ અકબર** પઢતા રહ્યા અને સહાબા પણ આમ કહેતા રહ્યા, અંતે સહાબાએ હુઝૂરની બારગાહમાં વિનંતિ કરી, આપે શુરૂમાં તસ્બીહ પછી તકબીર શા માટે કહી ? ફર્માવ્યું, આ નેક માણસ પર એની કબર સંકોચાઈ ગઈ હતી, એટલે સુધી કે અલ્લાહ તઆલાએ એનાથી એ તકલીફ દૂર ફર્માવી.

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે નબીએ પાક صلى الله تعالى عليه وسلم એ

એમની મદદ માટે **સુબ્હાનલ્લાહ** અને **અલ્લાહુ અકબર** વારંવાર ફર્માવ્યું, તેનો ફાયદો એ થયો કે એમની કબ્ર વિશાળ કરી દેવામાં આવી.

**ફાયદો** : હુઝૂર એ **સુબ્હાનલ્લાહ** અને **અલ્લાહુઅકબર** વારંવાર કહ્યું અને અઝાનમાં છ વખત **અલ્લાહુ અકબર** આવે છે એટલે અઝાન આપવી આ મોકાસર સુન્નત નથી પણ અઝાનનો એક ભાગ સુન્નતમાં સામેલ થયો. એટલે આમ નથી કહી શકાતું કે અઝાનથી હુઝૂરે પાકની બતાવેલી સુનનત છૂટી રહી છે.

**સવાલ** : જ્યારે હદીષથી આખી અઝાનનો પુરાવો નથી મળતો તો પછી તમે અઝાને કબ્ર બાબતે હઠ કેમ કરો છો ?

**જવાબ** : એટલા માટે કે તમે એના નાજાઈઝ હોવા પર હઠ કરો છો ! જ્યારે તમારી પાસે એના નાજાઈઝ હોવા પર કોઈ પુરાવો નથી તો તમે એમાં હઠ કેમ કરો છે ?! તમે હઠ છોડી આપો તો અમે પણ હઠ છોડી આપીશું.

બીજું એ કે અમારા માહોલમાં કોઈ સુન્ની નાજાઈઝ નથી કહેતો, માત્ર વહાબી, દેવબંદી, ગેરમુકલ્લિદ વગેરે નાજાઈઝ કહે છે અને અમે અકાઈદ બાબતે એમને સાચા નથી માનતા, તો જે કામમાં એ લોકો વાંધા વચકા કાઢે એ અમારી પબ્લિકને માન્ય નથી એટલે તેઓ આ બાબતે હઠ કરે છે.

**સવાલ** : તો તમારા કહેવાનો મતલબ એ કે અઝાને કબ્ર વિના ચાલી શકતું જ નથી ?

**જવાબ** : ના ! અમારા કહેવાનો મતલબ એ નથી, જ્યારે અઝાને કબ્રને અમે જરૂરી નથી કહેતા માત્ર જાઈઝ કહીએ છીએ, તો એની ઉપર અમલ કરવામાં આવે તો એ ઉત્તમ છે અને અમલ ન કરવામાં આવે તો મય્યિત માટે સવાલાતે કબ્રમાં સક્ષમ રહેવાની દુઆ પણ ચાલી શકે છે, તસ્બીહ અને તકબીર પણ યોગ્ય છે.

**સવાલ** : જ્યારે એ વાત છે તો પછી તમે લોકો કોઈ મય્યિત માટે અઝાન છોડી કેમ નથી આપતા ?

**જવાબ** : મય્યિતને અઝાનથી ફાયદો છે તો પછી છોડી કેમ





દેવામાં આવે, શું તમારો વિચાર એ છે કે મય્યિતને નુકસાનમાં રાખવામાં આવે ?!

**સવાલ** : સહાબા અઝાને કબ્ર આપતા ન હતા તો તેઓ નુકસાન પહોંચાડતા હતા ?

**જવાબ** : જમાના જમાનાનો ફરક છે, તે નબી صلى الله تعالى عليه وسلم ની નિકટનો જમાનો હતો, તેમાં લોકો દીનદાર અને પરહેઝગાર હતા, તેમને કબ્રમાં એટલી જરૂરત ન હતી જેટલી કે આજે આપણને અને આપણા સંબંધીઓને છે. એટલે જેનાથી વધારે ફાયદો થાય એવું કામ શરૂ કરવામાં આવ્યું.

**સવાલ** : વધારે ફાયદાની વાત હોય તો તમારી તમારી ભાષામાં એને કહેવું જોઈએ ?

**જવાબ** : તમને ખબર હોવી જોઈએ કે મરણ પછી દરેકની ભાષા અરબી બની જાય છે, તો મય્યિતની ભાષા અરબી છે. અને અઝાનના શબ્દો પણ અરબી છે અને સવાલ પણ અરબી થશે, અને જવાબ પણ અરબીમાં આવશે.

**સવાલ** : એ સિવાય બીજો કોઈ ઝિક્ર લેવો જોઈએ અઝાન ખાસ કેમ કરી ?

**જવાબ** : અઝાનના ફાયદાઓનું વર્ણન થઈ ગયું, અમને એટલો ફાયદો મય્યિત માટે બીજા કશામાં જોવા ન મળ્યો એટલે અઝાન નિયુકત કરી.

બીજું એ કે મય્યિતને જવાબમાં સક્ષમ રાખવા જે હદીષ વર્ણન થઈ તેની ઉપર પણ અઝાનથી અમલ થઈ જાય છે. બે ફાયદા એક સાથે મળી રહ્યા હતા એટલે નિયુકત કરી.

**સવાલ** : શરીઅતમાં જે નિયુકત નથી તેને નિયુકત કરવાનો હક્ક તમને કેવી રીતે મળી ગયો ?

**જવાબ** : આ નફ્લ કામ છે અને નફ્લ કામ કરનારની પસંદ પર છે એટલે નિયુકત શરઈ નિયુકત નથી, નફ્લના આધારે અમારી પસંદ છે.

**સવાલ** : તમારી પસંદ છે તમે કરો અમને નથી પસંદ અમે નથી કરતા !

**જવાબ** : પછી અમારી પસંદ પર તમે વાંધો ન ઉઠાવો, અને શું તમને અઝાન પસંદ નથી ?!

**સવાલ** : અઝાન તો પસંદ છે પણ આ પ્રસંગે નહીં ! અને નફ્લ છે તો પછી અમારા ન કરવા પર તમે અમારી બુરાઈ કેમ કરો છો ?

**જવાબ** : કરવા પર તમે અમારી બુરાઈ કરો છો તમે નફ્લ માનીને બુરાઈ છોડી આપો.

**સવાલ** : તમારા આ'લા હઝરતે અઝાને કબ્રને સુન્નત કહ્યું છે તો શું તમે એનું સુન્નત હોવું સાબિત કરી શકો છો ?

**જવાબ** : તમને એટલું તો માન્ય છે કે કબ્રવાળાની મદદ માટે **અલ્લાહુ અકબર** કહેવું સુન્નત છે. અઝાનમાં પ્રથમ ચાર વખત **અલ્લાહુ અકબર** આવ્યું, સુન્નત પર અમલ થઈ ગયો. પછી જે અઝાનના આધારે વધારો થયો તે સુન્નતમાં ફરક પેદા કરતો નથી., ઝિક્ર વધારે હોય તો સવાબ પણ વધતો જાય છે. આ'લા હઝરતે અઝાને કબ્રને સુન્નત નથી કહ્યું, એમના કહેવાનો ભાવાર્થ એ છે કે અઝાને કબ્રથી સુન્નત પર અમલ થઈ જાય છે, એવું નથી ફર્માવ્યું કે આખી અઝાન સુન્નત છે.

**સવાલ** : અલ્લામા ઈબ્ને હજરે અઝાને કબ્રનો ઈન્કાર કર્યો છે ?

**જવાબ** : ઈન્કાર સુન્નત હોવા વિશેનો છે, પણ કોઈ નફ્લ કામનું સુન્નત ન હોવું તેના નાજાઈઝ હોવાની દલીલ નથી, નફ્લ નમાઝ આપણે ગમે તેટલી રકાતો પઢીએ જાઈઝ છે અને સવાબનું કામ છે.

**સવાલ** : પછી તો અઝાન બિદઅત છે અને બિદઅત બુરી છે ?

**જવાબ** : બિદઅત બુરી જ નથી હોતી સારી પણ હોય છે. જેમ કે વર્તમાનકાળમાં મદ્રસાઓની આલીશાન બિલ્ડીંગો બનાવવી વગેરે.. બિદઅત વિશે વધારે ખુલાસા માટે **તોહફાએ નજાત, ભાગ-૫** માં જોવામાં આવે.

**સવાલ** : અમે અઝાને કબ્રનો ઈન્કાર કરીએ છીએ તો તમે અમને વહાબી કેમ કહો છો ?





**જવાબ** : અઝાને કબ્રને લઈને નહીં તમારી ખોટી માન્યતાઓને લઈને કહીએ છીએ. વર્તમાનકાળમાં અઝાને કબ્રનો ઈન્કાર બદ્અકીદા લોકો જ કરે છે એટલે ઈન્કાર કરનારને બદ્અકીદાનું મૂળ નામ વહાબી આપી દેવામાં આવે છે.

**સવાલ** : શું દફન પછી અઝાન આપવાથી મરનારની નજાત થઈ જ જશે ?

**જવાબ** : નજાત અલ્લાહની મરજી પર આધારિત છે, પણ ઉમ્મીદ તો કરી જ શકાય છે.

## ★ મુહદ્દિષે દહેલ્વીનું મંતવ્ય ★

હઝરત ઝફરૂદ્દીન બિહારી رحمۃ اللہ علیہ મલ્ફૂઝાતે અઝીઝીના પુરાવાથી વર્ણન કરે છે કે હઝરત અબ્દુલ અઝીઝ મુહદ્દિષે દહેલ્વીએ ફર્માવ્યું, "અમલે મશાઈખ અસ્ત કે અઝાન બર કબ્ર બાદ દફન મી ગોયંદ" બુઝુર્ગોનો અમલ છે કે દફન પછી કબ્ર પર (પાસે) અઝાન કહે છે.

## ★ મય્યિત માટે જવાબમાં સક્ષમ રહેવાની દુઆનો આદેશ ★

તસ્બીહ અને તકબીર પઢવાવાળી હદીષનું વર્ણન થઈ ગયું પણ હદીષમાં માત્ર એનો જ આદેશ નથી દુઆ કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે અને દુઆ માણસ પોતાની તરફથી કરશે, તેમાં પોતાની ઈચ્છાથી શબ્દોનો વધારો ઘટાડો કરશે, અને તે એટલા માટે જ કે મય્યિતની મદદ થાય. તો પછી મદદ પહોંચાડવાની નિય્યતથી અઝાન કહેવામાં આવે તો તે પણ આ હુકમમાં સામેલ રહેશે.

અબૂ દાઊદમાં હઝરત ઉષ્માન બિન અફ્ફાનથી રિવાયત છે : એમણે ફર્માવ્યું કે નબીએ પાક صلی اللہ علیہ وسلم એ જ્યારે મય્યિતના દફનથી ફારેગ થતા તો કબ્ર પાસે ઊભા રહેતા અને ફર્માવતા પોતાના ભાઈ માટે મગફેરતની દુઆ કરો અને એના સાબિત રહેવાની દુઆ કરો કારણ કે હમણાં એને સવાલ કરવામાં આવશે.

ઈબ્ને અબી શૈબાએ હઝરત કતાદાથી રિવાયત કરી કે હઝરત અનસે પોતાના છોકરાને દફન કર્યો અને કહ્યું, અલ્લાહ જમીનને બંને બાજુથી એના માટે વિશાળ ફર્માવી આપ ! અને એની રૂહ માટે આકાશના દરવાજાઓ ખોલી આપ ! અને એના માટે દુનિયાથી બેહતર ઘર અતા ફર્માવ !

ઈમામ તિર્મિઝી નવાદેરુલ ઓસૂલમાં ફર્માવે છે :– કબ્ર પાસે રોકાવું, અને દફન સમયે (સવાલોના જવાબમાં) સાબિત રહેવાની દુઆ કરવી મય્યિતની મદદ છે નમાઝે જનાઝા પછી. ઈમાનવાળાઓની જમાઅત સાથે નમાઝ એના માટે સૈન્ય સમાન છે જે રાજાને દ્વાર એની શફાઅત માટે ભેગા થયા છે. અને કબ્ર પાસે ઉભા રહેવું અને દફન સમયે સાબિત રહેવાની દુઆ કરવી લશ્કરની (મય્યિત માટે) મદદ છે. અને આ મય્યિતના વ્યસ્ત થવાનો સમય છે.

સઈદ બિન મનસૂરે હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما થી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم કબ્રને બરાબર કર્યા પછી એની પાસે રોકાતા અને ફર્માવતા, અય અલ્લાહ ! અમારો સહાબી તારી પાસે ઉતર્યો, દુનિયાને પોતાની પીઠ પાછળ છોડી આપી, અય અલ્લાહ ! સવાલ સમયે એની બોલી સાબિત રાખ અને કબ્રમાં તું એની પરીક્ષા ન કરતો જેની એની પાસે શકિત ન હોય.

ઈબ્ને માજાએ ઈબ્ને મુસય્યિબથી રિવાયત કરી કે, હું હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની છોકરીના જનાઝામાં હાજર થયો, જયારે એમણે તેણીને કબ્રમાં રાખી તો પઢયું : **બિસ્મિલ્લાહ વફી સબીલિલ્લાહ** પછી જયારે કબ્ર બરાબર કરવા લાગ્યા તો ફર્માવ્યું : **اَللّٰھُمَّ اَجِرْھَا مِنَ الشَّیْطَانِ** "અય અલ્લાહ ! તેણીને શૈતાન અને અઝાબે કબ્રથી બચાવ." અને જયારે કબ્ર બરાબર કરી લીધી તો કબ્ર પાસે ઉભા રહ્યા અને ફર્માવ્યું, અય અલ્લાહ ! કબ્રને બંને બાજુથી વિશાળ ફર્માવી દે, એની રૂહને બુલંદ ફર્માવ, રાજી થઈને એની સાથે મુલાકાત ફર્માવ. પછી ફર્માવ્યું, આ મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم થી સાંભળ્યું હતું.

**ફાયદો** : આ હદીષોથી જાણવા મળ્યું મય્યિતની મદદના બીજા





પ્રકાર પણ છે. તો મય્યિતના મદદ માટે અઝાન આપવામાં આવે તો એ હદીષોની મુખાલફત નથી બલ્કે આપણા તરફથી મય્યિતની અધિક મદદ કરવાનો તરીકો છે.

## ★ દફન પછી જવાબ શિખવાડવો ★

ઈન્તેહાફ, ભાગ–૧૦, પેજ નં. ૩૬૮ પર છે :– સઈદ બિન અબ્દુલ્લાહ ઔદી કહે છે કે હું હઝરત અબૂ ઉમામા બાહેલી પાસે ગયો તે સમયે આપ સકરાતની હાલતમાં હતા. એમણે ફર્માવ્યું, અય સઈદ ! જયારે મારું અવસાન થઈ જાય તો મારી સાથે એ કામ કરો જેનો નબીએ પાકે અમને હુકમ આપ્યો હતો કે જયારે તમારામાંથી કોઈ માણસ મરે અને તમે દફન પછી માટી બરાબર કરી આપો, તો તમારામાંથી એક માણસ એની કબ્ર પાસે માથા બાજુ ઉભો રહે અને કહે, અય ફલાણીના બેટા ફલાણા ! એ સાંભળશે અને જવાબ નહીં આપે. ફરી વખત કહે, અય ફલાણીના બેટા ફલાણા ! તો એ સીધો બેસી જશે, ત્રીજી વખત કહે, અય ફલાણીના બેટા ફલાણા ! એ કહેશે, ફર્માવો ! અલ્લાહ તઆલા તમારા પર કૃપા કરે ! પણ તમે સાંભળશો નહીં. પેલો (જવાબ શિખવાડનાર) વ્યકિત કહેશે, યાદ કર તે વાત જેના પર તું દુનિયાથી અલવિદા થયો, ગવાહી એની કે અલ્લાહ સિવાય કોઈ બરહક મા'બૂદ નથી અને બેશક ! મુહમ્મદ صلی اللہ تعالی علیہ وسلم અલ્લાહના રસૂલ છે. અને બેશક ! તું અલ્લાહના રબ હોવા પર, ઈસ્લામના દીન હોવા પર, મુહમ્મદ صلی اللہ تعالی علیہ وسلم ના નબી હોવા પર અને કુર્આનના ઈમામ હોવા પર ખુશ હતો. મુન્કર, નકીર પાછા ફરશે અને એક બીજાને કહેશે, ચાલો ! આની પાસે શું બેસીશું ! એને તો એની દલીલ શિખવાડી દેવામાં આવી છે ! અલ્લાહ તે વ્યકિત અને બંને ફરિશ્તાની વચમાં હશે એક વ્યકિતએ સવાલ કર્યો, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالی علیہ وسلم મય્યિતની માતાનું નામ જાણતા ન હોય તો ? આપે ફર્માવ્યું, હવ્વા તરફ સંબંધ કરો.

## ★ અહલે સુન્નતનું મંતવ્ય ★

અલ્લામા શામી ફર્માવે છે કે દફન કર્યા પછી મય્યિતને તલ્કીન

કરવામાં ન આવે એ મુઅતઝલાનો ધર્મ છે (જેઓ ગુમરાહ બદ્દીન હતા) અહલે સુન્નતની માન્યતા એ છે જે હદીષમાં છે :

لَقِّنُوْا مَوْتَاكُمْ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ

"તમારા મુડદાંઓને **લાઈલાહ ઈલ્લલ્લાહ** શિખવાડો."

આ હદીષ એના જાહેરી અર્થમાં છે, અલ્લાહ તઆલા એમને જીવંત કરશે. હુઝૂરથી એ પણ રિવાયત છે કે, આપે દફન પછી તલ્કીનનો હુકમ ફર્માવ્યો (જેમ કે હદીષનું વર્ણન થઈ ગયું).

**ફાયદો** : ઈમામ શામીના વર્ણનથી એ જાણવા મળ્યું કે દફન કર્યા પછી પણ મુડદાંને તલ્કીન કરવામાં આવશે અને એને એનો જવાબ શિખવાડવામાં આવશે. અને આ અહલે સુન્નત વલ જમાઅતનું મંતવ્ય છે. હવે અઝાનને સામે રાખીને નિર્ણય લેવામાં આવે કે હદીષમાં જે તલ્કીન શિખવાડવામાં આવી તે અઝાનમાં છે કે નથી. સવાલોનાં જવાબો અઝાનમાં છે જેનું વર્ણન થઈ ગયું, તો આ હદીષના આધારે અઝાન આપવી પણ જાઈઝ ઠરે છે.

## ★ દફન પછી કેટલું રોકાવું ઉત્તમ છે ★

મુસ્લિમમાં હઝરત અમ્ર બિન આસથી રિવાયત છે : એમણે પોતાના પુત્ર અબ્દુલ્લાહને પોતાના અવસાન સમયે ફર્માવ્યું, જ્યારે હું મૃત્યુ પામુ તો મારા જનાઝા સાથે કોઈ રડવાવાળી સ્ત્રી ન આવે અને આગ પણ ન હોય. જ્યારે મને દફન કરી આપો તો ધીમે ધીમે મારા પર માટી નાખશો પછી મારી કબ્ર પાસે એટલો સમય રોકાશો જેટલા સમયમાં ઊંટ કાપવામાં આવે અને એનો ગોશ્ત વહેંચી દેવામાં આવે છે, એટલા માટે કે તમારા લોકોના રહેવાથી હૂંફ મેળવું અને જાણું કે પોતાના રબના મોકલેલ ફરિશ્તાઓને શું જવાબ આપું છું.

મુલ્લા અલી કારી શર્હે મિશ્કાત મિર્કાતમાં રોકાવાનું કારણ દર્શાવતાં લખે છે;





حَتّٰى اِسْتَأْنِسَ بِكُمْ اَىْ بِدُعَائِكُمْ وَاَذْكَارِكُمْ وَ
قِرَائَتِكُمْ وَاِسْتِغْفَارِكُمْ

તમારામાંથી હૂંફ મેળવવાનો મતલબ છે કે તમારી દુઆ, તમારા ઝિક્ર, તમારી કિરાઅત અને તમારા ઈસ્તિગફારથી.

અલ્લામા નવોવી શર્હે મુસ્લિમમાં ફર્માવે છે :- આ હદીષથી સાબિત થયું કે દફન પછી એટલો સમય રોકાવું જેનું વર્ણન હદીષમાં છે મય્યિતની હૂંફ માટે દિમાગ અને વિચારને વ્યવસ્થિત કરવા માટે કબ્ર પાસે રોકાવું મુસ્તહબ છે.

અલ્લામા મુર્તઝા ઝુબૈદી શર્હે ઈહયાઉલ ઉલૂમમાં ફર્માવે છે :- અબૂબક્ર અજરીએ કહ્યું, દફન પછી થોડો સમય રોકાવું અને મય્યિત તરફ ધ્યાન કરી ઈસ્લામ પર સાબિત રહેવાની દુઆ કરવી મુસ્તહબ છે. અને દુઆમાં એ કહેવું જોઈએ કે, અય અલ્લાહ ! આ તારો બંદો છે અને તેની હાલત મારાથી અધિક તું જાણે છે. જ્યાં સુધી અમને ઈલ્મ છે અમે ભલાઈ સિવાય કાંઈ નથી જાણતા, હમણા તેં એને સવાલ માટે બેઠો કર્યો છે તો દુનિયામાં જે વાત પર એને સાબિત રાખ્યો હતો આખેરતમાં પણ એની ઉપર સાબિત રાખ, અય અલ્લાહ ! તું એના પર કૃપા કર અને તારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم થી એની મુલાકાત કરાવ, એના પછી તું અમને ફિત્નામાં ન નાખ અને એના અજ (સવાબ)થી અમને બેમુરાદ ન કર.

**ફાયદ** : આ રિવાયતોથી એ જાણવા મળ્યું કે મય્યિતની મદદ કરવા માટે અને એને ફાયદો પહોંચાડવા માટે વધારે સમય રોકાવું જોઈએ, બધાં લોકો રોકાઈ ન શકે તો જે વધારે નિકટનો સગો હોય તે આના પર અમલ કરે. બીજું એ જાણવા મળ્યું કે ઝિક્ર, દુઆમાં આપણને રજા આપવામાં આવી છે. જો એમાં અઝાનને સામેલ કરી લેવામાં આવે તો એ રિવાયતના આધારે જાઈઝ છે. અને જાઈઝ છે તો પછી જે લોકો આને બિદઅત કહીને રોકવાની કોશિશમાં લાગેલા રહે છે અને કબ્ર પાસે અઝાન સાંભળીને શૈતાન માફક નાસે છે તેમણે આ બાબતે હઠ ન કરવી જોઈએ. થોડી નરમાશ રાખવી જોઈએ અને ન્યાયથી ફેંસલો કરવો જોઈએ.

## ★ મરણ પછી માતા પિતાના હક્કો ★

ફતાવા રઝવિય્યહ્, ભાગ-૯, પેજ નં. ૧૯૨ આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ને સવાલ કરવામાં આવ્યો કે માતા પિતાનાં મરણ પછી ઓલાદ માટે તેમના શું હક્કો છો ?

**અલ જવાબ** : પ્રથમ હક્ક મરણ પછી એમના જનાઝાની તૈયારી, ગુસ્લ, કફન, નમાઝ અને દફન છે. અને આ કામોમાં સુન્નતો અને મુસ્તહબ્બાતનો ખયાલ જેનાથી એમના માટે દરેક ખૂબી, બરકત, રહમત અને ઉદારતાની આશા રહે. (૨) એમના માટે દુઆ, ઈસ્તિગફાર સતત કરતા રહેવું એનાથી કયારે પણ આળસ ન કરવી. (૩) સદકા, ખૈરાત અને નેક અમલોનો સવાબ એમને પહોંચાડતા રહેવું, શકિત પ્રમાણે એમાં ઘટાડો ન કરવો, પોતાની નમાઝ સાથે એમના માટે નમાઝ પઢવી. મોતના રોઝા સાથે એમના માટે પણ રોઝા રાખવા, બલ્કે જે નેક કામ કરે બધાનો સવાબ એમને અને સઘળા મુસલમાનોને બખ્શી આપવો કે એમાં સર્વને સવાબ પહોંચી જશે અને એના સવાબમાં ઘટાડો થશે નહીં. બલ્કે ઘણી ઉન્નતિ પામશે. (૩) એમના માથે કોઈનું દેવું હોય તો એને અદા કરવામાં જરૂરતથી અધિક કોશિશ કરવી, અને પોતાના માલથી એમનું દેવું અદા થવામાં બંને જગતની ઉન્નતી સમજવી. પોતે શકિતમાન ન હોય તો સગા સંબંધીઓ પછી બીજા સારા લોકો પાસે એને અદા કરવામાં ઈમદાદ લેવી. (૪) એમનો કોઈ ફર્ઝ રહી ગયો હોય તો શકિત પ્રમાણે એને અદામાં કોશિશ કરવી. હજ્જ ન કરી હોય તો પોતે એમના તરફથી હજ્જ કરવી અથવા હજ્જે બદલ કરાવવી. ઝકાત અથવા ઉશ્રની માંગ એમના પર રહી ગઈ હોય તો એ અદા કરવું. નમાઝ અથવા રોઝા બાકી હોય તો એનો કફ્ફારો આપવો. આ પ્રમાણે પોતે સમજી લો. દરેક રીતે એમના છૂટકારાનો શ્રમ કરવો. (૫) એમણે જે જાઈઝ વસિયત કરી હોય બનતી કોશિશે એ પૂરી કરવી, ભલે ને શરીઅતમાં એ પૂરી કરવી જરૂરી ન હોય અને પોતાના માટે ભાર સમાન હોય તો પણ દાખલા તરીકે તેઓ અડધી મિલ્કતની વસિયત પોતાના કોઈ પ્રિય ગેર વારસદાર અથવા અજાણ વ્યકિતને માટે કરી ગયા, તો શરઈ કાયદાના આધારે ૧/૩ થી





વધારેમાં વારસદારોની રજા સિવાય લાગુ પડશે નહીં. પણ ઓલાદ માટે ઉત્તમ છે કે એમની વસિયત માન્ય રાખે. એમની ખુશી પૂરી કરવી તે પોતાની ઈચ્છાથી ઉત્તમતા આપે. (૬) એમની કસમ મોત પછી પણ બાકી રાખવી, દાખલા તરીકે મા અથવા બાપે કસમ ખાધી હતી કે મારો પુત્ર ફલાણી જગાએ નહીં જાય, અથવા ફલાણાથી નહીં મળે, અથવા ફલાણું કામ કરશે તો એમના પછી એ વિચાર ન કરવો કે હવે એ તો છે નથી ! એમના કસમની શી ચિંતા ! બલ્કે એનો એવા પાબંદ રહેવું જેમ કે એમની હયાતમાં જ્યાં સુધી કોઈ શરઈ વિરોધ ન હોય. અને માત્ર કસમ પર બસ નથી દરેક જાઈઝ કામમાં મરણ પછી પણ એમની મરજીનું પાબંદ રહેવું. (૭) દર જુમ્આએ એમની કબ્રની ઝિયારતે જવું, ત્યાં યાસીન શરીફ એટલા અવાજથી કે તેઓ સાંભળે પઢવું અને એનો સવાબ એમની રૂહને પહોંચાડવો. માર્ગમાં કોઈ વખત એમની કબ્ર આવે તો સલામ અને ફાતેહા વગર પસાર ન થવું. (૮) એમના સગાઓ સાથે આજીવન સારો વર્તાવ કરવો. (૯) એમના દોસ્તો સાથે દોસ્તી નિભાવવી, હર હમેશં એમની ઈજ્જત કરવી. (૧૦) કયારે પણ કોઈના માતા પિતાને બુરું કહીને એમને બુરું ન કહેવાડવું. (૧૧) અતિ ધ્યાનપાત્ર અને વધારે ખયાલ કરવા લાયક હક્ક એ છે કયારે પણ કોઈ ગુનોહ કરી એમને કબ્રમાં તકલીફ ન પહોંચાડવી, એના દરેક અમલની ખબર માતા પિતાને પહોંચે છે. નેકીઓ જુએ છે તો ખુશ થાય છે અને એમનો ચહેરો ખુશીથી ચમકે છે, ગુનાહ જુએ છે તો ચિંતિત થાય છે અને એમના દિલને ઠેસ પહોંચે છે, માતા પિતાનો એ હક્ક નથી કે કબ્રમાં એમને તકલીફ પહોંચાડે. અલ્લાહ ગફૂરો રહીમ, અઝીઝો કરીમ જલ્લ જલાલુહૂ પોતાના હબીબ રઉફો રહીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં આપણા સર્વને નેકીઓની તૌફીક અતા ફર્માવે, ગુનાહોથી બચાવે, અમારા પૂર્વજોની કબ્રોમાં હમેશાં નૂર અને ખુશી પહોંચાડે, તે શકિતવાળો છે અને અમે લાચાર, તે ગની છે અને અમે ગરીબ.

આ'લા હઝરત ફર્માવે છે : હવે તે હદીષો જેનાથી ફકીરે આ હક્કો લીધા છે તેઓ પૈકી અમુક જરૂરત પ્રમાણે વર્ણન કરું છું :–

(૧) એક અન્સારીએ સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં

હાજર થઈ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ માતા પિતાના અવસાન પછી કોઈ માર્ગ એમની ભલાઈનો બાકી છે, જેના પર હું અમલ કરું ? આપે ફર્માવ્યું, ચાર છે : (૧) એમના માટે નમાઝ (૨) ઈસ્તિગફાર (૩) એમની વસિયત પૂરી કરવી (૪) એમના દોસ્તોની ઈજ્જત, સગાનો ખયાલ જે સગાઈ માત્ર તેઓ તરફથી હોય. આ તે ભલાઈ છે જે એમના મોત પછી એમની સાથે કરવી બાકી છે. (ઈબ્ને નજ્જારે અબૂ સઈદ સાએદીથી કિસ્સા સાથે રિવાયત કરી અને બયહકીએ પોતાની સુનનમાં એમનાથી રિવાયત કરી કે હુઝૂરે ફર્માવ્યું, બાપની નેકી માટે પુત્ર પાસે ચાર ચીજો બાકી રહે છે : (૧) એના માટે નમાઝ (૨) એના માટે દુઆ (૩) એના પછી એનો વાયદો નિભાવવો (૪) સગાઓનો ખયાલ અને એના દોસ્તોની ઈજ્જત.

**(૨)** હુઝૂર ફર્માવે છે, માતા પિતા સાથે સારા વર્તાવાની આ વાત છે કે ઓલાદ એમના પછી એમના માટે મગફેરતની દુઆ કરે. *(ઈબ્ને નજ્જાર અન અબી ઓસૈદ)*

**(૩)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે માણસ જ્યારે માતા પિતા માટે દુઆ કરવાનું છોડી દે છે તો એનું રિઝ્ક (રોજી) કપાય જાય છે. *(તિબ્રાનીએ તારીખમાં અને દૈલમીએ હઝરત અનસથી)*

**(૪,૫)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, જ્યારે તમારામાં કોઈ વ્યકિત કશું નફલ ખૈરાત કરે તો એણે પોતાના માતા પિતા તરફથી કરવું જોઈએ એનો સવાબ એમને મળશે અને એના સવાબમાંથી ઓછું થશે નહીં. *(તિબ્રાનીએ અવસતમાં, ઈબ્ને અસાકિરે ઈબ્ને ઉમરથી, અને એ જ પ્રમાણે દૈલમીએ મુસ્નદુલ ફિરદૌસમાં મુઆવિયા બિન હેયદાથી રિવાયત કરી)*

**(૬)** એક સહાબીએ વિનંતિ કરી, હુઝૂર ! હું મારા માતા પિતા સાથે જિંદગીમાં સારો વર્તાવ રાખતો હતો, હવે તેઓ મરી ગયા એમની સાથે ભલાઈનો કયો માર્ગ છે ? ફર્માવ્યું, મરણ પછી સારા વર્તાવમાંથી એ છે કે તું પોતાની નમાઝ સાથે એમના માટે નમાઝ પઢ, પોતાના રોઝા સાથે એમના માટે રોઝા રાખ. દારેકુત્નીએ રિવાયત કરી જ્યારે પોતાને સવાબ મળવા માટે કોઈ નફલ નમાઝ પઢે અથવા રોઝા રાખે તો કોઈ નફલ નમાઝ એમના તરફથી પઢી એમને સવાબ પહોંચાડે, અથવા





નમાઝ, રોઝા જે નેક અમલ કરે સાથે એમને સવાબ પહોંચે એવી નિય્યત કરે તો એમને પણ મળશે અને તારું કંઈ ઓછું નહીં થાય.

**(૭)** હુઝૂરે ફર્માવ્યું છે : જે પોતાના મા બાપ તરફથી હજ્જ કરે અથવા એમનું દેવું અદા કરે કિયામતના દિવસે નેક લોકો સાથે ઉઠશે. *(તિબ્રાનીએ અવસતમાં અને દારેકુત્નીએ સુનનમાં ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી)*

**(૮)** અમીરુલ મો'મિનીન ઉમર ફારૂક رضی اللہ عنہ પર એંસી હજારનું દેવું હતું, અવસાન સમયે પોતાના પુત્ર અબ્દુલ્લાહને બોલાવીને ફર્માવ્યું, મારા દેવાની અદાયગીમાં પ્રથમ તો મારો માલ વેચશે, સંપૂણ્ર હોય તો ઠીક નહીં તો મારી કોમ બની અદીથી માંગીને અદા કરશે, આમ પણ અદા ન થઈ શકે તો કુરૈશથી માંગશો, એ સિવાય બીજા લોકોથી સવાલ નહીં કરો.પછી પોતાના પુત્રને ફર્માવ્યું, તમે જવાબદારી સ્વીકારી લો ! તેમણે જવાબદારી કબૂલી અને અમીરુલ મો'મિનીને દફન કરતાં પહેલાં બુઝુર્ગ મુહાજેરીન અને અન્સારને ગવાહ બનાવ્યા કે એ એંસી હજાર મારા માથે છે. એક અઠવાડિયું ન થયું કે અબ્દુલ્લાહએ એ સઘળું દેવું અદા કરી દીધું. *(ઈબ્ને સઅદે તબકાતમાં ઉષ્માન બિન ઉર્વાથી રિવાયત કરી.)*

**(૯)** કબીલએ જોહનિયાની એક સ્ત્રીએ હુઝૂરથી વિનંતિ કરી કે અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારી માતાએ હજ્જની મન્નત માની હતી, તેણી અદા ન કરી શકી અને એમનું અવસાન થઈ ગયું, શું હું એમની તરફથી હજ્જ કરી લઉં ? ફર્માવ્યું, હા ! એમની તરફથી હજ્જ કર. વિચાર તો ખરી કે તારી માતા પર દેવું હોત તો તું અદા કરતી કે ન કરતી ? એ જ રીતે ખુદાનું કર્ઝ અદા કરો એ અદાનો વધારે હક્ક ધરાવે છે. *(બુખારીએ ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી.)*

**(૧૦)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે : માણસ જ્યારે પોતાના માતા પિતા તરફથી હજ્જ કરે છે તો તે હજ્જ એની અને એમની બધાની તરફથી કબૂલ કરી લેવામાં આવે છે. અને એમની રૂહો આકાશમાં એનાથી ખુશ થાય છે. અને આ વ્યકિત માતા પિતા સાથે સારો વર્તાવ કરવાવાળો લખવામાં આવે છે. *(દારે કુત્ની અને ઝૈદ બિન અરકમ)*

**(૧૧)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે : જે પોતાના માતા પિતા તરફથી

હજ્જ કરે એમની તરફથી હજ્જ અદા થઈ જશે અને એને દસ હજ્જનો સવાબ વધારે મળશે. *(દારે કુત્નીએ જાબિર બિન અબ્દુલ્લાહની રિવાયત કરી)*

**(૧૨)** હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ફર્માવે છે : જે પોતાનાં માતા પિતા પછી એમના તરફથી હજ્જ કરે અલ્લાહ તઆલા એના માટે દોઝખથી આઝાદી (છૂટકારો) લખે, અને એ બંને માટે પૂરા હજ્જનો સવાબ જેમાં થોડો પણ ઘટાડો ન થાય. *(અસ્બહાનીએ તરગીબમાં, બયહકીએ શોઅબુલ ઈમાનમાં ઈબ્ને ઉમરથી રિવાયત કરી.)*

**(૧૩)** હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ફર્માવે છે : જે વ્યકિત પોતાનાં માતા પિતા પછી એમની કસમ સાચી કરે અને એમનું દેવું અદા કરે, અને કોઈના માતા પિતાને બુરું કહીને એમને બુરું ન કહેડાવે તે માતા પિતા સાથે નેક વર્તાવ કરવાવાળો લખવામાં આવે છે, ભલેને તેમની હયાતમાં નાફર્માન હતો. અને જે એમની કસમ પૂરી ન કરે અને એમનું દેવું અદા ન કરે અને બીજાના માતા પિતાને બુરું કહીને એમને બુરું કહેવાડે એ નાફર્માન લખવામાં આવે છે, ભલે પછી એમની હયાતમાં ફર્માબરદાર હતો. *(તિબ્રાનીએ અવસતમાં અન અબ્દુર્રહમાન)*

**(૧૪)** હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ફર્માવે છે : જે પોતાના માતા પિતાની કબ્રની ઝિયારત દરેક જુમ્આના દિવસે કરે, પોતાના માતા પિતા સાથે સારો વર્તાવ કરવાવાળો લખવામાં આવશે. *(ઈમામ તિર્મિઝીએ નવાદેરુલ ઉસૂલમાં અબૂ હુરૈરહ્થી રિવાયત કરી)*

**(૧૫)** હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ફર્માવે છે : જે વ્યકિત જુમ્આના દિવસે પોતાના માતા પિતા અથવા તેઓ પૈકી એકની ઝિયારત કરે અને એમની પાસે યાસીન પઢે તેને બખ્શી દેવામાં આવે. (ઈબ્ને અદીએ સિદ્દીકે અકબરથી રિવાયત કરી) અને આ પ્રમાણે પણ છે : જે દર જુમ્આના દિવસે માતા પિતા અથવા એકની કબ્રની ઝિયારત કરે, ત્યાં યાસીન પઢે, યાસીન શરીફમાં જેટલા શબ્દો છે એની ગણતરી જેટલી એની મગફેરત ફર્માવશે.

**(૧૬)** હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ફર્માવે છે : જે સવાબની નિય્યતથી પોતાના માતા પિતા અથવા એકની કબ્રની ઝિયારત કરે, તે મકબૂલ હજ્જ જેટલો





સવાબ મળશે. અને જે વધારે પ્રમાણમાં એમની કબ્રની ઝિયારત કરે છે ફરિશ્તાઓ એની કબ્રની ઝિયારતે આવશે. *(ઈમામ તિર્મિઝીએ, અને ઈબ્ને અદીએ ઈબ્ને ઉમરથી રિવાયત કરી)*

**(૧૭)** હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ફર્માવે છે : જે ઈચ્છે કે બાપની કબ્રમાં એની સાથે સારો વર્તાવ કરે, એ બાપ પછી સગા સંબંધીઓ સાથે સારો વર્તાવ રાખે. *(અબૂ યઅલા અને ઈબ્ને હબ્બાને ઈબ્ને ઉમરથી રિવાયત કરી)*

**(૧૮)** હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ફર્માવે છે : બાપ સાથે નેક વર્તાવમાંથી છે તે એ કે તું એમના દોસ્ત સાથે સારો વર્તાવ રાખે. *(તિબ્રાનીએ અવસતમાં અનસથી રિવાયત કરી.)*

**(૧૯)** હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ફર્માવે છે : બાપ સાથે સર્વ ભલાઈથી વધીને એ છે કે માણસ બાપ પછી એના મિત્રો સાથે સારો વર્તાવ કરે. *(રિવાયત કરી ઈમામ અહમદે અને બુખારીએ અદબે મુફરદમાં, મુસ્લિમે પોતાની સહીહમાં, અબૂ દાઊદ અને તિર્મિઝીએ ઈબ્ને ઉમરથી)*

**(૨૦)** હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ફર્માવે છે : પોતાના પિતાની મિત્રતાની કાળજી રાખો, એને તોડો નહીં, નહીં તો અલ્લાહ તઆલા તમારું નૂર ઓલવી નાખશે. *(બુખારીએ અદબે મુફરદમાં, તિબ્રાનીએ અવસતમાં બયહકીએ શોઅબુલ ઈમાનમાં ઈબ્ને ઉમરથી રિવાયત કરી.)*

**(૨૧)** હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ફર્માવે છે : દર સોમવાર અને જુમેરાતે અલ્લાહ عزوجل ની બારગાહમાં અમલો પેશ કરવામાં આવે છે અને નબીઓ અને માતા પિતાની સામે દર જુમ્આના દિવસે. તેઓ નેકીઓ પર ખુશ થાય છે અને એમના ચહેરાની સફાઈ અને ચમક વધી જાય છે. તો અલ્લાહ તઆલાથી ડરો અને પોતાના મુડદાઓને પોતાના ગુનાહોથી તકલીફ ન પહોંચાડો. *(ઈમામ હકીમે વાલિદ અબ્દુલ અઝીઝથી રિવાયત કરી.)*

સારાંશ એ કે માતા પિતાનો હક્ક એવો નથી કે માણસ કયારે પણ એનાથી મુકત થાય. માતા પિતા એની હયાતનું કારણ છે, દીન અને દુનિયાની જેટલી નેઅમતો પ્રાપ્ત કરશે સઘળી તેઓના સદકામાં છે, દરેક નેઅમત અને કમાલ વજૂદ પર આધારિત છે, અને વજૂદમાં આવવાનું કારણ તેઓ છે. તો માત્ર માતા પિતા હોવું એવા મહાન હક્કનું કારણ છે, જેનાથી કયારે મુકત નથી થઈ શકાતું, તેઓનું ભરણ પોષણ કરવું તેઓની

કોશિશ, એના આરામ માટે તેની તકલીફો, ખાસ કરીને પેટમાં રાખવું, પેદા થવામાં અને દૂધ પીવડાવામાં માની તકલીફો, એનો શુક્ર કયાંથી સુધી અદા થઈ શકે છે.

ખુલાસો એ છે કે તેઓ એના માટે અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ ના પડછાયા અને એમની રુબૂબિયત અને રહમતને જાહેર કરનાર છે. એટલા માટે કુર્આને અઝીમમાં અલ્લાહ عزوجل એ પોતાના હક્ક સાથે એમના હક્કનું વર્ણન ફર્માવ્યું છે: اَنِ اشْکُرْلِیْ وَلِوَالِدَیْکَ "હક્ક માન્ય રાખ મારો અને પોતાના માતા પિતાનો."

હદીષોમાં છે : એક સહાબીએ હાજર થઈને વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالٰی علیہ وسلم એક માર્ગમાં એવા પથ્થરો પર કે જો ગોશ્ત એમના પર રાખવામાં આવતો તો કબાબ બની જતી, છ માઈલ સુધી મારી માતાને પોતાના ગળા પર સવાર કરીને લઈ ગયો તો શું મેં હક્ક અદા કરી આપ્યો ? આપે ફર્માવ્યું, તારા પેદા થવામાં જે દુઃખના ઝટકાઓનો તેણીએ સામનો કર્યો, શકય છે તેઓ પૈકી એકનો બદલો બને. *(તિબ્રાનીએ અવસતમાં હઝરત બુરૈદાથી રિવાયત કરી.)*

અલ્લાહ તઆલા નાફર્માનીથી બચાવે અને હક્કો અદા કરવાની તૌફીક અતા ફર્માવે.–આમીન બેરહમતેકા યા અર હમર્રહેમીન વ સલ્લલ્લાહુ તઆલા અલા સૈયેદિના વ મૌલાના મુહમ્મદિંવ વ આલિહી વ સહબિહી અજમઈન. આમીન વલ હમ્દુ લિલ્લાહિ રબ્બીલ આલમીન. વલ્લાહુ તઆલા અઅ્લમ.

મારી બહેનો ઈસાલે સવાબ બાબતે જે અગત્યની માહિતીની જરૂરત હતી તે તમારી ખિદમતમાં રજુ કરવામાં આવી, વારંવાર વાંચી એનાથી ફાયદો ઉઠાવો અને મુડદાંઓને ખૂબ ખૂબ સવાબ પહોંચાડો, અલ્લાહ તઆલા આપણને તૌફીક અતા ફર્માવે. આમીન વમા અલૈના ઈલલ બલાગુલ મુબીન.

وَمَا عَلَیْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِیْنُ





بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

(પ્રકરણ-૪)

# રૂહની માહિતી

نَحْمَدُہٗ وَنُصَلِّیْ عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ اَمَّا بَعْدُ
فَاَعُوْذُ بِاللّٰہِ مِنَ الشَّیْطٰنِ الرَّجِیْمِ بِسْمِ اللّٰہِ
الرَّحْمٰنِ الرَّحِیْمِ یَسْئَلُوْنَکَ عَنِ الرُّوْحِ قُلِ
الرُّوْحُ مِنْ اَمْرِ رَبِّیْ وَمَا اُوْتِیْتُمْ مِّنَ الْعِلْمِ
اِلَّا قَلِیْلًا صَدَقَ اللّٰہُ الْعَظِیْم

الصلوٰۃ و السلام علیک یا رسولَ اللہ
الصلوٰۃ و السلام علیک یا حبیبَ اللہ
الصلوٰۃ و السلام علیک یا نبیَّ اللہ
الصلوٰۃ و السلام علیک یا نورَ اللہ
صلی اللہ تعالٰی علیک و سلم

મારા પ્યારા આકા صلی اللہ تعالٰی علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! ખુત્બા પછી જે આયતે કરીમા પઢવાનો મેં શરફ પ્રાપ્ત કર્યો તેની બાબત અલ્લાહ તઆલા મને હક્ક કહેવાની અને તમને બધાંને હક્ક સમજવાની તૌફીક અતા ફર્માવે. આમીન બિ જાહિ સૈયેદિલ મુરસલીન صلی اللہ تعالٰی علیہ وسلم.

## ★ રૂહ અને બદન બંને અલગ છે ! ★

મારી બહેનો ! રૂહ એટલે જીવ. જેના થકી માણસ, જિન, ફરિશ્તા,

પશુ, પક્ષીઓ અને જન જનાવરને જીવંત કહેવામાં આવે છે. રૂહ શરીરમાં આવવાથી શરીર જીવંત બની જાય છે અને આવેલી રૂહ ખેંચાઈ ગયા બાદ તે જ શરીરને મૃતદેહ કહેવામાં આવે છે. આનાથી એ સ્પષ્ટ થયું કે શરીર અને બદન અલગ છે, અને રૂહ તથા જીવ અલગ છે, બંને એક નથી બંને બે છે.

## ★ સજીવ અને નિર્જીવમાં ફરક ★

દુનિયામાં બે પ્રકારની મખ્લૂક અલ્લાહ તઆલાએ પેદા ફર્માવી છે, એક સજીવ અને નિર્જીવ. સજીવ જીવવાળી મખ્લૂકને કહેવામાં આવે છે, અને નિર્જીવ જીવ વિનાની મખ્લૂકને કહેવામાં આવે છે. નિર્જીવ મખ્લૂકને મુડદું નથી કહી શકતા, કારણ કે મુર્દાના શબ્દ તે જીવંત માટે ખાસ છે જેનામાં રૂહ રાખવામાં આવી અને પછી તેને ખેંચી લેવામાં આવી.

## ★ બદનની હકીકતનું ઈલ્મ છે પણ રૂહની હકીકતનું નહીં ★

આપણી સમજમાં એટલી વાતો તો જરૂરથી આવે કે, રૂહ અને જીવ અલ્લાહ તઆલાની એક અલગ મખ્લૂક છે. જેના થકી અલ્લાહ તઆલા જેને ઈચ્છે છે તેને જીવંત બનાવે છે અને જેને ઈચ્છે છે તેના શરીરમાંથી રૂહને ખેંચી તેને મૃતદેહ બનાવી દે છે. શરીરની હકીકતનું તો આપણને ઈલ્મ અને નોલેજ છે, માણસનું બદન, આગ, પાણી, માટી અને હવાનું મિશ્રણ છે. ફરિશ્તાનું બદન નૂરનું છે, જિન્નાતનું બદન આગનું છે, પશુ પક્ષીઓનું બદન આગ, પાણી, માટી અને હવાનું મિશ્રણ છે. પરંતું રૂહ અને જીવ છે, પણ તેની હકીકત શું છે ? તેનું આપણને ઈલ્મ નથી. આસમાની કિતાબોમાં તેને અમ્રે રબ્બ કહેવામાં આવ્યું, પણ તેની હકીકતનો કોઈ ઉલ્લેખ થયો નથી. ખુત્બામાં કુર્આન શરીફની જે આયત તિલાવત થઈ તેમાં પણ સ્પષ્ટ શબ્દોમાં વર્ણન છે કે, રૂહ અમ્રે રબ્બ છે, તમને જે ઈલ્મ આપવામાં આવ્યું તે ઘણું જ ઓછું છે. તમારે તેની હકીકતમાં પડવાની કોઈ જરૂરત નથી. માત્ર એ વાતનું મનન કરો કે, તમને રૂહની નેઅમત આપીને જીવંત બનાવવામાં કેમ આવ્યા ? જો





તમારી સમજમાં એ રહસ્ય આવી જાય તો તમારી નજાત માટે પૂરતું થઈ શકે છે. દુનિયામાં રહેવા માટે ઘણો ઓછો સમય છે, અર્પણ કરવામાં આવેલી રૂહની નેઅમત એક દિવસ પરત લઈ લેવામાં આવશે. જ્યારે તે વાતનું ઈલ્મ પ્રાપ્ત નથી થઈ શકતું તો પછી તેની તલાશમાં ટાઈમ ખરાબ ન કરવો જોઈએ, બલ્કે જે મકસદ માટે જીવ આપવામાં આવ્યો તેની પ્રાપ્તિમાં લાગી જવું જોઈએ.

## ★ હકીકત જાણવાના પ્રયત્નો નિષ્ફળ ★

દુનિયામાં આજે સાઈન્સ એટલી તરક્કી પર છે કે, ચાંદ પર પહોંચી ગઈ. અને હવે તો ત્યાં રહેવા માટે હોટલ બનાવવાના પણ પ્લાન થઈ રહ્યા છે ! શું તેમણે રૂહ શું છે તેની હકીકત જાણવા માટે પ્રયત્નો નહીં કર્યા હોય ? જરૂરથી કર્યા હશે ! અને હજુ પણ પ્રયત્નો ચાલું જ હશે. તો પણ તેઓ તેની હકીકતે પહોંચી ન શકયા. હજારો પ્રયત્નો કર્યા પછી પ્રથમ જે ફેંસલા પર હતા, આજે પણ તે જ ફેંસલા પર છે કે જીવ એક અલગ વસ્તુ છે. પણ શું છે ? તેની ખબર પડતી નથી ! અને ખુદાના કલામને લક્ષમાં રાખીને હું ચેલેન્જ કરું છું કે તેની હકીકતે પહોંચી શકાશે પણ નહીં. તેની પાછળ પડવું એક અશકય ચીજની પ્રાપ્તિમાં લાગવું છે.

ઉપરોકત આયતમાં છે કે, તમને ઓછું ઈલ્મ આપવામાં આવ્યું છે. તે માત્ર આપણા નબીના આ દુનિયાની હયાતના જીવન સુધી નથી. બલ્કે કિયામત સુધી આવનાર સર્વ માટે છે. એટલે કે દુનિયામાં ઈલ્મ ગમે તેટલી પ્રગતિ કરે અને માણસ ઈલ્મના ગમે તે દરજ્જે પહોંચે, સાઈન્સ અને વિજ્ઞાન ગમે તેવા અનુભવો કરે પરંતુ આ કુર્આનનું ચેલેન્જ છે તેનો જવાબ કોઈ બતાવી શકતું નથી.

## ★ સાઈન્સની પ્રગતિ માત્ર મટિરિયલનું મિશ્રણ છે ★

સાઈન્સ તરફથી એટલી પ્રગતિ જરૂરથી જોવા મળે છે કે, એક જાનવરનો નુત્ફો બીજા જાનવરના ગર્ભમાં રાખી અલગ અલગ પ્રકારના જાનવરો પેદા કરવામાં આવે છે. બલ્કે કોઈ ઔરતને હમલ ન રહેતો હોય તો તેના ગર્ભમાં પણ નુત્ફો પહોંચાડે છે, અને બાળક પેદા કરવાની

કોશિશ કરે છે, પરંતુ ધ્યાન કરવામાં આવે તો એ સ્પષ્ટ થાય છે કે આ માત્ર હેરાફેરી છે ત્યાં પણ શરીરમાં રૂહ અલ્લાહ તઆલા જ પેદા કરે છે. તેમાં રૂહ કેવી રીતે પ્રવેશે છે. તેનું પણ સાઈન્સને ઈલ્મ નથી. જ્યારે રૂહની હકીકત શું છે ? તેની બાબત સાઈન્સની રિસર્ચ નથી, તો પછી તે બદનમાં કેમ કરી આવે છે અને કેમ કરી જાય છે ! તેનું ઈલ્મ શી રીતે થઈ શકે છે ?

## ★ ઈલ્મમાં નબીઓનો મોટો ફાળો છે ★

જોવા જઈએ તો માણસ ઘણો જ લાચાર અને મજબૂર છે, આજ સુધી તેણે જે કાંઈ પ્રાપ્ત કર્યું છે તેનો વધુ ભાગ નબીઓ તરફથી મળ્યો છે. દુનિયાના ગુપ્ત ખજાનાઓ જે જમીનમાં દફન હતા અને તેનું માણસને ઈલ્મ ન હતું તે બતાવનાર નબીઓ છે, નબીઓની તાલીમ ન હોત તો માણસ પોતે શું છે તેનું પણ ઈલ્મ ન મેળવી શકતો. હિદાયતથી તો મહરૂમ રહેતો પણ પોતાની માનવિયતને પણ સમજી ન શકતો. સાઈન્સ તરફથી વજૂદમાં આવતી નવી ચીજ વસ્તુઓની હકીકત પર ધ્યાન આપવામાં આવે તો એ વાત સ્પષ્ટ છે કે તેના તરફથી માત્ર એક ચીજને બીજી ચીજ સાથે મિલાવવાનું કામ કરવામાં આવ્યું છે. તે સિવાય બીજા કોઈ પ્રયત્નો નથી, અને થઈ શકતા પણ નથી. મટિરિયલ જેનાથી દરેક ચીજ બનાવવામાં આવે છે, તેના બનાવવા પર ઈન્સાનને કુદરત પ્રાપ્ય નથી. મટિરિયલ અલ્લાહ તઆલા તરફથી પેદા કરવામાં આવ્યું છે. જો મટિરિયલ અલ્લાહ તઆલા તરફથી પેદા કરવામાં ન આવતું તો માણસ મિશ્રણ ન કરી શકતો અને કોઈ ચીજ વજૂદમાં ન આવતી. આપણે છેવટની વાત કરીએ તો એ કહેવું જ પડશે કે આપણને ઘણુ જ ઓછું ઈલ્મ આપવામાં આવ્યું છે.

## ★ બદનમાં રૂહ અગત્યનો ભાગ ભજવે છે ★

દુનિયામાં આવવાની દ્રષ્ટિએ પ્રથમ માણસનું બદન માનાં પેટમાં તૈયાર થાય છે અને પછી તેમાં અલ્લાહ તઆલા તરફથી રૂહ પડે છે. આ દુનિયામાં માણસ શરીરના આકાર અને રૂહની નેઅમતથી જ માણસ છે,





પરંતુ તેમાં રૂહ અગત્યની છે, જો રૂહ ન હોય તો શરીરને જમીનના ખાડામાં દફન કરી દેવામાં આવે છે. ગમે તેટલો નજીકનો સગો અને ગમે તેટલો પ્રિય હોય એટલે સુધી કે માતા પિતા કેમ ન હોય ? પરંતુ રૂહ નીકળી ગયા પછી તેમની લાશને પણ જમીનના ઊંડા ખાડામાં દફન કરી દેવામાં આવે છે. તો સ્પષ્ટ થયું રૂહવાળા બદનની કદ્ર રૂહના સદકામાં થાય છે. રૂહ નીકળી ગયા બાદ બદનને ઘરમાં રાખવા લાયક સમજવામાં આવતું નથી. જે રૂહનો બદન સાથે આટલો ગાઢ સંબંધ છે તેમ છતાં માણસ તેને સમજી શકયો નથી. તેનાથી જ જીવંત છે તો પણ તેની હકીકત જાણી શકયો નથી. પોતે શું છે તેને પણ સમજી શકયો નથી. તે પોતાની આંખોથી સમગ્ર જગતને દેખે છે, પરંતું તે પોતાને જ દેખી શકતો નથી. આપણે આપણા શરીરને જોવાની તો શકિત ધરાવીએ છીએ, પરંતુ જે આપણે પોતે જ છીએ તેને જોઈ શકતા નથી ! પછી સાઈન્સ અને વિજ્ઞાન એવો દાવો કરે કે, અમે દુનિયાની ચીજોની હકીકત મેળવી લીધી તો તેમને કહેવામાં આવે કે તમે તો હજુ એટલા લાચાર છો કે તમને તમારી પોતાની હકીકતનું ઈલ્મ થયું નથી ! જે પોતે પોતાની હકીકત ન મેળવી શકે, તેને બીજી ચીજોની હકીકતનું સત્ય ઈલ્મ શી રીતે પ્રાપ્ત થઈ શકે છે ? અને જેને પોતાની હકીકતનું ઈલ્મ ન હોય તે અલ્લાહની જોઈએ તેવી મઅરેફત શી રીતે પ્રાપ્ત કરી શકે છે. એટલા માટે તો પોતાની ઓળખ પર રબની ઓળખની બુન્યાદ રાખવામાં આવી છે. હદીષે પાકમાં છે, **"મન અરફા નફસહુ ફ કદ અરફા રબ્બહ"** જેણે પોતાના નફસ (રૂહ)ને ઓળખી લીધો તેણે પોતાના રબને ઓળખી લીધો." જો ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો સ્પષ્ટ થાય છે કે નફસની મઅરેફત અને ઓળખ એટલી જ હાર્ડ છે જેટલી કે રબની મઅરેફત અને ઓળખ. જેને લઈને એકની ઓળખને બીજાની ઓળખ કહેવામાં આવ્યું. અને કુર્આન શરીફમાં એટલે જ બયાન કરવામાં આવ્યું કે તમને ઓછું ઈલ્મ આપવામાં આવ્યું છે. તમે પોતાની જાન અને જીવની હકીકતનું પણ ઈલ્મ મેળવી શકતા નથી.

## ★ ઈન્સાનની લાચારી ★

જિન્નાત અને ફરિશ્તાનો વજૂદ છે, તેઓ જૌહર કાઈમ બિઝઝાત

છે. એટલે કે તેઓ પોતે જ મૌજૂદ છે, તેમનો વજૂદ બીજી ચીજનો સહારો લઈને નથી. જેને મન્તિકની પરિભાષામાં અઝ઼ કહેવામાં આવે છે. જેમ કે ઠંડક, ગરમી, કલર વગેરે. આમનો વજૂદ આપમેળે નથી, બલ્કે કોઈ ચીજ સાથે મળીને જ થાય છે. એ જ પ્રમાણે રૂહ પણ જૌહર છે. કાઈમ બિઝ્ઝાત છે, એવું નથી કે બદન હોય તો જ તેનો વજૂદ થાય, બલ્કે તે આપમેળે પ્રથમથી મૌજૂદ છે. માત્ર બદન સાથે તેનો સંબંધ થાય છે. અને તે ઘણી જ લતીફ અને પાતળી છે. શરીરમાં ખુદાના હુકમથી પ્રવેશી જાય છે. જેમ જિન અને ફરિશ્તાને જ્યાં સુધી દળદાર બદનનો સહારો ન લે જોઈ નથી શકતા. એ જ પ્રમાણે રૂહને તેના પાતળા અને ગેરદળદાર હોવાને લઈને દેખી નથી શકતા, પરંતું દળદાર બદનનો સહારો લીધા પછી તેના કર્મોથી તેનું યકીન પેદા થાય છે. એક માણસ બીજા માણસને પોતાની આંખોથી જુએ છે, પરંતુ આંખોને માત્ર બદન દેખાય છે, રૂહ તો બદનમાં પ્રવેશેલી છે, તેને એકલી જોઈ શકતા નથી. આ છે માણસની લાચારી કે પોતે જ પોતાને જોઈ શકતો નથી.

## ★ યહૂદીઓનો રૂહ વિશે નબીએ પાકથી પ્રશ્ન ★

તૌરાત અને ઈન્જીલમાં જે અલ્લાહ તઆલા તરફથી હઝરત મૂસા અને ઈસા علیہم الصلوٰۃ والسلام પર નાઝિલ થયેલ કિતાબો છે, પરંતુ તેમાં રૂહનું ઈલ્મ ગુપ્ત રાખવામાં આવ્યું છે. અને યહૂદીઓએ સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلمને રૂહ વિશે સવાલ કર્યો. તો આપ પ્રથમ ખામોશ થઈ ગયા. ત્યારે અલ્લાહ તઆલાએ આપ પર વહી નાઝિલ ફર્માવી અને આપે આગલી કિતાબો માફક જવાબ આપ્યો કે, રૂહ અલ્લાહનો અમ્ર છે તેની હકીકતનું ઈલ્મ ગુપ્ત રાખવામાં આવ્યું છે.

## ★ તેને કોઈ જાણી શકશે નહીં ★

શૈખૈને ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી : આપ ફર્માવે છે, હું હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે મક્કાની વેરાન જગા પર હતો. આપ એક લાકડી પર ટેકો લગાડેલા હતા, તો અમુક યહૂદી પસાર થયા અને તેમણે (એક બીજાને) કહ્યું, આમનાથી રૂહ બાબત પ્રશ્ન કરો, અમુકે કહ્યું, ન પૂછો !





જો તેઓ એવો જવાબ આપશે તો તેમને સારું લાગશે નહીં. અંતે પૂછવા પર ફૈસલો કર્યો. તેઓ આગળ વધ્યા અને કહ્યું, અય મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم રૂહ શું છે ? તો આપ લાકડી પર ટેક લગાડેલ પ્રથમ હાલતમાં ઊભા રહ્યા. મને એવું ગુમાન થવા લાગ્યું કે આપ પર વહી ઉતરી રહી છે. પછી આપે ફર્માવ્યું :–

يَسْـَٔلُوْنَكَ عَنِ الرُّوْحِ قُلِ الرُّوْحُ مِنْ اَمْرِ
رَبِّيْ وَمَا اُوْتِيْتُمْ مِّنَ الْعِلْمِ اِلَّا قَلِيْلًا

"તમને રૂહ બાબત સવાલ કરે છે અય મહબૂબ ! તમે ફર્માવી દો રૂહ મારા રબનું કામ છે અને તમને ઓછું ઈલ્મ આપવામાં આવ્યું.

## ★ શર્હુસ્સુદૂરમાં રૂહ વિશે ઉલ્લેખ ★

**(૧)** રૂહના જાણવા વિશે વિવાદ છે. ઉત્તમ એ જ છે કે એની બાબત ચર્ચા કરવામાં ન આવે.

**(૨)** જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ નું ફર્માન છે, રૂહનું ઈલ્મ ખુદા સાથે છે, તેને મખ્લૂકને નથી આપ્યું. (નબીએ પાકને અર્પણ થયું છે જેનો ઉલ્લેખ થશે.) તો આ બાબતે ચર્ચા ન કરવી જોઈએ. આ, તે મૌજૂદ છે.

**(૩)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ અને વધુ પડતા પૂર્વજો તરફથી આ જ પ્રમાણેનો ઉલ્લેખ છે કે રૂહ બાબતે ચર્ચા કરવામાં ન આવે તેનું ઈલ્મ અલ્લાહ તઆલા પાસે છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما રૂહની તફસીર ન ફર્માવતા હતા.

**(૪)** ઈબ્ને અબી હાતિમે હઝરત ઈકરામથી રિવાયત કરી છે : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને રૂહ બાબત સવાલ પૂછવામાં આવ્યો, આપે ફર્માવ્યું, રૂહ મારા રબના આલમે અમ્રથી છે. તમે તેની હકીકતને પામી નથી શકતા. તમે એ જ કહો જે ખુદા તઆલાએ ફર્માવ્યું અને તેના નબીએ શિખવ્યું. وَمَا اُوْتِيْتُمْ مِّنَ الْعِلْمِ اِلَّا قَلِيْلًا "તમને થોડું જ ઈલ્મ આપવામાં આવ્યું."

**(૫)** હઝરત ઈબ્ને જરીરે પોતાની સનદથી રિવાયત કરી છે :

જ્યારે ઉપરોક્ત આયત નાઝિલ થઈ ત્યારે યહૂદીઓએ કહ્યું કે આ જ પ્રમાણે અમારી કિતાબમાં છે.

(૬) અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ ફર્માવે છે, આ તે મસ્અલો છે જેને અલ્લાહ તઆલાએ કુર્આન, તૌરાત અને ઈન્જીલમાં ગુપ્ત રાખ્યો તો તેનું સત્ય ઈલ્મ કોને પ્રાપ્ત થઈ શકે છે ?

(૭) અબુલ કાસિમ કોશૈરીએ કહ્યું કે રૂહ બાબતે મહાન મહાન ફિલોસોફરો પણ ચુપ થઈ ગયા છે. અને કહ્યું કે આ તકદીર માફક એક રહસ્ય છે.

(૮) ઈબ્ને બત્તાલ કહે છે : આના ઈલ્મથી મખ્લૂકને મહરૂમ રાખવાનો ફાયદો એ છે કે તેઓ પોતાની લાચારી જાણી લે.

(૯) ઈમામ કરતબીએ કહ્યું કે રૂહની હકીકત ન બતાવવામાં એ વાતથી હોશિયાર કરવામાં આવ્યા છે કે, અય માણસ ! જ્યારે તું પોતાની હકીકત જાણવાથી લાચાર છે, તો પછી પોતાના ખાલિક (અલ્લાહ)ની હકીકતને શું ઓળખી શકે છે ? આ બિલકુલ આમ જ છે જેમ માણસની નિગાહ પોતાને જ જોઈ નથી શકતી.

(૧૦) અમુક લોકોએ રૂહની હકીકત બાબતે ચર્ચા કરી છે. ઈમામ નવોવી رحمۃ اللہ علیہ ફર્માવે છે, આમાં વધુ સત્ય વાત ઈમામુલ હરમૈનની છે. આપ ફર્માવે છે : રૂહ એક પાતળું બદન છે. જે દળદાર બદનમાં એ પ્રમાણે પ્રવેશેલું છે, જેમ લીલી છમ લાકડીમાં પાણી. એટલે કે લાકડીનું બદન અલગ છે, પાણીનું બદન અલગ છે. પરંતું લીલી લાકડીમાં પાણી એ પ્રમાણે પ્રવેશેલું હોય છે કે જ્યાં આપણને પાણીનો ખ્યાલ પણ આવતો નથી. એક બદનમાં બીજું બદન પ્રવેશી ગયું, અને તેના દરેક ભાગમાં પહોંચી ગયું, એટલા માટે કે પાણીમાં વહેવાની શક્તિ છે, અને વહેતી ચીજ જગા મળતાં પ્રવેશી શકે છે. તો એ જ પ્રમાણે રૂહ પાતળી ગેર દળદાર ચીજ છે જે ઈન્સાની બદનમાં પ્રવેશીને તેને જીવંત બનાવે છે.

## ★ રૂહનું પણ એક બદન છે ★

વધુ પડતા આલિમોનું રૂહ બાબતે મંતવ્ય એ છે કે રૂહ એક બદન





છે. કિતાબ, સુન્નત અને ઈજમાએ ઉમ્મતથી એ જ સાબિત થાય છે કે, રૂહ એક બદન છે. કારણ કે બદનની જે વિશિષ્ટતાઓ છે તે રૂહમાં પણ જોવા મળે છે. દા.ત. તેને પકડવું, છોડવું, બહાર કાઢવું, પોતે નીકળવું, જવું, આવવું, ખુશ થવું, નારાજ થવું, હરવું ફરવું, આનંદ પામવો, તકલીફ ઉઠાવવી, બોલવું, એક બીજાને ઓળખવું વગેરે. આ સઘળી વાતો બદનને લગતી છે અને રૂહને આ સઘળી વાતો લાગુ પડે છે. (જેનો ઉલ્લેખ દલીલોથી પણ થશે.) સ્પષ્ટ થયું રૂહ પણ એક બદન છે. હઝરત અબુલ કાસિમ કુશૈરી ફર્માવે છે, રૂહ લતીફ (પાતળુ) બદન હોવામાં ફરિશ્તા અને જિન્નાત માફક છે. એટલે કે જેમ ફરિશ્તા અને જિન્નાતનું લતીફ (પાતળુ) બદન છે જેને લઈને તમે જોઈ શકતા નથી અને રૂહ પણ તેમની માફક હોવાથી જોવામાં આવતી નથી.

## ★ રૂહ પેદા કરવામાં આવી છે ★

ઈસ્લામી શરીઅત પ્રમાણે અલ્લાહ તઆલાની જાત અને તેની સિફતો કદીમ, અઝલી અને અબદી છે, એટલે કે તે હમેશાંથી છે અને હમેશાં રહેશે. તે સિવાય કોઈ પણ ચીજ વસ્તુ હમેશાંથી નથી બલ્કે અલ્લાહ તઆલાએ કાએનાત અને જગતને પેદા કરવાનો ઈરાદો ફર્માવ્યો, ત્યારે જગત અને તેની ચીજો વજૂદમાં આવી. અલ્લાહ તઆલા ફર્માવે છે :– اَللّٰہُ خَالِقُ کُلِّ شَیۡءٍ "અલ્લાહ તઆલા દરેક ચીજ વસ્તુનો પેદા કરનાર છે." આ અકીદાના આધારે રૂહો હમેશથી નથી બલ્કે રૂહોનો વજૂદ ન હતો અલ્લાહ તઆલાએ જ્યારે તેમને પેદા કરવાનો ઈરાદો ફર્માવ્યો તો પોતાની કામિલ કુદરતથી તેમને વજૂદ આપ્યો. એટલે આમ કહેવું કે રૂહો હમેશાંથી છે જેમ કે અમુક ફિલોસોફરોનું મંતવ્ય એ છે ઈસ્લામના બુન્યાદી અકીદાની વિરૂધ્ધ વાત છે તેના તરફ ધ્યાન કરવામાં ન આવે. મુસલમાન અલ્લાહ તઆલાની જાત અને તેની સિફતો સિવાય કોઈ ચીજ હમેશાંથી છે તે માન્યતા રાખતો નથી.

## ★ કુર્આનથી રૂહોના હમેશાંથી ન હોવાનો સુબૂત ★

ખુત્બા બાદ જે આયતે કરીમા તિલાવત કરવામાં આવી, તેમાં બે

પ્રકારથી રૂહોના હાદિષ (ન હતી પેદા કરવામાં આવી) હોવા તરફ ઈશારો કરવામાં આવ્યો છે.

**(૧)** اَلرُّوْحُ مِنْ اَمْرِ رَبِّیْ "રૂહ રબના હુકમથી છે." એટલે કે જ્યાં સુધી રબનો હુકમ ન થયો, તેનો વજૂદ ન હતો. જ્યારે અલ્લાહ તઆલાએ તેને પેદા કરવાનો ઈરાદો ફર્માવ્યો તો કુન (થઈ જા !) કહીને વજૂદની દોલત અર્પણ કરી. તો અમ્રે રબ્બ કહી તેના હમેશાંથી ન હોવા તરફ ઈશારો કરવામાં આવ્યો.

**(૨)** مَا اُوْتِیْتُمْ مِنَ الْعِلْمِ اِلَّا قَلِیْلًا "તમને થોડું જ ઈલ્મ આપવામાં આવ્યું." અસલ માણસ રૂહ છે બદનને આ દુનિયામાં પહોંચાડવાનો સબબ બનાવવામાં આવ્યો છે. તો "તમને" કહી અસલિયત તરફ ઈશારો થઈ રહ્યો છે. મતલબ એ થયો કે તમારી પાસે ઈલ્મ, મઅરેફત અને ઓળખ તદન ન હતી. થોડું ઈલ્મ જે આપવામાં આવ્યું તે પણ અલ્લાહ તઆલા તરફથી છે. સ્પષ્ટ થયું તમારામાં જહાલત અને અજાણતાનો અંધકાર હતો. અલ્લાહ તઆલાએ તમારામાં ઈલ્મનો પ્રકાશ ફેલાવ્યો, તો પ્રથમ તમારી હાલત તદન કશું ન જાણવાની હતી, ત્યાર બાદ જાણવાની હાલત પેદા કરી. તમારી હાલતમાં ફેરફાર થયો, જહાલત પછી ઈલ્મ, નુકસાન પછી કમાલ અને કાયદો છે કે જેની હાલતમાં ફેરફાર થાય તે કદીમ, અઝલી, અબદી (હમેશાંથી) નથી હોતો. અને અહીં ફેરફાર થઈ રહ્યો છે. એટલે આ કાયદાના આધારે રૂહો હમેશાંથી નથી. રબ તબારક વ તઆલા તરફથી પેદા કરવામાં આવી છે.

## ★ રૂહો પેદા કરવામાં આવી : હદીષથી સબૂત ★

ઈબ્ને મુંદાએ અમ્ર બિન મુનબ્બહ رضی اللہ عنہ થી મરફૂઅ રિવાયત કરી છે : સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ બંદાઓની રૂહોને બંદાઓથી બે હજાર વર્ષો પહેલાં પેદા ફર્માવી. જેમણે એક બીજાની ઓળખ મેળવી તે મળી ગઈ અને જેમણે ઓળખ ન મેળવી તે અલગ થઈ ગઈ.

ઉપરોકત હદીષ શરીફથી એ જાણવા મળ્યું કે રૂહો હમેશાંથી નથી





બલ્કે તેમને અલ્લાહ તઆલાએ વજૂદ અતા ફર્માવ્યો. બીજી વાત એ જાણવા મળી કે રૂહો અને બદન બંને અલગ અલગ છે. અને ત્રીજી વાત એ જાણવા મળી કે પ્રથમ રૂહો પેદા કરવામાં આવી.

## ★ પ્રથમ રૂહો પેદા કરવામાં આવી ★

કુર્આન શરીફમાં ફુર્કાને હમીદની સૂરએ અઅ્રાફની આયતથી એ જાણવા મળે છે કે અલ્લાહ તઆલાએ પ્રથમ રૂહો પેદા ફર્માવી. એવું નથી કે જ્યારે માં ના પેટમાં શરીર તૈયાર થાય છે ત્યાર બાદ તેમાં રૂહ પેદા કરવામાં આવે છે બલ્કે રૂહો પ્રથમ પેદા થઈ ગઈ છે. જેના માટે આ દુનિયામાં આવવાનો સમય થાય છે તેને માંના પેટમાં તૈયાર થતા શરીરમાં પહોંચાડી આપવામાં આવે છે. સ્પષ્ટ થયું કે બદન તો આ દુનિયામાં વજૂદ પામે છે અને પેદા થાય છે જ્યારે કે રૂહો તો પ્રથમથી પેદા થઈ ગઈ છે !

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَاِذْ اَخَذَ رَبُّکَ مِنْ بَنِیْٓ اٰدَمَ مِنْ ظُهُوْرِهِمْ
ذُرِّیَّتَهُمْ وَاَشْهَدَهُمْ عَلٰٓی اَنْفُسِهِمْ اَلَسْتُ بِرَبِّکُمْ
قَالُوْا بَلٰی شَهِدْنَا اَنْ تَقُوْلُوْا یَوْمَ الْقِیٰمَةِ
عَنْ هٰذَا غٰفِلِیْنَ

"અને અય મહબૂબ ! યાદ કરો જ્યારે તમારા પરવરદિગારે આદમની ઔલાદની પીઠોમાંથી તેમનો વંશ કાઢયો અને તેમને પોતાને એના પર સાક્ષી બનાવ્યા, શું હું તમારો રબ નથી ? બધા બોલ્યા, કેમ નહીં ?! અમે સાક્ષી બન્યા કે કયાંક કિયામતના દિવસે કહો કે અમને એની ખબર ન હતી."

ઉપરોકત આયતે કરીમાથી એ સ્પષ્ટ થયું કે અલ્લાહ તબારક વ તઆલા તરફથી આલમે અરવાહમાં રૂહોથી અલ્લાહના રબ હોવાનો અને તેની સાથે બીજાને શરીક ન કરવાનો વાયદો લેવામાં આવ્યો હતો, અને રૂહોએ એક સાથે એ વાતનું વચન સ્વીકાર્યું હતું કે તું જરૂરથી અમારો રબ

છે. સારાંશ એ કે રૂહોને આલમે અરવાહમાં જ વજૂદ આપવામાં આવ્યો છે. રબના હુકમથી જે રૂહને જે શરીરના સંબંધમાં આ દુનિયાનો સફર કરવાનો હોય છે ફરિશ્તાઓ તે બદનમાં રૂહને પહોંચાડી આપે છે. અને નિશ્ચિત સમય સુધી રૂહ તે બદનમાં રહી પોતાનો સમય પૂરો થતાં ફરિશ્તા મારફત તે બદનમાંથી આલમે બરઝખમાં ચાલી જાય છે અને કિયામત સુધી ત્યાં રહેશે. (જેનો ઉલ્લેખ થશે.)

## ★ રૂહોના પ્રથમ વજૂદ પર હદીષથી સુબૂત ★

હદીષ શરીફથી પણ એ સાબિત થાય છે કે પ્રથમ રૂહો પેદા કરવામાં આવી છે. એવું નથી કે આ દુનિયામાં માના પેટમાં શરીર પેદા થયા બાદ તેમાં રૂહ પેદા કરવામાં આવે બલ્કે રૂહો તો પ્રથમથી પેદા થઈ ગઈ છે. માત્ર બદન સાથે તેમનો સંબંધ કરવામાં આવે છે. તિર્મિઝી શરીફમાં હઝરત મુસ્લિમ બિન યસારથી રિવાયત છે : આપ ફર્માવે છે, હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ થી ઉપરોકત આયત બાબત સવાલ કરવામાં આવ્યો, હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, આ આયત બાબતે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી સવાલ કરવામાં આવ્યો તો મેં હુઝૂરને ફર્માવતા સાંભળ્યા, અલ્લાહ તઆલાએ હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام ને પેદા ફર્માવ્યા પછી તેમની પીઠ પર જમણો હાથ (દસ્તે કુદરત) ફેરવ્યો. પછી તેમની પીઠમાંથી તેમનો વંશ કાઢયો અને ફર્માવ્યું, આમને મેં જન્નત માટે અને જન્નતીઓનાં તે કામો માટે પેદા કર્યા જે જન્નતી કરશે. ત્યાર બાદ અલ્લાહ તઆલાએ હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام ની પીઠ પર હાથ (દસ્તે કુદરત) ફેરવ્યો, અને તેમાંથી તેમનો વંશ કાઢયો અને ફર્માવ્યું, આમને મેં દોઝખ માટે અને દોઝખીઓનાં તે કામો માટે જે દોઝખી કરશે પેદા ફર્માવ્યા. આ સાંભળીને એક માણસે સવાલ કર્યો, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم પછી અમલનું શું ? રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે અલ્લાહ તઆલા કોઈ બંદાને જન્નતમાં પહોંચાડવા માટે પેદા ફર્માવે છે, તો તેને તે જ અમલ કરવાતો રહે છે જે જન્નતીઓના હોય છે. એટલે સુધી કે તે જન્નતીઓના જ કોઈ કામ પર મૌત પામે છે પછી તેના થકી તેને જન્નતમાં દાખલ કરશે. અને જ્યારે કોઈ બંદાને દોઝખ માટે પેદા ફર્માવે છે, તો તે





દોઝખીઓનાં જ કામ કરે છે એટલે સુધી કે દોઝખીઓના કોઈ કામ પર મૌત પામે છે, તેના થકી તેને દોઝખમાં દાલખ કરશે.

## ★ રૂહ અને બદન બંને અલગ અલગ છે ★

ઉપરોકત સુબૂતોથી એ તો જાણવા મળ્યું કે રૂહો પ્રથમ પેદા કરવામાં આવી હતી અને બદન જેની સાથે રૂહનો સંબંધ કરવામાં આવે છે તેની પેદાઈશ આ દુનિયામાં થાય છે. પરંતું અહીં સવાલ એ ઉપસ્થિત થાય છે કે માત્ર રૂહને ઈન્સાન કહેવામાં આવે કે પછી તેની સાથે બદનને પણ જોડવામાં આવે અથવા માત્ર બદનને ઈન્સાન કહેવામાં આવે ? બીજા શબ્દોમાં આમ કહેવામાં આવે કે ઈન્સાન બદન છે તો એ બદનથી મુરાદ આ જાહેરી બદન છે અથવા આ જાહેરી બદનમાં પ્રવેશેલું છે તે બદન છે, અથવા બંનેને છોડી બીજું બહારનું બદન છે ? જમહૂર મોતકલ્લિમીનનું કહેવું એવું છે કે ઈન્સાન જાહેરમાં દેખાતા બદનનું નામ છે. અને એટલા માટે તેમના તરફથી ઈન્સાનની તારીફ (ઓળખ) કરવામાં નથી આવતી. કારણ કે જ્યારે આ દેખાતા જાહેરી બદનનું નામ ઈન્સાન છે તો પછી તેની તારીફ અને ઓળખ આપવાની શી જરૂરત ? આપ મેળે આમ જ ઓળખાય જાય છે.

## ★ ઈન્સાન માત્ર રૂહ છે, અને બદન જાહેરી સબબ ! ★

જમહૂર મોતકલ્લિમીન તરફથી જે મંતવ્યનો ઉલ્લેખ થયો તેના પર અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે અને તહકીકના પ્રકાશમાં એ સ્પષ્ટ થાય છે કે રૂહ જ ઈન્સાન છે, અને બદન જે અમલની દુનિયામાં જરૂરી છે તે માત્ર જાહેરી સબબ છે. હકીકતમાં કારફરમાં (કાર્ય કરતી) રૂહ છે અને એટલે જ રૂહના બદનમાંથી નીકળી ગયા બાદ બદનને જમીનમાં દફન કરી દેવામાં આવે. કારણ કે બદનના હથિયારો રૂહના સદકામાં જ કામ આપી રહ્યા હતાં હવે તેમાં રૂહ નથી રહી એટલે તેમનું કામ પણ પૂરું થયું જેથી તેને દફન કરી દેવામાં આવે છે. બીજું એ કે બદનની સલામતી રૂહથી જ છે જો રૂહ ન રહે તો બદનની હિફાઝત થઈ શકતી નથી. જાણવા

મળ્યું કે અસલ માણસ અને ઈન્સાન રૂહ છે.

## ★ ઉપરોક્ત મસ્અલો દલીલની રોશનીમાં ★

**(૧)** ઈન્સાનનું જાહેરી બદન જેની શક્કલ સૂરત નિયુકત છે તેને જોઈને એ જાણવા મળે છે કે આ ઈન્સાન છે માણસ છે. એ જ પ્રમાણે અલ્લાહ તઆલાએ દરેક મખ્લૂક માટે અલગ અલગ શક્કલ સૂરત રાખી છે જેનાથી એક પ્રકારના જાનવરો અને પક્ષીઓ બીજા પ્રકારથી અલગ ઓળખાય છે. પરંતુ આ એક જાહેરી ઓળખ છે જેનો સંબંધ આંખો સાથે છે, પરંતુ ઊંડાણમાં ઉતરવામાં આવે અને ડીપમાં જઈને તહકીકી ફૈંસલો કરવામાં આવે તો એ સ્પષ્ટ થાય છે કે જાહેરી બદનને ઈન્સાન કહેવું બરાબર નથી કારણ કે જાહેરી બદનમાં ફરક આવતો રહે છે અને તફાવત થયા કરે છે. નાનું બાળક હોય તો તેનું બદન સરખું હોય છે, જેમ જેમ મોટું થાય બદનમાં અને શરીરમાં વધારો થતો જાય છે. કયારેક તાજો માણસ બીમારીમાં સપડાયને સાવ કાચંડા જેવો બની જાય છે. સારાંશ એ કે જાહેરી બદનમાં તફાવત થતો રહે છે પરંતુ આ તફાવત જોતાં અસલ માણસના માણસ હોવામાં કોઈ ફેરફાર થતો નથી. સાબિત થયું કે જે બદલાય છે તે બદન છે અને જે પોતાની અસલિયત પર બાકી રહે છે તે ઈન્સાન છે અને તે રૂહ છે.

**(૨)** માણસ જ્યારે કોઈ વાતમાં મનન કરે છે, અથવા જ્યારે કોઈ કામમાં તલ્લીન થઈ જાય છે તે સમયે તે પોતાના શરીરના બધા જ ભાગોથી વંચિત થઈ જાય છે, પરંતુ તે સમયે પોતાની જાતથી વંચિત થતો નથી. દા.ત. ગુસ્સાની હાલતમાં કહે છે, હું ગુસ્સામાં છું, વાત સાંભળતો હોય તો કહે છે, હું તમારી વાત સાંભળું છું. ચેહરા તરફ જુએ છે તો કહે છે, હું તમને જોઉં છું વગેરે. "હું" નો શબ્દ પોતાની જાત તરફ ઈશારો કરે છે. તો પોતે પોતાની જાત મુરાદ લેતો હોય છે પણ તે સમયે પોતાના બદનના ભાગોથી તદન વંચિત હોય છે. અને એ કબૂલ થયેલ વાત છે કે જાણીતુ અને અજાણુ બંને અલગ છે. તો સ્પષ્ટ થયું કે બદનના ભાગોથી વંચિત થવા સમયે જાત જાણવી એ વાતની દલીલ છે કે તે પોતે અલગ છે અને શરીર અલગ છે.





**(૩)** દરેક માણસ પોતાના શરીરના ભાગો તરફ સંબંધ કરતાં કહે છે, મારું માથુ, મારી આંખ, મારો હાથ, મારો પગ, મારું દિલ વગેરે. અને એ વાત કબૂલ થયેલ છે કે જેનો સંબંધ કરવામાં આવે, અને જેનાથી સંબંધ કરવામાં આવે બંને અલગ છે. દા.ત. મારું બદન તો હું અલગ અને બદન અલગ છે. સ્પષ્ટ થયું કે હું છે તે માણસ અને બદન તથા બદનના ભાગો તેનાથી અલગ છે. અને એટલા માટે મારું બદન કહી શકાય છે. કેમ કે મારું અલગ છે અને બદન અલગ છે. પરંતુ મારો ઈન્સાન નથી કહી શકાતું. કારણ કે તે બંને એક જ છે. આનાથી પણ સ્પષ્ટ થયું કે માણસ અલગ છે અને બદન અલગ છે. બદન માણસ નથી માણસથી સંબંધ ધરાવનાર છે.

**(૪)** ઈન્સાન (માણસ) કયારેક જીવતો હોય છે જ્યારે કે તેનું બદન મોત પામેલું હોય છે. દા.ત. કુર્આન શરીફમાં શહીદો બાબત ઈર્શાદે રબ છે :

وَلَا تَقُولُوا لِمَنْ يُقْتَلُ فِي سَبِيلِ اللّٰهِ اَمْوَاتٌ بَلْ اَحْيَاءٌ

"જેને અલ્લાહના માર્ગમાં કતલ કરવામાં આવે તેને મુર્દા ન કહો બલ્કે તેઓ જીવંત છે." આંખો જોઈ રહી છે કે તે મરી ગયો છે ત્યારે તો તેની નમાઝ પઢવામાં આવે છે, દફન કરવામાં આવે છે, તેનો માલ વારસદારોમાં વહેંચી દેવામાં આવે છે. તો જાણવા મળ્યું કે માણસમાં અને તેના બદનમાં ફરક છે. શરીર મુડદું છે પણ તે પોતે જીવંત છે.

**(૫)** હદીષમાં કબ્રનો આરામ અને કબ્રનો અઝાબ બતાવામાં આવ્યો છે. અને આરામ તથા તકલીફ જીવંતની સિફત છે. જાણવા મળ્યું ઈન્સાન બદનના મરી ગયા પછી પણ બાકી છે. સાબિત થયું માણસ અલગ છે અને તેનું બદન અલગ છે. અસલ માણસ બદન નથી.

**(૬)** હદીષ શરીફમાં છે, જ્યારે મય્યિતને તેના જનાઝામાં રાખવામાં આવે છે ત્યારે તેની રૂહ જનાઝાની ઉપર ચાલે છે અને કહે છે, અય મારા ઘરવાળાઓ ! અય મારા બાળકો ! દુનિયા તમારી સાથે ન રમે જેમ તે મારી સાથે રમત રમી.

આ હદીષ શરીફમાં ફરક કરવામાં આવ્યો છે કે જનાઝામાં છે તે બદન છે તે મુડદું છે અને જે જનાઝાની ઉપર ચાલે છે તે જીવંત છે અને તે

બોલે છે અને લોકોને નસીહત કરે છે. સ્પષ્ટ થયું ઈન્સાન અલગ છે અને બદન અલગ છે.

**(૭)** કુર્આન શરીફમાં છે અલ્લાહ તઆલા ફર્માવે છે :

يَا أَيَّتُهَا النَّفْسُ الْمُطْمَئِنَّةُ ارْجِعِي إِلَىٰ
رَبِّكِ رَاضِيَةً مَّرْضِيَّةً

"અય શાંતિવાળા જીવ ! પોતાના રબ તરફ પરત થા એવી રીતે કે તું તેનાથી ખુશ તે તારાથી ખુશ." **ઈરજેઈ** પાછો આવ, મોત પછી પાછો આવનો શબ્દ રાજી અને ખુશ થવાનો શબ્દ એ વાતની દલીલ છે કે બદનના મરી ગયા પછી તે જીવતો છે, તો તે ઈન્સાન છે અને મોત પામનાર બદન.

**(૮)** દુનિયામાં હિંદુ, રૂમી, અરબી, અજમી, યહૂદી, નસરાની, અગ્નિપૂજક અને મુસલમાનો બધાં જ એ માન્યતા ધરાવે છે કે તેમના કોઈ સગા સંબંધીના મરી ગયા બાદ તેમના માટે સદકો આપે છે, ભલાઈની દુઆ કરે છે, તેમની ઝિયારત માટે જાય છે, જો મરણ બાદ જીવંત રહેનાર કોઈ ચીજ ન હોય તો ઉપરોકત કામો તેમનાં માટે બેફાયદા બની જાય, અને ઈસ્લામ તરફથી પણ ઉપરોકત કામોની રજા આપવામાં આવી છે. સ્પષ્ટ થયું કે બદનના મરણ પછી જીવંત રહેનાર ચીજ તે જ ઈન્સાન છે. આનાથી એ પણ જાણવા મળ્યું કે ઈન્સાન બદન નથી બલ્કે બીજી ચીજ છે.

**(૯)** ઘણા વખત લોકો પોતાનાં મા, બાપ, ભાઈ, બહેન, સગા, સંબંધીને સ્વપ્નમાં જુએ છે, અને તેમના તરફથી વસિયત કરવામાં આવે છે, તો જાગ્યા પછી તે જ પ્રમાણે જોવા મળે છે. (જેન વિશે અન્ય કિસ્સાઓ રજુ કરવામાં આવશે.) જો શરીરમાં મૃત્યુ બાદ જીવંત રહેનાર કોઈ ચીજ ન હોત તો આ પ્રમાણે ન થાત. સ્પષ્ટ થયું કે શરીરમાં મૃત્યુ બાદ જીવંત રહેનાર ચીજ ઈન્સાન છે.

**(૧૦)** માણસના શરીરનો કોઈ ભાગ કપાય જાય. દા.ત. હાથ, અથવા પગ વગેરે. તો અસલ માણસનો હાથ કપાયો, પગ કપાયો. જો બદનનું નામ માણસ હોત તો અસલ માનવીમાં ફરક જોવા મળતો. સ્પષ્ટ થયું અસલ માનવી બદનને છોડીને બીજી ચીજ છે જેમાં તફાવત થતો નથી.





**(૧૧)** કુર્આન અને હદીષમાં છે કે યહૂદીઓની એક જમાઅતને અલ્લાહ તઆલાએ વાંદરા અને સુવ્વર બનાવી દીધી. વાંદરા અને સુવ્વર બન્યા પછી તેમની ઈન્સાનિયત બાકી હતી કે નહીં. જો બાકી ન હોય તો માણસ મરી ગયો અને તેમની બીજી પેદાઈશ વાંદરા અને સુવ્વરની થઈ તો આને મસ્ખ અને બદલવું ન કહેવાય અને ઈન્સાનિયત બદલાય જાય તો તેને અઝાબ પણ ન કહેવાય. જ્યારે કે તેમને અઝાબમાં વાંદરા અને સુવ્વર બનાવવામાં આવ્યા હતા. તો સ્પષ્ટ થયું કે તે સમયે તેમની માનવીયત બાકી હતી તેમાં કોઈ ફરક ન આવ્યો હતો, માત્ર તેમનું બદન બદલી દેવામાં આવ્યું હતું. આનાથી એ પણ જાણવા મળ્યું કે બદન ઈન્સાન નથી, ઈન્સાન રૂહ છે જે બાકી રહે છે અને તેમાં કોઈ ફરક આવતો નથી.

**(૧૨)** હઝરત જિબ્રઈલ عليه السلام હઝરત દિહયા કલ્બીની સૂરતમાં આવ્યા હતા. અને અમુક વખત મુસાફર માણસની સૂરતમાં આવીને સવાલ પૂછતા હતા જેનો ઉલ્લેખ હદીષમાં થયો છે. જો બદનની એક શક્કલ સૂરત જે નિશ્ચિત કરવામાં આવી છે તેને ઈન્સાન કહેવામાં આવે તો ઈન્સાનની શક્કલમાં આવતા સમયે જિબ્રઈલ ફરિશ્તામાંથી નીકળીને ઈન્સાનની જમાઅતમાં આવી જવા જોઈએ. જ્યારે કે તેઓ તે સમયે પણ ફરિશ્તા જ હતા. શૈતાન લઈન દારુન્નદવામાં કાફિરો સાથે મશ્વેરામાં ભાગ લેવા માટે નજદી ડોસાની શક્કલ સૂરતમાં આવ્યો હતો. જો ઈન્સાન એક નિયુકત શક્કલ સૂરતના બદનને કહેવામાં આવે તો તે સમયે શૈતાન ઈન્સાનમાં હોવો જોઈએ. જ્યારે કે તે સમયે પણ શૈતાન શૈતાન જ હતો. જાણવા મળ્યું ઈન્સાન બદનનું નામ નથી એક બીજી હકીકતનું નામ છે, જેને રૂહ કહેવામાં આવે છે.

**(૧૩)** જ્યારે એક માણસ બીજા માણસને કોઈ હુકમ આપે છે અથવા કોઈ કામથી મનાઈ કરે છે તો તે સમયે સામેવાળાનું મોઢું, નાક, પેશાની અથવા બદનનો બીજો કોઈ ભાગ મુરાદ લેવામાં આવતો નથી. સ્પષ્ટ થયું કે તે સમયે બદનને છોડીને એક બીજી વસ્તુ મુરાદ લેવામાં આવે છે, તે રૂહ છે અને તે જ અસલ માનવી છે.

**(૧૪)** ઈન્સાન સાહિબે ઈલ્મ (જ્ઞાની) છે, કારણ કે તે પોતાની ઈચ્છાથી કામ કરે છે, અને તેના માટે કામનું ઈલ્મ હોવું જરૂરી છે અને

ઈલ્મનું સેન્ટર દિલ છે. તો સ્પષ્ટ થયું ઈન્સાન દિલ સાથે સંબંધ ધરાવનાર ચીજનું નામ છે, જાહેરી બદનનું નહીં અને તે રૂહ છે.

ઉપરોકત **૧૪** દલીલોથી એ વાત સાબિત થઈ કે અસલ માણસ રૂહ છે બદન નહીં. બદન દળદાર છે અને રૂહ તેમાં રહીને બદનના અંગોથી પોતાનો મકસદ પૂરો કરી શકે છે. એટલે બદન તેનો સહારો છે. દુનિયામાં મોત બદનને આવે છે રૂહને નહીં ! રૂહ તો હમેશાં જીવંત રહેશે તેને હમેશંગી માટે પેદા કરવામાં આવી છે.

## ★ રૂહનો બદલાતો આલમ ★

રૂહ કોઈ ચીજ ન હતી, જ્યારે અલ્લાહ તઆલાએ પેદા કરવાનો ઈરાદો ફર્માવ્યો પેદા થઈ જેનો ઉલ્લેખ થઈ ગયો છે. એટલે કે રૂહનો પ્રથમ આલમ આલમે અરવાહ છે. ત્યારબાદ જ્યારે તેમનો દુનિયામાં આવવાનો સમય થાય છે ત્યારે તે બદનના સંબંધમાં દુનિયામાં આવે છે, આ બીજો આલમ થયો. જ્યારે મોતનો સમય નિકટ થાય છે અને રૂહ માટે બદનથી જુદા થવાની વારી આવે છે, તો રૂહ બદનમાંથી નીકળી આલમે બરઝખમાં પહોંચે છે અને કિયામત સુધી ત્યાં રહેશે, આ ત્રીજો આલમ થયો. કયામત પછી આલમે આખેરતમાં પહોંચશે અને ત્યાં અમલ પ્રમાણે જન્નતમાં જશે અથવા દોઝખમાં. સારાંશ એ કે રૂહ પેદા થઈ ગયા પછી હમેશાં રાખવામાં આવશે, તેને ફના થવાનું નથી, તેના માટે માત્ર આલમ બદલાતો રહે છે.

## ★ અસલ ઈન્સાન રૂહ છે તો બદનનો અઝાબ શાથી ? ★

કબ્રના અઝાબ વિશે ઈસ્લામી માન્યતા એ છે કે બદન પર અઝાબ થાય છે. રૂહનો તેની સાથે સંબંધ હોવાથી અઝાબમાં તેને પણ સપડાવું પડે છે. આમ જ ઈસ્લામી માન્યતા એ પણ છે કે કિયામતના દિવસે માત્ર રૂહોને હાજર કરવામાં નહીં આવે બલ્કે દુનિયામાં તેમનો જે બદન સાથે સંબંધ હતો તેમને પણ હાજર કરવામાં આવશે. અને જીવને તેમાં રાખી





ફેંસલો કરવામાં આવશે. જો દુનિયામાં ગુનાહનાં કામો કર્યાં હશે અને તેના માટે દોઝખના અઝાબનો ફેંસલો કરવામાં આવશે, તો માત્ર રૂહને નહીં બલ્કે રૂહ અને બદન બંનેને નાખવામાં આવશે અને બંનેએ અઝાબમાં સપડાવું પડશે. પરંતું અહીં સવાલ એ ઉપસ્થિત થાય છે કે જ્યારે અસલ માણસ જીવ અને રૂહ છે તો પછી બદનનો શું વાંક ? તેને અઝાબ ન થવો જોઈએ. આ પ્રશ્નનો ઉત્તર હદીષ શરીફમાં આપવામાં આવ્યો છે. ઈબ્ને મુંદાએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી છે : ફર્માવે છે, કિયામતના દિવસે લોકોમાં વિવાદ થશે. એટલે સુધી કે રૂહ અને બદનમાં પણ વિવાદ થશે. રૂહ બદનને કહેશે કે આ કામ તે કર્યું છે, અને બદન રૂહને કહેશે કે આ કામ તેં કર્યું છે. અલ્લાહ એક ફરિશ્તાને ફેંસલો કરવા માટે મોકલશે. ફરિશ્તો કહેશે તમારો દાખલો આંધળો અને બહેરા માફક છે. તેઓ એક બાગમાં પૈસી ગયા અને ખાવા લાગ્યા. માલિકે તેમને પકડી લીધા તો હવે બતાવો તેમાં ગુનેહગાર કોણ ? રૂહ અને બદન બંને બોલશે કે બંને જ ગુનેહગાર છે. કારણ કે તોડવાવાળો લંગડો હતો અને તેને લાવવાવાળો આંધળો હતો. ફરિશ્તો બોલ્યો તમે પોતે જ પોતાનાં વિરૂધ્ધ ફેંસલો કર્યો છે. (એટલે કે રૂહે કામ કરવામાં બદનનો સહારો લેવો પડે છે તો બદન સવારી છે, અને માર્ગદર્શન રૂહનું છે. કામમાં બંનેનો ભાગ છે એટલે અઝાબમાં પણ બંનેનો ભાગ રહેશે.)

બીજો જવાબ એ છે કે બદન રૂહ વિના પથ્થર માફક છે. જો બદન રૂહ વિનાનું માનવામાં આવે તો તેને કોઈ પ્રકારની તકલીફ અને આંનદ મળી શકતો નથી. જેમ કે પથ્થર, તેના માટે તકલીફ અને આનંદ કોઈ ચીજ નથી. રૂહ હોય તો જ તેને રાહત મળી શકે છે. અને તો જ તેને તકલીફ થઈ શકે છે. તો બદનની તકલીફ હકીકતમાં રૂહની જ તકલીફ છે. પરંતુ શકય છે રૂહને અઝાબ તથા રાહત આપવા માટે તે જ બદનને એટલા માટે સાથે રાખવામાં આવે કે રૂહને વધારે એહસાસ થાય કે આજ બદન સાથે રહીને મેં ગુનાહનાં કામ કર્યાં હતાં. અને આરામ વખતે તે જ બદન સાથે રૂહને એટલા માટે રાખવામાં આવે કે તેની ખુશીમાં વધારો થઈ જાય. આ બાબતે વધુ માહિતી માટે "દોઝખીઓની કરૂણ દશા" **તોહફાએ નજાત, ભાગ-૩** માં વાંચો.

## ★ મૌતનો મતલબ શું છે ? ★

કુર્આન શરીફમાં છે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે : كُلُّ نَفْسٍ ذَآئِقَةُ الْمَوْتِ "દરેક નફસ (આત્મા) મોતનો સ્વાદ ચાખનાર છે." એટલે કે મોતનો કડવો ઘૂટડો બધાએ પીવાનો છે અને આ નાશવંત જગતને છોડી આલમે બરઝખ અને આલમે આખેરતમાં હાજરી આપવાની છે. બદન અને શરીર જેનાથી માણસને ઘણી મહોબ્બત હતી, તેને ખૂબ સફાઈ અને સ્વચ્છતાની સાથે રાખતો હતો. તેના પર રંગ બેરંગી કપડાં શણગારતો હતો, ખૂશ્બુ લગાડીને તેને ખૂબ સુગંધી બનાવતો હતો. એટલી કાળજી કે તેના પર દાગ પણ પડવા દેતો ન હતો. સારાંશ એ કે બદન માટે માણસના અનેક પ્રયત્નો થતા હોય છે. પરંતુ જ્યારે માણસના દુનિયામાં રહેવાનો સમય પૂરો થાય છે અને આલમે બરઝખમાં પહોંચવાની વારી આવે છે ત્યારે રૂહની અમૂલ્ય દોલત તેના ખજાનામાંથી ચાલી જાય છે. બદન રૂહથી મહરૂમ થઈ જાય છે પછી ગમે તેટલા નજીકનો સગો કેમ ન હોય, ગમે તેટલો પ્રિય અને મહબૂબ કેમ ન હોય, ગમે તેટલો પ્યારો અને અઝીઝ કેમ ન હોય, તેના શરીરને ઘર બહાર વેરાન જગા કબ્રસ્તાનમાં લઈ જવામાં આવે છે. ઊંડો ખાડો ખોદીને તેની લાશને દફન કરી દેવામાં આવે છે. ત્યારે જીવતા માણસોને એવું લાગે છે કે તે ફના થઈ ગયો, પરંતુ કુર્આન કહે છે, મોતનો અર્થ ફના થવું નથી બલ્કે જીવંત માણસને મોતનો સ્વાદ ચખાડવામાં આવે છે. તે જ્યારે સ્વાદ ચાખી લે છે તો તેની રૂહ બદનથી અલગ થઈ જાય છે અને બીજા આલમમાં સફર કરી જાય છે. સ્પષ્ટ થયું કે મૌતનો મતલબ ફના થવું નથી. રૂહનો બદનથી સંબંધ તૂટવું છે અને બીજા આલમમમાં પહોંચવું છે. અને જ્યારે મોતનો મતલબ ફના થવું નથી તો પછી માણસ માટે આલમ બદલાઈને અંતે જન્નત અને દોઝખ સુધી પહોંચશે અને ત્યાં હમેશાં હંમેશ રહેશે. તો એ મસ્અલો પણ સ્પષ્ટ થઈ ગયો કે માણસ ફના થવા માટે પેદા કરવામાં નથી આવ્યો બલ્કે તેને હમેશગી માટે પેદા કરવામાં આવ્યો છે. દુનિયામાં માણસ માટે મૌતની શંકા પણ રહે છે, પરંતું આખેરતમાં મોતની શંકા પણ રહેશે નહીં બલ્કે હમેશંગીનું યકીન દરેકને પ્રાપ્ત થશે.





કિતાબુર્રૂહમાં હઝરત ઈબ્ને કય્યિમએ રૂહની ફના અને બકા વિશે વિવાદનો ઉલ્લેખ કરતાં લખ્યું છે, મોતનો સ્વાદ ચાખવાનો મતલબ રૂહનું બદનથી જુદા થવું છે તો સત્ય છે, અને ફના થઈ જવું છે તો કબૂલ કરવામાં નહીં આવે. કારણ કે રૂહ પેદા થયા બાદ સર્વ સંમતિથી બાકી રહેવાની છે, તેના માટે ફના નથી પછી તે રાહતમાં હોય કે તકલીફમાં. ઈબ્ને અસાકિરએ પોતાની તારીખ દમિશ્કમાં પોતાની સનદથી બયાન કર્યું છે :– કોઈએ સહનૂન બિન સઈદથી કહ્યું, એક માણસ કહે છે કે રૂહ પણ બદન સાથે મરી જાય છે તો આપે ફર્માવ્યું, મઆઝલ્લાહ ! આ તો બિદઅતીની વાત છે.

આલમે બરઝખના અઝાબ અને ત્યાંના આરામના સુબૂતમાં અનેક હદીષો અને વાકયાઓ તમારી ખિદમતમાં રજુ કરવામાં આવશે. જેનાથી બપોરના સૂરજ માફક પ્રકાશિત થઈ જશે કે રૂહ કયારે પણ મરતી નથી અને મરે પણ નહીં, તેના માટે હમેશગી છે. તેનો ઈન્કાર કરવો સેંકડો હદીષોનો ઈન્કાર કરવા બરાબર છે.

## ★ રૂહે યકઝા અને રૂહે હયાતમાં ફરક ★

રૂહે યકઝા તે રૂહને કહેવામાં આવે છે જે માણસમાં હોય છે તો માણસ જાગતો હોય છે અને માણસમાંથી તે જ્યારે નીકળી જાય છે ત્યારે માણસ સૂઈ જાય છે એટલે કે આ રૂહના નીકળી જવાથી માણસ મરી શકતો નથી. અને રૂહે હયાત તે રૂહને કહેવામાં આવે છે જેના રહેવાથી માણસ જીવતો રહે છે અને તેના નીકળી જવાથી માણસ મરી જાય છે. આ પ્રમાણેનો ફરક મોટા આલિમોની કિતાબોમાં કરવામાં આવ્યો છે. શૈખ અઝઝુદ્દીન બિન સલામ કહે છે : દરેક માણસમાં બે રૂહો છે એક રૂહે યકઝા અને બીજી રૂહે હયાત. રૂહે યકઝા એટલે તે રૂહ જે માણસના બદનમાં હોય તો માણસ જાગતો હોય છે, અને તે નીકળી જાય તો માણસ સૂઈ જાય છે, અને સ્વપ્ન જુએ છે. રૂહે હયાત એટલે તે રૂહ જે માણસના બદનમાં હોય તો માણસ જીવંત રહે છે અને જ્યારે કાઢી નાખવામાં આવે તો માણસ મરી જાય છે. આ બંને રૂહો માણસની અંદરમાં છે તેમનું ઠેકાણું અલ્લાહ તઆલા જ જાણે છે. હઝરતુલ અલ્લામાએ એ પણ ફર્માવ્યું,

ઘણુ શકય છે કે રૂહનું ઠેકાણું દિલ હોય.

## ★ બંને રૂહો પર કુર્આની દલીલ ★

રૂહે યકઝા જેનાથી માણસ જાગે અને સૂવે છે. અને સ્વપ્નમાં અન્ય જગાઓની સૈર કરે છે. જેની હયાતનો સમય બાકી હોય છે તેને છોડી દેવામાં આવે છે અને જેના મોતનો ફેંસલો થઈ જાય છે તેના નફસને રોકી લેવામાં આવે છે. રૂહે યકઝા ફરે છે અને પરત આવે છે. અને મોતનો ફેંસલો થાય છે તો રૂહે હયાતને લઈ લેવામાં આવે છે. કુર્આન શરીફમાં છે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે : اَللّٰہُ یَتَوَفَّی الاَنفُسَ حِیْنَ مَوْتِهَا "અલ્લાહ તઆલા નફસોની મૌતના સમયે તમને વફાત આપે છે." નફસ મરતો નથી, અને અહીં નફસને મોતનો ફેંસલો સંભળાવામાં આવ્યો, જાણવા મળ્યું કે વફાત નફસે યકઝાની થાય છે. જ્યારે કે નફસે હયાત જીવંત રહે છે અને તેના માટે હંમેશગી છે. કુર્આન શરીફમાં અલ્લાહ તઆલા ફર્માવે છે :

يَا اَيَّتُهَا النَّفْسُ الْمُطْمَئِنَّةُ ارْجِعِىْ اِلٰى رَبِّكِ
رَاضِيَةً مَّرْضِيَّةً فَادْخُلِىْ فِىْ عِبَادِىْ وَ
ادْخُلِىْ جَنَّتِىْ

"અય શાંતિવાળા જીવ ! પોતાના રબ તરફ પરત થા, એવી રીતે કે તું તેનાથી ખુશ તે તારાથી, પછી મારા ખાસ બંદાઓમાં દાખલ થા અને મારી જન્નતમાં આવ." આ આયતે કરીમાથી રૂહની હંમેશગીનો સુબૂત મળે છે કે રૂહ મરતી નથી, નફસ ફના નથી થતો અને ઉપરોકત આયતમાં નફસની ફના અને મોતનો ફેંસલો થયો. તે જ વફાત પામે અને તે જ હમેશાં જીવંત રહે બંને વાતો વિરોધાભાસી છે, ભેગી નથી થઈ શકતી. એટલા માટે શેખ અઝઝુદ્દીને પોતાનું મંતવ્ય એ પ્રમાણે પ્રગટ કર્યું કે રૂહે યકઝા અને રૂહે હયાત બે રૂહો છે. રૂહે યકઝા વફાત પામે છે અને રૂહે હયાત બદનમાંની નીકળ્યા બાદ હમેશાં રહે છે. આપે એ પણ ફર્માવ્યું કે, નફસ સ્વપ્ન જોઈને પાછો આવે છે અને રૂહને ખબર આપે છે. અને રૂહ દિલને ખબર આપે છે આમ માણસને સ્વપ્નનું ઈલ્મ થાય છે. સ્પષ્ટ થયું રૂહ અને નફસ બંને એક નથી અલગ અલગ છે. હઝરત મુકાતિલએ



તોહફાએ નજાત (ભાગ-૯)

કહ્યું કે માણસ માટે ત્રણ ચીજો રાખવામાં આવી છે, જિંદગી, નફસ અને રૂહ. જ્યારે માણસ સૂવે છે તો તેનો નફસ નીકળી જાય છે. જેનાથી તે ચીજોને ઓળખે છે. પરંતુ તે તદન નથી નીકળી જતો બલ્કે એ પ્રમાણે જેમ કે દોરડી ખેંચી દેવામાં આવે. નફસ સ્વપ્ન જુએ છે અને રૂહ જિંદગી સાથે બદનમાં રહે છે. જેનાથી માણસ □ાસ લે છે. જ્યારે માણસને હલાવામાં આવે પલક ઝપકવાથી પહેલાં પરત આવી જાય છે. જ્યારે અલ્લાહ તઆલા માણસને મારવાનો ઈરાદો કરે છે તો નફસને રોકી લે છે.

## ★ નફસ અને રૂહમાં ફરક અને તફાવત ★

અબૂશૈખએ કિતાબુલ ઉઝમામાં અને ઈબ્ને અબ્દુલ બિરએ તમ્હીદમાં વહબ બિન મુનબ્બહથી રિવાયત કરી છે કે ઈન્સાનનો નફસ જાનવરો માફક પેદા કરવામાં આવ્યો છે. વાસનાઓ રાખે છે અને માણસને બુરાઈ તરફ બોલાવે છે. તેનું ઠેકાણુ પેટ છે. માણસની ફઝીલત તેની રૂહથી છે. તેનું ઠેકાણું દિમાગ અને ભેજું છે. માણસ તેનાથી જીવંત રહે છે અને તે માણસને ભલાઈની દા'વત આપે છે. રૂહ દોડીને નફસ પાસે પહોંચી જાય છે તો માણસને આરામ મળે છે અને તે સૂઈ જાય છે. અને દિમાગમાં પાછી આવે છે તો માણસ જાગી જાય છે. બદનમાં દિલ બાદશાહ માફક છે અને અવયવો (અંગો) નોકર ચાકર માફક છે. જ્યારે નફસ બુરાઈનો હુકમ આપે છે તો અવયવોમાં હલચલ મચી જાય છે પરંતુ રૂહ તેમને રોકવાનો પ્રયત્ન કરે છે અને ભલાઈની દા'વત આપે છે. હવે નફસની વાત પર અમલ કરવો કે રૂહની વાત પર એ ફેંસલો દિલના હાથમાં હોય છે. દિલ મો'મિન હોય છે તો રૂહની વાત કબૂલ કરી ગુનાહથી રોકાય જાય છે અને દિલ કાફિર હોય છે તો નફસની વાત પર અમલ કરી ગુનાહનું કામ કરાવે છે.

## ★ રૂહના ઠેકાણા વિશે વિવાદ ★

રૂહના ઠેકાણા વિશે ઉલ્માએ કિરામમાં વિવાદ છે. અમુકે માત્ર આમ કહીને ચુપ રહેવું પસંદ કર્યું કે રૂહનું ઠેકાણું માણસના બદનમાં કોઈ જગાએ છે તે અલ્લાહ તઆલા જ જાણે છે. મતલબ એ કે માણસના

બદનમાં છે એ તો જાહેર છે પણ કયાં છે તે જાહેર નથી. અમુક આલિમોએ તેનું ઠેકાણું દિમાગ બતાવ્યું છે પરંતુ સાથે એ પણ કહ્યું છે કે માણસ સૂવે છે તો તે ત્યાંથી નફસ પાસે પેટમાં આવી જાય છે. અને અમુક આલિમોએ રૂહનું ઠેકાણું દિલ બતાવ્યું છે. સારાંશ એ કે રૂહના ઠેકાણા વિશે વિવાદ છે. ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ એ રૂહનું ઠેકાણું અને મુકામ દિલ બતાવ્યું છે.

## ★ રૂહના ઠેકાણા વિશે એક હદીષથી સુબૂત ★

હઝરત ઈબ્ને અસાકિરે પોતાની તારીખ ઝોહરીમાં હઝરત ખોઝૈમા બિન હકીમથી રિવાયત કરી છે કે તેઓ ફત્હે મક્કાના દિવસે નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં પધાર્યા અને અનેક વાતો બાબતે સવાલ કર્યા તેમાંથી એક સવાલ એ પણ હતો કે નફસ (રૂહ)નું મુકામ કયાં છે ? નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ જવાબ આપતાં ફર્માવ્યું, નફસ (રૂહ)નું ઠેકાણું દિલ છે અને દિલ જ લોકોને લોહીથી તૃપ્ત કરે છે. જ્યારે દિલ મરી જાય છે, તો નસો રોકાય જાય છે.

ઉપરોકત હદીષે પાકથી જાણવા મળ્યું કે રૂહનું ઠેકાણું દિલ છે. રૂહ દિલ સાથે રહે છે તેના સદકામાં દિલના ધબકારા થાય છે. લોહી નસોમાં ફરે છે અને માણસ જીવંત રહે છે. રૂહના અલગ થવાની સાથે દિલના ધબકારા બંધ થઈ જાય છે. લોહીની હેરાફેરી નસોથી રોકાય જાય છે, આમ માણસનું અવસાન થઈ જાય છે. અને અક્કલથી પણ એ જ નજીક છે કે માણસના બીજા અંગોમાં કંઈ નુકસાન થાય છે તો માણસ જીવંત રહે છે પરંતુ દિલના ધબકારા બંધ થતાની સાથે માણસનું મોત નિપજે છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે રૂહનો સંબંધ અને મૂળ ઠેકાણું દિલ છે, એ ત્યાંથી દિલને કરન્ટ આપે છે અને દિલ અંગોને કરન્ટ આપે છે. આમ બોડી (શરીર)નો નિઝામ ચાલ્યા કરે છે અને માણસ જીવંત રહે છે.

## ★ રૂહની ફાસ્ટ સવારી ★

જીવંત માણસની રૂહ તેના સૂઈ ગયા પછી બદનમાંથી નીકળીને જમીનની અને આકાશની યાત્રા કરે છે. જેને લઈને સ્વપ્નમાં અનેક જગાઓ જોવા મળે છે જેની ડિટેલ અને વિગત બયાન કરવાની જરૂરત





નથી. કારણ કે દરેક માણસને તેનો અનુભવ થયેલ છે. પરંતુ સમજાવા લાયક વાત એ છે કે રૂહની જીવંત લોકોની રૂહોથી પણ મુલાકાત થાય છે અને મુડદાંઓની રૂહથી પણ ભેટો થાય છે જેને લઈને સગા સંબંધીઓ સ્વપ્નમાં આવે છે. (રૂહોની મુલાકાતના અમુક સચોટ બનાવો તમારી ખિદમતમાં રજુ કરવામાં આવશે.) અબુશૈખએ કિતાબુલ ઉઝમામાં હઝરત ઈકરમા رضی اللہ عنہ થી રિવાયત કરી છે, આપને પૂછવામાં આવ્યું કે કયારેક કોઈ વ્યકિત અણદેખી જગાઓની (સ્વપ્નમાં) યાત્રા કરે છે તેનું શું કારણ ? આપે ફર્માવ્યું, એ રૂહ છે જે દરેક જગાએ આવજા કરે છે. એટલે કે માણસના સૂઈ ગયા પછી રૂહ યાત્રા કરવા નીકળી જાય છે જ્યાં જાય છે તે જગાઓ સ્વપ્નમાં જોવા મળે છે.

## ★ રૂહોની મુલાકાત હદીષની રોશનીમાં ★

નિસાઈ શરીફમાં હઝરત ખોઝૈમા رضی اللہ عنہ થી રિવાયત છે, આપ ફર્માવે છે કે મેં સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم ને સ્વપ્નમાં જોયા કે હું રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની પેશાનીને સિજદો કરી રહ્યો છું. મેં આ સ્વપ્નની ખબર સરકારે મદીનાને આપી. આપે ફર્માવ્યું, બેશક ! એક રૂહ બીજી રૂહથી મુલાકાત કરે છે.

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે સ્વપ્નમાં એક વ્યકિતની બીજી વ્યકિત સાથે મુલાકાત હકીકતમાં એક રૂહની બીજી રૂહ સાથે મુલાકાત છે. અને એ પણ જાણવા મળ્યું કે માણસના સૂઈ ગયા બાદ રૂહ સૈર કરે છે. સૈર વગર મુલાકાત શકય નથી.

## ★ રૂહની અવકાશ યાત્રા હદીષની રોશનીમાં ★

હાકિમએ મુસ્તદરકમાં અને તિબ્રાનીએ અવસતમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ تعالیٰ عنہما થી રિવાયત કરી છે. આપ ફર્માવે છે, અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ની અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી મુલાકાત થઈ. હઝરત ઉમર رضی اللہ عنہ એ પૂછયું, અબુલ હસન ! (અલી) શું વાત છે કે માણસ સ્વપ્ન જુએ છે તો અમુક સત્ય હોય છે અને અમુક ખોટાં ? આપે ફર્માવ્યું, મેં નબીએ પાક

صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાંભળ્યું છે, આપ ફર્માવતા કે જ્યારે કોઈ મર્દ અથવા સ્ત્રી સૂવે છે તો તેની રૂહને અર્શ તરફ લઈ જવામાં આવે છે. (સમગ્ર જગતનો અંત અર્શે ઈલાહી પર થાય છે.) જે અર્શ પર પહોંચીને જાગે તેનું સ્વપ્ન સત્ય હોય છે. અને જે પોતાની રૂહના અર્શ પર પહોંચતા પહેલાં જાગી જાય છે તેનું સ્વપ્ન ખોટુ પડે છે.

બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસથી રિવાયત કરી છે : ફર્માવે છે કે, સ્વપ્નમાં રૂહોને આકાશમાં લઈ જવામાં આવે છે. અને અર્શ પાસે સિજદો કરવાનો હુકમ આપવામાં આવે છે. તો જે રૂહ પાક હોય છે અર્શ પાસે સિજદો કરે છે અને જે પાક નથી હોતી તે અર્શથી દૂર સિજદો કરે છે. અને બીજી રિવાયતમાં છે તેને સિજદો કરવાની ઈજાઝત આપવામાં નથી આવતી.

ઉપરોકત બે હદીષોથી જાણવા મળ્યું કે માણસના સૂઈ ગયા બાદ તેની રૂહની અવકાશ યાત્રા થાય છે. અને અર્શે ઈલાહી સુધી તેને લઈ જવામાં આવે છે. અને એ પણ જાણવા મળ્યું કે રૂહનું બદન છે તે સિજદો પણ કરી શકે છે. એ અલગ વાત છે કે તેનું બદન ગેરદળદાર છે. તેના ગેરદળદાર હોવાને લઈને તેને જોઈ શકતા નથી. જેનો ઉલ્લેખ થઈ ગયો છે.

## ★ સાચા અને જૂઠા સ્વપ્નોનું રહસ્ય ★

શૈખ અઝઝુદીન બિન સલામએ રૂહના બે પ્રકાર દર્શાવ્યા છે, **રૂહે યકઝા** અને **રૂહે હયાત** જેનો ઉલ્લેખ થઈ ગયો છે. ત્યાર બાદ આપે રૂહના જોયલા સાચા અને જૂઠા સ્વપ્નોનું રહસ્ય પણ વર્ણવેલ છે. આપ ફર્માવે છે, રૂહ આકાશમાં જઈને જે જુએ છે તે સ્વપ્ન સાચુ એટલા માટે હોય છે કે શૈતાન આકાશમાં જઈ શકતો નથી. (તેના માટે આકાશના દરવાજાઓ બંધ કરી દેવામાં આવ્યા છે અને ત્યાં ફરિશ્તાઓના પહેરા ગોઠવવામાં આવ્યા છે.) અને ફર્માવે છે રૂહ આકાશ નીચે રહીને સ્વપ્ન જુએ તો શૈતાની દખલને લઈને સાચુ નથી હોતું.

## ★ સ્વપ્નમાં શૈતાની દખલ હદીષની રોશનીમાં ★

સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જેણે મને





સ્વપ્નમાં જોયો તેણે ખરેખર જ મને જોયો. فَاِنَّ الشَّيْطَانَ لَا يَتَمَثَّلُ بِيْ કારણ કે શૈતાન મારું રૂપ ધારણ કરી શકતો નથી. એટલે કે શૈતાન સ્વપ્નમાં ગમે તેનું રૂપ ધારણ કરીને માણસને વસવસો આપવાની ટ્રાય કરે છે. સ્પષ્ટ થયું કે સ્વપ્નમાં શૈતાની દખલ થઈ શકે છે અને તેવાં સ્વપ્નો સાચાં હોતાં નથી એટલે સ્વપ્નને આધાર બનાવી શકતા નથી. કોઈ પણ સ્વપ્ન જે જાહેરી શરીઅત વિરૂધ્ધ હોય તેને નફસનો ફરેબ અને શૈતાની વસવસો કહેવામાં આવશે.

## ★ જીવંત અને મુડદાંની રૂહોની મુલાકાત ★

કુર્આન શરીફમાં અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :

اَللّٰهُ يَتَوَفَّى الْاَنْفُسَ حِيْنَ مَوْتِهَا وَالَّتِيْ لَمْ تَمُتْ
فِيْ مَنَامِهَا فَيُمْسِكُ الَّتِيْ قَضٰى عَلَيْهَا الْمَوْتَ وَ
يُرْسِلُ الْاُخْرٰۤى اِلٰۤى اَجَلٍ مُّسَمًّى

"અલ્લાહ તઆલા જીવોને મૌત આપે છે, તેમની મૌતના સમયે. અને જેઓ પોતાની ઊંઘમાં મરે છે. તો જે નફસ માટે મૌતનો ફૈંસલો થઈ જાય છે તેને રોકી લે છે. અને બીજાને એક નિશ્ચિત મુદ્દત માટે છોડી દે છે."

તિબ્રાનીએ ઔસતમાં રિવાયત કરી છે : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ તફસીર કરતાં ફર્માવ્યું, જીવંત અને મુડદા લોકોની ઊંઘમાં એક બીજા સાથે મુલાકાત થાય છે અને એક બીજાથી વાતો ચીતો કરે છે. તો મુડદાઓની રૂહોને અલ્લાહ તઆલા રોકી લે છે અને જીવંત લોકોની રૂહોને તેમના બદનો તરફ પરત કરી આપે છે.

હઝરત ઈબ્ને કય્યિમએ કહ્યું કે મુડદા લોકોની મુલાકાત પર એક દલીલ એ છે જીવંત મુડદાને સ્વપ્નમાં જુએ છે અને તે મુડદુ જીવંતને ગયબી કામોની ખબર આપે છે અને તેની ખબર પ્રમાણે જ થાય છે. ઈબ્ને સય્યેદીનએ ફર્માવ્યું, જે વાત મુડદુ બતાવે તે હક્ક હોય છે કારણ કે તે હક્કના ઘરમાં છે. ફિરદૌસમાં છે : જ્યારે કોઈ મરી જાય છે તેની રૂહને એક મહીના સુધી તેના ઘરની ચારે બાજુ ફેરવવામાં આવે છે. એક વર્ષ સુધી તેની કબ્રની આજુબાજુ ફેરવવામાં આવે છે. ત્યારબાદ તેને એ દોરડી

પર પહોંચાડી આપવામાં આવે છે જ્યાં જીવંત અને મુડદાઓની રૂહોની મુલાકાત થાય છે.

હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما એ ફર્માવ્યું, એક દોરડી પૂર્વથી પશ્ચિમ સુધી ખેંચવામાં આવી છે. જીવંત અને મુડદાંઓની રૂહો તે દોરડી તરફ જાય છે, જીવંતની રૂહ મુડદાની રૂહથી મળે છે. પછી જીવંતની રૂહને તેના બદન તરફ જવાનો હુકમ આપવામાં આવે છે જેથી તે પોતાની રોઝી પૂરી કરી લે અને મુડદાંની રૂહને રોકી લેવામાં આવે છે.

ઉપરોકત ઉલ્લેખથી સ્પષ્ટ થયું કે જીવંત અને મુડદાંની રૂહો કયારેક સ્વપ્નમાં એક બીજાથી મુલાકાત કરે છે અને એ પણ જાણવા મળ્યું કે રૂહો મરતી નથી તેમના માટે હંમેશગી છે માત્ર તેમનો આલમ બદલાય છે. જાહેર આલમમાંથી આલમે ગયબમાં પહોંચી જાય છે, અને એ પણ જાણવા મળ્યું કે રૂહો માણસોના જીવંત હોવા છતાં સૂઈ ગયા બાદ બહાર ફરવા માટે લઈ જવામાં આવે છે.

## ★ ગેર મુસ્લિમોની માન્યતા ★

દુનિયામાં ઘણા બધા ગેર મુસ્લિમો આજે પણ એ માન્યતા ધરાવે છે કે માણસ મરણ બાદ ફના નથી થઈ જતો. બલ્કે અમલના આધારે તેની રૂહ અને પ્રાણને બીજા જાનવર અથવા માણસનું રૂપ આપવામાં આવે છે. જેને તેમની પરિભાષામાં આવાગવન અને તનાસુખ (પુનર્જન્મ) કહેવામાં આવે છે. જો કે આ અકીદો ઈસ્લામી માન્યતા અને અકીદા વિરૂધ્ધ છે. ઈસ્લામી માન્યતા એ જ છે કે નજરો સમક્ષના આ આલમમાં એક વખત આવવાની ઈજાઝત આપવામાં આવે છે જેમાં તે અમલો કરીને પોતાનું એક મુકામ બનાવી શકે. રૂહ કબ્ઝ થઈ ગયા બાદ તે આલમે બરઝખમાં પહોંચાડી આપવામાં આવે છે. જો સારા અમલો કર્યો હશે અને રબની ખુશીમાં જીવન વિતાવ્યું હશે અને રબને તેના અમલો કબૂલ હશે તો તેની રૂહને ફરવાની ઈજાઝત મળી શકે છે જેનું વિગતવાર બયાન તમારી ખિદમતમાં રજુ કરવામાં આવેશ. પરંતુ તે આલમે ગયબમાં રહીને જ પોતાનો અમલ કરી શકે છે. ગેર મુસ્લિમ જે આવાગવન (પુનર્જન્મ)ની માન્યતા ધરાવે છે તે આ નથી અલગ છે. તેઓ આ જગતમાં જ બીજા





બદનમાં આવવાનું યકીન ધરાવે છે. કૂતરાં, બિલાડાં અને બીજા જન જનાવરોમાં તેઓ ઈન્સાનની જ રૂહો બીજા જન્મમાં આવેલી માને છે. સારાંશ એ કે કાફિરોની આ માન્યતા તદન ખોટી છે. પરંતુ એટલું તો સત્ય જરૂર છે કે તેઓ રૂહ અને પ્રાણ માટે મરણ બાદ ફના થઈ જવું નથી માનતા બલ્કે એવું માને છે કે રૂહો હમેશાં રહેશે અને ઈસ્લામી અકીદો પણ એ જ છે કે રૂહો હમેશાં રહેશે, તેમના માટે ફના નથી.

## ★ જન્નત અને દોઝખ વિશે કાફિરોની માન્યતા ★

જન્નત અને દોઝખ કાફિરોની માન્યતામાં પણ છે, તેઓ જન્નતને વૈકુંઠ અને દોઝખને નર્ક કહે છે. તેઓની માન્યતા એ પણ છે કે સારા કામો કરવાવાળો વૈકુંઠમાં જશે અને ખરાબ કામો કરવાવાળો નર્કમાં જશે. ઈસ્લામનો અકીદો એ છે કે કાફિરો કુફ્ર પર રહ્યા અને તેઓ ઈમાન ન લાવ્યા એટલે તેમના માટે જન્નત નથી, તેમને કુફ્રના લીધે હમેશાં દોઝખમાં રહેવાનું છે. પરંતુ તેમના અકીદાથી એટલું તો સ્પષ્ટ થાય છે કે તેઓ મોત પછી ફના થઈ જવું નથી માનતા બલ્કે એ માને છે કે માણસને હમેશાં રહેવાનું છે. તેમને અમલના આધારે જન્નત અને દોઝખ મળશે. કાફિરને વૈકુંઠવાસી (સ્વર્ગસ્થ) કહેવું કુફ્ર છે.

## ★ દુનિયાના ધર્મોમાં નબીઓની તાલીમની ઝલક ★

જન્નત અને દોઝખ આખેરતની જગાઓ છે માણસ પોતાની અક્કલ અને ખ્યાલથી તે માન્યતા સુધી પહોંચી શકતો નથી. પરંતુ ગેરમુસ્લિમોમાં જન્નત અને જહન્નમની માન્યતા એ વાત સાબિત કરે છે કે દુનિયાના ધર્મોમાં નબીઓની તાલીમની ઝલક જોવા મળે છે. કારણ એ છે કે શૈતાન માણસોને ખોટા ખોટા વસવસાઓ આપીને કુફ્ર પર લઈ ગયો. માન્યતાઓમાં ફરક લાવીને તેમને મૂર્તિપૂજામાં લગાડી દીધા. (અલ્લાહની પનાહ !)

## ★ મુડદાની હાલત ગયબ કેમ ? ★

ઈમાન બિલ ગયબ શરીઅતમાં માન્ય છે. નબીના આપેલા પૈગામ પર જોયા વિના ઈમાન લાવવું જરૂરી છે. અને એટલા માટે જ આખેરતથી

સંબંધિત ચીજોને પણ ગયબમાં રાખવામાં આવી. જો ગયબની ચીજો લોકો માટે જાહેર કરી દેવામાં આવે તો લોકો નબીના કહ્યાથી નહીં પરંતુ પોતાના જોવા પર ભરોસો કરીને ઈમાન લાવી શકે છે. જેમ કે ફિરઔન જ્યારે ડૂબવા લાગ્યો અને તેને પોતાની મૌતનું યકીન થઈ ગયું અને ફરિશ્તાઓ તેની રૂહ લેવા માટે હાજર થઈ ગયા અને મરનાર માણસ નઝઅની હાલતમાં ફરિશ્તાઓને જોવા લાગે છે અને તેને તેનું ઠેકાણું પણ બતાવી દેવામાં આવે છે. તો તેવા સમયે ફિરઔનને મૂસા عليه الصلوٰة والتسليم ના હક્ક હોવાનું યકીન થઈ ગયું અને તેને ઈમાન લાવવું પસંદ કરી લીધું. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :

آمَنْتُ اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّا الَّذِیْۤ اٰمَنَتْ بِهٖ بَنُوْۤا اِسْرَآءِیْلَ
وَاَنَا مِنَ الْمُسْلِمِیْنَ

"હું ઈમાન લાવ્યો કે તેના સિવાય કોઈ સાચો મા'બૂદ નથી જેના પર બની ઈસરાઈલ ઈમાન લાવ્યા. અને હું મુસલમાન છું." એટલે કે જ્યારે તેને પોતાની મોતનું યકીન થઈ ગયું અને ગયબની હાલત જાહેર થઈ ગઈ ત્યારે પોતાનું મુસલમાન હોવું જાહેર કર્યું તો તેનું ઈમાન સ્વીકારવામાં ન આવ્યું. آٰلْئٰنَ وَقَدْ عَصَيْتَ قَبْلُ وَكُنْتَ مِنَ الْمُفْسِدِیْنَ' શું હવે અને પહેલાં નકાર કરતો રહ્યો અને તું ફસાદી હતો. એટલે કે ઈમાન બિલ ગેયબ અમારી બારગાહમાં માન્ય છે. અને અય ફિરઔન ! તું તો જોઈને ઈમાન લાવી રહ્યો છે ! એટલે તને મુસલમાનોની સફમાં દાખલ કરવામાં આવશે નહીં.

સારાંશ એ કે મરણ બાદ મુડદાની હાલત ગયબમાં એટલા માટે રાખવામાં આવી કે મુસલમાનની સારી હાલત અને કાફિરની ખરાબ હાલત જોઈને મુસલમાન હોવું પસંદ ન કરે બલ્કે નબીના કહેવા પર જોયા વિના ઈમાન લઈ આવે.

## ★ આલમે બરઝખમાં મરણ પામનારાની સ્થિતિઓ ★

(૧) અવસાન પછી અક્કલ અને હોશ બાકી રહેવો.
(૨) મરણ બાદ રૂહનું આકાશમાં જવું.
(૩) પોતાના રબ સમક્ષ સિજદામાં જવું.





(૪) ફરિશ્તાઓને જોવા.
(૫) તેમની વાતો સાંભળવી.
(૬) તેમનાથી વાતો કરવી.
(૭) જન્નતમાં પોતાનું મુકામ નજરો સમક્ષ રહેવું.
(૮) નેક પડોશીઓથી નફો પ્રાપ્ત કરવો.
(૯) ખરાબ પડોશીઓથી તકલીફ પામવી.
(૧૦) ફરિશ્તાઓનું તેમની પાસે ભેટો લાવવું.
(૧૧) તેમની ખબર લેવી.
(૧૨) તેમનું લોકોના સદકાની વાટ જોવી.
(૧૩) કબ્રનું તેમનાથી સ્વચ્છ ભાષામાં વાત કરવું.
(૧૪) કબ્રનું નજરની હદ સુધી વિશાળ હોવું.
(૧૫) જીવંત લોકોનાં કામો તેમને દેખાડવામાં આવવાં.
(૧૬) નેકીઓથી ખુશ થવું અને બુરાઈઓથી ચિંતિત થવું.
(૧૭) પાછલાઓ માટે દુઆઓ માંગવી.
(૧૮) તેમની મુલાકાતનો શોખ ધરાવવો.
(૧૯) રૂહોની એક બીજાથી મુલાકાત.
(૨૦) પૂર્વજ મુડદાંઓનું નવા મુડદાંઓને વેલકમ કરવુ.
(૨૧) સગા સંબંધીઓને ઓળખવું.
(૨૨) તેમની જોઈને ખુશ થવું.
(૨૩) તેમનાથી જીવંત સગા સંબંધીઓની ખબર પૂછવી.
(૨૪) પરસ્પર સારા કફન પર ફખ્ર કરવો.
(૨૫) ખરાબ કફનવાળાનું મુલાકાતીઓમાં શરમાવું.
(૨૬) પોતાના નેક અને બદ્અમલો જોવાં.
(૨૭) આલિમે દીનનો ઈલ્મે શરીઅત.
(૨૮) અહલે સુન્નતનું મઝહબે સુન્નત.
(૨૯) નેક બંદાઓનું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને બુઝુર્ગોની ખિદમતમાં હાજરી આપવી.

(૩૦) પોતાની કબ્રોમાં નમાઝ પઢવી.
(૩૧) હજ્જ પઢવી અને લબ્બૈક કહેવું
(૩૨) તિલાવતે કુર્આનમાં તલ્લીન રહેવું.
(૩૩) ફરિશ્તાઓનું તેમને કુર્આન શરીફ હિફ્ઝ કરાવવું.
(૩૪) પોતાના રબ જલ્લો અલાથી વાતો કરવી.
(૩૫) રબ તબારક વ તઆલાનું તેમનાથી કલામ કરવું.
(૩૬) જન્નતની નહેરોમાં ડૂબકીઓ લગાડવી.
(૩૭) જેમનું કુર્આનની તિલાવતની હાલતમાં અવસાન થયું. કુર્આનનું તેમને તસલ્લી (આ□ાસન) આપવું.
(૩૮) દૂધ પીતા બાળકનું અવસાન થયું હોય તો જન્નતની દાયણોએ તેની દૂધ પીવાની મુદ્દત પૂરી કરવી.
(૩૯) નેક લોકોનું કિયામત માટે જલ્દી કરવું.
(૪૦) બુરા લોકોનું કિયામતના નામથી ગભરાવું.
(૪૧) શહીદ થવાવાળાઓનું બીજી વખત કત્લ થવા માટે તમન્ના કરવી.
(૪૨) મુસલમાનોનું લીલા અને સફેદ રંગની ચકલીઓની શક્કલમાં મન ફાવે ત્યાં ઉડતાં રહેવું.
(૪૩) જન્નતના ફળ ફળાદી ખાતા પીતા રહેવું.
(૪૪) નેકીઓના તોહફા લેવા.
(૪૬) સગા સંબંધીઓના ઘરે આવવું.
(૪૭) નેકીઓની ભેટ મળવા પર ખુશ થવું.
(૪૮) કંઈ ન મળવાથી નારાજ થવું.
(૪૯) કબ્ર પર આવનારને જોવું.
(૫૦) તેમને જોઈને ખુશ થવું
(૫૧) સલામનો જવાબ આપવો.
(૫૨) કબ્રનું બદ્દકારને દબાવવું. મુડદાંની પાંસળીઓ ભાગી નાખવી.





ઉપરોકત સ્થિતિઓ આલમે બરઝખમાં રૂહોની હતી તે સિવાય પણ બીજી અન્ય સ્થિતિઓ છે જેને દલીલની રોશનીમાં તમારી ખિદમતમાં રજુ કરવામાં આવશે. અને આલમે ગયબની સ્થિતિઓ આલમે ગયબથી સંબંધિત છે તેનો ફેંસલો અક્કલથી થઈ શકતો નથી, પરંતુ કુર્આન અને હદીષની તાલીમને લક્ષમાં રાખી તેને સમજી શકાય છે. તો હદીષ અને તેના ભાવાર્થ રજુ કરવામાં આવશે.

## ★ ધર્મનો દરેક ફેંસલો અક્કલ પર આધારિત નથી ★

દીન અને ધર્મમાં આજે જે વિવાદ અને ઈખ્તિલાફ જોવા મળે છે તેનું મુખ્ય કારણ એ જ છે કે અમુક લોકો પોતાને મુસલમાન કહેવા છતાં ધર્મની દરેક વાતને અક્કલના ત્રાજવામાં લાવીને તોલવાની કોશિશ કરે છે. જ્યારે કે ધર્મનો સંબંધ અક્કલથી નથી પરંતુ અલ્લાહ અને રસૂલના ઈર્શાદ પર આધારિત છે. ખુદા અને રસૂલના ઈર્શાદની સમક્ષ કોઈ પણ અકલી વાત માન્ય રાખી શકાતી નથી. હા ! જો ધર્મની વાત કુર્આન અને હદીષથી સાબિત હોય અને અક્કલથી પણ તેનો સૂબૂત મળતો હોય તો સારી વાત છે. નહીં તો અકલી વાત પર લક્ષ આપવામાં આવશે નહીં.

## ★ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم નો ઈર્શાદ ★

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم નો પ્યારો પ્યારો ઈર્શાદ છે કે ધર્મનો સંબંધ માત્ર અક્કલથી હોતો તો હું મોજા (ચામડાના શોકસ) પર મસોહ ન કરતો. મોજોના નીચેના ભાગ પર મસોહ કરતો, કારણ કે અક્કલનો ફેંસલો એ જ છે કે જ્યાં સફાઈની વધારે જરૂરત હોય ત્યાંનો મસોહ કરવામાં આવે અને તે નીચેનો ભાગ છે. પરંતુ હુઝૂરે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદમાં એ છે કે મોજાના ઉપરના ભાગ પર મસોહ કરવો જરૂરી છે. એટલા માટે તો મૌલાના રૂમ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, "અક્લ કુર્બાન કુન બે પેશે મુસ્તફા." નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદ પર અક્કલને કુર્બાન કરી આપો. એટલે કે અક્કલમાં આવે તો ઠીક, અને ન આવે તો પણ નબીના ઈર્શાદને જ કબૂલ કરવામાં આવશે. અક્કલ ખોટો ફેંસલો કરી શકે છે, જેમ કે દુનિયામાં અક્કલથી ફેંસલો કરવાવાળાઓની

વાતોમાં સેંકડો પ્રકારના વિવાદ જોવા મળે છે, આજ સુધી તેનો એકમતે ફેંસલો થયો નથી.

## ★ ન જાણવું ન હોવાની દલીલ નથી ★

અમુક લોકો અક્કલના દુશ્મન હોય છે જેઓ પોતાને અક્કલવાળા કહે છે પરંતુ તેમનામાં અક્કલનો છાંટો પણ હોતો નથી. તેવા લોકો અનેક વાતોમાં ખોટો વિવાદ કરી અજાણ પબ્લિકમાં વિખવાદ ઊભો કરે છે. વર્તમાનકાળમાં ઘણા બાતિલ ફિર્કાઓ એવા પણ છે જેમણે મઝહબની વાતો પર અકલી ફેંસલા કરીને દીનમાં વિવાદ ઊભો કરી દીધો છે જેને લઈને આજે એક મુસલમાન બીજા મુસલમાનને સલામ તો દૂરની વાત એક નજર જોવા પણ રેડી થતો નથી. અને પબ્લિક પણ કોઈનો ફોલો (અનુસરણ) કરવામાં એ વિચાર નથી કરતી કે આ વ્યકિત જે નવો રસ્તો અને નવી માન્યતા લઈને લોકોને પોતાની તરફ બોલાવે છે તેની પાસે કોઈ શરઈ દલીલ છે ? કે પછી તે અક્કલને વચમાં રાખીને વાત બનાવી રહ્યો છે ? દુનિયામાં ઘણી બધી ચીજો ઘણી બધી જગાઓ એવી છે જેને આપણે જોઈ નથી પરંતુ સાંભળીને આપણને તેના હોવા પર એટલું પૂરતું યકીન પ્રાપ્ત છે જેટલું કે આપણે પોતે પોતાની આંખોથી જોઈ લઈએ. અને કેટલી ચીજો અને જગાઓ એવી છે જેનો દુનિયામાં વજૂદ છે પરંતુ આપણને તેનું ઈલ્મ અને નોલેજ નથી. પરંતુ ઈલ્મ અને નોલેજ ન હોવાથી એ ફેંસલો કરવો કે તેનો વજૂદ છે જ નથી એ તદ્દન ખોટી અને પાયા વિનાની વાત કહેવામાં આવશે. આખેરતને સંબંધિત ચીજો આપણે જોઈ નથી પરંતુ નબીએ આપણને તેની ખબર આપી, એટલે આમ નથી કહી શકાતું કે આપણે તેને જોયું નથી પછી શી રીતે તેને માનવામાં આવે ? ન જાણવું અને ન જોવું ન હોવાની દલીલ નથી.

## ★ અક્કલના ફેંસલા બદલાતા રહે છે ★

અક્કલથી થનારા ફેંસલાઓ ઓછી વધતી અક્કલના આધારે બદલાતા રહે છે. દા.ત. રેડીઓની શોધ ન થઈ હતી ત્યારે માણસની અક્કલ એ વાત કબૂલ કરી શકતી ન હતી કે હજારો માઈલ દૂરની અવાજ





કોઈ પણ તકલીફ વિના સ્પષ્ટ સાંભળી શકાય છે. પરંતુ જ્યારે રેડીયો ઘર ઘર પહોંચી ગયો અને લોકોએ પોતે જ એક બીજા મુલ્કોની વાતો સાંભળી તો તેની અક્કલને જે વાત અશક્ય લાગતી હતી તે તેના માટે શકય બની ગઈ. મોબાઈલ ફોન જેમાં વચમાં કોઈ કનેક્શન હોતું નથી પરંતુ નંબર લગાડવામાં આવે તો તે મોબાઈલ ફોનમાં રીંગ વાગે અને ઓન કરનાર ગમે ત્યાં હોય વાત કરી શકે, ગમે તેટલી ફાસ્ટ સવારીમાં હોય અને બહાર ગમે તેવી અવાજો થઈ રહ્યા હોય પરંતુ કોઈ અવાજ ડિસ્ટર્બ ન કરે. આજે તો તેવા ફોન આપણી સમક્ષ છે એટલે યકીન થાય છે પરંતુ જ્યાં હજુ આ પ્રકારના ફોન નહીં પહોંચ્યા હોય ત્યાંના લોકોની અક્કલમાં આ વાત આવી શકશે નહીં. સ્પષ્ટ થયું કે ઘણી બધી વાતો અક્કલમાં નથી આવી શકતી અને પ્રથમ વર્ગમાં અક્કલ તેનો ઈન્કાર કરે છે, પરંતુ તેનો વજૂદ થઈ ગયો હોય છે. અને ઈન્કાર કરનાર પણ તેની સમક્ષ આવી જવાથી યકીન કરી લે છે. સારાંશ એ કે અક્કલનો ફેંસલો બદલાતો રહે છે. જ્યારે દુનિયાની વાતો અક્કલમાં નથી આવતી તો પછી આખેરતની ચીજોનો ફેંસલો અક્કલ પર શી રીતે લખી શકાય છે ?

## ★ છે તો પછી દેખાતી કેમ નથી ?! ★

જ્યારે એ સ્પષ્ટ થઈ ગયું કે કયારેક દુનિયાની ચીજ વસ્તુ બાબતે અક્કલ અસ્વીકાર કરે છે તો પણ તે ચીજ વસ્તુનો વજૂદ હોય છે એટલે કે અક્કલનો અસ્વીકાર કોઈ ચીજનો વજૂદ ન હોવાની દલીલ નથી, તો પછી ન દેખાવું ન હોવાની દલીલ શી રીતે બની શકે છે ?! હવાનો વજૂદ છે અને માણસની આ દુનિયાની લાઈફ માટે હવા જરૂરી છે, કોઈ પણ ખાલી જગા હવાથી ખાલી નથી હોતી. તો પણ હવાને માણસની આંખ જોઈ શકતી નથી. માણસનો જીવ અને પ્રાણ જેનાથી તે જીવંત છે તો પણ તે પોતાના પ્રાણને જોઈ શકતો નથી. ઠંડી, ગરમી, સુગંધ, દુર્ગંધ, તીખું, કડવું, મીઠું, ખારું વિગેરેનો વજૂદ છે પરંતુ આંખોથી તેને જોઈ શકતા નથી. દુનિયામાં બેકટેરિયાનો વજૂદ છે પરંતુ તે ઘણા જ નાના છે એટલે આંખો તેને જોઈ શકતી નથી. જ્યારે દુનિયાની ચીજો જેનો વજૂદ છે અને તેના વજૂદ પર પૂરતું યકીન છે તો પણ આંખોથી તેની જોઈ શકતા નથી

તો પછી આખેરતની ચીજો બાબત આમ શી રીતે કહી શકાય છે કે તેનો વજૂદ છે તો પછી આંખોથી જોવામાં આવતી કેમ નથી ?!

ઉપરોકત ઉલ્લેખથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે અક્કલમાં ન આવવું ન હોવાની દલીલ નથી અને આંખોથી ન દેખાવું પણ ન હોવાની દલીલ નથી, આ કાયદો દુનિયાની ચીજો પર લાગુ પડે છે તો પછી આખેરતની બાબત લાગુ કેમ ન પડે ? કારણ કે આખેરતનો આલમ આ દુનિયાના આલમથી અલગ આલમ છે. મુલ્ક બદલવાથી અન્ય વાતોનો ફરક પડે છે તો આલમ બદલવાથી કેમ ન પડે ?!

## ★ શરીરમાં પ્રવેશ રૂહ માટે જેલ છે ★

પક્ષીઓ પોતાની મન મરજીથી જ્યાં ઈચ્છે છે ફરે છે બલ્કે અમુક પક્ષીઓ તો એક મુલ્કથી બીજા મુલ્ક સુધી ઉડીને પહોંચે છે. પરંતુ જો પક્ષીને પિંજરામાં બંધ કરી દેવામાં આવે તો પછી તેની તાકત અને શકિત ચાલી શકતી નથી. માલિક પિંજરામાં એક જગાએથી બીજી જગાએ લઈ જાય તો પક્ષી તેમાં બીજી જગાએ જાય, નહીં તો પિંજરામાં પડયું રહે. રૂહ અને પ્રાણનો પણ આ જ દાખલો છે તેનામાં ઘણી જ તાકાત અને શકિત છે, તેને એક જગાએથી બીજી જગાએ જવા માટે સવારીની જરૂરત નથી હોતી પરંતુ જ્યારે તેને બદનના પિંજરામાં હકમે ખુદાથી બંધ કરી દેવામાં આવે છે તો તે દરેક ચીજમાં બદનની મોહતાજ બની જાય છે. તેની તાકત અને શકિત કામ લાગી શકતી નથી. એટલે આપણને એવું લાગે છે કે બદન સાથે રૂહને પણ એક જગાએથી બીજી જગાએ જવા માટે સવારીની જરૂરત હોય છે. જો લક્ષ આપવામાં આવે તો આ બધી લાચારીઓ અને મજબૂરીઓ રૂહ અને પ્રાણની નથી બલ્કે બદનની છે અને બદનની જેલમાં બંધ થવાથી રૂહને પણ લાચાર અને મજબૂર બનવું પડે છે.

પિંજરામાં બંધ રાખવામાં આવેલા પક્ષીને આઝાદ કરી દેવામાં આવે તો પછી પિંજરાની લાચારીઓ અને મજબૂરીઓ તેના માર્ગમાં રુકાવટ બની શકતી નથી. તે મનેચ્છાએ ઉડયન કરે છે. આ જ દાખલા પ્રમાણે રૂહ અને પ્રાણ જ્યારે બદનની જેલથી મૌત દ્વારા આઝાદ થઈ





જાય છે તો પછી તેની સાથે બદનની લાચારીઓ અને મજબૂરીઓ રહી જતી નથી, બલ્કે તે પોતાની શકિત પ્રમાણે હેરાફેરી કરી શકે છે. દૂર નજીક બધું તેના માટે એક જેવું બની જાય છે અને સમયની શર્ત વિના ગમે ત્યાં તરત પહોંચી શકે છે. એટલે રૂહની પોતાની જાતિય શકિતને બદનની સાથે રાખવી માપવી અને તેના માટે બદનની મજબૂરીઓનો ફેંસલો કરવો એવું જ છે જેમ કે પિંજરામાં બંધ પક્ષીને ભૂલાવી માત્ર પિંજરા પર નજર કરવી. પિંજરું અલગ છે, અને તેમાંનું પક્ષી અલગ છે. તેવી જ રીતે બદન અલગ છે અને તેમાંની રૂહ અલગ છે. એકને બીજા સાથે સરખાવી નથી શકતા. જો કોઈ માણસ આ તફાવતને લક્ષમાં લાવ્યા વિના બંનેના માટે એક સરખો ફેંસલો કરે તેણે પોતાની અક્કલનો ઈલાજ કરાવો જોઈએ.

## ★ મરણ બાદ રૂહની શકિત હદીષની રોશનીમાં ★

મુસ્નદે ઈમામ અહમદ, મુઅજ્જમે કબીર, સહીહ મુસ્તદરક અને હુલ્યામાં સહીહ સનદથી રિવાયત છે : હુઝૂર પૂરનૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બેશક ! દુનિયા કાફિરની જન્નત અને મુસલમાન માટે જેલ છે. અને ઈમાનવાળાની જ્યારે જાન નીકળે છે તો તેનો દાખલો એવો છે જેમ કે કોઈ વ્યકિત જેલમાં હતો હવે તેમાંથી છૂટો કરી દેવામાં આવ્યો તો હવે જમીનમાં હરે ફરે છે.

અબૂબક્ર બિન અબી શૈબાની રિવાયતમાં છે : દુનિયા મુસલમાનની જેલ અને કાફિરની જન્નત છે, જ્યારે ઈમાનવાળો મરણ પામે છે તો તેનો માર્ગ ખુલ્લો કરી દેવામાં આવે છે, જ્યાં ઈચ્છે ત્યાં ફરે.

સૈયદી મુહમ્મદ બિન અલી તિર્મિઝી હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત કરે છે : હુઝૂર નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, દુનિયાથી મુસલમાનનું જવું એવું છે જેમ કે બાળકનું મા ના પેટથી નીકળવું, એટલે કે ગભરામણ અને અંધકારમય જગાથી આ વિશાળ દુનિયામાં આવવું.

**(૧)** ઉપરોકત હદીષોથી એ જાણવા મળે છે કે મરણથી રૂહ ફના નથી થતી બલ્કે માત્ર બદનથી જુદા થઈ જાય છે અને બદન સાથે તેનો

દુનિયાવાળો સંબંધ બાકી રહેતો નથી.

**(૨)** બીજી વાત એ જાણવા મળે છે કે રૂહના જુદા થવાથી મરણ બદનનું થાય છે રૂહનું નહીં. રૂહ અને પ્રાણની તો માત્ર હાલત બદલાય છે.

**(૩)** ત્રીજી વાત એ જાણવા મળે છે કે મરણ બાદ રૂહની તાકત તૂટી નથી જતી બલ્કે તેની તાકતમાં વધારો થઈ જાય છે. બદનની જેલથી તેને મુક્તિ મળે છે.

**(૪)** ચોથી વાત એ જાણવા મળે છે કે દુનિયા મુસલમાન માટે જેલ જેવી છે. જેમ જેલમાં માણસ પોતાની ઈચ્છા અને ચાહતથી આઝાદીની સાથે કોઈ કામ નથી કરી શકતો બલ્કે તેણે જેલના કાયદાનું પાલન કરવાનું હોય છે. એ જ પ્રમાણે મુસલમાને દુનિયામાં ઈસ્લામી શરીઅત લક્ષમાં રાખવાની હોય છે જેથી પોતાની મનેચ્છા પ્રમાણે કામ નથી કરી શકતો. દુનિયા કાફિરો માટે જન્નત છે તેમના માટે જીવન ગુજારવાનો કોઈ કાયદો નથી તેઓ પોતાની મનેચ્છાએ દરેક કામ કરી શકે છે.

**(૫)** પાંચમી વાત એ જાણવા મળે છે કે જેલમાં માણસની શક્તિ અને અધિકાર ઓછો હોય છે પરંતુ ત્યાંથી મુક્તિ મેળવ્યા બાદ તેનો પોતાનો અધિકાર અને શક્તિ પરત આવે છે. એ જ પ્રમાણે મુસલમાનની રૂહ બદનની જેલમાંથી મુક્તિ મેળવ્યા બાદ તેની તાકતમાં વધારો થઈ જાય છે.

**(૬)** છટ્ઠી વાત એ જાણવા મળે છે કે રૂહ જ્યારે બદનની સંગતમાં હોય છે ત્યારે તે પોતાના કામોમાં અવયવોની મોહતાજ હોય છે પરંતુ મરણ બાદ જ્યારે તેને મુક્તિ આપવામાં આવે છે પછી તે પોતાના કામોમાં અવયવોની મોહતાજ રહેતી નથી.

**(૭)** સાતમી વાત એ જાણવા મળે છે કે મરણ બાદ મુસલમાનની રૂહને ફરવાની અને એક જગાએથી બીજી જગાએ જવાની ઈજાઝત આપવામાં આવે છે.

**(૮)** આઠમી વાત એ જાણવા મળે છે કે જ્યારે તેને હરવા ફરવાની રજા આપવામાં આવે છે તો પછી તેની પાસે જોવાની, સાંભળવાની, ચાલવાની અને સમજવાની શક્તિ હોય છે, કારણ કે વિના શક્તિએ રજા





આપવાનો કોઈ મતલબ રહેતો નથી.

**(૯)** નવમી વાત એ જાણવા મળે છે કે મરણ બાદ બદનને તો માટીમાં દફનાવી દેવામાં આવે છે પરંતુ રૂહ આલમે બરઝખમાં જાય છે.

**(૧૦)** દસમી વાત એ જાણવા મળે છે કે આ દુનિયા જેમ એક બીજો આલમ પણ છે, મુકામ વ મરતબા પ્રમાણે રૂહોને ત્યાં રહેવાનું હોય છે, ફરક એટલો છે કે આ આલમ નજરો સમક્ષ છે અને બરઝખ આલમે ગયબ છે.

**(૧૧)** અગ્યારમી વાત એ જાણવા મળે છે કે આલમે બરઝખ આ દુનિયાથી ઘણો જ વિશાળ છે. દુનિયાને મા ના પેટથી અને બરઝખને આ દુનિયાથી સરખામણી આપવામાં આવી છે. મા ના પેટથી દુનિયા અસંખ્ય ગણી વિશાળ છે તો પછી આલમે બરઝખ દુનિયાથી ઘણો જ વિશાળ છે.

**(૧૨)** બારમી વાત એ જાણવા મળે છે કે મા ના પેટમાં બાળક અંધકારમય ઘરમાં હોય છે અને તેમાં તેનો અધિકાર તદ્દન ન હોવા બરાબર હોય છે. પરંતુ દુનિયામાં આવ્યા બાદ તેનો અધિકાર ઘણો જ વધી જાય છે. આ જ પ્રમાણે રૂહ માટે આ દુનિયા છે તેમાં તેનો અધિકાર ઘણો જ ઓછો હોય છે પરંતુ બદનની જેલમાંથી મુક્તિ મેળવ્યા બાદ તેનો અધિકાર વધી જાય છે.

**(૧૩)** તેરમી વાત એ જાણવા મળી કે મરણ બાદ તરત જ જન્નત અને દોઝખનું મુકામ નથી બલ્કે રૂહને બદનના સંપર્કમાં જઝા અને સજા આલમે બરઝખમાં આપવામાં આવશે. જન્નત અને દોઝખનો ફેંસલો કિયામત પછીની વાત છે.

ઉપરોક્ત હદીષોથી તેર (૧૩) વાતો જાણવા મળી જે આપણા માટે રિવાયતી સુબૂત હતો. એટલે કે આ તેર (૧૩) મસ્અલાઓ હદીષના શબ્દોને લક્ષમાં રાખીને જ કાઢવામાં આવ્યા છે એટલે આમ નથી કહી શકાતું કે હદીષમાં તો આટલો બધો ઉલ્લેખ નથી, આલિમો જેમને ઉસૂલે ફિકહથી વાકેફિયત પ્રાપ્ત છે તેઓ સારી રીતે જાણી શકે છે કે આ પ્રમાણે હદીષોથી મસ્અલા કાઢવા યોગ્ય છે કે નથી. પબ્લિકનો ઈન્કાર ઉસૂલની વાતોમાં કયારેક પણ માનય નથી રાખી શકાતો. અને પબ્લિકને ઉસૂલની વાતોમાં વિવાદનો તદ્દન હક્ક નથી.

## ★ જરૂરતની વાત ★

ઉપરોકત હદીષોની રોશનીમાં જાણવા લાયક વાત અને અગત્યની વાત એ છે કે આલમે બરઝખ અને આલમે આખેરત બંને આલમે ગયબ છે તેમને આ દુનિયાની સાથે સરખામણી આપવી તદ્દન પાયા વિનાની વાત છે. બાળક માટે મા નું પેટ અને આ દુનિયાને એક બીજાથી સરખાવી નથી શકતા તો પછી આલમે આખેરતની આ દુનિયા સાથે સરખામણી શી રીતે કરી શકાય છે ? જેથી આખેરતને સંબંધિત વાતોમાં આ મસ્અલો અવશ્ય યાદ રાખવામાં આવે. આ મસ્અલો ભૂલવાથી અનેક વિવાદ ઊભા થયા અને હજુ પણ લક્ષમાં રાખવામાં નહીં આવે તો અન્ય વિવાદ જન્મ લઈ શકે છે.

## ★ આલિમોની જિમ્મેદારી શું છે ? ★

દીન અને ધર્મના કોઈ પણ મસ્અલામાં આલિમોએ ઘણી જ કાળજી રાખવી જોઈએ અને કોઈ પણ મસ્અલામાં વિવાદ કરતાં પહેલાં પૂર્વજ આલિમોના મંતવ્યને લક્ષમાં રાખવાં જોઈએ. કારણ કે પૂર્વજ આલિમોમાં ઈખ્લાસ હતો, નફસ પરસ્તી તેમનામાં જોવા ન મળતી હતી. દીન બાબતે તેઓ ઘણા જ કેરફૂલ (સાવચેત) હતા એટલે તેમના મંતવ્યથી હટીને બીજો માર્ગ શોધવો કૌમે મુસ્લિમની એકતાનો નાશ કરવો છે. આજે આલમે બરઝખમાં રૂહોના અધિકાર વિશે જે કંઈ વિવાદ જોવા મળે છે તેનો વબાલ આલિમોના જ સિરે જશે. કારણ કે આલિમોએ આલમે બરઝખ અને આલમે દુનિયામાં ફરક ન કર્યો અને દુનિયાની લાચારીઓને રૂહ માટે બરઝખની લાચારીઓ સમજી, ત્યાર બાદ નબીઓ અને વલીઓના બરઝખી અધિકારોનો ઈન્કાર કરવામાં આવ્યો.

કૌમે મુસ્લિમમાં અકીદાનો વિવાદ ઊભો થયો, લોકોની માન્યતાઓમાં ફરક આવ્યો, એકતાનો નાશ થયો, અને કૌમે મુસ્લિમ તોત્તેર ફિર્કાઓમાં વહેંચાઈ ગઈ, જો આના રિઝન અને કારણ પર ધ્યાન આપવામાં આવે તો એ વાત સ્પષ્ટ થાય છે કે વિવાદ ઊભો કરનાર પ્રથમ આલિમ હોય છે પછી તેના ચાહકો તેના અનુસરણમાં તે વિવાદને હવા





આપે છે, આમ તે માન્યતાના લોકો એક નવા ફિર્કાના નામથી ઓળખાવા લાગે છે. જ્યારે પબ્લિક આલિમોનું અનુસરણ કરે છે તો આલિમોએ દીન બાબતે ઘણા જ કેરફૂલ (સાવધાન) રહેવું જોઈએ. તેમની ભૂલ માત્ર તેમની જ ભૂલ રહે તો મસ્અલો એટલો બગડતો નથી, પરંતુ આલિમોની ભૂલ સેંકડો લોકોની ભૂલ બની શકે છે.

## ★ મુડદુ અવાજ પણ કરે છે ★

બુખારી અને મુસ્લિમ શરીફમાં હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે : સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, જ્યારે જનાઝો રાખવામાં આવે છે અને માણસો તેને પોતાના ગળા (ખભા) પર ઉઠાવે છે તો (મરનાર વ્યકિત) નેક હોય તો કહે છે, "મને આગળ વધાવો !" અને મરનાર બુરો હોય તો કહે છે, "ખરાબી તેની તમે (મને) કયાં લઈ જાવ છો ?" દરેક ચીજ વસ્તુ તેનો અવાજ સાંભળે છે, પરંતુ માણસ (સાંભળી શકતો નથી) જો સાંભળી લે તો બેહોશ થઈ જાય.

કિતાબુલ કોબૂરમાં ઈબ્ને અબી દુન્યાએ અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ થી રિવાયત કરી છે : નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે મુડદાને જનાઝામાં રાખી ત્રણ ડગ ચાલવામાં આવે છે તો તે વાતચીત કરે છે અને (તેની વાત) અલ્લાહ તઆલા જેના માટે ઈચ્છે તે બધા સાંભળે છે, જિન્નાત અને ઈન્સાનને છોડીને. તે કહે છે, અય ભાઈઓ ! અય મારી લાશ ઉઠાવનારાઓ ! તમને દુનિયા દગો ન આપે જેમ કે મને દગો આપ્યો. અને તમારી સાથે રમત ન રમે જેમ કે મારી સાથે રમત રમી. મારી મિલ્કત તો વારસદારો માટે છોડીને ચાલ્યો. અને બદલો લેવાવાળો કિયામતના દિવસે મારી સાથે ઝઘડો કરશે, મારાથી હિસાબ લેશે. તમે લોકો મારી સાથે ચાલી રહ્યા છો અને મને એકલો મૂકીને ચાલ્યા આવશો.

ઉપરોકત હદીષોથી જાણવા મળ્યું કે મુડદુ વાતચીત કરે છે, અવાજ આપે છે પરંતુ તેનો અવાજ જિન્નાત અને ઈન્સાન સાંભળી શકતા નથી, તેમને છોડીને બીજી મખ્લૂકથી તેમની અવાજ ગુપ્ત રાખવામાં આવતો

નથી. ઈન્સાન અને જિન્નાતના ઉલ્લેખથી એ જાણવા મળે છે કે ફરિશ્તાઓ માટે તેમનો અવાજ ગયબ નથી, તેઓ સાંભળે પણ છે અને તેમની હાલતો જુએ પણ છે.

## ★ ફરિશ્તાઓથી ગુપ્ત ન રહેવાનું શું કારણ ? ★

ફરિશ્તાઓ અલ્લાહ તઆલાની નૂરાની માસૂમ અને બેગુનાહ મખ્લૂક છે. તેમને અલ્લાહ તઆલાએ પોતાના હુકમના પાલન માટે પેદા ફર્માવ્યા છે એટલે તેમનાથી નાફર્માનીનું કોઈ કામ વજૂદમાં આવી શકતું નથી. તેમના માસૂમ હોવાનું કુર્આન શરીફમાં વર્ણન થયું છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે : لَا يَعْصُوْنَ اللّٰهَ مَا اَمَرَهُمْ وَيَفْعَلُوْنَ مَا يُؤْمَرُوْنَ "અલ્લાહના આદેશનો અનાદર નથી કરતા અને તેમને જે હુકમ મળે છે તે જ કરે છે." દુનિયાના તંત્ર અને દેખરેખનું કામ અલ્લાહ તઆલા તરફથી તેમને સોંપવામાં આવ્યું છે. અમુક દુનિયામાં પૂરી ઈમાનદારીથી કામ કરી રહ્યા છે, અમુક આકાશમાં પોતાની જવાબદારી બજાવી રહ્યા છે, અમુક હિફાઝત અને હિસાબ કિતાબ પર દેખરેખ રાખી રહ્યા છે. અમુકના સિરે કબ્રમાં જઝા અને સજાનું કામ રાખવામાં આવ્યું છે. અમુક કિયામતના દિવસે હિસાબ લેશે અને જન્નત અથવા દોઝખમાં પહોંચાડશે. સારાંશ એ કે દુનિયા અને આખેરતના કામો તેમને સોંપવામાં આવ્યા છે એટલે તેમને મા'સૂમ રાખવામાં આવ્યા છે. જેવો આદેશ તેવું જ કામ. એટલે તેમના માટે હિસાબ નથી અને તેમને અઝાબ પણ થશે નહીં. પછી તેમના માટે મુડદાંની હાલત ગયબ રાખવામાં કોઈ ફાયદો નથી અને જાહેર કરવાથી કંઈ નુકસાન નથી. સારાંશ એ કે મુડદાંની હાલત અને તેનો અવાજ તેમના માટે ગુપ્ત નથી.

## ★ નબીઓથી મુડદાંની હાલતો ગુપ્ત નથી ★

ફરિશ્તાઓ માફક ઈન્સાનોમાં નબીઓ પણ માસૂમ રાખવામાં આવ્યા તેઓ અલ્લાહ તઆલાની હિફાઝતમાં હોય છે તેમનાથી ગુનાહનું કામ વજૂદમાં આવતું નથી. વિના ઈરાદે થતી ભૂલો જે શરઈ કાયદાના આધાર ગુનોહ નથી તેમના હક્કમાં તે પણ માફીના હુકમમાં છે, જો





નબીઓને મા'સૂમ માનવામાં ન આવે તો તેમના પરથી દીન બાબતે ભરોસો ઉઠી જાય એટલે અલ્લાહ તઆલા તરફથી તેમને માસૂમ બેગુના રાખવામાં આવ્યા છે. જ્યારે તેમના ગુનાહ નથી અને તેઓ માસૂમ છે તો તેમનો પણ હિસાબ થશે નહીં અને એટલા માટે તેમનાથી કબ્રની હાલત ગુપ્ત રહેતી નથી. તેમને લોકોની તાલીમ માટે મોકલવામાં આવ્યા હતા એટલે તેમનાથી તે હાલતો ગુપ્ત રાખવામાં ન આવી હતી, જેથી તેઓ પોતાની ઉમ્મતને તેની ખબર આપી શકે.

## ★ નબીઓ માટે ગુપ્ત નથી હદીષની રોશનીમાં ★

ઈબ્ને અબી શૈબા અને શૈખૈનએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી છે. આપ ફર્માવે છે : નબીએ પાક ﷺ બે કબ્રો પાસેથી પસાર થયા, આપે ફર્માવ્યું આ બંનેને અઝાબ થઈ રહ્યો છે, અને કોઈ મહાન કામને લઈને નહીં. તેમાંથી એક તો પેશાબ (ના છાંટાથી) બચતો ન હતો અને બીજો ચુગલખોરી કરતો હોત. ત્યાર બાદ આપે લીલી ડાળી લીધી અને તેના બે ટુકડા કર્યા અને દરેક કબ્ર પર એક (ટુકડો) લગાવ્યો. સહાબાએ કિરામએ અર્ઝ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આમ શા માટે કર્યું, આપે ફર્માવ્યું, જ્યાં સુધી એ સુકી નહીં થાય ત્યાં સુધી અલ્લાહ તેમનો અઝાબ હળવો કરશે. ઈબ્ને અબી દુન્યા અને બયહકીએ હઝરત મયમૂના رضی اللہ عنہا થી આ જ પ્રમાણે રિવાયત નકલ ફર્માવી છે.

ઈમામ અહમદે હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ ના ખજૂરોના બાગમાં ચાલી રહ્યા હતા. હઝરત બિલાલ આપની પછવાડે હતા. આપે ફર્માવ્યું, અય બિલાલ ! જે હું સાંભળી રહ્યો છું તમે પણ સાંભળો છો ? આ કબ્રવાળાને અઝાબ અપાઈ રહ્યો છે. તેની બાબત પૂછપરછ કરવાથી જાણવા મળ્યું તે યહૂદી હતો.

ઈબ્ને અબી શૈબા અને મુસ્લિમે હઝરત ઝૈદ બિન સાબિત رضی اللہ عنہ થી રિવાયત કરી છે : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બનૂ નજ્જારના બાગમાં પોતાના ખચ્ચર (ટટ્ટુ) પર સવાર હતા અને અમે આપની સાથે હતા. એટલામાં

તે ખચ્ચર બદમાશી કરવા લાગ્યું, હવે જ્યારે તે જગાએ જોયું તો છ અથવા પાંચ અથવા ચાર કબ્રો નિકટમાં હતી. હુઝૂર ﷺ એ ફર્માવ્યું, આ કબ્રવાળાઓને કોણ ઓળખે છે ? એક વ્યકિતએ કહ્યું કે હું ઓળખું છું. આપે ફર્માવ્યું, તેઓ કયારે મરણ પામ્યા ? તો તેણે જવાબ આપ્યો શિર્કની હાલતમાં મરણ પામ્યા હતા. આપે ફર્માવ્યું, એમની કબ્રમાં અઝાબ થઈ રહ્યો છે ! જો તમારા લોકોના મરી જવાની બીક ન હોત તો હું દુઆ કરતો કે અઝાબ તમને સંભળાવવામાં આવે.

ઈબ્ને અબી શૈબા અને શૈખેને હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا થી રિવાયત કરી છે : નબીએ પાક ﷺ એ ફર્માવ્યું, કબ્રવાળાઓને એવો અઝાબ આપવામાં આવે છે જેને પશુઓ સાંભળે છે.

ઉપરોકત ચાર રિવાયતોથી એ જાણવા મળ્યું કે કબ્રની હાલત ઈન્સાન અને જિન્નાત લોકો માટે ગયબ છે, પરંતુ નબીઓ માટે તેને ગુપ્ત રાખવામાં આવી નથી, તેઓ મુડદાંને જુએ પણ છે, અને તેનો અવાજ સાંભળે પણ છે કારણ કે તેઓ માસૂમ છે અને તેમને લોકોની ઈસ્લાહ (સુધારણા) માટે આ જગતમાં મોકલવામાં આવ્યા છે.

## ★ હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام નો વાકયો ★

તફસીરે નઈમીમાં છે : હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام એક કબ્ર પાસેથી પસાર થયા તેમાં અઝાબ થઈ રહ્યો હતો. થોડા સમય પછી ફરી ત્યાંથી પસાર થયા તો જોયું કે નૂર જ નૂર વર્ષી રહ્યું છે અને ત્યાં રહમતે ઈલાહીની વર્ષા થઈ રહી છે. આપ અચરજમાં પડી ગયા અને અલ્લાહ તઆલાથી વિનંતિ કરી કે મને આનું રહસ્ય બતાવવામાં આવે. ઈશારો થયો, અય રૂહુલ્લાહ ! આ સખત ગુનેહગાર અને બદ્કાર હતો, એટલા માટે અઝાબમાં સપડાએલો હતો. પરંતુ તેણે પોતાની પત્નીને સગર્ભા છોડી હતી. તેણીને છોકરો થયો અને આજે તેને મદ્રસે મોકલવામાં આવ્યો હતો. ઉસ્તાદે તેને બિસ્મિલ્લાહ શરીફ પઢાવી તો મને હયા (શરમ) આવી કે જમીનમાં તેને અઝાબ આપું જેનું બાળક જમીન પર મારું નામ લઈ રહ્યું છે ! એટલે કે બિસ્મિલ્લાહ શરીફની બરકતથી તેને નજાત મળી.

આ વાકયાથી પણ એ જાણવા મળ્યું કે સામાન્ય પબ્લિક માટે





બરઝખની હાલતો ગુપ્ત રાખવામાં આવી છે. નબીઓ માટે આ કાયદો નથી, તેઓ મુડદાંની હાલતથી વાકેફ હોય છે. કારણ કે તેમને લોકોની તાલીમ માટે મોકલવામાં આવ્યા છે એટલે તેમને આલમે ગયબની ચીજો બતાવવામાં આવે છે.

## ★ જાનવરો માટે તેમની હાલત ગુપ્ત કેમ નથી ? ★

જાનવરો જઝા અને સજાને સમજી નથી શકતા માત્ર તેનો એહસાસ પોતાની ઉપર ગુજરવાથી જાણી શકે છે. અવાજો સાંભળી તો શકે છે પરંતુ શબ્દોના ભાવાર્થ સમજી શકતા નથી એટલે તેમના સાંભળવાથી કોઈ ફરક પડતો નથી માટે તેમને મુડદાંનો અવાજ સંભળાય છે. અને બીજું કારણ એ કે જાનવરો માટે આખેરતમાં હિસાબ નથી અને દુનિયામાં તેમના માટે ઈમાન વિગેરેની કોઈ જવાબદારી નથી એટલે તેમનો હશ્ર પણ નથી અને તેમને હિસાબ માટે લાવવામાં નહીં આવે. જો એક જાનવરે બીજા જાનવર પર ત્રાસ ગુજાર્યો હશે તો અશકતને સશકત બનાવીને બદલો આપી દેવામાં આવશે ત્યાર બાદ તેમને માટી બનાવી દેવામાં આવશે. જ્યારે જાનવરો માટે ઈમાન લાવવું જરૂરી નથી, તેમના માટે શરઈ પાબંદી નથી અને તેમનો હશ્ર પણ નથી એટલા માટે તેમનાથી મુડદાંનો અવાજ ગુપ્ત રાખવામાં ન આવ્યો.

## ★ સામાન્ય માણસો અને જિન્નાતો માટે ગુપ્ત કેમ ? ★

નબીઓ, ફરિશ્તાઓ અને જાનવરોનો ઉલ્લેખ થઈ ગયો કે તેમનાથી મુડદાંની હાલત અથવા અવાજ ગુપ્ત રાખવામાં કેમ ન આવ્યો ? સામાન્ય ઈન્સાનો અને જિન્નાતો માટે તેની હાલત અને અવાજ એટલા માટે ગુપ્ત રાખવામાં આવ્યો કે તેમને દુનિયામાં મઝહબી જવાબદારી આપવામાં આવી છે અને ઈમાનના પાબંદ બનાવવામાં આવ્યા છે. તેમના માટે શરઈ હદબંધીઓ પણ રાખવામાં આવી છે. સઘળી જવાબદારીઓમાં ઈમાનની જવાબદારી પ્રથમ સ્થાન ધરાવે છે. તેના વિના સઘળી જવાબદારીઓની પાબંદી બેમતલબ ઠરે છે. ઈમાન બિલ ગયબ

શરીઅતમાં કબૂલને પાત્ર ઈમાન છે જેનો ઉલ્લેખ થઈ ગયો છે. જો મુડદાંની હાલત અને તેનો અવાજ સામાન્ય જિન્નાતો અને માણસોને સાંભળવામાં આવે તો પછી ઈમાન બિલ ગયબ ન રહી જાય, કેમ કે મુસલમાન કબ્રમાં સારી હાલતમાં હોય અને તમામ કાફિરો અઝાબમાં સપડાએલા હોય તો એને જોઈને ઈસ્લામના સત્ય હોવાનું યકીન થઈ શકે છે. અને પોતાની આંખે જોઈ લીધા પછી અઝાબમાં શા માટે સપડાય ?! દરેક જ મુસલમાન બની જાય ! એટલે જ સામાન્ય લોકો માટે તેને ગુપ્ત રાખવામાં આવ્યું.

## ★ એક સાંભળે અને બીજો ન સાંભળે એ શકય છે ? ★

એ વાત શકય છે કારણ કે દરેક તાકત અને શકિત અલ્લાહ તઆલા તરફથી છે. اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ "બેશક ! અલ્લાહ તઆલા દરેક ચીજ પર શકિતમાન છે." દા.ત. અમુક જાનવરો એવા છે જેમને દિવસમાં દેખાય છે અને અમુક જાનવરોને દિવસમાં નથી દેખાતું પરંતુ રાતના અંધારામાં તેમને દેખાય છે. ચિબડો એક જાનવર છે પક્ષી છે તેને દિવસમાં દેખાતું નથી રાતમાં દેખાય છે. પાણીના પ્રાણીઓ પાણીમાં જીવી પણ શકે છે, અને આંખ ખુલ્લી રાખીને જોઈ પણ શકે છે, જયારે કે જાનવરો અને પ્રાણીઓ પાણીમાં જીવી શકતાં નથી તેઓ પાણીમાં જોઈ પણ શકતાં નથી. આ શું છે ? અલ્લાહ તઆલાની કુદરત છે કે એકની આંખ જુએ છે અને બીજાની આંખ જોઈ નથી શકતી. તો જેમ આ દુનિયામાં અનેક દાખલાઓ છે અને તેને અલ્લાહની કુદરત પર આધારિત માનવામાં આવે છે એ જ પ્રમાણે મુડદાંનો અવાજ છે જે નબીઓ, ફરિશ્તાઓ અને જાનવરોને સંભળાય છે પરંતુ સામાન્ય માણસો અને જિન્નાતને સંભળાતો નથી. જ્યારે એક જ આલમ અને જગતમાં ફરક અને તફાવત જોવા મળે છે, તો પછી આલમે આખેરત તો એક બીજો આલમ છે ત્યાં ફરક અને તફાવત કેમ ન હોય ? ગુરૂદ અને ચીલ જેવા પક્ષીઓ જેમને માઈલોથી મુડદાંની ગંધ પહોંચી જાય છે અને તે ગંધની દિશાના આધારે જગા પણ માલૂમ કરી લે છે, પછી આમ નથી કહી શકાતું કે





અમને ગંધ નથી આવતી અને તેમને શી રીતે આવે છે ? અલ્લાહની કુદરત છે એકને તે શકિત આપે અને બીજાને તેનાથી મેહરૂમ રાખે. અમુક પાળેલા કૂતરા એવા પણ છે જે જમીન સૂંઘીને ચોરની જગા સુધી પહોંચી જાય છે જયારે કે માણસ પાસે તે શકિત નથી હોતી, તો આમ નથી કહી શકાતું કે અમે પારખી નથી શકતા તો કૂતરો શી રીતે પારખી શકે છે ? અલ્લાહની કુદરત છે એકને તે શકિત આપે અને બીજાને તેનાથી મહરૂમ રાખે.

## ★ જિન આપણને જુએ છે ★

જિન અલ્લાહ તઆલાની મખ્લૂક છે. જેમને આગથી પેદા કરવામાં આવ્યા છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :

وَخَلَقَ الْجَآنَّ مِنْ مَّارِجٍ مِّنْ نَّارٍ

"જિન્નાતને પ્યોર આગથી પેદા કર્યા.

તેમની વસ્તી માણસો કરતાં વધારે છે, પરંતુ તેઓ આપણને દેખાતાં નથી અને તેમની અવાજો આપણને સંભળાતી પણ નથી. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે : اِنَّهٗ يَرٰىكُمْ هُوَ وَقَبِيْلُهٗ مِنْ حَيْثُ لَا تَرَوْنَهُمْ "તે અને તેનું લશ્કર તમને એ પ્રમાણે જુએ છે કે તમે તેમને નથી જોતા." આ આયતથી સ્પષ્ટ થયું કે જિન્નાતની આંખ માણસને જુએ છે પરંતુ માણસ તેઓને જોતા નથી. આંખો બંને પાસે છે પરંતુ એકની આંખમાં એ શકિત નથી કે તેમને જોઈ શકે. જેમ તેમનું બદન દેખાતું નથી તેવી જ રીતે તેમનો અવાજ પણ આપણને સંભળાતી નથી. તેઓ પોતે જેને સંભળાવવા ઈચ્છે તેને જ સંભળાય છે અને બીજો ત્યાં જ હોય તો પણ તેને સંભળાતો નથી. જેમ કે હદીષ શરીફમાં છે કે નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પધરામણી પહેલાં જિન્નાતો આકાશમાં જઈ ફરિશ્તાઓની વાતો સાંભળી ભવિષ્યવેત્તાઓને સંભળાવતા હતા. હવે ત્યાં ફરિશ્તાઓના પહેરા રાખવામાં આવ્યા છે, તેમને આકાશમાં પ્રવેશવા દેવામાં આવતા નથી. આ હદીષે પાકનો ભાવાર્થ હતો તેનાથી જાણવા મળ્યું કે જિન જેને પોતાનો અવાજ સંભળાવવા ઈચ્છે છે તેને સંભળાવી શકે છે. તો આમ નથી કહી

શકાતું કે એવું તો શી રીતે બની શકે છે કે બે માણસો એક જગાએ છે તેમાંથી એકને અવાજ સંભળાય છે અને બીજાને નથી સંભળાતી.

ઉપરોકત હદીષથી એક મસ્અલો એ પણ જાણવા મળ્યો કે ફરિશ્તાઓની વાત જિનોને સંભળાતી હતી ત્યારે તો તેઓ આવીને ભવિષ્યવેત્તાઓને બતાવતા હતા. તો આપણા કાનને જિન અને ફરિશ્તાઓની અવાજ નથી સંભળાતો પરંતુ જિનને આપણો અને ફરિશ્તાનો અવાજ સંભળાય છે.

## ★ ફરિશ્તા આપણને જુએ છે ★

જિન માફક ફરિશ્તાઓ પણ આપણને જુએ છે પરંતુ તેઓ આપણને જોવા મળતા નથી. તેઓ આપણી અવાજ સાંભળે છે પરંતુ તેમનો અવાજ આપણને સંભળાતો નથી. સહાબાએ કિરામની હાજરીમાં સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم પર હઝરત જિબ્રઈલ અમીન علیہ الصلوٰۃ والسلام વહી (અલ્લાહનો હુકમ) લઈને આવતા હતા, રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની હાલત જોઈને સહાબાને જાણ થતી કે, આપ પર વહી ઉતરી રહી છે. નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام ને જોતા, તેમનો અવાજ સાંભળતા, પરંતુ સહાબાને તે અવાજ ન સંભળાતો અને તેઓ જોવામાં પણ ન આવતા. જ્યારે આપ સહાબાને બતાવતા ત્યારે સહાબાને ખબર થતી કે આપ પર ફલાણો હુકમ ઉતારવામાં આવ્યો. આંખો બધાની જ હતી પરંતુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફરિશ્તાને જોઈ શકતા, સહાબાને દેખાતો ન હતો. કાન બધાના જ હતા પરંતુ ફરિશ્તાનો અવાજ હુઝૂરને સંભળાતો સહાબાને નહીં. પરંતુ જો ફરિશ્તો પોતે જ પોતાને દેખાડવા ઈચ્છે તો દેખાડી શકે છે. જેમ કે બુખારી શરીફમાં હદીષ છે કે જિબ્રઈલ અજાણી વ્યકિતના રૂપમાં આવતા અને સહાબાની તાલીમ માટે હુઝૂરને સવાલ કરતા, તેમના ચાલ્યા ગયા બાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કહ્યું કે આ જિબ્રઈલ હતા. તો તે સમયે જિબ્રઈલને સહાબા જોઈ લેતા અને તેમનો અવાજ સાંભળી પણ લેતા. અને જેમ કે હારૂત અને મારૂત જેમનો ઉલ્લેખ સૂરએ બકરહ્માં છે. તેમની જાદૂની પરીક્ષા માટે મોકલવામાં આવ્યા હતા તો લોકોને માણસના રૂપમાં તેઓ જોવા મળતા, અને તેમનાથી વાતો પણ





કરી શકતા. અને જેમ કે હદીષ શરીફમાં આંધળા, ગંજા અને કોઢીની પરીક્ષાનો વાકયો બયાન થયો છે. પરીક્ષા કરનાર ફરિશ્તો હતો પરંતુ તેમને માણસના રૂપમાં દેખાતો હતો અને તેમનો અવાજ સંભળાતો હતો. આમ અમુક દાખલાઓ હદીષે પાકમાં જોવા મળે છે. સ્પષ્ટ થયું કે ફરિશ્તો ઈચ્છે તો આપણે તેને જોઈ શકીએ છીએ અને ન ઈચ્છે તો જોઈ શકતા નથી. તે અવાજ સંભળાવવા ઈચ્છે તો સાંભળી શકીએ છીએ અને ન સંભળાવવા ઈચ્છે તો ન સંભળાય.

"અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

إِنَّ عَلَيْكُمْ لَحَافِظِينَ كِرَامًا كَاتِبِينَ يَعْلَمُونَ مَا تَفْعَلُونَ

"બેશક ! તમારી ઉપર ઈજ્જતવાળા લખનારાઓ નિયુકત છે. તમે જે કંઈ કરો છો તેઓ જાણે છે."

અલ્લાહ તઆલા ફર્માવે છે :– "કોઈ વાત તે જીભ વડે બોલતો નથી કે તેની પાસે એક ચોકીદાર તૈયાર બેસેલો હોય છે."

ઉપરોકત આયતોથી એ જાણવા મળ્યું કે ફરિશ્તાઓ આપણી પાસે હોય છે અને આપણને જુએ છે, આપણા કામને લખાણમાં લે છે. અને આપણે જે કંઈ બોલીએ તેને સાંભળે છે. પરંતુ આપણે તેમને જોઈ પણ નથી શકતા, તેમનાં કામો પણ અદ્રશ્ય છે અને તેમનો અવાજ પણ સંભળાતો નથી.

## ★ સાંભળવાની, જોવાની અને દરેક શકિત અલ્લાહ તરફથી છે ★

ઉપરોકત ઉલ્લેખથી એ વાત જાણવા મળી કે સાંભળવાની, જોવાની અને દરેક શકિત અલ્લાહ તઆલા તરફથી છે, તેની એ વાત પર પૂરી શકિત છે કે જેને આપવા ઈચ્છે તેને આપે અને જેને મહરૂમ રાખવા ઈચ્છે તેને મહરૂમ રાખે. આ જ દાખલો મુડદાંના અવાજ માટે છે કે જિન્નાત અને ઈન્સાનને તેની અવાજ સંભળાતો નથી બીજી મખ્લૂકને સંભળાય છે.

## ★ આલમ બદલાવાનો ફરક ★

મુડદું જ્યારે જીવંત હતું તેનાં કામો આપણે જોઈ શકતા હતા, તેનો અવાજ સાંભળી શકતા હતા, પરંતુ જ્યારે તે આ નાશવંત જગતથી મોત દ્વારા સફર કરે છે અને આલમે બરઝખમાં પહોંચે છે તો હવે તેનાં કામો આપણને દેખાતાં નથી અને તેનો અવાજ આપણને સંભળાતો નથી. અને કબ્રમાં દફન કરી દીધા બાદ તો તેની લાશ પણ આપણને દેખાતી નથી. પરંતુ મુડદાંની હાલતમાં અધિક તફાવત જોવા મળે છે કે તે દુનિયામાં પણ બોલતો હતો, મરણ પછી પણ બોલે છે, દુનિયામાં પણ જોતો હતો અને મરણ પછી પણ જુએ છે. બલ્કે મરણ પહેલાં જોવામાં આંખનો અને બોલવામાં જીભનો મોહતાજ હતો પરંતુ મરણ બાદ તે મોહતાજી ગઈ અને અવયવોની મદદ વિના પણ તે કામો કરી શકે છે. એટલે જાણવા મળે છે કે જીવંત માણસ કરતાં મુડદાંની શકિતમાં વધારો થઈ જાય છે. જ્યારે જીવંત તેને જોઈ નથી શકતો ત્યારે તે જીવંતને જુએ છે અને જ્યારે જીવંત તેનો અવાજ નથી સાંભળતો ત્યારે તે જીવંતનો અવાજ સાંભળે છે. ધીમો અવાજ એક રૂમથી બીજા રૂમમાં જીવંતને સંભળાતો નથી જ્યારે કે ક્વિન્ટલો માટીની નીચે મુડદાંને આવનારના પઢવાનો અને સલામનો ધીમો અવાજ સાંભળાય છે. આંખો બંધ કરી લીધા પછી જીવંતને દેખાતું નથી જ્યારે કે મુડદાંને બંધ આંખો એ ક્વિન્ટલો માટીની નીચે પણ આવનાર માણસ દેખાય છે. ગુંગો, બહેરો અને આંધળો પણ હદીષમાં સામેલ છે, તેમને પણ બીજા મુડદાંઓ માફક શકિત મળી જાય છે કારણ કે હદીષમાં તેમને બીજા મુડદાંઓથી અલગ કરવામાં નથી આવ્યા. આનાથી સ્પષ્ટ થયું કે મુડદાંની શકિતઓ જીવંત માણસો કરતાં પણ વધી જાય છે.

## ★ મુડદું સમજે પણ છે ★

મુડદું માત્ર એટલા માટે મુડદું છે કે રૂહનો બદન સાથે જે દુનિયાવી સંબંધ હતો તે તૂટી જાય છે અને તે જાહેર આલમમાંથી આલમે ગયબમાં પહોંચી જાય છે. નહીં તો ઉપરોક્ત ઉલ્લેખ પ્રમાણે તે જોઈ પણ શકે છે બોલી પણ શકે છે સાંભળી પણ શકે છે બલ્કે તમે વાંચ્યું તેમ કે મરણ





બાદ તેની શકિતઓમાં વધારો થઈ જાય છે. આ જ પ્રમાણે મુડદાંની અક્કલ પણ ઠેકાણે હોય છે. તેની સાથે મરણ બાદ જે કંઈ કરવામાં આવે છે તેમને જાણે છે તેમનાં કામો જુએ છે. ઈમામ અહમદ અને તિબ્રાનીએ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત કરી છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, બેશક ! મુડદું ઓળખે છે અને જે તેને ગુસ્લ આપે, ઉઠાવે, કફન પહેરાવે અને કબ્રમાં ઉતારે.

કિતાબુર્રવઝામાં અબુલ હસન બિન બરાએ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ تعالیٰ عنہما થી રિવાયત કરી છે : સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, દરેક મુડદું પોતાને ગુસ્લ આપનારને ઓળખે છે, ઉઠાવવાવાળાને કસમો આપે છે, જો તેને આરામ ફૂલો અને આનંદના બાગની ખુશ ખબરી મળે છે તો કસમ આપે છે કે મને જલ્દી પહોંચાડો ! અને જો ગરમ પાણીની મહેમાની અને ભભૂકતી આગમાં જવાની ખબર મળે છે તો કસમ આપે છે મને રોકી રાખો.

ઉપરોકત હદીષ શરીફથી જ્યાં એ જાણવા મળ્યું કે મુડદાંની અક્કલ અને સમજ ઠેકાણે હોય છે અને તે મરણ બાદ તેની મદદ કરનારને ઓળખે છે ત્યાં એ પણ જાણવા મળે છે કે મરણ સમયે તેને પોતાનું આખેરતનું મુકામ અને ઠેકાણું બતાવી દેવામાં આવે છે અને તેને પ્રથમથી જ ખબર પડી જાય છે કે કબ્રમાં અને આખેરતમાં તેની સાથે કેવો વર્તાવ થવાનો છે. જો તેને ત્યાં ઈનામ મળવાનું હોય છે તો જલ્દી ત્યાં પહોંચવાની ઈચ્છા પ્રગટ કરે છે અને ત્યાં સજા મળવાની હોય છે તો આનાકાની કરે છે.

## ★ મૃત્યુ સમયે ફરિશ્તા અને ઠેકાણું દેખાવું ★

મૃત્યુ સમયે જ્યારે માણસ હાલતે નઝઅમાં હોય છે અને રૂહ નીકળવાનો આરંભ થઈ જાય છે ત્યારે તેને પોતાનું ઠેકાણું જન્નત અથવા દોઝખ બતાવામાં આવે છે અને મૃત્યુ પામનાર સમક્ષ ફરિશ્તાઓની સફો હોય છે એટલે કે તેને ત્યારથી આલમે ગયબની ચીજો દેખાવા લાગે છે. ઈબ્ને મરદવિય્યા અને ઈબ્ને મુંદાએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત કરી છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : કોઈ પણ વ્યકિત પોતાનું

ઠેકાણું જન્નત અથવા દોઝખ જોયા વિના આ દુનિયાથી ગુજરતો નથી. પછી આપે ફર્માવ્યું, જ્યારે તે મૃત્યુથી નિકટ થાય છે ત્યારે ફરિશ્તાઓની બે સફો ઊભી થઈ જાય છે, તેમના ચહેરા સૂર્ય માફક ચમકતા હોય છે, મરણ પામનાર તેમને જુએ છે બીજો કોઈ નહીં. જો કે તમને એવું લાગે છે કે મુડદું તમને જુએ છે. દરેક ફરિશ્તા પાસે જન્નતી કફન અને ખૂશ્બુ હોય છે. હવે જો મરનાર ઈમાનવાળો હોય છે તો ફરિશ્તાઓ તેને સંબંધીને કહે છે, તને જન્નતની ખુશખબરી ! અય શાંતિ મેળવનાર નફ્સ ! અલ્લાહની ખુશી અને જન્નત તરફ નીકળી આવ ! કારણ કે અલ્લાહ તઆલાએ તારા માટે દુનિયા અને તેની ચીજથી ઉત્તમ ઈનામ રાખેલાં છે. ફરિશ્તાઓ એક પછી એક ઘણી નરમી અને મહેરબાનીથી ખુશખબરીઓ સંભળાવી દરેક નખ અને દરેક અંગમાંથી તેની રૂહને કાઢે છે અને આ તેના માટે અસહ્ય હોય છે જે તમને કષ્ટદાયક લાગે છે. એટલે સુધી કે રૂહ મોં સુધી આવી જાય છે, હવે તે બદનથી નીકળવું એટલું જ ખરાબ સમજે છે જેટલું બાળક મા ના પેટથી નીકળવાને.

## ★ પાક રૂહનો આકાશના દરવાજાઓથી પ્રવેશ ★

ઉપરોકત રિવાયતમાં એ પણ છે : જ્યારે તેની રૂહ નીકળી જાય છે તો ફરિશ્તાઓ પરસ્પર ઝઘડો કરે છે કે તેની રૂહ ઉઠાવવાની ઈજ્જત કોને પ્રાપ્ત થશે ?! અંતે મલકુલ મૌત તેને લઈ લે છે, ત્યાર બાદ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ આયત તિલાવત કરી, قُلْ يَتَوَفّٰكُمْ مَّلَكُ الْمَوْتِ الَّذِيْ وُكِّلَ بِكُمْ "આપ ફર્માવો ! તમને તે મોતનો ફરિશ્તો મોત આપે છે જે તમારા માટે નિયુકત છે." મલકુલ મૌત તેને સફેદ કપડામાં લઈ એ પ્રમાણે દબાવે છે કે જેટલા હેતથી મા પોતાના બાળકને પણ દબાવતી નથી. પછી તેમાંથી મુશ્કથી અધિક સુગંધ નીકળે છે જેને ફરિશ્તાઓ સૂંઘે છે અને કહે છે, અય પાક રૂહ ! અય પાક ખૂશ્બુ ! આવો પધારો ! અને તેના માટે મગફેરતની દુઆ કરે છે અને એક બીજાને ખુશખબરી આપે છે અને તેના માટે આકાશના દરવાજાઓ ખોલે છે. જે દરવાજા પર પહોંચે છે તેના ફરિશ્તાઓ તેના માટે મગફેરતની દુઆ કરે છે એટલે સુધી કે અલ્લાહ તઆલાની બારગાહમાં હાજરી આપે





છે. તો અલ્લાહ ફર્માવે છે, અય પાક નફસ ! અને અય પાક બદન ! આવ પધાર ! જેમાંથી તું નીકળીને આવી છે. જ્યારે અલ્લાહ તઆલા કોઈને મરહબા કહે છે તો કાએનાતની દરેક ચીજ વસ્તુ તેને મરહબા કહે છે અને તેની દરેક પરેશાની દૂર થઈ જાય છે. ત્યાર બાદ ફર્માવે છે કે એ પાક નફસને જન્નતમાં લઈ જઈ તેનું ઠેકાણું બતાવો અને તે સઘળી નેઅમતો બતાવો જે મેં તેના માટે તૈયાર કરી છે અને પછી તેને જમીન પર લઈ જાવ, કારણ કે મેં એ ફૈંસલો કરેલો છે કે હું તેમને જમીનથી પેદા કરીશ, જમીનમાં દાખલ કરીશ. અને જમીનથી બહાર લાવીશ. હવે તે જમીન તરફ પરત આવવાને બદનથી નીકળવા કરતાં વધું ખરાબ સમજશે અને પૂછશે, શું હવે તમે મને એ જ બદન તરફ લઈ જઈ રહ્યા છો જ્યાંથી મુક્તિ મેળવીને હું આવ્યો છું ? ફરિશ્તાઓ કહશે, અમને એ જ હુકમ છે. તે ફરિશ્તાઓ રૂહને એટલા સમયમાં પરત લાવશે જેટલામાં લોકો ગુસ્લ અને કફનથી ફારેગ થઈ ગયા હશે પછી રૂહને તેના બદન અને કફનમાં દાખલ કરી આપશે.

## ★ નાપાક રૂહનું પરિણામ ★

તિબ્રાનીએ કબીરમાં રિવાયત કરી છે જેનો અંતિમ ભાગ એ છે કે જ્યારે અલ્લાહ તઆલા કોઈ ગેરમુસ્લિમને મૌત આપવાનો ઈરાદો કરે છે તો તેની તરફ બે ફરિશ્તાઓ મોકલે છે અને તેની તરફ અંતિમ કક્ષાની ખરાબ અને દુર્ગંધમય ચાદરનો ટુકડો મોકલે છે જે ઘણો જ ખરબચડો હોય છે. તો ફરિશ્તાઓ કહે છે, અય બદમાશ નફસ ! દોઝખ અને કષ્ટદાયક અઝાબ તરફ આવ ! અને તે રબ સમક્ષ ચાલ જે તારાથી નાખુશ છે ! કારણ કે તારાં કામો ઘણા જ ખરાબ છે. તો તે અતિ દુર્ગંધ મુરદાર માફક નીકળે છે. દરેક આકાશના ખૂણા પર ફરિશ્તાઓ કહે છે, સુબ્હાનલ્લાહ ! કેટલી બદમાશ રૂહ જમીનથી આકાશ તરફ આવી રહી છે ! તો તેના માટે આકાશના દરવાજાઓ ખોલવામાં નથી આવતા. પછી તેના બદનને કબ્રમાં નાખીને ફિટ કરી દેવામાં આવે છે, બુખ્તી ઊંટોના ગળા જેવા સાપ તેની કબ્રમાં ભરી દેવામાં આવે છે જે તેના ગોશ્તને હાડકાં પર ઉતારીને ખાયા કરે છે. પછી ગદા ઉઠાવીને આંધળા ફરિશ્તાઓ આવે છે કે જેઓ તેની

કરૂણ હાલત જોઈને રહમ કરી શકે અને સાંભળતા નથી કે તેનો કરૂણ અવાજ સાંભળીને રહેમ ખાય, તેઓ ગદાઓથી તેને મારે છે. પછી દોઝખનો એક દરવાજો કબ્ર સુધી ખુલી જાય છે જેથી કે તે પોતાના દોઝખના ઠેકાણાને સવાર સાંજ જોઈ શકે. દોઝખના અઝાબની કષ્ટી જોઈને અલ્લાહ તઆલાથી વિનંતિ કરશે કે મને કબ્રના આ અઝાબમાં રહેવા દેજે જેથી તે કષ્ટદાયક અઝાબને હું ન ચાખું !

## ★ બદન સાથે રૂહનું કફન ★

ઉપરોકત હદીષ પાકથી જાણવા મળ્યું કે જેમ મરણ પામનાર માણસના બદનને કફન આપવામાં આવે છે અને સારા તથા ખરાબ કફનથી તેમને ગમી અથવા ખુશી થાય છે પરંતુ બદન પોતાની જગાએ પથ્થર માફક અને નિર્જીવ મખ્લૂક છે તેમાં આવતો કરન્ટ રૂહનો જ સદકો છે એટલે રૂહને પોતાના બદન સાથે મહબ્બત અને પ્રેમ હોય છે. જો બદનને હલકું અને ખરાબ કપડું કફનમાં આપવામાં આવે તો રૂહ નાખુશ થાય છે અને સારું કફન આપવામાં આવે તો રૂહને ખુશી થાય છે. એ જ પ્રમાણે રૂહને ફરિશ્તાઓ તરફથી કફન આપવામાં આવે છે. બદનના સંપર્કમાં સારાં કામો કર્યા હોય તો ઈજ્જત સાથે સારું કફન આપવામાં આવે છે અને રૂહ ખુશ થાય છે અને ખરાબ કામોને લઈને ખરાબ કફન આપવામાં આવે છે. સારાંશ એ કે બદન માફક ફરિશ્તાઓ તરફથી રૂહને પણ કફન આપવામાં આવે છે.

## ★ અસલી બદન સાથે જન્નતમાં પ્રવેશ કિયામત પછી થશે ★

ઈબ્ને અબી શૈબાએ મુસન્નફમાં હઝરત અબૂ હુરૈરહ્‌થી રિવાયત કરી છે, મો'મિનની રૂહ કબ્ઝ થતા પહેલાં એને ખુશખબરી સંભળાવવામાં આવે છે. જ્યારે તેની રૂહ કાઢવામાં આવે છે તો તે બૂમો પાડે છે, ઈન્સાન અને જિન સિવાય તેની અવાજને ઘરમાં રહેનાર દરેક નાનું મોટું જાનવર સાંભળે છે. અવાજ એ હોય છે કે મને જલ્દી અરહમુર્રાહિમીનની બારગાહમાં પહોંચાડો. જ્યારે તેને તેના પાટલા પર રાખવામાં આવે છે





તો કહે છે કે જવામાં લેટ શા માટે કરો છો ? જ્યારે તેને કબ્રમાં રાખવામાં આવે છે તો તેને બેસાડવામાં આવે છે અને જન્નત તથા જે ચીજોનો તેના વાયદો કરવામાં આવ્યો હતો દેખાડવામાં આવે છે. અને તેની કબ્ર ફૂલો અને ખૂશ્બુઓથી ભરી દેવામાં આવે છે. તે ખુદા તઆલાથી વિનંતિ કરે છે, અય ખુદાવન્દા ! મને જલ્દીથી (જન્નતમાં) મોકલી આપ ! અલ્લાહ તઆલા ફર્માવે છે, હજુ સમય નથી થયો તારા ઘણા બધા ભાઈ બહેન હમણા તારી પાસે નથી. હા ! તારી આંખો ઠંડી થશે હમણા તું સૂઈ જા ! હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે, કસમ ખુદાની ! દુનિયામાં કોઈ માણસ આટલી મીઠી ઊંઘ નહીં સૂતો હોય જેટલી મીઠી ઊંઘ એને નસીબ થશે ! એટલે સુધી કે કિયામતના દિવસે ખુશખબરી સાંભળવા માટે જાગશે.

ઉપરોકત રિવાયતથી જાણવા મળ્યું કે બદન સાથે રૂહને જન્નતમાં પ્રવેશવાનો હુકમ કિયામત બાદ હિસાબ કિતાબ પછી આપવામાં આવશે ત્યાં સુધી કબ્રમાં અને આલમે બરઝખમાં તેને આરામ આપવામાં આવશે.

## ★ નબીનું મુડદાંને સંબોધવું ★

શૈખેન رضی اللہ عنہما એ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ બદ્રની લડાઈમાં કત્લ થનારા (કાફિરો) પાસે ઊભા થઈને ફર્માવ્યું, અય ફલાણા ફલાણાના બેટા ! જે તમારા રબે તમારાથી વાયદો કર્યો તે પામી લીધો કારણ કે મેં મારા રબના વાયદાને સત્ય પામી લીધો. હઝરત ઉમર رضی اللہ عنہ એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم તમે એવાં બદનોથી વાત કરો છો જેમનામાં જીવ નથી. આપે ફર્માવ્યું, તમે મારી વાત તેમનાથી વધુ નથી સાંભળતા. હા ! ફરક એટલો છે કે તેઓ જવાબ નથી આપી શકતા.

## ★ દફન થતા પહેલાં રૂહ ફરિશ્તાના હાથમાં ★

અબૂનુએમે હઝરત અમ્ર બિન દીનારથી રિવાયત કરી છે, જે વ્યકિત પણ મરે છે તેની રૂહ એક ફરિશ્તાના કબ્ઝામાં રહે છે જે પોતાના બદન તરફ જુએ છે કે કેવી રીતે ગુસ્લ આપવામાં આવે છે અને કેમ કરી તેને લઈ જવામાં આવે છે. અને તે ફરિશ્તો અને કહે છે લોકોની તારીફ

તારી બાબતે સાંભળ.

ઈબ્ને અબી દુનિયાએ બક્ર બિન અબ્દુલ્લાહ મુઝનીથી રિવાયત કરી છે : મને જાણવા મળ્યું છે કે જ્યારે કોઈ માણસ મરી જાય છે તો એની રૂહ ફરિશ્તાના કબ્ઝામાં રહે છે અને તે પોતાના ગુસ્લ અને કફનની હાલત જોતો રહે છે અને જો તે વાત કરી શકતો તો લોકોને રડવાથી મનાઈ કરી આપતો.

ઈબ્ને અબી દુનિયાએ હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી રિવાયત કરી છે : ઈન્સાનની રૂહ મલકુલ મૌતના હાથમાં રહે છે અને તે ફરિશ્તો કબ્ર સુધી સાથે રહે છે, જ્યારે કબ્ર બરાબર કરી દેવામાં આવે છે તો તે અંદર દાખલ થઈને મુડદાંને સંબોધે છે.

## ★ મુડદાને તેના ઠેકાણે જલ્દી પહોંચાડો ★

શૈખનએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે જનાઝાને જલ્દી લઈને ચાલો, એટલા માટે કે સારો હોય તો ભલાઈ તરફ તેને વધારો અને જો સારો નથી તો પોતાના ગળા પરથી જલ્દી ઉતારો.

ઈબ્ને અબી દુનિયાએ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત કરી છે : તેમણે મય્યિત બાબતે ફર્માવ્યું કે તેને જલ્દીથી તેના ખાડા તરફ લઈ જાવ, કારણ કે તે જ તેનું ઠેકાણું છે, ત્યાં જઈને તે પોતાની ભલાઈ અને બુરાઈ જોઈ લે.

ઉપરોકત બંને રિવાયતોથી એ વાત જાણવા મળી કે મય્યિતને જલ્દીથી ગુસ્લ અને કફન આપી દફનાવવાની કોશિશ કરવી જોઈએ. અમુક લોકો વગર કામનું મોડુ કરે છે એ ન હોવું જોઈએ. મરણ બાદ આપણી વચમાં વધુ સમય રાખવાથી કોઈ ફાયદો નથી કારણ કે દુનિયાથી તેનો સંબંધ તૂટી ગયો છે અને તે આલમે આખેરતના લાયક બની ગયો છે તો પછી તેને તેના ઠેકાણે પહોંચાડવાથી જ ફાયદો છે.

## ★ કબ્રમાં બદન રાખ્યા બાદ રૂહ પરત થાય છે ★

ઈબ્ને ઈસ્હાક કહે છે : ઓબૈદુલ્લાહ બિન અબી જાઅફર ફર્માવે છે, મય્યિતને જ્યારે જનાઝા પર લઈને ચાલે છે તો તેની રૂહ એક





ફરિશ્તાના હાથમાં હોય છે જે તેની સાથે ચાલે છે. પછી જ્યારે તેને નમાઝ માટે રાખે છે તો તે ઊભો રહે છે. અને પછી જ્યારે દફન માટે લઈ જવામાં આવે છે તો તે પણ સાથે ચાલે છે અને જ્યારે તેને કબ્રમાં રાખી દેવામાં આવે છે તો અલ્લાહ તેની રૂહને પરત કરી આપે છે જેથી ફરિશ્તાઓ સવાલ જવાબ કરે. જ્યારે સવાલ કરવાવાળા ફરિશ્તાઓ પાછા ફરે છે તો એક ફરિશ્તાને હુકમ આપવામાં આવે છે કે તેની રૂહને કાઢી લે અને જ્યાં અલ્લાહ હુકમ આપે ત્યાં પહોંચાડી આપ ! આ ફરિશ્તો મુલકુલ મૌતના મદદગારોમાંથી હોય છે.

મુડદાંને જ્યારે કબ્રમાં સવાલ કરવામાં આવે છે ત્યારે તેની રૂહને તેના બદનમાં પરત કરવામાં આવે છે પરંતુ રૂહનું પરત થવું એવું નથી જેવું કે દુનિયામાં હોય છે બલ્કે એ પણ આલમે ગયબનો સંબંધ હોય છે. જો કોઈ મુડદાંની લાશને દફન કરવામાં ન આવે અથવા બાળી દેવામાં આવે તો તેને પણ સવાલ થાય છે એટલે સુધી કે મુડદાંની લાશને નજરો સમક્ષ રાખવામાં આવે અને કયારે પણ દફન કરવામાં ન આવે તો તેને પણ સવાલ થાય છે. અને અઝાબના લાયક હોય તો અઝાબ પણ થાય છે. પરંતુ આ સઘળી આલમે ગયબની વાતો છે જે નબીના ફર્માનથી જાણવા મળે છે.

પાછલાં પાનાઓમાં તમે એ વાંચી ગયા હશે કે શરીર અને બદન માટે કબ્રની કોઈ પણ હાલત અને સ્થિતિ બયાન કરવામાં આવે ત્યાં રૂહનો બદન સાથે સંબંધ માનવો જરૂરી છે, કારણ કે રૂહ વિના બદન નિર્જીવ મખ્લૂકમાં દાલખ થાય છે તેના માટે બોલવું, સાંભળવું, સમજવું વગેરે કોઈ હાલત સાબિત નથી કરી શકાતી પરંતુ અસંખ્ય હદીષો આ બાબતે છે જેનાથી એ સ્પષ્ટ થાય છે કે કબ્રમાં બદન સાથે રૂહનો સંબંધ હોય છે. અને હકીકતમાં દરેક હાલત રૂહની હોય છે. مِنْهَا خَلَقْنٰكُمْ وَفِيْهَا نُعِيْدُكُمْ وَمِنْهَا نُخْرِجُكُمْ تَارَةً اُخْرٰى

"તેનાથી (માટી) અને તમને પેદા કર્યા, અને તેમાં તમને પલટાવીશું. અને તેમાંથી બીજી વખત તમને બહાર લાવીશું." આ ત્રણેવ હાલતો માણસની રૂહની નથી બલ્કે તેના બદનની છે. કારણ કે રૂહ આલમે અમ્રની ચીજ છે જેને કોઈ પણ ચીજ વસ્તુના સહારા વિના અલ્લાહ તઆલાએ હુકમે કુન

(થઈ જા) કહીને પેદા ફર્માવી છે : وَلَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ مِنْ نُّطْفَةٍ ''અને અમે ઈન્સાનને પેદા કર્યો નુત્ફાથી.'' આ હાલત પણ બદનની છે. હઝરત આદમ عليه الصلوٰة والسلام ને માટીથી પેદા કરવામાં આવ્યા એટલે તેમની ઔલાદની અસલી ચીજ અને મટિરિયલ માટી છે. અને ત્યાર પછી પેદાઈશનો તરીકો ગર્ભાશયમાં નુત્ફો જવાથી થાય છે એટલે નુત્ફાનો ઉલ્લેખ થયો, પરંતુ ઈન્સાનનો શબ્દ બદન પર દુનિયાની પરિભાષા પ્રમાણે છે, અથવા દુનિયામાં ઈન્સાન રૂહ અને બદન બંનેના સંગમને કહેવામાં આવે છે. નહીં તો અસ્લે ઈન્સાન માણસની રૂહ છે જે પેદા થઈ ગયા બાદ કદી પણ ફના થવાની નથી. ઈલ્મે કલામમાં ઈન્સાન બદન અને રૂહ છે અને આપણે પણ એ જ કબૂલીએ છીએ.

## ★ ફિતરતે ઈસ્લામ પર પેદાઈશ ★

બુખારી શરીફમાં છે : સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

كُلُّ مَوْلُوْدٍ يُّوْلَدُ عَلَى الْفِطْرَةِ وَلٰكِنْ اَبَوَاهُ يُهَوِّدَانِهٖ اَوْ يُنَصِّرَانِهٖ اَوْ يُمَجِّسَانِهٖ

દરેક પેદા થનાર ઈસ્લામી ફિતરત પર પેદા થાય છે પરંતુ તેનાં માતા પિતા તેને યહૂદી, નસરાની અને અગ્નિપૂજક બનાવી દે છે. જો અસલ ઈન્સાન પેદાઈશ પહેલાં કંઈ જ ન હોય તો પછી ફિતરતે ઈસ્લામ પર પેદા થનાર શી રીતે કહી શકાય છે. સ્પષ્ટ થયું કે આ દુનિયામાં રૂહનો સંબંધ બદન સાથે થાય છે અને તેનાથી જ માણસનો ફરક જાણવા મળે છે એટલે બદનને ઈન્સાન કહેવામાં આવે છે. જેનો વધુ ઉલ્લેખ આલમે અરવાહના વાયદામાં થઈ ગયો છે. બાળક જ્યારે કશું જાણતું જ નથી અને કશું સમજતું જ નથી તો પછી તેને કોઈ ધર્મ પર શી રીતે કહી શકાય છે, પરંતુ હદીષ શરીફમાં છે તે ઈસ્લામ પર પેદા થાય છે એટલા માટે કે રૂહોએ અલ્લાહ પર ઈમાન લાવવાનો અને તેની સાથે કોઈને શરીક ન કરવાનો વાયદો કર્યો હતો. અને આમ ત્યારે જ થઈ શકે છે જ્યારે કે અસલ રૂહને માનવમાં આવે. અને એ કે રૂહો બદનો પહેલાં





વજૂદમાં આવી ગઈ છે અને એટલા માટે જ હદીષ શરીફમાં છે કે રૂહો બે હજાર વર્ષો પહેલાં પેદા કરવામાં આવી હતી.

## ★ કબ્રવાળાઓથી હયા કરવી ★

કબ્રમાં મુડદાની લાશ સાથે તેની રૂહનો સંબંધ હોય છે, પરંતુ તે સંબંધ ગયબી હોય છે જેને આપણે આંખે જોઈને કહી નથી શકતા. નબીના ઈર્શાદને લક્ષમાં રાખીને યકીન કરીએ છીએ. પરંતુ સંબંધ સંબંધમાં ફરક છે, નબીની રૂહનો સંબંધ તેમની લાશ સાથે હકીકી અને અસલી હોય છે જેમ આ દુનિયામાં હતો, શહીદોની રૂહોનો સંબંધ તેમની લાશો સાથે ગયબી હોય છે, પરંતુ સામાન્ય લોકોથી વધુ મજબૂત વલીઓની રૂહોનો સંબંધ તેમની લાશો સાથે તેમના મુકામ વ મરતબા પ્રમાણે હોય છે. અને સામાન્ય લોકોની રૂહોનો સંબંધ તેમની લાશો સાથે તદ્દન ગયબી હોય છે. પરંતુ દરેક મુડદુ પોતાની કબ્ર પર આવનારનો અવાજ પણ સાંભળે છે. એટલે જેમ જીવંત લોકોને જોઈને હયા કરવામાં આવે છે. શરમને લઈને ઘણા બધા કામોથી રોકાવામાં આવે છે તેમજ મુડદા લોકોથી પણ શરમ કરવી જોઈએ. આપણે તો તેમને માટીના ખાડામાં હોવાને લઈને જોઈ નથી શકતા પરંતુ તેઓ આલમે ગયબમાં પહોંચીને જીવંત લોકો કરતાં વધારે શક્તિ ધરાવે છે, જેઓ ખાણમાં બંધ થઈને પણ આપણને જુએ છે.

## ★ હઝરત આઈશા رضی اللہ عنہا નું હયા કરવું ★

ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم ની કબ્ર શરીફ પર હાજરી આપતાં તો પર્દો ન કરતાં હતાં, પછી જ્યારે ત્યાં હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ ને દફન કરવામાં આવ્યા તો આપ ત્યાં પર્દા વગર હાજરી આપતાં હતાં, કારણ કે સરકારે મદીના આપના શોહર હતા અને શોહરથી પર્દો નથી, હઝરત અબૂબક્ર સિદીક આપના વાલિદ હતા અને વાલિદથી પર્દો નથી, પરંતુ જ્યારે ત્યાં અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમને દફન કરવામાં આવ્યા તો, હઝરતે આઈશા પર્દા વગર ત્યાં હાજરી આપતાં ન હતાં. કારણ કે હઝરત ઉમર ગેર મહરમ હતા અને તેમનાથી પર્દો કરવો પડે છે.

મિશ્કાત શરીફમાં હઝરત ઈમામ અહમદથી રિવાયત છે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે, હું મારા તે ઘરમાં જેમાં રસૂલે પાક صلی اللہ تعالی علیہ وسلم (દફન) છે પ્રવેશતી તો પર્દા વગર અને કહેતી એક મારા શોહર અને એક મારા બાપ છે. પછી જ્યારે હઝરત ઉમર દફન કરવામાં આવ્યા તો કસમ અલ્લાહ તઆલાની ! હું ત્યાં ન પ્રવેશતી પરંતુ પૂરી રીતે પર્દામાં હઝરત ઉમર رضی اللہ عنہ થી શરમને લઈને.

## ★ હઝરત આઈશાનો ઈમાની અકીદો ★

હઝરત આઈશા رضی اللہ عنہا એ ફેંસલો ફર્માવ્યો કે મરવું ખત્મ થઈ જવું નથી બલ્કે મરવાનો મતલબ આલમ બદલાવો છે અને માણસ પોતાના અવસાન પછી બેકાર નથી થઈ જતો બલ્કે તેની શકિતઓ બાકી રહે છે, અને તેમાં વધારો થઈ જાય છે. કબ્રની માટીની નીચે રહીને પણ તેઓ જીવંત માફક આવનારને જુએ છે, તેની વાતો સાંભળે છે, તેની સલામનો જવાબ પણ આપે છે, અને આવનાર કેવી હાલતમાં આવ્યો તેને સમજી પણ શકે છે. પછી કોઈ પણ વ્યકિતને મરી ગયો કહીને તેને બેકાર માનવો ઈસ્લામી માન્યતા નથી પણ ગુમરાહી અને બેદીની છે, બલ્કે દીનની સેંકડો વાતોનો અસ્વીકાર કરવો છે.

## ★ કબ્ર અને કોઈ વ્યકિત સમક્ષનું કામ એક જેવું છે ★

ઈબ્ને અબી શૈબા અને હાકિમએ ઉકબા બિન આમિર સહાબી رضی اللہ عنہ થી રિવાયત કરી છે : આપ ફર્માવે છે કે, હું એક જેવું સમજું છું કબ્રસ્તાનમાં હાજત કરવા બેસું કે પછી બજારની વચમાં લોકોને જોતાં. એટલે કે મુડદાં પણ કબ્રમાં જીવંત માફક જુએ છે એટલે કબ્રો પાસે હાજત કરવી એટલું જ બેશરમીનું કામ છે જેટલું કે જીવંત લોકોને જોતાં સતર ખોલીને હાજત કરવામાં આવે.

ઈબ્ને અબી દુન્યાએ કિતાબુલ કોબૂરમાં સોલૈમ બિન ઓમૈરથી રિવાયત કરી છે, આપ એક કબ્રસ્તાન પાસેથી પસાર થયા. આપને ઘણો





જ પેશાબ લાગેલો હતો. કોઈએ અર્ઝ કરી, અહીં ઉતરીને હાજત પૂરી કરી લો. આપે ફર્માવ્યું, સુબ્હાનલ્લાહ ! ખુદાની કસમ ! હું જીવંત લોકોની માફક મુડદાં લોકોથી શરમ કરું છું એટલે કે જીવંત લોકોની માફક મુડદાં લોકો પણ જુએ છે પછી તેમની કબ્રો પાસે નગ્ન થવું અને શરમની જગાઓ ખોલવી એટલું જ બુરું છે જેમ કે જીવંત લોકો સમક્ષ ખોલવામાં આવે.

## ★ આપણે મુડદાંને દફન બાદ નથી જોઈ શકતા ★

આપણે આલમે દુનિયામાં છીએ, આપણી આંખ આલમે દુનિયાની ઘણી બધી ચીજ વસ્તુઓને જોઈ નથી શકતી જેનો ઉલ્લેખ પાછલા પેજમાં થઈ ગયો છે. અહીં જાણવા લાયક એક વાત એ છે કે આંખથી જોવા માટે અમુક શરતો છે : આંખમાં જોવાની શકિત હોય, આંખ બંધ ન હોય, જોવાની ચીજ અને આંખની વચમાં કોઈ રૂકાવટ ન હોય, અમુક હદમાં હોય, જરૂરતથી વધુ નાની ન હોય, ચીજ જોઈ શકાય એવી હોય. હવાથી દુનિયા ભરેલી છે પણ તે એટલી પાતળી છે કે જોઈ શકાતી નથી. માઈલો દૂર કોઈ ચીજ હોય તો દેખાતી નથી. બેકટેરિયા નાના હોવાથી દેખાતા નથી. માણસની વચમાં દીવાર અથવા પર્દો હોય તો પાછળની ચીજ દેખાતી નથી. દુનિયામાં આંખથી જોવા માટે ઉપરોકત શરતો છે. એટલે જ મુડદાંને દફન કરી દીધા પછી આપણને તેની લાશ દેખાતી નથી, જ્યારે કે લાશ આલમે ગયબમાં નથી કારણ કે માણસ અને મુડદાંની લાશની વચમાં ક્વિન્ટલો માટીનો મોટો ઢગલો રુકાવટ છે. અને તેની હાલતો તો આલમે ગયબની છે એટલે આપણા દેખવામાં આવતી નથી. આ છે મુડદાંઓ પ્રત્યે જીવંત લોકોનો હાલ. પરંતુ મુડદાની હાલત એ છે કે બંધ આંખે કફન તથા કબ્રની માટીની રુકાવટમાં આવનાર વ્યકિતને જુએ છે. તે રૂહ છે જેને બદનથી મુકિત મેળવ્યા બાદ બદનના અવયવોની જરૂરત રહેતી નથી.

માણસની આંખને જોવા માટે ઉપરોકત શરતોની સાથે વધુ એક શરતનું હોવું જરૂરી છે તે એ કે અજવાળુ હોય કેમ કે અંધારામાં આંખ કામ આપી શકતી નથી એટલે કે આંખ ખુલ્લી હોવા છતાં કોઈ ચીજ દેખાતી નથી, પરંતુ મુડદુ કબ્રના ઘોર અંધારામાં પણ આવનારને જોઈ

શકે છે. આપણે નથી જોતા પણ કબ્રવાળો જુએ છે તો પછી તેની શરમ કરવી જ જોઈએ.

## ★ માત્ર શક પર શરમાવું ★

શરમવાળો માણસ માત્ર શક હોવા પર શરમાઈને પોતાના કામથી અલગ રહે છે. દા.ત. પેશાબ પાખાનાની હાજત લઈ લો. જો બહાર મેદાનમાં કરવામાં આવે અને પાસે લોકોનાં ઘર હોય તો કોઈ તેને જોવા ન મળતું હોય તો પણ તે એવું સમજીને કે હોય શકય છે કોઈ મને જોતું હશે ત્યાં હાજત કરવાથી રોકાશે અને એવી જગા શોધશે જ્યાં તેને એ વાતનું યકીન આવી જાય કે કોઈ માણસની નજર મારા પર પડશે નહીં. મુડદાં બાબત મુસલમાનનું યકીન છે કે તે આપણને જુએ છે પછી કબ્ર સમક્ષ કોઈ એવું કામ ન કરવું જોઈએ અને જીવંત માફક મુડાદાંથી પણ શરમ કરવી જોઈએ.

## ★ ઈમામ શાફઈનું ઈમામે આ'ઝમથી શરમાવું ★

મીઝાને શરીઅતે કુબ્રામાં છે : હઝરત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ એ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ ની કબ્ર શરીફ પર હાજરી આપી. આપે ફજરની નમાઝમાં દુઆએ કુનૂત ન પઢયું જે તેમના મસ્અલાના આધારે ફજરની નમાઝમાં પઢવામાં આવે છે. આપને તેનું કારણ પૂછવામાં આવ્યું તો આપે જવાબ આપતાં ફર્માવ્યું, હું ઈમામ સમક્ષ કુનૂત શી રીતે પઢું ? તેઓનો મસ્અલો કુનૂતનો નથી. શામીમાં છે બિસ્મિલ્લાહ શરીફ અવાજથી ન પઢી. અમુક રિવાયત છે કે ઉઠક બેઠકની તકબીરોમાં હાથ ન ઉઠાવ્યા. કારણ પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું, આ ઈમામ સમક્ષ અમારો અદબ એ જ છે કે એમનાથી વિરોધાભાસ કરવામાં ન આવે ! શર્હે લુબાબમાં શરમવાળાના શબ્દથી જ વર્ણન થયું છે. ફર્માવ્યું મને શરમ આવે છે કે ઈમામ સમક્ષ એમનો વિરોધ કરું.

ઉપરોકત રિવાયતથી જાણવા મળ્યું કે કબ્ર પર હાજરી આપવામાં અદબનો ખાસ ખ્યાલ રાખવો જોઈએ. કારણ કે મુડદું કબ્રમાં આવનારને જુએ છે અને ઝિયારત કરવાવાળાની હાલતની તેની ઉપર અસર થાય





છે. અને આ એ વાતની દલીલ છે કે રૂહ ગમે ત્યાં હોય પરંતુ બદન સાથે તેનો સંબંધ રહે છે અને બદન માટે કોઈ પણ અસર રૂહના સદકામાં જ માની શકાય છે.

## ★ જીવંત લોકોની નિષ્કાળજીથી મુડદાંઓને તકલીફ થાય છે ★

મરણ બાદ માણસની રૂહ પોતાના મુકામ અને મરતબા પ્રમાણે આલમે બરઝખમાં ગમે ત્યાં રહેતી હોય પરંતુ બદન સાથે તેનો એક પ્રકારનો સંબંધ હોય છે, જેને લઈને કબ્રનો અદબ કરનારથી ખુશ થાય છે અને કબ્રની બેઅદબીથી નારાજ થાય છે. હાકિમ અને તિબ્રાનીએ હઝરત ઓમારા બિન હઝમ رضی اللہ عنہ થી રિવાયત કરી છે : આપે ફર્માવે છે, હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને કબ્ર પર બેઠેલો જોઈને ફર્માવ્યું, અય કબ્રવાળા ! કબ્ર પરથી ઉતરી જા ! ન તું કબ્રવાળાને ઈજા આપ, ન તે તને ઈજા આપે.

(હદીકા) અલ્લામા નાબેલસી અને હકીમ તિર્મિઝીએ ફર્માવ્યું, મય્યિતના ઈજા પામવાનો મતલબ એ છે કે રૂહોને ખબર થઈ જાય છે કે ફલાણાએ અમારી તા'ઝીમમાં કમી કરી છે, એટલે તેમને તકલીફ થાય છે.

હાશિયાએ તહતાવી, રદુલ મોહતાર વગેરેમાં આ મસ્અલો છે કે કબ્રસ્તાનમાં પેશાબ કરવા માટે ન બેસો કારણ કે જેનાથી જીવંત લોકોને તકલીફ થાય છે તેનાથી મુડદાંઓને પણ તકલીફ થાય છે.

દૈલમીએ હઝરત ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરી છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મય્યિતને જે વાતથી ઘરમાં તકલીફ થતી હતી તેનાથી કબ્રમાં પણ તકલીફ પામે છે.

હાફિઝ ઈબ્ને મુંદાએ ઈમામ કાસિમ બિન મોખૈમરાથી રિવાયત કરી છે : ફર્માવે છે, **જો હું તપાવેલા ભાલા પર પગ રાખું જે મારા પગમાંથી આરપાર નીકળે તે મને કબ્ર પર પગ રાખવાથી વધુ પસંદ છે.** (એટલા માટે કે કબ્ર પર પગ રાખવાથી એક મુસલમાનની બેઅદબી થાય છે અને આલમે બરઝખમાં પહોંચનારને તકલીફ થાય છે

જે બંદાના હક્ક વિરૂધ્ધની વાત છે.) ત્યાર બાદ આપે ફર્માવ્યું, એક માણસે કબ્ર પર પગ રાખ્યો તો જાગૃતાવસ્થામાં સાંભળ્યું, અય માણસ ! ખસી જા ! મને તકલીફ ન આપ !

ઈબ્ને અબીદુનયાએ હઝરત અબૂ કોલાબા બિસરીથી રિવાયત કરી છે, આપ ફર્માવે છે કે હું સિરીયાથી બસરા થઈ રહ્યો હતો. રાત્રે ખાડામાં ઉતર્યો અને વુઝૂ કર્યું બે રકાત નમાઝ પઢી પછી એક કબ્ર પર માથું રાખીને સૂઈ ગયો. જ્યારે જાગ્યો તો કબ્રવાળાને જોયો કે મારાથી કરગરીને ફરિયાદ કરતો કહે છે, અય માણસ ! તેં મને આખી રાત તકલીફ આપી !

દલાઈલુન્નબુવ્વતમાં છે ઈબ્ને મીના તાબેઈએ ફર્માવ્યું, હું કબ્રસ્તાન ગયો ત્યાં બે રકાત નમાઝ પઢીને આડો પડયો. ખુદાની કસમ ! હું ખરેખર જાગૃત હતો અને મેં સાંભળ્યું કે કોઈ કબ્રમાંથી કહી રહ્યું હતું. ઊભો થા ! તે મને તકલીફ આપી છે ! પછી કહ્યું, તમે અમલ કરો છો અને અમે નથી કરતા ! ખુદાની કસમ ! તારા માફક બે રકાત પણ પઢી શકતો તો મને સમગ્ર જગતથી વધુ પ્યારુ હોત !

મુસ્નદે ઈમામ અહમદમાં હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત છે : સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મુડદાંના હાડકાં તોડવાં અને તેને ઈજા આપવી એવું જ છે જેમ કે જીવંતના હાડકાં તોડવાં.

ઈબ્ને અબી શૈબાએ મુસન્નફમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہما થી રિવાયત કરી કે મુસલમાનને મરણ બાદ તકલીફ આપવી એવી જ છે જેમ કે જિંદગીમાં તેને તકલીફ પહોંચાડવી.

કબ્રને તકિયો બનાવવાવાળી હદીષ પર હઝરત મોહક્કિક મોહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ એ શરહ લખી છે : શકય છે કે એનો મતલબ એ હોય કે મુડદાની રૂહ નાખુશ થાય છે તેની કબ્રનો તકિયો કરવાથી, કારણ કે એમાં બેઈજ્જતી અને બેદઅબી છે. અને તકલીફવાળી હદીષની શરહમાં લખ્યું છે : આનાથી એ જાણવા મળે છે કે જેનાથી જીવંતને તકલીફ પહોંચે છે તેનાથી મય્યિતને પણ તકલીફ થાય છે, અને જરૂર એ સાબિત થાય છે જેનાથી જીવંતને લિજ્જત મળે છે તેનાથી મુડદાંને પણ લિજ્જત મળે છે.

ઉપરોકત હદીષો અને રિવાયતોથી એ વાત જાણવા મળી કે





માણસના મરી ગયા પછી પણ તેની રૂહનો સંબંધ તેના બદન સાથે રહે છે અને બદન માટે કોઈ પણ ગમી અને ખુશી રૂહના સદકામાં છે. રૂહનો સંબંધ બદન સાથે માનવામાં ન આવે તો ઉપરોકત હદીષોનો જવાબ બની શકતો નથી. હા ! એટલું કહી શકાય છે કે તે સંબંધ આલમે ગયબનો છે એટલે સગી આંખે તેને જોઈ શકતા નથી.

## ★ ખરાબ પડોશીઓથી મુડદાંને તકલીફ ★

દુનિયામાં માણસની ઈચ્છા એ હોય છે કે તેના ઘરના પડોશમાં સારા સંસ્કારી લોકો હોય. કારણ કે ખરાબ પડોશીઓ વાત વાતમાં ઝઘડો કરતા હોય છે અને માણસે જીવવું મુશ્કેલ થઈ પડે છે. કયારેક પડોશ તરફથી તો કોઈ તકલીફ નથી હોતી પરંતુ તેમના ખરાબ હોવાને લઈને લોકો એવું કહે છે કે ફલાણો માણસ ફલાણાના પડોશમાં રહે છે તો એનામાં શું ભંડોળ હશે ! સારાંશ એ કે દુનિયામાં માણસની ઈચ્છા સારા લોકોની પડોશમાં રહેવાની હોય છે અને એટલા માટે સારા એરિયામાં ઘરોની કિંમત રફ એરિયાથી વધારે હોય છે. જ્યારે જીવંત લોકો માફક મુડદાંને તકલીફ થાય છે અને રાહત મળે છે અને તેને દરેક કામનું ઈલ્મ થાય છે તો મુડદાંની ઈચ્છા પણ એ જ હોય છે કે એને સારા લોકોની પડોશમાં દફન કરવામાં આવે. પરંતુ તે મૃત્યુ બાદ પોતાની ઈચ્છા પ્રગટ કરી શકતો નથી એટલે તેનાં સગાં સંબંધીઓ અને વારસદારોએ એ વાતનો ખ્યાલ રાખવો જોઈએ. નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપણને એ જ પ્રમાણેની તાલીમ આપી છે. દૈલમીમાં હઝરત ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલ્મા رضی اللہ عنہا થી રિવાયત છે : સરકારે મદીના, રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કફન સારું આપો. ઊંચા સ્વરે રડીને, વસિયત પૂરી કરવામાં સમય લગાડીને અને સગાઓથી દુશ્મની કરીને તમાર મુડદાંઓને તકલીફ ન આપો. તેમનું દેવું (કરજ) જલ્દી અદા કરો અને ખરાબ પડોશીઓથી તેમને અલગ રાખો.

## ★ ઊંચા સ્વરે રડવાથી મુડદાને તકલીફ થાય છે ★

સગા સંબંધીઓના રડવાથી જીવંત માણસોને સદમો પહોંચે છે

અને તેઓ વિમાસણમાં મૂકાઈ જાય છે કારણ કે તેમને પરસ્પર એક બીજાથી મહોબ્બત અને પ્રેમ હોય છે અને મહબ્બતમાં એકની તકલીફથી બીજાને તકલીફ થાય છે. એ જ પ્રમાણે મુડદાંને પોતાના સગાં સંબંધીઓથી મહોબ્બત હોય છે, જો તેઓ ઊંચા સ્વરે રડે છે તો તેનાથી મુડદાને સદમો પહોંચે છે અને મહોબ્બતને લઈને તેને તકલીફ થાય છે. મુડદાની હાલતોનું આપણને ઈલ્મ નથી થતું પરંતુ આપણી હાલતોનું મુડદાને ઈલ્મ થાય છે અને બંધ આંખે પણ તે આપણને જુએ છે જેનો ઉલ્લેખ થઈ ગયો છે. હદીષ શરીફમાં તેનાથી મનાઈ કરવામાં આવી છે.

મુસ્નદે ઈમામ અહમદમાં રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જીવંતનું મુડદા પર રડવાથી તેને અઝાબ થાય છે. (એટલે કે મય્યિતને સદમો પહોંચે છે.)

ઈમામ સઈદ બિન મન્સૂરે પોતાની સુનનમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہما થી રિવાયત કરી છે, તેમણે એક જનાઝામાં અમુક સ્ત્રીઓ જોઈને ફર્માવ્યું, પાછી જાવ ! તમને ગુનોહ છે ! સવાબ કશો જ નથી ! તમે જીવતાઓને ફિત્નાઓમાં નાખો છો અને મુડદાંઓને તકલીફ આપો છો.

## ★ ઔરતોમાં સબ્ર ઓછી હોય છે ★

અનુભવથી એ જાણવા મળે છે કે ઔરતોમાં સબ્ર અને સહન શીલતાની  ટેવ હોતી જ નથી અને હોય તો ઘણી જ ઓછી ન હોવા બરાબર. નાની નાની તકલીફોમાં પણ તેમની આંખોથી આંસૂ પડતાં હોય છે. ચીસા ચીસ અને ચીખા ચીખ થતી હોય છે, જાણે તેમની ઉપર પહાડ તૂટી પડયો ! પછી મોત થાય ત્યારે તો પૂછવું જ શું ?! મરનારના ઘરમાં રડવા સિવાયનો કોઈ અવાજ સંભળાતો નથી. ઔરતોને લાખ કહેવામાં આવે પરંતુ તેઓ માનતી નથી, ગમે તેવાં અપશબ્દો બોલીને રડતી હોય છે અને બીજી ઔરતો તેની મહોબ્બતમાં કહો કે દેખાડવા માટે કહો રડવામાં તેનો સાથ આપતી હોય છે ! એટલા માટે ઔરતોને કબ્રસ્તાન જવાથી રોકવામાં આવી છે. ઔરતોએ આ વાત યાદ રાખવી જોઈએ કે કોઈના મરવા પર ઊંચા સ્વરે ન રડે બલ્કે સબ્ર અને સહનશીલતાથી કામ





લે. **મુસલમાન** તો તે છે જે **અલ્લાહ તઆલાની મરજી પર રાજી** રહે છે. દરેક તકલીફ અને મુસીબતમાં સબ્ર અને સહનશીલતાથી કામ લે છે. હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદે ઔરતોને પરત જવાનો આદેશ એટલા માટે જ આપ્યો છે કે તેણીઓ બે સબ્રીથી કામ લે છે અને મર્દોની નિગાહો તેમના પર પડવાથી અમુક લોકોના દિલમાં ખરાબ વસવસાઓ આવી શકે છે. તો તેમના રડવાથી મુડદાંને તકલીફ અને તેમને જોઈને દિલમાં બુરો ખ્યાલ લાવવો ફિત્નો છે.

## ★ માહોલ સુધારો ★

આપણા સમાજમાં એ જોવા મળે છે કે ઔરતોમાં ઊંચા સ્વરે રડવું જરૂરી થઈ ગયું છે. જો કોઈ ઔરતનો નિકટનો સગો મરી ગયો હોય અને તેના મરવા પર ઔરત અપશબ્દો બોલીને મહોબ્બતનું જતન ન કરે અને ઊંચા સ્વરે ન રડે તો કહેવામાં આવે છે ફલાણી ઔરત ઘણી પથ્થર દિલની છે ! તેને તેના સગા સાથે મહોબ્બત ન હતી કારણ કે તેનો સ્વર રડવામાં સંભળાયો ન હતો. જ્યારે કે ઈસ્લામ તરફથી આપણને ઊંચા સ્વરે રડવાથી મનાઈ કરવામાં આવી છે. પરંતુ આપણે માહોલ બનાવવામાં કદી પણ એ ખ્યાલ રાખતા નથી કે ઈસ્લામ તરફથી આપણને એ કામની ઈજાઝત આપવામાં આવી છે કે નહીં ? બલ્કે દરેક જગાએ આપણી જહાલત આપણા માર્ગમાં આડે આવતી હોય છે અને જહાલતને છોડી ઈસ્લામની વાતને અમલમાં લાવવામાં આપણે લક્ષ આપતા નથી. અને **મારા ધારવા મુજબ આપણા માહોલમાં ઔરતોને એટલી છૂટછાટ આપવામાં આવી છે કે ઔરતો જેવું વિચારે તેવું કરે તેમની બાબત મર્દોને કંઈ કહેવાનો જાણે હક્ક નથી !** અને મર્દો પણ આમ કહીને છૂટવાની કોશિશ કરે છે કે શું કરીશું ! ઔરતો માનવા જ તૈયાર નથી ! પણ એ નથી વિચારતા કે આપણે તેમને બચવાનું કયારે કહ્યું છે ? જો ઔરત જનાબે આલીની વિરોધ કોઈ કામ કરે જે જનાબને પસંદ ન હોય તો તેને ઢોર માફક મારીને પોતાની વાતની કબૂલાત કરાવશે ! મતલબ એ કે જનાબની વાત એટલી ઊંચી કે તેને છોડી ન શકાય અને શરીઅતની વાત હોય તો કહેશે !  શું કરીશું ઔરતો વાત માનતી નથી !

શું આવી ઢીલી નીતિની વાતોથી માહોલ સુધરી શકે છે ?! મુસલમાનો ! માહોલને અંકુશમાં લાવવો હોય તો અસરકારક એક કામ છે ઔરતો પર અંકુશ લાવો માહોલ આપમળે જ સુધરી જશે.

## ★ બેસબ્રીથી કશો જ ફાયદો નથી ! ★

ઈસ્લામ તરફથી આપણને સબ્રની તાલીમ આપવામાં આવી છે કારણ કે મુસલમાનને તકલીફ પહોંચવા પર તેના ગુનાહો માફ કરવામાં આવે છે. જો કોઈ તકલીફ અને મુસીબત આવી પડવાથી આપણે બે સબ્રા બની જઈએ અને એલફેલ બોલવાનું શરું કરીએ તો મુસીબત જતી તો નથી રહેવાની પરંતુ સબ્રના લીધે જે ગુનાહોની માફીનો ફાયદો થવાનો હોય છે તેનાથી પણ મહરૂમ થવું પડે છે. અને એ જ હાલત સગા સંબંધીની મૌતની છે. જો સબ્રથી કામ લેવામાં આવે તો ગુનાહ માફ થાય અને જેટલો સમય રડવામાં અને એલફેલ બોલવામાં બગાડવામાં આવે તેના કરતાં કુર્આન શરીફ પઢવામાં અને ઝિક્રો દુરૂદમાં પસાર કરવામાં આવે અને તે પઢેલાનો સવાબ મુડદાને બખ્શવામાં આવે તો આપણને પણ સવાબ અને મુડદાને પણ સવાબ થાય પરંતુ આપણી જહાલત આપણને સવાબનાં કામોથી રોકી ગુનાહનાં કામોમાં તલ્લીન બનાવે છે. જેનાથી આપણે પણ મહરૂમ રહીએ છીએ અને મુડદાને પણ મહરૂમ રાખીએ છીએ. એટલે કોઈ પણ તકલીફ અને મુસીબતમાં હિંમત ન હારવી જોઈએ, અલ્લાહ તઆલા તરફથી સમજીને સબ્ર અને સહનશીલતાથી કામ લેવું જોઈએ. જો ઔરતોને આ પ્રમાણે નસીહત કરવામાં આવે તો મોત સમયે રડવા કરગરવાની કુટેવ છે તે છૂટી શકે છે અને માહોલ સુધરી શકે છે.

## ★ મુડદાની તારીફમાં ગલત બયાનીથી મુડદાંને નુકસાન ★

મુડદાની તારીફ કરવાથી મનાઈ કરવામાં નથી આવી પરંતુ ગલત બયાનીથી કામ ન લેવું જોઈએ. જીવંત માણસની તારીફમાં પણ એ જ હુકમ છે કે ગલત બયાનીથી કામ લેવામાં ન આવે. કારણ કે ગલત બયાની જૂઠ છે અને જૂઠું બોલવું હરામ છે. બીજું એ કે જેની તારીફ કરવામાં





આવી તે કાચા દિલનો માણસ હોય અને પોતાની ખોટી તારીફ પર ભરોસો કરી લે તો એ મુસલમાનને ધોકો આપવો છે. અને જો લોકોને તમારી ગલત બયાનીની ખબર પડી જાય તો તમારા પરથી તેમનો ભરોસો ઉઠી શકે છે. આમ અન્ય નુકસાન છે એટલે ગલત બયાનીથી બચવું જરૂરી છે. મુડદાંની ગલત તારીફો કરવામાં આવે અને તે તેને કબૂલ કરી લે તો તેને કબ્રમાં તકલીફ આપવામાં આવે છે.

તિબ્રાની શરીફમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે : આપ ફર્માવે છે, હઝરત અબ્દુલ્લાહ બિન રવાહ رضی اللہ عنہ બેહોશ થઈ ગયા, તો રડવા કરગરવાવાળી ઔરત ઊભી થઈ. એટલામાં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની પધરામણી થઈ અને હઝરત અબ્દુલ્લાહ હોશમાં પણ આવી ગયા. અર્ઝ કરી, હુઝૂર ! હું બેહોશ થઈ ગયો તો ઔરતો કરગરવા લાગી. એક ફરિશ્તો મારી પાસે ગદા લઈને ઊભો થયો અને પૂછયું શું તું એવો જ હતો ? મેં ના કહ્યું. ફરિશ્તાએ કહ્યું જો તું હા કહેતો તો હું તને આ ગદાથી મારતો !

ઉપરોકત રિવાયતથી જાણવા મળ્યું કે મય્યિત બાબતે તારીફમાં ગલત બયાનીથી કામ લેવામાં આવે અને ફરિશ્તો તેને પૂછે અને જો જવાબમાં હા કહી આપે તો અઝાબમાં પડી શકે છે. અને જો તે હા ન કહે તો જીવંત લોકોએ ગલત બયાનીથી તારીફ કરી તો તેમને નુકસાન જરૂરથી છે. અને મુડદાં, જીવંત કોઈના માટે પણ તારીફમાં ગલત બયાનીથી કામ ન લેવું જોઈએ.

તિબ્રાની શરીફમાં હઝરત હસનથી રિવાયત છે : ફર્માવે છે, હઝરત મુઆઝ બિન જબલ رضی اللہ عنہ બેહોશ થઈ ગયા તો તેમની બહેન તેમના પર કરગરવા લાગી. જ્યારે આપ હોશમાં આવ્યા તો ફર્માવ્યું, અય બહેન ! તું આજ સુધી મને તકલીફ આપે છે. તેમણે કહ્યું, હું તમને શી રીતે તકલીફ આપી શકું છું ? આપે ફર્માવ્યું, જ્યારે તું કરગરી રહી હતી ત્યારે એક ફરિશ્તો મને ખૂબ ઘરકાવી રહ્યો હતો. (એટલે કે જ્યારે કરગરીને મુડદાંને યાદ કરવામાં આવે છે ત્યારે તેને ફરિશ્તો ઘરકાવીને પૂછે છે, શું આવો જ હતો ?)

ઈબ્ને સઅદે મિકદામ બિન મઅદી કરબથી રિવાયત કરી છે કે જ્યારે હઝરત ઉમરને ઘા વાગ્યો. (જેમાં આપ શહીદ થયા હતા) હઝરત

ઉમ્મુલ મો'મિનીન હફસા رضی اللہ عنہا તેમની પાસે આવ્યાં અને કહ્યું, હાય ! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના દોસ્ત આપના સસરા અને મો'મિનોના અમીર ! આપે ફર્માવ્યું, જો તમે મારો કંઈક હક્ક તમારી ઉપર સમજતાં હોઉ તો હવે કદી પણ કરગરીને વાતો ન બોલતાં ! કારણ કે જ્યારે કોઈ મય્યિતની સિફતો બયાન કરીને રડવામાં આવે છે તો ફરિશ્તો તેને ઘરકાવે છે અને તકલીફ આપે છે.

## ★ મુડદાની બુરાઈથી બચો ★

મુડદાની બુરાઈ કરવાથી જ્યારે કોઈ ફાયદો નથી તો બેફાયદા કામ શા માટે કરવામાં આવે. બીજું એ કે સારો માણસ હોય અને તેને પોતાના અમલોને લઈને જન્નતની બશારત આપવામાં આવે અને કબ્રનો આરામ તે મેળવી લે તો તેની બુરાઈ કરવાથી તેને નુકસાન નથી પરંતુ બુરાઈ કરનાર ગુનેહગાર થશે અને જો તે દોઝખી છે તો તેને તે જ સજા બસ છે એટલે બુરાઈથી બચવામાં આવે. નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ મનાઈ ફર્માવી છે. નિસાઈ શરીફમાં હઝરત સફીય્યા બિન્તે શૈબાથી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સમક્ષ એક મુડદાને બુરા શબ્દોમાં યાદ કરવામાં આવ્યો તો આપે ફર્માવ્યું, પોતાના મુડદાને સારા શબ્દોથી યાદ કરો.

અબૂ દાઊદ, તિર્મિઝી અને ઈબ્ને અબીદુન્યાએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત કરી છે કહે છે કે રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, પોતાનાં મુડદાંઓનાં સારાં કામો બયાન કરો અને તેમની બુરાઈઓ બયાન કરવાથી બચો.

ઈબ્ને અબીદુન્યાએ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરી છે : કહે છે કે મેં રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને બયાન કરતાં સાંભળ્યા, આપે ફર્માવ્યું કે પોતાના મુડદાંઓને સારા શબ્દોમાં યાદ કરો, કારણ કે જો તમે તેમને બુરા શબ્દોમાં યાદ કર્યા અને તેઓ અલ્લાહ તઆલાના ત્યાં જન્નતી છે તો તમે ગુનેહગાર થશો અને જહન્નમી છે તો તે જ સજા બસ છે જે તેમને મળી રહી છે. (મતલબ એ કે કયારેક માણસના અમુક કામો ખરાબ હોય છે પરંતુ અમુક કામો પસંદીદા હોવાના આધારે તેને





જન્નત આપવામાં આવે છે. કોનું કયું કામ પસંદ હશે આપણને શું ખબર ? કયારેક માણસના કામો સારાં હોય છે પરંતુ કોઈ કામ તેનું અલ્લાહ તઆલાને પસંદ ન આવ્યું અને તેમાંથી નારાજ થઈ દોઝખનો ફેંસલો ફર્માવી દે. સારાંશ એ કે જ્યારે જન્નત અલ્લાહ તઆલાના ફઝ્લો કરમ પર આધારિત છે તો પછી મુસલમાન પ્રત્યે સારું અનુમાન રાખવું જોઈએ, બુરાઈ કરવાથી કોઈ ફાયદો નથી, સવાબનું કામ ન કરી શકાય તો ચુપ રહેવું ઉત્તમ છે.

ઉપરોકત હદીષે પાકથીએ પણ જાણવા મળ્યું કે મુડદાને તેની તારીફ અથવા બુરાઈની ખબર થાય છે અને એ ત્યારે જ બની શકે છે જ્યારે રૂહનો સંબંધ બદન સાથે બાકી હોય અને એ પણ શકય છે કે રૂહને જ ખબર થતી હોય. કારણ કે બદન તો રૂહ માટે વસ્ત્ર સમાન હતું, અસલ તો રૂહ જ છે. આલમે બરઝખમાં રૂહને ફરિશ્તા મારફત ખબર આપવામાં આવતી હોય. બુરાઈથી યાદ કરવાને લઈને તેને તકલીફ થતી હોય. ઈમામ કરતબી કહે છે : એ શકય છે કે અલ્લાહ તઆલાએ કોઈ ફરિશ્તો નિયુકત કર્યો હોય જે મય્યિતને જીવંત લોકોની વાતોની ખબર આપતો હોય તો પછી મુડદાંઓની બુરાઈથી બચવું જોઈએ.

## ★ મુડદાઓ પર જીવંતના અમલો પેશ થાય છે ★

ઉપરોકત હદીષે પાકથી જાણવા મળ્યું કે જ્યારે આપણી તારીફ અને કરેલી બુરાઈનું ઈલ્મ મુડદાંને થઈ જાય છે અને તેના માટે આપણો અમલ ગુપ્ત રહી જતો નથી તો એ પણ સ્પષ્ટ થાય છે કે આપણા સારા અને ખરાબ કામો પણ તેમની સમક્ષ પેશ કરવામાં આવે છે. હદીષે પાકથી એનો સુબૂત પણ જોવા મળે છે. ઈબ્ને મુંદાએ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તમારાં કામો તમારાં મુડદાં સગા સંબંધીઓ પર પેશ કરવામાં આવે છે. જો સારું કામ હોય છે તો તેઓ ખુશ થાય છે અને (ખરાબ કામ હોય છે) તો તેઓ દુઆ કરે છે, અય અલ્લાહ ! અમારી માફક હિદાયત આપ્યા વિના તું એમને મોત આપતો નહીં ! (મતલબ એ કે સારા અને ખરાબ કામોની તેમને ખબર આપવામાં આવે છે.) જો તેમને એવી ખબર આપવામાં આવે છે કે તમારા સગા સંબંધીઓએ સારું કામ કરેલું છે તો તેમના દિલમાં ખુશી ઉપજે છે

અને એવી ખબર આપવામાં આવે છે કે તેમણે ખરાબ કામ કર્યું છે તો તેઓ મહોબ્બતને લઈને વિમાસણમાં પડી જાય છે અને તેમના માટે દુઆ કરે છે કે અલ્લાહ તઆલા તેમને લાંબી ઉમર આપે અને તૌબાની તૌફીક બખ્શે.

ઉપરોકત હદીષે પાકથી જાણવા મળ્યું કે માણસ મરણ બાદ મરી નથી જતો બલ્કે તેનો આલમ બદલાય છે. બદન સાથે તેની રૂહનો ગયબી સંબંધ હોય છે જેને લઈને તેની શકિતઓનો ભંગ થતો નથી. અને માત્ર રૂહ પર પેશ કરવામાં આવે એ પણ સમજથી દૂર નથી કારણ કે અસલ રૂહ છે અને તે પેદા થઈ ગયા બાદ અનાશંવાત છે. અને આલમ બદલવાથી તેની શકિતઓમાંથી કમી આવતી નથી જેનો ઉલ્લેખ પાછલા પેજમાં થઈ ગયો છે.

## ★ મુડદાંઓને ખુશ કરવાનો એક તરીકો ★

જ્યારે મરણ બાદ મુડદાંઓની શકિતઓનો ભંગ નથી અને તેઓ પોતાનાં સગા સંબંધીઓને ઓળખે છે અને તેમના કામો તેમની સમક્ષ રજુ કરવામાં આવે છે અને સારા અમલોથી તેમને ખુશી થાય છે તો પછી પોતાનાં મુડદાંઓને ખુશ કરવાનો એક તરીકો એ પણ છે કે તેમના મરણ બાદ પોતાના અમલો શરીઅત મુજબ કરવા જોઈએ, જેથી કરીને જ્યારે આપણા અમલોની ખબર આપણા મુડદાંઓને આપવામાં આવે તો તેઓ ખુશ થાય અને આપણા ખરાબ અમલોની ખબર સાંભળીને વિમાસણમાં ન મૂકાઈ. હકીમ તિર્મિઝીએ પોતાના નવાદેરુલ ઓસૂલમાં રિવાયત નકલ કરી છે, સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે મુડદાંઓને પોતાનાં સગાઓના કોઈ નેક કામની ખબર આપવામાં આવે છે તો તેમના ચેહરા ખુશીથી ખિલી ઉઠે છે. તો અય ખુદાના બંદાઓ ! પોતાના સગાઓને ઈજા અને તકલીફ ન આપો.

## ★ મુડદાંના દોસ્તથી સારો વર્તાવ પણ તેની ખુશીનો સબબ છે ★

જ્યારે એ સ્પષ્ટ થઈ ગયું છે મરણ બાદ મુડદાંને સગા





સંબંધીઓના અમલોની ખબર આપવામાં આવે છે. અને એ પણ સાબિત થઈ ગયું કે તેઓ પોતાના સગા સંબંધીઓ અને દોસ્તોને ઓળખે છે અને તેમની મહોબ્બત મરણ બાદ પણ તેમના દિલોમાં હોય છે. તો જેમ જીવંત માણસના કોઈ સગા સંબંધી અથવા દોસ્તની મદદ કરવામાં આવે, તેની સાથે સારો વર્તાવ કરવામાં આવે તો દિલ ખુશ થાય છે તેવી જ રીતે મરણ પામનારનાં સગા સંબંધી અથવા દોસ્ત સાથે સારો વર્તાવ રાખવામાં આવે તો મુડદાને જ્યારે તેની ખબર થાય છે તો તે ખુશ થાય છે એટલે મુડદાંની ખુશ કરવાનું એક કામ પણ છે. અબૂ દાઊદ શરીફમાં રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં એક માણસે હાજરી આપી અને અર્ઝ કરી, હુઝૂર ! હું મારા માતા પિતાના મરણ બાદ તેમની સાથે શું નેકી અને ભલાઈ કરી શકું છું ? આપે ફર્માવ્યું, ચાર ચીજો છે જે માતા પિતાના હક્કથી તમારી ઉપર બાકી છે :– તેમના હક્કમાં દુઆ કરવી અને તેમના વાયદાઓ પૂરા કરવા, તેમના દોસ્તોની ઈજ્જત કરવી અને તેમનાં સગાઓથી સારો વર્તાવ રાખવો.

ઉપરોકત હદીષ શરીફથી જાણવા મળ્યું કે મુડદાનાં સગાં સંબંધીઓથી સારો વર્તાવ હકીકતમાં મુડદા સાથે સારો વર્તાવ છે. કારણ કે મુડદાને આપણા કામોની ખબર આપવામાં આવે છે. જ્યારે તેમને તેમનાથી પ્રેમ અને મહોબ્બત હતી અને તેઓ જીવનભર તેમનાથી સારો વર્તાવ પસંદ રાખતા હતા તો મૃત્યુ પછી પણ તે સંબંધો બાકી રહે છે. અને જ્યારે તેમનાં સગાઓની સાથે સારો વર્તાવ જુએ છે તો ખુશ થાય છે. સ્પષ્ટ થયું કે મુડદાંઓને ખુશ કરવાનો એક તરીકો એ પણ છે કે તેમનાં સગા સંબંધીઓથી સારો વર્તાવ રાખવામાં આવે. (શર્ત એ છે તેઓ ઈમાનવાળાં હોય !)

## ★ વારસદારોનો વિખવાદ મુડદાંઓ માટે દુઃખદાયક છે ★

આપણા માહોલમાં એ જોવા મળે છે ઘરના મુખ્ય માણસના અવસાન પછી તેના માટે ઈસાલે સવાબનાં કામો તો દૂરની વાત તેના મૃત્યુ પર અફસોસ તો તારું નામ ! વારસદારોની માત્ર એક જ ચિંતા હોય

છે કે કયારે માલની વહેંચણી થાય અને કયારે અમારો ભાગ મળે ! અને તેમાં વિખવાદ પણ થતો હોય છે. અને મારા મારીની પણ નૌબત આવી જાય છે. વારસદારોમાં જે મોટો હોય છે તેની તમન્ના તો એ જ હોય છે કે સઘળો માલ મને મળી જાય અને બીજા કોઈને થોડો પણ ભાગ મળે નહીં. અને એવા અનેક બનાવો સાંભળવા મળે છે કે ફલાણાં વારસદારે બધાનો હક્ક મારી લીધો અને કોઈને કશું આપ્યું નહીં. જો કે કોઈ માણસ પોતાની શકિત અને બહાદૂરીથી કોઈનો હક્ક પચાવી લે તો હમેશાં ચાલવાનો નથી અને તે પોતે પણ હમેશાં રહેવાનો નથી. મરણ બાદ તેણે સજા ભોગવવાની રહેશે. એટલે વારસદારે એટલું યાદ રાખવું જોઈએ કે વારસાની વહેંચણીમાં અન્યાય ન થવો જોઈએ અને ઈસ્લામ તરફથી જે ભાગીદારનો જેટલો ભાગ રાખવામાં આવ્યો છે તેને તે જ પ્રમાણે આપવામાં આવે. આપણા નસીબમાં જેટલું લખેલું છે તેટલું તો મળવાનું જ છે પરંતુ આપણી બેસબ્રી કયારેક હલાલને હરામ બનાવી લે છે. વારસદારોના વિખવાદ અને કુંસપથી મુડદાને તકલીફ થાય છે કારણ કે તેની તમન્ના એ જ હોય છે કે સગા સંબંધીઓ સંપથી રહે. એક બીજાથી ખુશ ખુશાલ રહે, તેમનામાં પણ કોઈપણ જાતનો કજીયો થાય નહીં. પરંતુ વારસદારો જ્યારે ભાગની વહેંચણીમાં મારા મારી કરી બેસે છે તો મુડદાને ઘણી જ તકલીફ થાય છે કારણ કે મુડદાને સગા સંબંધીઓના કામોની ખબર આપવામાં આવે છે.

## ★ મુડદાનો હક્ક એ છે કે એને ખુશ કરવામાં આવે ★

મરનાર વ્યકિત મુસલમાન છે પછી ભલે તેના અમલો સારા ન રહ્યો હોય પરંતુ મરણ બાદ તેનો હક્ક એ જ છે કે તેને ખુશ કરવામાં આવે કારણ કે તેની સાથે સેંકડો ચિંતાઓ લાગેલી હોય છે. એક તો ઘરવાળાઓને છોડવાની, એક આલમથી બીજા આલમમાં જવાની, હવે પછી નેક અમલો ન કરી શકવાની, ખરાબ કામોની સજાની વગેરે...જ્યારે મુડદાને આમ જ સેંકડો ચિંતાઓ હોય છે એવા સંકટના સમયે સગા સંબંધીઓ તરફથી મુડદા માટે એવાં કામો થવાં જોઈને જેની ખબરથી તેને ખુશી થાય અને





તેની ફિકર ચિંતામાં ઘટાડો થાય. પણ જો એની જગાએ અંદરો અંદર લડાઈ ઝઘડા થાય અને વારસા માટે મારા મારી થાય તો મુડદાની રૂહને વધુ તકલીફ થતી હોય છે. જેથી વારસદારોએ સલાહ શાંતિથી કામ લેવું જોઈએ. શરીઅતની તાલીમને લક્ષમાં રાખવી જોઈએ. કોઈ પ્રકારનો વિવાદ ઊભો ન કરવો જોઈએ. મુડદા માટે નેકીનાં કામો કરી તેની આત્માને શાંતિ આપવી જોઈએ. જો મરણ બાદ આપણે તેના માટે ખુશીનાં કામ ન કરી શકીએ તો મુડદાનો હક્ક અદા થતો નથી.

## ★ ફાયદાની વાત ★

ઉપરોકત ઉલ્લેખથી એ પણ જાણવા મળ્યું કે માણસના મરી ગયા બાદ માત્ર તેનો આલમ બદલાય છે પરંતુ તેની રૂહ જીવંત જ રહે છે અને દરેક પ્રકારની ખુશી અને ગમીનું સેન્ટર તે જ છે. એટલે મુડદાને મુડદા સમજીને તેની સાથે ભલાઈનું દરેક કામ પડતું ન મૂકી દેવું જોઈએ બલ્કે તેને ખુશ કરવા માટેનાં કાર્યો અમલમાં લાવવાં જોઈએ.

## ★ મુડદાને માત્ર એક જ સહારો ★

આ દુનિયામાં માણસ જીવંત હોય છે તેના માટે અમલ કરવાનો સમય હોય છે, સારાં કામો કરીને પોતાની આખેરત કામયાબ બનાવી શકે છે. પરંતુ મરી ગયા બાદ તેના અમલના ચોપડા બંધ કરી દેવામાં આવે છે, પછી જો અમલ કરવા માંગે તો પણ અમલ કરી શકતો નથી. અને ખરાબ કામો કરીને મરી જાય તો તેના માટે વધુ વિમાસણ, નેકી કરી નથી શકતો અને ગુનાહોનું પ્રમાણ વધારે. એવા સમયે મુડદાને પોતાના નેકીના ચોપડા ભરવાનો માત્ર એક જ સહારો હોય છે કે તેના સગા સંબંધીઓ તેના માટે સારાં કામો કરીને તેનો સવાબ પહોંચાડે. તો પોતે તો અમલ કરીને પોતાના ચોપડા નથી ભરી શકતો પરંતુ સગા સંબંધીઓ તેની ઉપર એહસાન કરવા ઈચ્છે તો તેના ખાલી ચોપડા ભરી શકે છે અને તેની આખેરત કામયાબ બનાવી શકે છે. જો આવા સંકટના સમયે સગા સંબંધીઓ કામ ન લાગે તો પછી મુડદાને તેમનો ફાયદો જ શું ?

## ★ સાચો શુભેચ્છક કોણ ? ★

જીવંત માણસ પોતે પોતાનાં કામોનો નિકાલ લાવી શકે છે અને મદદની જરૂરત હોય તો પોતે કહીને મદદ મેળવી શકે છે. અને શરમા શરમી તેને મદદ મળી પણ શકે છે. પરંતુ સાચી મહોબ્બત તો તેને કહેવાય જ્યારે માણસની જીભ બોલવાની શકતી ન રાખે અને તે કોઈને કહીને મદદ ન મેળવી શકે તેવા સમયે વારસદારો પોતાના તરફથી તેનો ખ્યાલ રાખે અને તેને ફાયદો પહોંચાડવા ઈચ્છે તો તેને સાચો શુભેચ્છક કહેવાય. જ્યારે કોઈ સહારો ન હોય ત્યારે તે તેનો સહારો બને. જીવતા જીવ તો ગમે તે સહારો બની શકે છે, ખાવા પીવાનું મળે ત્યારે તેના ગમે તે શુભેચ્છક હોવાનો દાવો કરી શકે છે. પરંતુ કબ્રમાં જઈને માણસને જાણવા મળે છે કે સાચો શુભેચ્છક કોણ ?

## ★ સારા લોકોની સંગતથી એક ફાયદો ★

સારા લોકોની સંગતથી એક ફાયદો દુનિયામાં એ છે કે તેઓ પોતે સારાં કામો કરે છે અને આપણને સારાં કામો કરવાનો શોખ આપે છે એટલે કે તેમની સંગતમાં નેક કામો કરવાનો મોકો મળે છે અને અમલનામામાં સારાં કામોનો વધારો થતો જાય છે. અને મરણ પછી સારા લોકોની સંગથી એ ફાયદો મળે છે કે તેઓ પોતાના નેક અમલોમાં પોતાના દોસ્તને યાદ રાખે છે અને તેની રૂહને સવાબ પહોંચાડી તેની નેકીઓમાં વધારો કરે છે. એટલે કે દુનિયામાં પણ ફાયદો અને આખેરતમાં પણ ફાયદો. તો જીવંત માણસે મરણ બાદ ફાયદો જોઈતો હોય તો દુનિયામાં સારા લોકોની સંગતમાં રહેવું જોઈએ અને ખરાબ લોકોની સંગતથી આગ માફક દૂર રહેવું જોઈએ.

## ★ ખરાબ લોકોની સંગતથી નુકસાન ★

ખરાબ લોકોની સંગત સાપથી વધુ ખતરનાક છે. સાપના કરડી લેવાથી મોટુ નુકસાન એ થાય છે કે માણસનું અવસાન થઈ જાય છે તેનાથી વધુ નુકસાન નથી. પરંતુ ખરાબ લોકોની સંગતથી દુનિયા અને આખેરત





બંને જગાનું નુકસાન થાય છે. દુનિયામાં તેઓ ખરાબ કામો કરે છે અને તેની સંગતમાં બીજો પણ ખરાબ કામ કરી લે છે. જો તે ન ઈચ્છે તો શરમા શરમીમાં પણ કરી ગુજરે છે. શોખમાં કરે છે કે પછી શરમા શરમીમાં ગુનોહ તો થાય જ છે. અહીંયા યુ.કે.માં જોવા મળે છે ખરાબ લોકોની સંગતમાં સેંકડો છોકરા અને છોકરીઓ ખરાબ થઈ ગયા છે. દુનિયામાં તો તેમનું જીવન ખતરામાં પડી ગયું છે પરંતુ સારા અમલો ન કરવાને લઈને તેમની આખેરત પણ નુકસાનમાં છે. અને તેઓને જ્યારે મરણ બાદ ખરાબ લોકોની સંગતનું નુકસાન દેખાશે તો કહેશે : "يَا لَيْتَنِي لَمْ أَتَّخِذْ فُلَانًا خَلِيلًا" "ફલાણાની સંગત ન અપનાવી હોત તો કેટલું સારું થતું." સારાંશ એ કે આખેરતમાં નુકસાન જોઈને અફસોસ કરવો તેનાથી ઉત્તમ એ જ છે કે આજે જ આપણા હક્કમાં સારો ફેંસલો કરવો જોઈએ. સારા લોકોની સંગતમાં રહી ખરાબ લોકોની સંગતથી દૂર રહેવું જોઈએ.

## ★ રૂહ પર સવાર સાંજ તેનું ઠેકાણું પેશ કરવામાં આવે છે ★

એ તો સ્પષ્ટ છે કે જન્નત અને દોઝખનો ફેંસલો કિયામત પછી છે, રૂહોને બદનની સંગતમાં જન્નત અથવા દોઝખમાં જવાનો હુકમ ત્યારે જ આપવામાં આવશે. પરંતુ અમલોના આધારે તેને આલમે બરઝખમાં રાખવામાં આવશે. જેનો ઉલ્લેખ નિકટમાં જ રજુ થશે. પરંતુ મુડદાંઓ માટે ફિકર અને ચિંતાની વાત એ છે કે કિયામત પછી જેને જે ઠેકાણું આપવામાં આવશે તે તેને બરઝખમાં બતાવવામાં આવશે. જો જન્નતી હશે તો જન્નતનું ઠેકાણું અને દોઝખી હશે તો દોઝખનું ઠેકાણું. જન્નતીને જન્નતનું ઠેકાણું બતાવવામાં આવશે તો તેની ખુશીનો પાર રહેશે નહીં અને દોઝખીને દોઝખનું ઠેકાણું બતાવવામાં આવશે તો તેની ચિંતાનો પાર રહેશે નહીં. જેને પ્રથમ દોઝખ પછી જન્નત આપવામાં આવશે તેને બંને ઠેકાણાં બતાવવામાં આવશે. શેખૈનએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી છે : નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ મરણ પામે છે તો તેનું મૂળ ઠેકાણું તેને સવાર સાંજ કિયામત સુધી બતાવવામાં આવશે જો જન્નતી હશે તો જન્નત અને

જો દોઝખી હશે તો દોઝખ.

ઈમામ કરતબીએ ઉપરોકત હદીષનો મતલબ એ બયાન કર્યો કે જન્નત તેને જ બતાવવામાં આવશે જેને તદ્દન અઝાબ થશે નહીં. અને જેને અઝાબ થશે તેને જન્નત અને દોઝખ બંને બતાવવામાં આવશે. એક સમયમાં હોય કે અલગ અલગ સમયમાં. (અઝાબવાળાને બંને ઠેકાણાં એટલા માટે બતાવવામાં આવે કે તેની ચિંતામાં વધારો થાય કે જો મેં સારા અમલ કર્યો હોત તો મને જન્નત આપવામાં આવતી જે અતિ ખૂબસૂરત અને નેઅમતોથી ભરચક છે પરંતુ ખરાબ અમલોને લઈને તે હાથમાંથી ગઈ અને હવે દોઝખનો અઝાબ વેઠવો પડશે. નેઅમત બતાવી તેનો એહસાસ થવા દેવો અને પછી ન આપી અઝાબ આપવો વધુ ચિંતા પેદા કરે છે એટલે અઝાબવાળાને બંને ઠેકાણાં બતાવવામાં આવશે.)

હન્નાદે ઝોહદમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, માણસ પર કબ્રમાં સવાર સાંજ તેનું ઠેકાણું પેશ થાય છે.

## ★ જન્નતીને પણ એક વખત દોઝખનું ઠેકાણું પેશ થશે ★

જન્નતની નેઅમતો એવી છે કે જ્યાં સુધી માણસનો ખ્યાલ પણ પહોંચી શકતો નથી બલ્કે તે જેટલું સારું વિચારે તેનાથી પણ સારી જન્નત છે જેને મળશે તે કામયાબ છે. પરંતુ જો એક નેઅમતની વધુ કદ્ર જાણવી હોય અને તેનાથી વધુ ખુશી પ્રાપ્ત કરવી હોય, તો તેની વિરોધાર્થી ચીજ બતાવવામાં આવે. અરબી ઉખાણું છે : تَتَبَیَّنُ الْاَشْیَاءُ بِاَضْدَادِھَا પોતાના વિરોધાર્થીથી ચીજો વધુ પ્રકાશિત થાય છે. જો જન્નતીના દિમાગમાં જન્નતની વધુ કદ્ર પેદા કરવી હોય તો એક ઝલક પણ બતાવવામાં આવે તો અલ્લાહ તઆલા તરફથી તેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. કબ્રના સવાલોની હદીષમાં શૈખનએ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી છે જેનો અંત એ છે કે :- મો'મિન જ્યારે સવાલોના જવાબ આપશે તો તેને કહેવામાં આવશે, તો પોતાનું દોઝખનું ઠેકાણું જો, અલ્લાહ તઆલાએ





એના બદલામાં તને જન્નત આપી. (જ્યારે માણસ દોઝખનો કષ્ટદાયક અઝાબ પોતાની આંખોથી જોઈ લે છે અને પછી પોતાના માટે જન્નતનો ફેંસલો સાંભળે છે તો તેના હર્ષોલ્લાસનો પાર રહેતો નથી અને તેને બમણી ખુશી પ્રાપ્ત થાય છે, અઝાબથી બચવાની અને જન્નત પામવાની. સારાંશ એ કે જન્નતીને દોઝખ બતાવ્યા બાદ જન્નત આપવામાં આવશે અને દોઝખીને જન્નત બતાવ્યા બાદ દોઝખનો અઝાબ આપવામાં આવશે.

## ★ ઠેકાણું સવાર સાંજ પેશ કરવાનો મકસદ ★

જન્નતી અને દોઝખી પર તેમનું ઠેકાણું સવાર સાંજ પેશ કરવાનો એક મકસદ છે તેમની યાદ તાજી રહે અને ભૂલાવી શકે નહીં. કારણ કે માણસની ફિતરતમાં એ વાત સામેલ છે કે જો કોઈ વસ્તુ વારંવાર જોયા કરે તો તેને ભૂલી શકતો નથી અને જો જમાનો વિતી જાય અને જોવા ન મળે તો ભૂલાવી બેસે છે એટલે દરરોજ સવાર સાંજ તેમને તેમનું ઠેકાણું બતાવામાં આવશે. બીજું એ કે કોઈ બીકની ચીજ નજરો સમક્ષ આવે તો થોડો સમય દિલ ધક ધક કરે છે અને માણસ વિમાસણમાં પડી જાય છે પરંતુ થોડા સમય પછી તેને આરામ મળી જાય છે અને તેની બીક ઓછી થવા લાગે છે. અને આમ જ માણસને ખુશી અને આનંદની કોઈ ચીજ બતાવવામાં આવે તો થોડા સમય પછી તે વાત દિમાગમાંથી નીકળી જાય છે, પરંતુ દોઝખીને વારંવાર તેનું દોઝખનું ઠેકાણું બતાવવામાં આવે તો તે વિચારે છે કે કબ્રમાં મને આટલો કષ્ટદાયક અઝાબ થઈ રહ્યો છે અને તેનાથી વધુ કષ્ટદાયક અઝાબનું ઠેકાણું તો બાકી છે તો તે વધુ વિમાસણમાં પડી જાય છે અને આમ તેને કોઈ પણ કાળે આરામ મળતો નથી અને વારંવાર નજરો સમક્ષ આવવાથી તે ભૂલાવી પણ શકતો નથી. જન્નતીને કબ્રમાં જ જન્નતની નેઅમતોની મજા ચખાડવામાં આવે છે અને તેને ખૂબ જ આરામથી રાખવામાં આવે છે અને પછી તેને જન્નત બતાવવામાં આવે છે તો તે વિચારે છે કે જ્યારે અહીં આટલો આરામ છે તો પછી જન્નતમાં કેટલો આરામ હશે ! તે વિચારમાં તેની ખુશી અને આનંદમાં વધારો થાય છે અને વારંવાર બતાવવામાં આવે તો તે ભૂલાવી શકતો નથી.

ઠેકાણું પેશ થવાની હદીષથી એ વાત જાણવા મળી કે રૂહનો બદન

સાથે એક ખાસ પ્રકારનો ગયબી સંબંધ હોય છે જેને લઈને તેને તકલીફ પણ થાય છે અને ખુશ પણ થાય છે. અને આ માત્ર મુસલમાન માટે નથી પરંતુ કાફિર પણ મર્યા બાદ ખત્મ નથી થઈ જતો, તેનો પ્રાણ બાકી રહે છે અને અઝાબની તકલીફ વેઠે છે.

## ★ જન્નતનું ઠેકાણું જોઈને ઘેર આવવાની તમન્ના ★

બયહકીમાં હઝરત જાબિર رضي الله عنه થી રિવાયત છે, મો'મિનને જ્યારે બતાવવામાં આવે છે કે અલ્લાહ તઆલાએ તારા માટે દોઝખની જગાએ જન્નત કરી આપી તો ખુશીથી કહે છે, મને રજા આપો ! જેથી હું મારા ઘરવાળાઓને બતાવી આવું ! પરંતુ ફરિશ્તાઓ તેને ત્યાં જ રહેવાનો હુકમ આપે છે.

ઉપરોકત હદીષથી જાણવા મળ્યું કે મુસલમાનને જ્યારે જન્નતની ખુશખબર સંભળાવવામાં આવે છે તો તે એટલો ખુશ થાય છે કે તેની ખુશીનો પાર રહેતો નથી અને તે એવું જ સમજે છે કે હું દુનિયામાં જ છું અને ઘરવાળાઓને ખબર કરવા માટે આવવાની રજા માંગે છે પરંતુ તે આલમે ગયબ છે તેને આવવાની રજા આપવામાં આવતી નથી અને ત્યાં જ આરામથી રહેવાનું કહેવામાં આવે છે. આ છે સામાન્ય મુસલમાનની હાલત. નબી, વલી અને શહીદની શાન અલગ છે તેમને આલમે બરઝખમાં ઘણો જ અધિકાર આપવામાં આવે છે તેનો ઉલ્લેખ તમારી ખિદમતમાં રજુ થશે. (ઈન્શાઅલ્લાહ !)

## ★ કબ્રમાં મુડદાને સવાલ ★

મુસલમાનોના બાળકોને પણ એ વાતની ખબર છે કે મુડદાને કબ્રમાં સવાલ કરવામાં આવે છે. મુસલમાન સવાલોનો જવાબ આપીને કામયાબ થાય છે અને કાફિર જવાબ આપી શકતો નથી અને તેને અઝાબે કબ્ર આપવામાં આવે છે. સવાલ થવો અને જવાબ આપવા પર નેઅમતથી નવાઝવો અને જવાબ ન આપવા પર કબ્રનો





અઝાબ આપવો એ વાતની દલીલ છે કે માણસની લાશ સાથે તેની રૂહનો ગયબી સંબંધ રહે છે. જો રૂહનો સંબંધ માનવામાં ન આવે તો પ્રશ્ન શી રીતે થઈ શકે છે, અને રૂહનો સંબંધ માનવામાં ન આવે તો કબ્રની રાહત અને કબ્રનો અઝાબ શી રીતે થઈ શકે છે ? કારણ કે રૂહ વિના બદન નિર્જીવ મખ્લૂક પથ્થર માફક છે. રૂહથી બદનને રાહત અથવા અઝાબનો એહસાસ થઈ શકે છે. હદીષ શરીફમાં છે :

اَلْقَبْرُ رَوْضَةٌ مِّنْ رِّيَاضِ الْجَنَّةِ اَوْ حُفْرَةٌ مِّنْ حُفَرِ النَّارِ

"કબ્ર જન્નતનો એક બાગ છે અથવા દોઝખનો એક ખાડો." બાગથી રાહત અને દોઝખના ખાડાથી અઝાબ ત્યારે જ થઈ શકે છે, જ્યારે રૂહનો સંબંધ બદન સાથે હોય. રૂહ ગમે ત્યાં રહેશે પરંતુ બદન સાથે તેનો સંબંધ રહેશે.

## ★ રિમોટ કંટ્રોલ અને સહેલી સમજ ★

નવી સાઈન્સ અને વિજ્ઞાન તરફથી જે શોધો થઈ રહી છે તેનાથી આખેરત અને આલમે ગયબથી સંબંધિત ચીજ વસ્તુઓનું સમજવું સહેલું થઈ ગયું છે. રૂહ બદનથી દૂર હોય તો પણ તેનો સંબંધ બદન સાથે હોય અને તેના થકી બદનને દરેક હાલતનો એહસાસ થતો હોય એ પૂર્વજો માટે સમજવું અશકય જેવું હતું. કારણ કે તે જમાનામાં સાઈન્સની આવી શોધો ન હતી કે વચમાં કોઈ પણ કનેકશન વગર સમગ્ર જગતમાં વાત થઈ શકે કોઈ પણ કનેકશન વગર સમગ્ર જગતના ફોટાઓ દેખાય, કોઈ પણ કનેક્શન વગર મશીનો ઓન અને ઓફ કરી શકાય જેને રિમોટ કંટ્રોલ સિસ્ટમ કહેવામાં આવે છે. મોબાઈલ ફોનનો સિસ્ટમ સેટેલાઈટથી ચાલે છે. ફોન અને સેટેલાઈટની વચમાં હજારો માઈલનું અંતર, વચમાં કોઈ વાયર કે બીજો લગાઉ નહીં તો પણ ફોન કરીએ તો ફોન લાગે ફોન આવે તો રિંગ વાગે. જ્યારે કે આ દુનિયાની શોધ છે જેને આપણે જોઈ રહ્યા છીએ અને ઉપયોગમાં લાવી રહ્યા છે, અક્કલનો દુશ્મન પણ તેનો ઈન્કાર કરી શકતો નથી. આ દાખલાઓથી એ સમજવું સહેલું થઈ ગયું કે રૂહ આલમે બરઝખમાં પોતાના અમલો પ્રમાણે ગમે ત્યાં હોય બંનેની

વચમાં ગમે તેટલું અંતર હોય તો પણ એકનો સંબંધ બીજા સાથે રહે છે. બદન પર જે કંઈ ગુજરે છે રૂહને તેનો એહસાસ થાય છે. અને રૂહની હાલતોથી બદનને પણ એહસાસ થાય છે. બદન માટે રૂહ સેટેલાઈટ છે વચમાં કોઈ પણ કનેક્શન વગર એક બીજામાં ગાઢ સંબંધ હોય છે.

મેં કહ્યું કે પૂર્વજો માટે સમજવું અશકય હતું એટલા માટે કે તેઓ ઈમાનથી દરેક વાત કબૂલ તો કરી લેતા હતા, અક્કલથી સમજમાં આવે કે ન આવે પરંતુ સાઈન્સની વિશાળતાથી આપણા માટે સમજવું પણ સહેલું થઈ ગયું, માનવાનો જ્યાં સુધી સંબંધ છે ત્યાં સુધી આપણે દીનને અક્કલની આગળ રાખીએ છે. પરંતુ દીનની માન્યતા અક્કલથી પણ સંબંધિત થાય તો ઈમાન વધુ મજબૂત થાય છે. જો આ જમાનામાં સાઈન્સના આવા દાખલા નજર સમક્ષ હોવા પછી રૂહના બદન સાથે સંબંધ બાબત વિવાદ કરવામાં આવે તો તે મહાન અભાગીનું કામ હોઈ શકે છે.

## ★ કબ્રમાં સવાલ માટે બે ફરિશ્તાઓની પધરામણી ★

કબ્રમાં જ્યારે મુડદાંને દફન કરવામાં આવે છે તો બે ફરિશ્તાઓ તેની પાસે સવાલ કરવા માટે આવે છે તેમાંથી એકનું નામ "મુન્કર" અને બીજાનું નામ "નકીર" છે. એમને મુન્કર નકીર એટલા માટે કહેવામાં આવે કે એમની શક્કલ સૂરત ઈન્સાન, જિન, ફરિશ્તા અને બીજી કોઈ મખ્લૂકથી મળતી આવતી નથી બલ્કે તેમનો આકાર જ વિચિત્ર પ્રકારનો છે એટલે તેમનું આ નામ રાખવામાં આવ્યું. અને અસ્હાબે શાફઈય્યાનું કહેવું એવું પણ છે કે મુસલમાન પાસે આવનાર ફરિશ્તાઓનું નામ મોબશ્શિર અને બશીર છે. શક્ય છે કે મુસલમાન પાસે જવાબ પર જન્નતની ખુશ ખબર સંભળાવે છે જેને લઈને તેમનાં આ નામ રાખવામાં આવ્યાં હોય.

## ★ બે જ ફરિશ્તા બધે શી રીતે પહોંચે છે ?! ★

દરેક જગાએ મુડદાને સવાલ કરવા માટે આ બે ફરિશ્તાઓ પહોંચે છે અને તેઓ સવાલ કરે છે. પરંતુ અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે





દુનિયામાં એક સમયે હજારો જગાએ મૌત થતાં હોય છે તો બધી જગાએ તેમની હાજરી શી રીતે થઈ શકે છે ? તો એનો જવાબ એ છે કે અલ્લાહ તઆલા તરફથી તેમને એ શકિત આપવામાં આવી છે અને દુનિયા તેમના માટે સંકોચી દેવામાં આવી છે તો તેના આધારે આખી દુનિયા દરેક સમયે તેમની સમક્ષ રહે છે. જેમ કે હદીષમાં મલકુલ મોત વિશે ઉલ્લેખ થયો છે. તો પછી તેઓ એક જ સમયે દરેક જગાએ રહી શકે છે. ઈમામ કરતબીએ એ જવાબ આપ્યો છે કે તેમનું બદન એટલું વિશાળ હશે કે તેમનો અવાજ બધે જ પહોંચશે અને દરેક મુડદું એવું સમજશે કે મને સંબોધવામાં આવ્યો છે અને જવાબ આપશે. પ્રથમ જવાબ વધુ ઉત્તમ છે કે તેમના માટે જમીન સંકોચી દેવામાં આવે છે, દૂર નજીક દુનિયાના આધારે છે તેમના માટે બધું જ એક સરખુ છે.

## ★ કબ્રમાં બાળકોને સવાલ થશે ? ★

આ એક પ્રશ્ન છે જે અહીં ઉપસ્થિત થાય છે કે નાના અને નાબાલિગ બાળકોને કબ્રમાં સવાલ થાય છે ? પરંતુ અક્કલથી નજીક એ જ છે કે જ્યારે નાના બાળકો પર શરઈ જવાબદારી નથી તો પછી તેમને પ્રશ્ન શા માટે કરવામાં આવે ? એટલા માટે વધુ પડતા આલિમોનું મંતવ્ય એ જ છે કે નાના બાળકોને કબ્રમાં સવાલ કરવામાં આવશે નહીં.

કિતાબુર્રૂહમાં હઝરત ઈબ્ને કય્યિમએ બાળકો વિશે હંબલીઓનો વિવાદ વર્ણન કર્યો છે. તેમનામાં આ બાબતે બે પાર્ટીઓ છે એકનું મંતવ્ય એ છે કે બાળકોને પણ સવાલ કરવામાં આવશે. તેમની દલીલ હદીષ શરીફ છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક બાળકની જનાઝાની નમાઝ પઢાવી અને ફર્માવ્યું, અય અલ્લાહ ! તું એને કબ્રના અઝાબથી બચાવજે. (બાળકને અઝાબે કબ્ર કયારે થઈ શકે છે જ્યારે કે તે સવાલોનો જવાબ ન આપી શકે.) જાણવા મળ્યું બાળકોને પણ કબ્રમાં સવાલ થશે. ઈમામ કરતબીએ પણ પોતાનું મંતવ્ય પ્રગટ કરતાં લખ્યું છે કે બાળકોની અક્કલ મુકમ્મલ કરી દેવામાં આવશે, જેથી તેઓ પોતાની નેક બખ્તીને ઓળખી શકે. અને તેમને સવાલોના જવાબો ઈલ્હામ (ગયબી ઈલ્મ)થી બતાવી દેવામાં આવે છે. (એટલે કે સવાલ તો થશે પરંતુ તેમને સવાલોનો જવાબ

શિખવી દેવામાં આવશે.) ઈબ્ને જરીરએ હઝરત જુબૈર رضی اللہ عنہ થી રિવાયત કરી છે. ઝહ્હાદ બિન મુઝાહિમનો છ મહીનાનો છોકરો ગુજરી ગયો આપે ફર્માવ્યું, જ્યારે મારા છોકરાને એની કબ્રમાં રાખો તો એના ચહેરાને ખોલી આપશો અને ગાંઠ પણ ખોલી નાખશો કારણ કે મારા છોકરાને બેસાડવામાં આવશે અને સવાલ કરવામાં આવશે. મેં પૂછયું, એને શું સવાલ થશે ? તો એમણે કહ્યું, આદમ علیہ السلام ની પીઠમાં જે વાયદો લેવામાં આવ્યો હતો.

બીજું મંતવ્ય એ છે કે બાળકોને કબ્રમાં સવાલ થશે નહીં, કારણ કે સવાલ તો એને થશે જે રસૂલ અને એમના મોકલવાવાળાને સમજતો હોય. એને પૂછવામાં આવશે, તે એમના હુકમનું પાલન કર્યું હતું કે નહીં. ઉપરોકત હદીષ જે બાળકના અઝાબે કબ્રથી બચવાની દુઆ વિશે હતી તેનાથી સાબિત કરવામાં આવ્યું હતું કે અઝાબે કબ્ર ત્યારે જ થઈ શકે છે જ્યારે તેને સવાલ કરવામાં આવે અને તે જવાબ ન આપી શકે. તો એનો જવાબ એ આપવામાં આવ્યો કે એનો મતલબ કબ્રનો અઝાબ પણ નથી અને સવાલ પણ નથી બલ્કે એ તકલીફ છે જે ચિંતા અફસોસ અને એકાંતવાસથી થાય છે અને આ તકલીફ બાળકોને પણ થાય છે કારણ કે તેઓ પોતાનાં માતા પિતાને છોડીને એકાંતવાસમાં આવે છે. હદીષમાં તેને અઝાબથી બયાન કરવામાં આવ્યું.

હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ નું મંતવ્ય પણ એ જ છે કે બાળકોને કબ્રમાં સવાલ કરવામાં આવશે નહીં. ઈમામ નસફીએ બહરુલ કલામમાં લખ્યું છે :– અંબિયા અને બાળકોનો હિસાબ કિતાબ થશે નહીં, અને મુન્કર નકીરનો સવાલ પણ થશે નહીં.

## ★ કાફિર અને મુસ્લિમના બાળકોનો હુકમ ★

બાળકો જ્યાં સુધી સમજદાર ન થાય ત્યાં સુધી તેઓ દીન અને ધર્મ શું છે તેને સમજી શકતા નથી. જ્યારે તેમનામાં સમજવાની શકિત જ નથી તો અલ્લાહ તઆલાનો હુકમ એ છે : "અલ્લાહ તઆલા કોઈ પણ જાનને તેની શકિતથી અધિક તકલીફ આપતો નથી." આ આયતને લક્ષમાં રાખીને એ જ ફેંસલો કરી શકાય છે કે બાળકોમાં ધર્મને સમજવાની શકિત





જ ન હતી અને તેમનું અવસાન થઈ ગયું તો તેમને મુસલમાન કહેવામાં આવે. મુસલમાનનું બાળક હોય તો મુસલમાન છે જ પણ કાફિર અને ગેરમુસ્લિમના બાળકોને પણ મુસલમાન કહેવામાં આવશે. હદીષ શરીફને લક્ષમાં રાખીને ફેંસલો કરવામાં આવે તો હદીષ શરીફમાં છે :–

كُلُّ مَوْلُوْدٍ يُوْلَدُ عَلَى الْفِطْرَةِ وَلٰكِنْ اَبَوَاهُ
يُهَوِّدَانِهٖ اَوْ يُنَصِّرَانِهٖ اَوْ يُمَجِّسَانِهٖ

"દરેક બાળક ફિતરતે ઈસ્લામી પર પેદા થાય છે પરંતુ તેના માં બાપ તેને (યહૂદી હોય તો) યહૂદી (ઈસાઈ હોય તો) ઈસાઈ (અગ્નિપૂજક હોય તો) અગ્નિપૂજક બનાવી દે છે." એટલે કે બાળકો પાસે ધાર્મિક નોલેજ નથી હોતું, અને ધર્મ શું છે તેની તેમને ખબર હોતી નથી. પરંતુ મા બાપની સંગતમાં રહીને તેઓ તેમના ધર્મને સ્વીકારી લે છે, નહીં તો બાળક ગમે તેનું હોય તે ઈસ્લામી ફિતરત પર પેદા થતું હોય છે. કારણ કે રૂહોથી અલ્લાહ તઆલાએ પોતાના રબ હોવાનો વાયદો લીધો હતો અને સર્વેએ એકમતીથી સ્વીકાર કર્યો. જો બાળક ધાર્મિક સમજદારી પ્રાપ્ત કરતાં પહેલાં અવસાન પામે તો તેમને આલમે અરવાહના સ્વીકાર પર જન્નત આપવામાં આવશે.

## ★ કાફિરોનાં બાળકો વિશે વિવાદ ★

કાફિરોનાં બાળકો વિશે હદીષમાં બંને પ્રકારનું બયાન છે, એકથી સાબિત થાય છે કે તેઓ મુસલમાનના હુકમમાં રહેશે અને બીજાથી એવું સાબિત થાય છે કે તેઓ મા બાપની સાથે દોઝખમાં જશે.

## ★ કાફિરોના બાળકો દોઝખી છે દલીલની રોશનીમાં ★

જેમણે કાફિરોના બાળકો વિશે દોઝખી હોવાનો ફેંસલો કરેલો છે તેમણે હદીષ શરીફને આધાર બનાવ્યો છે. મિશ્કાત શરીફમાં છે : ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہا એ પોતાનાં તે બે બાળકો

વિશે માલૂમ કર્યું જે પ્રથમ શોહરથી હતાં. તો આપે ફર્માવ્યું, જહન્નમ છે. ફર્માવ્યું, હુઝૂરથી જે ઔલાદ છે તે ? ફર્માવ્યું, જન્નતમાં. પછી ફર્માવ્યું, મો'મિનીન અને તેમની ઔલાદ જન્નતમાં છે, મુશ્રેકીન અને તેમની ઔલાદ દોઝખમાં છે. ત્યાર બાદ હુઝૂરે આ આયત તિલાવત ફર્માવી : وَالَّذِيْنَ اٰمَنُوْا وَاتَّبَعَتْهُمْ ذُرِّيَّتُهُمْ "ઈમાનવાળાઓની ઔલાદ એમની સાથે છે."

**(૨)** મિશ્કાત શરીફમાં હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે, ફર્માવે છે, મેં અર્ઝ કરી, અય અલ્લાહના રસૂલ ! મુસલમાનની ઔલાદ કયાં હશે ? ફર્માવ્યું, તેમના બાપદાદા સાથે. મેં અર્ઝ કરી, અમલ વિના ? (કારણ કે તેમનું અવસાન થઈ ગયું અને તેમને અમલ કરવાનો મોકો ન મળ્યો.) ફર્માવ્યું, અલ્લાહ અધિક જાણે છે તેઓ શું કરવાના હતા. પછી મેં પૂછયું, મુશ્રેકીનની ઔલાદ ? ફર્માવ્યું, પોતાના બાપદાદા સાથે. મેં પૂછયું, અમલ વિના ? ફર્માવ્યું, અલ્લાહ અધિક જાણે છે કે તેઓ શું કરવાનાં હતાં.

આ હદીષોથી જાણવા મળ્યું કે કાફિરોની ઔલાદ આખેરતમાં તેમના માતા પિતા સાથે રહેશે અને તેઓ કાફિર હોવાને લઈને દોઝખી છે, તો તેમની સાથે તેમનાં બાળકોને પણ દોઝખમાં નાખવામાં આવશે.

## ★ કાફિરોના બાળકો જન્નતી છે દલીલની રોશનીમાં ★

કાફિરોનાં બાળકો સમજદાર થતા પહેલાં અવસાન પામી જાય તો તેમને જન્નતમાં દાખલ કરવામાં આવશે તેની બે દલીલોનું વર્ણન થઈ ગયું છે, એક કુર્આનથી અને એક હદીષથી. ત્રીજી દલીલ હદીષ શરીફથી છે : બુખારી શરીફમાં હઝરત સમોરા બિન જુન્દૂબ رضی اللہ عنہ થી રિવાયત છે જેમાં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની સ્વપ્નવાળી હદીષ રિવાયત કરી છે, તેમાં દલીલનો ભાગ આ છે :- પછી અમે ચાલ્યા તો લીલા છમ બાગમાં પહોંચ્યા ત્યાં એક વિશાળ ઝાડના થડ પાસે એક બુઝુર્ગ અને બાળકો હતાં. (પૂછવા પર ફરિશ્તાઓએ જવાબ આપ્યો) ઝાડના થડ પાસે જે બુઝુર્ગ હતા તે ઈબ્રાહીમ علیہ السلام હતા અને તેમની પાસે લોકોનાં બાળકો





હતાં. હદીષમાં ઔલાદુન્નાસ આવ્યું છે અને નામ મુસલમાન કાફિર સર્વે માટે ઉપયોગ થતો શબ્દ છે. સ્પષ્ટ થયું કે કાફિરોનાં બાળકો પણ જન્નતી છે.

## ★ કાફિરોના બાળકો બાબતે ચૂપ રહેવું ઉત્તમ છે ★

કાફિરોના બાળકો બાબતે બે પાર્ટીઓની દલીલોનું વર્ણન થયું પરંતુ આ બાબતે એક ત્રીજો વચલાગાળાનો ફેંસલો એ છે કે હદીષોમાં બે પ્રકારની વાતો છે અને ત્રીજી વાત અલ્લાહ તઆલાની મરજી પર આધારિત રાખવામાં આવ્યું છે. જ્યારે વિવાદ વાળી હદીષોને તરજીહ નથી તો ઉત્તમ એ જ છે કે તેમની બાબતે ચૂપ રહેવામાં આવે, અલ્લાહ તઆલા પોતાની મરજી પ્રમાણે ફેંસલો ફર્માવશે. તેમની પાસે હદીષથી દલીલ મૌજૂદ છે. બુખારી શરીફમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે : આપે ફર્માવ્યું, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને મુશ્રિકોના બાળકો બાબત સવાલ કરવામાં આવ્યો તો આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ જ્યારે તેમને પેદા કર્યા તો અધિક જાણે છે કે તેઓ શું કરવાનાં હતાં.

## ★ શારેહે મુસ્લિમ ઈમામે નોવવીનું મંતવ્ય ★

શારેહે મુસ્લિમ શરીફ ઈમામે નોવવી رحمۃ اللہ علیہ ફર્માવે છે :- આધારભૂત આલિમોની એ વાત પર એકમતી છે કે મુસલમાનોનાં બાળકો જન્નતમાં જશે પરંતુ કાફિરોના બાળકો વિશે મોટો વિવાદ છે, તેમાં ત્રણ પ્રકારના મંતવ્યો છે. વધુ પડતા આલિમોનું મંતવ્ય એ છે કે તેઓ દોઝખમાં જશે. એક જમાઅતે આ બાબતે ચૂપ રહેવું પસંદ કર્યું છે અને સત્ય મંતવ્ય એ છે કે તેઓ જન્નતમાં જશે. મોહક્કિક લોકોનું આ જ મંતવ્ય છે.

## ★ કાફિરોના બાળકો વિશે અલગ અલગ મંતવ્યોનો ટૂંક સાર ★

(૧) અવસાન પામતાં નાબાલિગ બાળકો અલ્લાહ તઆલાની મરજી પર છે તેમની બાબત જે ઈચ્છે તે ફેંસલો કરે.

(૨) તેઓ તેમનાં માતા પિતા સાથે રહેશે, એટલે કે દોઝખમાં.

(૩) જન્નત અને દોઝખની વચમાં આરાફમાં રહેશે.

(૪) તેઓ જન્નતમાં જશે પરંતુ જન્નતીઓના ખાદિમ રહેશે.

(૫) તેઓને માટી બનાવી દેવામાં આવશે જેમ કે જાનવરો.

(૬) કિયામતના દિવસે તેમની પરીક્ષા લેવામાં આવશે તેમને દોઝખમાં જવાનો હુકમ થશે જે હુકમનું પાલન કરી જશે તેના માટે આગ સલામતી બની જશે અને જેઓ હુકમનો અનાદર કરશે તેને અઝાબ આપવામાં આવશે.

(૭) તેમની બાબતે ચૂપ રહેવું. આ અંતિમ મંતવ્ય પર હનફી આલિમો સંમત છે. અને વિરોધાભાસી દલીલોમાં એકને બીજાથી ઉત્તમ કહેવાનો કોઈ માર્ગ ન નીકળે તો તેમાં ચૂપ રહેવું જ ઉત્તમ છે.

## ★ મુન્કર નકીરના સવાલ શું હશે ? ★

દૈલમીએ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી છે, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મુન્કર નકીર કબ્રમાં દાખલ થઈને મુડદાંને બેસાડે છે જો તે મુસલમાન હોય તો તેને પૂછે છે, مَنْ رَبُّكَ "તારો રબ કોણ છે ?" જવાબ આપે છે, "અલ્લાહ" પછી પૂછે છે, مَا نَبِيُّكَ "તારો નબી કોણ છે ?" જવાબ આપે છે, "મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم." ફરી પૂછે છે, **મન ઈમામક** "તારો ઈમામ કોણ છે ?" જવાબ આપે છે, "કુર્આન" પછી તેની કબ્રમાં વિશાળતા પેદા કરે છે. પછી આ જ સવાલો કાફિરોને કરવામાં આવે છે પરંતુ તે દરેક સવાલના જવાબમાં لَا اَدْرِیْ કહે છે, (હું કશું નથી જાણતો.) પછી તેને એવો મારે છે જેનાથી (આગના) ભડકા નીકળીને કબ્રને ભડકાવી દે છે, અને કબ્રમાં તેના માટે એવી તંગી કરી દેવામાં આવે છે કે તેની પાંસળીઓ તૂટી જાય છે.

ઉપરોકત હદીષ શરીફથી એક તો એ જાણવા મળ્યું કે કબ્રમાં સવાલ કરવાના માટે બે ફરિશ્તાઓ આવે છે તેમાંથી એકનું નામ મુન્કર અને બીજાનું નામ નકીર છે. બીજું એ જાણવા મળ્યું કે તેમના તરફથી





ત્રણ સવાલ કરવામાં આવે છે. આ હદીષમાં છે કે કુર્આનનો સવાલ કરવામાં આવશે.

બયહકીમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે :– જયારે મુસલમાનના મોતનો સમય થાય છે તો એની પાસે ફરિશ્તાઓ આવે છે અને તેને સલામ કરીને જન્નતની ખુશ ખબરી આપે છે અને જયારે તે અવસાન પામે છે તો તેના જનાઝા સાથે ચાલે છે અને લોકો સાથે તેની જનાઝાની નમાઝ પઢે છે અને જયારે તેને કબ્રમાં દાખલ કરી દેવામાં આવે છે તો એને પૂછવામાં આવે છે, مَنْ رَبُّكَ "તારો રબ કોણ છે ? તે કહે છે, "અલ્લાહ" પછી પૂછે છે, રસૂલ કોણ છે ? કહે છે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم. પછી પૂછે છે તારી ગવાહી શું છે ? તો કહે છે :

اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ

અને આજ મકસદ છે આ આયતે કરીમાનો.

يُثَبِّتُ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا بِالْقَوْلِ الثَّابِتِ અલ્લાહ તઆલા ઈમાનવાળાઓને સાબિત વાત પર સાબિત રાખશે એટલે કે તેમને દુનિયાની ગવાહી ત્યાં યાદ રહેશે.

આ હદીષમાં ત્રીજો સવાલ ગવાહીનો છે જેનો મતલબ ઈમાન થાય છે જેનાથી અલ્લાહના એક હોવાની અને નબીના સત્ય હોવાની ગવાહી આપી પોતાને ઈસ્લામના વર્તુળમાં દાખલ કરવામાં આવે છે.

બયહકીએ અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત કરી છે : આપ ફર્માવે છે, હું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે એક જનાઝામાં ગયો તો આપે ફર્માવ્યું, આ ઉમ્મત પોતાની કબ્રમાં આઝમાવવામાં આવશે. જયારે માણસને દફન કરવાવાળા એને દફન કરીને પરત થાય છે તો મલકુલ મોત પોતાના હાથમાં એક હથોડો લઈને આવે છે અને એને બેસાડે છે અને પૂછે છે તું આ વ્યકિત બાબત શું કહે છે ? મો'મિન હશે તો કહેશે : اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ ફરિશ્તો સાંભળીને કહેશે, તેં સાચું કહ્યું.

આ હદીષમાં એક જ સવાલનો ઉલ્લેખ છે, અને સવાલ માટે

એક જ ફરિશ્તાનો ઉલ્લેખ છે.

જુબૈરે પોતાની તફસીરમાં ઝહ્હાકથી રિવાયત કરી અને તેમણે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالٰی عنہما થી રિવાયત કરી છે જેનો એક ભાગ છે :– નબીએ પાક صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે લોકો તેને દફન કરીને પરત થાય છે તો એની પાસે ત્રણ ફરિશ્તાઓ આવે છે, બે રહમતના અને એક અઝાબનો. પરંતુ તેના નેક અમલો તેની સાથે વિંટળાઈ જાય છે, નમાઝ પગો પાસે હોય છે, રોઝા છાતી પાસે હોય છે, ઝકાત જમણી બાજુ અને સદકો ડાબી બાજુ, નેકી અને ખુશ ખુલ્કી તેના સીનામાં, તો જે બાજુથી અઝાબનો ફરિશ્તો આવે છે તે બાજુનો અમલ તેને નસાડે છે, ત્યારે તે એટલો મોટો હથોડો લઈને ઊભો રહે છે કે જો સઘળા મિનાવાળાઓ મળીને તેને ઉઠાવાની કોશિશ કરે તો પણ ઉઠાવી ન શકે. પછી તે કહે છે, અય નેક બંદા ! તારી નમાઝ, રોઝા, ઝકાત અને સદકા તને વિંટળાઈ ન જાત તો હું તને આ હથોડો મારતો અને તે મારથી તારી કબ્ર આગથી ભરાઈ જતી, અય રહમતના ફરિશ્તાઓ ! આ તમારા માટે છે અને તમે એને લઈ જઈ શકો છો. પછી અઝાબનો ફરિશ્તો પાછો ચાલ્યો જાય છે અને તે ફરિશ્તાઓ એકબીજાને કહે છે કે અલ્લાહ તઆલાના વલી સાથે નરમીનો વર્તાવ કરો કારણ કે એ કષ્ટીથી પસાર થઈને આવ્યો છે. પછી પૂછે છે તારો રબ કોણ છે ? તે કહે છે, મારો રબ અલ્લાહ છે. પછી પૂછે છે તારો ધર્મ કયો છે ? તે કહે છે, ઈસ્લામ. ફરી સવાલ કરે છે, તારો નબી કોણ છે ? તે કહે છે, મુહમ્મદ صلی اللہ تعالٰی علیہ وسلم . પછી પૂછે છે તારો ઈલ્મ શું છે ? કહે છે, હું અલ્લાહની કિતાબ પર ઈમાન લાવ્યો અને તેનો સ્વીકાર કર્યો. આ પ્રશ્નો થોડા સખત અંદાજમાં કરે છે. અને મુસલમાન માટે આ કબ્રની પરીક્ષા છે. પછી આકાશથી અવાજ આવે છે, મારા બંદાએ સત્ય કહ્યું ! એના માટે જન્નતની પથારી પાંથરો, જન્નતના કપડાં પહેરાવો, જન્નતની ખુશ્બૂઓ લગાડો, નજરના અંત સુધી તેની કબ્રને વિશાળ કરો અને જન્નતનો એક દરવાજો પગો તરફ અને બીજો માથા તરફ ખોલી આપો. અને પછી ફરિશ્તાઓ કહે છે, દુલ્હન માફક સૂઈ જા ! તને કબ્રનો અઝાબ ચાખવાનો પણ નહીં મળે.

આ હદીષ શરીફથી જાણવા મળ્યું કે ચાર સવાલ કરવામાં આવશે





અને એ પણ જાણવા મળ્યું કે બે ફરિશ્તાઓ સાથે એક અઝાબનો ફરિશ્તો પણ આવશે. ઉપરોકત હદીષમાં એક ફરિશ્તો અને બે ફરિશ્તાનો ઉલ્લેખ છે તેની બાબત ઈમામ કરતબીએ જવાબ આપ્યો છે :

## ★ ઈમામ કરતબીનો જવાબ ★

ઈમામ કરતબીએ કહ્યું, અમુક રિવાયતોમાં બે ફરિશ્તાઓના સવાલ કરવાનો ઉલ્લેખ છે અને અમુકમાં એક જ ફરિશ્તાનો ઉલ્લેખ છે. બંને હદીષોમાં મિલાપ એ પ્રમાણે થઈ શકે છે જેને વધારે ગભરાવવાનો હોય છે તેની પાસે બે ફરિશ્તાઓ આવે છે અને બધાં લોકોને ચાલ્યા ગયા પછી જેથી તેને વધુ બીક લાગે. અમુકને દફન કરવાવાળા હશે તે જ વખતે સવાલ કરવામાં આવશે જેથી તેના માટે સહુલત રહે. અમુક પાસે એક જ ફરિશ્તો આવે છે જેથી વધારે સવાલ કરવામાં ન આવે અને એ પણ શકય છે કે બે ફરિશ્તાઓ આવે પરંતુ સવાલ તેમાંથી એક જ કરે. અને આ જ જવાબ વધુ ઉત્તમ છે કારણ કે વધુ પડતી હદીષોમાં બે ફરિશ્તાઓનો ઉલ્લેખ છે.

## ★ કબ્રમાં કઈ ભાષામાં સવાલ થશે ? ★

કબ્રમાં સવાલ થશે એ તો સ્પષ્ટ છે અને એમાં વિવાદ નથી પરંતુ કઈ ભાષામાં થશે એમાં વિવાદ છે. હદીષ શરીફમાં સવાલ અને એના જવાબનો ઉલ્લેખ અરબી ભાષામાં થયો છે તેનાથી એ જાણવા મળે છે કે અરબી ભાષામાં સવાલ થશે અને મય્યિત અરબી ભાષામાં જવાબ આપશે. અને મિર્કાત શર્હે મિર્કાતમાં મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ પણ એ જ લખ્યું છે કે સવાલ જવાબ અરબીમાં થશે. પરંતુ શૈખ ઈલ્મુદ્દીન બલકીનીના ફતાવામાં છે : કબ્રમાં મય્યિત મુન્કર નકીરના સવાલોનો જવાબ સુર્યાની ભાષામાં આપશે અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ એ પણ એ જ ફર્માવ્યું છે કે સુર્યાની ભાષામાં થશે. ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہ ફર્માવે છે, હદીષના જાહેર શબ્દથી એ જાણવા મળે છે કે અરબી ભાષામાં થશે પરંતુ એ પણ શકય છે કે દરેકથી તેની પોતાની ભાષામાં સવાલ જવાબ થાય. ઈમામ જલાલુદ્દીન સિયૂતી

رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, સુર્યાની ભાષા વિશે મને કોઈ સનદ (હદીષ) મળી નથી. પરંતુ તેમણે વધુ ઉલ્લેખ કર્યો નથી. એનો મતલબ એ જ છે કે શકય બીજી ભાષામાં પણ સવાલ થાય અને જવાબ આપવામાં આવે.

## ★ મરણ બાદ રૂહો કયાં રહે છે ? ★

એ તો ઉલ્લેખ થઈ ગયો કે મરણ બાદ રૂહ ફના નથી થતી બલ્કે અલ્લાહ તઆલાએ આપણને હમેશગી માટે પેદા ફર્માવ્યા છે હવે પછી આપણા માટે ફના નથી માત્ર જગાઓ અને આલમોની બદલી છે. પરંતુ અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે મરણ બાદ જયારે રૂહ બદનથી અલગ થઈ જાય છે ત્યારે તે કયાં રહે છે ? હદીષ શરીફમાં રૂહો માટે અલગ અલગ જગાનું વર્ણન થયું છે. ઈમાન અને અમલના આધારે રૂહોને ઈજ્જતની જગાએ રાખવામાં આવે. કુફ્ર અને બદ્અકીદગીથી રૂહોને બેઈજ્જતીની જગાએ રાખવામાં આવે છે. સારાશં એ કે રૂહો માટે કોઈ જગા નિયુકત નથી તેને અલગ અલગ જગાએ રાખવામાં આવે છે.

## ★ શહીદોની રૂહો કયાં રહેશે ? ★

શહીદ જેણે દીનનો કલ્મો બુલંદ કર્યો અને તેના માટે પોતાની અમૂલ્ય જાનની કુર્બાની આપી તેનો મુકામ અને મરતબો અલ્લાહની બારગાહમાં ઘણો જ ઊંચો છે, તેની રૂહને ઘણી જ ઈજ્જતની સાથે લઈ જવામાં આવે છે અને જન્નતના બાગોમાં ફરવાની ઈજાઝત પણ આપવામાં આવે છે. મુસ્લિમ શરીફમાં હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, શહીદોની રૂહો અલ્લાહ તઆલા પાસે લીલા રંગના પક્ષીઓના પોટોમાં જન્નતની નહેરોમાં જયાં ઈચ્છે છે હરેફરે છે પછી અર્શની નીચે લટકેલી ફાનસોમાં બસેરો કરે છે.

બયહકી શરીફમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તમારા દોસ્તો ઓહદની લડાઈમાં શહીદ થયા તો અલ્લાહ તઆલાએ તેમની રૂહોને ગ્રીન (લીલા) કલરના પક્ષીઓના પોટોમાં રાખી કે તેઓ જન્નતની નહેરો પર આવે અને ત્યાંના ફળ ખાય પછી તેઓ અર્શ નીચે લટકેલી ફાનસોમાં બસેરો કરે છે.





## ★ બાળકોની રૂહો કયાં રહેશે ? ★

બાળકો ગુનાહથી તદન પાક હોય છે કારણ કે જયાં સુધી શરઈ જવાબદારી તેમની ઉપર ન આવે તેમને ગુનેહગાર કહી શકતા નથી. તો પછી બાળકોની રૂહો પાક સાફ આવી હતી અને દુનિયામાં તેમને વધુ સમય રહેવાનો સમય ન મળ્યો એટલે પાક હાલતમાં જ આ દુનિયાથી આખેરતના સફરે ગઈ. અને સ્પષ્ટ છે કે પાક સાફ રૂહને ઈજ્જત સાથે લઈ જવામાં આવે છે અને ઈજ્જતની જગાએ રાખવામાં આવે છે. ઈબ્ને અબી હાતિમની રિવાયતમાં છે :– બાળકોની રૂહો જન્નતના પક્ષીઓના પોટોમાં હોય છે અને હેર ફેર છે. એટલે કે તેમને જન્નતમાં રાખવામાં આવશે. અને કાફિરોના બાળકો વિશે ઉલ્લેખ થઈ ગયો છે જો તેમના માટે જન્નતવાળા હોવાનું મંતવ્ય લક્ષમાં રાખવામાં આવે તો તેમનો પણ આ જ હુકમ છે.

## ★ પરહેઝગાર મુસલમાનોની રૂહો કયાં રહેશે ? ★

ઈબ્ને સઅદે રિવાયત કરી છે : બિશ્ર બિન બરાઅ رضی اللہ عنہ ની માતાએ રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને સવાલ કર્યો, મરણ પછી એક બીજાને ઓળખી શકશે ? આપે ફર્માવ્યું, નેક રૂહો જન્નતમાં લીલા રંગનાં પક્ષીઓના પોટોમાં રહે છે અને એ પક્ષીઓ જન્નતી ઝાડોની ડાળીઓ પર રહે છે તો જેમ પક્ષીઓ એક બીજાને ઓળખે છે એ જ પ્રમાણે આ રૂહો પણ એક બીજાને ઓળખે છે. (એટલે કે રૂહો પક્ષીઓના પોટોમાં રહી જન્નતમાં હરી ફરી શકશે અને એક બીજાને ઓળખી પણ શકશે.)

ઈબ્ને મુંદાએ ઉમ્મે કબ્શા બિન્તે મઅરૂરથી રિવાયત કરી છે : ફર્માવે છે, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને અમે સવાલ કર્યો, આ રૂહો કયાં જાય છે ? તો આપે એ પ્રમાણે બયાન કર્યું કે ઘરવાળાઓ રડવા લાગ્યા. આપે ફર્માવ્યું, ઈમાનવાળાઓની રૂહો જન્નતમાં લીલા રંગના પક્ષીઓના પોટોમાં રહી ખાતી પીતી રહે છે અને અર્શે ઈલાહીની નીચે લટકેલી ફાનસોમાં બસેરો કરે છે અને દુઆ કરે છે, અય અલ્લાહ ! અમારા ભાઈઓને અમારી સાથે મિલાપ કરાવી દે અને તેં જે વાયદો કર્યો છે તે

અતા ફર્માવ. અને કાફિરોની રૂહો દોઝખના પક્ષીઓના પોટોમાં દોઝખથી ખાતી પીતી રહે છે અને દોઝખની એક ઓરડીમાં બસેરો કરે છે અને કહે છે, અય અમારા રબ ! અમારા ભાઈઓને અમારાથી મિલાપ ન કરાવતો અને જે ચીજથી તેં અમને બીવડાવ્યા તે એમને ન આપતો.

અબૂનુઐમે રિવાયત કરી છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ઈમાનવાળાઓની રૂહો સાતમાં આકાશ પર છે અને પોતાનું જન્નતી ઠેકાણું જોતી રહે છે.

મરવઝીએ અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત કરી છે, ઈમાનવાળાઓની રૂહો જિબ્રઈલ પાસે છે અને એમને કહી દેવામાં આવે છે તમે કિયામત સુધી એમના જવાબદાર છે.

અબૂનુઐમે હુલ્યામાં વહબ બિન મુનબ્બહથી રિવાયત કરી છે સાતમા આકાશમાં એક ઘર છે જેનું નામ દારે બૈઝા છે તેમાં ઈમાનવાળાઓની રૂહો ભેગી થાય છે અને જ્યારે કોઈ નવી રૂહ આવે છે તો આ તેનું વેલકમ કરે છે અને તેનાથી દુનિયાવાળાઓની હાલત એ પ્રમાણે માલૂમ કરે છે જેમ દુનિયામાં મુસાફરથી કરવામાં આવે છે.

ઈબ્ને અબીદુન્યાએ હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે ઈમાનવાળાઓની રૂહો ઝમઝમના કૂવામાં રહે છે.

ઈબ્ને અબીદુન્યાએ વહબ બિન મુનબ્બહથી રિવાયત કરી છે કે ઈમાનવાળાઓની રૂહો એક ફરિશ્તાને સોંપી દેવામાં આવે છે, જેનું નામ રમયાઈલ છે અને તેઓ ઈમાનવાળાઓની રૂહોના ખજાનચી છે.

એમણે જ હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત કરી છે, ફર્માવે છે કે મને હદીષ પહોંચી છે, ઈમાનવાળાઓની રૂહો મુકત છે જ્યાં ઈચ્છે ત્યાં જાય છે.

ઈબ્ને મુબારકે ઝોહદમાં અને હકીમ તિર્મિઝીએ નવાદિરમાં સઈદ બિન મુસય્યિબથી અને એમણે હઝરત સલ્માન رضی اللہ عنہ થી રિવાયત કરી છે : ઈમાનવાળાઓની રૂહો જમીનના બરઝખમાં છે જ્યાં ઈચ્છે છે જાય છે અને કાફિરોની રૂહો સિજ્જીનમાં છે.

અકીલીએ ખાલિદ બિન મઅદાનથી અને એમણે હઝરત કઅબ થી





રિવાયત કરી છે : હઝરત ખઝિર ઉપર અને નીચેના સમુદ્રની વચમાં એક નૂરાની નહેર પર છે અને દરિયાઈ જાનવરોને હુકમ આપવામાં આવ્યો છે કે એમના હુકમનું પાલન કરે અને સવાર સાંજ તેમના પર રૂહો પેશ કરવામાં આવે છે.

હાકિમે મુસ્તદરકમાં રિવાયત કરી છે : કઅબ અહબારે એક કાસિદ હઝરત ઈબ્ને ઉમર  પાસે મોકલ્યો એવું પૂછવા માટે કે મુસલમાનોની રૂહો કયાં રહે છે ? અને મુશ્રિકોની રૂહો કયાં રહે છે ? ઈબ્ને ઉમરે ફર્માવ્યું, ઈમાનવાળાઓની રૂહો અરીહા (જગાનું નામ)માં રહે છે અને મુશ્રિકોની રૂહો સન્આમાં રહે છે. હઝરત કઅબએ તેમની વાત સ્વીકારી.

ઈબ્ને જરીરે પોતાની તફસીરમાં રિવાયત કરી છે : હઝરત સફવાને આમિર બિન અબ્દુલ્લાહથી યમનમાં માલૂમ કર્યું, શું ઈમાનવાળ ાઓની રૂહો કોઈ જગાએ ભેગી થાય છે ? તેમણે કહ્યું, જમીનમાં ભેગી થાય છે કારણ કે અલ્લાહ તઆલા ફર્માવે છે :

وَلَقَدْ كَتَبْنَا فِي الزَّبُورِ مِنْ بَعْدِ الذِّكْرِ أَنَّ
الْأَرْضَ يَرِثُهَا عِبَادِيَ الصَّالِحُونَ

''અમે ઝબૂરમાં (અમારા) ઝિક્ર પછી લખ્યું છે કે અમારી જમીનના વારસદાર અમારા નેક બંદાઓ છે.'' (આ આયતને લક્ષમાં રાખીને ફૈંસલો કર્યો કે) ઈમાનવાળાઓની રૂહો અહીં ભેગી રહેશે.)

ઈબ્ને અસાકિરે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી છે, કાફિરોની રૂહો બરહૂતમાં ભેગી થાય છે અને ઈમાનવાળાઓની રૂહો જાબિયામાં (ભેગી થાય છે.)

હઝરત જરીરે કિતાબુલ અદબમાં હઝરત મોગીરા બિન શોઅબા رضی اللہ عنہ થી રિવાયત કરી છે, હઝરત સલ્માનની હઝરત અબ્દુલ્લાહ બિન સલ્લામથી મુલાકત થઈ તો એમણે અબ્દુલ્લાહ બિન સલ્લામને કહ્યું, તમે પ્રથમ અવસાન પામો તો મને ખબર આપશો કે તમારી સાથે કેવો વર્તાવ થયો અને હું પ્રથમ મરીશ તો તમને ખબર આપીશ. એમણે કહ્યું, શું મરણ બાદ આપણે એક બીજાને ખબર આપી શકીએ છીએ ? એમણે

જવાબ આપ્યો, રૂહ બદનથી અલગ થયા બાદ જમીન અને આકાશની વચમાં રહે છે અને કિયામતના દિવસે પોતાના મૂળ બદનમાં પ્રવેશી જશે. જોગાનુજોગ હઝરત સલ્માનનું પ્રથમ અવસાન થયું તો અબ્દુલ્લાહ બિન સલ્લામે તેમને સ્વપ્નમાં જોયા. એમનાથી પૂછયું, ત્યાં તમે સૌથી ઉત્તમ કઈ ચીજનો બદલો હાંસલ કર્યો, તેમણે કહ્યું, તવક્કુલ (અલ્લાહ પર ભરોસા)નો.

ઈમામ બુખારીએ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી છે : જ્યારે હઝરત હારેષા શહીદ થયા તો તેમની માતાએ અર્ઝ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ علیہ وآلہ وسلم તમને ખબર છે કે મને હારેષા સાથે કેટલો પ્રેમ હતો. જો તેઓ જન્નતમાં હોય તો મને બતાવો હું સબ્ર કરું અને જો તેઓ ત્યાં ન હોય તો બતાવો હું શું કરું ? આપે ફર્માવ્યું, જન્નતના ઘણા વિભાગ છે અને તેઓ સૌથી ઉચ્ચ દરજાની જન્નતુલ ફિરદૌસમાં છે.

## ★ રિવાયતોમાં જગાઓનો તફાવત કેમ ? ★

ઉપરોકત રિવાયતોમાં રૂહો માટે અલગ અલગ જગાઓનો ઉલ્લેખ થયો છે તેનો જવાબ તદ્દન સ્પષ્ટ છે એટલા માટે કે દરેક ઈમાનવાળાનો મુકામ અને મરતબો એક જેવો નથી, તેમાં અમલના આધારે તફાવત થાય છે, તો દરેકને પોતાના મુકામો મરતબા પ્રમાણે આલમે બરઝખમાં રાખવામાં આવશે. જેમના અમલો વધુ સારા હશે તેમની રૂહોને જન્નતમાં રાખવામાં આવશે. જેમના અમલો તેમનાથી વધુ સારા હશે તેમની રૂહોને મુકત રાખવામાં આવશે કે પોતાની ઈચ્છા પ્રમાણે જ્યાં ઈચ્છે ત્યાં જઈ શકે, જેમ કે નબીઓ, વલીઓ અને શહીદોની રૂહો. અમુક આકાશમાં હશે, અમુક ઝમઝમના કૂવામાં હશે, અમુક આકાશ અને જમીનની વચમાં હશે, અમુક અર્શની ફાનસોમાં હશે.

## ★ કાફિરોની રૂહો કયાં રહેશે ? ★

ઉપરોકત રિવાયતોમાં મુસલમાનો સાથે કાફિરોની રૂહોના ઠેકાણા વિશે પણ ઉલ્લેખ થયો હતો પરંતુ હવે કાફિરોને લગતો ભાગ રજુ કરવામાં આવે છે જેથી વાંચકો માટે સહુલત રહે અને કોઈ આમ ન કહી શકે





કાફિરોની રૂહોના ઠેકાણા વિશે ઉલ્લેખ થયો નથી.

કાફિર જેની પાસે સાચુ ઈમાન નથી હોતું, એટલે કે તે તદ્દન ઈમાન ન રાખતો હોય જેમ કે ગેરમુસ્લિમો, ઈમાન રાખતો હોય પરંતુ તેની માન્યતામાં દીનની જરૂરી વાતોનો ઈન્કાર હોય, જાહેરમાં ઈમાનવાળો હોય પરંતુ દિલમાં ઈમાન ન રાખતો હોય, કાફિરમાં આ બધા જ લોકોનો સમાવેશ થાય છે.

કાફિરોમાં સૌથી નીચુ મુકામ મુનાફિકનું છે કારણ કે તે પોતાને મુસલમાન જાહેર કરે છે અને અંદરથી પાકો કાફિર હોય છે, એટલે કે એણે કુફ્રની સાથે લોકોને ધોખો આપ્યો તો કુફ્રનો વબાલ અને સાથે જૂઠુ બોલીને ધોખો આપવાનો વબાલ. એમના પછી મુશ્રિકોનું મુકામ છે અને ત્યાર બાદ જેવું કુફ્ર, પરંતુ એટલું તો સ્પષ્ટ છે કે કાફિરોને આલમે બરઝખમાં સતત અઝાબ આપવામાં આવશે અને તેમને કિયામત પછી સતત દોઝખનો અઝાબ આપવામાં આવશે. તેમને કયારે પણ અઝાબથી મુકિત આપવામાં આવશે નહીં.

## ★ કાફિરોને હમેશાં અઝાબ શા માટે ? ★

કાફિરોને મરણ બાદ અઝાબ ચાલુ થઈ જાય છે અને કિયામત પછી પણ સતત અઝાબ થતો રહેશે. પરંતુ અહીં એક સવાલ એ ઉપસ્થિત થાય છે કે જ્યારે તેમણે દુનિયામાં પોતાના જીવનની મુદ્દતભર કુફ્ર કર્યું, તો ન્યાય એ જ છે કે તેમને પોતાના ગુનાહની મુદ્દતભર અઝાબ આપવામાં આવવો જોઈએ પરંતુ હમેશાંનો અઝાબ શા માટે થશે ? તો એનો જવાબ એ છે કે અહીં કુફ્રની મુદ્દત પ્રમાણે અઝાબ નહીં પણ કુફ્રના બુરા હોવા પ્રમાણે અઝાબ થશે. ગુનાહોમાં સૌથી વધારે ખરાબ અને બુરો કુફ્ર છે અને સજાઓ અને અઝાબમાં સૌથી ખરાબ અને બુરી એ હમેશાંની સજા છે એટલે ન્યાય એ જ છે કે કાફિરોને હમેશાંનો અઝાબ આપવામાં આવે અને તેમના અઝાબમાં કોઈ કમી કરવામાં ન આવે. એટલે કાફિરોને કબ્રમાં (બરઝખમાં) કિયામત સુધી અઝાબ થશે. અને મેદાને કિયામતમાં પણ સતત અઝાબ ચાલુ રહેશે અને દોઝખમાં ગયા પછી તો હમેશાં હંમેશ તેમને અઝાબ થતો રહેશે.

## ★ રિવાયતોમાં કાફિરોને બરઝખનો અઝાબ ★

(૧) ઈબ્ને સઅદએ રિવાયત કરી છે કે કાફિરોની રૂહ સિજ્જીનમાં રહે છે.

(૨) તિબ્રાનીની રિવાયતમાં છે કે કાફિરોની રૂહો કેદ કરી લેવામાં આવે છે.

(૩) હન્નાદ બિન સરીએ રિવાયત કરી છે કે આલે ફિરઔનની રૂહો કાળા રંગના પક્ષીઓના પોટોમાં છે તેઓ આગ પર આવજા કરે છે.

(૪) ઈબ્ને મુંદાએ રિવાયત કરી છે કે કાફિરોની રૂહો કાળા રંગના પક્ષીઓનાં પોટોમાં દોઝખમાં ખાય પીએ છે અને દોઝખની એક ઓરડીમાં બસેરો કરે છે.

(૫) બયહકીએ દલાઈલુન્નબુવ્વતમાં રિવાયત કરી છે કે ખબીષ રૂહ અને ખબીષ નફ્સ છે એને સિજ્જીનમાં નાખી દો.

(૬) ઈબ્ને મુબારકે રિવાયત કરી છે કે કાફિરોની રૂહો સિજ્જીનમાં છે.

(૭) મરવઝીએ રિવાયત કરી છે કે કાફિરોની રૂહો બરહૂતમાં ભેગી થાય છે.

(૮) હાકિમે રિવાયત કરી છે કે મુશ્રિકોની રૂહો સનઆમાં રહે છે.

## ★ ઈલ્લિય્યિત અને સિજ્જીન શું છે ? ★

ઉપરોકત રિવાયતોથી એ સાબિત થયું કે મુસલમાનોની રૂહો ઈલ્લિય્યિનમાં રહે છે અને કાફિરોની રૂહો સિજ્જીનમાં રહે છે. આ બે જગાઓનાં નામો છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما એ હઝરત કઅબ رضي الله عنه થી ઉપરોકત બંને મુકામ બાબત માલૂમ કર્યું તો તેમણે કહ્યું, ઈલ્લિય્યિન સાતમા આકાશ પર છે તેમાં ઈમાનવાળાઓની રૂહો રહે છે અને સિજ્જીન સાતમી જમીન પર શૈતાનના મોં નીચે છે તેમાં કાફિરોની રૂહો રહે છે. દલીલોથી એ સાબિત થઈ ગયું છે કે જન્નત સાત આકાશ ઉપર છે અને દોઝખ સાત જમીન નીચે છે. તો જે હદીષોમાં ઈમાનવાળાઓની રૂહો વિશે જન્નતનો ઉલ્લેખ થયો ઈલ્લિયનમાં જન્નત પણ સામેલ છે. કાફિરોની રૂહો વિશે દોઝખનો ઉલ્લેખ થયો સિજ્જીનમાં દોઝખ પણ સામેલ છે.





## ★ રૂહો પક્ષીઓના પોટોમાં હોવાનો મતલબ શું છે ? ★

ઈમાનવાળાઓ અને શહીદોની રૂહો વિશે રિવાયતોમાં આવ્યું છે કે પક્ષીઓના પોટોમાં જન્નતમાં રહે છે જેને ઉલ્લેખ થઈ ગયો છે. પરંતુ અહીં એ સવાલ ઉપસ્થિત થાય છે કે પક્ષીઓમાં તેમની પોતાની રૂહ હોય છે અને મરણ પામનાર ઈમાનવાળાઓની રૂહો પણ તેમના પેટમાં રાખવામાં આવે છે તો એક પક્ષીમાં બે રૂહો થઈ અને આમ નથી થઈ શકતું તો પછી એ રિવાયતોને શી રીતે માન્ય રાખવામાં આવે ? આ સવાલનો જવાબ એ છે કે પક્ષીઓમાં તેમની પોતાની રૂહો હોય છે જેનાથી તેમની હયાત અને જિંદગી છે અને જન્નતીઓની રૂહો તેમનામાં રાખવામાં આવશે તે એટલા માટે કે રૂહો તેમની સાથે જન્નતમાં હરી ફરી શકે અને નેઅમતોનો ટેસ્ટ લઈ શકે, ખરાબી તો ત્યારે પેદા થઈ શકે છે જ્યારે બે રૂહથી એક શરીરની હયાત માનવામાં આવે. અને અહીં આ પ્રમાણે માન્યતા રાખવામાં આવતી નથી. એનો દાખલો એ છે કે માતાના પેટમાં જ્યારે બાળક હોય છે તો માતામાં તે સમયે બે રૂહો હોય છે એક તેની પોતાની અને એક તેના પેટના બાળકની, એકથી માની હયાત છે અને બીજાથી બાળકની હયાત છે. કયારેક એવું પણ થાય છે કે પેટનું બાળક પેટમાં જ મરી જાય છે અને તેને કિર્યટનથી મીસ કરી દેવામાં આવે છે, અને કયારેક મા મરી જાય છે અને બાળક જીવંત પેદા થઈ જાય છે. પક્ષીઓના પોટોમાં રૂહોને આ દાખલા પ્રમાણે રાખવામાં આવશે અને તેમાં કોઈ ખરાબી નથી.

## ★ રૂહો મોટામાં હોય તો જેલ જેવું કહેવાય ★

અહીં એક સવાલ એ પણ ઉપસ્થિત થાય છે કે રૂહોને પક્ષીઓના પોટામાં રાખવામાં આવેશે તો એ તો જેલ માફક કહેવાય તો પછી જન્નતી રૂહોને મુકિત અને આઝાદી આપવામાં આવે છે તેનો મતલબ શું ? એક જવાબ તો એ છે કે પોટામાં નહીં પોટાની ઉપર રાખવામાં આવે છે તો પછી તેના માટે આઝાદી અને મુકિત રહી, બીજો જવાબ એ છે કે અલ્લાહ

તઆલા પોતાની કુદરતથી તેને રૂહો માટે વિશાળ બનાવી દે જેમ કે કબ્ર એક તંગ ખાડો જ હોય છે પરંતુ સારાં કામો કરવાવાળા ઈમાનવાળા માટે તેની નિગાહ પહોંચે ત્યાં સુધી વિશાળ બનાવી દેવામાં આવે છે, તો રૂહ માટે પણ જન્નતી પક્ષીઓના પોટા વિશાળ બનાવી દેવામાં આવે. જે અલ્લાહ તઆલાને કામિલ કુદરતવાળો સમજે તેના માટે આને સમજવું અશકય નથી.

## ★ શું આને તનાસુખ (પુનર્જન્મ) ન કહેવાય ? ★

ગેરમુસ્લિમોમાં તનાસુખ (પુનર્જન્મ)ની માન્યતા એવી છે કે માણસની રૂહ અમલોના આધારે આ દુનિયાના બદનોમાં પરત કરવામાં આવે છે. સારા અમલવાળાને સારા બદનમાં અને ખરાબ અમલવાળાને ખરાબ બદનમાં. કૂતરા, બકરામાં તેઓ માણસોની જ રૂહો માનતા હોય છે અને તેઓ બદનનું જીવંત હોવું તે જ રૂહથી માને છે. અને ઈસ્લામમાં જન્નતી રૂહોને જન્નતના પક્ષીઓમાં રાખવામાં આવશે જે દારુલ અમલ નથી દારુલ જઝા છે, આ એક તફાવત. બીજું એ કે પક્ષીઓ પોતાની રૂહોથી જીવંત છે અને બીજી રૂહોને માત્ર તેમની સાથે કરવામાં આવે છે આ રૂહોથી તેમની હયાત નથી. ત્રીજુ એ કેરૂહને જ પક્ષીના રૂપમાં કરી દેવામાં આવશે અને આમ એટલા માટે થશે કે જન્નત અને દોઝખમાં માણસને પોતાના બદન સાથે કિયામત પછી દાખલ કરવામાં આવશે અને ત્યાર પહેલાં માત્ર રૂહને જન્નત અથવા દોઝખમાં પેશ થશે. એટલે જન્નતી પક્ષીઓની સાથે કરી દેવામાં આવશે અને કિયામતના વખતે જ્યારે બીજી વખત સૂર ફૂંકાશે તે રૂહોને તેમના પોતાના આ દુનિયાવાળા બદનમાં કરી દેવામાં આવશે. કાફિરોની રૂહો પણ દોઝખી પક્ષીઓના પોટોમાં દોઝખ પર પેશ થાય છે. કાફિરો તનાસુખ (પુનર્જન્મ) દારુલ અમલમાં માને છે અને હદીષમાં દારુલ જઝાનો ઉલ્લેખ છે.

## ★ રૂહો ઈલ્લિય્યિનમાં હોય તો કબ્ર પર આવનારને શી રીતે ઓળખી શકે છે ? ★

ઉપરોકત રિવાયતોથી એ વાત સાબિત થઈ ગઈ છે કે મરણ બાદ જ્યારે રૂહોને બદનથી અલગ કરી લેવામાં આવે છે તો તેમને અમલના





આધારે અલગ અલગ જગાએ રાખવામાં આવે છે. અને એ પણ ઉલ્લેખ થયો કે ઈમાનવાળાઓની રૂહો અર્શ પર અને જન્નતમાં હરે ફરે છે અમુકની રૂહોને ઝમઝમના કૂવામાં રાખવામાં આવે છે તો પછી તેઓ કબ્ર પર આવનારને શી રીતે ઓળખી શકે અને તેમની સલામનો જવાબ કેમ કરી આપી શકે ? કારણ કે વિના બદનમાં આપમેળે કોઈ તાકત અને શકિત નથી હોતી બલ્કે બદન પથ્થર માફક છે એટલે એ તો કબૂલવું જ પડશે કે રૂહનો બદન સાથે સંબંધ હોય તો જ તે ઓળખી શકે અને સલામનો જવાબ આપી શકે. તો આનો જવાબ એ છે કે રૂહો આલમે બરઝખમાં ઉપરોકત રિવાયતો મુજબ અલગ અલગ જગા પર રાખવામાં આવે છે પરંતુ રૂહમાં એવી શકિત રાખવામાં આવી છે કે તે એક સેકન્ડમાં આકાશથી જમીન પર આવીને પોતાના બદનથી મળી જાય છે. એના દાખલા માટે સૂવાવાળાની રૂહ તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. કારણ કે સૂવામાં ઈન્સાનની રૂહ સાતેવ આકાશથી પાર થઈ અર્શે ઈલાહીના નીચે સિજદો કરે છે, જેની રિવાયત નકલ થઈ ગઈ છે અને થોડી જ વારમાં પરત આવી જાય છે. માણસને જગાડવામાં આવે તો એક સેકન્ડમાં જાગી જાય છે. તો આ જ પ્રમાણે રૂહનો બદન સાથે સંબંધ રહે છે કે પોતાના રહેવાની જગાથી સેકન્ડમાં પોતાના બદનથી મળી જાય છે. અને બદન પર ગુજરતી દરેક ચીજનો તેને એહસાસ થાય છે. જેમ કે દુનિયામાં ફરિશ્તાઓની તાકત અને શકિત છે તેમને એક જગાએથી બીજી જગાએ જવામાં સમય લાગતો નથી. મોહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે, "રૂહરા કુર્બો બોઅદ મકાને યકસાનસ્ત" રૂહ માટે દૂર અને નજીક જગાઓ એક જેવી છે. કારણ કે તેને એક જગાએથી બીજી જગાએ જવામાં સમય લાગતો નથી એટલા માટે તેને બરઝખમાં કોઈ પણ જગાએ રાખવામાં આવે પરંતુ તેને પોતાની કબ્ર પર આવનારની ખબર થાય છે અને કબ્રની ઈજ્જત કરવામાં આવી કે બેઈજ્જતી તેનું પણ ઈલ્મ થાય છે, આવનાર વ્યકિત તેનો દોસ્ત અથવા સગા સંબંધી હોય તો તેને જોઈને ખુશ પણ થાય છે અને આ સઘળી વાતો પર હદીષ પાકથી દલીલ મૌજૂદ છે. અમુકનો ઉલ્લેખ થઈ ગયો અને અમુકનો ઉલ્લેખ થશે. જો રૂહ માટે આ પ્રમાણેની શકિત માનવામાં ન આવે તો સેંકડો હદીષોનો ઈન્કાર થઈ શકે છે એટલે દરેકે આ વાતનું યકીન કરવું જ પડશે. અને જ્યારે સામાન્ય રૂહોનો આ

હાલ છે તો પછી પાક અને મુકદસ રૂહો બાબતે તમારે શું કહેવું છે ? જેમ કે વલીઓ, નબીઓ, શહીદો વગેરે જેમને અલ્લાહ તઆલા તરફથી એક ખાસ પ્રકારનો અધિકાર આપવામાં આવે છે અને તેમની રૂહોને આઝાદી પણ હોય છે તેઓ જ્યાં જવા ઈચ્છે ત્યાં જઈ શકે છે પછી તેમની રૂહોને મદદ માટે બોલવામાં આવે તો ઈન્કાર શી રીતે કરી શકાય છે ?! કારણ કે આલમે બરઝખની વિશાળતા સમક્ષ દુનિયાની વિશાળતા માત્ર માતાના પેટમાં બાળકની થેલી માફક છે. પછી રૂહ માટે દુનિયાની વિશાળતા હથેળી માફક પણ થઈ શકે છે અને આ હાલત તો સામાન્ય રૂહો માટે છે મુકદસ રૂહો તો શકિતમાં તેમનાથી સેંકડો ઘણી આગળ હોય છે પછી તેમના માટે ઈન્કાર શી રીતે થઈ શકે છે ?!

## ★ રૂહની શકિતનો ઈન્કાર સેંકડો હદીષોનો ઈન્કાર છે ★

જ્યારે તમે એ જાણી લીધું કે રૂહ ઈલ્લિય્યિનમાં હોય જે સાતમા આકાશ ઉપર છે તો પણ કબ્રથી પસાર થનારને તે જોઈ શકે છે, સલામ કરનારની સલામનો અવાજ કરોડો માઈલ દૂર રહીને સાંભળી શકે છે, તેમને જવાબ પણ આપી શકે છે, પછી નબીઓ અને વલીઓ માટે ઈન્કાર ઘણી જ નાદાની અને નાસમજીની વાત કહેવાશે. હદીષોની રોશનીમાં જ્યારે સામાન્ય લોકો માટે ઈન્કાર નથી થઈ શકતો તો પછી મુકદસ રૂહો માટે તેનો ઈન્કાર બેવકૂફી નથી ? જો દરેક ફિર્કાના આલિમોએ હદીષોને સમજીને ફેંસલો કર્યો હોત તો પબ્લિકમાં આજે જે વિવાદ જોવા મળે છે તે શકય છે કે જોવા ન મળતો. પરંતુ એવા આલિમોનું બુરું થાય જેમણે કોમી એકતાનો પોતાની જહાલતથી નાશ કર્યો અને મુસલમાનને મુસલમાનના દુશ્મન બનાવી દીધા. અલ્લાહ તઆલાની રહમત થાય એવા આલિમો પર જેમણે કુફ્ર અને બદ્અકીદગીની ચાલતી આંધી અને તોફાનમાં પોતાની જાનની બાજી લગાડીને સત્ય દીનનો ઝંડો ઊંચો રાખ્યો.

## ★ વહાબીઓ પર અફસોસ ! ★

વહાબી અને નજદી કહેવાતો ફિર્કો એવો નાપાક અને ગલીઝ ફિર્કો





છે કે અલ્લાહ તઆલા દુશ્મનને પણ તેમનાથી દૂર રાખે. તેમના નાપાક અકીદાઓમાં મૂર્તિઓ અને વલીઓ એક જેવા છે ! બૂતો અને નબીઓમાં કોઈ ફરક નથી ! શું આનાથી વધીને પણ કોઈ જહાલત થઈ શકે છે ? હોય તો મને બતાવો ? રૂહના અધિકાર અને બદનના અધિકારમાં ઘણો તફાવત છે. બૂતો અને મૂર્તિઓ તો નિર્જીવ છે, જ્યારે કે નબીઓ વલીઓ શહીદો વગેરે સજીવ છે. શું સજીવ અને નિર્જીવમાં ફરક નથી ?! નબીઓ, વલીઓ, શહીદો માણસ છે ઈન્સાન છે અને મૂર્તિઓ પથ્થર છે, શું માણસ અને પથ્થરમાં તફાવત નથી ? પછી બૂતો અને મૂર્તિઓની આયતો એમના માટે પેશ કરવી અંતિમ કક્ષાની જહાલત નથી ? મને સમજમાં નથી આવતું કે જ્યારે તેમની પાસે સમજવાની શકિત નથી તો પછી શાની મગજમારી કરે છે અને પોતાની સાથે લોકોની આખેરત ખરાબ કરે છે. ભલા જે ચીજ એક સામાન્ય માણસ માટે માની શકાય તે નબી, વલીઓ અને શહીદો માટે તેનો ઈન્કાર શી રીતે થઈ શકે ? અલ્લાહ તઆલા લોકોને તેમનાથી દૂર રાખે અને ઈમાનની હિફાઝત ફર્માવે.

## ★ રિવાયતોનો ટૂંકસાર ★

ઉપરોકત રિવાયતોમાં તમને એ વાત જાણવા મળી હશે કે મરણ બાદ રૂહોને અમલ પ્રમાણે બરઝખમાં ઠેકાણું આપવામાં આવે છે. અને એ પણ સ્પષ્ટ થયું કે દરેક માટે એક જ ઠેકાણું નથી તેમાં તફાવત હોય છે. એટલે બધી રિવાયતો પોતાની જગાએ બરાબર છે તેમાં કોઈ વિવાદ જેવું નથી. શહીદો બાબતે પણ રિવાયતો ઘણી છે અને તેમાં થોડો થોડો તફાવત છે તે પણ એટલા માટે જ કે શહીદો બે પ્રકારના છે. **શહીદે હકીકી** જેઓ જેહાદમાં શહીદ થયા બીજા **શહીદે હુકમી** જેમને શહીદનો મરતબો આપવામાં આવે છે. આના આધારે બરઝખમાં તેમના મુકામો મરતબામાં તફાવત જોવા મળે છે. સાહિબે ઈફસાહએ નેક લોકોના બરઝખી ઠેકાણાઓનો એવો સરસ ટૂંકસાર રજુ કર્યો છે જેનાથી નેક લોકોની રૂહોના ઠેકાણા વિશે આવેલી વિવાદાસ્પક રિવાયતોનો જવાબ પણ બની જાય છે. તેમણે લખ્યું છે :– નેઅમતવાળી રૂહો અલગ અલગ હાલતોમાં છે અમુક જન્નતમાં પક્ષીઓ છે, અમુક લીલા રંગના પક્ષીઓના પોટોમાં છે, અમુક

અર્શની નીચે ફાનસોમાં છે, અમુક સફેદ પક્ષીઓના પોટોમાં છે, અમુક ચકલીઓના પોટોમાં છે, અમુક પ્રકાશિત જન્નતી શક્કલોવાળા વ્યક્તિઓમાં છે, અને અમુક પોતાના નેક અમલોની શક્કલોમાં છે, અમુક પોતાના બદનોમાં આવજા કરે છે, અમુક મુડદાંઓની રૂહોથી મુલાકાત કરે છે, અમુક હઝરત મીકાઈલ عليه السلام ની ચોકયાતીમાં છે. અમુક હઝરત ઈબ્રાહીમ عليه السلام ના પાલણ પોષણમાં છે. વિવાદાસ્પદ રિવાયતોની આ પ્રમાણે વહેંચણી કરીને સાહિબે ઈફસાહએ જવાબ બનાવ્યો.

કરતબીએ કહ્યું છે કે સાહિબે ઈફસાહની વાત ઘણી સારી છે તેનાથી વિવાદ રહી જતો નથી.

## ★ ઈમામ નસફીનો ઉલ્લેખ ★

ઈમામ નસફીએ રૂહોના બરઝખી ઠેકાણાઓને લક્ષમાં રાખીને રૂહોના ચાર પ્રકારનું વર્ણન કર્યું છે : (૧) નબીઓની રૂહો તેમના બદનોમાંથી નીકળીને તેમના જ બદનો માફક બની જાય છે, અને જન્નતમાં જઈને ખાય પીએ છે અને રાત્રે અર્શની નીચે લટકેલી ફાનસોમાં આરામ કરે છે. (૨) નેક ઈમાનવાળાઓની રૂહો જન્નતના આંગણમાં રહે છે પરંતુ ખાતી પીતી નથી. જન્નતમાં જોઈ શકે છે. (૩) નાફર્માન ઈમાનવાળાઓની રૂહો જમીન અને આકાશની વચમાં હવામાં અધ્ધર રહે છે. (૪) કાફિરોની રૂહો સિજ્જીનમાં રહે છે તેમને સાતમી જમીનની નીચે કાળા રંગના પક્ષીઓના પોટોમાં રાખી દેવામાં આવે છે.

## ★ દેવું ચુકાવવું જરૂરી છે ★

દેવું ચૂકાવવું જરૂરી છે કારણ કે તે બંદાના હક્કથી છે. જ્યારે એક માણસ આપણી ઉપર ભરોસો કરીને આપણી જરૂરતના સમયે કામ લાગે અને આપણુ કામ કાઢવા કર્ઝ પેટે કોઈ રકમ આપે તો તેને સમયસર આપવાની કોશિશ કરવી જોઈએ. કર્ઝ જ્યાં સુધી લેવાની વાત છે તો નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلى الله عليه وسلم પણ જરૂરતના સમયે કર્ઝ લેતા અને સમયસર અદા કરી દેતા. અને સહાબાએ કિરામ પણ જરૂરતના સમયે





કર્ઝ લેતા હતા, તો પછી આપણને જરૂરત પેશ આવે તો કર્ઝ લઈ શકાય છે, પરંતુ અદા કરવાની નિય્યતે અને સમયસર અદા કરી જ દેવું જોઈએ.

અમુક લોકો આદતના ખરાબ હોય છે તેમનામાં ખુદાનો ખૌફ નથી હોતો, તેમની નિય્યત જ લોકોના ખોટા કરવાની હોય છે તેઓ પોતાના હક્કમાં ઘણા જ નીડર હોય છે તેમને પોતાની આખેરતની તદ્દન ફિકર હોતી નથી. તેમની તો માત્ર એક જ તમન્ના હોય છે ગમે તેમ કરીને દુનિયાની દોલત પ્રાપ્ત કરો ! તેવા લોકો કર્ઝ લે છે પરંતુ તેમની પાસે હોવા છતાં અદા કરવાની કોશિશ નથી કરતા બલ્કે કર્ઝ આપનાર પર તે પોતે એહસાન કરતા હોય તેવો તો વર્તાવ કરે છે. કર્ઝ આપનારના પગ ઘસાય જાય તો પણ તેમને રહેમ આવતી નથી.

## ★ અંતે તો આપવાનું જ છે ★

કર્ઝ લઈને બદમાશી કરી ન આપનાર એવું સમજે છે કે હું તો ઘણો બહાદુર છું ન આપું એટલે ન જ આપું ! મારી પાસેથી લઈ શું શકે ! પરંતુ તે એ વિચાર નથી કરતો કે બહાદુર તો તેને કહેવાય જે પોતાના નફસ પર કંટ્રોલ રાખે, નફસને પોતાની ઉપર ગાલિબ ન થવા દે, જો નફસ ગાલિબ આવી જાય તો તે બહાદૂર નથી બાયલો છે. જો તેની પાસે હિંમત હોય તો નફસ સામે હારવો ન જોઈએ. નફસ લુચ્ચો અને લાલચુ છે બીજાનું પચાવી ખાવા માંગે છે અને પોતાનું પકડી રાખવા ઈચ્છે છે. જો કોઈનો માલ પચાવી લે તો મનોમન એટલો ખુશ થાય છે કે તેની ખુશીનો પાર રહેતો નથી. પણ તેને એટલી ખબર નથી કે કિયામતના દિવસે જ્યારે તે માલ પચાવી લેવા બાબતે મને સવાલ કરવામાં આવશે તો હું શું જવાબ આપીશ ? કર્ઝ આપનાર માફ નહીં કરે અને તે રબથી પોતાના હક્કનો સવાલ કરશે તો રબ મારી નેકીઓથી તેનો હક્ક આપશે અને મારી નેકીઓ નહીં રહે તો તેના ગુનાહ મારે માથે લેવા પડશે.

## ★ કર્ઝ અદા ન કરનાર નુકસાનમાં ★

કર્ઝ અદા ન કરનાર એવું સમજે છે કે હું ફાયદામાં છું, પરંતુ એવું નથી તે દુનિયા તથા આખેરત બંને જગાએ નુકસાનમાં છે. દુનિયામાં

નુકસાન એ કે બીજી વખત જરૂરત પડે તો તેને કર્ઝ મળશે નહીં. લોકોમાં મશહૂર થયા બાદ કોઈ પણ તેની ઉપર ટ્રસ્ટ કરશે નહીં. લોકોમાં તેની ઈજ્જત રહેશે નહીં. આ છે કર્ઝ અદા ન કરવાથી દુનિયાનું નુકસાન. આખેરતનું નુકસાન એ છે કે દુનિયામાં કર્ઝ આપી દીધું હોત તો દુનિયાના નાશવંત માલથી બદલો થઈ જતો પણ તેણે મહાન ભૂલ એ કરી કે નાશવંત માલ બચાવીને રાખ્યો અને હમેશાંના જગતમાં કામ આપનાર નેકીઓને આપી બદલો ચૂકવશે. જ્યાં એક નેકી પણ કિંમતી નિવડશે ત્યાં નેકીઓથી બદલો આપી પલ્લુ હલકુ કરશે. શકય છે કે નેકીઓથી કર્ઝ અદા કર્યા બાદ તેનું ગુનાહનું પલ્લુ વજની અને નેકીનુ પલ્લુ હલકુ થઈ જાય અને તેના માટે દોઝખનો ફેંસલો કરી દેવામાં આવે. સારાંશ એ કે આપવાનું તો છે જ, અહીં નહીં તો આખેરતમાં તો પછી અહીં આપીને દુનિયા અને આખેરતની રુસ્વાઈથી બચવું જોઈએ.

## ★ બેન્ક્રપ્ટ (નાદારી જાહેર કરવી) પણ આમાં સામેલ ★

અહીં યુ.કે.નો કાયદો એવો છે કે માણસ પાસે કોઈ ગમે તેટલું માગતુ હોય પરંતુ જો તે પોતાની માલ મિલ્કત બીજાના નામ પર કરી આપે અને પોતાના નામે કશું જ રહેવા ન દે અને પછી બેન્ક્રપ્ટનું એલાન કરે તો તેની પાસેથી કોઈને કશું મળતું નથી અને કોઈ તેને કશું કરી પણ શકતું નથી. કારણ કે જ્યારે તેની પાસે કશું જ નથી તો તે આપશે શું ? અસલ વાત એ છે કે તેની પાસે બધું જ હોય છે પરંતુ આ એક પ્રકારની બદમાશી અને માલ પચાવી લેવાની સ્કીમ છે.આમ કરનાર જ્યારે હાથ ઊંચા કરી દે છે અને લોકોને નુકસાનમાં નાખે છે અને માલદાર બની જાય તો અભિમાનથી ચાલે છે પણ એ નથી વિચારતો કે હું અભિમાન શી રીતે કરું ? મારી પાસે જે કંઈ છે તે તો બીજાનું પચાવેલું છે. શું આને ચોરી અને સીના જોરી ન કહેવાય ? જો લો (કાયદા)ના આધારે કોઈ વ્યકિત પોતાનો હક્ક તમારી પાસેથી લઈ ન શકે તો એવું નહીં સમજવું કે તમે તદ્દન મુકત છો ! હક્કવાળાનો હક્ક આજે નહીં તો કાલે કિયામતના દિવસે પણ તમારે આપવાનો રહેશે. બેન્ક્રપ્ટનું એલાન મુલ્કમાં લો





(કાયદા)થી ભલને મુકિત આપે પણ તમે મુસલમાન છો અને ઈસ્લામનો લો આ બાબતે તમને મુકિત આપતો નથી.

## ★ સવાબ નહીં તો ગુનાહનો વબાલ ★

અમુક લોકો એવા પણ હોય છે જેઓ કહે છે અમારી પાસે કયાં નેકીઓ છે જેનો બદલો કિયામતમાં અમારે નેકીઓથી આપવો પડશે ? પરંતુ તેની માન્યતા ખોટી છે, જો તેની પાસે નેકીઓ નહીં હોય તો સામેવાળાના ગુનાહ હક્ક બરાબર તેના અમલનામામાં લખવામાં આવશે એટલે કે છૂટકારો થશે નહીં. નેકીઓ આપો નહીં તો ગુનાહ લો. અને ગુનાહ માથે લેવાથી એક ગંભીર નુકસાન એ થશે કે પોતાના અમલોના આધરે પ્રથમથી દોઝખી હતો તો હવે સજામાં વધારો થઈ જશે અને જન્નતી હતો તો શકય છે ગુનાહોનું પલ્લુ વજની થઈ જાય અને દોઝખમાં જવું પડે. અને બંને પલ્લાં બરાબર હોય તો સ્પષ્ટ છે નેકીઓ ઓછી થશે તો ગુનાહ વધશે. સારાંશ એ કે દુનિયાના મુલ્કોના લો (કાયદા)ને કોઈ સંબંધ નથી. ઈસ્લામનો પોતાનો અલગ લો છે તેના માનવાવાળાઓ દુનિયાના કોઈ પણ ખૂણે હોય તેમણે ઈસ્લામી લો (કાયદા)ને લક્ષમાં રાખવો જરૂરી છે.

## ★ વાયદો પૂરો કરો ★

અમુક લોકો કર્ઝ તો ગમે તેમ કરીને આપી દે છે પરંતુ કર્ઝ આપનારે લેવા માટે પગ ઘસી નાખવા પડે છે. અને કોઈ એક વખત આપી દે તો પછી કયારેક એવા લોકોને આપવાની હિંમત ન કરે. વાયદા ખિલાફી ઘણી બુરી ટેવ છે. માણસની ઈજ્જત તેનાથી વેડફાય જાય છે અને તે લોકો માટે ભરોસાપાત્ર રહી જતો નથી. કુર્આન શરીફમાં છે : إِنَّ الْعَهْدَ كَانَ مَسْئُولًا "બેશક ! વાયદાનું પૂછવામાં આવશે." કર્ઝ અદા કરવાની જે મુદ્દત નિયુકત થઈ હોય તે પહેલાં આપી દેવામાં આવે તો ઘણી સારી વાત છે. અને મુદ્દત પૂરી થવા પર તો બનતી કોશિશે આપી જ દેવું જોઈએ અને સગવડ થાય તેમ ન હોય તો કર્ઝ આપનારથી પોતાની મજબૂરીનો ઉલ્લેખ કરી મુદ્દત વધારવી, તેમાં માણસનું માન બાકી રહે છે અને તેની મજબૂરીને લક્ષમાં રાખીને તેની સાથે નરમી કરવામાં આવે છે.

કર્ઝ આપનારને એ ફાયદો છે કે મુદ્દત પૂરી થઈ ગયા બાદ જ્યાં સુધી તેની રકમ પરત નહીં થાય તેને દરરોજ એટલી રકમનો સવાબ મળશે. આ'લા હઝરત رضی اللہ عنہ ને પૂછવામાં આવ્યું, હુઝૂર ! લોકો કર્ઝ લે છે અને મુદ્દત પૂરી થઈ ગયા પછી પણ આપવાનું નામ લેતા નથી. આપે ફર્માવ્યું, મારે પણ ઘણા લોકો પાસે લેવાના નીકળે છે પણ કોઈ આપતું નથી એટલે ઉત્તમ એ જ છે કે એ નિય્યતે આપવામાં આવે આપશે તો ઠીક નહીં તો તેને અપર્ણ ! તો આમાં મુદ્દત પૂરી થયા બાદ સવાબ મળતો રહે છે.

## ★ કર્ઝ અદા ન કરનારને આલમે બરઝખમાં સજા ★

તિર્મિઝી, ઈબ્ને માજા અને બયહકીએ હઝરત અબૂ હૂરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી છે : નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ઈમાનવાળાનો નફસ (આત્મા) તેના કર્ઝના લીધે લટકેલો રહે છે જ્યાં સુધી એ તેના કર્ઝને અદા ન કરી દે. (એટલે કે માણસ પોતાના સારા અમલોને લઈને જે મુકામ અને મરતબે પહોંચવો જોઈએ, જો તેના માથે દેવું હોય તો તેને દેવું અદા કરતાં પહેલાં ત્યાં પહોંચાડવામાં આવતો નથી બલ્કે તેને રોકી રાખવામાં આવે છે.) કર્ઝ આપવાવાળો માફ કરી આપે અથવા તેના વારસદારો પોતાના તરફથી અદા કરી દે તો તેને પોતાનો મરતબો મળી જાય છે.

ઉપરોકત રિવાયતથી એ જાણવા મળ્યું કે કર્ઝ લઈને પચાવી જનાર ફાયદામાં નથી પણ નુકસાનમાં છે કારણ કે તેને પોતાના મરતબે પહોંચવાથી રોકી લેવામાં આવે છે.

## ★ નબીએ પાકે નમાઝે જનાઝા પઢવાથી મનાઈ કરી ★

નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم જનાઝાની નમાઝ પઢાવતાં પહેલાં એ પૂછતા હતા કે મરનારના માથે દેવું હતું ? જો હા કહેવામાં આવતું તો આપ જનાઝાની નમાઝ ન પઢાવતા હતા અને કોઈ તેનું દેવું દઈ દેવાની જવાબદારી લઈ લેતો તો પછી આપ પઢાવતા હતા. આનાથી એ જાણવા





મળ્યું કે કર્ઝ લઈને જાણી જોઈને અદા ન કરવું ઘણુ જ ખરાબ કામ છે.

તિબ્રાનીએ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે એક માણસનો જનાઝો લાવવામાં આવ્યો જેથી આપ એની ઉપર જનાઝાની નમાઝ પઢે. આપે માલૂમ કર્યું, શું એની ઉપર કર્ઝ છે ? લોકોએ કહ્યું, હા (એના માથે દેવું છે.) આપે ફર્માવ્યું, એવા માણસ પર નમાઝ પઢીને શું કરું જેની રૂહ કબ્રમાં તેના કર્ઝના લીધે ગીરો છે અને આકાશમાં નથી જતી. જો કોઈ માણસ એના કર્ઝની જવાબદારી લઈ લે તો મારું એના પર નમાઝ પઢવું એને ફાયદો પહોંચાડશે.

ઈમાનવાળાની રૂહ બદનથી જુદા થઈ ગયા બાદ આકાશમાં જાય છે અને તેના માટે આકાશના દરવાજાઓ ખોલવામાં આવે છે પરંતુ જો મરનારના માથે દેવું હોય અને તે અદા કર્યા વિના મરી ગયો તો કર્ઝ અદા ન કરવાના વબાલમાં તેની રૂહને આકાશમાં જવાથી રોકી લેવામાં આવે છે.

બયહકીમાં હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે : ફર્માવે છે કે, એક માણસનું અવસાન થઈ ગયું અને એના પર બે દીનાર દેવું હતું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એની જનાઝાની નમાઝ પઢાવવાની મનાઈ ફર્માવી. હઝરત અબૂ કતાદાએ એમની જવાબદારી લીધી પછી નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ એની જનાઝાની નમાઝ પઢાવી. ત્યાર બાદ એક દિવસ પછી માલૂમ કર્યું તો જાણવા મળ્યું કે તે બે દીનાર અદા કરી દેવામાં આવ્યા છે. આપે ફર્માવ્યું, હવે તેને પોતાની કબ્રમાં રાહત મળી.

## ★ મરણ પામનારના માલથી પ્રથમ કર્ઝ અદા કરવામાં આવે ★

આ જમાનામાં એવું જોવા મળે છે કે કોઈ માણસના મરી ગયા બાદ વારસદારોની ખુશી એ જ વાતમાં હોય છે કે કયારે વારસો વહેંચવામાં આવે અને કયારે અમને અમારો ભાગ મળે ! અને મરનાર વ્યકિત માલદાર હોય તો વારસદારોની લાલચમાં વધારો થઈ જાય છે. વારસદારોની લાલચથી એવું જોવા મળે છે કે તેમને મરનાર વ્યકિતથી ઓછી પણ તેના માલથી વધુ મહોબ્બત હતી. તેઓ મુડદાંના માલની વહેંચણી સમયે એ પણ વિચારતા નથી કે મરનાર પર દેવું હતું કે નહીં. મરનાર પાસે કોઈ

કશું માગતું તો ન હતું, બલ્કે જો કોઈ વ્યકિત પોતાનું આપેલું કર્ઝ લેવા આવી જાય તો કહેશે અમે શું કરીએ તમે જેને આપ્યું હતું તે તો મરી ગયો છે ! ઘણા ઓછા વારસદારો એવા હશે જેમને એ પસંદ હોય કે મરનારનું દેવું અદા કરવામાં આવે.

ઈમામ અહમદ સઈદે તવીલથી રિવાયત કરી છે : તેઓ કહે છે, અમારા વાલિદનું અવસાન થઈ ગયું અને તેમણે વારસામાં ત્રણસો દિરહમ છોડયા, મેં વિચાર્યું કે આને તેમના વારસદારો પર ખર્ચ કરી આપું. તો હુઝૂર ﷺ ફર્માવ્યું, તમારા વાલિદ પોતાના દેવાના લીધે પકડમાં છે તેમનું દેવું અદા કરો. (જાણવા મળ્યું જો કર્ઝ અદા કરવામાં ન આવે અને માલ વારસદારોમાં વહેંચી દેવામાં આવે તો એનાથી મરનારને કશો જ ફાયદો નથી બલ્કે તેને કર્ઝ અદા ન કરવાનો અઝાબ સહેવો પડે છે. તો વારસદારોએ માત્ર માલથી પ્રેમ ન રાખવો જોઈએ પણ મરનારનો ખ્યાલ કરવો જોઈએ. કારણ કે મર્યા બાદ તેમની ઉમ્મીદ પોતાના સગા સંબંધીઓથી હોય છે, જો તેઓ જ પોતાના મુડદાને ભૂલાવી બેસે તો પછી તેનો સહારો કોણ બને ?)

તિબ્રાનીએ અવસતમાં હઝરત સમોરાથી રિવાયત કરી છે : ફર્માવે છે, નબીએ પાક ﷺ એ ફજરની નમાઝ અદા કર્યા બાદ માલૂમ કર્યું, શું અહીં ફલાણા કબીલાના લોકોમાંથી કોઈ છે ? જો હોય તો તેણે એ જાણવું જોઈએ કે તેના કબીલાનો એક માણસ જન્નતના દરવાજા પર એટલા માટે રોકી લેવામાં આવ્યો છે કે તેના પર દેવું હતું, જો તમે ઈચ્છતા હોઉ તો તેના તરફથી અદા કરીને તેને છોડાવી લો, અને ઈચ્છો તો અઝાબમાં રાખો. (એટલે કે મરવાવાળો પોતે લાચાર થઈ ગયો છે હવે તે પોતે કાંઈ કરી શકતો નથી તેને તેના સગા સંબંધીઓ ફાયદો પહોંચાડી શકે છે. જો મુડદાંથી સાચી મહોબ્બત હોય તો વારસામાં તે કંઈ છોડીને ન ગયો હોય તો પણ તેનું દેવું અદા કરી દેવામાં આવે.)

## ★ એક ગયબી કૂવામાં મુડદાને અઝાબ ★

ઈબ્ને અબીદુન્યાએ કિતાબ ''મન આશા બઅદલ મોત''માં શૈબાન બિન હસનથી રિવાયત કરી છે : તેઓ કહે છે કે મારા વાલિદ અબ્દુલ





વાહિદ બિન ઝૈદ એક જેહાદમાં ગયા. તેમણે એક કૂવો જોયો જેમાંથી અવાજો આવી રહ્યા હતા. અંદર જોયું તો એક માણસ પાટિયા પર બેઠેલો છે અને તેની નીચે પાણી છે. તેમણે પૂછયું, તું જિન્નાત છે કે પછી ઈન્સાન ? તેણે જવાબ આપ્યો, ઈન્સાન ! પછી તેમણે પૂછયું, કયાંનો રહેવાસી છે ? તેણે જવાબ આપ્યો, હું ઈન્તાકિયાનો રહેવાવાળો છું. મારા રબે મને વફાત આપી છે અને હવે મને આ કૂવામાં કર્ઝ અદા ન કરવાને લઈને બંધ કરી દેવામાં આવ્યો છે. ઈન્તાકિયામાં અમુક લોકો છે જેઓ મને યાદ કરે છે પરંતુ કર્ઝ અદા નથી કરતા. પછી તેઓ ઈન્તાકિયા ગયા અને કર્ઝ અદા કરીને પાછા આવ્યા તો તે માણસ અને કૂવો બંને ગાયબ થઈ ગયાં હતાં. આ લોકો કૂવાની જગા પર સૂઈ ગયા તો રાત્રે સ્વપ્નમાં તે જ માણસ આવ્યો અને તેણે કહ્યું, جَزَاكُمُ اللّٰهُ خَيْرًا અલ્લાહ તઆલા તમને બેહતર બદલો આપે મારા રબે મારું કર્ઝ અદા થઈ ગયા પછી મને જન્નતના ફલાણા ભાગમાં પહોંચાડી આપ્યો છે.

ઉપરોકત રિવાયતથી જાણવા મળ્યું કે માણસ પોતાના નેક અમલોને લઈને જન્નતી હતો પરંતુ તેના માથે દેવું હતું અને તે અદા કર્યા વિના મરી ગયો હતો એટલે તેને તેના દરજજાઓ પહોંચવાથી રોકી લેવામાં આવ્યો. જયારે તેનું દેવું અદા થઈ ગયું તો તેના પોતાના જન્નતી મુકામે પહોંચાડી આપવામાં આવ્યો. જેથી કોઈએ પણ કર્ઝ અદા કરવામાં આળસ ન કરવી જોઈએ, જેમ બને તેમ જલ્દી અદા કરી દેવાની કોશિશ કરવી જોઈએ, નહીં તો પછી અઝાબ સહેવાનો રહેશે અને દેવું તો બાકીને બાકી ! કિયામતના દિવસે તેનો ફેંસલો થશે અને નેકીઓ આપવી પડશે અને નેકીઓ નહીં હોય તો ગુનાહનો ભાર લેવો પડશે. સારાંશ એ કે અઝાબ વધારાનો વેઠવાનો અને આપવાનું તો બાકી જ.

## ★ કર્ઝ લેનાર આપવામાં લેટ કરે તો કર્ઝ આપનારને સદકાનો સવાબ ★

કર્ઝ આપનાર કર્ઝ આપે છે, અને તેમાં એક મુદ્દત નિશ્ચિત કરે છે, જો કર્ઝ લેવાવાળો અદા કરવામાં લેટ કરે તો આપવાવાળાને દરરોજ એટલો જ માલ સદકો કરવાનો સવાબ મળે છે. કર્ઝ આપવાવાળો દરરોજ

એટલો સદકો નથી કરી શકતો પરંતુ કર્ઝમાં તેના માટે એ ભલાઈ છે કે આપવામાં લેટ થાય તો તેને દરરોજ એટલા માલના સદકાનો સવાબ મળે છે. હદીષે પાકમાં આમાં સદકાના સવાબની બશારત આપવામાં આવી છે. ઈમામ અહમદે ઈમરાન બિન હુસૈનથી રિવાયત કરી છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જેનો બીજા ઉપર હક્ક હોય અને તે અદા કરવામાં લેટ કરે તો દરરોજ એટલો માલ સદકો કરવાનો સવાબ પામશે. (જ્યાં સુધી અદા કરી દેવામાં ન આવે.) આનાથી એ પણ જાણવા મળ્યું કે કર્ઝ આપનારને કર્ઝ ન મળવાથી દુનિયાનું નુકસાન છે કે એની રકમ પરત ન મળી પરંતુ આખેરતનું નુકસાન નથી કારણ કે સવાબ મળ તો જ રહે છે.

## ★ કર્ઝનો ઉત્તમ પ્રકાર ★

કર્ઝનો ઉત્તમ પ્રકાર કર્ઝે હસન છે જેમાં મુસલમાન ભાઈની જરૂરતમાં અલ્લાહને ખુશ રાખવા માટે વગર વ્યાજે કર્ઝ આપવામાં આવે, જેમાં મુસલમાનને હેલ્પ કરવાનો સવાબ પણ મળે છે. ઈમામ માલિકે રિવાયત કરી છે, એક માણસે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ تعالیٰ عنہما ના પાસે આવીને અર્ઝ કરી, મેં એક માણસને કર્ઝ આપેલું છે અને એ શર્ત કરી છે જે આપ્યું છે તેનાથી ઉત્તમ આપજે. આપે ફર્માવ્યું, એ વ્યાજ છે ! તેણે કહ્યું, તો પછી આપ મને શું હુકમ આપો છો ? ફર્માવ્યું, કર્ઝના ત્રણ પ્રકાર છે : એક તે કર્ઝ જેનાથી અલ્લાહને ખુશ કરવાનો ઈરાદો હોય, તેમાં તારા માટે અલ્લાહની ખુશી મળશે. બીજું તે જેનાથી કોઈ માણસને ખુશ કરવાનો ઈરાદો હોય, તે કર્ઝમાં માત્ર તેની ખુશી પ્રાપ્ત થશે. અને ત્રીજું તે જેને તું એટલા માટે આપે કે ઉત્તમ આપીને ખબીષ (વ્યાજ) પ્રાપ્ત કરે. તેણે કહ્યું, તો હવે આપ મને શું હુકમ આપો છો ? ફર્માવ્યું, દસ્તાવેજ ફાડી નાખ. પછી એ કર્ઝ લેનાર એવું જ આપે જેવું તે આપ્યું હતું તો કબૂલ કરી લે. અને જો તેનાથી ઓછું આપે અને તેં લઈ લીધું તો તને સવાબ મળશે. અને જો તેણે પોતાની ખુશીથી ઉત્તમ આપ્યું તો આ શુક્રિયા છે જે તેણે કર્યો. (પરંતુ જો એવું લાગતું હોય કે કર્ઝના દબાવમાં આવીને એણે કર્યું છે તો કબૂલ કરવામાં ન આવે તેમાં જ ભલાઈ છે.





હઝરત ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ કર્ઝદારના ઘરના છાંયડામાં ઊભું રહેવું પણ પસંદ ન કરતા હતા.)

## ★ કર્ઝના લીધે શહીદની રૂહ પણ જન્નતથી રોકવામાં આવશે ★

ઈમામ અહમદ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન જહશ رضی اللہ عنہ થી રિવાયત કરી છે. રાવી ફર્માવે છે, અમે મસ્જિદના આંગણમાં બેઠેલા હતા અને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પણ પધારેલા હતા. હુઝૂર પોતાની નિગાહ આકાશ તરફ ઉઠાવી જોતા રહ્યા અને પછી નિગાહ નીચી કરી લીધી અને કપાળ પર હાથ રાખીને ફર્માવ્યું, સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ ! કેટલી કષ્ટી ઉતારવામાં આવી. રાવી કહે છે અમે લોકો એક દિવસ અને એક રાત ચુપ રહ્યા. જ્યારે રાત દિવસ ભલાઈથી પસાર થઈ ગયા અને સવાર થઈ તો મેં અરજ કરી, તે કઈ કષ્ટી હતી જે ઉતરી ! ફર્માવ્યું, વાલિદૈન બાબતે છે. કસમ છે તે જાતની મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની જાન જેના કુદરતવાળા હાથમાં છે ! જો કોઈ વ્યકિત અલ્લાહના માર્ગમાં કત્લ કરવામાં આવે ફરી જીવંત થાય અને ફરી કત્લ કરવામાં આવે ફરી જીવંત થાય અને ફરી કત્લ કરવામાં આવે, ફરી જીવંત થાય અને તેના પર કર્ઝ હોય તો જન્નતમાં પ્રવેશશે નહીં જ્યાં સુધી અદા કરી દેવામાં ન આવે.

ઉપરોકત રિવાયતથી એ જાણવા મળ્યું કે શહાદત ઘણી મહાન ફઝીલતનું નામ છે અને તેનાથી શહીદના ગુનાહ માફ કરી દેવામાં આવે છે પરંતુ કર્ઝ જેનો સંબંધ બંદાના હક્કથી છે તેને માફ કરવામાં આવતું નથી. અને જ્યાં સુધી તેના તરફથી કર્ઝ અદા કરવામાં ન આવે તેની રૂહને જન્નતમાં પ્રવેશવાની ઈજાઝત આપવામાં આવતી નથી. જ્યારે કે શહીદોની રૂહોને જન્નતી પક્ષીઓના પોટોમાં રાખી જન્નતમાં હરવા ફરવાની રજા આપવામાં આવે છે.

## ★ કર્ઝ શહીદને માફ કરવામાં નહીં આવે ★

સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ થી રિવાયત છે :–

તેઓ કહે છે એક માણસે અર્ઝ કરી, અય અલ્લાહના રસૂલ ! એ ફર્માવો હું જેહાદમાં એ પ્રમાણે કત્લ કરવામાં આવું કે સબ્ર કરવાવાળો છું સવાબની ઉમ્મીદ રાખું છું, આગળ વધું છું પીઠ ફેરવતો નથી તો અલ્લાહ તઆલા મારા ગુનાહ માફ કરી આપશે. ઈર્શાદ ફમાવ્યો, હા ! જ્યારે તે માણસ ચાલ્યો ગયો બોલાવીને ફર્માવ્યું, હા ! પરંતુ કર્ઝ. જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام એ એવું જ કહ્યું, એટલે કે કર્ઝ માફ થશે નહીં.

## ★ કર્ઝદારને મહેતલ આપવાનો સવાબ ★

કયારેક કોઈ માણસ નિય્યતનો સારો હોય છે અને તે મુદ્દત પૂરી થવા પર કર્ઝ અદા કરી દેવાની તમન્ના રાખે છે પરંતુ તેના પર એવી મજબૂરી આવી ગઈ છે કે તે આપી શકતો નથી તેવા માણસને મોહલત આપવી જોઈએ અને મુદ્દતમાં વધારો કરવો જોઈએ કારણ કે તે મજબૂર છે. કુર્આન શરીફમાં અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું :–

وَإِنْ كَانَ ذُو عُسْرَةٍ فَنَظِرَةٌ إِلَىٰ مَيْسَرَةٍ ۚ وَ
أَنْ تَصَدَّقُوا خَيْرٌ لَكُمْ إِنْ كُنْتُمْ تَعْلَمُونَ

''અને જો કર્ઝદાર તકલીફમાં હોય તો તેને સહૂલત મળતા સુધી મહેતલ આપો અને સદકો કરી આપો તો ઉત્તમ છે જો તમે જાણો.'' (માફ કરી આપનારને જ્યારે જરૂરત હશે એટલે હિસાબના દિવસે તો અલ્લાહ તઆલા તેને માફ ફર્માવશે. તે દુનિયામાં માફ કરશે તો ખુદા તઆલા તેને આખેરતમાં માફ કરશે.)

## ★ માફ કરનારને અલ્લાહે માફ ફર્માવ્યું ★

સહીહૈનમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, (ભૂતકાળમાં) એક માણસ લોકોને ઉધાર આપતો હતો. તે પોતાના ગુલામને કહેતો હતો કે કોઈ મજબૂરીમાં સપડાએલા કર્ઝદાર પાસે જાય તો એ ઉમ્મીદ પર માફ કરી આપજે કે ખુદા આપણને માફ કરે. જ્યારે તેનું અવસાન થયું તો અલ્લાહ તઆલાએ માફ કરી આપ્યું. એટલે કે તેણે બંદાઓને માફ કર્યું તો અલ્લાહ તઆલાએ તેને માફ કર્યું.





સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જેને એ વાત પસંદ હોય કે અલ્લાહ તઆલા કિયામતની કષ્ટીઓથી એને નજાત આપે તે મજબૂરીમાં સપડાએલાને મેહતલ આપે અથવા માફ કરી દે.

## ★ વસિયત કોને કહેવાય ? ★

શરીઅતમાં વસિયતનો મતલબ એ છે કે ભલાઈના ઈરાદે મરણ બાદ કોઈને પોતાના માલ અથવા નફાનો માલિક બનાવવો. અને પોતાના માટે કરવામાં આવેલી વાતોને પણ વસિયત કહેવામાં આવે છે. વસિયતના ચાર પ્રકાર છે : (૧) વાજિબ : જેમ કે ઝકાત વાજિબ સદકો અને કફ્ફારો, રોઝા, નમાઝ જેની જવાબદારી પૂરી કરવામાં ન આવી હોય અને કઝા પણ કરવામાં ન આવી હોય તો તેના માટે વસિયત કરવી જરૂરી છે. (૨) મુબાહ : જેમ કે માલદારો માટે વસિયત કરવી. (૩) મકરૂહ : જેમ કે ફાસિક અને ગુનેહગાર માટે વસિયત કરવામાં આવે. જ્યારે એમ લાગતું હોય કે માલને ગુનાહના કામોમાં ખર્ચ કરશે. (૪) વસિયતે મુસ્તહબ : જેમ કે નફ્લ કામો માટે વસિયત કરવી.

દરેક વસિયત કરવી જરૂરી નથી બલ્કે અમુક વસિયતો શરઈ કાયદા વિરૂધ્ધ હોવાને લઈને બાતિલ ગણવામાં આવે છે તેના પર અમલ થશે નહીં. અને ગુનાહના કામોમાં વસિયત માન્ય રાખવામાં આવશે નહીં. દા.ત. કોઈ માણસ એવી વસિયત કરે કે મારા તરફથી ચર્ચ બનાવી દેવામાં આવે, તો ચર્ચ બનાવવું ગુનાહનું કામ છે, વસિયત માન્ય રાખવામાં આવશે નહીં. અને દાખલા તરીકે કોઈએ એવી વસિયત કરી કે મરણ બાદ મને મારા રૂમમાં દફન કરવામાં આવે તો આ વસિયત બાતિલ છે તેને મુસલમાનોના કબ્રસ્તાનમાં દફન કરવામાં આવશે.

## ★ વસિયતનો ફાયદો ★

ઈબ્ને માજા, હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત કરે છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, જેની મૌત વસિયત પર થઈ તે ઉત્તમ સુન્નત પર મરણ પામ્યો. અને તેની મૌત તકવા અને શહાદત પર થઈ

અને એ હાલતમાં મરણ પામ્યો કે તેની મગફેરત થઈ ગઈ. (આ છે વસિયતનો ફાયદો એટલે વસિયત કરવાનું ભૂલવામાં ન આવે, અને ખાસ કરીને જે કામો તેના માથે જરૂરી છે તેની વસિયત પ્રથમ કરવામાં આવે. વસિયત માલથી સંબંધિત હોય તો માલના ત્રીજા ભાગમાં જ માન્ય રાખવામાં આવશે. અને વસિયત પર અમલ વસિયત કરનારના મરણ બાદ થાય છે.)

## ★ વસિયત ન કરવાનું નુકસાન ★

ઈબ્ને હબ્બાને કિતાબુલ વસાયામાં પોતાની સનદથી રિવાયત કરી છે : જેણે વસિયત ન કરી તેને મુડદાંઓ સાથે વાત કરવાની ઈજાઝત નહીં મળે. લોકોએ અર્ઝ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم શું મુડદાંઓ પણ વાતો કરે છે ?! તો આપે ફર્માવ્યું, હા ! બલ્કે તેઓ મુલાકાત પણ કરે છે.

દૈલમીએ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મેં સ્વપનમાં બે સ્ત્રીઓ જોઈ એમાંથી એક વાત કરતી અને બીજી ચુપ હતી. જયારે કે બંને જન્નતી છે. મેં પૂછયું તો બતાવ્યું, એક વસિયત વગર મરી હતી એટલા માટે કલામ નથી કરતી અને કિયામત સુધી નહીં કરે.

ઉપરોકત બે રિવાયતોથી જાણવા મળ્યું કે વસિયત કરવામાં ન આવે તો એ નુકસાન થાય છે કે માણસ આલમે બરઝખમાં સારી હાલતમાં હોય તો પણ તેને વાત કરવાની ઈજાઝત મળતી નથી.

ઈબ્ને અબી દુન્યાએ રિવાયત કરી છે : એક માણસ બસરામાં કબ્રો ખોદવાનું કામ કરતો હતો તો એણે બતાવ્યું, એક દિવસ મેં કબ્ર ખોદી અને તેની નિકટ સૂઈ ગયો તો સ્વપ્નમાં બે સ્ત્રીઓ આવી, એમનામાંથી એકે કહ્યું, અય અબ્દુલ્લાહ ! હું તને ખુદાનો વાસ્તો આપું છું તું મારાથી આ સ્ત્રીને દૂર કરી આપ ! હું જાગ્યો તો મેં જોયું એક ઔરતનો જનાઝો આવી રહ્યો હતો. મેં તેમને કહ્યું, તમે બીજી કબ્ર પર ચાલ્યા જાવ. તેઓ ચાલ્યા ગયા. રાત થઈ તો (સ્વપ્નમાં) તે જ સ્ત્રીઓ આવી અને કહ્યું جزاک اللہ તમે અમારાથી ઘણી લાંબી બુરાઈ દૂર કરી છે. મેં તે સ્ત્રીને કહ્યું કે, તું મારી સાથે વાત કરે છે પણ તારા સાથવાળી વાત નથી કરતી.





તો તેણીએ કહ્યું તે સ્ત્રી વગર વસિયતે મરી હતી અને જે વસિયત વગર મરે તે કિયામત સુધી વાત નથી કરી શકતું.

## ★ કઈ વસિયતને ઉત્તમતા આપવામાં આવશે ★

વાજિબ, મુબાહ અને મુસ્તહબ દરેક પ્રકારની વસિયતો કરવામાં આવી અને મરણ પામનારના છોડેલા માલના ત્રીજા ભાગથી બધી જ પૂરી કરી શકાય છે તો પૂરી કરવામાં આવશે. માલના ત્રીજા ભાગથી પૂરી નથી થઈ શકતી, પરંતુ વારસદારોએ એકમતીથી વસિયત પૂરી કરવા પર ખુશી પ્રગટ કરી તો સઘળી વસિયતો પૂરી કરવામાં આવશે. વારસદારો ત્રીજા ભાગ સિવાયમાં ખુશ નથી તો જો વધુ વસિયતોમાં ફર્ઝ અને વાજિબની જરૂરી વસિયત પૂરી થઈ શકે છે તો તેને ઉત્તમતા આપવામાં આવશે. વાજિબ અને ફર્ઝ બેમાંથી એકમાં થઈ શકે છે તો ફર્ઝને ઉત્તમતા આપવામાં આવશે. હજ્જ અને ઝકાત માટે વસિયત હોય અને બેમાંથી એક પૂરી થઈ શકે છે તો ફર્ઝ હજ્જની વસિયતને ઝકાત પર ઉત્તમતા આપવામાં આવશે.

## ★ રૂહની પોતાના ઘરવાળાઓ પાસે હાજરી ★

એટલું તો વર્ણન થઈ ગયું કે મુસલમાનની રૂહને આલમે બરઝખમાં મુકત રાખવામાં આવે છે તેને જયાં જવું હોય ત્યાં જઈ શકે છે. અને અમુક રિવાયતોમાં એ આવ્યું છે કે રૂહો જુમ્આની રાત્રીએ પોતાના ઘરે આવે છે અને ઘરવાળાઓથી સદકા ખૈરાતની ઉમ્મીદમાં રહે છે. તેમને તોહફો મળે છે તો ખુશ થાય છે અને કંઈ ન મળે તો સ્પષ્ટ છે તે રૂહો નાખુશ પાછી જાય છે.

## ★ મુસલમાનોમાં જુમ્આની રાત્રીએ ફાતિહાનો રિવાજ ★

હું તદન નાનો હતો ત્યારથી જોઈ રહ્યો છું કે મુસલમાનોનાં ગામોમાં જુમેરાતે ફાતિહા આપવાનો અને કોઈ ખાવાની ચીજ નાના બાળકોને

વહેંચવાનો રિવાજ છે અને આજે પણ આની ઉપર અમલ થઈ રહ્યો છે. બલ્કે બુઝુર્ગોના મઝારો પર ખાસ કરીને જુમેરાતે હાજરી આપવામાં આવે છે, હું ત્યારથી જ જાણતો હતો કે મુસલમાનોમાં આ પ્રમાણે રિવાજ છે એટલે તેની ઉપર કોઈ રિવાયતી સુબૂત જરૂરથી હશે, કારણ કે અસંખ્ય મુસલમાનોમાં કોઈ કામ દીનનું સમજીને ખ્યાતી પામે તે જરૂરથી દલીલના પ્રકાશમાં હોય છે અને જરૂર તેના સુબૂતમાં રિવાયતી દલીલ છે.

## ★ જુમેરાતે ફાતિહા પર રિવાયતી સુબૂત ★

ખાતેમતુલ મુહદ્દિષીન શૈખ મોહકક્કિ અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ શર્હે મિશ્કાત બાબે ઝિયારિતલ કોબૂરમાં ફર્માવે છે, અમુક રિવાયતોમાં આવ્યું છે : મય્યિતની રૂહ જુમેરાતે પોતાના ઘરે આવે છે અને જુએ છે કે તેના માટે સદકો કરવામાં આવે છે અથવા નથી આવતો.

આ રિવાયતોથી જાણવા મળ્યું કે રૂહો જુમેરાતે પોતાના ઘરે સદકો, ખૈરાત મળવાની ઉમ્મીદમાં આવે છે અને આજ સુધી મુસલમાનોમાં જુમેરાતે ફાતિહાની પ્રથા ચાલી રહી છે તે આ રિવાયતને લક્ષમાં રાખીને છે. મુસલમાનોના કામ પર રિવાયતી સુબૂત મળે તો તેમાં વિવાદ ઊભો કરવો જહાલતનું કામ કહેવાશે.

કશ્ફુલ ગેતાઅમાં છે : મુસલમાનોની રૂહો દરેક જુમેરાતે ઈદ અને આશૂરાના દિવસે અને શબેબરાતમાં પોતાના ઘરે આવે છે અને ઘર બહાર ઊભી રહે છે અને દરેક બુલંદ સ્વરે કરગરીને કહે છે, અય મારી ઔલાદ ! અને મારા ઘરવાળાઓ ! સ્નહીઓ ! અમારી ઉપર સદકો કરીને મહેરબાની કરો ! આ રિવાયતથી જુમેરાત સિવાય અન્ય મોકાસર આવવાનો સુબૂત મળે છે. મુસલમાનો ઈદના દિવસે, આશૂરાના દિવસે અને શબેબરાતમાં ખાસ કરીને મુડદાંઓને સવાબ પહોંચાડવાની નિય્યતે ફાતિહાખાની કરે છે તે પણ આ રિવાયતને લક્ષમાં રાખીને છે.

## ★ વિવાદના જવાબદાર વહાબીઓ છે ! ★

વહાબી ફિર્કાને વજૂદમાં આવવાને તો લગભગ બસો વર્ષ થઈ ગયાં છે પરંતુ આપણા ઈલાકામાં તેમને ફેલાવામાં વધારે વર્ષો નથી થયાં,





મુસલમાનોમાં જે કંઈ વિવાદ જોવા મળે છે તેના જવાબદાર તેઓ જ છે કારણ કે મુસલમાનોમાં સદીઓથી રિવાજ પામેલાં કામો જેના પર રિવાયતોમાં હદીષોમાં ઉલ્લેખ મળે છે તે હદીષોને ઝઈફ અને અશકત કહીને તેને છોડી દેવાનો અવાજ ઉઠાવ્યો. જ્યાં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم અને બુઝુર્ગોની તારીફ સાંભળી બિદઅતનું નામ આપી નફરત કરાવી. ઈમામો અને મુજતહિદોના જમાનાથી હદીષ અને કુર્આનથી મસ્અલા કાઢવાના જે તરીકાઓ અને કાયદાઓ વર્ણવવામાં આવ્યા તેને એક તરફ રાખીને પોતાની મનમાની કરી. શું એવો કોઈ કાયદો છે કે કોઈ કામનો સુબૂત માત્ર ઝઈફ અને અશકત રિવાયતથી થતો હોય અને તેની વિરૂધ્ધમાં કોઈ સશક્ત રિવાયત ન હોય તો તેની ઉપર અમલ ન કરી શકાય ? સવાબ અને ફઝીલતનાં કામો પર ઝઈફ અને અશકત રિવાયત પર અમલ કરી શકાય છે. અકીદાઓ અને હલાલ હરામના હુકમોમાં ઝઈફ અને અશકત રિવાયતો માન્ય નથી પરંતુ ઉપરોકત કામનો સંબંધ ન અકીદાથી છે અને ન હલાલ હરામના હુકમોથી પછી મુસલમાનોમાં તેના પર અમલ થતો હોય તો વાંધો શું ? પણ જેમણે મુસલમાનોમાં વિવાદને પોતાનો ધર્મ બનાવ્યો હોય તેમને સમજાવે કોણ ? ફઝીલતના કામમાં એક રિવાયતને લક્ષમાં રાખી અમલ કરનાર દલીલના પ્રકાશમાં અમલ કરી રહ્યો છે. જ્યારે કે વિવાદ કરનાર પાસે તો તદ્દન કોઈ દલીલ જ નથી ? પછી તે વિવાદમાં પોતાને સત્ય શી રીતે કહી શકે છે ?

## ★ રૂહની હાજરી પર અન્ય હવાલાઓ ★

ખઝાનતુર્રરિવાયહ્‌માં છે : અમુક મોહકક્કિક આલિમોથી રિવાયત છે કે :–

إِنَّ الْأَرْوَاحَ تَتَخَلَّصُ لَيْلَةَ الْجُمُعَةِ وَتَنْتَشِرُوْا
فَجَاءُوْا إِلَى مَقَابِرِهِمْ ثُمَّ جَاءُوْا فِيْ بُيُوْتِهِمْ

રૂહો જુમેરાતે રજા પામે છે અને ફેલાય છે, પહેલાં પોતાની કબ્રો પર આવે છે અને પછી પોતાના ઘરોમાં (જાય છે.)

ફતાવા ઈમામ નસફીથી છે :–

إِنَّ أَرْوَاحَ الْمُؤْمِنِيْنَ يَأْتُوْنَ فِيْ كُلِّ لَيْلَةِ الْجُمُعَةِ
وَيَوْمَ الْجُمُعَةِ فَيَقُوْمُوْنَ بِفِنَاءِ بُيُوْتِهِمْ ثُمَّ يُنَادِيْ
كُلُّ وَاحِدٍ مِّنْهُمْ بِصَوْتٍ حَزِيْنٍ يَا أَهْلِيْ وَيَا أَوْلَادِيْ

બેશક ! ઈમાનવાળાઓની રૂહો દરેક જુમ્આની રાત્રીએ અને જુમ્આના દિવસે આવે છે અને પોતાનાં ઘરોનાં આંગણમાં ઊભી રહે છે પછી તેમાંથી દરેક વિમાસણની અવાજે કહે છે, અય મારા ઘરવાળાઓ ! અય મારી ઔલાદ ! અય મારા સ્નેહીઓ ! મારા પર સદકાથી ભલાઈ કરો ! અમને યાદ કરો ! ભૂલી ન જાવ ! અમારી ગરીબીમાં અમારા પર મહેરબાની કરો !

ખઝાનતુર્રિવાયહ્માં છે : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે :–

إِذَا كَانَ يَوْمُ عِيْدٍ أَوْ يَوْمُ جُمُعَةٍ أَوْ يَوْمُ عَاشُوْرَةَ
وَلَيْلَةُ نِصْفٍ مِّنَ الشَّعْبَانِ تَأْتِيْ أَرْوَاحُ الْأَمْوَاتِ
وَيَقُوْمُوْنَ عَلٰى أَبْوَابِ بُيُوْتِهِمْ فَيَقُوْلُوْنَ هَلْ مِنْ
أَحَدٍ يَتَرَحَّمُ عَلَيْنَا هَلْ مِنْ أَحَدٍ يَذْكُرُ غُرْبَتَنَا

જ્યારે ઈદ, જુમ્આ અને આશૂરાનો દિવસ અથવા શાબાનની પંદરમી રાત આવે છે તો મુડદાંઓની રૂહો પોતાનાં ઘરોના દરવાજાઓ પર ઊભી થઈ જાય છે અને કહે છે, છે કોઈ જે અમને યાદ કરે ?! છે કોઈ જે અમારી ઉપર મહેરબાની કરે ?! છે કોઈ જે અમારી ગરીબીને યાદ કરે ?! આ પ્રમાણે કન્ઝુલ ઉબ્બાદમાં પણ રિવાયત નકલ કરવામાં આવી છે.

ફઝીલતની વાતના સુબૂતમાં એક બે સનદોથી રિવાયત પૂરતી છે અને વધુ રિવાયતો મળી તો વધુ સારું તેની ઉપર અમલ કરી શકાય છે એટલે આ મસ્અલામાં વિવાદ ન કરવો જોઈએ. વહાબીઓ અને દેવબંદીઓ જેમના આલિમો પાસે દીનના માર્ગમાં વિવાદ ઊભો કરવા સિવાય કંઈ ભંડોળ નથી. દીનની સમજ ઓછી અને ડહાપણ વધારે ! અલ્લાહ તઆલા મુસલમાનોને તેમના મક્રો ફરેબથી ધોકાથી બચાવે.





## ★ કબ્રોની ઝિયારતનો હુકમ ★

ઈસ્લામના આરંભમાં સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم તરફથી કબ્રોની ઝિયારતે જવાની રજા આપવામાં ન આવી હતી એનું એક કારણ તો એ થઈ શકે છે કે તે સમયે લોકો નવા નવા મુસલમાન બન્યા હતા કંઈ તેમને કબ્રો પાસે અદબ સાથે ઊભા રહેલા જોઈને કાફિરોને એવું ન થાય કે આ લોકો બૂતોની અને મૂર્તિઓની બુરાઈ કરે છે પરંતુ પોતે કબ્રો પાસે ઊભા રહીને જાણે અમારા જેવું જ કામ કરે છે. અને આ કારણ વધુ યોગ્ય લાગે છે કારણ કે ઈસ્લામી તાલીમ ફેલાવાને ૧૪૦૦ વર્ષો થયાં અને મુસલમાન એટલું ઈલ્મ અને યકીન રાખે છે કે અલ્લાહની જાત અને તેની સિફતોમાં કોઈને શરીક નથી કરી શકતા તો પણ વહાબીઓ પોતાને કલ્માગો કહીને પણ કબ્રોની ઝિયારતે જનાર મુસલમાનોને કબ્રપૂજક કહે છે. જ્યારે પોતાને મુસલમાન કહેનાર પોતે જ સમજી નથી શકતા કે કબ્રની ઝિયારત કોને કહેવાય અને કબ્રની પૂજા કોને કહેવાય ! પછી જમાનએ જાહેલિયતના લોકો જેમણે પોતે મૂર્તિ પૂજા કરીને પોતાને ભગત કહ્યા તેઓ મુસલમાનોને કબ્રો પર જોતા તો જરૂર તેમને કબ્ર પૂજવા કહેતા. એટલે શરૂ શરૂમાં તેમને કબ્રોની ઝિયારતથી મનાઈ કરવામાં આવી હતી, પરંતુ જ્યારે તેઓ ઈમાનમાં મજબૂત થઈ ગયા અને તેમનામાં કોઈ પ્રકારની ગેરસમજ જેવું રહી ન ગયું ત્યારે તેમને કબ્રોની ઝિયારતનો હુકમ આપવામાં આવ્યો. મુસ્લિમ શરીફમાં હઝરત બુરૈદા رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હું તમને કબ્રોની ઝિયારતથી રોકતો હતો તો હવે કબ્રોની ઝિયારત કરો. (એટલે કે તમને મારા તરફથી કબ્રોની ઝિયારતની રજા આપવામાં આવે છે. ત્યારથી લઈને કિયામત સુધી કબ્રોની ઝિયારત મુસલમાનો માટે મુસ્તહબ અને સારું કામ કહેવાશે.)

## ★ કબ્રોની ઝિયારતનો એક ફાયદો ★

કબ્રોની ઝિયારતથી એક મહાન ફાયદો માણસને જે પ્રાપ્ત થાય છે તે એ છે કે કબ્રો જોઈને તેને પોતાની મૌત યાદ આવે છે, અને મૌતની યાદથી મહાન ફાયદો એ પ્રાપ્ત થાય છે કે લોકોના દિલોમાંથી દુનિયાની

મહોબ્બત નીકળી જાય છે અથવા ઓછી થઈ જાય છે. અને જ્યારે દુનિયાની મહોબ્બત ઓછી થવા લાગે છે ત્યારે દીનની મહોબ્બતમાં દિન પ્રતિ દિન વધારો થવા લાગે છે અને માણસ દીનદાર બને છે. અને દીનદાર ત્યારે જ બને છે જ્યારે તેને આખેરતની યાદ આવે કે ત્યાં જન્નત પણ છે અને દોઝખ પણ છે જન્નતમાં રાહત છે દોઝખમાં મુસીબતો છે અને તે જન્નત પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરે છે. સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ એને બે શબ્દોમાં બયાન ફર્માવ્યું, ઈબ્ને માજા શરીફમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہما થી રિવાયત છે : સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હું તમને કબ્રોની ઝિયારતથી રોકતો હતો તો હવે તેની ઝિયારત કરો, કારણ કે તેનાથી દુનિયાનો શોખ નીકળે છે અને આખેરતની યાદ આવે છે.

સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم પોતે પણ શહીદોની કબ્રોની ઝિયારત માટે તશરીફ લઈ જતા હતા તેનાથી કબ્રોની ઝિયારત કરવું સુન્નત પણ સાબિત થાય છે. મુસ્લિમ શરીફમાં હઝરત ઉમ્મુલ મુ'મિનીન આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે ફર્માવે છે : જે રાત્રે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની વારી મારા ત્યાં હોતી આપ મોડી રાત્રે ઉઠીને બકીઅમાં (કબ્રસ્તાનમાં) તશરીફ લઈ જતા અને ત્યાં ફર્માવતા :–

اَلسَّلَامُ عَلَیْکُمْ دَارُ قَوْمٍ مُّؤْمِنِیْنَ وَاَتَاکُمْ مَا تُوْعَدُوْنَ
غَدًا مُؤَجَّلُوْنَ وَاِنَّا اِنْشَاءَ اللّٰہُ بِکُمْ لَاحِقُوْنَ اَللّٰھُمَّ
اغْفِرْ لِاَھْلِ بَقِیْعِ الْغَرْقَدِ

તમારી ઉપર સલામ અય મુસલમાનોની જમાઅત ! તમારી પાસે તે ચીજ આવી જેનો તમને વાયદો કરવામાં આવ્યો કિયામત સુધીની મોહલત આપવામાં આવી અને અલ્લાહ ઈચ્છશે તો અમે પણ તમારાથી મળીશું. અય અલ્લાહ ! બકીએ ગરકદવાળાઓને બક્ષી આપ.

ઉપરોકત રિવાયતથી જાણવા મળ્યું કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم મદીના શરીફના કબ્રસ્તાનમાં જેને બકીએ ગરકદ અને જન્નતુલ બકીઅ કહેવામાં આવે છે ત્યાં તશરીફ લઈ જતા અને કબ્રોની ઝિયારત ફર્માવી તેને સલામ કરતા હતા. તેનાથી એક વાત એ પણ જાણવા મળે છે કે





કબ્રવાળાઓ સલામ સાંભળે છે, અને ઝિયારત માટે આવનારની તેમને જાણ થાય છે. સલામવાળી હદીષોનું વર્ણન થશે.

## ★ મા બાપની કબ્ર પર જવાની ફઝીલત ★

મા બાપનો મુકામ અને મરતબો ઔલાદ માટે ઘણો જ ઊંચો છે એટલે સુધી કે ઔલાદના દુનિયામાં આવવાનો જાહેરી સબબ અને કારણ મા બાપ છે તેમની કબ્ર પર હાજરી તેમના મર્યા પછીનો તેમનો હક્ક છે. ઔલાદે મા બાપના મર્યા પછી પણ ખ્યાલ રાખવો જોઈએ, મા બાપની ફઝીલત અને તેમના હક્કો વિશે મારું ગુજરાતી બયાન **માતા પિતાના હક્કો** સાંભળો અથવા **તોહફાએ નજાત, ભાગ-૨** વાંચો.

મા બાપની કબ્ર પર આવવાથી એક ફાયદો એ છે કે મા બાપનો હક્ક અદા થાય છે. બીજો ફાયદો એ કે મા બાપ ઔલાદને જોઈને ખુશી અનુભવે છે અને ત્રીજો ફાયદો સવાબ મળે છે. બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત મુહમ્મદ બિન નોઅમાન رضی اللہ عنہ થી રિવાયત કરી છે : સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે પોતાના માતા પિતા અથવા તેમનામાંથી કોઈ એકની કબ્રની ઝિયારત દરેક જુમ્આના દિવસે કરે તો તેની મગફેરત થાય છે અને તેને નેકોકાર લખવામાં આવે છે. (મા બાપ ઈમાનવાળા હોય તો આ હુકમ છે કાફિર માટે નથી.)

## ★ કબ્રની ઝિયારતના પ્રકાર ★

**(૧)** માત્ર મોતને યાદ કરવા માટે અને આખેરત તરફ ધ્યાન કેન્દ્રિત કરવા માટે. આ મકસદ માટે માત્ર કબ્ર જોઈ લેવી પણ પૂરતી છે. આ મકસદ માટે કબ્રવાળાના નામ અને હાલતથી વાકેફ થવું પણ જરૂરી નથી. બલ્કે ગેર મુસ્લિમોનું કબ્રસ્તાન હોય અને ઝિયારતના ઈરાદે નહીં પોતાના કામથી ત્યાં રસ્તો હોય અને પસાર થવામાં આવે તો કાફિરોની કબ્રોને જોઈને પણ મોતની યાદ તાજી થઈ શકે છે અને આખેરત તરફ ધ્યાન પહોંચી શકે છે. અહીંયા યુ.કે.માં વધુ પડતાં કબ્રસ્તાન મુસલમાન અને યહૂદીઓ, ઈસાઈઓનાં એક હોય છે તેમાં માત્ર ભાગલા પાડી દેવામાં આવે છે. મુસલમાનની કબ્રો પાસે પહોંચવા ઈસાઈઓ અને

યહૂદીઓની કબ્રોથી પસાર થવું પડે છે જો કે તેમની કબ્રોની ઝિયારતનો ઈરાદો તો નથી હોતો પરંતુ તેમની કબ્રોને જોઈને આપણને મોતની યાદ તો આવે જ છે કે જેમ આ લોકો જીવંત હતા અને આજે જમીનના ખાડામાં દટાઈ ગયા છે તેવી જ રીતે અમારે પણ મરીને દફન થવાનું છે.

**(૨)** દુઆએ મગફેરત અને ઈસાલે સવાબ માટે અને આ દરેક મુસલમાન માટે સુન્નત છે. એટલે કે નબીએ પાક ﷺ પણ જન્નતુલ બકીઅમાં તશરીફ લઈ જતા અને તેમના માટે મગફેરતની દુઆ કરતા હતા. દરેક મુસલમાનનો બીજા મુસલમાન માટે એ હક્ક છે કે જો મુસલમાન ભાઈની કબ્રની ઝિયારત કરે તો તેના માટે મગફેરતની દુઆ કરે અને પઢીને તેમની રૂહને બક્ષે.

**(૩)** બરકત અને સઆદત પ્રાપ્ત કરવાના મકસદથી કબ્રોની ઝિયારત કરવી અને આ મકસદ માટે બુઝુર્ગો, વલીઓ અને નબીઓની કબ્રોની ઝિયારત કરવામાં આવે છે. તેમનું મુકામ અને મરતબો ઘણો ઊંચો છે તેમને અલ્લાહ તઆલા તરફથી અધિકાર આપવામાં આવે છે, તેમની કબ્રોની ઝિયારત કરનારને તેમનો ફૈઝ મળે છે અને તેમના સદકાથી કરવામાં આવેલી દુઆઓ અલ્લાહની બારગાહમાં કબૂલ થાય છે. તેમની કબ્રોની ઝિયારતથી મોટો ફાયદો જનારને જ છે.

**(૪)** સગા સ્નેહીના હક્કની અદાયગી માટે જવું.

**(૫)** ધાર્મિક મહોબ્બતને લઈને જવું. આ પ્રમાણે કબ્રોની ઝિયારત થઈ શકે છે. કબ્રોની ઝિયારતમાં સૌથી ઉત્તમ નબીએ પાક સાહેબે લૌલાકની કબ્રની ઝિયારત છે.

**જિસ આંખને સરકાર કા રોઝા નહીં દેખા**
**વોહ આંખ હકીકત મેં કોઈ આંખ નહીં હય**

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે :-

**હાજીઓ આવો શહેનશાહ કા રોઝા દેખો**
**કા'બા તો દેખ ચુકે કા'બે કા કા'બા દેખો**





**ગૌર સે સૂન તો "રઝા" કા'બેસે આતી હય સદા**
**મેરી આંખો સે મેરે પ્યારે કા રોઝા દેખો**

## ★ કબ્રની ઝિયારતનો ઉત્તમ દિવસ ★

ફતાવા રઝવિય્યહ્, ભાગ-૪ માં છે :- ઝિયારત દરેક સમયે જાઈઝ છે અને ઝિયારતનો અફઝલ સમય જુમ્આનો દિવસ છે. (જુમ્આના દિવસે કબ્રોની ઝિયારત કરવામાં આવે અને કબ્રસ્તાનમાં હાજરી આપી મુસલમાન મુડદાંઓને ખુશ કરવાની કોશિશ કરવી જોઈએ. જેમ કે તમારી ખિદમતમાં રજુ કરવામાં આવ્યું કે કબ્ર પર હાજરી આપનારને કબ્રવાળો જુએ છે અને તેના માટે સવાબનું કામ કરવામાં આવે તો તે ખુશ પણ થાય છે અને સગા સ્નેહીની કબ્ર હોય તો માત્ર હાજરી આપવાથી પણ તેમને આનંદ મળે છે.

## ★ કબ્રની ઝિયારતનો તરીકો ★

કબ્રોની ઝિયારતનો ઉત્તમ તરીકો એ છે કે અદબની સાથે ઝિયારત કરવામાં આવે અને બેઅદબીથી બચવામાં આવે, કારણ કે બેઅદબીથી ઝિયારતના ફૈઝથી અને સવાબથી માણસ મહરૂમ થઈ શકે છે બલ્કે ગુનાહનો વબાલ પણ માથે આવી શકે છે, અને એક મોટુ નુકસાન એ છે કે ઝિયારતથી સાહિબે કબ્રને ખુશ કરવાનો હોય છે જ્યારે કે બેઅદબીથી સાહિબે કબ્ર ખુશ નથી થતો બલ્કે નારાજ થાય છે એટલે ઝિયારતમાં અદબનો ખાસ ખયાલ રાખવો જોઈએ. અને અદબનો તરીકો શરઈ તરીકો છે. ઝિયારત શરઈ અદબથી કરવામાં આવે. જેની કબ્રની ઝિયારત કરવામાં આવે તેની હયાતમાં તેની મુલાકાત કરવામાં આવતી હતી તો જેટલો નિકટ અથવા દૂર રહેતો કબ્રની ઝિયારતમાં પણ એનો ખયાલ રાખવામાં આવે. (આલમગીરી) કબ્રની ઝિયારત કરવાનો ઈરાદો હોય તો પ્રથમ પોતાના ઘરમાં બે રકાત નફ્લ નમાઝ પઢે દરેક રકાતમાં **ફાતિહાની સૂરત** પછી **આયતુલ કુર્સી** એક વખત અને **સૂરએ ઈખ્લાસ** (કુલહુવલ્લાહની સૂરત) ત્રણ વખત પઢવામાં આવે. આ પ્રમાણે નમાઝ અદા કર્યા પછી એનો સવાબ સાહિબે કબ્રને પહોંચાડવામાં આવે. અલ્લાહ

તઆલા મય્યિતની કબ્રમાં નૂર પેદા ફર્માવશે અને પઢનારને અધિક સવાબ અતા ફર્માવશે. નમાઝથી ફારિગ થઈ કબ્રસ્તાન જવામાં આવે. માર્ગમાં બેફાયદા વાતો કરવામાં ન આવે. જ્યારે કબ્રસ્તાનમાં પહોંચે તો બૂટ, ચપ્પલ ઉતારી લેવામાં આવે. કબ્રની સામે એ પ્રમાણે ઊભા રહેવામાં આવે કે કિબ્લા તરફ પીઠ હોય અને મય્યિતના ચહેરા તરફ મોઢું રાખવામાં આવે. ત્યાર બાદ આમ કહે :-

اَلسَّلَامُ عَلَيْكُمْ يَا اَهْلَ الْقُبُوْرِ يَغْفِرُ اللّٰهُ لَنَا وَلَكُمْ اَنْتُمْ
سَلَفُنَا وَنَحْنُ بِالْاَثَرِ

આ દુઆ પઢી લીધા પછી **સૂરએ ફાતિહા, આયતુલ કુર્સી, સૂરએ ઈઝા ઝુલઝેલા** અને **અલ્હાકુમુત્તકાસુર** પઢવામાં આવે **સૂરએ મલક** અને બીજી સૂરતો પણ પઢી શકાય છે. (આલમગીરી)

જે પ્રમાણે ફાતિહા પઢવાનો તરીકો મુસલમાનોમાં ચાલી રહ્યો છે તે પ્રમાણે પણ પઢી શકાય છે. અને કુર્આન શરીફમાંથી જ્યાંથી એને યાદ હોય તે પણ પઢી શકાય છે. અને એક વાતનો ખાસ ખયાલ રાખવામાં આવે કે મય્યિતના પગ તરફથી હાજરી આપવામાં આવે જેને લઈને મય્યિતને જોવામાં સહૂલત રહે છે, માથા તરફથી હાજરી આપવામાં આવે તો તેને મોઢું ફેરવીને દેખવું પડે છે. બની શકે તો **૧૧ વખત કુલહુવલ્લાહ**ની સૂરત પઢવામાં આવે, હદીષ શરીફમાં છે જે **૧૧ વખત કુલહુવલ્લાહ**ની સૂરત પઢીને તેનો સવાબ મડદાંઓને બખ્શે તો મુડદાંઓની ગણતરી બરાબર તેને સવાબ મળશે.

## ★ ઝિયારત માટે ઉત્તમ દિવસો ★

આમ તો બધા જ દિવસોમાં કબ્રોની ઝિયારત કરી શકાય છે પરંતુ ઝિયારત માટે અમુક દિવસોને ઉત્તમ બતાવામાં આવ્યા છે. આલમગીરીમાં છે ઝિયારત માટે ચાર દિવસો ઉત્તમ છે, સોમવાર, જુમેરાત, જુમ્આ, શનિવાર. જુમ્આના દિવસે જુમ્આની નમાઝ પછી વધુ ફઝીલત રાખે છે અને શનિવારના દિવસે સૂર્યાસ્ત થયા બાદ અને જુમરાતે દિવસના પ્રથમ ભાગમાં અને અમુક આલિમોનું કહેવું એ છે કે દિવસના





પાછલા ભાગમાં ઉત્તમ છે. બરકતવાળી રાતો જેમ કે શબ્બે કદ્ર શબે બરાઅતમાં પણ કબ્રોની ઝિયારત ઉત્તમ છે. ઈદના દિવસોમાં પણ ઝિયારત કરવામાં આવે.

## ★ ઝિયારતે કબ્રથી ગફલત ★

આજે એ જોવા મળે છે કે માણસની હયાતમાં તો તેઓને સાથ આપનાર ઘણા લોકો હોય છે પરંતુ મરણ બાદ તેનો સાથ આપનાર ઘણા ઓછા લોકો હોય છે. બલ્કે હાલત એટલી ખરાબ થઈ ગઈ છે કે મય્યિતના નિકટના લોકોની ઈચ્છા તેના મરણ બાદ તેના માલનો માલિક બનવાની હોય છે, મરણ બાદ તેની સાથે કોઈ લગાવ બાકી રહેતો નથી. થોડી ઘણી તારીફ કરશે તો ત્યારે જ્યારે મય્યિત તરફથી સંબંધીઓને કોઈ ફાયદો મળે. જો ફાયદો ન મળ્યો હોય તો તારીફ પણ કરી શકતા નથી. આ ઘણી જ અભાગી વાત કહેવાશે. સાચી મહોબ્બત તો એ છે જે માણસ સાથે તેના માણસ હોવાને લઈને કરવામાં આવે, માલની લાલચમાં મહોબ્બત રાખવી સત્ય મહોબ્બત નથી. ખાસ કરીને સગા સ્નેહીઓ માટે તો સગાઈનો સંબંધ જ અગત્યનો છે, તેની વચમાં દુનિયાની લાલચો ન આવવી જોઈએ.

જેમ મુડદાંની હયાતમાં તેની મદદ કરવામાં આવતી હતી, તેની સાથે મુલાકાતો કરવામાં આવતી હતી, તેની દા'વતો કરવામાં આવતી હતી તેમ તેના મરણ બાદ પણ તેનો એ હક્ક છે કે જ્યારે તેનું અમલનામુ બંધ થઈ ગયું છે અને હવે તે નેકીનું કામ કરી શકતો નથી ત્યારે તેના માટે સવાબનાં કામો કરીને તેની નેકીઓમાં વધારો કરવામાં આવે. દુનિયાની હયાતમાં જેટલી તેને મદદની જરૂરત હતી તેનાથી વધુ જરૂરત તેને મરણ બાદ છે, કારણ કે હવે તે પોતે કાંઈ કરી શકતો નથી, અને તેની નઝર માત્ર તમારી તરફ હોય છે. તમે જે નેકીઓનો તોહફો મોકલો છો તે તેના માટે આ નાશવંત દુનિયાનો ફાયદો નથી, બલ્કે નેકીઓ આખેરતનો અનાશવંત ફાયદો છે. હયાતીમાં મદદની જરૂરત હોય અને મદદ કરવામાં ન આવે તો શકય છે કે તે બીજા કોઈની મદદ હાંસલ કરી પોતાનું કામ કરી લે અને પોતાની જરૂરત પૂરી કરી લે, પરંતુ મરી ગયા પછી તે કોઈને

મદદનું કહી શકવાનો નથી. તો એવા સમયે સાચી મહોબ્બતવાળો તેને યાદ રાખી તેના માટે સવાબનાં કાર્યો કરે છે.

તે જ્યારે હયાત હતો ત્યારે સંબંધીઓ તરફથી મુલાકાત કરવામાં ન આવતી અને તેને મુલાકાતનો શોખ થતો તો તે પોતે મુલાકાત કરી લેતો અને પોતાના આત્માને શાંતિ પહોંચાડતો, પરંતુ આજે જ્યારે તે દુનિયાથી અલવિદાઅ થઈ ગયો અને તે પોતે મુલાકાતે આવી શકતો નથી એવા સમયે તેની મુલાકાતનો શોખ ત્યારે જ પૂરો થઈ શકે છે જ્યારે તેનાથી મુલાકાત કરનારાઓ તેની કબ્ર પર હાજરી આપે. જો મરણ બાદ તેની કબ્ર પર હાજરી આપી તેનાથી મુલાકાત કરવામાં ન આવે તો તેના દિલની ઈચ્છા પૂરી થઈ શકતી નથી એટલે મરણ બાદ તેનો ખયાલ રાખવો સગા સ્નેહીઓ માટે અગત્યનો છે. કારણ કે હવે જો તેઓ પોતે મુલાકાત કરવા ન જાય તો મય્યિતના આત્માને શાંતિ મળી શકતી નથી અને તે પોતાની બેચેનીનો ઈલાજ પણ કરી શકતો નથી, એટલે સગા સંબંધીઓએ અવાર નવાર ઝિયારત કરવા રહેવું જોઈએ.

ઔલાદ માટે માતા પિતાના હક્કોમાંથી છે કે મરણ બાદ પણ તેમની સાથે ભલાઈ કરવામાં આવે, તેમનો ખયાલ રાખવામાં આવે, તેમના માટે સવાબનાં કામો કરવામાં આવે અને અઠવાડિયે એક વખત ઓછામાં ઓછી તેમની કબ્રની ઝિયારત કરવામાં આવે. માતા પિતાની કબ્રોની ઝિયારત કરવાથી ઔલાદને કેટલો સવાબ મળે છે તેનો તો ઉલ્લેખ થઈ ગયો પરંતુ વધુ ફાયદાની વાતો એ છે કે જેમ ઔલાદ સફરમાં ગઈ હોય અને ત્યાંથી પરત આવવા પર મા બાપને ખુશી થાય છે તેનાથી વધુ ખુશી મા બાપને મરણ બાદ પોતાની કબ્ર પર ઔલાદના હાજરી આપવાથી થાય છે. અને ઔલાદ જો મા બાપને ભૂલાવી બેસે અને તેમની કબ્ર પર હાજરી ન આપે તો મા બાપને ઘણી જ નાખુશીનો સામનો કરવો પડે છે એટલે ઔલાદે મરણ બાદ મા બાપને જરૂરથી યાદ રાખવા જોઈએ. ઔલાદ અને મા બાપની વચમાં એટલા ગાઢ સંબંધો છે કે મરણ પછી પણ તેનો નાશ થતો નથી.

આજે દુનિયાની એ હાલત છે કે જીવતા જીવ ઔલાદ માતા પિતાને ભૂલાવી બેસે છે અને તેમનો હક્ક અદા કરવા તરફ ધ્યાન કરતી





નથી તો તેવી ઔલાદથી વધુ નાશુક્ર અને એહસાન ભૂલાવનાર કોઈને ન કહી શકાય, કારણ કે તેઓ એવા એહસાન કરનારને ભૂલાવી રહ્યા છે જેમના સદકામાં તેમને દુનિયામાં આવવાનું નસીબ થયું અને તેમની મહેનતોથી તેઓ મોટા થયા, જો અલ્લાહના એહસાન પછી માતા પિતાનું એહસાન ન હોય તો ઔલાદે દુનિયામાં જીવંત રહેવું મુશ્કેલ થઈ પડતું. જેઓ દુનિયામાં આવવાનું કારણ બને, જેમની ભલાઈઓ જીવંત રહેવાનું કારણ બને તેવા મોહસિનનો હક્ક શી રીતે ભૂલાવી શકાય છે ?! પરંતુ ગલત દોસ્તોની સોહબતમાં બાળકો જીવતા જીવ આવા મોહસિનોને ભૂલાવી બેસે છે તો મરણ પછી તો પૂછે જ કોણ ? આ જીવનમાં જેમની યાદ ન આવે મરણ બાદ તેની ઈચ્છા શી રીતે પેદા થઈ શકે છે ? જે ઔલાદની આવી કુટેવો હોય તેમને વફાદર ઔલાદ નથી કહી શકતા. વફાદાર બનવા માટે વફાદારીનાં કામોની પણ જરૂરત હોય છે. દા'વો દલીલ વિના માન્ય નથી બલ્કે તે દા'વો જ ખોટો ગણાશે જેના માટે દલીલનો સહારો ન હોય.

મા બાપ જીવંત હોય કે મરણ પામે ઔલાદના માથેથી બાપના હક્કોનું દેવું ચુકવાતું નથી બલ્કે ઔલાદે પોતાના મરણ સુધી તેનું પાલન કરવાનું હોય છે. મા બાપ જીવંત હોય ત્યારે પણ ઔલાદે તેમના હક્કો અદા કરવાના હોય છે અને મા બાપ મરી જાય ત્યારે પણ ઔલાદે તેમના હક્કો અદા કરવાના હોય છે. જ્યારે તે હક્કો પૂરા થતા જ નથી તો પછી ઔલાદ તેમના હક્કોની અદાયગીથી કયારે પણ મુક્ત થશે નહીં ! એટલે મરણ બાદ તેમની કબ્ર પર હાજરી જરૂરથી આપવી જોઈએ. જેથી તેમને કબ્ર પર જોઈને તેમનું દિલ ખુશ થાય. મા બાપ હયાત હોય અને મહોબ્બતથી તેમના ચહેરાની ઝિયારત કરવામાં આવે તો ઔલાદને દરેક નિગાહે મહોબ્બત પર કબૂલ હજ્જનો સવાબ મળે છે. માતા પિતાના અવસાન પછી તેમની કબ્રોની ઝિયારત કરવામાં પણ તેઓ સવાબ પામે છે.

## ★ ઝિયારત કરનાર નુકસાનમાં નથી ★

કબ્રોની ઝિયારત કરવાથી મુડદાંઓને જે ફાયદો થવાનો છે એ તો થવાનો જ છે પરંતુ ઝિયારત માટે જવાવાળો પણ સવાબથી મેહરૂમ રહેતો

નથી, તેને પણ અનેક ગણો સવાબ મળે છે. મુસલમાનની ઝિયારત માટે જવાનો સવાબ, સગો હોય તો મુલાકાત અને હક્ક અદા કરવાનો સવાબ, કબ્ર પર હાજરી આપી સલામ કરવા પર સલામનો સવાબ, ત્યાં કુર્આનની તિલાવત કરવાથી તિલાવતનો સવાબ, દુઆ કરવાથી દુઆનો સવાબ, પઢીને મુડદાંઓને સવાબ પહોંચાડવા પર બધાં મુડદાંઓની સંખ્યા બરાબર તેને સવાબ. આમ કબ્રોની ઝિયારત કરવાથી અનેક ગણા સવાબ મળે છે. એટલે ઝિયારત કરનારે પોતાનો સવાબ ભૂલવો ન જોઈએ. સવાબ સિવાયના અન્ય ફાયદાઓ પણ છે, મુડદાંનો હક્ક અદા કરવો, તેને ખુશ કરવો, ખુદાનો ડર પેદા થવો, મોતની યાદ આવવી, દુનિયાનું નાશવંત હોવું યકીન થવું, દુનિયાની લાલચનો ખાત્મો થવો, નેક કામો તરફ ધ્યાન જવું વગેરે ઘણા ફાયદાઓ છે. જ્યારે ઝિયારત કરવામાં ફાયદો જ ફાયદો છે તો એક મુસલમાન તરફથી આમાં ગફલત ન થવી જોઈએ.

## ★ ઝિયારતની સાથે અન્ય ખરાબીઓ ★

અહલે સુન્નત વલ જમાઅત જેને આજે બરેલ્વી પણ કહેવામાં આવે છે, આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા બરેલ્વી رضی اللہ عنہ એ જ્યારે બદ્અકીદા લોકોના હુમ્લા થવા લાગ્યા અને લોકો પોતે પોતાની ચલાવવા લાગ્યા અને પોતાની મનમાનીને અહલે સુન્નત કહેવા લાગ્યા એવા કપરા સમયે ઈમામે અહલે સુન્નતે સત્ય અકીદાઓ અને સત્ય માન્યતાઓની હિફાઝતનું કામ પોતાના માથે લીધું અને લગભગ એક હજાર જેટલી નાની મોટી કિતાબો લખીને સત્ય દીનની હિફાઝત ફર્માવી જેને લઈને આજે સત્ય મઝહબને **બરેલ્વી મસ્લક** અને **મસ્લકે આ'લા હઝરત** કહેવામાં આવે છે. આ'લા હઝરતે પોતાની કલમી જેહાદમાં ન માત્ર અકીદા પર બળ આપ્યું બલ્કે અમલોની ભૂલોને સુધારવામાં પણ ભરપૂર પ્રયત્નો કર્યા. આ'લા હઝરતની **ફતાવા રઝવિય્યહ્**ને પઢવાથી એ વાત સ્પષ્ટ થાય છે કે આપે બુરી બિદઅતોનો નાશ કરવા માટે પણ કલમી જેહાદ કર્યો હતો. પરંતુ અફસોસની વાત એ છે કે અવામમાંથી પોતાને **મસ્લકે હક્ક આ'લા હઝરત** પર કહેવાવાળાઓ ઘણા બધા એવાં કામો કરી રહ્યા છે જેને લઈને **મસ્લકે આ'લા**





**હઝરત** બદનામ થઈ રહ્યો છે. જો ખરાબ કામને ખરાબ સમજીને કરવામાં આવે તો એટલી શાંતિ તો રહે છે કે ચાલો ! ખરાબ કામ થઈ તો રહ્યું છે પણ ખરાબ જાણીને થઈ રહ્યું છે, પરંતુ અહીં તો એ જોવા મળે છે પોતાને "સુન્ની" કહેવાવાળો અમુક ખરાબ કામોને સારાં સમજીને બલ્કે પોતાની સુન્નિયત સમજીને કરી રહ્યા છે. જેમ કે ચોખટ પર તા'ઝીમનો સિજદો કરવો, કબ્રના તાવીઝથી થોડા હટીને સિજદો કરવો, કબ્રની ચારે બાજુ કા'બાની માફક તવાફ કરવો, ત્યાં ઔરતોએ હાજરી આપવી, વાજિંત્રો સાથે કવ્વલીઓ કરવી કરાવવી, કવ્વાલણોને મુકાબલા માટે લાવવી, ત્યાં ખેલ તમાશાવાળાઓને વેપાર ધંધાની પરવાનગી આપવી અને ધ્યાન આપવામાં આવે તો બીજા પણ ઘણા કામો એવાં જોવા મળી શકે છે જેને આ'લા હઝરતની કિતાબોના લખાણથી દૂરનો પણ સંબંધ નથી બલ્કે આપે આ પ્રકારનાં કામોને હરામ કહીને લોકોને તેનાથી બચવાનો સબક આપ્યો છે. ફતાવા રઝવિય્યહ્માં આ વિશે ફત્વા મૌજૂદ છે. જેને દીનની સત્ય વાતો શિખવાનો શોખ હોય તે આ'લા હઝરતની ફતાવા રઝવિય્યહ્નો અભ્યાસ કરે તો જાણવા મળશે કે સાચો મસ્લકે આ'લા હઝરત શું છે ?

## ★ અવામ મસ્લકે આ'લા હઝરતને બદનામ કરે છે ★

સુન્ની અવામમાં આજથી નહીં વર્ષોથી એ ગફલત જોવા મળે છે કે તેઓ અંધશ્રધ્ધાઓમાં જે કામો કરતા આવ્યા તેઓ તેને છોડવા ચાહતા જ નથી અને તેઓ પોતાની અંધશ્રધ્ધાને જ પોતાની સુન્નિયત સમજે છે, બલ્કે આમ કહો તો પણ ચાલી શકે છે કે તેમને ધર્મની સત્ય વાતોનું ઈલ્મ જ નથી, તેઓ પોતે જે કંઈ જાણે છે તેને જ સુન્નિયત સમજે છે ! અને મસ્લકે આ'લા હઝરત સમજે છે. જો તેમની અંધશ્રધ્ધાનો ખાત્મો કરવા માટે તેમની ભૂલને સુધારવા માટે તેમને આ'લા હઝરત ફાઝિલે બરેલ્વીની કિતાબનો હવાલો આપી બતાવવામાં આવે તો પણ તેઓ માન્ય રાખી શકતા નથી ! શું આવા અંધશ્રધ્ધાળુ લોકોથી એ વાતની ઉમ્મીદ લગાડી શકાય છે કે તેઓ મસ્લકે આ'લા હઝરત માટે ઈજ્જત છે ? ના ! બલ્કે તેઓ ખુલ્લી બેઈજ્જતી અને બદનામી છે.

## ★ સુન્ની આલિમો પણ જવાબદાર છે ★

અવામમાં બગાડ ત્યારે જ થઈ શકે છે અને તેમનામાં અંધશ્રધ્ધાઓ ત્યારે જ ઘર કરી શકે છે જ્યારે તેમને પ્રથમથી જ રોકવાના પ્રયત્નો કરવામાં ન આવ્યા હોય. તેઓ જહાલતને દીન ત્યારે જ કહી શકે છે જ્યારે તેમણે પોતાની તમન્ના વિરૂધ્ધ કશું જ સાંભળ્યું ન હોય. અને આના માટે સુન્ની આલિમો જવાબદાર છે. તેમણે અવામથી ગલત કામો જોઈને તેને રોકવાના પ્રયાસો કેમ ન કર્યા ? બલ્કે અમુક જગાએ તો એવું જોવા મળે છે અવામના ગલત કામોમાં આલિમો ભાગ લે છે અને તેમને રોકવું તો દૂરની વાત ખરાબ કામો પર તેમની તારીફ કરતા હોય છે ! અલ્લાહ અવામને એવા આલિમોથી બચાવે જેમનો ધ્યેય દુનિયા અને દુનિયા જ છે. અવામને આલિમોનો સાથ ન મળે તો બુરાઈની શું મજાલ છે કે અવામમાં ઘર કરી શકે અને તેમના દીનમાં ખરાબી લાવી શકે ?

## ★ એક મક્કાર આલિમ ★

મક્કાર અને દીનની વાતો પર અમલ ન કરનાર બેઅમલ આલિમોને દુનિયામાં આલિમ કહેવામાં આવે છે જ્યારે કે શરીઅતની ભાષામાં તેમને આલિમ કહી શકતા નથી, તેવા મક્કાર લોકો થોડી ઘણી વાતો શીખીને પોતાનો ઉલ્લુ સીધો કરવાના ચક્કરમાં પડેલાં હોય છે. અને અવામનો ઝુકાવ જોઈને પલ્લુ બદલતાં હોય છે. (અલ્લાહ અવામને એવા મક્કાર લોકોથી બચાવે.)

મને સારી રીતે ખબર છે, જ્યારે હું નાનો હતો ત્યારે મારા ગામમાં એક યુ.પી.ના આલિમ લાવવામાં આવ્યા ત્યાર પહેલાં અમારા ગામનો મુસલ્લો ઉર્દૂની પહેલી બીજી બીજી કિતાબ પઢવાવાળાઓના હાથોમાં રહેતો હતો બલ્કે સુન્ની મસ્જિદ અને વહાબી ઈમામ પણ પોતાને સુન્ની કહીને રહી ગયા. જ્યારે મુસલ્લાની જવાબદારી લેવાવાળાની નિય્યત દુનિયા કમાવાની હોય છે તો પછી તે અવામની ખરાબીઓને સુધારવા તરફ ધ્યાન શી રીતે આપી શકે છે ? અમારા ગામમાં તાઝિયા બનાવવામાં આવતાં હતાં અને આજે પણ બનાવવામાં આવે છે. અને માત્ર તાઝિયા





જ નહીં ઔરતોનું ગીત ગાવું, લોકોનું માતમ કરવું, તાઝીયા પાસે ફાતિહા પઢવા, ત્યાં ખાવા રાખીને ઈસાલે સવાબ કરવો, દુઆ કરવી, તાઝિયામાં નાની કબ્રો બનાવવી, તેની સામુ ઊભા રહીને દુઆ કરવી, આ એવાં કામો છે જે મેં મારી આંખોથી જોયલાં છે જેમાં શંકા કુશંકાને કોઈ દખલ નથી. વધુ ગુનોહ તો એ કે ઉપરોકત કામોને સવાબ સમજીને કરવામાં આવે છે. આનો યુ.પી.ના મૌલાનાને તાઝીયા વિશે સવાલ કરવામાં આવ્યો, તેમણે આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી ફત્વો સંભળાવી આપ્યો કે **તાઝીયાદારી** જે આ જમાનામાં ચાલી રહી છે તે **હરામ** છે. **બિદઅતે સૈય્યઆ** છે, તેનાથી બચવું જરૂરી છે.

મૌલાના સાહેબે તો પોતાના તરફથી ઈસ્લામની સત્ય વાત બતાવી આપી પરંતુ પોતાની જહાલત અને અંધશ્રધ્ધાને સુન્નિયત સમજવાવાળાઓની અક્કલમાં આ વાત શી રીતે આવી શકે છે ! તેમણે તો લોકોમાં બૂમાબૂમ કરી અને આ ફત્વો વાયુવેગે લોકોમાં પ્રસરી ગયો. જાહિલો તરફથી તાઝીયાદારીને હરામ કહેવાવાળાઓને વહાબી કહેવા લાગ્યા. જો કે બધા જ સુન્ની હતા અને **અલ્હમ્દુ લિલ્લાહ** ! આજે પણ સુન્ની છે.

પેલો મક્કાર મૌલ્વી જેને દુનિયાથી મતલબ હતો તે સાચુ બોલીને પોતાનો ફાયદો શા માટે ગુમાવે, જેનો મકસદ દુનિયાવાળાઓને ખુશ કરવાનો હોય તે અલ્લાહ અને રસૂલની ખુશીની પરવા કેમ કરે ? જાહિલોએ જ્યારે તેને તાઝીયા વિશે પૂછયું તો તેણે કહ્યું, તાઝીયા બનાવવા તો હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ થી સાચી મહોબ્બતની ઓળખ છે એને તો છોડવું જ ન જોઈએ ! મક્કાર મૌલ્વીની ચાલથી મુસલમાનોમાં બે ભાગ પડી ગયા અને અંતે મસ્જિદ અને મદ્રસો અલગ બનાવવો પડયો. અને કમનસીબીથી આજે પણ તેઓ જહાલત પર અટલ છે અને તાઝીયાદારીનો ખાત્મો થયો નથી. મને એટલું કહેવાનો હક્ક છે કે જાહિલો સાથે મક્કાર મૌલ્વી ગુનાહોમાં બરાબરના શરીક છે અને રહેશે.

બુઝુર્ગોની કબ્રો પર જે કંઈ બુરાઈ થઈ રહી છે તેના જવાબદાર પણ ઘણે અંશે આલિમો છે, કારણ કે તેમણે લોકોને સારી રીતે સમજાવવાની કોશિશ કરી નથી અને એવું વિચારીને બેસી રહ્યા કે જો અમે બતાવવા જઈશું તો લોકો નારાજ થઈ જશે. એક પછી એક જેટલા આવે બધા જ આવું વિચારે

પછી અવામની બુરાઈઓનો ખાત્મો શી રીતે થાય ? જ્યારે મૌલ્વીઓને કહેવામાં આવે છે કે સુન્નીઓમાં જે બુરાઈઓ ચાલી રહી છે તેનો ખાત્મો કરવાની કોશિશ કરો ! પરંતુ તેમનો એક જવાબ હોય છે કે અમે શું કરીએ ?! પીરો અને મજાવરો કોઈની સાંભળતા જ નથી ! પોતાની મનમાની કરે જ જાય છે ! મારા નજીક મૌલ્વીઓનું આ બહાનું તદ્દન ખોટુ અને પાયા વિનાનું છે, હું એ પૂછવા ઈચ્છું છું કે દુનિયામાં પીરો મજાવરોની સંખ્યા વધારે છે કે મૌલ્વીઓની સંખ્યા વધારે છે ? કોઈ પણ શંકા વિના તમારે કહેવું જ પડશે કે મૌલ્વીઓની સંખ્યા વધારે છે, તો પછી ઓછી સંખ્યાના લોકો તમારી વધુ સંખ્યા પર વિજય શી રીતે મેળવી લે છે ? એટલે જ કે તમારી મોટી એવી સંખ્યા લોકોનો ડર રાખીને ઈસ્લામની વાત બતાવવાની હિંમત કરતા નથી ! દુનિયાના લોકોનું નારાજ થવું તમને પસંદ નથી, ખોટા પીરો અને ઢોંગી બાપુઓનો વાંધો ઉઠાવવો તમને યોગ્ય નથી લાગતો ! નારાજ થાય તો ! આમ દીનના નામ પર જન્મ લેતી બુરાઈઓનો ખાત્મો થઈ શકતો નથી બલ્કે બુરાઈઓ વધીને સઘળા દીનને બદનામ કરી શકે છે.

## ★ હું નસીહત માટે મજબૂર છું ★

હું મૌલ્વીઓને નસીહત કરવાનો હક્ક નથી રાખતો પરંતુ જ્યારે વધુ પડતા આલિમો દીનમાં બુરાઈઓનો જન્મ થતો જોઈને પોતાની જીભોને રોકી રાખે છે ત્યારે મને જરૂરથી એ વાતનો ઈસ્લામી હક્ક છે કે હું મારાથી વધુ જ્ઞાનીઓને કહી શકું છું, બલ્કે જરૂરત પડે કડવા શબ્દોથી પણ સંબોધી શકું છું. મૌલ્વીઓએ એ વાતથી વંચિત ન થવું જોઈએ કે રોઝી આપવાવાળો અલ્લાહ તઆલા છે, હિફાઝત કરવાવાળો અલ્લાહ તઆલા છે, જો આપણને ઈસ્લામથી સાચી મહોબ્બત હોય તો દીનની વાત પહોંચાડવામાં કોઈ પ્રકારની બીક ન હોવી જોઈએ.

## ★ આલિમો હક્કગો બને ! ★

હું એવું નથી કહેતો કે બધા જ આલિમો એક જેવા છે, ના ! આલિમોની મોટી સંખ્યામાં એ વાત છે જેની તેમણે ઈસ્લાહ કરવી જોઈએ અને પોતાની હાલત સુધારવી જોઈએ. પોતાની જવાબદારી યાદ રાખવી





જોઈએ. જો સઘળા આલિમો પોતાની જવાબદારી સમજી લે અને જવાબદારી પૂરી કરવાનું વચન લઈ લે તો કોઈ પણ ખોટો પીર અન ઢોંગી બાપુ પોતાનો ઢોંગ રચાવી ન શકે અને મજાવરો દરગાહો પર ઊભા ન રહે. કારણ કે પબ્લિક એક મૌલ્વીની મુખાલફત કરે, બેની કરે, ત્રણની કરે અમુકની કરે પરંતુ આલિમોની સઘળી સંખ્યા એક જેવી હોય તો કોને રાખે અને કોને છોડે, તેમને મજબૂર થઈને હક્ક કબૂલ કરવું જ પડે, ખોટાઓને ખોટા માનવા જ પડે. પણ કરીશું શું ?! ભૂલ જ આપણા મૌલ્વીઓની છે કે આપણી પાસે હક્ક બોલવાવાળી જીભ નથી અને સત્ય બોલવાની હિંમત નથી.

## ★ વહાબીઓનો મહાન ફાયદો ★

સુન્ની આલિમોની મોટી એવી સંખ્યા હક્ક બોલવાથી ચુપ રહી અને લોકોની તારીફથી ખુશ થતી રહી, અને બુરાઈઓ સુન્નીઓના નામોથી વધતી રહી એટલે સુધી કે કબ્રોને ચુમતા ચુમતા લોકો સિજદા સુધી પહોંચી ગયા, તાઝીયાદારીના હરામ કામને હલાલ સમજી ગયા, દરગાહો પર ઔરતોને કવ્વાલ તરીકે બોલાવવાને સવાબ સમજી ગયા, મ્યુઝિક જેવાં ખરાબ કામને વજદનો ઝરીયો સમજી ગયા ! અને વધુ કહો તો એ પણ ચાલી શકે છે કે ઉપરોકત ખરાબ કામોને પોતાની સુન્નિયત સમજી ગયા ! આ બધી ખરાબીઓ સુન્ની આલિમોના ખામોશ રહેવાથી વજૂદમાં આવી, તેનાથી સુન્નિયત બદનામ થઈ, અને તેનો મોટો ફાયદો વહાબીઓને મળ્યો અને સતત મળી રહ્યો છે, અને સુન્ની આલિમોએ પોતાના મુખમાં હજુ પણ સત્ય બોલવાવાળી જીભ પેદા નહીં કરી તો અશકય નથી કે વહાબીઓ દુનિયામાં છવાઈ થઈ જાય ! કારણ કે વહાબીઓ સુન્નીઓમાં થતાં ખરાબ કામો બતાવીને પોતાના ફિર્કાની તબ્લીગ કરતા હોય છે.

## ★ અજમેરમાં મજાવરોની ખરાબીઓ ★

અજમેર શરીફ રાજસ્થાન રાજયનું એક સુંદર મજાનું શહેર છે તેની સુંદરતામાં વધારો કરતું હઝરત ખ્વાજા ગરીબ નવાઝ અજમેરી

رحمۃ اللہ علیہ નું મઝાર છે. હિંદુસ્તાનમાં સૌથી વધારે ખ્યાતિ પામેલ હઝરત ખ્વાજાનું મઝાર છે. હિંદુ મુસ્લિમ સર્વે આપના મઝારને ઈજ્જત આપે છે, અને અદબ સાથે હાજરી આપવાને પોતાની સફળતા સમજે છે અને એ પણ કહી શકાય કે ખ્વાજા ગરીબ નવાઝની જીવંત કરામતો ત્યાં સતત વજૂદમાં આવી રહી છે. અને કોઈ મુસલમાન આપના મઝાર પર હાજરી આપી જેટલું ગર્વ કરે ઓછું છે, કારણ કે ખ્વાજા ગરીબ નવાઝની તબ્લીગના પરિણામે આપણા બાપ દાદાઓમાં ઈસ્લામની દોલત આવી છે. ભલા ઈસ્લામ અને ઈમાનથી વધીને કઈ દૌલત છે ? જ્યારે આટલી મહાન દોલત ખ્વાજા સાહેબના સદકામાં મળી તો આપણે તેમના એહસાનનો બદલો કોઈ પણ રીતે અદા કરી શકતા નથી. પરંતુ અફસોસની વાત એ છે કે ખ્વાજા સાહેબના મઝાર પર અનેક બુરાઈઓ થઈ રહી છે, ચરાખીના નામે પૈસા પડાવવા તો એક સામાન્ય વાત છે બલ્કે ત્યાંના મજાવરોમાં ભાગ્યે જ કોઈ હોય જેમાં આ કુટેવ ન હોય, અલ્લાહ બચાવે, કોઈ હાજરી આપવાવાળો સિજદો કરવા ન માંગે તો તેને જબરદસ્તી કદમ બોસીના નામે સિજદો કરાવે અને ન કરે તો બકવાસ કરે. દરેક પાસે પૈસા માંગે અને ન આપે તો કટુ શબ્દો બોલે. મને સારી રીતે ખબર છે અને હું બીજાનો નહીં મારો પોતાનો જ વાકયો સંભળાવું છું અને અલ્લાહ ગવાહ છે હું સત્ય કહી રહ્યો છું. હું મુબારકપુર તાલીમ પામી રહ્યો હતો ત્યારે રમઝાનના વેકેશનમાં ઘરે પરત આવતી વખતે અજમેર રોકાયો અને દરગાહ શરીફમાં ફાતિહા અને ઝિયારત માટે ગયો, મને શી ખબર કે ત્યાં લૂટ ફાટ ચાલતી હશે અને ન આપવા પર ખ્વાજાની ઈજાઝતનો પણ ખ્યાલ રાખવાામાં આવતો નહીં હોય. મને એવી ખબર હોત તો ફૂલ નહીં તો ફૂલની પાંખડી જરૂર આપતો, અને એક મજબૂરી એવી હતી કે મદ્રસામાંથી ઘરે પરત આવતાં અમારી પાસે અમારો જ ખર્ચો પૂરતો ન હોય તેમને શી રીતે આપીએ. જ્યારે અમારાથી ચાદરની નીચે આવવાની રિકવેસ્ટ કરવામાં આવી તો અમે આ'લા હઝરતની તાલીમ લક્ષમાં રાખીને મનાઈ કરી. બીજી વખત કહ્યું, તો જવાબ આપ્યો ઈસ્લામમાં આની મનાઈ કરવામાં આવી છે. તો મની સારી રીતે યાદ છે, જે મજાવરો અંદર જાળીની પાસે ઊભા રહે છે તેમાંથી એકે અપશબ્દો બોલીને કહ્યું, જાવ ! જાવ !





હવે વિચારવાની વાત એ છે કે તેઓ આપણને ખ્વાજા સાહેબનો અદબ શિખવે છે અને પોતે ત્યાં અપ શબ્દો બોલે છે. આ બધું શું છે ?! આલિમોના ખામોશ રહેવાનો નતીજો ! આલિમો દીનની બાબતે થતી બુરાઈઓને રોકવા કમર કસી લે તો આજે પણ બુરાઈનો નાશ થઈ શકે છે અને સુન્નીઓ અમલના આધારે બદનામ થવાથી બચી શકે છે.

## ★ અજમેરમાં થતી કવ્વાલીથી દલીલ ★

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ આપની કબ્રે મુબારક પર અલ્લાહ સતત રહમતની વર્ષા કરે આપે સત્ય અને અસ્લ સુન્નિયતને અરબી ભાષાથી ઉર્દૂમાં રૂપાંતર કરી છે. આપની દરેક વાત શરઈ દલીલના પ્રકાશમાં છે કોઈ પણ પ્રકારની બિદઅતે સૈય્યેઆ દીનમાં દખલ કરે એ આપને કયારેય પસંદ ન હતું. આપે પોતાના ફતાવામાં બિદઅતે સૈય્યેઆનો ભરપૂર રદ કરેલો છે. સુન્નિયતના નામ પર જન્મ લીધેલ દરેક ખરાબીને વિગતવાર વર્ણવીને તેનો નાશ કરવાનો સબક આપેલો છે. અજમેરમાં અને બીજી દરગાહો પર મ્યુઝિકની સાથે જે કવ્વાલીઓના પ્રોગામ રાખવામાં આવે છે અને કવ્વાલો કવ્વાલણોને બોલાવીને બોમુકાબલા કરવામાં આવે છે અને તેને નાજાઈઝ નહીં બલ્કે જાઈઝ સમજીને કરવામાં આવે છે. શું આ અફસોસની વાત નથી ? એક નાજાઈઝ કામને જાઈઝ સમજીને કરવામાં આવે, અને તે પણ બુઝુર્ગોના ઉર્સ મુબારકના નામથી અને તે પણ તેમની કબ્રની પાસે. આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ એ પોતાના ફતાવામાં મ્યુઝિક સાથે થતી કવ્વાલીને **હરામ** કહી છે, અને હરામ કામોને લક્ષમાં રાખીને કરવામાં આવતા ઉર્સને મેળાનું નામ આપ્યું છે. અને આમ કરનારાઓને ખુદા નાતરસ (ખુદાથી ન ડરનાર) ફર્માવ્યા છે. દરગાહો પર ઉર્સની ઈજાઝત છે, મેળાની નહીં. પરંતુ આજે ઉર્સના શબ્દનો સહારો લઈને મેળો કરવામાં આવે છે. મર્દનું પ્રમાણ ઓછું અને ઔરતોનું પ્રમાણ વધારે ! અલ્લાહ જાણે ઔરતોની હાજરીથી બીજું શું નહીં થતી હોય ? આ'લા હઝરતનો ફત્વો કે ઔરતો મઝારોની ઝિયારત માટે નથી જઈ શકતી તે વિશે એક બે ફત્વા નહીં આખો રિસાલો લખેલો છે, તો પણ

ઔરતો જઈ રહી છે અને જૂઠા પીર, ઢોંગી બાપુઓ અને નીડર મજાવરો તેમનાથી દુનિયા આબાદ કરી રહ્યા છે. ભલેને તેમની આખેરત બરબાદ થઈ જાય !

એક ભાઈ કવ્વાલોનો ઘણો જ શોખીન હતો. મારી તેની સાથે મુલાકાત થઈ. મને ખબર જ હતી કે આને કવ્વાલી ઘણી જ પ્રિય છે. મેં તેને કહ્યું, ભાઈ ! મ્યુઝિક સાથે કવ્વાલી નાજાઈઝ અને હરામ છે તેનાથી બચવું જરૂરી છે. તેણે જલ્દીથી જવાબ આપ્યો, મૌલાના ! આપ કવ્વાલીને નાજાઈઝ કેવી રીતે કહો છો કવ્વાલી તો ખ્વાજા સાહેબે ચાલુ કરાવી છે ? મેં જવાબ આપ્યો, ભાઈ ! હું કવ્વાલીને નાજાઈઝ નથી કહેતો બલ્કે મ્યુઝિકને નાજાઈઝ કહું છું અને મ્યુઝિકની સાથે કવ્વાલી હોય તો તે પણ નાજાઈઝ. ખ્વાજા સાહેબે મ્યુઝિક સાથે કવ્વાલી નથી સાંભળી. તેણે કહ્યું, મૌલાના ! મ્યુઝિક સાથે સાંભળી છે અને એની દલીલ આજે પણ મૌજૂદ છે કે ત્યાં અજમેરમાં ખ્વાજા સાહેબના મઝાર પર કવ્વાલી મ્યુઝિક સાથે થઈ રહી છે એ ખ્વાજા સાહેબની વજૂદ આપેલી કવ્વાલીની યાદગાર છે એટલે નાજાઈઝ કેવી રીતે કહી શકાય ? મેં ફતાવા રઝવિય્યહ્માં આ'લા હઝરતનો ફત્વો પઢેલો હતો અને તેમાં આ'લા હઝરતે દરેક ઉપસ્થિત થતા સવાલનો જવાબ આપેલો છે. મેં કહ્યું, ભાઈ ! તમે એટલું કહો, શું આ'લા હઝરત સુન્નીઓના મોટામાં મોટા આલિમ છે કે નહીં ? તેણે કહ્યું, કેમ નહીં ! આપ તો મોટામાં મોટા મોહક્કિક છે, એશિયા ખંડમાં આપની બરાબરીમાં કોઈ નથી. તો મેં કહ્યું, ભાઈ ! તે જ આ'લા હઝરતે મ્યુઝિક સાથે કવ્વાલીને નાજાઈઝ બતાવી છે અને ખ્વાજા સાહેબ તથા બીજા ચિશ્તી બુઝુર્ગો તરફ જે મ્યુઝિકવાળી કવ્વાલીનો સંબંધ કરવામાં આવ્યો છે તેને આપે તે મહાન બુઝર્ગો પર ખોટો આક્ષેપ કહ્યો છે. જો કોઈ ભરોસાપાત્ર કિતાબમાં આનો ઉલ્લેખ હોત તો આ'લા હઝરત જરૂર તેનું વર્ણન કરતા, તેમનું વર્ણન ન કરવું એની દલીલ છે કે જાહિલોએ પોતાના તરફથી એક કામને વજૂદ આપી તેને લોકોની નજરોમાં પ્રિય બનાવવા ખ્વાજા તરફ સંબંધ કર્યો. તેણે માફી માંગી અને કહ્યું, આ'લા હઝરત જેમણે લગભગ એક હજાર નાની મોટી બુકો લખી, જેમને મુજદ્દિદ કહેવામાં આવ્યા, જેમનું ઈલ્મ અતિ વિશાળ છે, જ્યારે તેમણે આ વિશે





ઉલ્લેખ કરેલો છે તો પછી હું તેનાથી વિવાદ કરી શકતો નથી. કહેવાનો ભાવાર્થ એ કે ખ્વાજા સાહેબના મઝાર પર મ્યુઝિક સાથે થતી કવ્વાલીને જોનારે ખ્વાજા સાહેબનું વજૂદ આપેલું કામ બતાવ્યું અને તેને શરઈ દલીલ સમજવા લાગ્યા, જ્યારે કે ખ્વાજા સાહેબથી તેને દૂરનો પણ સંબંધ નથી. એટલા માટે જ હું કહું છું કે દરગાહો પર થતાં ખરાબ કામોને રોકો અને તેને રોકવા માટે કમર કસો. મૌલ્વી પોતાના બયાનોથી દુનિયાની હુકૂમતનો પલ્ટો ખવડાવી આપે છે તો પછી દરગાહો પર થતાં ખરાબ કામોને અટકાવવાં તો ચપટીનું કામ છે. રોકો ! નહીં તો આપણા નામથી ચાલતાં ખરાબ કામોને વહાબીઓ આપણી ગલતીની દલીલ બનાવીને હજારો લાખો લોકોને બેદીન બનાવી આપશે.

## ★ અજમેરના સેમાખાનામાં કવ્વાલીની હાજરી ★

હું પ્રેસ્ટનમાં એક જગાએ દા'વતમાં ગયો તો અંદર એન્ટ્રી થતાંની સાથે મેં જોયું કે ટીવી કેસેટ ચાલી રહી છે અને એક કવ્વાલણ નકાબની પાબંદી વિના ખૂબ હાથ હલાવી હલાવીને અને ઢોલકની સાથે કવ્વાલી ગાય રહી છે ! મેં સવાલ કર્યો, ભાઈ ! આ કેસેટ કયાંની છે ? તેમણે કહ્યું, આ અજમેર શરીફના ઉર્સની કેસેટ છે અને આ ખ્વાજા સાહેબનું સેમાખાનું છે જેમાં આ કવ્વાલણ કવ્વાલી ગાય રહી છે. મને અફસોસ થયો અને મારું દિલ કહેવા લાગ્યું કે ખ્વાજા સાહેબના મઝાર પર રહેતા મુજાવરો કેટલા નીડર અને ઈસ્લામી શરીઅતથી બેરગબત થઈ ગયા છે કે તેમની પાસે ખ્વાજા સાહેબ જેવા મહાન વલીના દરબારની પણ કોઈ ઈજ્જત નથી, તેઓ ખ્વાજા સાહેબને કેવી રીતે બદનામ કરી રહ્યા છે ! મારા દિલે મને જવાબ પણ આપ્યો કે આ દુનિયા છે ! દુનિયા ! લોકો ખ્વાજા સાહેબથી દીન લે છે અને ત્યાં રહેવાવાળાઓ ખ્વાજાના નામ પર દુનિયા લે છે ! (અલ્લાહની પનાહ !)

## ★ દરગાહો પર ઔરતોની ભીડભાડ ! ★

સુન્નીઓમાં એક વાતની કમી એ જોવા મળે છે કે લોકોમાં એક પ્રકારની જહાલત ચાલી ગઈ હોય અને પછી તેની બાબત શરઈ હુકમ

બયાન કરવામાં આવે તો બયાન કરનાર સુન્નીઓનો ગમે તેટલો મહાન આલિમ હોય પણ તેની વાત પર ધ્યાન આપવામાં આવતું નથી બલ્કે તેની વિરૂધ્ધ વિવિધ પ્રકારનો બકવાસ કરવામાં આવે છે ! જો સુન્ની અવામ આ કમીનો ઈલાજ નહીં કરે તો તેમનામાં ચાલતી બુરાઈનો ખાત્મો થઈ શકતો નથી. ઘણી બધી જહાલતો આપણામાં એવી છે જેની બાબતે રદિયો આ'લા હઝરત رضی اللہ عنہ એ પોતાની કિતાબોમાં વર્ણવેલ છે તો પણ આપણી આંખ ખુલતી નથી અને આપણી સમજમાં આવતું નથી. **ઔરતોને દરગાહ પર જવા બાબતે સુન્નીઓના મહાન ઈમામ આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ એ એક કિતાબ લખી છે જેમાં કુર્આન, હદીષ અને ઈમામોના મંતવ્યથી મનાઈનો ફત્વો આપ્યો છે તેમ છતાં આપણે આપણી ઔરતોને દરગાહો પર જવાની રજા આપીએ છીએ અને તેમની સાથે આપણે પણ ગુનાહમાં પોતાનું નામ લખાવીએ છીએ.** જિલ્લા ભરૂચના પારખેત ગામની નિકટમાં એક મશહૂર અને ખ્યાતી પામેલી દરગાહ છે જેમનું નામ બાબા રૂસ્તમ رحمۃ اللہ علیہ છે. હાલ પણ ત્યાં કરામતો જાહેર થઈ રહી છે અને મુસીબતવાળાઓને ફાયદો થાય છે પરંતુ અજમેર શરીફ માફક અહીં એક કમી એ જોવા મળે છે કે અહીં ઔરતો ખૂબ જ પ્રમાણમાં હાજરી આપે છે જે અસલ સુન્ની માન્યતા પ્રમાણે ખોટું કામ છે. અને અહીંની જ વાત નથી, મોટા ભાગની દરગાહો પર ઔરતો એ રીતે ભીડ કરે છે કે મઝાર શરીફમાં દાખલ થવામાં પણ પુરૂષોને તકલીફ ખડી થાય છે !

## ★ ઉર્સમાં ઔરતો જ ઔરતો ! ★

હઝરત બાબા રૂસ્તમ رحمۃ اللہ علیہ ની દરગાહ પર ઔરતો વધુ પ્રમાણમાં આવતી હોય છે અને ઉર્સ સમયે અહીંનો મન્ઝર અફસોસજનક હોય છે ! મર્દોની સંખ્યા ઓછી અને ઔરતોની સંખ્યા વધારે ! સાહિબે મઝાર જેમણે દુનિયામાં ગેર મહરમ ઔરતોથી બચીને જિંદગી પસાર કરી તેમની કબ્ર પર બેપર્દા ગેર મહરમ ઔરતોની હાજરી જોઈને તેઓ પોતે પણ અફસોસ કરતા હશે કે આ શું થઈ રહ્યું છે ? અને મારી કબ્રની કેવી બેઈજ્જતી થઈ રહી છે !!





## ★ ઔરતોમાં પર્દાનું નામ નથી ★

જો ઔરતો પર્દાની પાબંદીની સાથે દરગાહ પર હાજરી આપે તો પણ તેમને ઈજાઝત આપી શકાતી નથી, જેની બાબતે આ'લા હઝરતનું લખાણ છે. તેમ છતાં વિના પર્દે આવનાર ઔરતોને ઈજાઝત શી રીતે મળી શકે છે ? આપણા માહોલમાં ઔરતોને એટલી છૂટ આપવામાં આવી છે કે પર્દો તો નથી જ પણ ઓઢણીને માથે નહીં સ્ટાઈલથી ખભે લટકાવામાં આવે છે અને ઓઢણીનું નામ બદનામ કરવામાં આવે છે. ઓઢણી એટલે ઓઢવાની ચીજ જેનાથી માથું ઢાંકવામાં આવે પરંતુ આજે જ્યારે તેને સ્ટાઈલથી ખભે લટકાવામાં આવે છે તો તેનું નામ બદલી તેને લટકણી કહેવું જોઈએ ! ચમકદાર કપડાં, ભરપૂર ફેશનથી ચુસ્ત, ખભે ઓઢણી, વાળ કપાવેલા, બદન પરફ્યુમથી મહેકે, ઊંચી એડીના ચપ્પલ, ચહેરા પર મેકપ, પગમાં ઝાંઝર, હાથમાં મેચીંગ બંગડીઓ, જણસોનો શણગાર જાણે દુલ્હન ! જેની આજે જ વિદાય થઈ રહી છે ! આવી હાલતમાં બુઝુર્ગના મઝાર પર તે જવાતુ હશે ?! ઔરતે વિના પર્દે બહાર નીકળવું ગુનોહ અને બુઝુર્ગોની કબ્રો પર હાજરી તેનાથી મોટો ગુનોહ કારણ કે આમાં સાહિબે કબ્રની બેઈજ્જતી પણ છે.

## ★ મા બાપ અને શોહરો જવાબદાર છે ★

ઔરતો પોતાની આઝાદીનું એલાન શી રીતે કરી શકે છે ? પરંતુ તેમના જવાબદારો જ્યારે પોતાની જવાબદારીને ભૂલાવી બેસે ત્યારે જ ઔરતોને આઝાદી મળે છે. ઔરતોની આઝાદી મર્દોની ગુલામીની દલીલ છે. જવાન છોકરીઓનું બની ઠનીને નીકળવું મા બાપની ભૂલનો પડછાયો છે. હીરોઈન બનીને છોકરી જ્યારે પોતાની તરફ જોવાની લોકોને દા'વત આપે છે અને લોકો તેને જોઈને પોતાની આંખો તથા દિલને ખરાબ કરે છે તે દરેક જોનાર ગુનેહગાર અને ઔરતને જોનારાઓની સંખ્યા બરાબર બલ્કે તેમની નિગાહોની સંખ્યા બરાબર ગુનોહ. શું મા બાપ પોતાની છોકરીઓને કંટ્રોલમાં નથી લાવી શકતા ?! છોકરીની શાદી થઈ ગયા પછી તેની જવાબદારી તેના શોહરના માથે ચાલી જાય છે, શોહરના હાથમાં તેણીની ચાવી હોય છે, શું તે પોતાની વાઈફને એ રીતે રાખવા

ઈચ્છે છે કે દરેકની નિગાહોનું સેન્ટર બને અને લોકો જોઈ જોઈને પોતાના દિલોને બેહલાવતા ફરે ?! અફસોસ છે ! મા બાપ જેમણે પોતાની છોકરીઓને બેલગામ કરી આપી અને અફસોસ છે તે શોહરો પણ જેમણે ઔરતોની ગુલામી અપનાવી લીધી !

## ★ એક પ્રશ્નનો ઉત્તર ★

એક પ્રશ્ન એ કરવામાં આવે છે કે ઔરતો બજારમાં જાય છે બીજા પ્રવાસો કરે છે, ગુનાહના કામે પણ નીકળી આવે છે પછી દરગાહો પર તેમની હાજરી ઝિયારત માટે હોય છે અને ત્યાં તેઓ સલામ દુઆ અને કુર્આનની તિલાવત કરે છે પછી તેનાથી રોકવામાં ફાયદો નથી ? તો આ પ્રશ્નનો જવાબ એ છે કે બજારમાં કે બીજા પ્રવાસોમાં ઔરતનું નીકળવું સવાબ સમજીને નથી હોતું, માત્ર દુનિયાનું કામ સમજીને હોય છે, પરંતુ દરગાહો પર તેમની હાજરી જાઈઝ નથી તો પણ તેઓ જ્યારે દરગાહો પર હાજરી આપશે તો સવાબનું કામ સમજીને, જ્યારે તેમને શરીઅત તરફથી રજા આપવામાં આવી નથી આવી તો ગુનાહને સવાબ સમજવું વધુ ગુનાહનું કામ બની શકે છે એટલે ઈજાઝત આપી શકાતી નથી. બીજું એ કે હદીષ શરીફમાં જ્યારે મનાઈનો હુકમ છે પછી આપણને રજા આપવાનો અધિકાર કેમ કરી પ્રાપ્ત થઈ શકે છે ?

## ★ મજાવરોને મજા પડી ગઈ ! ★

દરગાહોની મજાવરીનું કામ મુત્તકી અને પરહેઝગાર લોકોના હાથમાં હોત તો થોડુ પણ યોગ્ય થઈ શકે છે. પરંતુ હવે દીનનું અને ધર્મનું કયુ સ્થાન એવું છે જ્યાં મુત્તકી અને પરહેઝગાર લોકોને ઉત્તમતા આપવામાં આવતી હોય ? અયોગ્ય, શરીઅતથી બેપરવા, દીનથી દૂર એવા લોકો જ દરેક જગાની જવાબદારી કબૂલી લે છે ! દરગાહો પર મજાવરોને જોશો તો તમને એ જ જોવા મળશે કે દરગાહોની નિકટમાં રહીને પણ કબ્રવાળાનો ફૈઝ તેમને મળતો નથી ! અને મળે કયાંથી ફૈઝ મેળવવા માટે સાચી નિય્યત પણ જરૂરી છે, ગુજરાતી ઉખાણું છે, જેની નિય્યતમાં ખતરો તેની ઝોલીમાં પથરો ! જ્યારે તેમની નિય્યત દરગાહની





ખિદમતથી દુનિયા પ્રાપ્ત કરવાનો છે તો પછી તેમને ફૈઝ કયાંથી મળે, દુનિયા મળે કે પછી ગુનાહોનો વધારો.

## ★ મજાવરો ઈચ્છે તો પાબંદી લગાવી શકે છે ★

આજે એ જોવા મળે છે કે દરગાહોનું કંટ્રોલ મજાવરોના હાથમાં છે, જો તેમના દિલો દિમાગામાં અલ્લાહનો ડર અને ખૌફ જગા લે તો તેઓ ઔરતો માટે પાબંદી લગાડી શકે છે. કારણ કે આલિમો તો કોઈ નથી ઈચ્છતા કે દરગાહો પર શરીઅત વિરૂધ્ધ કામ કરવામાં આવે, પરંતુ મજાવરોની દિલી ખ્વાહિશ એ નથી કે શરીઅત વિરૂધ્ધ થતાં કામોની પાબંદી લગાડવામાં આવે. કેમ કે તેઓ સમજે છે કે દરગાહો પર આપણી કામયાબી અને સફળતા શરીઅત વિરૂધ્ધ કામોમાં જ છે. જો દરગાહો પર ઔરતોને આવવાથી રોકી આપવામાં આવે તો ઔરતો થકી મળતી ચિરાગી જતી રહે ! ફૂલોના વેપારીઓનો ધંધો મંદ પડી જાય અને જૂઠુ બોલીને ઔરતોને લૂટવામાં આવે છે તે કામ થઈ ન શકે. મર્દ ગમે તેટલો જાહિલ પણ ઔરતોથી તેની બુદ્ધિ અધિક હોય છે એટલે એને બનાવવો સહેલુ નથી પરંતુ ઔરતોને તો સહેલી રીતે બનાવી શકાય છે, પછી રૂપિયા પૈસાના ભૂખા મજાવરો ઔરતોને રોકવાનો પ્રયત્ન શાથી કરે ? (અલ્લાહની પનાહ !) આ'લા હઝરતની તાલીમ આવી નથી, આ તો મજાવરોની જહાલત છે અને તેમની જહાલતને લોકો પોતાની સચ્ચાઈ અને સુન્નિયત સમજે છે જ્યારે કે ખરેખર સુન્નિયત એ છે જેનું વર્ણન આ'લા હઝરત ફાઝિલે બરેલ્વીએ કરેલું છે, અલ્લાહ તઆલા આપણને તેમની વાત પર અમલની તૌફીક બખ્શે અને જહાલતના કામોથી બચાવે.

## ★ અદબના નામથી બેઅદબી ★

વહાબીઓ અલ્લાહના વલીઓ વિશે ગમે તેવો અકીદો રાખતા હશે પરંતુ વલીઓ વિશે આપણો અકીદો એ છે કે તેઓ જીવંત છે અને અલ્લાહ તઆલા તરફથી તેમને શકિત આપવામાં આવી છે, અને આપણી માન્યતા એ પણ છે કે તેમની દરગાહ પર આવનાર ઝાઈરોને તેઓ જુએ છે, ઓળખે છે અને તેમની હાલતનું ઈલ્મ ધરાવે છે. આમ માનવા છતાં

આપણુ વલણ દરગાહો પર એવું છે જેનાથી બેઅદબી જાણવા મળે છે. પરંતુ આપણે બેઅદબીને પણ અદબ સમજીએ છીએ કારણ કે આપણને શરઈ કાયદાનું ઈલ્મ નથી. શરઈ કાયદાને લક્ષમાં ન રાખી આપણી મનમાની અદબથી પસાર થવું હકીકતમાં બેઅદબી બની જાય છે. સિજદએ તા'ઝીમી એટલે રિસ્પેકટનો સિજદો કરવો શરઈ કાયદાને આધારે અલ્લાહ સિવાય દરેક માટે હરામ છે, નબીને કરવો પણ જાઈઝ નથી, આગલી શરીઅતોમાં તેની ઈજાઝત હતી પરંતુ આપણી શરીઅતમાં તેને હરામ કરાવામાં આવ્યો છે. તો પણ તમે જોશો કે ઘણા બધા સુન્નીઓ એવા છે જે જમીન પર કપાળ રાખીને રીતસર સિજદો કરે છે અને આ કામને જ દરગાહ પરનો અમલ સમજે છે જ્યારે કે આ કામ શરઈ કાયદાના આધારે હરામ છે. હવે તમે પોતે જ કહો કે તેણે સિજદો કરીને અદબ કર્યો કે પછી બેઅદબીનો વબાલ માથે લીધો ? આજે પણ એવા જાહિલ અને અક્કલના દુશ્મન સુન્નીઓ છે જેમને આલિમોની વાતોથી કોઈ મતલબ જ નથી ! જેમને હદીષ અને કુર્આનના નામથી કાંઈ કહેવામાં આવે તો પણ તેઓ પોતાની જહાલતને જ ઉત્તમતા આપે છે ! વાસ્તવમાં સુન્નિયત શું છે તેમને તેનું ઈલ્મ જ નથી. તેમના નિકટ તેમના જહાલતના કાર્યો જ સુન્નિયત છે. અલ્લાહ તઆલા તેમની જહાલત દૂર ફર્માવે અને તેમને સત્ય માર્ગ બતાવે.

## ★ ઔરતોની હાજરી જ બેઅદબી છે ★

જ્યારે એ જાણી લીધું કે દરગાહો પર ઔરતોને જવાની શરીઅત તરફથી ઈજાઝત આપવામાં આવી નથી અને એ પણ ખબર છે કે સાહિબે મઝારને આવનારનું ઈલ્મ થાય છે અને તેને જુએ પણ છે. હવે તમે પોતે જ ફેંસલો કરો કે બુઝર્ગો જેમણે શરીઅતના કાયદા કાનૂનને લક્ષમાં રાખીને જીવન વિતાવ્યું, અલ્લાહને નારાજ કરવાની કયારે પણ ટ્રાય ન કરી. જ્યારે તેમની સમક્ષ ઔરતોને લાવવામાં આવતી હશે તેમને જોઈને તેઓ કેટલો અફસોસ કરતા હશે ! હવે તમે બતાવો ! ઔરતો ત્યાં આવીને ગમે તેટલા અદબથી પેશ આવે તો જ્યારે તેમનું ત્યાં હાજરી આપવું જ બેઅદબી છે તો પછી ત્યાં રોકાવું અદબ કેવી રીતે બની શકે છે. સુન્નીઓએ આ વાતો





પર ધ્યાન કરવું જોઈએ.

## ★ બુઝુર્ગોની ખુશી કયા કામમાં છે ★

બુઝુર્ગોની ખુશી શરીઅતની વાતો પર અમલ કરવામાં છે. શરીઅત વિરૂધ્ધ થતાં કામોથી તેમને કયારે પણ ખુશી મળી શકતી નથી. એટલે જો બુઝુર્ગોની કબ્રો પર હાજરી આપીને તેમને ખુશ કરવા હોય તો શરીઅતને લક્ષમાં રાખવી પડશે. જો શરીઅતથી ખસીને કામો કરવામાં આવે તો બુઝુર્ગો કયારે પણ ખુશ થઈ શકતા નથી. ફૈઝ તેમને ખુશ કરવાથી મળે છે, નાખુશ કરવાથી નહીં. જો હાજરી આપી રૂહાની ફાયદો પ્રાપ્ત કરવો હોય તો તેમને ખુશ કરો, અને તેમની ખુશી શરઈ કાયદાનુસાર અમલ કરવાથી છે, તો શરઈ કાયદાને લક્ષમાં રાખો.

## ★ ઔરતો જઈ નથી શકતી દલીલની રોશનીમાં ★

નબીએ પાક ﷺ તરફથી ઔરતોને મસ્જિદ, ઈદગાહ અને દુઆ માટે આવવાની ઈજાઝત આપવામાં આવી હતી અને ઔરતો મસ્જિદમાં હાજરી પણ આપતી હતી. પરંતુ આ હુકમ હમેશાં માટે ન રહ્યો જ્યાં સુધી લોકોની હાલત સારી હતી, દિલોમાં બીજા પ્રત્યે ખોટા વસવસાઓ ન હતા તેવા સમયે મસ્જિદમાં આવવાથી ઔરતોને કોઈ નુકસાન ન હતું, પરંતુ જ્યારે જમાનાની હાલત બદલાવા લાગી અને લોકોના દિલોમાં ગુનાહોના ઈરાદા જન્મ લેવા લાગ્યા ત્યારે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضي الله عنه એ ઔરતોને મસ્જિદમાં આવવાની મનાઈ ફર્માવી આપી. આ દલીલથી જાણવા મળ્યું કે સહાબાએ કિરામના બેહતર જમાનામાં પણ ઔરતોને મસ્જિદમાં આવવાની મનાઈનો હુકમ ચાલુ થઈ ગયો હતો.

## ★ ખૈરુલ કુરૂનમાં રાખવામાં આવેલી સાવધાની ! ★

ખૈરુલ કુરૂન (સહાબા, તબાઈનનો જમાનો)માં મામૂલી સરખી બદીનો અણસાર લાગ્યો તો તેનો પણ ખ્યાલ રાખવામાં આવ્યો, અને તેને લઈને ઔરતોને મસ્જિદમાં આવવાની મનાઈ ફર્માવી. જ્યારે સારા

અને ભલાઈના જમાનામાં મામૂલી સરખી બદીના અણસારને લઈને મસ્જિદમાં ઔરતોને આવવાની મનાઈ કરવામાં આવી તો હવે તો મહાન મહાન ફિત્ના જન્મ લઈ રહ્યા છે ! અને ઔરતોની ઈજ્જત બચાવી મુશ્કેલ થઈ પડી છે ! પછી તેમને ઈજાઝત શી રીતે આપી શકાય ? અને મસ્જિદની જમાઅત વાજિબ છતાં પણ ફસાદના ખ્યાલથી તેમને વાજિબથી રોકી આપવામાં આવી તો પછી કબ્ર પર હાજરી આપવી મુસ્તહબ છે, તેની ઈજાઝત શી રીતે આપી શકાય છે ?

હદીષ શરીફમાં છે : لَا تَمْنَعُوْا اِمَاءَ اللّٰهِ مَسَاجِدَ اللّٰهِ ۔ અલ્લાહની બંદીઓને અલ્લાહની મસ્જિદથી ન રોકો ! હદીષ શરીફનું આ ફર્માન નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ દુનિયાવી હયાતના જમાના માટે હતું, ત્યાર બાદ જ્યારે ઔરતો બાબતે બેઈજ્જતીના ભય જેવું લાગવા માંડયું તો ઔરતોને મસ્જિદમાં આવવાથી મનાઈ કરી આપવામાં આવી. સહીહૈન અને સુનને અબી દાઊદમાં ઉમ્મુલ મુઅમેનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી ઈર્શાદ નકલ કરવામાં આવ્યો છે, ફર્માવે છે :

لَوْ اَدْرَكَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَا اَحْدَثَ
النِّسَاءُ لَمَنَعَهُنَّ الْمَسْجِدَ كَمَا مُنِعَتْ نِسَاءُ بَنِىْ اِسْرَائِيْلَ

ઔરતોએ જે કંઈ કર્યું હુઝૂર જોઈ લેતા તો તેણીઓને મસ્જિદે આવવાથી રોકી આપતા જેમ કે બની ઈસરાઈલની ઔરતોને રોકી આપવામાં આવી હતી. એટલે કે ઔરતોની હાલત જોઈએ તેવી પાકીઝા નથી તો પછી તેમને મસ્જિદે આવવાની ઈજાઝત કેવી રીતે આપી શકાય ? ઈનાબામાં છે : અમીરુલ મો'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ ઔરતોને મસ્જિદે આવવાથી મનાઈ ફર્માવી તો તેણીઓએ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની ખિદમતમાં ફરિયાદ લઈ ગઈ કે ઉમર ફારૂકે આ'ઝમે તેમને મસ્જિદે આવવાથી મનાઈ કરી આપી છે. તો આપે જવાબમાં ફર્માવ્યું : لَوْ عَلِمَ النَّبِىُّ مَا عَلِمَ عُمَرُ مَا اَذِنَ لَكُنَّ فِى الْخُرُوْجِ ۔ હઝરત ઉમરને જે વાતની ખબર છે તે નબીએ પાકને ખબર પડી ગઈ હોત તો તમને નીકળવાની રજા ન આપતા. ઐની જિલ્દ ત્રણમાં હઝરત અબ્દુલ્લાહ બિન





મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે : આપનો ઈર્શાદ છે :–

اَلْمَرْاَةُ عَوْرَةٌ وَاَقْرَبُ مَا تَكُوْنُ اِلَى اللّٰهِ فِىْ قَعْرِ بَيْتِهَا
فَاِذَا خَرَجَتْ اِسْتَشْرَفَهَا الشَّيْطَانُ

ઔરત ઢાંકવાની ચીજ છે અલ્લાહથી સૌથી વધુ નિકટ પોતાના ઘરના ખૂણામાં હોય છે. જ્યારે બહાર નીકળે છે તો શૈતાન તેને જુએ છે. એટલે કે શૈતાન લોકોના દિલોમાં તેણીને જોવાનો વસવસો નાખે છે. હઝરત ઈબ્રાહીમ નખઈ رحمۃ اللہ علیہ જેઓ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફાના ઉસ્તાદ છે, પોતાના ઘરની ઔરતોને જુમ્આ અને જમાઅતની હાજરીથી રોકતા હતા. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ જુમ્આના દિવસે ઔરતોને કાંકરીઓ મારી મારીને મસ્જિદથી બહાર મોકલતા હતા. હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ એ જવાન ઔરતો માટે તદ્દન મનાઈ ફર્માવી, કોઈ પણ નમાઝમાં તેમની હાજરી અયોગ્ય છે અને ડોસીઓને ફજર, મગરિબ, અને ઈશામાં હાજરીની ઈજાઝત આપી હતી પરંતુ :

اَلْفَتْوٰى اَلْيَوْمَ عَلٰى كَرَاهَةِ حُضُوْرِهِنَّ فِى الصَّلٰوتِ
كُلِّهَا لِظُهُوْرِ الْفَسَادِ

ફિત્ના ફસાદને લઈને આજે તેમની દરેક નમાઝની હાજરી પર મકરૂહ હોવાનો ફત્વો આપવામાં આવ્યો છે.

## ★ સહાબા અને તાબઈનનો જમાનો ભલાઈનો જમાનો હતો ★

સહાબા અને તાબેઈનનો જમાનો હદીષે પાકે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની રોશનીમાં ભલાઈનો જમાનો હતો અને તે સમયે સરકારે મદીના علیہ الصلوٰۃ والتسلیم ના ફર્માન પર મજબૂપણે અમલ કરવામાં આવતો હતો. હુઝૂરના સ્પષ્ટ ઈર્શાદ વિરૂધ્ધ કોઈની વાત માન્ય રાખવામાં ન આવતી હતી અને એ શકય જ ન હતું કે ફર્માને નબી છોડવામાં આવે અને તે બાબતે ઉહાપોહ ઊભો ન થાય ! હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ ઔરતોની મહેર બાબત સીમા રેખા ખેંચવાનો ઈરાદો પ્રગટ કર્યો તો ઔરતે ઉઠીને દલીલ

આપી અને હઝરત ઉમરને પોતાનો ઈર્શાદ પરત લેવડાવ્યો હતો. પછી ઔરતોને મસ્જિદમાં આવવાની મનાઈ કરવામાં આવી તો સહાબા ખામોશ કેમ રહ્યા ? એટલે જ કે જમાનાની હાલત જોઈ તેમણે ઔરતોની ઈજ્જત માટે મસ્જિદોમાં હાજરી ન આપવી જ યોગ્ય સમજ્યું અને મનાઈ પર ખામોશ રહી પોતાની ખુશી પ્રગટ કરી. જો સઘળા સહાબાને ઔરતોને રોકવું પસંદ ન હોત તો તેઓ હઝરત ઉમરના મનાઈ હુકમ પર ખામોશ ન રહેતા અને ઔરતો હાજરી આપે તેની લડત લડતા. અને હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના હક્કમાં બયાન ન આપતાં. બલ્કે હઝરત ઉમરના મનાઈ હુકમનો વિરોધ ઉઠાવી ઔરતોને મસ્જિદમાં લાવીને જ દમ લેતાં.

## ★ વિરોધીઓ આ તરફ લક્ષ આપે ★

અન્ય બાતિલ ફિર્કાઓ જેઓ ચાર ઈમામોની તકલીદને માન નથી આપતા અને પોતાની મનમાની કર્યે જાય છે તેમના તરફથી અમુક વાતોમાં ઔરતોની દોરડી ઢીલી છોડવામાં આવી છે જેને લઈને ઔરતોને મસ્જિદમાં આવવાની આજે પણ રજા આપવામાં આવે છે. અને તેમની ઔરતોના દેખાદેખી સુન્ની ઔરતોને મસ્જિદમાં આવવાનો શોખ થયો તો અમુક આલિમોએ સહાબાના ફર્માનને ભૂલાવી ઔરતોને મસ્જિદમાં આવવાની રજા આપી. ઈન્ડિયામાં તો આમ થયું હશે નહીં પરંતુ અહીં યુ.કે.માં તો રોજના નવા નવા મસ્અલાઓ ઊભા થાય છે અને આલિમો આગલી વાતોને ભૂલીને પોતાની જ હાંકે જાય છે. સુન્નીઓની મસ્જિદોમાં ઔરતોને હાજરી આપવાની રજા મળી, કબ્રસ્તાનમાં જવાની રજા મળી, અને ઔરતો અમુક મસ્જિદમાં આવજા કરતી જોવા મળે છે. (અલ્લાહની પનાહ !) સહાબાએ કિરામ તરફથી જ્યારે મનાઈ કરવામાં આવી, ઈમામોએ મના ફર્માવી તો શું તેમની સમક્ષ મસ્લેહત ન હતી અને તેમની પાસે ઔરતોની ભલાઈનો ખ્યાલ ન હતો ? હતો અને જરૂર હતો. આજે તો ખરાબ નિય્યતોનું પ્રમાણ જોઈને એક પ્રકારની બદગુમાની થઈ શકે છે. જ્યારે કે ભલાઈના જમાનામાં દિલો પાક અને સાફ હતાં કે તેમના પ્રત્યે કોઈ પ્રકારની બદગુમાની પેદા ન થઈ શકે, તેમણે કેવી રીતે મનાઈ ફર્માવી ?





પણ તેમના પાક જમાનામાં ઔરતોની ઈજ્જત બાબતે ખતરો ઊભો થયો તો આજના બુરાઈ ભર્યા જમાનામાં ઈજાઝતનો પ્રશ્ન જ ક્યાં ઉભો થાય છે ?!

## ★ નાની સરખી સરખી છોકરી સાથે મૌલ્વીની ગલતકારી ★

મૌલ્વી જેને મુસ્લિમ સમાજનો રૂહાની બાપ કહેવામાં આવે છે અને જેને તેના થકી દીની તાલીમ મળે તેના હક્કમાં તો તે જરૂરથી રૂહાની બાપ છે, પરંતુ આજે તો એ સ્થિતિ છે કે અલ્લાહની પનાહ ! મૌલ્વીઓ ઉપર ભરોસો થાય એવું પણ રહ્યું નથી, છ સાત વર્ષની નાની સરખી છોકરી અને તે પણ એક નવમુસ્લિમ ઔરતની ! તેણીએ પોતાની છોકરીને દેવબંદી મદ્રસામાં તાલીમ માટે દાખલ કરાવી, તે મદ્રસાનું નામ મદ્રસએ ફલાહ છે, પ્રેસ્ટન કેન્ટ સ્ટ્રીટમાં હલાલત કરીને એક મૌલ્વી નિય્યતનો ખરાબ, એક લુચ્ચો લફંગો જે કામ ન કરી શકે મૌલ્વી તે કામ કરી ગુજર્યો ! નાની સરખી છોકરીને પોતાનું પેશાબનું મુકામ (ગુપ્તાંગ) પકડાવી વિર્ય કઢાવ્યું અને છોકરીના હાથ ખરાબ થયા તો તેણીએ કપડાં સાથે લૂછી નાખ્યા જેથી ડાઘા પડી ગયા. તો ઘરે પહોંચતાં માતાએ પૂછયું, બેટા ! કપડાં પર આ ડાઘા શાના ? તેણીએ જે થયું હતું તે કહી સંભળાવ્યું. છોકરીની માએ પોલીસ બોલાવી અને કેસ દાખલ કરાવ્યો, કોર્ટમાં કેસ ચાલ્યો, મૌલ્વીની મક્કારી પકડાઈ ગઈ અને જજે (ન્યાયાધીશે) તેને જેલમાં બંધ કરવાનો હુકમ કર્યો. હવે તમે પોતે જ ફેંસલો કરો કે જ્યારે નાની નાની બાળકીઓની ઈજ્જતનો ખતરો થવા લાગ્યો અને તે પણ પબ્લિકના શરીફ લોકોથી, પછી પબ્લિક બાબતે ઔરતોની બેઈજ્જતીનો ખતરો ઊભો કેમ ન થાય ? એટલે આ જમાનામાં ઔરતોને મસ્જિદમાં આવવાની અને દરગાહો પર હાજરી આપવાની ઈજાઝત આપવામાં આવશે નહીં.

## ★ હનફીઓ ઈમામે આ'ઝમના ફર્માનને યાદ રાખો ! ★

ગેરમુકલ્લિદો આપ મેળે કોઈ ફેંસલો કરે તો તે આપણા

આધારે યોગ્ય ન હોય પણ એમની માન્યતાના આધારે તો યોગ્ય જ કહેવાશે. પરંતુ અફસોસની વાત તો એ છે જેઓ પોતાને મુકલ્લિદ કહે છે, ઈમામોમાંથી એકની તકલીદને વાજિબ સમજે છે તો પણ અમુક ફેંસલાઓ પોતાની મનમાનીના કરે છે ! તેમનું આ વલણ તદ્દન ખોટું અને અફસોસનાક પણ છે. અહીં યુ.કે.ની ઘણી બધી મસ્જિદોમાં ઔરતોને આવવાની રજા આપનાર કહેવાતા મુકલ્લિદો જ છે. ઈમામે આ'ઝમ તરફથી મનાઈ કરવામાં આવે છે, સહાબા અને તાબઈનના જમાનામાં જેની પાબંદી લગાડવામાં આવી હતી તેની ઈજાઝત આપણા જમાનામાં શી રીતે આપી શકાય છે ? મુકલ્લિદોએ આ વાત ભૂલાવી ન જોઈએ.

## ★ સારી અને ખરાબ ઔરતોને એક હુકમમાં રાખી શકાય છે ? ★

સારી ઔરતો સારી છે અને ખરાબ ઔરતો ખરાબ છે. સારીને ખરાબ અને ખરાબને સારી નથી કહી શકતા અને બંને માટે શરઈ હુકમ એક જેવો પણ નથી. એટલે એક સવાલ એ ઉપસ્થિત થઈ શકે છે કે દરગાહો પર હાજરી આપવામાં ખરાબ ઔરતો માટે પાબંદી લગાડવામાં આવે તો યોગ્ય છે, પરંતુ સારી અને ખરાબ દરેક માટે એક જેવો હુકમ યોગ્ય નથી. પરંતુ આ સવાલ કાયદાના આધારે યોગ્ય નથી. કારણ કે સારા અને ખરાબ માટે અલગ અલગ હુકમ રાખવામાં આવે તો કોણ સારું અને કોણ ખરાબ એ ફેંસલો મુશ્કિલ થઈ પડે ! કારણ કે કોઈ ઔરત પોતાને ખરાબ ન સ્વીકારે અને કોઈ શોહર પોતાની વાઈફને ખરાબ કહેવા રેડી ન થાય ! એટલે શરઈ કાયદાના આધારે કેવી રીતે ફરક કરવામાં આવે ? બીજું એ કે ઔરતો પોતાની જગાએ ગમે તેટલી શરીફ હોય પરંતુ રસ્તે ચાલતા સઘળા લોકો શરીફ નથી હોતા, ભય તો તેમનાથી છે. એટલે દરેક પ્રકારની ઔરતો માટે હુકમ એ જ છે કે દરગાહો પર હાજરી નથી આપી શકતી અને તેમના માટે દરગાહો પર જવું જાઈઝ નથી.





## ★ દરગાહો પર જવાની મનાઈ ફૈઝથી રોકવું નથી ★

અમુક લોકો તરફથી એ સવાલ પણ કરવામાં આવે છે કે ઔરતોને બુઝુર્ગોની કબ્રો પર હાજરી આપવાથી રોકવું વાસ્તવમાં તેણીઓને ફૈઝ લેવાથી રોકવું છે એટલે આ હુકમમાં થોડી છૂટ છાટ મૂકીને હાજરી આપવાની રજા દેવી જોઈએ. તો આ પ્રશ્નનો ઉત્તર એ છે કે મસ્જિદથી વધીને પાક અને હિફાઝતનું સ્થળ કોઈ નથી અને જમાઅતવાળી નમાઝનો કેટલો ફાયદો છે તે કોઈ પણ મુસલમાન માટે ગુપ્ત નથી, તો પણ ઔરતોને મસ્જિદમાં આવવાથી હમણા નહીં સહાબા અને તાબઈનના જમાનામાં રોકી દેવામાં આવી. તો પછી દરગાહો અને બુઝુર્ગોના આસ્તાનાઓ હવે એટલાં મેહફૂઝ નથી રહી ગયાં, બલ્કે ત્યાં ખિદમતનું કામ કરનારાઓ તરફથી જ ખતરો રહે છે, તેઓ કોઈ મુત્તકી કે દીનના ખરા ખાદિમ નથી હોતા. બલ્કે ઈલ્મે દીનથી કોરા લોકો મોટા ભાગે ત્યાં રહે છે કે ધર્મની વાતોથી થોડો પણ મતલબ નથી. ઝિયારત માટે આવનારાઓને તો ખૂબ દુઆઓ આપશે પણ પોતાના હક્કમાં દીની કામયાબીની થોડી પણ કોશિશ નહીં. લોકો તો પોતાની સાચી નિય્યતથી સાહિબે કબ્રનો ફૈઝ પ્રાપ્ત કરે અને ખરાબ નિય્યતે ખિદમત કરનાર નિકટમાં રહેવા છતાં ફૈઝથી મહરૂમ રહે. તેમને જોઈને એવું લાગે કે બુઝુર્ગો સારા અમલો કરીને પોતાની તારીખ જીવંત કરીને પર્દે થઈ ગયા પરંતુ એમના નામથી ખોટી નિય્યતના લોકો દુનિયાની દૌલત ભેગી કરે, પછી એવા ખરાબ નિય્યતના લોકોની મૌજૂદગીમાં ઔરતોને હાજરીની ઈજાઝત શી રીતે આપી શકાય ?

## ★ બુઝુર્ગોના જીવન ચરિત્ર પર અમલ કરનારા ફૈઝવંત છે ★

લોકો ફૈઝનો અર્થ સમજી નથી શકયા અને કહે જ જાય છે ફૈઝ ! ફૈઝ ! તો આવો ! હું તમને સમજાવું કે બુઝુર્ગોનો ફૈઝ શું છે ? અને તે કેવી રીતે પ્રાપ્ત થાય છે ? ફૈઝ એ બુઝુર્ગો તરફથી મળતો તોહફો ભેટ છે. હવે વિચારવા જેવી વાત એ છે કે બુઝુર્ગો દુનિયા આપવા માટે નથી આવતા

દુનિયાદારોને દીનનો માર્ગ બતાવવા માટે આવે છે. તેમનો તોહફો અને ભેટ તેમની જીવનવાણીઓ અને દીનની પાબંદી છે. **બુઝુર્ગોનો ફૈઝ આપણને મળવો એટલે આપણું દીનદાર અને પરહેઝગાર બનવું છે.** કુર્આન શરીફમાં પણ વલીઓ બાબતે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : **"જે મારો બની ગયો તેના રસ્તા પર તમે ચાલો."** અલ્લાહ તઆલા તરફથી પણ બુઝુર્ગોના રસ્તા પર ચાલવાનો અને તેમની નસીહતો પર અમલ કરવાનો સબક મળ્યો. તો **તેમના માર્ગે ચાલવું જ તેમનો ફૈઝ છે.** જો આપણે **તેમના માર્ગને ભૂલાવી જઈએ તો તેમના ફૈઝથી મહરૂમ છીએ.** ઔરતો બાબતે જે પ્રશ્ન કરવામાં આવ્યો કે બુઝુર્ગોની કબ્રો પર હાજરી આપવાથી તેમને રોકવી બુઝુર્ગોના ફૈઝથી મહરૂમ કરવી છે તો આ ઉલ્લેખથી સ્પષ્ટ થયું કે ઉપરોકત પ્રશ્ન તદ્દન જ ખોટો છે. જયારે તેમના માર્ગે ચાલવું ફૈઝ છે તો પછી ઔરતો ઘરમાં ઈજ્જત સાથે રહે, અલ્લાહની બંદગી કરે, ઈબાદતમાં જીવનમાં પસાર કરે તો તેણી ફૈઝવંત છે. અને તેમના ઈર્શાદનો ભંગ કરી તેમની **કબ્ર પર જે સ્ત્રી હાજરી આપે તે ફૈઝથી મેહરૂમ છે.**

## ★ અમુક કિતાબોમાં ઔરતોની હાજરીનો ઉલ્લેખ છે તેનો જવાબ ★

પૂર્વજ આલિમોની કિતાબોમાં ઔરતોને કબ્રો પર હાજરી આપવાની રજા જોવા મળે છે પરંતુ એનો જવાબ એ છે કે તેમણે તેમના જમાનાની સારી હાલતને લક્ષમાં રાખીને રજા આપી હશે. આજની હાલત તેમની નિગાહોમાં હોત તો તેઓ કયારે પણ રજા આપી શકતા નહીં. અમુક દરગાહો પર ઉર્સના સમયે એટલી ભીડ થતી હોય છે કે રસ્તામાં ચાલવું પણ મુશ્કેલ થઈ પડે છે એવા સમયે ઔરતોની શું હાલત થાય છે તે તો એ જ જાણે જે ઔરતોને સાથે લઈ ગયો હોય ! ઔરતોની બોડી ગેરમહરમ મર્દો સાથે લાગતી જ નહીં બલ્કે દબાતી હોય છે. શું કોઈ પણ ઈજ્જતવાળી વ્યકિત આ પ્રકારની વાતોની રજા આપી શકે ? પછી તો ઈસ્લામી શરીઅત ઘણી જ પાક અને ઘણી જ સ્વચ્છ છે તેમાં આ પ્રકારની નાપાક અને ખરાબ આદતોની રજા મળી શકતી જ નથી. એટલે અમુક





પૂર્વજોની કિતાબોથી ઔરતોની હાજરી પર દલીલ લાવવી આ જમાનાના આધારે માન્ય રાખવામાં આવશે નહીં. આ વિવાદને લક્ષમાં રાખી કોઈ ઔરત મઝાર પર જવા ઈચ્છે તો તેણીએ પર્દામાં રહી અદબથી હાજરી આપવી જોઈએ, તાવીઝથી દૂર રહી ફાતેહા પઢી લેવા જોઈએ, મર્દોની ભીડભાડમાં ન જવું જોઈએ, મજાવરોની ચાલબાજીમાં ન આવવું જોઈએ.

## ★ ઉર્સના નામે ગુનાહોનું કામ ! ★

બુઝુર્ગોના વિસાલની તારીખને યાદ રાખી તે ખાસ દિવસે તિલાવતે કુર્આન નઅત, મનકબત, તેમની સીરતનું બયાન અને તેમની અમૂલ્ય વાણીઓનું વર્ણન ઉર્સે શરઈ કહેવામાં આવે છે કે તેમાં શરીઅત વિરૂધ્ધનું કોઈ કામ હોતું નથી. જેમ કે ઉત્તર પ્રદેશ, જિલ્લા આઝમગઢના મુબારકપૂર ગામમાં હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ નો ઉર્સ થાય છે. ઔરતોને તે ઉર્સમાં આવવાની રજા આપવામાં આવતી નથી. બલ્કે મેં મારી આઠ વર્ષની લાઈફ ત્યાં પસાર કરી મેં હુઝૂર હાફિઝે મિલ્લતના મજાર પર એક ઔરત પણ આવતી જોઈ નથી. જયારે કે મુબારકપૂરના સુન્નીઓને હાફિઝે મિલ્લતથી જે અકીદત અને મહોબ્બત છે તેનો જવાબ તેઓ પોતે જ છે. ત્યાંની ઔરતો હુઝૂર હાફિઝે મિલ્લતના ફૈઝથી મહરૂમ નથી બલ્કે વાસ્તવામાં ફૈઝવંત છે. કારણ કે તેઓ તેમના ફર્માન પર અમલ કરી રહી છે. મુબારકપૂર છોડીને બીજી એવી જગાઓ અને બુઝુર્ગોના આસ્તાનાઓ હશે જ્યાં શરીઅતને લક્ષમાં રાખીને ઉર્સ કરવામાં આવતા હશે પરંતુ મેં મારી સગી આંખોથી તો આ એક જ જગા જોઈ છે.

તમારી ખિદમતમાં ઉર્સનો મતલબ બયાન કરવામાં આવ્યો તેને સમજી લીધા પછી વધુ ઉલ્લેખની જરૂરત નથી રહી જતી કે ઉર્સ સવાબનું કામ કયાં છે અને ઉર્સના નામે ગુનાહનાં કામ કયાં થાય છે. બુઝુર્ગો જેમણે દુનિયામાં ઘણી જ કાળજીપૂર્વક શરીઅતના વર્તુળમાં જીવન પસાર કર્યું, ઔરતોને જોવી તો દૂરની વાત તેમનો અવાજ સાંભળવાથી પણ પોતાને બચાવ્યા, તેવા બુઝુર્ગોની કબ્રો પર ઉર્સ અને ઝિયારતના નામથી વિવિધ પ્રકારનાં ફેશની કપડાં પહેરીને ઔરતો આવતી હશે તો તેમના

દિલમાં કેટલું દુઃખ થતું હશે ! અને તેઓ પોતાની કબ્રમાં કેટલો અફસોસ કરતા હશે ! આપણે તો ઉર્સનું નામ આપી તેમના વિસાલના દિવસની યાદ મનાવીએ, અને દિલમાં એવું વિચારએ કે આપણે સાહિબે કબ્રને ખુશ કરી રહ્યા છીએ, પણ એ તો સાહિબે કબ્ર જ જાણે કે એમને કેટલી તકલીફ અને અફસોસ થઈ રહ્યો છે ! તો ખુદારા બુઝુર્ગોને તકલીફ ન આપો ! તેમના અદબનો ખ્યાલ રાખો અને શરીઅતના વર્તુળમાં દરેક કામ કરો.

## ★ ઉર્સના નામથી લાગતો મેળો ★

ઉર્સની તો શરઅન ઈજાઝત છે અને એનો મતલબ શું છે ? તે તમારી ખિદમતમાં રજુ થઈ ગયું છે, એટલે મારી કિતાબ પઢવાવાળો એવું ન વિચારે કે મારી માન્યતા બીજી કોઈ છે જે સુન્નીયતથી ખસીને હોય, બલ્કે હું સાચો સુન્ની બરેલ્વી આ'લા હઝરતનો ચાહક છું. તેમનાથી ખસીને હું કોઈ કામ કરવા નથી માંગતો અને કરાવવા પણ નથી માંગતો, એટલે મારી બાબતે આ વાત ભૂલવામાં ન આવે. લોકોએ પોતાની જહાલત અને અંધશ્રધ્ધાને બરેલ્વિયત સમજી લીધી છે. આવી ગેરસમજ હું બાકી રહેવા દઈશ નહીં. આ'લા હઝરત અને બીજા સુન્ની આલિમો તરફથી ઉર્સના જાઈઝ હોવા બાબતે કિતાબો લખાઈ છે અથવા તેમની કિતાબોમાં આ વિશે ઉલ્લેખ જોવા મળે છે, પણ તેનો સંબંધ શરઈ ઉર્સ સાથે છે, મેળાઓ સાથે નહીં ! પરંતુ આજે તો ઉર્સનું નામ અને મેળાની ઉજવણી જોવા મળે છે, ઈસ્લામ તરફથી રજા છે તો ઉર્સની, મેળાની નહીં.

## ★ આ'લા હઝરતનો ઉલ્લેખ ★

ફતાવા રઝવિય્યહ્, ભાગ-૪, પેજ નં. ૧૭૦ પર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ એ ઉર્સનું નામ આપીને ગુનાહનું કામ કરવાનારાઓને મેલા ઠેલા કહ્યું છે, અને ખુદાથી નીડર લોકોનું કામ બતાવ્યું છે. અને હું પણ કહું છું કે બુઝુર્ગોની કબ્રો પર ઉર્સ નથી કરવામાં આવતો મેળો કરવામાં આવે છે. આ'લા હઝરત લખે છે "ઈન અઝમેનએ શોરૂરમેં ઈન કલીલ યા મૌહૂમ ફોયૂઝ કે હીલે સે





ઔરતોંકો ઈજાઝત દી જાયેગી ? વોહ ભી કાહે કી ઝિયારતે કુબૂર કો જાને કી ? જો શરઅન મોઅક્કદ નહીં ઔર ખુસૂસન ઉન **મેલોઠેલોં** મેં જો ખુદા નાતરસોંને મઝારાતે કિરામ પર નિકાલ રખ્ખે હંય, યહ કિસ કદર શરીઅતે મોતહ્હરાસે મોનાકઝત હૈ ! શરએ મોતહહરા કા કાએદા હય કે જલ્બે મસ્લેહત પર સલ્બે મફસદા કો મુકદમ રખતી હય."

વાસ્તવમાં આ'લા હઝરત رضی اللہ عنہ એ એ સવાલનો જવાબ આપ્યો છે કે દરગાહો પર હાજરી આપવાથી ઔરતોને મનાઈ કરવી ઔરતોને ફૈઝથી મહરૂમ કરવી છે. તો આપે ફર્માવ્યું, "આ ફિત્ના અને ફસાદના જમાનામાં એક પોતે વિચારેલા ફૈઝની પ્રાપ્તિમાં ઔરતોને હાજરી આપવાની રજા કેવી રીતે આપી શકાય છે ? અને શું નીડર લોકોના વજૂદ આપેલ મેળાઓમાં હાજરીની ઈજાઝત આપવી ? એક ફાયદો અને એક નુકસાન હોય તો નુકસાનથી બચવાનો માર્ગ અપનાવામાં આવશે. એટલે ઔરતોને કયારેક દરગાહોની હાજરી પર રજા આપી શકાતી નથી.

## ★ ઉર્સ અને જુગારના અડ્ડાઓ !! ★

મને સારી રીતે ખબર છે કે હું નાનો હતો ત્યારે મારા ગામમાં અમીર શહીદ બાબાની કબ્ર પર ઉર્સ કરવામાં આવતો હતો અને હજુ પણ કયારેક થઈ જાય છે. પણ અલ્લાહનો ફઝ્લ છે એને ઉર્સ નહીં પણ મેળાનું જ નામ આપવામાં આવે છે ! અને હું પણ નાનો હતો ત્યારે મેળો જ કહેતા હતા, વિવિધ પ્રકારની રમત ગમત, જાત જાતની અને ભાત ભાતની ચીજો વેચાવા આવે, દરેકના મુખે હર્ષોલ્લાસની વાતો, રાત પડે એટલે જુગારીઓ જુગાર રમતા હોય, બલ્કે જુઓ તો ચારે બાજુ જુગારના જ અડ્ડા ચાલતા હોય, નાના મોટા બધા જ ભાગ લઈ શકે તેના માટે બીજા પ્રકારની જુગાર જેવી રમતો પણ ચાલે, એટલે કે પૂરા મેદાનમાં જુગાર જ જુગાર ! પછી મોડી રાત્રીએ મ્યુઝિક સાથે કવ્વાલી થાય અને મુકાબલો હોય ત્યારે તો અલ્લાહની પનાહ ! અપશબ્દો સુધી અને ગાયનો સુધી વાત પહોંચે ! શું આ બધું ઉર્સના નામથી બુઝુર્ગોની બેઈજ્જતી નથી ? અને આ બધું કોણ કરે છે ? આપણે પોતે જ કરીએ છીએ. શું આ'લા હઝરતે આપણને આ પ્રકારની તાલીમ આપી છે ? હોય તો દલીલ આપો !

અને નહીં તો શરીઅતને ભૂલાવી બુઝુર્ગોની બેઈજ્જતી કરવાથી રોકાઈ જાવ ! આપણે અકીદતમાં અતિશયોક્તિ કરવા તો રેડી થઈ જઈએ છીએ, પરંતુ તેમની બતાવેલી જરૂરી વાતો તરફ ધ્યાન આપતા નથી. તો આપણા બુઝુર્ગોની તા'ઝીમ અને રિસ્પેકટ આપણે નહીં કરીએ તો બીજું કોણ કરશે ?!

## ★ વહાબીઓની તબ્લીગની માત્ર એક દિશા ★

વહાબીઓ અને દેવબંદીઓના અકીદાઓ એટલા ખરાબ છે કે જો તેઓ પોતાના અકીદા સ્પષ્ટ સંભળાવી પોતાના ધર્મનો પ્રચાર કરે તો એક ઓછી અક્કલનો જાહિલ માણસ પણ તેમની વાત માન્ય ન રાખે. કારણ કે એક મુસલમાન ગમે તેટલી નીચી કક્ષાનો હોય પણ તેનું ઈમાન અલ્લાહ અને રસૂલની બુરાઈ કયારેક પણ વેઠી ન શકે. અને વહાબીઓની કિતાબોમાં તૌહીદ અને અલ્લાહ તઆલાના એક હોવાના નામથી ખુદા અને રસૂલ અને સઘળા બુઝુર્ગોની તૌહીન કરવામાં આવી છે. અને **વહાબીઓને પોતે પણ એ વાતની ખબર છે કે જો આપણે આપણી કિતાબોમાં ગુપ્ત રાખેલા અકીદાઓને લોકો સમક્ષ રાખી તબ્લીગનું કામ કરીશું તો કોઈ એક પણ આપણો માનવાવાળો બની શકશે નહીં, એટલે તેમણે પોતાની તબ્લીગ માટે લોકો સમક્ષ સુન્નીઓની બદ્અમલી રાખી, જ્યારે પણ તેઓ તબ્લીગ કરશે, બયાન આપશે તો માત્ર એક જ વાત સુન્નીઓ ફલાણી ફલાણી બુરાઈ કરે છે** અને ન માનનારાઓને પ્રેકટીકલી બતાવે છે અને જ્યારે તેને સુન્નીના નામથી બુરાઈનું ઈલ્મ થઈ જાય છે ત્યારે તે જોનર વહાબી બની જાય છે અને પછી વહાબીઓનાં ગીત ગાતો થઈ જાય છે પણ પોતે કોઈને એ જોવાની તૌફીક નથી મળતી કે આ તો બીજાની તરફ નજર કરી છે જરા તેમનાં પોતાનામાં (વહાબીઓમાં) શી કમી છે ? તે પણ જોઈએ !

કસમ અલ્લાહની ! અમલની બુરાઈ બુરાઈ જ છે, ગુનાહનું કામ છે, તેને સારું કયારેક પણ નથી કહી શકતા, શરીઅતના બુરા ઠરાવેલા કામને સારું કામ કહેવાનો આપણને કયારે પણ હક્ક નથી, પરંતુ એટલું તો જરૂરથી કહી શકાય છે કે **અમલની બુરાઈથી માણસ ગુનેહગાર બને છે ફાસિક બની જાય છે પરંતુ કાફિર નથી બની જતો.**





**જ્યારે દીનની જરૂરી વાતોમાંથી એકના ઈન્કારથી પણ માણસ દીનના વર્તુળમાંથી બહાર થઈ જાય છે. સુન્નીઓ સાથે અમલની બુરાઈઓ છે તો વહાબીઓમાં અકીદાની બુરાઈઓ છે. અને બીજું એ કે સુન્નીઓની બુરાઈઓ તેમની પોતાની છે કોઈ કિતાબમાં બુરાઈઓ કરવાનો હુકમ આપવામાં નથી આવ્યો. જ્યારે કે વહાબીઓના ખરાબ અકીદાઓનો તેમની કિતાબોમાં ઉલ્લેખ છે.**

સુન્નીઓએ વિચાર કરવો જોઈએ કે જ્યારે આપણે પોતાને સુન્ની કહીએ છીએ, તો પછી સુન્નીયતને લગતી વાતો પર અમલ કરવો જોઈએ, બુરાઈઓ છોડી સુન્નતોને અપનાવી જોઈએ, દરેક કામમાં આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ નું લખાણ ધ્યાનમાં રાખવું જોઈએ. જ્યારે આપણે આ'લા હઝરતને મુજદ્દિદ કહીએ છીએ, તેમને સાચા અકીદાવાળાઓના ઈમામ સમજીએ છીએ તો પછી તેમના ફર્માનથી હટવું ન જોઈએ. અલ્લાહ તઆલા આપણને તૌફીક બખ્શે.

## ★ વહાબીઓ અજમેરમાં તબ્લીગી મિશન કામયાબ બનાવવા જાય છે ! ★

વહાબીઓ જ્યારે કોઈ સુન્નીને પોતાના પંથનો બનાવવા ઈચ્છે છે ત્યારે તેને સુન્નીઓની બુરાઈઓ અને ખરાબીઓ અને ખરાબીઓની તાલીમ આપે છે અને અંતે ન માનવા પર સુન્નીઓની કિતાબોથી જ હવાલાઓ આપે છે અને કહે છે અમે પોતે પણ સુન્ની છીએ અમે તો બુરાઈઓના વિરોધી છીએ જેને લઈને પબ્લિક અમને વહાબી અને જમાઅતી કહે છે આમ ભોળોભાળો મુસલમાન તેમનો શુભેચ્છક બની જાય છે પરંતુ કોઈ પણ સુન્ની સુન્નીઓની અમલી ખરાબીઓ જોઈને પોતે જ તેને રોકવાનો પ્રયત્ન કેમ નથી કરતો ? દરેક સુન્નીની જવાબદારી છે કે સુન્ની ભાઈઓમાં બુરાઈઓ હોય તો તેને દૂર કરવાની કોશિશ કરે અને પોતે તે બુરાઈઓથી દૂર રહે. આ અક્કલની વાત નથી કે જાહિલોની બુરાઈઓ જોઈને પોતે પોતાનો દીન બદલી નાખવો. હા ! હું એ કહી રહ્યો હતો કે આજે અખંડ ભારતમાં સૌથી વધારે હાજરી ખ્વાજાએ ખ્વાજગાં

હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ ના આસ્તાના પર આપવામાં આવે છે એટલે સૌથી વધુ અમલી ખરાબીઓ પણ ત્યાં જ જોવા મળે છે, જેને લઈને વહાબીઓ જ્યારે કોઈ સુન્નીને શીશામાં ઉતારવા ઈચ્છે છે તો તેને અજમેર શરીફ લઈ જાય છે, અને પોતે હાજરી આપે છે અને પેલા આવેલા સુન્નીને ઊભો રાખીને બતાવે છે, જુઓ ! આ છે ઔરતો કેવા ફેશની કપડાંમાં સજી સજીને દરગાહ પર હાજરી માટે આવેલી છે, જુઓ ! આ છે હાજરજનો કબ્રને કેટલા સ્પષ્ટ અંદાજમાં સિજદો કરી રહ્યા છે, આ છે મુજાવરો કેવી મક્કારીથી પબ્લિકને લૂટી રહ્યા છે ! આ છે કવ્વાલો મ્યુઝિક સાથે કવ્વાલીઓ ગાય રહ્યા છે ! આ છે કવ્વાલણ કેટલી સ્ટાઈલથી પોતાનું કલામ સંભળાવી રહી છે ! અને લોકો તેની અદાઓ પર પોતાની જાન કુર્બાન કરવા રેડી છે ! આ જુઓ મુસ્લિમ તો મુસ્લિમ પણ ગેર મુસ્લિમ ઔરતોને પણ કબ્રના ગિલાફ નીચે દાખલ કરવામાં આવી રહી છે ! આ છે મુજાવરો જેમાંથી એકનો પણ ચેહરો દાઢીથી ચમકતો દેખાતો નથી ! આ જુઓ ! એક તરફ નમાઝ થઈ રહી છે તો પણ લોકો દરગાહ પાસે ચક્કર લગાવે છે અને નમાઝ માટે હાજરી આપતા નથી ! શું નમાઝના સમયે નમાઝ અદા કરવી અગત્યની છે કે પછી દરગાહ પર હાજરી આપવી ? પછી કહેશે કે ભાઈ ! અમે દરગાહો અને આસ્તાનાઓ પર હાજરીનો ઈન્કાર નથી કરતા, અમે બુરાઈઓથી બચવાનો આદેશ આપીએ છીએ પરંતુ જેમને બુરાઈ નથી છોડવી અને ગમ્મત કરી જીવત વિતાવવું છે તેઓ અમને વહાબી અને જમાઅતી કહે છે. આમ વહાબીઓ ભોળાભાળા સુન્નીઓને અજમેરમાં ખ્વાજા સાહબના આસ્તાના પર થતી બુરાઈઓ બતાવીને દીનથી ફેરવવાની તબ્લીગ કરે છે. અને સેંકડો સુન્નીઓ હશે જેઓ અજમેરમાં ખ્વાજા સાહેબના મજાર પર થતી બુરાઈઓ જોઈને વહાબીઓના ચાહક બની ગયા, તેમનું અંજામ અને પરિણામ તેઓ પોતે જાણે ! પણ જ્યારે કોઈ આપણી બુરાઈઓ જોઈને વહાબી બની જાય તો આપણે એટલાના તો જવાબદાર થયા ખરા ? પછી દરગાહો અને આસ્તાનાંઓ પર થતી બુરાઈઓ પર રોક કરવામાં કેમ નથી આવતી ?!





## ★ મજાવરોને આલિમોથી આદાવેર ★

દરગાહો પર લૂટવાના નામે બેસનાર મજાવરો એ શી રીતે પસંદ કરે કે કોઈ દીનદાર પરહેઝગાર દીનનું ઈલ્મ ધરાવતો વ્યકિત દરગાહ પર આવે અને તેમની લૂટફાટનો અવરોધ કરે, તેમને તો અંતિમ કક્ષાના જાહિલોની જરૂરત છે જેઓ તેમની નાજાઈઝ હરકતને પણ કરામત સમજે. મૌલ્વી બીજા મૌલ્વીઓ કરતાં ગમે તેટલું ઓછું ઈલ્મ રાખે પરંતુ દીન બાબત જરૂરત જેટલું તો નોલજ જરૂર રાખતો હોય છે, લૂટફાટ અને નાજાઈઝ હરકતોને તે ઓળખી શકે છે, બચી શકે છે અને બચાવી પણ શકે છે. એટલે મજાવરોને આલિમ અને મૌલ્વીથી દુશ્મની હોય છે. તેમની હાજરી મજાવરોને પસંદ નથી આવતી. જો તેમની પાસે શકિત હોય તો તેઓ એક આલિમને પણ દરગાહ પર હાજર ન થવા દે. મેં મારો વાકયો તો તમને બતાવ્યો કે મેં જ્યારે મજાવરના કહેવા પર ગિલાફ નીચે જઈ નમવાની મનાઈ કરી તો તેણે અપ શબ્દ સાથે કહ્યું કે એને જવા દો ! અને મારો એક દોસ્ત મૌલ્વી છે તેણે મને કહ્યું, હું અજમેર ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ના આસ્તાના પર ગયો. જ્યારે કબ્ર શરીફ પર ગયો, ફાતિહા પઢયો અને બહાર આવવા લાગ્યો તો મને મજાવરે અવાજ આપ્યો, અહીં આવો ! મેં જવાથી ઈન્કાર કરી આપ્યો. મને ફરી કહ્યું, મેં જવાબ આપ્યો, હું આ કામ પસંદ કરતો નથી. બીજા મજાવરે કહ્યું, **એને જવા દો ! ''મૌલ્વીની ઔલાદ લાગે છે !''** એટલે કે બુરાઈને બુરાઈ સમજીને છોડવા મૌલ્વી જ રેડી થાય, પબ્લિકમાં આ હિંમત હોતી નથી. પછી મજાવરોને મૌલ્વી શી રીતે પસંદ આવે ?

## ★ આપણે જ આપણા પગ કાપીએ છીએ ! ★

આપણાથી જે બુરાઈઓ થઈ રહી છે તે એ એલાનની સાથે હોય કે આ અમારો મસ્લક અને મહઝબ નથી બલ્કે અમારા ગુનાહિત કામો છે તો ભલેને ગુનોહ ગુનોહ રહેતો પણ મસ્લકે આ'લા હઝરત પર બાતિલ ફિર્કાવાળાઓને કિચડ ઉછાળવનો મોકો ન મળતો, પરંતુ કમનસીબીથી થઈ એ રહ્યું છે કે બુરાઈઓ આપણી, જહાલત આપણી

પણ લોકો નિશાન મસ્લકે આ'લા હઝરતને બનાવે છે કે આ છે મસ્લકે આ'લા હઝરત ! કબ્રોની બેઈજ્જત કરવી, અકીદતમાં પાગલ બની જવું, શરીઅતના હુકમ ભૂલાવી બેસવા, નમાઝો ન પઢવી અને એકથી એક બુરાઈઓ કરવી ! આ અફસોસની વાત નથી ? આ'લા હઝરત તો દરગાહો પર થતી બુરાઈઓને રોકવા પોતાની કિતાબોમાં લખી ગયા અને આપણે તેને પઢવું નથી, સમજવું નથી, અમલમાં લાવવું નથી અને પછી તેમને બદનામ કરવું છે ! એટલે જ હું કહું છું સુન્નીઓ પોતે જ પોતાના પગ કાપે છે અને પોતાની બુરાઈઓથી મસ્લકે આ'લા હઝરતને બદનામ કરે છે.

## ★ વહાબીઓની મક્કારી ★

વહાબીઓ પોતાનો અલગ અકીદો અને અલગ પંથ રાખીને જે કંઈ કરે છે તેનું પરિણામ તેઓ પોતે જાણે પણ. એક કહેવા ઘટતી વાત હું કહું છું જે કંઈ કરવું હોય તે સાચુ બોલીને કરો, જૂઠુ બોલીને પોતાનો પ્રચાર, અક્કલ અને દીનવાળાઓનું કામ નથી. જે વેપારી પાસે હાઈ કવોલેટીનો માલ હોય તે જૂઠુ નથી બોલતો, સાચું બોલીને આપે છે અને તેને જૂઠુ બોલવાની શી જરૂરત ? પણ એક મક્કાર વેપારી જેના ધંધાનો હેતુ લોકોને છેતરવાનો હોય તે ખોટી વસ્તુને ખરી કહીને આપવાની કોશિશ કરે છે, ખોટુ ડેકોરેશન કરે છે. જો વહાબીઓ સાચા હોત તો મક્કારીથી કામ ન લેતા પરંતુ તેમની મક્કારી તેમના જૂઠા હોવાની દલીલ છે. જાહિલો સમક્ષ જાહિલોના કામોથી દલીલો કરવી અને તેને મસ્લકે આ'લા હઝરત કહેવું કેટલી ગંભીર મક્કારી છે ! આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ એ પોતાની કિતાબોમાં બુરાઈઓ કરવાની તાલીમ આપી હોત તો તેમને કહેવાનો હક્ક હતો પણ જ્યારે મનાઈ કરી છે તો જૂઠુ બોલીને લોકોની બુરાઈને મસ્લકે આ'લા હઝરત કહેવું મહાન જૂઠ છે. વહાબીઓ સાચુ બોલીને તબ્લીગ કરવાનો સાચો પાકો વાયદો કરી લે તો એવા સુન્નીઓ પાછા નીકળી આવશે જેઓ તેમના સારા અમલોનું જૂઠુ ડેકોરેશન જોઈને તેમના શુભેચ્છક બની ગયા છે.





## ★ વહાબીઓ પાછળ જતી જનરલ પબ્લિક તેમના અકીદાથી નાવાકેફ ★

વહાબી, દેવબંદી ફિર્કા અને પંથના લોકો પોતાની કામયાબી અને સફળતા એમાં સમજે છે કે એમના માનવાવાળાઓની સંખ્યા વધી જાય. અને દરેક ફિર્કાના ચાહકોની કોશિશ એ જ થઈ રહી છે કે ગમે તેમ કરીને શુભચ્છકોને વધારો થાય, પછી એ માટે જૂઠનું દામન પકડવું પડે તો પકડી લેવું, કોઈ વાત પસંદ ન હોય તો પણ જરૂરત પડે કબૂલ કરી લેવી, પોતાના ફાયદા માટે ગમે તે કરી લેવું ! આ સઘળા તેમની તબ્લીગના કાયદા કાનૂન હોય છે, આની ઉપર બળ આપીને કામ કરવાનું કહેવામાં આવે છે. જેથી વહાબીઓની સંખ્યા તો વધતી જાય છે, ગામોને ગામો તેમના હાથે વેચાઈ રહ્યાં છે. પણ તેમના અનુયાયીઓને અકીદા બાબત પૂછવામાં આવે તો તેઓ કાંઈ જાણતા નથી હોતા. અમુક અમલને લગતી સુન્નીઓમાં જાહિલ અવામની ખરાબીઓ હોય છે તે અમલી ખરાબીઓ બતાવીને લોકોને છેતરે છે. ખરાબીઓ ખરાબીઓ જ છે તેમાં કોઈના બેમત નથી, **પરંતુ વહાબીઓ પોતાના ગુસ્તાખી ભર્યા અકીદા છુપાવી** માત્ર આવી ખરાબીઓ બતાવી લોકોને પોતાના બનાવે છે.

## ★ સુન્ની આલિમોનું મહાન એહસાન ! ★

પબ્લિકની મોટી એવી સંખ્યા જેમને કિતાબોથી કોઈ લગાવ હોતો નથી. તેઓ સુની સુનાઈ પર પોતાનું કામ કરે છે. એટલે અવામ વહાબી ફિર્કાઓના અકીદાથી વાકેફ બની જાય એ અશકય જેવું લાગે છે. પરંતુ સુન્ની આલિમોનું પબ્લિક પર બદલો ન આપી શકાય એવું મોટું એહસાન હોય છે. તેઓ પોતાનો કિંમતી સમય બાતિલ ફિર્કાના લોકોની કિતાબોમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં પસાર કરે છે અને કુર્આન હદીષ વિરૂધ્ધ જતી વાતોને અલગ કરી લોકો સમક્ષ પેજ નંબરો સાથે રજુ કરે છે, જેથી લોકો બાતિલ ફિર્કાના જાહેરી ડેકોરેશનથી રંગાઈ ન જાય અને પોતાનું ઈમાન ખરાબ ન કરી લે.

## ★ વહાબીઓને બેપર્દા કરવામાં અલ્લામા અર્શદુલ કાદરીનો અગત્યનો ફાળો ★

પબ્લિક મુકર્રિરો પર ફિદા થતી હોય છે અને લેખકો તરફ તેમનું ધ્યાન જતું નથી જ્યારે કે દીનનો મોટો એવા ફાયદો પહોંચાડવામા લેખકો નો અગત્યનો ફાળો હોય છે. અને વધુ પડતા લેખકો અવામ સમક્ષ બયાન નથી કરી શકતા એટલે અવામ તેમને કાંઈ સમજતા નથી. પરંતુ તેમનું મોટુ એહસાન છે ભલે કોઈ સમજે કે ન સમજે. તકરીરોનું કામ કરવાવાળા વધુ પ્રમાણમાં લેખકોની કિતાબોનો સહારો લઈને નામ કમાતા હોય છે. અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ સુન્નીઓના મહાન લેખક છે તેમની કિતાબોમાં વહાબીઓને ઉઘાડા કરતી કિતાબો આ છે : (૧) ઝલ્ઝલા (૨) ઝેરોઝબર (૩) તબ્લીગી જમાઅત (૪) જમાઅતે ઈસ્લામી વગેરે...આ કિતાબોમાં વહાબીઓ અને દેવબંદીઓની બદ્અકીદગી તેમની કિતાબોના નામો અને પેજ નંબર સાથે બયાન કરવામાં આવી છે. સાથે કોઈ એક લખાણને ખોટુ સાબિત કરવા પર દસ હજાર રૂ.નું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે. પછી એક ઈન્સાફ અને ન્યાયી આદમી પર એ વાત ગુપ્ત નથી રહી જતી કે વહાબીઓના અકીદા કેટલા ખરાબ છે. એટલે અવામે ઉપરોકત કિતાબોનું વાચંન કરવું જોઈએ, અને વહાબીઓના ખોટા અકીદાથી વાકેફ થવું જોઈએ. અવામની જવાબદારી છે કે પોતે પણ કાંઈક શિખવાની કોશિશ કરવી જાઈએ. *(ઝલ્ઝલા ગુજરાતીમાં પણ મળે છે. –પ્રકાશક)*

## ★ અવામ ફત્વાની પકડથી હજી મુકિતમાં છે ★

અવામ અવામ છે, પબ્લિક પબ્લિક છે, જે ફતાવા મૌલ્વી અને મૌલ્વીની સંગતમાં રહેવાવાળાઓ માટે હોય છે તે સામાન્ય પબ્લિક માટે નથી હોતા, તેમના માટે થોડી છૂટ છાટ રાખવામાં આવે છે. આજે જ્યારે કે વહાબીઓ સંખ્યામાં વધતા જઈ રહ્યા છે, પબ્લિક પર ડાયરેકટ વહાબી હોવાનો ફત્વો લગાડવામાં નથી આવતો. આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ એ પબ્લિક પર ફત્વો નથી લગાડયો. દરેક જગાએ એક શર્તનો વધારો કરેલો છે જે વહાબીઓના અકીદાથી વાકેફ થઈને પણ તેમને સાચા





મુસલમાન સમજે અને માને તે ઈસ્લામના વર્તુળથી બહાર છે. હઝરત અલ્લામા મુફ્તી અહમદ યારખાં رحمۃ اللہ علیہ પોતાની જગ મશહૂર કિતાબ તફસીરે નઈમી, ભાગ–૧ માં اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ની તફસીરમાં લખે છે : બાતિલ અકીદાવાળાઓની તે અવામ જેને તેમના અકીદા અને માન્યતાનું ઈલ્મ નથી માત્ર તેમના અમલોને લઈને તેમની પાછળ જાય છે તેમને કાફિર નથી કહી શકતા, જો કે તેમના અમલો તેમની પાછળ થતા નથી એટલે આખેરતમાં તેમને અમલો છોડવાનો અઝાબ વેઠવો પડશે, પરંતુ તેમની નજાત થઈ શકશે. હઝરત મુફ્તી સાહેબનો આ ફત્વો તે અવામ માટે છે જેમને અકીદાથી વાકેફિયત નથી અને સારા અમલોને જોઈ બાતિલ ફિર્કાવાળાઓની પાછળ દોડી જાય છે. પરંતુ જાહિલોએ જાહિલ ન રહેવું જોઈએ. ઈમાન બચાવવા માટે અકીદાનું ઈલ્મ પણ પ્રાપ્ત કરવું જોઈએ.

## ★ ગુનાહિત કામ ગુનાહનો સબબ છે નેકીનો નહીં ★

ગુનાહિત કામો જે ઈસ્લામી શરીઅત અનુસાર ગુનાહિત છે તેનાથી બચવું જોઈએ, નહીં તો તેમાં પડનારને ફાસિક કહેવામાં આવે છે. અને ગુનાહિત કામને ગુનાહિત માનવા કુર્આન અને મુતવાતિર હદીષોથી હોય તો ફર્ઝ છે. તેની બાબત નકારાત્મક જવાબ આપવાથી માણસ ઈમાનના વર્તુળથી બહાર થઈ જાય છે. અને (મુતવાતિર સિવાયની) બીજા પ્રકારની હદીષોથી તેનો સુબૂત હોય તો નકારાત્મક જવાબ આપવાથી માણસ ગુમરાહ બદ્દીન થઈ જાય છે. સારાંશ એ કે ઈન્કાર પર ઈમાન જવું અથવા ગુમરાહ થવું બેમાંથી એક નુકસાન તો જરૂરથી થાય છે. એટલે ગુનાહિત કામો ન કરવાં જોઈએ અને કરવામાં આવે તો પણ ગુનાહિત સમજીને થશે. ગુનાહિત કામને જાઈઝ અને તે પણ સવાબનું કામ સમજવું કયારેક તો માણસને કાફિર બનાવી દે છે ! અને કયારેક ગુમરાહ, બદ્દીન કરી આપે છે. હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે દરગાહો અને આસ્તાનઓ પર જે બુરાઈઓ અને ગુનાહિત કામો થઈ રહ્યાં છે તેને ગુનાહિત સમજીને કરવામાં આવે છે કે પછી જાઈઝ અને સવાબ સમજીને કરવામાં આવે છે ? જો નાજાઈઝ માનવામાં આવે છે તો પછી અકીદત અને મહોબ્બતને લઈને જનાર એ કયારે પસંદ

કરી શકે છે કે આસ્તાના પર ગુનાહિત કામ કરે ? અને એક મુસલમાન માટે સારો ખ્યાલ રાખવાનો હુકમ એ વાતની રજા નથી આપતો કે તેમની બાબત કહેવામાં આવે કે તેઓ જાઈઝ સમજીને કરી રહ્યા છે. મુફતી કાયદા કાનૂનના પ્રકાશમાં કોઈને બચાવવા ઈચ્છે તો બચાવી શકે છે, તેનું કામ જાહેર પર ફત્વો આપવું છે, પણ જો તેમની નિય્યતોમાં ગુનાહિત કામો જાઈઝ અને સવાબ હતાં તો અલ્લાહની બારગાહમાં તેઓ મુકત થઈ શકશે નહીં, કારણ કે તેની બારગાહમાં નિય્યતો પર ફેંસલો થશે.

## ★ એક ખોટી દલીલ ★

આ જમાનામાં એક વાત એ પણ થતી જોવા મળે છે કે કોઈ માણસને ગુનાહનું કામ કરવું હોય છે અને તેને એવું યકીન હોય છે કે મારા કરવાથી લોકો મને ગુનેહગાર અને ફાસિક કહશે તો તે માણસની કોશિશ એ વાતની હોય છે ગમે તેમ કરી તે કામને જાઈઝ ઠરાવવાની ટ્રાય કરો ! વિડિઓ કેસેટ બનાવવાની ઈચ્છા ધરાવનાર લોકોએ વિડિઓ કેસેટમાં વિવિધ પ્રકારની વાતો પેદા કરીને તેને તસ્વીરકશીના હુકમમાંથી કાઢી નાખી અને પછી વિડિઓ કેસેટ બનાવી શકાય છે તેના જવાઝનો ફત્વો આપ્યો. આજે અસંખ્ય મુસલમાન એ કામને જાઈઝ સમજીને કરી રહ્યા છે. આગળ મેં તમને બતાવ્યું તેમ અહીં યુ.કે.માં તકરીરી પ્રોગામ મસ્જિદોમાં થતા હોય છે, અને મસ્જિદ જેવું પાક ઈબાદતનું સ્થાન જ્યાં દુનિયાની વાત કરવાથી પણ મનાઈ કરવામાં આવી, તે પાક ઈબાદતના સ્થાનો વિડિઓ સેન્ટર બની ગયાં ! વધુ એ કે હવે તો ફોટોગ્રાફી પણ મસ્જિદમાં થવા લાગી ! મૌલ્વીઓ આરામથી રસૂલેપાકના મિમ્બર પર બેસીને તસ્વીરો ખેંચાવે છે ! (અલ્લાહની પનાહ !) આ જ હાલ કવ્વાલીના શોખીન લોકોનો છે. આજ સુધી મેં એ નથી સાંભળ્યું કે કોઈ આલિમે દીને મ્યુઝિક સાથે કવ્વાલીના જવાઝનો ફત્વો આપ્યો હોય અને આપશે પણ નહીં જો તે આલિમે દીન હશે. પરંતુ અમુક આસ્તાનાઓના મજાવરો અને ખાદિમો ખોટી ખોટી દલીલો લાવીને તેના જાઈઝ હોવાની વાતો કરી રહ્યા છે. દલીલ રૂપે તેમનું કહેવું એવું પણ છે કે ખ્વાજા ગરીબે નવાઝ رحمۃ اللہ علیہ જયારે ઈન્ડિયામાં તબ્લીગે દીન માટે આવ્યા તો આપે કાફિરોને





નિકટ લાવવા આ પ્રકારનું કામ કરવાનું કહ્યું હતું. **મારી સમજમાં નથી આવતું કે ખ્વાજા સાહેબ જેવા શરીઅતના અતિ ચુસ્ત બુઝુર્ગ પોતાની કરામતો અને રૂહાનિય્યત છોડીને આ પ્રકારની દીનથી પડી ગયેલી વાતોથી લોકોને નિકટ લાવવાની કોશિશ કરે ! (મઆઝલ્લાહ !) આ ખ્વાજા સાહેબ પર મૂકલો આક્ષેપ જ છે.** બુઝુર્ગોનો સાચો આશિક તેમની બાબતે આવી પાયા વિનાની વાતોને કયારેક પણ સ્વીકારી શકતો નથી. હદીષ શરીફમાં છે જે વાતની મનાઈ કરવામાં આવી, શું કોઈ મુસલમાન છે જે પોતાના અધિકારથી તેને જાઈઝ કરવાની કોશિશ કરે ? હા ! જે વાતોનો સ્પષ્ટ ઉલ્લેખ નથી અને ઈમામો તથા મુજતહિદ તરફથી તેની ચર્ચા કરવામાં નથી આવી તો મુફતીઓને શરઈ દલીલના પ્રકાશમાં તેની ચર્ચા કરવાનો અધિકાર છે. સારાંશ એ કે મ્યુઝિક સાથે કવ્વાલીનો સમાઅ નાજાઈઝ છે અને ખ્વાજા સાહેબ તરફ તેનો સંબંધ ખ્વાજા સાહેબની પાક જાત પર આક્ષેપ છે.

## ★ શું આ પ્રશ્નનો જવાબ છે ? ★

ખ્વજા સાહેબ તરફ સંબંધ કરીને મ્યુઝિકવાળી કવ્વાલીના જાઈઝ વાતો કરનાર મને એ જવાબ આપે કે મ્યુઝિક સાથે કવ્વાલી ઔરતના મુખેથી શું હુકમ રાખે છે ? ઔરતનું બેપર્દા બજારી ઔરતના રૂપમાં મર્દોની મહેફિલમાં ગાવાનો શું હુકમ છે ? ફાસિક કવ્વાલોને કવ્વાલી માટે દા'વત આપવી અને તેમના માટે સ્ટેજ સજાવવાનો શરઈ હુકમ શું છે ? શું ખ્વાજા સાહેબ મહેફિલમાં ઔરતો પાસે પણ કવ્વાલી ગવડાવતા હતા ? શું ખ્વાજા સાહેબની મહેફિલમાં ફાસિક લોકો કવ્વાલી ગાતા હતા ? શું ખ્વાજા સાહેબની મહેફિલમાં મ્યુઝિક વિશે શરઈ હુકમ માલૂમ ન હતો ? ખ્વાજા સાહેબની મહેફિલમાં મ્યુઝિક સાથે કવ્વાલી થતી હતી તો પછી ચિશ્તી સિલસિલાના અતિ પ્રિય મહાન વલી મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન ઔલિયા رحمۃ اللہ علیہ એ **ફવાઈદુલ ફવાઈદ**માં મ્યુઝિકને હરામ કેમ કહ્યું ? શું મહબૂબે ઈલાહીને ખબર ન હતી કે ખ્વાજા સાહેબ આ કામ કરતા હતા ? શું હદીષ શરીફ વિરૂધ્ધ કોઈ બુઝુર્ગનો વાકયો દલીલ બની શકે છે ? જવાબ બની શકે તો આપો, અને ન બની શકે તો પછી ભૂલ

સ્વીકારી લો. સુન્ની છો તો પછી સુન્ની બનીને રહો ! જાહિલ બનીને નહીં !

## ★ વાજિંત્રો મનાઈના હુકમમાં છે ★

દાતા ગંજ બક્ષ અલી હિજવૈરી رحمة الله عليه ફર્માવે છે :– સાંભળ વાવાળાઓના બે પ્રકાર છે, એક તો તે લોકો જે માત્ર ગાયનો સાંભળે છે, બીજા તે લોકો જે માત્ર અવાજ સાંભળે છે. આ બંને પ્રકારમાં ફાયદો પણ છે અને નુકસાન પણ છે. જ્યારે કોઈ વ્યક્તિ અવાજ સાંભળે છે તો તેની અંદરમાં તે જ ચીજ જોશ મારે છે જે પ્રથમથી જ તેની અંદર મૌજૂદ હોય છે. જો પ્રથમથી તેની અંદર હક્ક હોય છે તો હક્ક જોશ મારે છે અને બાતિલ હોય છે તો બાતિલ જોશ મારે છે. જેની તબીઅતમાં બગાડ હોય છે તે ગમે તે સાંભળે તેના માટે બગાડ હોય છે. હઝરત દાઊદ عليه الصلوة والسلام ને અલ્લાહ તઆલાએ (લેહન) રાગથી પઢવાનો મો'જિઝો અતા ફર્માવ્યો હતો. જ્યારે તેઓ પઢતા તો પશુ, પક્ષીઓ, ઝાડ, પથ્થર રોકાઈ જતાં, અને વહેતુ પાણી સ્થિર થઈ જતું ! હજારો લોકો આપનો અવાજ સાંભળીને ખાવા પીવાનું ભૂલી જતા, મસ્તી તથા શોખમાં મૃત્યુ પામતા. ત્યાર બાદ અલ્લાહ તઆલાએ ઈરાદો ફર્માવ્યો, હક્કવાળાઓને વાસનાવાળાઓથી અલગ કરી દેવામાં આવે. ત્યારે શૈતાનને ગભરામણ થઈ અને તેને દિલોમાં વસવસો નાખવાની પરવાનગી મળી જેથી તે બહાનું બનાવી જે કરવા ઈચ્છે તે કરે, તો તેણે વાંસળી અને તંબુરો બનાવ્યો અને હઝરત દાઊદ عليه الصلوة والسلام ની વિરોધમાં પોતાની વાજિંત્રવાળી મહફિલનું આયોજન કર્યુ. ત્યાર બાદ દાઊદ عليه الصلوة والسلام ના શ્રોતાઓમાં બે ભાગ પડી ગયા, એક બદમાશોનો ટોળો જે શૈતાનના વાજિંત્ર અને મ્યુઝિક તરફ કેન્દ્રિત થયો, અને બીજો ટોળો નેક લોકોનો જે દાઊદ عليه الصلوة والسلام ના પઢવા સિવાય બીજી કોઈ ચીજ તરફ કેન્દ્રિત ન થયો. એટલા માટે કે તેઓ હક્ક જોતા હતા, જો તેઓ શૈતાની વાજિંત્રો સાંભળતા તો તેમાં તેમને ફિત્નો દેખાતો અને જ્યારે તેઓ લહ્‌ને દાઊદી સાંભળતા તો તેમાં તેઓને હક્ક જોવા મળતું. સારાંશ કે તેમણે દરેક ચીજથી પોતાનું મોં ફેરવી લીધું. જે જેવો હતો તેણે તેવું જ જોયું, અહલે હક્કે હક્કને અને અહલે ખતાએ ખતાને.

ઉપરોકત ઉલ્લેખથી જાણવા મળ્યું મ્યુઝિક અને **વાજિંત્રો સાથે**





**સૌ પ્રથમ મેહફિલનું આયોજન શૈતાને કર્યું હતું અને તેના થકી બુરા લોકોને પોતાની તરફ બોલાવ્યા.** એટલે મ્યુઝિક સાથે મેહફિલનું આયોજન કરવાની શરઅન ઈજાઝત નથી આપી શકાતી. વધુ ઉલ્લેખ માટે મારા લખેલા **શર્હે કસીદા બુર્દાના બે બોલ** પઢો અને ન્યાયનો ફેંસલો આપો અને સુન્નિયતને બદનામ કરવાથી તૌબા કરો.

## ★ મ્યુઝિક સાથે કવ્વાલી ગુનાહનું કામ છે ★

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضي الله عنه એ ફતાવા રઝવિય્યામાં મ્યુઝિક સાથે કવ્વાલી નાજાઈઝ અને હરામ બતાવી છે. ભાગ-૬ માં પેજ નં. ૧૩૪ ઉપર છે :– "મઝામીર (મ્યુઝિક) શરઅન નાજાઈ હંય હઝરત સુલ્તાનુલ ઔલિયા મહબૂબે ઈલાહી નિઝામુલ્ હક્કે વદ્દીન رحمة الله عليه ફવાઈદુલ ફવાઈદ શરીફમાં ફર્માવે છે, મઝામીર હરામસ્ત (મ્યુઝિક હરામ છે.)

ફતાવા રઝવિય્યાહ, ભાગ-૯, પેજ નં. ૧૯૯ પર આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رضي الله عنه થી ફત્વો પૂછવામાં આવ્યો :–

ઉલ્માએ દીન મુફતીયાને શરએ મતીન આ મસ્અલા બાબત શું ફર્માવે છે કે, એક વ્યક્તિ મારો દોસ્ત આવ્યો અને તેણે મને કહ્યું, ચાલો એક જગાએ ઉર્સ છે. હું ચાલ્યો ગયો, ત્યાં જઈને જોયું તો ઘણા લોકો છે અને કવ્વાલી એ પ્રકારથી થઈ રહી છે કે એક ઢોલકુ અને બેસારંગી વાગી રહી છે અને અમુક કવ્વાલો પીરાને પીર દસ્તગીરની શાનમાં શાયરી પઢી રહ્યા છે અને રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم ની શાનમાં નઅતના અશઆર અને ઔલિયા અલ્લાહની શાનમાં અશઆર ગાઈ રહ્યા છે. અને ઢોલકું, સારંગીઓ વાગી રહી છે. ઉલ્લેખ થયેલ વાજિંત્ર તો શરીઅતમાં હરામ છે. શું આ કામથી રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم અને ઔલિયા અલ્લાહ ખુશ થશે ? વર્ણન થયેલ વ્યક્તિઓ અને જલ્સાના હાજરજનો ગુનેહગાર થયા કે નહીં ? અને આવી કવ્વાલી જાઈઝ છે કે નથી ? અને જાઈઝ છે તો કેવી રીતે ?

**જવાબ** : આ'લા હઝરત જવાબ આપતાં લખે છે, **આવી કવ્વાલી હરામ છે હાજર રહેનારા બધા ગુનેહગાર છે.** અને

બધાનો ગુનોહ આવો ઉર્સ કરવાવાળાઓ અને કવ્વાલો ઉપર છે. અને કવ્વાલોનો પણ ગુનાહ આ ઉર્સ કરવાવાળા પર, અને ઉર્સ કરવાવાળાઓના માથે કવ્વાલોનો ગુનોહ જવાથી કવ્વાલો પરથી ગુનાહનો ઘટાડો થશે નહીં. અને કવ્વાલોના માથે હાજરજનોનો વબાલ પડવાથી હાજરજનોના ગુનાહમાં ઘટાડો થશે નહીં. બલ્કે હાજરજનોમાંથી દરેક પર એક પૂરો ગુનોહ અને કવ્વાલો પર તેમનો પોતાનો ગુનોહ અલગ અને સઘળા હાજરજનો જેટલો અલગથી. કારણ એ કે હાજરજનોને ઉર્સ કરવાવાળાઓએ બોલાવ્યા અને તેમના માટે આ ગુનાહનો સામાન ફેલાવ્યો અને કવ્વાલોએ એમને સંભળાવ્યું. જો તેમણે સામાન ન કર્યો હોત, આ ઢોલક અને સારંગી ન સંભળાવતા તો હાજરજનો આ ગુનાહમાં શાથી પડતા ! એટલા માટે કવ્વાલોનો પણ ગુનોહ આ બોલાવવાવાળાઓ પર થયો. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે :– જે કોઈ હિદાયતના કામની દા'વત આપે, જેટલા એનું અનુસરણ કરે બધાની બરાબર સવાબ મેળવે અને આનાથી એમના સવાબોમાં કોઈ નુકસાન થશે નહીં. અને જે કોઈ ગુમરાહીના કામની દા'વત આપે અને જેટલા એના બોલાવવા પર ચાલે બધાની બરાબર ગુનોહ થયો અને આનાથી એમના ગુનાહોમાં કંઈ કમી ન થઈ.

મ્યુઝિક અને વાજિંત્રોના હરામ હોવા પર શારેઅ علیہ الصلوٰۃ والتسلیم ની હદીષો તવાતૂરની હદ સુધી રિવાયત થઈ છે. તેમાંથી એક હદીષ સહીહ બુખારી શરીફની છે : હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

لَيَكُوْنَنَّ فِيْ اُمَّتِيْ اَقْوَامٌ يَسْتَحِلُّوْنَ الْحِرَّ وَالْحَرِيْرَ
وَالْخَمْرَ وَالْمَعَازِفَ

જરૂર મારી ઉમ્મતમાં એવા લોકો થવાના છે જેઓ હલાલ કરશે ઔરતોની શરમગાહ (એટલે ઝિના), રેશમી કપડાં, દારૂ અને વાજિંત્રો. (આ'લા હઝરત આ હદીષ મ્યુઝિક સાથે કવ્વાલી કરાવાવાળાઓની બાબત નકલ કરી જેનાથી એ જાણવા મળે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જે લોકો બાબત ગયબી ખબર આપી હતી કે તેઓ મ્યુઝિક જાઈઝ કરશે તો આ કવ્વાલ લોકો અને તેમના કામને જાઈઝ સમજનારાઓ આમાં સામેલ છે. નબીની ખબર જૂઠી શી રીતે પડી શકે ? આપને તો અલ્લાહ તઆલાએ યકીનન ! ગયબ અતા ફર્માવ્યું છે.





(અમુક લોકો કવ્વાલીને જાઈઝ કરવા માટે બુઝુર્ગોના વાકેઆ અને કિસ્સા સંભળાવે છે અને ખાનકાહી લોકો જેમની પાસે શરઈ ફિકહની માલૂમાત નથી અને દલીલ કરવાનું ઈલ્મ નથી તેઓ વાજિંત્રોવાળી કવ્વાલીના જવાઝમાં કિસ્સાઓને દલીલ બનાવે છે. જ્યારે કે એક સામાન્ય મુસલમાનને પણ ખબર હશે કે આપણા માટે દલીલ પ્રથમ **કુર્આન**થી પછી **હદીષ**થી ત્યાર બાદ **ઈજમાએ ઉમ્મત** અને **કયાસ**થી છે. હદીષે પાકમાં કોઈ ચીજને સ્પષ્ટ શબ્દમાં મનાઈનો હુકમ આપવામાં આવ્યો હોય તો તે કોઈ પણ બુઝુર્ગની સંબંધે બયાન કરવામાં આવતા કિસ્સાને દલીલ રૂપે કબૂલવામાં આવશે નહીં. માત્ર સાંભળેલા અથવા ગમે તેના લખેલા કિસ્સા કહાનીઓને દલીલ બનાવવામાં આવે તો પછી કુર્આન અને હદીષને શું છોડી આપવાની ? એટલે જ કહેવામાં આવે છે જાહિલે ફત્વો આપવો હરામ છે. જાહિલોના ફત્વાઓથી તો દીનમાં ખરાબીઓ જોવા મળે છે. સાચા મુફતીઓ અને દીનદાર આલિમોની વાતોને માન્ય રાખો. તેઓ ગલત રસ્તે નહીં જવા દે. ગમે તેની વાત સ્વીકારી લેશો તો પછી તમારું કોઈ ઠેકાણું નહીં રહી જાય. સુન્નીઓ માટે ઈન્ડિયા, પાકિસ્તાનમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ થી વધીને કોણ મહાન આલિમ અને નબીનો સાચો આશિક છે ! જ્યારે મ્યુઝિક અને વાજિંત્રો સાથે થતી કવ્વાલીને આપે હરામનો ફત્વો આપ્યો તો હવે કબૂલ કરવામાં આપણને કોઈ શંકા ન હોવી જોઈએ.)

આ'લા હઝરત ફર્માવે છે, સહીહ હદીષો જે મરફૂઅ અને મોહકમ (સ્પષ્ટ હુકમવાળી)હોય તેના વિરોધમાં અશકત કિસ્સા અથવા મતલબ ફેરફાર થઈ શકે એવા વાકેઆ અથવા મોતશાબેહ રજુ નથી થઈ શકતા, દરેક અક્કલવાળો જાણે છે કે સહીહ (હદીષ)ની બરાબરીમાં અશકત (રિવાયતવાળી હદીષ) તથા નિશ્ચિત (માયનાવાળી હદીષ)ની બરાબરીમાં, બહુમાન્ય (હદીષ) જેનો ભાવાર્થ સ્પષ્ટ હોય તેની બરાબરીમાં એવી હદીષ જેનો ભાવાર્થ ન થઈ શકે તેનું છોડવું વાજિબ અને જરૂરી છે. પછી કયાં વાત અને હિકાયત અને કયાં હલાલ અને હરામ !

(આ'લા હઝરત رضی اللہ عنہ ના ફર્માનનો મતલબ એ છે કે હદીષના પ્રકાર જે ઉસૂલે હદીષની કિતાબોમાં વર્ણન કરવામાં આવે છે તેના આધારે

અમુક હદીષોમાં વિવાદ થાય છે તો એકની ઉપર અમલ કરવામાં આવે અને બીજી હદીષને છોડી આપવામાં આવે છે. **જ્યારે હદીષની બરાબરીમાં કાયદા કાનૂનને લક્ષમાં રાખી બીજી હદીષ પર અમલ કરવામાં નથી આવતો તો પછી જ્યારે હદીષમાં કોઈ એક કામની સ્પષ્ટ શબ્દોમાં મનાઈ કરવામાં આવી તેની બરાબરીમાં કોઈ વાકયો અથવા કિસ્સો શી રીતે દલીલ બની શકે છે અને અમલપાત્ર થઈ શકે છે ?** વાકયા અને કિસ્સા કહાનીઓ છોડી હદીષ પર અમલ કરવો જરૂરી રહેશે. વાજિંત્રોવાળી કવ્વાલી વિશે જે વાકયા ઘડવામાં આવ્યા છે તેની ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં. કારણ કે હદીષમાં વાજિંત્રોની મનાઈ બયાન કરવામાં આવી છે. **ભલા નબીની વાતની બરાબરીમાં બીજા કોઈની વાત દલીલ શી રીતે બની શકે છે ?!)**

ફિકહી હુકમની ચાહત હોય તો (હનફીઓ માટે) ઈમામે આઝમ ઈમામુલ અઈમ્મા رضی اللہ عنہ નો ઈર્શાદ છે અને હિદાયા જેવી ઉત્તમ દરજ્જાની ભરોસાપાત્ર કિતાબમાં છે : **"બેશક ! સઘળા વાજિંત્રો હરામ છે."**

(આ'લા હઝરત ફર્માવે છે હદીષથી હરામની દલીલ જોઈએ છે તો પણ તમારી ખિદમતમાં રજુ થઈ અને ફિકહની દલીલ જોઈએ છે તો તે પણ તમારી ખિદમતમાં રજુ થઈ, જ્યારે બંને પ્રકારની દલીલ મળી આવી તો પછી એક ન્યાયપસંદ માણસ માટે આટલું પૂરતું છે.) જો કોઈ માણસ વાસનાનો ભૂખ્યો હોય તો તેનો ઈલાજ કયો. માણસ ગુનાહ કરે અને ગુનોહ જાણે, કબૂલ કરે, અને ત્યાર પછી તેને છોડી આપે તો કેટલું સારું ! પરંતુ આ કેટલું દુઃખદાયક છે કે વાસના પૂરી કરે, આક્ષેપને અવગણે અને પોતાના માટે હરામને હલાલ બનાવે ! અને એટલું જ પૂરતું નથી બલ્કે મઆઝલ્લાહ ! એનો આક્ષેપ મહબૂબાને ખુદા અકાબિરે સિલસિલએ આલિયાએ ચિશ્ત કુદ્દેસ અસરારુહુમના માથે રાખે ! ન ખુદાનો ડર અને ન બંદાઓની શરમ ! જ્યારે કે હુઝૂર મહબૂબે ઈલાહી સૈયેદી વ મૌલાઈ નિઝામુલ હક્કે મિલ્લત વદ્દીન સુલ્તાનુલ ઔલિયા رضی اللہ تعالیٰ عنہم વ અન્ના બેહિમ **ફવાઈદુલ ફવાઈદ** શરીફમાં ફર્માવે છે : "મઝામીર હરામસ્ત" વાજિંત્રો **હરામ** છે. મૌલાના ફખ્રુદ્દીન ઝરાદી ખલીફએ હુઝૂર સૈયેદોના





મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ એ હઝૂર (મહબૂબે ઈલાહી)ના જમાનએ મુબારકમાં હુઝૂરના હુકમે અહકમથી સેમાઅના મસ્અલામાં રિસાલો **કશ્ફુલ કેનાઅ અન ઉસૂલિસ્સેમાઅ** લખી હતી એમાં સ્પષ્ટ વર્ણન છે : અમારા શૈખોનો સેમાઅ આ વાજિંત્રોથી ખાલી છે, તે માત્ર કવ્વાલોનો અવાજ છે, એવા અશઆર સાથે જે અલ્લાહની કારીગરીના કમાલની ખબર આપે છે. અલ્લાહ માટે ઈન્સાફથી ફૈંસલો કરો, **ખાનદાને આલી ચિશ્તના ઈમામે જલીલનો આ ઈર્શાદ કબૂલ કરવામાં આવશે કે પછી આજ કાલના બેકાર દા'વા કરનારાઓના પાયા વિનાના આક્ષેપને કબૂલવામાં આવશે ?** لاحول ولا قوة الا بالله

## ★ કબ્રની ઝિયારતે જનાર ઔરતો લા'નતની હક્કદાર છે ★

ઔરતોને કબ્રની ઝિયારતે જવાની મનાઈ કરવામાં આવી છે અને હદીષ શરીફમાં એવી ઔરતોને લા'નતની વઈદ સંભળાવામાં આવી છે. ફતાવા રઝવિય્યા, ભાગ-૪ માં છે : لعن الله الزائرات القبور **"કબ્રોની ઝિયારતે જનાર ઔરતો પર અલ્લાહ તઆલાની લા'નત છે."** એટલે કે અલ્લાહ તઆલાની રહમત તેમનાથી દૂર થઈ જાય છે. વિચારવા જેવી વાત એ છે કે ઔરતો આસ્તાનાઓ પર રહમત લેવા માટે જાય છે, ફૈઝની પ્રાપ્તિની નિય્યતથી જાય છે, પરંતુ વાસ્તવામાં રહમત મળતી નથી બલ્કે મળેલી રહમત પણ ઉઠી જાય છે. એટલે ઔરતોએ આ વાત ભૂલવી ન જોઈએ. તેમના માટે વધુ ફાયદો ઘરમાં રહેવું છે.

## ★ ઘરેથી પણ ફાતેહા પઢી શકાય છે ★

ફાતેહા પઢવામાં એ જરૂરી નથી કે કબ્ર પર હાજરી દેવામાં આવે બલ્કે ફાતેહા કોઈ પણ જગાએથી પઢી શકાય છે. ફાતેહા પઢીને એનો સવાબ બુઝુર્ગોને અર્પણ કરવામાં આવે. આપણું કામ અર્પણ કરવું છે અને અલ્લાહ તઆલાનું કામ તેમની બારગાહમાં પહોંચાડી આપવું છે, પછી કબ્ર પર હાજરીની જરૂરત નથી. એટલે ઔરતોએ કોઈ પણ બુઝુર્ગની બારગાહમાં સવાબ અર્પણ કરવો હોય તો ગમે ત્યાંથી પહોંચાડી શકે છે.

એટલે ફાતિહાનું બહાનું બેકાર છે, માન્ય રાખવામાં આવશે નહીં.

## ★ બુઝુર્ગોની રૂહો અધિકાર રાખે છે ★

રૂહોના અધિકાર વિશે જરૂરત જેટલી વિગત તમારી ખિદમતમાં રજુ કરવામાં આવી. તેનાથી એ સ્પષ્ટ થઈ ગયું કે રૂહ માટે દૂર નજીક બધું જ એક જેવું છે. અને બુઝુર્ગોનો મુકામ તથા મરતબો ઘણો ઊંચો છે, એટલે તેમની રૂહની શકિત પણ બીજી રૂહોથી અધિક હોય છે. ઔરતો શરીઅતની પાબંદીમાં કબ્રોની ઝિયારત માટે ન જાય અને બુઝુર્ગોની રૂહો માટે સવાબનો તોહફો અર્પણ કરે તો તેમની રૂહને પણ ખબર પડી શકે છે અને ફૈઝ મળી શકે છે. એટલે ઔરતોને હાજરીની રજા ન આપવામાં તેણીઓને કોઈ નુકસાન નથી પૂરો ફાયદો છે, બલ્કે તેણીઓને નુકસાન કબ્રો પર હાજરી આપવામાં છે. શરીઅતથી ખસવું, ગુનાહમાં સપડાવું, અલ્લાહની રહમત દૂર થવી, ન જવામાં બેહતરી હોય તો જવાની તકલીફ વ્યર્થ છે.

## ★ સાહિબે કબ્રની પણ લા'નત ★

ઔરત જયારે કબ્રની ઝિયારતની નિય્યતે નીકળે છે તો તેની ઉપર અલ્લાહ અને ફરિશ્તાઓની લા'નત તો હોય છે પરંતુ જયારે કબ્ર પર હાજરી આપે છે તો સાહિબે કબ્રની પણ લા'નત વરસે છે. ગુન્નિયામાં ઈમામ શઅબીના હવાલાથી છે :– ઈમામ કાઝીથી ફત્વો પૂછવામાં આવ્યો કે ઔરતોનું કબ્રસ્તાન જવું જાઈઝ છે ? જવાબ આપતાં ફર્માવ્યું કે :–

એવી જગાએ જાઈઝ અને નાજાઈઝ પૂછવામાં નથી આવતું ! એ પૂછો કે એમાં ઔરત પર કેટલી લા'નત વરસે છે ! જયારે ઘરેથી કબ્રો તરફ જવાનો ઈરાદો કરે છે અલ્લાહ અને ફરિશ્તાની લા'નતમાં હોય છે, જયારે ઘરેથી બહાર નીકળે છે સઘળી દિશાએથી શૈતાનના ઘેરમાં આવી જાય છે. જયારે કબ્ર સુધી પહોંચે છે મય્યિતની રૂહ લા'નત કરે છે. જયારે પરત આવે છે તો અલ્લાહની લા'નતમાં હોય છે. કાઝી સાહેબના આ ફત્વાથી જાણવા મળ્યું કે ઔરતોએ કબ્રો પર





હાજરી આપવાથી બચવું જોઈએ. તેમને હાજરી આપવામાં નુકસાન છે. અલ્લાહ નારાજ, રસૂલ નારાજ, ફરિશ્તાઓ નારાજ અને જે કબ્ર પર હાજરી આપી તે બુઝુર્ગોની રૂહ નારાજ. હાજરીનો મકસદ તો ફૈઝ પ્રાપ્ત કરવો અને સાહિબે કબ્રની રૂહને ખુશ કરવી છે, જેથી ઔરતોના હક્કમાં ઘરે રહીને ફાતેહા પઢી ફૈઝ પ્રાપ્ત કરવામાં જ નફો છે.

## ★ ગુજરાતની ઔરતોને સમજાવવું સરળ નથી ! ★

ઈન્ડિયાના ગુજરાત રાજ્યમાં દીન અને મઝહબનું ઈલ્મ હમેશાં ઓછું રહ્યું છે અને લોકોએ પોતાના બાળકોને દીનની વધુ તા'લીમ અપાવવામાં કયારે પણ શોખ પ્રગટ કર્યો નથી. ગુજરાતના લોકોમાં તેમની પોતાની કોમના જોઈએ તેવા આલિમો જોવામાં નથી આવતા અને બહારથી આવતા આલિમો પોતાની નોકરીઓની ફિકરમાં ગુજરાતીઓને સમજાવાની કોશિશ નથી કરતા. અકીદાની વાતો પર સદીઓથી વાતો થઈ રહી છે પરંતુ ગુજરાતી સુન્નીઓમાં ચાલી રહેલી જહાલત પર રોશની નાખવામાં આવતી નથી એટલે આજે જ્યારે અમલી બુરાઈ જેને જહાલતને લઈને સુન્નીયતની ઓળખ સમજીને કરવામાં આવે છે તેને બુરાઈનો હુકમ આપી છોડવાની તાલીમ આપવામાં આવે તો તેમને નવી વાત લાગે છે અને તેમનું દિલ માનવા તૈયાર થતું નથી બલ્કે કેટલાક અંધશ્રધ્ધાવાળા તો એવા પણ હોય છે જેમના મુખેથી એવા ખરાબ શબ્દો પણ નીકળતા હોય છે જેને લઈને તેઓ ગુમરાહીના વર્તુળમાં પહોંચી જાય છે. બોલવામાં કંઈ જ વિચારતા નથી. મેં અમુક જાહિલ લોકોને એવું કહેતા પણ સાંભળ્યા છે કે, જવા દો બધી વાતો ! આપણે જે કરીએ છીએ તેને કરે જાવ ! મૌલ્વીઓ તો નવી નવી વાતો પેદા કરતા રહેશે ! તેમની એક નહીં સાંભળ વાની ! દુનિયામાં બધા ફિત્ના મૌલ્વીઓના જ છે ! તેમની વાતો પર ધ્યાન આપવાની જરૂરત નથી. ફત્વાની દ્રષ્ટિએ જોવા જઈએ તો આ પ્રકારના શબ્દો કુફ્ર નહીં તો ગુમરાહી જરૂરથી છે અને આ બધી વાતો ગુજરાતના લોકોમાં જોવા મળે છે જેને લઈને ગુજરાતની ઔરતોને સમજાવવું સરળ કામ નથી, લોખંડના ચણા ચાવવા જેટલું કષ્ટદાયક છે !

## ★ મારી જ વાત બતાવું ★

હું જયારે મુબારકપૂર અશરફિયામાં તાલીમ લઈ રહ્યો હતો ત્યારથી જ મને સુન્નીઓમાં થતી બુરાઈઓ પર ઘણો અફસોસ થતો હતો અને મારી ટચમાં આવતું તો ઈસ્લાહ કરવાની ટ્રાય કરતો હતો. એક દિવસ હું મારા એક સગાના ઘરે ગયો તેઓ પોતે સુન્ની છે અને પોતે પણ સુન્ની હોવાનું એલાન કરે છે પરંતુ તદ્દન જાહિલ અને તેમની દરેક વાત પાયા વિનાની, એક પણ માન્ય રાખવા લાયક નહીં. તેમના ઘરે ગૌષે પાકના નામથી દીવો સળગાવવામાં આવતો હતો. કબ્ર પાસે દીવો સળગાવવો કે નહીં તેની બાબતે લોકોમાં વિવાદ ચાલે છે. જે કબ્રો પર અંધારું હોય અને લોકો ફાતેહા પઢવા માટે આવતા હોય તો તેમની સહુલત માટે દીવો સળગાવવાની રજા આપવામાં આવી છે. વગર જરૂરતે દીવો સળગાવવાની રજા નથી. હવે વિચારવા જેવી વાત એ છે કે ઘરમાં લાઈટનું પ્રકાશ છે, દીવાની કોઈ જરૂરત નથી તો પણ ઘરના ખૂણામાં ગૌષપાકના નામનો દીવો સળગાવાનો શું મતલબ ? ગરીબના ઘરમાં ખાવાનું પૂરતુ તેલ ન મળે અને ઘરમાં વગર કામના દીવા સળગાવવા ! આપણા સુન્ની આલિમોએ પણ આના વિશે નાજાઈઝનો ફત્વો આપેલો છે. મેં પણ મારા સગાને કહ્યું, તમે આ વગર કામનો દીવો સળગાવો છો તેની ઈજાઝત નથી, શરઈ કાયદાના આધારે નાજાઈઝ છે. તેમણે મને જવાબ આપ્યો, મૌલાના કેવી વાત કરો છો ? આ વગર કામનો દીવો છે ? આ તો હુઝૂર ગૌષ رضی اللہ عنہ પાકનો દીવો છે ! મેં પૂછયું, શું ગૌષે પાક આ દીવો સળગાવતા હતા ? તેમણે જવાબ આપ્યો, દીવો ગૌષે પાકનો નથી બલ્કે ગૌષે પાકના નામથી અમે આ દીવો તેમને ખુશ કરવા માટે સળ ગાવીએ છીએ. મેં કહ્યું, દીવો સળગાવવામાં કઈ એવી ફઝીલત છે જેનાથી ગૌષે પાક ખુશ થાય છે ? તેમણે મને કહ્યું કે તમે તો ફરી ગયા હોય એમ લાગો છો ! નહીં તો સુન્ની મૌલ્વીઓના મુખેથી આવી વાતો નથી નીકળી શકતી ! અને આ માત્ર તેમનો જવાબ નથી બલ્કે દરેક જાહિલ સુન્નીનો આ જ જવાબ હોય છે. જયારે તેમની બુરાઈ દૂર કરવા તેમની નસીહત કરવામાં આવે તો તેઓ આમ જ કહે છે કે તમે તો ફરી ગયા હોય એમ





લાગો છો ! અને આ એવો ખતરનાક ઝહરીલો જવાબ છે જેના સહારે રહેનાર કયારે પણ પોતાની ભૂલ સુધારી શકતો નથી અને જહાલતને ઈલ્મના પ્રકાશમાં બદલી શકતો નથી.

## ★ અમલથી જ આપણે મારા ખાધો છે ★

વહાબીઓ અકીદાની દ્રષ્ટિએ તો તદ્દન ખરાબ છે પરંતુ અમલમાં પણ તેઓ સીમા રેખા પાર કરી ગયા છે ! કોઈ પણ દલીલ વિના ગમે તે કામને શિર્ક અને ગમે તે કામને બિદઅત કહી આપે છે. અને જૂઠુ બોલવું તો તેમની તકદીર બની ગયું છે, જયારે ફતાવા રઝવિય્યામાં આ'લા હઝરત رضی اللہ عنہ એ લખ્યું છે કે સુન્નીઓ વધુ ચંદો નથી કરી શકતા એટલા માટે કે આપણે જૂઠને જૂઠ સમજીએ છીએ અને તેનાથી બચવાની કોશિશ કરીએ છીએ જયારે વહાબીઓ ચંદો લેવા માટે ગમે તેવું જૂઠ બોલી શકે છે. ફર્માવે છે કે થોડા દિવસો પહેલાં એક ચાહકે મને બતાવ્યું કે એક ભાઈ ચંદો કરવા આવ્યો હતો તો મેં તેને પૂછયું, તમે મૌલાના અહમદ રઝાખાનને માનો છો ? તેણે કહ્યું, કેમ નહીં ?! એ ભાઈએ તો ૫૦૦ રૂા. આપી દીધા ! પછી ખબર પડી કે એ તો વહાબી હતો ! આ છે વહાબીઓનો હાલ ! સુન્નીઓ પાસે જઈને સુન્ની, અહલે હદીષ પાસે જઈને અહલે હદીષ, શિયા પાસે જઈને શિયા ! એટલે કે ચંદા વસૂલો ભલે ગમે તે કબૂલીને લેવા પડે ! પરંતુ સુન્ની કોઈ પણ જગાએ ચંદા માટે જશે તો પોતાની સુન્નીયતનો શબ્દ બોલવામાં ભૂલ કરશે નહીં. એટલે એવું કહેવું ખોટું છે કે વહાબીઓ અમલમાં ઘણા સારા છે ! ખરેખર તો તેઓ પોતાનું જાહેર લોકોને દેખાડવા માટે સારું બનાવીને રાખે છે જેથી લોકો તેમને કબૂલી લે, અને એ જ થઈ પણ રહ્યું છે. વહાબીઓ પોતાના નવા ધર્મને ચમકાવવા સુન્નીઓની બુરાઈને તેમનો ધર્મ અને તેમની સુન્નિયત કહે છે. મેં એક ગુસ્તાખ મૌલ્વીને કહેતાં સાંભળ્યો હતો, ''અય લોકો ! તમને ખબર છે ?! વર્તમાનકાળમાં સુન્ની અને બરેલ્વી કોને કહેવામાં આવે છે ? ન જાણતા હોય તો જાણી લો, દારૂના પીઠા પર કોઈ મુસલમાન નામી જોવા મળે તે બરેલ્વી હશે ! જુગારના અડ્ડા પર કોઈ મુસલમાન નામી જોવા મળે તો તે બરેલ્વી હશે ! દરગાહો પર સિજદો કરતાં જોવા મળે તો

તે બરેલ્વી હશે ! કવ્વાલોઓની મહફિલોમાં જોવા મળે તો તે બરેલ્વી હશે ! કવ્વાલી ગાતો જોવા મળે તો તે બરેલ્વી હશે ! મસ્જિદો છોડીને દરગાહો પર બેસી રહેવાનું પસંદ કરતો જોવા મળે તો તે બરેલ્વી હશે ! સારાંશ એ કે દુનિયામાં બરેલ્વી તેવા જ લોકો હોય છે જેમની જહાલત અને અંધશ્રધ્ધાનો કોઈ કિનારો અને અંત નથી અને તેમને સમજાવા માટે કોઈ દલીલ નથી !'' અને આમ કહીને તેઓ સુન્નિયત અને બરેલ્વિયતના શબ્દને એવો બદનામ કરે છે કે ભૂલથી પણ કોઈ માણસ પોતાના માટે કબૂલ ન કરે.

જોવા જઈએ તો અહીં પણ વહાબીઓએ જૂઠથી કામ લીધું છે, જાહિલોના શરીઅત વિરૂધ્ધનાં કામોને જહાલતનાં કામો ન કહ્યાં પણ તેને બરેલ્વીઓનાં કામો કહીને એ દિમાગ આપ્યું કે બરેલ્વી ખોટો મસ્લક છે, માનવા લાયક નથી. જ્યારે કે આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ ની કિતાબોથી મહોબ્બત રાખનાર માટે એ વાત ગુપ્ત નથી કે ઈમામે સાદિકે દરેક બુરાઈને બુરાઈનું નામ આપ્યું છે, તેનાથી દૂર રહેવાનો સબક આપ્યો છે. એક સાચા માણસ માટે જે દરેક કામ કરતાં પહેલા એ યકીન ધરાવે છે કે અલ્લાહ તઆલા મને જોઈ રહ્યો છે જેથી તે કયારે પણ પોતાનો ઉલ્લુ સીધો કરવા જૂઠ બોલશે નહીં. આપણે સુન્નીઓએ વિચાર કરવો જોઈએ કે જ્યારે આપણે આ'લા હઝરતને સુન્નીઓના મહાન આલિમ અને મુજદ્દિદ કહીએ છીએ તો તેમની મના કરેલી વાતોથી દૂર રહેવું જોઈએ, જેથી આપણા કામોથી કોઈ આ'લા હઝરતને બદનામ ન કરે.

## ★ વહાબીઓ જવાબ આપો ! ★

સુન્નીઓનાં ખરાબ કામો જોઈને વહાબીઓ એ કહેવામાં તો પાછા નથી પડતા કે આ સુન્નીઓ અને બરેલ્વીઓનો મસ્લક છે. પરંતુ હું તેમને પૂછું છું કે દુનિયામાં લાખો મુસલમાનો એવા હશે જેમને બરેલ્વી વિશે તદન જ્ઞાન નહીં હોય, તેમનામાં બુરાઈઓ જોવા મળે છે, શું તેમની બુરાઈઓ જોઈને એવું કહી શકાશે ખરું કે ઈસ્લામ ખરાબ છે ?! જ્યારે મુસલમાનોના ખરાબ કામો જોઈને ઈસ્લામને ખરાબ નથી કહી શકતા





તો પછી બરેલ્વીઓનાં ખરાબ કામો જોઈને મસ્લકે બરેલ્વીને ખરાબ નથી કહી શકતા. જો બરેલ્વીઓ કહેવા ઈચ્છે તો કહી શકે છે કે આજે પણ વહાબીઓમાં બુરાઈઓનો ખાત્મો થયો નથી. અહીં યુ.કે.માં હું ચાર વર્ષોથી રહું છું અને અમારા ત્યાં એક મોટો વિશાળ હોલ છે જેને શાદીવાળાઓને ભાડેથી આપવામાં આવે છે. મેં યકીનથી સાંભળ્યું છે કે વહાબીઓ અને માત્ર અવામ નહીં આલિમોની ઔલાદ છોકરા છોકરીઓની શાદીઓમાં વિડિઓ કેસેટો બનાવામાં આવે છે, તસ્વીર ખેંચવામાં આવે છે, ગીત ગાવામાં આવે છે, છોકરીઓ સ્ટેજ સજાવે છે તેની ઉપર ડાન્સ પણ થાય છે. છોકરીઓ વેડિંગ ડ્રેસ પહેરે છે, છોકરાઓ ટાઈ સૂટમાં હોય છે. શું અમે કહી શકીએ છીએ કે વહાબી આવા જ લોકોને કહેવામાં આવે છે ?! યુ.કે.માં ગુજરાતીઓની મોટી એવી સંખ્યા પોતાને દેવબંદી અને વહાબી કહે છે અને તેમના છોકરા છોકરીઓની મોટી એવી સંખ્યા અમલના નામથી પણ વાકેફ નથી ! અને એવું કહેવામાં આવે તો પણ જૂઠ ન કહેવાશે ફેશન ગુજરાતીઓમાં આવતી હોય તો તેમાં વહાબીઓનો મોટો ફાળો છે. શું અમે કહી શકેએ છીએ કે વહાબી આ જ પ્રકારના હોય છે ? બરેલ્વી સુન્નીઓની બદ્અમલી તો મસ્લક અને ધર્મ બની જાય અને વહાબીઓની બુરાઈ અને બદમાશી વહાબી ધર્મ નથી બની શકતી ?

## ★ અમે તો જૂઠુ નથી બોલતા ! ★

વહાબી પબ્લિકની બદ્અમલી જોઈને તેમની માફક અમે પણ વહાબી ધર્મ કહી શકીએ છીએ પરંતુ અમારે જૂઠુ બોલીને પોતાને ચમકાવવા નથી. અમારી પાસે સત્ય છે અને સત્ય બોલવું અમારી ટેવ છે. અમે જાહિલોના કામોથી દલીલો નથી કરતા. અમે વહાબી આલિમોની કિતાબોથી દલીલ કરીએ છીએ. અને માત્ર કહીને નહીં ચેલેન્જ સાથે પેજ નંબરોનો હવાલો આપી લખીએ છીએ અને અમારી વાત તો એટલી હદે સત્ય હોય છે કે અમે તો આમ પણ કહીએ છીએ કે અમારી વાત ખોટી સાબિત કરી આપો તો અમે તમને ઈનામ આપીશું ! શું તમે ઝલ્ઝલા નથી જોઈ ? જેનાથી તમારા ધર્મ અને મસ્લકની બતાવેલી દોઢ ઈંટની નવી ઈમારતમાં ભૂકંપ આવી ગયો ! શું તમે ઝેરો ઝબર જોઈ છે ?

જેનાથી તમારો ધર્મ અને મનઘડત દલીલો વેર વિખેર થઈ ગઈ ! શું તમારી પાસે તમારી લખેલી બેઅદબી અને ગુસ્તાખીની વાતોનો કોઈ જવાબ છે ? જો તમે તમારી બકવાસમાં સત્યના પંથે હોતા તો માત્ર બરેલ્વીઓનાં કામો કહીને ખામોશ ન રહેતા, બરેલ્વીઓના મહાન અને આધારભૂત આલિમોની કિતાબોનો હવાલો આપી બતાવતા કે જુઓ ! સુન્નીઓ ખરાબ કામોને કરે છે અને તેને કરવાનો સબક તેમના આધારભૂત આલિમોની કિતાબોમાં આપવામાં આવ્યો છે ! શું તમારી પાસે દલીલ છે ? જૂઠા લોકો પાસે બકવાસ હોય છે, દલીલ નથી હોતી. સારાંશ એ કે વહાબીઓની લપસણી વાતોમાં આવી તેમને ભરોસાપાત્ર સમજવામાં ન આવે. તેઓ પોતાના ખરાબ અકીદાઓને પબ્લિકની નજરોથી છુપા રાખવા માટે બીજા લોકોના ખરાબ અમલો સામે ધરીને વાતો કરે છે. એક શરાબી આદમી કોઈ વાત સારી કહે તેનાથી તે પોતે સારો નથી થઈ જતો જ્યાં સુધી તે પોતાની ખરાબ આદતથી તૌબા ન કરી લે.

## ★ ખરાબ લોકોથી વાકેફ કરવા એક અખતરો ★

ઔરત પોતાની જગાએ સારી હોય, તેનામાં કોઈ પ્રકારનો અયબ ન હોય પરંતુ ઔરતને બદમાશ લોકોનો ડર જરૂરથી હોય છે. બદમાશ લોકો જ્યારે બગડે છે તો કંઈ જ નથી જોતા, ગમે તેની ઉપર હુમ્લો કરી બેસે છે, અને ગમે તેની ઈજ્જત લૂટી શકે છે. એટલે ઔરતો માટે સલામતી તેમનાં ઘરોમાં છે, તેમના માટે અલ્લાહ અને રસૂલની ખુશી તેમના ઘરમાં ઈબાદત કરવામાં છે. જ્યારે ખુશી ઘરમાં રહીને મેળવી શકાય છે પછી બહાર જઈને નારાજ કરવાની કોશિશ ન કરવી જોઈએ.

સહાબા અને તાબેઈનનાં જમાનામાં ઔરતો માટે બહાર નીકળવામાં ખતરો મહસૂસ કરવામાં આવ્યો અને તેમના માટે તે પાક અને સ્વચ્છ જમાનામાં પાબંદી લગાડવામાં આવી. જ્યારે કે વર્તમાનકાળમાં ખરાબ લોકોની સંખ્યા સારા લોકોથી વધી ગઈ છે, તેમજ હુકૂમતોના આગેવાનો પણ ખરાબ લોકો બનવા લાગ્યા એટલે ઈન્સાફ અને ન્યાય પણ મળી શકતો નથી. જે જેટલો વધારો બદમાશ તે તેટલો જ વધારે માન મરતબાવાળો, કોર્ટ કચેરીમાં તેની એટલી જ વધુ પહોંચ ! પછી સારા





લોકોને ન્યાય અને ઈન્સાફ કેવી રીતે મળી શકે છે ? એટલા માટે વર્તમાનકાળમાં ઔરતો પર પાબંદી લગાડવી અક્કલથી પણ નિકટ છે.

તમે એ તો જાણી લીધું કે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضي الله عنه એ ઓરતોને મસ્જિદે નબવીમાં આવવાની બંધી કરી હતી. શું તમને ખબર નથી મસ્જિદે નબવીમાં નમાઝનો કેટલો સવાબ છે ?! પરંતુ જ્યાં ઈજ્જતની વાત આવે છે ત્યાં સવાબનું કામ લક્ષમાં રાખવામાં આવતું નથી. ઈજ્જત લક્ષમાં રાખવામાં આવે છે. ઈન્સાની શરાફતનો પાયો ઈજ્જત પર રાખવામાં આવ્યો છે. ઈજ્જત ચાલી ગયા પછી માણસ લોકોમાં મોં બતાવવાના લાયક રહી જતો નથી. એટલે અમીરુલ મો'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضي الله عنه એ ઔરતોને મસ્જિદમાં આવવાની બંધી ફર્માવી. પરંતુ આ પાબંદી અને બંધી એટલી સખત ન હતી, જેની મરજી પડે આવી પણ જતી હતી. હઝરત આતિકા رضي الله عنها એ હઝરત ઉમર ફારૂક આ'ઝમ رضي الله عنه થી એ શર્ત પર નિકાહ કર્યો હતો કે તેણીને મસ્જિદમાં હાજરી આપવાથી રોકવામાં નહીં આવે. પાબંદી એટલી સખત ન હતી એટલે આપે શર્ત કબૂલ કરી લીધી. હઝરત ઉમરની ઈચ્છા તો એ જ હતી કે તેઓ મસ્જિદમાં હાજરી ન આપે પરંતુ આપે શર્ત કબૂલ કરી હતી એટલે ના કહેતા ન હતા. જ્યારે તેઓ હઝરત ઝુબૈર رضي الله عنه ના નિકાહમાં આવ્યાં તો હઝરત ઝુબૈર رضي الله عنه મના ફર્માવતા પરંતુ તેઓ માનતાં ન હતાં. હઝરત ઝુબૈરે અખતરો કરવાનો ઈરાદો ફર્માવ્યો જેથી તેમને ખબર પડે કે માણસ પોતે કેટલો શરીફ હોય પણ બીજા લોકોથી નુકસાન પહોંચવાનો ભય રહે છે. અંધારી રાતમાં ઈશાના સમયે તેમના જતાં પહેલાં એક જગાએ સંતાઈ ગયા. જ્યારે તે આવ્યાં અને ત્યાંથી આગળ વધ્યાં તો હઝરત ઝૂબૈર رضي الله عنه એ તેમના માથામાં ટપલો માર્યો અને સંતાઈ ગયા. હઝરત આતિકા કોઈને જોઈ ન શકયાં તો કહેવા લાગ્યાં : "અમે અલ્લાહના જ છીએ, લોકોમાં બગાડ આવી ગયો છે !" આટલું કહીને પરત આવ્યાં અને મોત સુધી કયારેય પણ ગયાં નહીં. ત્યારે હઝરત ઝૂબૈરે તેમને કહ્યું, ઔરત ગમે તેવી પરહેઝગાર હોય પણ ફાસિક અને બદમાશ લોકોના ડરનો ઈલાજ શું ? જ્યારે મસ્જિદે નબવીમાં નમાઝથી હાજરી આપવાથી ઔરતોને રોકવામાં આવી તો પછી બીજી મસ્જિદો અને કબ્રો પર

હાજરીની રજા અને તે પણ વર્તમાનકાળમાં શી રીતે આપી શકાય છે ?

## ★ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહની હાજરી ★

નબીની બારગાહની હાજરી વાજિબ નિકટ છે એટલે હજ્જ અને ઉમરાની નિય્યતે જનારી ઔરતો માટે નબીની બારગાહની રજા આપવામાં આવી છે. અદબની સાથે શરીઅતની પાબંદીમાં તેઓ જઈ શકે છે. બલ્કે જે ખુશનશીબ ઔરતોને બારગાહે નબવી શરીફની હાજરીનો મોકો મળે તેઓ પોતાની કિસ્મત પર ખુશ થાય અને અત્યંત અદબથી અશ્રુવર્ષા સાથે હાજરી આપે. ઔરતોમાં એક વાતની કમી છે કે અકીદતમાં એટલી આગળ નીકળી જાય છે કે પછી એ નથી જોતી કે શરીઅત તરફથી રજા આપવામાં આવી છે અથવા મનાઈ કરવામાં આવી છે. દરેક અકીદત સાચી પણ નથી હોતી અને દરેક અકીદત ઈમાન પણ નથી હોતી, ઘણી અકીદતો એવી છે જેને લઈને માણસ ફાસિક બની જાય છે. અને ઘણી અકીદત એવી હોય છે જેને લઈને માણસ ગુમરાહ બદ્દીન બની જાય છે અને ઘણી અકીદત એવી પણ હોય છે જેને લઈને માણસ કાફિર પણ બની જાય છે એટલે અકીદત કાયમ કરવામાં પણ શરીઅતની તાલીમ પર ધ્યાન હોવું જરૂરી છે. શરીઅતમાં જે કામથી મનાઈ કરવામાં આવે તેનાથી બચવું અને જે કામ કરવાનો હુકમ કરવામાં આવે તે જ કરવું સાચા પાકા મુસલમાનની શાન છે. નબીની બારગાહની હાજરી વાજિબના નિકટ હોવાથી ઔરતોને હાજરીની રજા આપવામાં આવી છે. પરંતુ એટલું જરૂરથી યાદ રાખવામાં આવે કે ઔરતોએ એકલા સફર કરવાની ઈજાઝત નથી, એમની સાથે એમના નિકટનો કોઈ મહરમ જેની સાથે તેના નિકાહ હમેશાં માટે હરામ હોય તે હોવો જોઈએ અને તે પણ ફાસિક ન હોવો જોઈએ.

મારી બહેનો ! અંતમાં એ કે આપણે દીન સમજવો જોઈએ, શંકા કુશંકાનો આલિમોથી ઈલાજ કરાવવો જોઈએ, અને આખેરતમાં હમેશાં રહેવાનું છે તો આપણી અથાગ કોશિશો તેના માટે રાખવી જોઈએ, અલ્લાહ આપણને તૌફીક આપે.

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ





بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(પ્રકરણ-૫)

# કફન દફન સંબંધિત મસ્અલાઓ

نَحْمَدُهٗ وَنُصَلِّيْ عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ اَمَّا بَعْدُ
فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ بِسْمِ اللّٰهِ
الرَّحْمٰنِ الرَّحِيْمِ تَعَاوَنُوْا عَلَى الْبِرِّ وَ التَّقْوٰی
صَدَقَ اللّٰهُ الْعَظِيْمُ

الصلوٰۃ و السلام علیک یا رسولَ اللہ
الصلوٰۃ و السلام علیک یا حبیبَ اللہ
الصلوٰۃ و السلام علیک یا نبیَ اللہ
الصلوٰۃ و السلام علیک یا نورَ اللہ
صلی اللہ تعالی علیک و سلم

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્યારા દીવાનાઓ ! આજે આપણે કફન દફન અને એનાથી સંબંધિત મસ્અલાઓ અને તે બાબતે થતા પ્રશ્નોના ઉત્તરો વિશે ચર્ચા કરીશું. અલ્લાહ તઆલા મને હક્ક કહેવાની અને એની ઉપર ચાલવાની તૌફીક બખ્શે. (આમીન) બિહક્કિ નબીય્યીલ કરીમ અલયહિ અફઝુલુ ત્તસ્લીમ.

માણસ પેદા થાય છે ત્યારે અને જ્યારે મરણ પામે છે ત્યારે તેને બીજા લોકોની જરૂર હોય છે. પેદાઈશ સમયે એ એટલો નાનો હોય છે કે બીજો એની જરૂરતનો ખયાલ ન રાખે તો એનું જીવન ખતરામાં પડી જાય, અને મરણ પછી પણ માણસ મજબૂર અને લાચાર છે કે બીજો એની મદદ ન કરે તો તે પોતાની કબરમાં ન પહોંચી શકે.

બાળપણની સારવારની જવાબદારી અલ્લાહ તઆલાએ માતા પિતાને આપી, અને મરણ પછીની જવાબદારી મુસલમાનોને આપી એટલે મૈયતને ગુસલ આપવું, કફન આપવું, એની નમાઝ પઢવી અને કબરમાં અદબપૂર્વક દફન કરવું જરૂરી કરવામાં આવ્યું. આજે એની તો કાલે આપણી વારી આવવાની છે. તો પછી આપણે બીજાની મદદ કરવી જોઈએ, તો અલ્લાહ આપણી મદદ કરશે, અને કાલે જ્યારે આપણને મદદની જરૂરત હશે ત્યારે આપણા માટે પણ લોકોની પડાપડી થવા લાગશે.

દુનિયામાં આવતી વખતે માણસના જમણા કાનમાં અઝાન આપવામાં આવે છે અને ડાબા કાનમાં તકબીર (ઈકામત) કહેવામાં આવે છે, અને મરણ પછી એ જ વ્યક્તિ જેની અઝાન અને ઈકામત કહી લેવામાં આવી છે તેની નમાઝની તૈયારી કરવામાં આવે છે. એટલે કે અઝાન અને ઈકામત પછી વાટ જોવાઈ રહી હતી કે કયારે મલકુલ મૌત ઈઝરાઈલ عليه السلام પોતાનું કામ પૂર્ણ કરે અને એની નમાઝે જનાઝા શરૂ કરવામાં આવે. સ્પષ્ટ થયું કે પેદાઈશ પછીથી તમારી મૌતની વાટ જોવાઈ રહી છે, અને લોકો તમારી નમાઝે જનાઝાની તૈયારીમાં છે, તો પછી આપણી બાળપણાની મજબૂરીઓથી નીકળી અને મૌત પછીની લાચારીઓમાં પ્રવેશ કરતાં પહેલાં આપણે ખુદા તરફથી મળેલ અધિકારોના સમયમાં કંઈક કરી લેવું જોઈએ. અને એ સમયની દરેક પળને અતિ મૂલ્યવાન સમજી વધારેમાં વધારે નફો પ્રાપ્ત કરી લેવો જોઈએ.

**ન તૂ ઝમીં કે લીયે હય ન આસ્માં કે લીયે**
**જહાં હય તેરે લીયે તૂ નહીં જહાં કે લીયે**

મુસલમાન મુસલમાન ભાઈ છે અને આપણે આપણા ભાઈની





મદદ કરવી જોઈએ. જીવંત અવસ્થામાં માણસ પોતાની જરૂરતોનો સવાલ કરી શકે છે. પોતાનું કામ પોતે પણ કરી શકે છે, અને જરૂરત પડે બીજાનો સહકાર પણ લઈ શકે છે. પણ માણસની મોત પછી એ પોતે માંગ નથી કરી શકતો, પોતાનું કામ પોતે નથી કરી શકતો, એવા સમયમાં આપણા ઈસ્લામે આપણાથી મુડદાઓની મદદની માંગ કરી, અને એને આખરી મંઝિલે પહોંચાડવામાં જે જે કામોની જરૂરત છે તેની આપણને જવાબદારીઓ આપવામાં આવી, તો પછી આપણે આપણા ભાઈની મદદ માટે તત્પર રહેવું જોઈએ.

શું આપણે આપણી ઈચ્છાએ મૈયતની મદદ કરીશું અને આપણી ચાહત પ્રમાણે એના કફન દફનની વ્યવસ્થા કરીશું કે પછી એના માટે ઈસ્લામી શરીઅતને આપણને મસાઈલનો તોહફો આપેલો છે, તો આપણને ખબર જ છે કે આપણો ઈસ્લામ સંપૂર્ણ દીન અન ધર્મ છે એમાં આપણી દરેક જરૂરતોનો ઈલાજ રાખવામાં આવ્યો છે તો પછી આપણે મૈયતની મદદ કરવા માટે અને એની જરૂરતો પૂરી કરવા માટે એની જરૂરતોના સંબંધિત મસાઈલનું ઈલ્મ પ્રાપ્ત કરવું જોઈએ. તો આજે હું તમને કફન દફનના મસાઈલ વિશે શંકા કુશંકાના જવાબોથી ભરપૂર બયાન તમારી ખિદમતમાં રજુ કરીશ, આશા છે તમે એમાંથી ફાયદો હાંસલ કરશો.

**નોંધ** : સ્ત્રીઓએ મરણ પામનાર સ્ત્રીને ગુસલ અને કફન આપવાનું હોય છે તે સિવાયની બીજી જવાબદારીઓ એમની નથી હોતી એટલે સ્ત્રીઓ ગુસલ અને કફન વિશેની માલૂમાત જરૂરથી પ્રાપ્ત કરવાની કોશિશ કરે.

## ★ મૌત સમયે મૈયતને તલ્કીન ★

જ્યારે માણસની રૂહ કબ્ઝ થવાની તૈયારી લાગતી હોય ત્યારે સુન્નત છે કે મરનારને તલ્કીન કરવામાં આવે. તલ્કીનમાં મરનારને કહેવામાં નહીં આવે કે એ કલ્મો પઢે. દા.ત. એ કષ્ટદાયક તકલીફમાં સપડાએલો હોય છે, આપણે કહેવાનું કહીએ તો એ પઢવાને લઈને નહીં પણ તકલીફને લઈને ના કહે તો આપણને શંકા રહી જાય, એટલે

તલ્કીનનો તરીકો એ છે કે એક માણસ એના માથા પાસે અવાજથી કલ્મો પઢે, એનું પઢવું સાંભળીને પઢી લે તો તલ્કીન બંધ કરી દેવામાં આવે, અને મોઢાથી ન પઢયો અને મરણ થઈ ગયું તો પણ અફસોસની વાત નથી. મુસલમાન મુસલમાન જ છે કલ્મો ન પઢવાથી ઈમાનમાં ફરક આવતો નથી જયારે કે એ પહેલાંથી મુસલમાન છે.

તિબ્રાનીમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالیٰ عنہما થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તમારા મુડદાંઓને લાઈલાહ ઈલ્લાહની ગવાહીની તલ્કીન કરો, જે પોતાની મૌત સમયે એ કહેશે એના માટે જન્નત વાજિબ થઈ ગઈ. (એટલે કે ગમે ત્યારે જન્નતમાં જરૂર જશે.)

ઈબ્ને હબ્બાને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તમારાં મુડદાંઓને લાઈલાહ ઈલ્લાહની તલ્કીન કરો, મૌત સમયે જેની અંતિમ વાત **લાઈલાહ ઈલ્લલ્લાહ** હશે તે કોઈ દિવસ જન્નતમાં જશે, એ પહેલાં ગમે તે કર્યું હશે.

દૈલમીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તમારાં મુડદાંઓને **લાઈલાહ ઈલ્લલ્લાહ**ની તલ્કીન કરો, એમને કહેવડાવો નહીં કારણ કે તેઓ મૌતની તકલીફમાં છે.

આ રિવાયતોથી જાણવા મળ્યું કે મુડદાંઓને મૌત સમયે કલેમા શરીફની તલ્કીન કરવી જોઈએ કે એના અંતિમ શબ્દો ઈમાનની ગવાહી સાથે હોય.

**સવાલ** : હદીષમાં તો માત્ર લાઈલાહ ઈલ્લલ્લાહ કહેવામાં આવ્યું છે તો શું એટલુ જ કહેવામાં આવે કે પછી એનો મતલબ પૂરો કલેમા શરીફ છે ?

**જવાબ** : મજમઅ બિહારી અન્વારમાં છે, તલ્કીનનું કારણ મરનાર વ્યકિત પાસે શૈતાનનું હાજર થઈ એનો અકીદો અને માન્યતા ખરાબ કરવી છે, અને **લાઈલાહ ઈલ્લલ્લાહ**થી બંને ગવાહી મુરાદ છે.

ઈમામ ઈબ્નુલ હાજ મદખલમાં ફર્માવે છે, સકરાત વખતે બે શૈતાન માણસની જમણી ડાબી બાજુ આવીને બેસે છે, એક એની માતાની શક્કલમાં અને બીજો પિતાના રૂપમાં હોય છે. એક કહે છે ફલાણો માણસ





યહૂદી થઈને મરી ગયો, તું પણ યહૂદી બની જા, યહૂદીઓ ત્યાં આરામથી છે. બીજો કહે છે ફલાણો ઈસાઈ થઈને મરી ગયો, તું પણ ઈસાઈ બની જા, ઈસાઈ ત્યાં આરામમાં છે.

મદખલના લખાણથી જાણવા મળ્યું કે શૈતાનો યહૂદી અથવા ઈસાઈ બનવાનું કહે છે, અને તેઓ **લાઈલાહ ઈલ્લલ્લાહ**માં આપણી સાથે સમંત છે. વિવાદ **મુહમ્મદુર્રસૂલુલ્લાહ**માં છે તો શૈતાનના હુમલાથી બચવા પૂરો કલેમા શરીફ જ તલ્કીન છે. મિર્કાત શરહે મિશ્કાતમાં છે, **લાઈલાહ ઈલ્લલ્લાહ**નો મતલબ એના બીજા ભાગ સાથે છે એ ઈમાનવાળા કલેમા શરીફનું નામ છે.

દુરર ગુરરમાં છે કે બંને ગવાહીની તલ્કીન કરવામાં આવશે એટલા માટે કે પ્રથમ ભાગ બીજા ભાગ વગર કબૂલ નથી કરવામાં આવતો.

તન્વીરુલ અબ્સારમાં છે કે બંને ગવાહીની તલ્કીન કરવામાં આવશે. દુર્રે મુખ્તારમાં છે : એટલે કે પ્રથમ ભાગ બીજા ભાગ વિના કબૂલ નથી થઈ શકતો. કુદૂરીમાં છે કે પૂરો કલ્મો શિખવાડવામાં આવશે. મજમઉલ અનહરમાં છે કે એના ભાઈઓ અને દોસ્તો બંને શહાદતોથી એને તલ્કીન કરશે, બહર્રુરાઈકમાં છે કે પૂરા કલેમા શરીફથી તલ્કીન કરવામાં આવશે. કાફી શરહે વાફીમાં છે કે આખા બીજા કલેમા શરીફથી તલ્કીન કરવામાં આવશે.

ઈસ્લામી ફિકહની આધારભૂત કિતાબોના પૂરાવાઓથી સ્પષ્ટ થયું કે મૈયતને મરણ સમયે જે તલ્કીન કરવાનો આદેશ આપવામાં આવ્યો છે, તો એ તલ્કીનમાં પૂરા કલેમા શરીફની તલ્કીન કરવામાં આવશે.

**સવાલ** : તલ્કીન કેટલી વખત કરવામાં આવશે ?

**જવાબ** : તલ્કીન એક જ વખત કરવાની હોય છે, પણ જો મરનાર વ્યકિત પોતે કલ્મો પઢીને આંખો બંધ કરી લે, અને પછી દુનિયાની વાત કરવાની વારી નથી આવી તો એ પૂરતુ છે. અને જેણે નથી પઢયો તેને પઢાવવાની રીત એ છે કે એની સમક્ષ અવાજથી કલેમા શરીફ પઢવામાં આવે, સાંભળીને પઢી લે તો પછી બીજી વખત કહેવાની જરૂરત રહી જતી નથી.

**સવાલ** : એક વખત તલ્કીન કરવાથી પઢી લીધો પછી કંઈક દુનિયાની ચીજ વસ્તુની માંગ કરી અથવા એકાદ વાત કરી હોય તો ?

**જવાબ** : એને ફરીથી તલ્કીન કરવામાં આવશે, અંતિમ શબ્દો કલેમા શરીફ હોય. આ'લા હઝરતનું ફર્માન છે કે, કલેમા શરીફ પછી કોઈ વાત કરી હોય તો એને ફરી તલ્કીન કરવામાં આવશે, એના અંતિમ શબ્દો કલેમા શરીફ હોય.

**સવાલ** : તલ્કીન ઈમાનવાળાને જ કરવામાં આવે તે તો પછી આખા કલેમાની શી જરૂરત છે. હદીષમાં એક ભાગનું વર્ણન છે તો એના પર અમલ કરી લેવામાં આવે ?

**જવાબ** : સંપૂર્ણ કલેમા શરીફની તલ્કીન કરવી જોઈએ એમાં મહાન આધારભૂત આલિમોના મંતવ્યો અમે તમારી ખિદમતમાં રજુ કર્યા પછી શંકા રહી શકતી જ નથી. બીજું એ કે તલ્કીન શૈતાનથી બચાવવા માટે પણ કરવામાં આવે છે અને શૈતાન જ્યારે ઈસાઈ અથવા યહૂદી બનાવવા તલ્કીન કરતો હોય છે ત્યારે મૈયતને શૈતાનના દા'વથી બચાવવા પ્રથમ ભાગ સંપૂર્ણ કામ નથી આપી શકતો કારણ કે આમ કહેવાથી એ મુસલમાન જ છે અને શૈતાનની વાતનો અસ્વીકાર કર્યો છે એ સ્પષ્ટ નથી થતું એટલે બીજો ભાગ જરૂરથી મેળવવામાં આવશે.

## ★ મૈયતને સ્નાન કરાવવું ★

નસાઈમાં હઝરત અલી کرم اللہ تعالی وجہہ الکریم થી રિવાયત છે : કે જેણે મૈયતને ગુસલ આપ્યું, કફન પહેરાવ્યું, સુગંધ લગાડી અને ઉઠાવ્યું, નમાઝે જનાઝા પઢી અને જે જોયું એ ન ફેલાવ્યું તો તે પોતાના ગુનાહોથી એવો નીકળી ગયો જાણે આજે જ એની માતાએ એને જન્મ આપ્યો.

તિબ્રાનીમાં હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે : કે જેણે મૈયતને ગુસલ આપ્યું અને એનું સતર ઢાંકયું અલ્લાહ એના ગુનાહોને સતર કરશે, અને જેણે એને કફન પહેરાવ્યું અલ્લાહ એને રેશમી કપડાં પહેરાવશે.

કન્ઝમાં અબૂ રાફેઅથી રિવાયત છે કે જે મુસલમાનને ગુસલ આપે અને એનો અયબ ઢાંકે તો અલ્લાહ ચાલીસ વખત એની મગફેરત કરશે.





તિબ્રાનીમાં એનાથી રિવાયત છે કે જેણે મૈયતને ગુસલ આપ્યું અને એનો અયબ ઢાંકયો એના ચાલીસ કબીરા ગુનાહો માફ કરવામાં આવશે.

આ રિવાયતથી સ્પષ્ટ થયું કે મુડદાને ગુસલ આપવું ઘણા જ સવાબનું કામ છે. તો આપણે ગુસલ આપતાં શીખવું જોઈએ, અને મુસલમાન મુડદાંઓને ગુસલ આપી ગુનાહોના માફીનું ઈનામ રબથી પ્રાપ્ત કરવું જોઈએ અને સ્ત્રીઓએ પણ સ્ત્રીઓને ગુસલ આપવા આગળ વધવું જોઈએ.

## ★ સ્નાનનો હુકમ ★

(૧) મૈયત મુસલમાનને મરણ પછી જનાઝાની નમાઝ પહેલાં શરીઅત મુજબ ગુસલ આપવું ફર્ઝે કિફાયા છે, અમુક લોકો આ કામ કરી લે તો બધાની જવાબદારી ઉતરી જશે. (૨) પુરૂષને પુરૂષ અને સ્ત્રીને સ્ત્રી ગુસલ આપશે. (૩) નાનું બાળક અને બાળકીને સ્ત્રી, પુરૂષ ગમે તે ગુસલ આપી શકે છે. (૪) જેમને સ્પર્શવાથી વિચારમાં ફરક આવી શકતો હોય તેમના ગુસલમાં અદલા બદલી નથી થઈ શકતી, બાળકને પુરૂષ, બાળકીને સ્ત્રી ગુસલ આપશે. (૫) પુરૂષનું અવસાન થયું અને કોઈ મુસલમાન પુરૂષ નથી કેવળ સ્ત્રીઓ જ છે તો તેઓ કાફિર પુરૂષને શિખવાડી ગુસલ કરાવશે. (૬) સ્ત્રીનું અવસાન થયું ત્યાં કોઈ મુસલમાન સ્ત્રી નથી કેવળ પુરૂષો છે તો કાફિર સ્ત્રીને શિખવાડી ગુસલ કરાવશે. (૭) કાફિર પુરૂષ પણ ન હોય અથવા કોઈ કાફિર ગુસલ આપવા તૈયાર નથી તો સ્ત્રીઓમાં નાની વયની ગેર સંભોગ પાત્ર છોકરી કરાવી શકે તો કરાવે. (૮) સ્ત્રીનું અવસાન થયું અને કાફિર સ્ત્રી પણ ગુસલ માટે નથી અથવા કોઈ તૈયાર નથી તો ગેર સંભોગ પાત્ર નાનું બાળક કરાવી શકે તો કરાવે. (૯) પુરૂષ પુરૂષના ગુસલ માટે ન હોય પણ ગુસલ આપે એવું બાળક હોય તો એ જ આપશે. (૧૦) સ્ત્રી માટે સ્ત્રી ન હોય પણ ગુસલ આપી શકે એવી બાળકી હોય તો એ આપશે. (૧૧) પુરૂષને ગુસલ આપનાર કોઈ જ નથી તો સ્ત્રી હોય તો હાથ પર કપડું લપેટીને તયમ્મુમ કરાવશે. (૧૨) સ્ત્રીને ગુસલ આપનાર કોઈ જ નથી તો પુરૂષ હાથ પર કપડું લપેટીને તયમ્મુમ કરાવશે. (૧૩) પત્ની પતિના મરણથી ચાર

મહિના દસ દિવસની ઈદ્દતમાં નિકાહમાં જ રહે છે એટલે કોઈ ગુસલ આપનાર ન હોય તો તેણી પોતાના પતિને ગુસલ આપી શકે છે. (૧૪) પત્નીના મરણથી પતિનો નિકાહ બાકી રહેતો નથી એટલે એ કોઈ ન હોય તો તેણીને ગુસલ આપી શકશે નહીં, તયમ્મુમ કરાવશે. (૧૫) મૈયતને ગુસ્લ આપવા પાણી ન હોય તો તયમ્મુમ કરાવવામાં આવે. (૧૬) નિય્યત તયમ્મુમ કરનાર કરશે. (૧૭) જેને શરઈ કાયદામાં ગુસલ આપવાની રજા ન હતી તેણે આપી જ દીધું તો ગુસલ થઈ જશે પણ સવાબ મળશે નહીં, ગુનોહ થશે. (૧૮) મૈયત પાણીમાંથી મળ્યું હોય તો ગુસલની નિય્યતથી ત્રણ વખત ડૂબકી આપવામાં આવે. (૧૯) એક વખતથી પણ ફર્ઝ અદા થઈ જશે. (૨૦) ગુસલમાં નિય્યત જરૂરી નથી, જો વિના નિય્યતે ગુસલ આપવામાં આવે તો સવાબ મળશે નહીં પણ ફર્ઝ અદા થઈ જશે. (૨૧) બીજાને મહેનતાણુ આપીને ગુસલ અપાવી શકાય છે. (૨૨) ગુસલ આપનાર મહેનતાણુ લઈ શકે છે પણ સવાબ મળશે નહીં. (૨૩) તેની સિવાય ગુસલ આપનાર કોઈ જ નથી તો એના પર ફર્ઝ છે મહેનતાણુ લેવું જાઈઝ નથી. (૨૪) નિકટના સગા સંબંધીઓએ ગુસલ આપવું જોઈએ, તેમને આવડતું હોય તો બીજા લોકો પણ આપી શકે છે. (૨૫) આવડતું હતું તો પણ બીજા લોકો પાસે અપાવ્યું તો ગુસલ થઈ જશે. (૨૬) ગુસલ આપનાર પાક હોવો જોઈએ ભલે વુઝૂ ન હોય. (૨૭) જનાબતવાળાએ અથવા જે સ્ત્રી પર ગુસલ ફર્ઝ હતું ગુસલ કરાવે તો થઈ જશે પણ આમ કરવું મકરૂહ છે. (૨૮) મૈયતની સારી હાલત વર્ણવવી અને ખરાબી જોવા મળે તો કોઈને ન કહેવું.

**સવાલ** : મૈયતને તયમ્મુમ કરાવી નમાઝ અદા કર્યા પછી પાણી મળી આવ્યું તો ?

**જવાબ** : ગુસલ આપી ફરીથી નમાઝ અદા કરવામાં આવે.

**સવાલ** : દફન કર્યા પછી પાણી મળે તો

**જવાબ** : હવે કોઈ મતલબ નથી

**સવાલ** : કાફિરે મુસલમાનને ગુસલ આપ્યું તો માન્ય ગણાશે ?

**જવાબ** : માન્ય ગણાશે ! એટલા માટે કે એમાં નિય્યત શર્ત નથી, પણ જવાબદારી મુસલમાનોની છે.





**સવાલ** : મૈયત મળે અને મુસલમાન હોવું ખબર ન પડે તો શું કરવું ?

**જવાબ** : મુસલમાન હોવાની કોઈ ઓળખ હોય તો કબૂલી લેવામાં આવશે. મુસલમાનના મહોલ્લામાં મળી આવ્યું અને મુસલમાનની નિશાની હોય તો માની લેવામાં આવશે. ગુસલ, કફન આપવામાં આવશે. કોઈ રીતે જાણ ન થઈ શકે તો, નહીં.

**સવાલ** : કાફિરની લાશ મળી અને કોઈ દફન કરનાર નથી તો ?

**જવાબ** : કપડાના ટુકડામાં લપેટી સાંકડા ખાડામાં દબાવી દેવામાં આવે.

**સવાલ** : ઈસ્લામમાંથી નીકળી મુરતદ બની જનાર મૈયત સાથે શું કરવામાં આવે ?

**જવાબ** : માત્ર ખોડો ખોદીને તેમાં ધકેલી દેવામાં આવે. અને એ પણ ત્યારે જ્યારે કોઈ આ કામ પણ ન કરી શકે.

**સવાલ** : લાશ ખરાબ થઈ ગઈ અને હાથ ફેરવવાથી ચામડી નીકળી જાય તો શું કરવું ?

**જવાબ** : માત્ર પાણી વહાવી દેવું.

**સવાલ** : લાશ બળી ગઈ હોય તો ?

**જવાબ** : હાથ ફેરવી શકાય એવું ન હોય તો પાણી વહાવી દેવું.

**સવાલ** : લાશ અડધી મળી હોય તો ?

**જવાબ** : એમાં માથુ હોય તો ગુસલ આપવામાં આવે, માથુ ન હોય તો નહીં.

**સવાલ** : અડધાથી વધારે ભાગ મળ્યો તો ?

**જવાબ** : ગુસલ આપવામાં આવશે.

**સવાલ** : ઊભી ચીરી કાઢવામાં આવેલી લાશનો માત્ર એક ભાગ મળ્યો તો ?

**જવાબ** : ગુસલ આપવામાં નહીં આવે. બંને મળી આવે તો આપવામાં આવશે.

**સવાલ** : હિંદુ, મુસ્લિમ સાથે હતાં અને આગ લાગી, લાશો ઓળખાતી નથી તો શું કરવું ?

**જવાબ** : કોઈ નિશાનીથી ઓળખ થાય તો તેટલા મુસલમાનને અલગ કરી લેવા અને ગુસલ આપવું, ઓળખ ન થઈ શકે તો બધાને ગુસલ આપવું, અને નમાઝ માત્ર મુસલમાનની નિય્યતથી અદા કરવી. મુસલમાન વધારે હોય તો મુસલમાનોના કબ્રસ્તાનમાં દફનાવવા, નહીં તો અલગ દફન કરવામાં આવે.

**સવાલ** : બળીને રાખ બની ગઈ હોય તો ?

**જવાબ** : એ રાખ દફન કરી દેવામાં આવે બસ.

**સવાલ** : વિના ગુસલે દફન કરી દેવામાં આવ્યો તો ?

**જવાબ** : કબર બંધ કરી માટી નાખી દીધા પછી ખોલવાની રજા નથી એટલે હવે ખોલી નથી શકતા. કબ્ર પર નમાઝ પઢી લેવામાં આવે.

**સવાલ** : ગુસલ આપવામાં વાસણો નવાં હોવાં જોઈએ ?

**જવાબ** : કોઈ જરૂરત નથી, વપરાએલાં પણ ચાલશે.

**સવાલ** : એ વાસણો ઉપયોગમાં લાવી શકાય છે ?

**જવાબ** : જરૂર લાવી શકાય છે.

**સવાલ** : ગુસલ પછી કાંઈક નીકળી આવે તો ?

**જવાબ** : એ ધોઈ નાખે, ફરી ગુસલ આપવાની જરૂરત નથી.

**સવાલ** : મૈયતને ગુસલ આપવામાં પાણીના છાંટા ઉડે તેનો શું હુકમ છે ?

**જવાબ** : એ પાણી ઉપયોગવાળુ થયું, નાપાકના હુકમમાં નથી એટલે ધોવાની જરૂરત નથી.

**સવાલ** : મૈયતના વાળ મરણ પછી દૂર કરી શકાય છે ?

**જવાબ** : જે સ્થિતિમાં હોય એ જ સ્થિતિમાં રાખવામાં આવે, વાળમાં કાસકો પણ ન કરવો.

## ★ ગુસલનો તરીકો ★

મૈયતને ધીમેથી પાટલા પર મૂકવામાં આવે. પ્રથમ પાટલાને ધૂણી આપવામાં આવે લુબાન વગેરેની. દૂટીથી ગુથણો સુધી શરીર જાડા





કપડાથી ઢાંકી દેવામાં આવે ગુસલ આપનાર હાથ પર કપડું વિટાડી લે પછી મૈયતને ઈસ્તિન્જા કરાવે. પછી નમાઝ જેવું વુઝૂ કરાવે. મોઢામાં અને નાકમાં પાણી નાખવામાં નહીં આવે. રૂનાં ફાયાને ભીંજાવી અંદર ફેરવી લેવામાં આવે. સાબુ લગાડવો હોય તો મરજી નહીં તો માત્ર પાણીથી ગુસલ આપવામાં આવે. ડાબી કરવટ પર કરી માથાથી પગ સુધી પછી જમણી કરવટ પર કરી માથાથી પગ સુધી પાણી વહાવવામાં આવે. પછી ટેકો આપી બેસાડે અને પેટ પર નીચે તરફ સાધારણ દબાવી હાથ ફેરવે કંઈ નીકળે તો ધોઈ નાખે. અંતમાં સ્વચ્છ રૂમાલથી બદન લૂછી નાખે.

## ★ મૈયતનું કફન ★

દૈલમીમાં હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે, તમારાં મુડદાંઓને સારું કફન આપો, તેઓ ખુશ થાય છે અને કબરોમાં એક બીજા સાથે મુલાકાત કરે છે.

કન્ઝમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે જે મૈયતને કફન પહેડાવશે તેના માટે મૈયતના દરેક વાળના બદલામાં નેકી મળશે.

ઈબ્ને માજામાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે કે તમારા માટે ઉત્તમ કપડુ સફેદ છે તો એમાં તમારાં મુડદાંઓને દફનાવો અને તમારાં જીવતાંઓને એ પહેરાવો.

અબૂ દાઊદમાં હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી રિવાયત છે કે કફનમાં વધારે માલ ખર્ચ ન કરો કારણ કે ઘણુ જલ્દી લઈ લેવામાં આવશે. (જૂનુ થઈ નષ્ટ નઈ જશે)

દૈલમીમાં હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે : મૈયતના કફનને ધૂણી આપો (અને જયારે આપો તો એકી સંખ્યામાં આપો. આ મુસ્તદરકમાં છે.

આ હદીષોથી જાણવા મળ્યું કે મૈયતને કફન આપવું અને પહેરાવવું ઘણા સવાબનું કામ છે તો પછી આપણે કફન વિશે શરઈ માલૂમાત પ્રાપ્ત કરવી જોઈએ.

## ★ કફનનો હુકમ ★

મૈયતને કફન આપવું ફર્ઝે કિફાયા છે, અમુકના કરી લેવાથી બધા મુકત થઈ જશે. કફન માટે રકમ પૂરતી હોય તો એવું કફન આપવું જેવાં કપડાં મૈયત જુમ્આ અથવા ઈદમાં પહેરતો હતો. નવું કફન ઉત્તમ છે. જૂનુ સ્વચ્છ હોય તો એ પણ ચાલી શકે છે. કફન સફેદ હોવું ઉત્તમ છે. હયાતમાં જે પ્રમાણેનું કપડું પહેરવું પુરૂષ અને સ્ત્રી માટે જાઈઝ છે એવું કફન પણ આપી શકાય છે. પુખ્ત વયનો અથવા પુખ્ત વયની હદે પહોંચેલો દાખલા તરીકે છોકરો ૧૨ વર્ષનો અને છોકરી નવ વર્ષની તો એમને સુન્નત મુજબ કફન આપવામાં આવશે. ઉત્તમ એ છે કે સર્વને સુન્નત મુજબ કફન આપવામાં આવે. એક દિવસનું બાળક હોય તો પણ.

## ★ કફનના પ્રકાર ★

(૧) જરૂરત (૨) કિફાયત (૩) સુન્નત

**જરૂરત** : એટલે એટલું જેનાથી મૈયતનું બદન ઢંકાઈ જાય એનાથી ઓછું ન હોવું જોઈએ.

**કિફાયત** : પુરૂષ માટે બે કપડાં, ઈઝાર અને ઉપરનું કવર, સ્ત્રી માટે ત્રણ કપડાં છે. ઈઝાર, ઓઢણી અને ઉપરનું કવર

**સુન્નત** : પુરૂષ માટે ત્રણ કપડાં છે ઉપરનું કવર, ઈઝાર અને ખમીસ.

સ્ત્રી માટે સુન્નત કફન પાંચ કપડાં છે, ઉપરનું કવર, ઈઝાર, ખમીસ, ઓઢણી અને સીના બંધ.

## ★ કફનનું માપ ★


**પુરૂષો માટે** : ઉપરનું કવર મૈયતની લંબાઈથી એટલું લાંબુ હોવું જોઈએ કે માથા અને પગ તરફથી બાંધી શકાય, ઈઝાર એટલે લુંગી મૈયતની લંબાઈ જેટલી, ખમીસ મૈયતનાં ગળાથી લઈને ગુઠણના થોડા નીચે સુધી. આગળ પાછળ બરાબર હોય.






**સ્ત્રી માટે** : ઉપરોકત ત્રણ એ જ પ્રમાણે રહેશે, ઓઢણી દોઢ વારની, સીના બંધ છાતીથી દુટી સુધી અને જાંગો સુધી ઉત્તમ છે.

**નોંધ** : સ્ત્રી મૈયતનું ખમીસનો કટવાળો ભાગ જેને માથાથી પહેરાવવામાં આવે છે છાતી તરફ રાખવામાં આવે, પુરૂષ માટે કટ ખભાઓ તરફ હોય છે.





**કફન પહેરાવવાની રીત** : મૈયતને ગુસલ આપ્યા પછી, તેનું શરીર લુછી કફન પહેરાવવામાં આવશે, પ્રથમ કફનને ધુપ આપવામાં આવશે, પછી આ પ્રમાણે ક્રમવાર રાખવામાં આવશે. પ્રથમ ઉપરની ચાદર અને કવર પાથરવામાં આવે, તેની ઉપર ઈઝાર અને લુંગી રાખવામાં આવે, તેની ઉપર ખમીસનો અડધો ભાગ રાખવામાં આવશે.

## ★ પુરૂષ માટે ★




## ★ સ્ત્રી માટે ★



પુરૂષ અને સ્ત્રી માટે કફન પાથરવાનો આ ક્રમ છે, તો આ ક્રમે જ કફન પાથરવામાં આવે, મૈયતને પહેરાવવામાં આ ક્રમ ઊંધો થઈ જશે પાંચ, એક બનશે; ચાર, બે બનશે; ત્રણ, ત્રણ રહેશે; બે, ચાર બનશે; એક, પાંચ બનશે.

ઉપરોકત ક્રમથી કફન પાથરી મૈયતને એની ઉપર રાખવામાં આવે, દાઢી તથા આખા શરીર પર ખુશ્બૂ લગાડવામાં આવે, કપાળ, નાક, હાથ, ગુઠણો અને પગો પર કપૂર લગાડવામાં આવે. ત્યાર પછી કફન પહેરાવવામાં આવે. પુરૂષને પ્રથમ ખમીસ પહેરાવવામાં આવે. કટમાંથી માથુ પાસ કરી ગુઠણો સુધી ખેંચી લેવામાં આવે. પછી ઈઝાર પહેરાવવામાં આવે, પ્રથમ ડાબો છેડો ઉપર રાખે પછી જમણો છેડો તેની ઉપર રાખી દેવામાં આવે, ત્યાર પછી કવરની ચાદર પહેરાવવામાં આવે, પ્રથમ ડાબો છેડો પછી એની ઉપર જમણો છેડો રાખી બંને તરફથી વધારાનો ભાગ બાંધી દેવામાં આવે.

મૈયત સ્ત્રી હોય તો પ્રથમ ખમીસ પહેરાવામાં આવે પછી એના વાળના બે ભાગ કરી ખભાની ઉપર ડાબી અને જમણી બાજુ નાખી દેવામાં આવે. પછી ખુશ્બુ લગાડવામાં આવે, ત્યાર પછી ઓઢણીનો બહારવાળો ભાગ નિકાબના પર્દા પ્રમાણે મોઢા પર રાખી દેવામાં આવે, પછી ઉપરોકત તરીકાથી ઈઝાર અને કવરની ચાદર પહેરાવી બંને ખૂણા બાંધી દેવામાં આવે, બધાની ઉપર સીના બંધ રાખી બાંધી દેવામાં આવે.

**સવાલ** : પત્નીના કફનની જવાબદારી કોની છે ?

**જવાબ** : એના પતિની જો જીવંત હોય.

**સવાલ** : પતિના કફનની જવાબદારી કોની છે ?

**જવાબ** : એનો માલ હોય તો એમાંથી આપવામાં આવે, ન હોય તો જેઓ જીવંતમાં એના ભરણ પોષણના જવાબદાર હતા તેઓ આવશે.

**સવાલ** : કોઈ લાવારિસ હોય તો ?

**જવાબ** : બયતુલ માલ આપશે, એ વ્યવસ્થા ન હોય તો મુસલમાનો પર ફર્ઝ છે, જેઓ તે વસ્તીના છે તેમાંથી કોઈ જવાબદારી લઈ લે અથવા ચંદો કરવામાં આવે.





**નોંધ** : વર્તમાનકાળમાં મુસલમાનોએ દરેક વસ્તીમાં કફન દફનની જરૂરતો પૂરી કરવા બયતુલ માલ અને અંજુમનો બનાવવી જોઈએ. કોમી રમખાણોમાં એનો ઘણો ફાયદો થશે. દરેક પ્રકારની જરૂરતની સાધન સામગ્રી પણ હોવી જોઈએ, કફન દફનનો દરેક સામાન પણ સ્ટોક કરવો જોઈએ.

**સવાલ** : મૈયત પાસે કશું જ નથી, વારસદારો જવાબદારી લેતા નથી તો શું કરવું ?

**જવાબ** : એનો મતલબ એ નથી કે મૈયતને નગ્ન દફન કરવામાં આવે, અંતે મુસલમાનોની જવાબદારી તો છે જ.

**સવાલ** : કોઈએ વસિયત કરી કે મને કફનનું એક જ કપડું આપવામાં આવે તો શું કરવું ?

**જવાબ** : માન્ય નથી, માલ હોય તો સુન્નત કફન આપવામાં આવશે.

**સવાલ** : મૈયત પાસે માલ છે પણ એનાથી અધિક દેવું છે તો શું કરવું ?

**જવાબ** : કફનને અગ્રતા પ્રાપ્ત છે એટલે એમાંથી કફનનો ખર્ચ લેવામાં આવશે, દેવાદાર કિફાયત કફનથી રોકી નથી શકતો.

**સવાલ** : કફન ન હોય તો બીજાથી માંગ કરી શકાય છે ?

**જવાબ** : જરૂરતના કફનની માંગ થઈ શકે છે, અધિકની નહીં. કવર માટે એક કપડું હોય તો સવાલની રજા નથી, કોઈ વિના માંગે આપે તો લઈ શકાય છે.

**સવાલ** : કફનમાં વારસદારોનો મતભેદ થયો અને કોઈ કહે બે જ કપડાં આપો અને કોઈ કહે છે, એક જ આપો, કોઈ કહે છે સુન્નત મુજબ આપો, તો શું કરવું ?

**જવાબ** : સુન્નત મુજબ આપવામાં આવશે, જો મૈયતે અધિક માલ છોડયો હોય.

**સવાલ** : ઈન્ડિયામાં કફનથી અધિક એક ચાદર ઈમામ પગ નીચે રાખવામાં આવે છે તે પણ ખરીદવામાં આવે છે તેમાં શું હુકમ છે ?

**જવાબ** : ઈસ્લામનો હુકમ નથી, ઈસાલે સવાબ માટે હોય તો વારસદારો ખુશ હોય અને એમાં કોઈ નાબાલિગ ન હોય તો કરી શકે છે. જરૂરી સમજવું ખોટુ છે.

**સવાલ** : કોઈએ વસિયત કરી મને દફન ન કરવામાં આવે તો શું કરવું ?

**જવાબ** : માન્ય રાખવામાં આવશે નહીં, દફન કરવું જરૂરી છે.

**સવાલ** : મૈયત માટે ઈસાલે સવાબનાં કામો એના માલથી કરી શકાય છે ?

**જવાબ** : વારસદારોમાં કોઈ નાબાલિગ ન હોય, અને બાલિગ સંમત હોય તો કરી શકાય છે. વિરોધ હોય તો કોઈ પોતાના માલમાંથી અથવા પોતાની તરફથી કરી શકે છે. ઈસાલે સવાબ ઈચ્છા પર આધારિત છે, શરીઅતમાં જરૂરી નથી.

**સવાલ** : મોટી વયના વારસદારો બીજા વારસદારો પર દબાવ લાવીને કરાવે તો શું હુકમ છે ?

**જવાબ** : બીજાના માલમાં નાહક્ક દબાવ ઝુલ્મ છે, એમણે તૌબા કરવી જોઈએ, ઝુલ્મ સાથે સવાબ મળી શકતો નથી.

**સવાલ** : મૈયતની લાશ ન મળી અમુક ભાગ મળ્યા તો શું કરવું ?

**જવાબ** : અડધાથી વધારે ભાગ મળ્યો અથવા અડધો ભાગ માથાવાળો મળ્યો તો કફન સુન્નત મુજબ આપવામાં આવશે. નહીં તો માત્ર એક કપડામાં વિટાડી દફન કરી દેવામાં આવશે.

**સવાલ** : કાફિરને કફન આપવામાં આવશે ?

**જવાબ** : કોઈ જ ન હોય તો માત્ર એક કપડું વિટાડી દેવામાં આવશે અને ખાડામાં દબાવી દેવામાં આવશે.

**સવાલ** : કફન પહેરાવી લીધા પછી મૈયતના શરીરમાંથી કોઈ નાપાકી નીકળી કફન બગાડયું તો શું કરવું ?

**જવાબ** : પહેરાવી લીધા પછી આમ થયું તો બદલવું જરૂરી નથી અને ગુસલની પણ ફરી હાજત રહેશે નહીં.





**સવાલ** : કોઈને વિના કફને દફન કરી દેવામાં આવ્યો તો શું કરવું ?

**જવાબ** : કબર બંધ કરી દીધા પછી ખોલવાની રજા નથી, એટલે નમાઝ કબર પાસે પઢી લેવામાં આવશે.

**સવાલ** : સીવેલા કપડાં મૈયતના શરીર પરથી નીકળતાં નથી તો શું કરવું ?

**જવાબ** : જો ન નીકળે તો કપડાં કાપીને કાઢી લેવાં, અને પછી ગુસલ આપવું.

**સવાલ** : મૈયતની લાશ સૂકી થઈ ગયા પછી અન્ય લોકો મારી મચેડીને સીવેલાં કપડાં કાઢી લે છે, શું એ જાઈઝ છે ?

**જવાબ** : જાઈઝ નથી, મૈયતની લાશની ઈજ્જત કરવી જરૂરી છે, એટલે કપડાં કાપીને કાઢવામાં આવશે. મૈયતને તકલીફ આપીને આ કામ કરવામાં નહીં આવે.

**સવાલ** : કોઈએ વસિયત કરી કે મરણ પછી મને સળગાવી દેવામાં આવે તો ?

**જવાબ** : વસિયત માન્ય નથી, એને પણ દફન કરવામાં આવશે.

## ★ જનાઝો લઈ જવો ★

કન્ઝમાં ઈબ્ને અબ્બાસ رضي الله عنهما થી રિવાયત છે કે ઈમાનવાળાને એના મરણ પછી જે પ્રથમ બદલો આપવામાં આવે છે તે એ કે એના જનાઝા પાછળ જેટલા આવ્યા તેમની મગફેરત કરી દેવામાં આવશે.

ઈબ્ને માજામાં હઝરત ઈબ્ને મસઊદ رضي الله عنهما થી રિવાયત છે : જનાઝો આગળ છે પાછળ નથી માટે જે એનાથી આગળ થઈ જાય તે એની સાથે નથી.

ઈબ્ને અસાકિરે હઝરત વાસિલાથી રિવાયત કરી છે કે જેણે જનાઝાને ચારે પાયાથી ઉંચકયો તેના ચાલીસ કબીરા ગુનાહ બખ્શી દેવામાં આવ્યા.

હકીમે હઝરત અબ્દુલ્લાહ બિન મુગફ્ફલથી રિવાયત કરી છે કે

જે દફન કરતા સુધી જનાઝા સાથે રહ્યો એના માટે બે કીરાત છે અને જે દફન પહેલાં પરત થયો એના માટે એક કીરાત છે એ હૂદ પહાડ જેવડો. (પહાડના વજન જેટલી નેકી મળશે.)

દૈલમીમાં હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે જ્યારે કોઈ જન્નતી માણસ મરી જાય છે તો અલ્લાહ عزوجل એને ઉઠાવવાળાને, એની પાછળ ચાલનારને અને એની જનાઝાની નમાઝ પઢનારને અઝાબ આપતાં શરમ આવે છે.

ઈબ્ને નજ્જારે હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત કરી કે જનાઝાવાળાઓમાં ઉત્તમ વધારે ઝિક્ર કરનાર છે અને જેઓ એને રાખતાં પહેલાં ન બેસે.

## ★ લઈ જવાની રીત ★

મુસલમાનોનો જનાઝો લઈ જવામાં હાજરી આપવી સુન્નત છે, આપણા પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ આ કામ કરેલું છે. જનાઝા ઉઠાવવામાં સુન્નત એ છે કે ચાર પાયા ચાર વ્યકિત ઉઠાવે, વિના કારણે ચારથી ઓછા માણસો રાખવા મકરૂહ અને નાપસંદ છે. દરેક પાયાને ખાંધ આપી દસ દસ પગલાં ચાલવું પણ સુન્નત છે, પ્રથમ માથા તરફ જમણી બાજુએ ખાંધ આપે, પછી પગો તરફ જમણી બાજુએ, ત્યાર બાદ માથા તરફ ડાબી બાજુએ અને અંતમાં પગો તરફ ડાબી બાજુએ, પાયો હાથથી પકડીને ખભા પર રાખવામાં આવે. માફકસરની ચાલ ચાલવી કે મૈયતને આંચકો ન લાગે. જેઓ જનાઝા સાથે ચાલે છે તેમણે જનાઝાની પાછળ ચાલવું, ચુપચાપ ચાલવું, મૌતનાં વિચારોમાં વ્યસ્ત રહેવું, મનમાં ઝિક્ર અને તિલાવતમાં લાગેલા રહેવું, દુનિયાની વાતોથી બચવું, હસવું પણ નહીં.

**સવાલ** : સાંકડા માર્ગમાંથી પસાર થવામાં ચાર વ્યકિત ન ઉઠાવી શકે તો શું કરવું ?

**જવાબ** : મજબૂરી હોય તો ચારથી ઓછા વ્યકિતના ઉઠાવવામાં વાંધો નથી.





**સવાલ** : પબ્લિક વધારે હોય અને એક પાયો પકડી દસ પગલાં ન ચાલી શકાય તો ?

**જવાબ** : જેટલાં પગલાં ચાલી શકાય ચાલવું અને અમુક વખત ખાંધ આપવી, જેટલાં વધારે પગલાં ચાલવામાં આવશે એટલા ગુનાહે કબીરા માફ કરવામાં આવશે.

**સવાલ** : પબ્લિક વધારે હોય તો ખાંધ આપવા આગળ લાઈન લગાડવામાં આવે છે તો આમ કરી શકાય છે ?

**જવાબ** : ખાંધ આપવા માટે આગળ આવવામાં વાંધો નથી, માત્ર સાથે ચાલનારે ચાલવાની નિય્યતે જનાઝાથી આગળ ન ચાલવું જોઈએ, આગળ જ જવું હોય તો એટલા દૂર રહેવું કે જનાઝા સાથે ગણતરી ન થાય.

**સવાલ** : સવારી પર જનાઝામાં જઈ શકાય છે ?

**જવાબ** : ઉત્તમ અને વધારે સવાબ પગપાળા ચાલવામાં છે, સવારી પર વાંધો નથી, પણ પાછળ પાછળ જવામાં આવે.

**સવાલ** : બાળકનો જનાઝો એક માણસ ઉપાડે તો ચાલી શકે છે ?

**જવાબ** : તદ્દન નાના બાળકોના જનાઝામાં આમ કરી શકાય છે.

**સવાલ** : જનાઝામાં સ્ત્રીઓ હાજરી આપી શકે છે ?

**જવાબ** : એમના માટે જનાઝો લઈ જવામાં હાજરી મકરૂહ છે, બચવું જોઈએ.

**સવાલ** : સ્ત્રીઓને મનાઈ કરવાં છતાં આવે છે તો આપણે શું કરવું ?

**જવાબ** : આપણા પુરૂષ માટે સુન્નત છે તો આપણે સુન્નત ન છોડવી જોઈએ.

**સવાલ** : જનાઝા સાથે બુલંદ સ્વરે ઝિક્ર કરી શકાય છે ?

**જવાબ** : મનમાં ઝિક્ર કરવો ઉત્તમ છે, જો લોકો વાતો કરતા હોય તો અવાજથી પણ ઝિક્ર કરી શકાય છે.

**સવાલ** : દફન પછી પરત થવામાં વાલીની રજાની જરૂરત છે ?

**જવાબ** : નથી, નમાઝે જનાઝા પછી પરત થવું હોય તો રજા

લેવી જોઈએ.

**સવાલ** : પાપીના જનાઝામાં જઈ શકાય છે ?

**જવાબ** : જઈ શકાય છે, શર્ત એ કે મુસલમાન હોય, પણ નેક વ્યકિતના જનાઝામાં જવું નફ્લથી વધારે સવાબ રાખે છે.

**સવાલ** : પતિ પત્નીનો જનાઝો ઉઠાવી શકે છે અને ચહેરો જોઈ શકે છે ?

**જવાબ** : ઉઠાવી શકે છે અને ચેહરો પણ જોઈ શકે છે, સ્પર્શ કરવાની રજા નથી.

**સવાલ** : જનાઝો ઉઠાવવામાં મહેનતાણું લઈ શકાય છે ?

**જવાબ** : લેવું દેવું જાઈઝ છે, પણ ઉઠાવનારને સવાબ મળશે નહીં.

**સવાલ** : જનાઝો જોઈને ઊભા થવું જોઈએ ?

**જવાબ** : નહીં, પણ હાજરી આપવાની નિય્યતે ઊભા થઈ શકાય છે.

**સવાલ** : જનાઝો લઈ જવામાં માથુ કઈ તરફ હોવું જોઈએ ?

**જવાબ** : ચાલવામાં મૈયતનું માથુ આગળ હોવું જોઈએ.

**સવાલ** : જનાઝો જમીન પર કઈ રીતે રાખવો ?

**જવાબ** : કિબ્લા તરફ માથુ કે પગ ન રાખવા, એ પ્રમાણે રાખો કે કિબ્લો જમણા હાથે હોય. અને એ તરફથી કબરમાં ઉતારવામાં આવે.

**સવાલ** : કબરમાં ઉતારવા કેવા લોકો હોવા જોઈએ ?

**જવાબ** : નેક લોકો હોવા જોઈએ, અને ન હોય તો ગમે તે ઉતારી શકે છે, પણ સગાઓ ગમે તેવાં હોય પણ એમને ઉતારવાનો હક્ક વધારે છે.

**સવાલ** : કોઈ સારી વાત મૈયત સંબંધિત જાણવા મળી તો કહી શકાય છે ?

**જવાબ** : સારી ચર્ચા થઈ શકે છે, ખરાબ અને અયબની નહીં.

## ★ જનાઝાની નમાઝ ★

મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી રિવાયત છે : જે જનાઝા પર નમાઝ પઢે અને પાછળ ન જાય તેના માટે એક કીરાત છે અને જે પાછળ





જાય (દફન માટે) તો એના માટે બે કીરાત છે. પૂછવામાં આવ્યું બે કીરાત કેટલું છે તો ફર્માવ્યું એમાં સૌથી નાનું ઓહુદ પહાડ જેવું છે.

ઈબ્ને માજામાં હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી રિવાયત છે કે જેણે જનાઝાની નમાઝ મસ્જિદમાં પઢી એના માટે કોઈ નેકી નથી.

અબૂ દાઊદે એમનાથી જ રિવાયત કરી કે તમે મૈયત માટે નમાઝે જનાઝા પઢો અને દિલથી એના માટે દુઆ કરો.

હકીમે હઝરત અનસ رضي الله عنه થી રિવાયત કરી છે કે ઈમાનવાળાને પ્રથમ ઈનામ એ મળે છે કે જેની નમાઝે જનાઝા પઢી એની મગફેરત કરી દેવામાં આવે છે.

તિબ્રાનીમાં હઝરત ઈબ્ને ઉમર رضي الله عنهما થી રિવાયત છે કે જેણે પણ કલ્મો પઢયો (ઈમાનવાળો) એની નમાઝે જનાઝા પઢો.

નસઈમાં હઝરત માલિક બિન હુબૈરા رضي الله عنه થી રિવાયત છે : જે મૈયત પર ત્રણ સફોએ નમાઝ પઢી તેની ઉપર (મગફેરત) વાજિબ કરી આપી.

હદીષોથી જાણવા મળ્યું આપણે આપણા ભાઈની નમાઝ પઢવી જોઈએ એમાં ઘણો સવાબ છે અને નમાઝે જનાઝાનો તરીકો પણ શીખવો જોઈએ.

## ★ જનાઝાની નમાઝનો હુકમ અને શર્તો ★

મુસલમાનની જનાઝાની નમાઝ ફર્ઝે કિફાયા છે, એક વ્યકિત પઢી લે તો પણ જવાબદારી ઉતરી જશે, કોઈ ન પઢે તો વસ્તીના બધા ગુનેહગાર ઠરશે.

**શર્તો** : (૧) નમાઝ માટે શકિતશાળી (૨) બાલિગ (પુખ્તવયનો) (૩) આકિલ (જે ગાંડો ન હોય) (૪) મુસલમાન (૫) મૈયતનાં મૌતની જાણ થવી.

## ★ નમાઝની શર્તો ★

(૧) તહારત (શરીર, કપડાં અને જગાનું પાક હોવું.) (૨) સતરે

ઔરત (જરૂરતનું બદન ઢાંકવું હોવું.) (૩) કિબ્લા તરફ મોઢું હોવું (૪) નિય્યત કરવી, ટાઈમની શર્ત નથી.

## ★ નમાઝ માટે મૈયતની શર્તો ★

(૧) મુસલમાન હોવું. (૨) મૈયતના શરીર અને કપડાનું પાક હોવું. (૩) મૈયત નમાઝ સમયે હાજર હોય. (૪) જનાઝો જમીન પર હોય. (૫) નમાઝીની આગળ કિબ્લા તરફ હોય. (૬) મૈયતના શરીરનો જે ભાગ ઢાંકવો ફર્ઝ છે, ઢાંકેલો હોવો, સ્ત્રી હોય તો એના આધારે પુરૂષ હોય તો એના આધારે. (૭) ઈમામ સમક્ષ મૈયતના શરીરનો કોઈ એક ભાગ જરૂરથી હોવો.

## ★ નમાઝના ફર્ઝો ★

નમાઝે જનાઝામાં બે ફર્ઝ છે : (૧) ઊભા રહેવું. (૨) ચાર વખત અલ્લાહુ અકબર કહેવું.

## ★ સુન્નતે મુઅક્કેદા ★

સુન્નતે મુઅક્કેદા ત્રણ છે : (૧) અલ્લાહના વખાણ કરવાં. (૨) દુરૂદ પઢવું (૩) મૈયત માટે દુઆ કરવી.

## ★ નમાઝની રીત ★

બીજી નમાઝો માફક **અલ્લાહુ અકબર** કહી હાથ બાંધી ષના પઢવું પછી હાથ ઉઠાવ્યા વિના **અલ્લાહુ અકબર** કહી દુરૂદે ઈબ્રાહીમ પઢવું, ત્રીજી વખત **અલ્લાહુ અકબર** કહી મૈયત માટે મગફેરતની દુઆ કરવી ચોથી વખત **અલ્લાહુ અકબર** કહી હાથ છોડી દેવા અને બંને તરફ સલામ ફેરવી લેવી.

**સવાલ** : ગુનેગાર અને પાપીની નમાઝે જનાઝા પઢવી જોઈએ ?

**જવાબ** : મુસલમાન કોઈ પણ હોય પઢવામાં આવશે.

**સવાલ** : કોઈ એવો મુસલમાન છે જેમની નમાઝે જનાઝા પઢી



તોહફાએ નજાત (ભાગ-૯)

ન પઢી શકાય ?

**જવાબ** : (૧) જેણે માતા, પિતા અથવા એમનાંથી કોઈ એકને મારી નાખ્યાં. (૨) લૂટારો લૂટ માર દરમ્યાન મારી નાખવામાં આવ્યો. (૩) બગાવત કરનાર જેને એ સ્થિતિમાં મારી નાખવામાં આવ્યો. (૪) જેણે ઘણા લોકોને ગળુ દબાવી મારી નાખ્યાં તેની. (૫) ખોટી તરફદારીમાં લડયો અને તેમાં મારી નાખવામાં આવ્યો તેની. (૬) કોઈનો માલ ઝૂટવી રહ્યો હતો એ હાલતમાં મારી નાખવામાં આવ્યો તેની.

**સવાલ** : આવા લોકો એ સ્થિતિમાં ન મરે અથવા દેશના કાર્યકર્તાના હુકમથી મારવામાં આવ્યા તો ?

**જવાબ** : તો નમાઝ પઢી લેવામાં આવશે.

**સવાલ** : આત્મહત્યા કરનારની નમાઝ પઢવામાં આવશે ?

**જવાબ** : પઢવામાં આવશે, કોઈ મોટા પાપીની નમાઝ આલિમો શિખામણ માટે ન પઢે તો તેમને રજા આપવામાં આવશે.

**સવાલ** : બાળક મરી ગયું તેની માતા, અથવા પિતા મુસલમાન હોય તો શું કરવું ?

**જવાબ** : બંનેમાંથી એક પણ મુસલમાન હોય તો નમાઝ પઢવામાં આવશે. જો બંને ગેરમુસ્લિમ હોય તો પઢવામાં નહીં આવે.

**સવાલ** : કેટલાક લોકો જનાઝાની નમાઝ બૂટ, ચપ્પલ પહેરીને પઢે છે એ જાઈઝ છે ?

**જવાબ** : મેદાનમાં હોય તો આમ કરી શકાય છે, જો બૂટ, ચપ્પલમાંથી પગ બહાર કાઢવામાં ન આવે તો બૂટ, ચપ્પલ તેમજ એની નીચે જમીનનો ભાગ પાક હોવો જરૂરી છે, અને કાઢીને એની ઉપર પગ રાખીને પઢવામાં આવે તો માત્ર બૂટ, ચપ્પલનું પાક હોવું જરૂરી છે.

**સવાલ** : જનાઝાની નમાઝ તયમ્મુમથી પઢી શકાય છે ?

**જવાબ** : જો એવું લાગે છે કે વુઝૂ કરવા જશે તો નમાઝ થઈ જશે અને પછી પઢી શકાશે નહીં તો તયમ્મુમ કરી શકે છે.

**સવાલ** : જનાઝાની નમાઝ પઢવા કોઈ મુસલમાન પુરૂષ ન હતો

તો સ્ત્રી પઢાવી શકે છે ?

**જવાબ** : સ્ત્રીના પઢી લેવાથી પણ ફર્ઝ અદા થઈ જશે, કોઈ પુરૂત્ર ન હતો તો પઢી લેશે.

**સવાલ** : જનાઝામાં ઈમામની નમાઝ ન થાય તો મુકતદીની થશે ?

**જવાબ** : નહીં, ઈમામની બાતિલ તો મુક્તદીની પણ બાતિલ છે.

**સવાલ** : મુસલમાનનું બાળક મુડદા પેદા થયું અથવા અડધાથી ઓછું બહાર આવ્યું અને મરી ગયું તો નમાઝ પઢવામાં આવશે ?

**જવાબ** : પઢવામાં નહીં આવે.

**સવાલ** : નમાઝમાં તકબીર વખતે ઈદ માફક હાથ ઉઠાવ્યા તો શું થશે

**જવાબ** : સુન્નત વિરૂધ્ધ છે પણ નમાઝ થઈ ગઈ.

**સવાલ** : મૈયતને ગુસલ નથી આપ્યું, નમાઝ પઢી શકાય છે ?

**જવાબ** : મૈયતને ગુસલ આપવું ફર્ઝ છે, વિના ગુસલે નમાઝે જનાઝા થશે નહીં.

**સવાલ** : જનાઝો ઊંધો રાખવામાં આવ્યો તો નમાઝ થશે ?

**જવાબ** : થઈ જશે, પણ જાણી જોઈને આમ ન કરવું.

**સવાલ** : વિના ગુસલે નમાઝ પઢી દફન કરી દેવામાં આવ્યો હોય તો શું કરવું ?

**જવાબ** : કબ્ર પાસે નમાઝ પઢી લેવામાં આવશે, હવે થઈ જશે કારણ કે ગુસલ શકય નથી.

**સવાલ** : કોઈ એવી જગાએ હોય કે કિબ્લો ખબર નથી કોઈ બતાવનાર નથી તો શું કરવું ?

**જવાબ** : કોઈ બતાવનાર ન હોય તો નમાઝ માટે કિબ્લાની તહર્રી કરવી એટલે કોઈ એક દિશા તરફ દિલ જમાવવું, દિલ જે નિયુકત કરશે તે કિબ્લો છે અને નમાઝ થઈ જશે.

**સવાલ** : અમુક કહે છે કે જનાઝાની નમાઝમાં અલહમ્દુની સૂરત પણ પઢવામાં આવે ?





**જવાબ** : કુર્આનની નિય્યતથી નહીં, ષનાની નિય્યતે પઢવી હોય તો જાઈઝ છે.

**સવાલ** : ગમે તે દુરૂદ પઢવામાં આવે તો ચાલશે ?

**જવાબ** : ચાલશે, પણ દુરૂદે ઈબ્રાહીમ ઉત્તમ અને સુન્નત છે.

**સવાલ** : મૈયત માટેની દુઆ ન આવડતી હોય તો શું કરવું ?

**જવાબ** : આખેરત સંબંધિત કોઈ દુઆ આવડતી હોય તો પઢી શકાય છે. અલ્લાહુમ્મગફિરલી વલિલ મુઅમેનીન પણ પઢી શકાય છે. દુઆ શીખવાની કોશિશ કરવી જોઈએ.

**સવાલ** : ઘર પડયું અને એની નીચે કોઈ દબાઈ ગયો હવે અને કાઢી શકાય એમ નથી તો શું કરવું ?

**જવાબ** : એ જગાએ સફો લગાડી નમાઝ પઢી લેવામાં આવે.

**સવાલ** : મૈયત હાજર ન હોય તો ગાયબની નમાઝ પઢી શકાય છે ?

**જવાબ** : નથી પઢી શકાતી, મૈયત હાજર હોય, સામે હોય અને એનો કોઈ એક ભાગ ઈમામ સામે હોય તો જ નમાઝ થઈ શકે છે.

**સવાલ** : કોઈ મુસલમાનને વિના નમાઝે દફન કરવામાં આવ્યો તો કબ્ર પાસે કેટલા દિવસ સુધીમાં નમાઝ પઢી શકાય છે ?

**જવાબ** : લાશ ફાટી ન હોય ત્યાં સુધી અને એ નિર્ણય જગા, હવામાન અને માણસની હાલત પરથી માલૂમ કરીને લઈ શકાય છે. અહીં યુ.કે.માં વધારે દિવસ સુધી પઢી શકાય છે કારણ કે હવામાન આખુ વરસ ઠંડુ જ રહે છે.

**સવાલ** : બાળક ઝિનાથી પેદા થયું અને મરી ગયું તો ?

**જવાબ** : એની પણ નમાઝ પઢવામાં આવશે.

**સવાલ** : ઝિના કરનાર કાફિર છે અને સ્ત્રી મુસલમાન છે અથવા પુરૂષ મુસલમાન છે સ્ત્રી કાફિર અને બાળક મરી ગયું તો ?

**જવાબ** : બંને હાલતમાં નમાઝ પઢવામાં આવશે, કોઈ એક મુસલમાન હોવું જોઈએ.

**સવાલ** : એકથી અધિક મૈયત આવી જાય તો નમાઝ કેવી રીતે પઢવી

**જવાબ** : સઘળા મૈયતોને એક નિય્યતમાં લાવી એક નમાઝમાં બધાની નમાઝ થઈ જશે. એકની પાછળ એક, એકની પાછળ એક, અથવા એકની સાથે એક રાખવામાં આવે.

**(એક પછી એક)**

———— (૫)
———— (૪)
———— (૩)
———— (૨)
———— (૧)
▌ ←··· (ઈમામ)

**(એકની સાથે એક)**

| ——— | ——— | ——— | ——— | ——— |
|---|---|---|---|---|
| (૫) | (૪) | (૩) | (૨) | (૧) |
| | | | | ▌ (ઈમામ) |

**(બે માંથી જે યોગ્ય હોય તે કરવું.)**

**સવાલ** : ઈમામે ચારથી અધિક તકબીર કહી તો શું કરવું ?

**જવાબ** : મુકતદીએ ચુપ રહેવું, સલામ ફેરવે, ત્યારે સલામ ફેરવવી, નમાઝ થઈ જશે.

**સવાલ** : મુકતદીની તકબીરો ઈમામ પાછળ છૂટી ગઈ હોય તો શું કરે ?

**જવાબ** : ઈમામના સલામ ફેરવ્યા પછી કહી લેવામાં આવે, પઢવાનો સમય હોય તો પઢવું નહીં તો માત્ર તકબીરો કહી સલામ ફેરવી લેવી.

**સવાલ** : જનાઝાની નમાઝનો હક્ક કોનો છે ?

**જવાબ** : જુમ્આના ઈમામનો, પછી મોહલ્લાના ઈમામનો પછી વાલીનો, પણ વાલીને ગમે તેને નમાઝ પઢવાનું કહેવાનો અધિકાર છે.

**સવાલ** : વાલીએ પોતે જ પઢાવી લીધી હોય તો ?

**જવાબ** : નમાઝ થઈ જશે, પણ એ આલિમ ન હોય તો આલિમને અગ્રિમતા આપે.

**સવાલ** : ખબર છે કે મરનાર વ્યકિત સુન્ની સત્ય અકીદાનો છે પણ એના વારસદારોએ એની લાશ પર કબ્જો જમાવી બદ્અકીદા ઈમામ પાસે નમાઝે જનાઝા પઢાવી તો શું કરવું ?





**જવાબ** : સુન્ની હોય તો તેમણે જ આ કામો કરવાં જોઈએ પણ વર્તમાનકાળમાં ગવર્નમેન્ટના કાયદાઓ અનુસાર નિકટના સગાઓ ન આપે તો નથી કરી શકતા તો પછી દફન કરી દીધા પછી એની કબર પાસે નમાઝ પઢી લેવામાં આવશે.

**નોંધ** : વહાબી દેવબંદી ઈમામની નમાઝ આપણી માન્યતા મુજબ દુરુસ્ત નથી એટલે એવા બદ્અકીદાના મૌલ્વી પાસે નમાઝે જનાઝા પઢાવવામાં ન આવે અને પઢાવી હોય તો ફરીથી પઢવામાં આવે, મૈયતને દફન કરી દેવામાં આવ્યું હોય તો કબર પાસે નમાઝ પઢી લેવામાં આવે. આ હકીકત જાણી લીધા પછી કદી પણ બદ્અકીદાને ઈમામ બનાવવામાં ન આવે.

## ★ નમાઝમાં શું પઢશો ? ★

પ્રથમ તકબીર પછી હાથ બાંધી સુબ્હાન-કલ્લાહુમ્મ વબિહમદિ ક-વ-ત-બા-ર-કસ્મુક-વ-તઆલા-જદુ-ક-વ-જલ્લ-ષનાઉ-ક વલા-ઈલાહ-ગૈરુક.

બીજી તકબીર પછી દુરૂદે ઈબ્રાહીમ સર્વને જ આવડતું હોય છે.

ત્રીજી તકબીર પછી આવડે તો આ દુઆ પઢવી (ગમે તે પુખ્તવય માટે.)

અલ્લાહુમ્મગફિર લિહય્યિના વ મૈયિતિના વ શાહિદિના વ ગાઈબિના વ સગીરિના વ કબીરિના વ ઝકરિના વ ઉન્ષાના અલ્લાહુમ્મ મન અહ્યૈતહુ મિન્ના ફ અહ્યિહિ અલલ્ ઈસ્લામ વ મન્ તવફ્ફય તહુ મિન્ના ફત વફ્ફહુ અલલ ઈમાન.

### નાબાલિગ છોકરો હોય તો;

અલ્લાહુમ્મજ્ અલ્હુલના ફરતંવ્ વજ અલ્હુલના અજરંવ વ ઝુખરંવ વજઅલ્હુલના શાફિઅંવ વ મુશફ્ફઆ.

### નાબાલિગ છોકરી હોય તો;

અલ્લાહુમ્મ જ અલ્હાલના ફરતંવ વજ અલ્હાલના અજરંવ વ ઝુખરંવ્ વજ અલ્હાલના શાફિઅતંવ વ મુશફ્ફઅહ્.

**સવાલ** : કોઈને આ પ્રમાણે પઢતાં ન આવડે તો શું કરે ?

**જવાબ** : શીખવું જોઈએ, પણ આ પઢવું જરૂરી નથી કેવળ ઊભા રહીને ચાર તકબીરો કહી લેવામાં આવે તો પણ નમાઝ થઈ જશે.

**સવાલ** : ગાંડો મરી જાય તો એના માટે કોઈ દુઆ પઢવી ?

**જવાબ** : જો તે પ્રથમથી અથવા પુખ્તવયનો થતાં પહેલાં જ ગાંડો હતો અને એ જ હાલતમાં મરણ પામ્યો તો બાળકવાળી દુઆ પઢવામાં આવે.

**સવાલ** : નમાઝ ખુદા તઆલા માટે જ હોય છે જનાઝાની નમાઝ મૈયત માટે કેમ ?

**જવાબ** : નમાઝે જનાઝા પણ અલ્લાહ તઆલા માટે જ છે. એમાં માત્ર મૈયત માટે દુઆ કરવામાં આવે છે. એટલે નમાઝે જનાઝા કહેવામાં આવે છે, તો એ બાબતે શંકા ન રહેવી જોઈએ.

**સવાલ** : કોઈ મુસલમાનની લાશ ફૂલીને ફાટી ગઈ પછી મળી તો શું કરવું ?

**જવાબ** : એની જનાઝાની નમાઝ પઢવામાં નહીં આવે.

**સવાલ** : સ્ત્રીનું મરણ થયું પેટમાં બાળક જીવંત છે તો શું કરવું ?

**જવાબ** : પેટ કાપીને બાળક કાઢી લેવામાં આવશે. પછી તેને ગુસલ, કફન આપવામાં આવશે. પછી નમાઝ પઢવામાં આવશે.

**સવાલ** : માત્ર હાડપિંજર મળે તો ?

**જવાબ** : ગુસલ, અને નમાઝ નથી, પણ કફન આપી દફન કરવામાં આવશે.

## ★ કફન અથવા પેશાની પર લખવું ★

અલ્લાહનું કલામ અને એને સંબંધિત ઝિક્રોમાં અલ્લાહ તઆલાથી સંબંધિત હોવાને લઈને ફાયદો જરૂર થાય છે, મુસલમાન એના ફાયદાનો ઈન્કાર નથી કરી શકતો, તો પછી એ ફાયદો પોતાના મૈયત ભાઈ બહેનને પહોંચાડવા એમની પેશાની (કપાળ) પર, છાતી પર અથવા કફન પર





લખવામાં આવે અથવા કાગળમાં લખી કબરમાં રાખવામાં આવે તો એનાથી મૈયતને ફાયદો મળે છે, પૂરાવો એ છે કે કબર પર ફૂલ અને લીલા વસ્તુઓની તસ્બીહ ફાયદો પહોંચાડે, તો પછી અંદર રાખવામાં આવેલી ચીજ પણ ફાયદો પહોંચાડી શકે છે એટલે એનો અસ્વીકાર નથી થઈ શકતો.

વજીઝ કિતાબુલ ઈસ્તિહસાનમાં છે કે ઈમામ સફ્ફારે વર્ણવ્યું :– મૈયતના કપાળ અથવા ઈમામા અથવા કફન પર અહદનામુ લખવામાં આવે તો ઉમ્મીદ છે અલ્લાહ તઆલા મૈયતને બખ્શી આપે અને અઝાબે કબરથી એને બચાવી લે. ફતાવા બઝ્ઝાઝિયામાં પણ આ પ્રમાણે છે.

દુર્રે મુખ્તાર, ભાગ–૧, બાબુશ્શહીદમાં છે : મૈયતના કપાળ અથવા ઈમામા અથવા કફન પર અહદનામુ લખે તો આશા છે કે રબ તઆલા એની મગફેરત ફર્માવી આપે.

દુર્રે મુખ્તારમાં આ જગાએ એ પણ વર્ણવવામાં આવ્યું છે કે કોઈએ એ વસિયત કરી કે એની છાતી અથવા કપાળ પર **બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ** લખી દેવામાં આવે. આમ જ કરવામાં આવ્યું. કોઈએ એને સ્વપનમાં જોયો અને પૂછયું, કેવું રહ્યું ?! એણે કહ્યું, દફન પછી અઝાબના ફરિશ્તાઓ આવ્યા પણ જ્યારે બિસ્મિલ્લાહ શરીફ લખેલી જોયી તો કહ્યું, તું અઝાબે ઈલાહીથી બચી ગયો !

અલ્હર્રફુલ હસનમાં ઈમામ તિર્મિઝીથી રિવાયત છે : તેઓ હઝરત તાઉસથી રિવાયત કરે છે કે એમણે આ શબ્દો (અહદનામા)ની વસિયત કરી હતી તો એમના કફનમાં આ શબ્દો લખવામાં આવ્યા.

ઈમામ તિર્મિઝી હકીમ ઈબ્ને અલીએ નવાદિરુલ ઓસૂલમાં રિવાયત કરી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવ્યું કે જે વ્યકિત આ દુઆ (અહદનામા) લખે અને મૈયતની છાતી અને કફનની વચમાં રાખે એને અઝાબે કબર નહીં થાય અને મુન્કર નકીરને જોશે નહીં.

અખ્બારુલ અખ્યારમાં ઈમામે અજલ્લ, મુહદ્દિષે દહેલ્વી અબ્દુલ હક્ક رحمۃ اللہ علیہ એ પોતાના પિતા હઝરત સૈફુદીન કાદરીની હાલતોને પ્રગટ કરતાં વર્ણવ્યું, જ્યારે અવસાનનો સમય નિકટ આવ્યો તો ફર્માવ્યું કે અમુક શાયરી અને શબ્દો જેનો સંબંધ માફી અને મગફેરતથી હોય, કોઈ કાગળ

પર લખીને મારી કબરમાં રાખી દેશો.

હઝરત શાહ અબ્દુલ અઝીઝ સાહેબ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાના ફતાવામાં વર્ણવે છે કે શજરો કબરમાં રાખવો બુઝુર્ગોનો અમલ છે. એની બે રીતો છે, કફનમાં છાતીની ઉપર લખવું અથવા કફન પર લખવું, આ તરીકો મુફતીઓને ત્યાં મનાઈના હુકમમાં છે, બીજી રીત એ કે માથા તરફ ખાંચો બનાવી એમાં મૂકી દેવામાં આવે.

ઉપરોકત પૂરાવાઓથી એ સ્પષ્ટ થયું કે કફન, કપાળ અથવા મૈયતની છાતી પર આંગળીના ઈશારાથી લખવામાં અને કફન પર લખવામાં મુડદાને ફાયદો મળે છે, અને આમ કરવું જાઈઝ છે.

**સવાલ** : લખાણની રીત શું છે ?

**જવાબ** : આંગળીના ઈશારાથી લખવું, અને એ ઉત્તમ છે કે એમાં લખાણની બેઈજ્જતીની શંકા નથી રહી જતી. અને એનો કોઈ અસ્વીકાર પણ નથી કરી શકતો, બીજી રીત છે કે કશાથી લખવામાં આવે એ પણ જાઈઝ છે.

**સવાલ** : ઈશારો છોડીને સ્પષ્ટ લખાણ કરવામાં આવે તો મૈયતની લાશ ફાટી જવાથી લખાણની બેઈજ્જતી નથી થઈ શકતી ?

**જવાબ** : એ અક્કલથી થતી શંકા છે પણ જ્યારે હદીષ અને બુઝુર્ગોના અમલથી જાણવા મળ્યું કે આમ કરવામાં આવ્યું છે તો પછી ઈસ્લામમાં નકલ સામે અક્કલ વ્યર્થ છે.

**સવાલ** : શું ન લખવામાં આવે તો ન ચાલે ?

**જવાબ** : અમે કયાં વાજિબ કહ્યું છે ! આમ કરવું સારું કામ છે, એનાથી મૈયતને ફાયદો મળી શકે છે. અમારું કહેવું એવું છે કે એને નાજાઈઝ નથી કહી શકતા. ફતાવા બઝ્ઝાઝિયામાં છે કે રિવાયત છે હઝરત ઉમરના વાડાના ઘોડાઓની જાંગો પર લખવામાં આવ્યું : "અલ્લાહના માર્ગમાં રોકવામાં આવ્યો." જ્યારે ઘોડાઓની જાંગો પર લખવામાં આવ્યું હતું તો પછી મૈયતના છાતી, કપાળ, અથવા કફન પર નથી લખી શકાતું ? ઘોડાઓની જાંગો પર લખાણનો જે જવાબ છે એ જ મૈયતના કપાળ, છાતી અથવા કફન પર થતા





લખાણનો જવાબ છે.

**નોંધ** : ઉત્તમ એ છે કે લખાણ સ્પષ્ટ લખવામાં ન આવે માત્ર આંગળીના ઈશારાથી લખવામાં આવે, અને એ પણ ઉત્તમ છે કે કાગળ પર લખવામાં આવ્યું હોય તો મૈયતના માથા તરફ કબરમાં ખાંચો બનાવી એમાં રાખી દેવામાં આવે.

**સવાલ** : શું આમ કરવાથી મૈયત બચી જ જશે અને એને ફાયદો મળીને જ રહેશે ?

**જવાબ** : યકીન તો કોણ લાવી શકે છે અનો સંબંધ આખેરતથી છે પણ પૂરાવાથી એ જાણવા મળ્યું કે આમ કરી શકાય છે, તો આશા છે મૈયતને ફાયદો મળશે.

**સવાલ** : જેઓ લખાણની ઈજ્જતની નિય્યતથી લખાણનું ના કહે છે તેઓ સારું તો કરે છે ?


**જવાબ** : પૂરાવો મળી જવાથી જાઈઝ હોવું સાબિત થઈ ગયું તો પછી એમાં ઉત્તમ માર્ગ શોધવો જોઈએ, પોતાની મરજીથી તદ્દન મનાઈ ન કરી શકાય. હુઝૂરના જબ્બા મુબારકની ઈજ્જતનો કોણ ઈન્કાર કરી શકે છે તો પણ હુઝૂરે મૈયતને કફન માટે જબ્બો પણ આપ્યો છે અને ચાદર પણ આપી છે. (મિશ્કાત, બાબિ ગુસલિલ મૈય્યતી બુખારી કિતાબુલ જનાઈઝ) ઈબ્ને અબ્દુલ બિર્રએ કિતાબુલ ઈસ્તિઆબમાં રિવાયત કરી છે કે હઝરત અમીરે મુઆવિયહ્એ વસિયત કરી હતી કે મારી પાસે હુઝૂરનું કપડું છે એને મારા કફન નીચે રાખી દેશો, વાળ અને નખો મારા મોઢામાં, આંખો પર સિજદાના અંગો પર રાખશો. અક્કલ તો કહે છે કે નબીનાં તબર્રુક સાથે આમ કરવામાં ન આવે ! પણ નબીએ કર્યું, સહાબાએ કર્યું. તો જાણવા મળ્યું કે એ જાઈઝ છે. તો એ પ્રમાણેનો હુકમ લખાણ માટે પણ છે કે જ્યારે રિવાયતથી લખવાનું સાબિત થયું તો અક્કલ માન્ય રાખે કે ન રાખે એને જાઈઝ માનવામાં આવશે. કરવું ન કરવું તમારી મરજીની વાત છે પણ પોતાની મરજીથી નાજાઈઝ કહેવું શરીઅત પર પોતાની હિંમત પ્રગટ કરવી છે.

## ★ કબર ★


આપણા ઈસ્લામનો કાયદો મરણ પછી મૈયતને દફન કરવાનો છે. મૈયતને દફન કરવું ફર્ઝે કિફાયા છે. અમુક લોકોના કરી લેવાથી વસ્તીના બીજા લોકોને મુક્તિ મળી જશે, પણ દફનમાં જવું સુન્નત છે. કબ્રસ્તાનમાં દફન કરવામાં આવે. જમીન ખોદીને તેમાં દફન કરવામાં આવે.

## ★ કબરના પ્રકાર ★

કબરના બે પ્રકાર વર્ણવવામાં આવ્યા છે : **લહદ** અને **સંદૂક**. લહદ એટલે કબર ખોદી કિબ્લા તરફ મૈયતને સુવડાવવા માટે અલગથી ખોદવામાં આવે.




સંદૂક એટલે પેટી જેવી ખોદવામાં આવે અને મૈયતને સુવડાવાનો ભાગ પણ એ પ્રમાણે સીધાઈમાં રાખવામાં આવે.




લહદવાળી કબ્ર સુન્નત છે જો જમીન સખત હોય તો એ પ્રમાણે કરવું જોઈએ. સંદૂક માફક પણ રાખી શકાય છે.

**કબરનું માપ** : કબરના બે ભાગ હોય છે એક ઉપરનો અને એક અંદરનો. ઉપરનો ભાગ પોતાની સહુલત પ્રમાણે હોય છે કે મૈયતને





સરળતાથી અંદર ઉતારવામાં આવે, અહીં માપનો મતલબ અંદરવાળા ભાગનું માપ છે.

**લંબાઈ** : લંબાઈ મૈયતની લંબાઈ જેટલી હોવી જોઈએ.

**પહોળાઈ** : પહોળાઈ લંબાઈનો અડધો ભાગ હોવો જોઈએ.

**ઊંડાઈ** : લંબાઈ જેટલી હોય અથવા છાતી સુધીની.

**અંદરનો ભાગ ઢાંકવો** : મૈયતને અંદરના ભાગમાં રાખ્યા પછી એનું મોઢું કિબ્લા તરફ કરી દેવામાં આવે, પછી અંદરનો ભાગ જ્યાંથી શરૂ કર્યો હતો ત્યાં પાટિયા રાખવામાં આવે, પાટિયાની વચમાં ફાટો હોય તો ભીની માટીથી બંધ કરી દેવામાં આવે, પછી માટી નાખવામાં આવે.

**શું પઢશો ?** : દરેકે ત્રણ ખોબા ભરીને નાખવા જોઈએ. પ્રથમ ખોબો આમ કહી નાખે, **"મિન્હા ખલકના કુમ્"**, બીજો ખોબો આમ કહી નાંખે, **"વફીહા નઈદૂકુમ્"**, ત્રીજો ખોબો આમ કહી નાખે, **"વ મિન્હા નુખરિજુકુમ્ તારતન્ ઉખરા"** પછી પાવડાઓથી માટી નાખીને કબર બંધ કરી આપવામાં આવે.

કબર ઊંટની ખુંધ માફક ઢાલ વાળી બનાવવી, લંબ ચોરસ બનાવવી ન જોઈએ, કબર પર માટી જમાવવા માટે પાણી છાંટી શકાય છે. કબર અંદરથી પાકી કરવામાં ન આવે, કાચી જ રાખવામાં આવે, અંદર પાકી ઈંટો પણ રાખવામાં ન આવે, કબર એક વેંત ઊંચી રાખવી એનાથી થોડી વધારે ઊંચી ચાલી શકે છે, એનાથી અધિક કરવામાં ન આવે. કબર પર નિશાની માટે તખ્તી વગેરે લગાવી શકાય છે, પણ એ યાદ રાખવું કે એની બેઅદબી ન થાય, પોતાના માટે કબર ખોદીને તૈયાર રાખવી, બેકાર કામ છે, શું ખબર એનું અવસાન કયાં થશે ? એટલે આમ ન કરવું જોઈએ. કબરની ઈજ્જત કરવી જરૂરી છે, કબર પર બેસવું, સૂવું, ચાલવું, જાજરૂ, પેશાબ કરવો હરામ છે. સગા સંબંધીની કબર પર જવામાં બીજી કબરો પરથી પસાર થવું પડશે તો છેટેથી જ ફાતેહા પઢી લેવા, નજીક ન જવું, કબરોની ઝિયારત કરવી જોઈએ, આપણા નબીની સુન્નત છે. એના માટે

જુમ્આનો દિવસ ઉત્તમ છે, જાઈઝ દરેક દિવસે છે. અઠવાડિયે એક વખત ચક્કર મારી જ લેવો જોઈએ, એનાથી સવાબ તો મળે છે પણ આપણી આખેરતની યાદ તાજી થઈ જાય છે. સ્ત્રીઓને પણ કબરોની ઝિયારતની રજા આપવામાં આવી છે જેમ કે દુર્રે મુખ્તારમાં છે. પણ મનાઈ વર્તમાનકાળના હાલાતને લઈને કરવામાં આવે છે. જે જગાએ બુઝુર્ગોના મઝારો પર સ્ત્રીઓ હાજરી આપે છે તેમને ઓચિંતા રોકી નથી શકતા એનાથી ઘણી કુશંકાઓનો જન્મ થઈ શકે છે. એટલે ત્યાંની સ્ત્રીઓને અદબની શિખામણો આપવામાં આવશે. જે મસ્અલામાં આલિમોનો વિવાદ હોય તેમાં જો કોઈ એક દિશા કબૂલી લેવામાં આવી હોય તો બીજી દિશા પર વધારે વજન આપવામાં ન આવે. કબરને બોસો ન આપવો જોઈએ અને ચુમવું પણ ન જોઈએ, કબરનો તવાફ જાઈઝ નથી, આ'લા હઝરત رضی اللہ عنہ નું મંતવ્ય આ જ પ્રમાણે છે.

## ★ દફ્ને મૈયત ★

જનાઝો કબર પાસે કિબ્લાની દિશાએ રાખવો અને મૈયતને એ તરફથી કબરમાં ઉતારવું. કબરમાં ઉતારવા માટે માણસોની કોઈ ખાસ સંખ્યા નિશ્ચિત નથી, જેટલા યોગ્ય હોય, ઉત્તમ એ છે કે નેક અને અમાનતદાર વ્યક્તિઓ હોય, યોગ્ય વાત મૈયત સંબંધિત હોય તો ચર્ચા કરવી, અયોગ્યને ત્યાં જ દફન કરી આપવી. સ્ત્રીને કબરમાં ઉતારવા એવા સગા હોવા જોઈએ જેમની સાથે હમેશાં માટે નિકાહ હરામ હોય, ન હોય તો બીજા સગાઓ ઉતારે, તેઓ પણ ન હોય તો નેક માણસો ઉતારે, સ્ત્રીની લાશને કબરમાં ઉતારતી વેળા કબરને કપડાંથી ઢાંકવી જોઈએ, મૈયતને કબરમાં ઉતારતી વેળા આ દુઆ પઢવી જોઈએ : **"બિસ્મિલ્લાહિ વ બિલ્લાહિ વ અલા મિલ્લતિ રસૂલિલ્લાહ"** મૈયતને જમણી કરવટ સૂવડાવી મોઢુ કિબ્લા તરફ કરવામાં આવે. કફનના બંધનો માથા અને પગ તરફથી છોડી નાખવામાં આવે. માટી નાખવાનો તરીકો "કબર"ના પ્રમાણમાં વર્ણન થયો, દફન પછી માથા તરફ **અલિફ-લામ-મીમથી મુફલિહુન** સુધી અને પગો તરફ **આમનર્રસૂલથી**





અંત સુધી પઢવામાં આવે. બીજું જે કંઈ પઢવું હોય તે તમારી ઈચ્છા પર આધારિત છે.

**સવાલ** : આગબોટમાં મૃત્યુ થઈ ગયું હોય અને સમુદ્રની વચમાં છે તો શું કરવું ?

**જવાબ** : ગુસલ, કફન અને નમાઝ પઢી દરિયામાં ડૂબાડી દેવું, એટલા માટે કે મજબૂર છીએ.

**સવાલ** : મૈયતનું મોઢું કિબ્લા તરફ કરવાનું ભૂલી જવાય તો શું કરવું ?

**જવાબ** : કબરમાં માટી નાખી દેતાં પહેલાં યાદ આવે તો બરઘા ખોલી કિબ્લા તરફ કરવું અને માટી નાખી દેવામાં આવી તો હવે નહીં.

**સવાલ** : લાકડાની પેટીમાં દફન કરી શકાય છે ?

**જવાબ** : મકરૂહ છે, પણ જરૂરત હોય અને જમીન નરમ હોય તો કરી શકાય છે. જેમ કે યુ.કે.માં વધુ પડતાં કબ્રસ્તાનની આ જ હાલત છે. ઉત્તમ એ છે કે પેટીમાં ધૂળ પાથરી દેવામાં આવે અને જમણી ડાબી બાજુએ માટી રાખી દેવામાં આવે.

**સવાલ** : પાકી ઈંટો કબરમાં લગાડવાનું કેમ "ના" કહેવામાં આવ્યું ?

**જવાબ** : હરામ નથી, મકરૂહ છે, ન કરવું જોઈએ, એટલા માટે કે પાકી ઈંટો આગમાં તપાવવામાં આવે છે, તો આગ સંબંધિત ચીજ ન રાખવી જોઈએ.

**સવાલ** : વધારે મોત થાય તો કબરમાં એકથી અધિક દફન કરી શકાય છે ?

**જવાબ** : ઉત્તમ એ છે કે ન કરવા જોઈએ પણ મજબૂરી આવી પડે તો કરી શકાય છે પણ બે મૈયતની વચમાં માટીની આળ કરી દેવી જોઈએ.

**સવાલ** : એક જગાએ દફન કર્યા પછી બીજી જગાએ લઈ જઈ શકાય છે ?

**જવાબ** : તદ્દન નાજાઈઝ છે, આ શિઆ અને રાફઝીઓનો તરીકો છે, તેઓ જમીનને સોંપે છે પછી સહુલતે બીજી જગાએ લઈ જાય છે. જે શહેર કે ગામમાં મરણ થાય ત્યાંના કબ્રસ્તાનમાં દફનાવવું જોઈએ, આ બાબતે વસિયત પણ માન્ય નથી.

**સવાલ** : કબ્રસ્તાનમાં કેવી જગાએ દફન કરવું જોઈએ ?

**જવાબ** : નેક લોકોની પડોશમાં દફન કરવું જોઈએ. હદીષ શરીફમાં છે કે તમારાં મુડદાંઓને નેક લોકોની વચમાં દફન કરો. એટલા માટે કે મૈયત ખરાબ પડોશથી તકલીફનો એહસાસ કરે છે જેમ કે જીવંતને એહસાસ થાય છે.

**સવાલ** : યુ.કે.માં વધુ પડતાં કબ્રસ્તાનમાં જગા આપણે નિશ્ચિત નથી કરી શકતા, ક્રમવાર કબરો બનતી હોય તો શું કરવું ?

**જવાબ** : ઉપરોકત અમલ મૈયતની ભલાઈ માટેનો છે, જો અમલ ન થઈ શકે એવું હોય તો પછી મજબૂર છે, વાંધો નથી.

**સવાલ** : દફન કર્યા પછી કોઈએ લાશ કાઢીને ફેંકી દીધી તો શું કરવું ?

**જવાબ** : તેને ફરીથી દફન કરવું જરૂરી છે.

**સવાલ** : મૈયતે સ્વપ્ન આપ્યું કે મારી લાશને અહીંથી હટાવો, તો શું કરવું ?

**જવાબ** : એના પર અમલ કરવામાં આવશે નહીં.

**સવાલ** : કાફિરની લાશ એની કબરમાંથી વરસો પછી એ જ સ્થિતિમાં નીકળે તો તો શું સમજવું ?

**જવાબ** : જેનું કુફ્રની હાલતમાં મૃત્યુ પામવું એ ખબર છે, અથવા તે કાફિર અને મુશ્રિક હતો એની સર્વને ખબર છે, ઈમાન લાવવાની ખબર નથી તો એ કાફિર જ કહેવાશે, લાશને કંઈ ન થયું તો એનાથી હુકમ બદલાતો નથી, શૈતાને ગુમરાહીના અસંખ્ય બહાનાંઓ ઘડેલાં છે એટલે એવી વાતો પર ધ્યાન આપવામાં આવશે નહીં.

**સવાલ** : જે વ્યક્તિનું બદન બળીને રાખ થઈ ગયું અથવા વધારે





ભાગ બળીને રાખ થઈ ગયા અને થોડો ભાગ બાકી છે જે અડધાથી આછો હોય તો શું કરવું ?

**જવાબ** : ગુસલ, સુન્નત મુજબ કફન, અને નમાઝ વાજિબ નથી, કપડામાં વિટાડી દફન કરી દેવામાં આવશે.

**સવાલ** : કોઈ મુસલમાનની વાઈફ ગેરમુસ્લિમ હતી તેણી મરી ગઈ અને એના પેટના બાળકમાં રૂહ પડી ગઈ હતી પછી તે પણ અંદરમાં મરી ગયું તો દફનનો શો હુકમ છે ?

**જવાબ** : બંનેથી અલગ કબ્રસ્તાનમાં દફન કરવામાં આવે અને સ્ત્રીની પીઠ કિબ્લા તરફ કરવામાં આવે, કારણ કે બાળકનું મોઢું માતાના પેટમાં પીઠ તરફ હોય છે.

**સવાલ** : જીવંત વ્યકિતના બદનનો કોઈ ટુકડો હોય દા.ત. ઓપ્રેશનથી છૂટો પાડવામાં આવ્યો અથવા લડાઈમાં કપાઈ ગયો તો શું કરવું ?

**જવાબ** : કપડામાં વિટાડીને દફન કરી દેવામાં આવે.

કન્ઝમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે જે જનાઝામાં હાજર થયો અને એના પર નમાઝે જનાઝા પઢી તો એના માટે એક કીરાત છે. અને જે દફન સુધી હાજર રહ્યો એના માટે બે કીરાત છે મોટા મોટા પહાડો માફક, એટલે કે નમાઝે જનાઝા અને દફનમાં શરીક થવાથી પહાડો જેવડી નેકીઓ મળે છે.

ઈબ્ને માજામાં હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما થી રિવાયત છે કે જનાઝો મતબૂઅ (આગળ) છે તાબિઅ (પાછળ) નથી જે એની આગળ હોય તે સાથે નથી. એટલે કે જનાઝાની પાછળ પાછળ રહેવું.

તિબ્રાનીમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે જ્યારે તમારા મુડદાઓને એમની કબરોમાં રાખો તો પઢો : **"બિસ્મિલ્લાહિ વ અલા સુન્નતિ રસૂલિલ્લાહ."**

કન્ઝમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે કબર દોઝખના ખાડાઓ પૈકી એક ખાડો છે અથવા જન્નતના બાગો પૈકી એક બાગ છે.

ઈબ્ને માજામાં હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે જ્યારે મૈયત કબરમાં પ્રવેશે છે તો એના માટે ડૂબતા સૂરજની શક્કલ બનાવવામાં આવે છે. એ બેઠો થાય છે આંખો મસળે છે અને કહે છે કે મને નમાઝ પઢી લેવા દો.

ઈબ્ને માજામાં છે : તમારા મુડદાઓને રાતમાં દફન ન કરો પણ જરૂરત પડી જાય તો જ.

## ★ કબરો પર ફૂલો રાખવાં ★

મુસલમાનોની કબરો પર ફૂલ રાખવાં જાઈઝ છે અને એનો પૂરાવો નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની અમલી હદીષ છે : મિશ્કાત બાબિ આહાબિલ ખલામાં છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم બે કબરો પાસેથી પસાર થયા તો ફર્માવ્યું, બંને મૈયતને અઝાબ થઈ રહ્યો છે, તેઓ પૈકી એક પેશાબના છાંટાથી બચતો ન હતો અને બીજો ચુગલી કરતો હતો. પછી આપે લીલીછમ ખજૂરની સોટી લીધી, તેના સીધમાં બે ટુકડા કર્યા, બંને કબરો પર એક એક ટુકડો ખોસી આપ્યો. સહાબાએ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપે આમ શા માટે કર્યું ?! તો ફર્માવ્યું :–

لَعَلَّهُ اَنْ يُّخَفِّفَ عَنْهُمَا مَالَمْ يَيْبَسَا

"જ્યાં સુધી શુકાશે નહીં આમનો અઝાબ હળવો રહેશે."

ઈમામ નવવીએ એનો ખુલાસો કરતાં લખ્યું છે : સોટીઓ જ્યાં સુધી લીલી રહેશે તસ્બીહ કરશે (અને એમની તસ્બીહની બરકતથી અઝાબ હળવો કરી દેવામાં આવશે.) આલિમોએ કબર પાસે કુર્આનની તિલાવત મુસ્તહબ બતાવી છે આ હદીષના પૂરાવાથી, એટલા માટે કે કુર્આનની તિલાવત સોટીની તસ્બીહના થકી અઝાબ હળવો કરવા કરતાં ઉત્તમ છે. (કે એનાથી અઝાબ અધિક હળવો થશે.)

મિર્કાતમાં હઝરત મુલ્લા અલી કારીએ લખ્યું છે કે પછીના અમુક અમારા આલિમોએ એ ફત્વો આપ્યો છે કે ફૂલ અને ડાળીઓ રાખવાનો રિવાજ આ હદીષથી સુન્નત છે અને તહતાવીમાં પણ આ પ્રમાણે ઉલ્લેખ





કરવામાં આવ્યો છે, આલમગીરીમાં પણ છે કે કબરો પર ફૂલ નાખવાં સારું કામ છે.

**સવાલ** : ફૂલ નાખવાં સુન્નત કેવી રીતે ? હુઝૂરે તો ફૂલ નથી નાખ્યાં ?

**જવાબ** : લીલી સોટીના ટુકડા રાખવા સુન્નત છે તો પછી લીલી વસ્તુ ડાળી હોય, ઘાસ હોય, ફૂલ હોય બધું એમાં આવી ગયું. એટલે એને પણ સુન્નત કહેવામાં આવ્યું.

**સવાલ** : સુન્નત માત્ર અમુક આલિમોનું મંતવ્ય છે બધાનું નથી ?

**જવાબ** : જાઈઝ તો બધા એ જ કહ્યું છે, પછી એ કામ સારું છે એટલું તો સ્પષ્ટ થયું જ, સુન્નત કહેવું અમુક આલિમોની વાતના આધારે છે તો અમે એ પસંદ કર્યું.

**સવાલ** : હુઝૂરે તો અઝાબ હળવો કરવા આમ કર્યું પણ તમે તો બુઝુર્ગોની કબરો પર પણ ફૂલો નાખો છો ! શું તમારી માન્યતામાં એમને પણ અઝાબ થઈ રહ્યો છે ?

**જવાબ** : અઝાબ ડાળીઓથી નહીં એમની તસ્બીહથી હળવો થાય છે, એટલે કે તસ્બીહ ફાયદાની ચીજ છે, અઝાબ હોય તો હળવો થાય અને ન હોય તો તસ્બીહનો માત્ર એક જ ફાયદો નથી ? (તેમના દરજ્જામાં વધારો થશે.) જેથી એટલા માટે બુઝુર્ગોની કબરો પર ફૂલો નાખવું ફાયદાથી ખાલી નથી. બીજું એ કે વર્તમાનકાળમાં ફૂલોનો ઉપયોગ ઈજ્જત અને સન્માન માટે પણ થાય છે, તો લોકોની નજરમાં એમની ઈજ્જત વધે, એ નિય્યતે પણ રજા મળી શકે છે.

**સવાલ** : લોકોએ આ કામને જરૂરી સમજી લીધું છે તેનું શું ?

**જવાબ** : જરૂરી સમજવું ખોટું છે, જેમ તમે જાઈઝને નાજાઈઝ અને બિદઅત સમજી લીધું !

**સવાલ** : લોકોની દોલત એમાં ખર્ચ થઈ રહી છે તો એનો માર્ગ બદલવો જોઈએ ?

**જવાબ** : જ્યારે એ કામ જાઈઝ છે તો પછી એ ખર્ચ નાજાઈઝમાં તો નથી, પછી એમાં રોકવાનો અધિકાર આપણને કેવી રીતે મળી શકે.

## ★ નમાઝે જનાઝા પછી તરત દુઆ ★

આપણા ત્યાં એ રિવાજ છે કે જનાઝાની નમાઝ થતાંની સાથે **અલ ફાતિહા** કહેવામાં આવે છે, અને પછી દુરૂદ શરીફ પઢાવી એકાદ મિનિટ દુઆ કરવામાં આવે છે, તો આમ કરવું જાઈઝ છે અને એમાં મૈયતને વધારે ફાયદો મળે છે. લાંબી દુઆ કરવી જેનાથી દફનમાં વાર લાગે તો મકરૂહ છે. મિશ્કાત બાબિ સલાતિલ જનાઈજ બીજી ફસ્લમાં છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નું પ્યારું ! પ્યારું ! ફર્માન :–

إِذَا صَلَّيْتُمْ عَلَى الْمَيِّتِ فَأَخْلِصُوْا لَهُ الدُّعَاءَ

"જ્યારે તમે મૈયત પર નમાઝ પઢી લો તો દિલથી એના માટે દુઆ કરો."

કન્ઝુલ ઉમ્માલ કિતાબુલ જનાઈજમાં ઈબ્રાહીમ હજરીથી રિવાયત છે : કહે છે કે મેં ઈબ્ને અબી ઔફા જેઓ બયઅતે રિઝવાનવાળા સહાબી છે, એમની છોકરીનું અવસાન થઈ ગયું તો એમણે તેણી પર ચાર તકબીરો કહી (નમાઝે જનાઝા પઢી) ત્યાર બાદ આપ બે તકબીરોની વચમાં લાગતા સમય માફક ઊભા રહ્યા અને ફર્માવ્યું,

ثُمَّ بَعْدَ ذٰلِكَ قَدْرَ مَا بَيْنَ التَّكْبِيْرَتَيْنِ وَقَالَ رَأَيْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَصْنَعُ هٰكَذَا

"મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને આ પ્રમાણે કરતાં જોયા હતા."

મબસૂતમાં છે : અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી છે કે : એક જનાઝામાં નમાઝ થઈ ગયા પછી પહોંચ્યા તો આપે ફર્માવ્યું;

إِنْ سَبَقْتُمُوْنِيْ بِالصَّلٰوةِ عَلَيْهِ فَلَا تَسْبِقُوْنِيْ بِالدُّعَاءِ

"જો તમે એની નમાઝમાં આગળ વધી ગયા તો દુઆમાં તમે મારાથી આગળ નહીં વધો."

ઝાદુલ આખિરામાં નહરે ફાઈક અને બહરે ઝખ્ખારથી નકલ કર્યું





છે કે સલામ પછી પઢે : **અલ્લાહુમ્મ લાતૂહરિમના અજરહુ વલા તફતિન્ના બઅદહુ વગફિરલના વ લહુ.**

આ રિવાયતોથી સ્પષ્ટ થયું કે નમાઝે જનાઝા પછી એકાદ મિનિટ માટે દુઆ કરવામાં આવે તો વાંધો નથી, બલ્કે સુન્નતે નબી અને સુન્નતે સહાબાથી સાબિત છે, અને મૈયતને ફાયદો પહોંચાડવાનું કામ છે એટલે મુસલમાનની મદદની નિય્યતે પણ સારું કામ છે.

**સવાલ** : નમાઝે જનાઝામાં દુઆ હોય છે પછી તરત દુઆનો શું મતલબ ?

**જવાબ** : ફર્ઝ નમાઝોમાં પણ કાઈદએ અખીરામાં દુરૂદે ઈબ્રાહીમ પછી દુઆઓ પઢવામાં આવે છે તો પણ નમાઝ પઢી દુઆ મુસ્તહબ છે પછી એ પ્રમાણે નમાઝે જનાઝામાં પણ છે. બીજું એ કે કોઈ નમાઝમાં શરીક ન થઈ શકયો તો દુઆમાં શરીક થઈ જાય. ત્રીજું એ કે જ્યારે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાબિત છે તો પછી પ્રશ્ન જ કેવો ?

**સવાલ** : જામેઉર્રૂમુઝ, મુહીત, આલમગીરી, મિર્કાત અને કશ્ફુલ ગિતામાં છે કે નમાઝે જનાઝા પછી દુઆ કરવી વધારો છે આમ કરવામાં નહીં આવે ?

**જવાબ** : એમના ફતાવા હદીષની વિરૂધ્ધ નથી થઈ શકતા એટલે મતલબ એ જ લેવામાં આવશે કે લાંબી દુઆ ન કરવી, અથવા નમાઝ જેવી હાલતમાં દુઆ ન કરવી.

**સવાલ** : મૈયતને જલ્દી દફન કરવું જોઈએ અને અલગથી દુઆ કરવામાં સમય વધી જાય છે ?

**જવાબ** : સમય વધવો એકાદ મિનિટને ન કહેવાય અને અમે એવી નાની દુઆની રજા આપી છે એટલે સવાલ તદ્દન ખોટો છે.

## ★ કબરો પાસે દીવો સળગાવવો મકાન બનાવવું અને ચાદર રાખવી ★

વર્તમાનકાળમાં એ જોવા મળે છે કે લોકો ઘરોમાં, દુકાનોમાં અને બજારોમાં દુનિયામાં જ લાગેલા હોય છે, પણ જ્યારે તેઓ મસ્જિદ તરફ

જાય છે, દિલ અલ્લાહ તરફ નમે છે અને જ્યારે બુઝુર્ગોના મઝારો પર હાજરી આપે છે તો ગમે તેવા સખત દિલનો માણસ પણ થોડા સમય માટે પણ કુર્આનની તિલાવત કરે છે, જે ઈબાદત છે. દુઆ કરે છે, જે ઈબાદત છે. તો તેમને મસ્જિદ તથા મઝારોની હાજરીનો શોખ આપવામાં આવશે.

શોખ આપવાની અલગ અલગ રીતો હોય છે, કયારેક કોઈ કૌમનો આગેવાન અને ધાર્મિક વ્યકિત આ કામને વધારે કરે તો એને જોઈને સામાન્ય લોકોને શોખ ઉપજે છે. બીજું એ કે ઈજ્જતવાળો વ્યકિત લોકોને એ વાતની તાલીમ આપે અને હાજરીનો હુકમ કરે, ત્રીજું એ કે લખીને જણાવવામાં આવે, ચોથું એ કે એ જોવામાં આવે કે લોકો આપમેળે કઈ ચીજથી આવી શકે છે, તો જાઈઝ તરીકાના વર્તુળમાં તેને અમલમાં લાવવામાં આવે. કોઈ કબર પર મકાન બનાવવામાં આવે, ફૂલ ચઢાવવામાં આવે, ગિલાફ રાખવામાં આવે, જરૂરત પડે લાઈટો સળગાવવામાં આવે તો આનાથી પબ્લિકનું દિલ આર્કષાય છે અને કબરવાળાની ઈજ્જત એમના દિલમાં આવે અને હાજરી આપી ફાતિહા, ઝિક્ર, દુઆ વગેરે કરે છે. એટલે આ ચોથી રીતને પણ ફાયદાને લઈને અમલમાં લાવવાની રજા છે.

શામી, ભાગ–૫, કિતાબુલ કરાહિયતમાં છે : ફતાવાએ હજ્જામાં છે કે કબરો પર ગિલાફ અને પર્દો મકરૂહ છે, પરંતુ અમે કહીએ છીએ કે વર્તમાનકાળમાં જ્યારે અનો મસકદ સામાન્ય લોકોની નજરોમાં ઈજ્જત છે કે તેઓ કબરવાળાને નીચો ન સમજે, ભૂલેલા લોકો અને ઝિયારત કરવાવાળાઓને અદબ અને નમ્રતા પ્રાપ્ત થાય તો જાઈઝ છે, એટલા માટે કે અમલો નિય્યત પર આધારિત છે.

**નોંધ** : સામાન્ય લોકોની કબરોનો આ હુકમ નથી, એમની કબરો પર ગિલાફ રાખવાની રજા આપવામાં નહીં આવે, **વલીઓ** અને **બુઝુર્ગો**ની કબરો માટે આ હુકમ છે. અમારો અમલ ઈમામ શામીના મંતવ્ય પર છે.

તફસીરે રૂહુલ બયાન, પારા–૧૦, સૂરએ તૌબા, આ. ૧૮,





હઝરત ઈસ્માઈલ હક્કી رضی اللہ عنہ ફર્માવે છે : આલિમો, વલીઓ, અને બુઝુર્ગોની કબરો પર ગુંબદ બનાવવા, ગિલાફ, ઈમામા અને કપડાં રાખવાં જાઈઝ કામ છે. જ્યારે એનો મતલબ સામાન્ય પબ્લિકની નજરમાં ઈજ્જત હોય, કે તેઓ કબરવાળાની બેઈજ્જતી ન કરે. ભાવાર્થ એ કે સારી નિય્યતે સારું કામ છે.

હદીકએ નદિય્યા, ભાગ–૨, પેજ નં. ૪૨૯ માં છે : કબરો પર ચિરાગ લઈ જવો બિદઅત અને માલ બરબાદ કરવો છે. આ પ્રમાણે બઝ્ઝાઝિયામાં પણ છે. આ હુકમ (બિદઅત હોવાનો) ત્યારે છે જ્યારે બેફાયદા હોય, પરંતુ જ્યારે કબરો પાસે મસ્જિદ હોય, કબરો રસ્તા પાસે હોય, અથવા ત્યાં કોઈ બેસેલો હોય, અથવા કોઈ વલીની કે પછી આલિમની કબર હોય તો તેની રૂહની ઈજ્જત માટે અને લોકોને ખબર આપવા માટે કે આ વલીની કબર છે, કે લોકો બરકત પ્રાપ્ત કરે, એમની કબર પાસે અલ્લાહ તઆલાથી દુઆ કરે કે એમની દુઆ કબૂલી લેવામાં આવે, તો એ જાઈઝ કામ છે.

તફસીરે રૂહુલ બયાનમાં ઉપરોકત પૂરાવા પ્રમાણે લખવામાં આવ્યું છે. એ જ પ્રમાણે દીવાઓ અને બત્તીઓ સળગાવવી વલીઓ અને બુઝુર્ગોની કબરો પાસે, વલીઓની ઈજ્જત માટે તો એમાં મકસદ સારો છે. દીવાઓ અને તેલનું નજરાનું વલીઓ માટે મોકલવું કે એમની કબરો પાસે ઈજ્જતને લઈને સળગાવવામાં આવે અને એમનાથી મહોબ્બતને લઈને કરવામાં આવે, તો જાઈઝ છે એનાથી મનાઈ કરવું સારું કામ નથી.

ઈમામ નાબેલ્સીએ કિતાબ કશ્ફુલ કોબૂરમાં આ પ્રમાણે જ ઉલ્લેખ કરી જવાઝ (જાઈઝ હોવા)નો માર્ગ પસંદ કર્યો છે.

ઉપરોકત પૂરાવાથી એ સ્પષ્ટ થયું કે ગિલાફ, દીવાબત્તી અને લોકોની સહુલત માટે મકાન બનાવવું જાઈઝ છે, અને ઉપરોકત શરતોના આધારે અમલની રજા આપવામાં આવી છે. એને બેફાયદા કહેવું ઈન્સાફ અને ન્યાયથી દૂર છે.

**સવાલ** : મિશ્કાત બાબુલ મસાજિદમાં છે કબરો પાસે મસ્જિદો બનાવવી લા'નતનું કામ છે, એ જ પ્રમાણે દીવા સળગાવવા પણ ? તમે

હદીષ માનશો કે પછી બીજા લોકોની વાતો ?

**જવાબ** : હદીષમાં **અલયહા** આવ્યું છે મતલબ કબર પર મસ્જિદો બનાવવી જાઈઝ નથી પણ કબર પાસે બનાવવામાં આવે તો શું વાંધો છે ? મુલ્લા અલી કારીએ મિર્કાતમાં એ હદીષના ખુલાસામાં લખ્યું છે :– "કબર પાસે મસ્જિદ બનાવવામાં વાંધો નથી." મસ્જિદે અકસા નબીઓની કબરો પાસે જ છે. (જે દરગાહો પર લોકોની અવર જવર વધારે હોય ત્યાં પબ્લિકની સહુલત માટે મસ્જિદ બનાવવી જોઈએ કે લોકો શાંતિથી નમાઝ પઢી શકે.)

કબરની ઉપર દીવો, અગરબત્તી, લુબાન વગેરે સળગાવવું ન જોઈએ કારણ કે એમાં મૈયતની ઈજ્જત નથી, પણ કબરથી હટીને કરવામાં આવે તો ફાયદાને લઈને હોય તો રજા છે. શરતોનો ઉલ્લેખ થઈ ગયો.

## ★ જરૂરી શિખામણ ★

અમુક કામો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને સહાબા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ જમાનામાં કરવામાં આવતાં હતાં પછી તેની મનાઈનો નિર્ણય લેવાયો, અમુકની રજા ન હતી પણ પછી તેની જવાઝ (જાઈઝ વિશે)નો ફેંસલો કરવામાં આવ્યો. દા.ત. મસ્જિદની આલીશાન ઈમારતો બનાવવી અને તેને શણગાર આપવો. મિશ્કાત બાબુલ મસાજિદમાં છે : مَا اُمِرْتُ بِتَشْيِيْدِ الْمَسَاجِدِ "મને મસ્જિદોની ઈમારતોનો હુકમ આપવામાં નથી આવ્યો." પણ હવે તમે જુઓ છો કે લોકોના ઘરોથી વધીને શણગાર સાથે મસ્જિદો બનાવવામાં આવે છે અને આલિમોએ સંમતિ સાથે જવાઝ (જાઈઝ વિશે)નો ફત્વો આપ્યો છે. એટલા માટે કે વર્તમાનકાળમાં ઘરો આલીશાન બનવા માંડયાં એમાં મસ્જિદો જે ઈસ્લામનો શેઆર (નિશાની) અને ઓળખ છે તે ઝુપડી જેવી હોય તો સારું ન કહેવાય ! તો આ કારણને લઈને નિર્ણય બદલવામાં આવ્યો.

બીજો દાખલો એ છે કે નબીએ પાકનું ફર્માન છે : અલ્લાહની બંદીઓને અલ્લાહની મસ્જિદોમાં આવવાથી મનાઈ ન કરો. પણ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ની ખિલાફતના જમાનામાં મનાઈ કરી દેવામાં





આવી. અને આજ સુધી એ મનાઈ બાકી છે અને રહેશે. આ નિર્ણય એટલે બદલવામાં આવ્યો કે સ્ત્રીઓનું સુરક્ષિત રહેવું શંકામાં પડી ગયું હતું અને હવે તો ખતરો યકીનની હદે પહોંચી ગયો છે.

ત્રીજો દાખલો એ છે કે ઈસ્લામના આરંભમાં કાફિરોને આકર્ષવા ઝકાત આપવાનો હુકમ હતો અને કુર્આનમાં હક્કદારોનાં પ્રકારોમાં એમને પણ ઉલ્લેખ થયો છતાંય હઝરત ઉમર رضی اللہ عنہ ની ખિલાફતના જમાનામાં મનાઈ કરી દેવામાં આવી અને આજ સુધી છે.

ઈમામ શામી અને હઝરત ઈસ્માલ હક્કીએ કબરો પર ઈમારતનો હુકમ આપ્યો જયારે કે હદીષમાં "મિશ્કાત બાબુદ્દફન"માં કબરો પણ ઈમારત બનાવવાની મનાઈ કરવામાં આવે છે. તો તે એટલે જ કે વર્તમાનકાળમાં વલીઓની કબરોની ઈજ્જત માટે એ પ્રમાણે કરવું જ પડે એવું છે.

**સવાલ** : આજે તો ગમે તે ગમે તેને વલી માને છે ! અને પછી તેની કબર પર ઈમારત બનાવવામાં આવે છે તે કેવું ?!

**જવાબ** : જેની વિલાયત અને બુઝુર્ગી પર દીનદાર આલિમોનો પૂરાવો હોય એવા લોકોની કબરો પર ઈમારતનો હુકમ છે. ગમે તેની કબર પર ઈમારતનો હુકમ અમારો નથી, એનાથી જરૂરથી મનાઈ કરવામાં આવશે.

**સવાલ** : લોકો બુઝુર્ગોના નામના દીવા પોતાના ઘરોમાં સળગાવે છે તેનો શો મતલબ ?

**જવાબ** : બેફાયદા ખર્ચો છે, એનાથી બચવું જરૂરી છે.

**સવાલ** : અમુક લોકોની માન્યતા એવી છે કે મૈયતને કબરમાં દફન પછી થોડા દિવસ એવી નિય્યતે દીવો સળગાવે છે કે મૈયતને રોશની મળે, દિલ લાગી જાય, અન્ય ઘરમાં મૈયતની રહેવાની જગાએ એ નિય્યતે ચાલીસ દિવસ દીવો સળગાવે છે તો શું એ જાઈઝ છે ?

**જવાબ** : ખોટી માન્યતા છે, એનાથી રોકાવું જરૂરી છે.

**સવાલ** : કોઈ બુઝુર્ગની રૂહ ઘરમાં આવે છે, અથવા કોઈ ઝાડ પર આવે છે અથવા કોઈ સ્ત્રી પાસે આવે છે એને લઈને ઘરને ચિલ્લો

બનાવી લેવો કેવો છે ?

**જવાબ** : ખરેખર કોઈ બુઝુર્ગ એમની દુનિયાની હયાતમાં આવીને રોકાયા હોય તો એ જગાએ કબૂલની નિય્યતે ઈબાદતે ખુદાનો હુકમ છે. પણ પર્દો ફર્માવ્યા પછી કોઈ જગાની હાજરીના અનુમાન પર ચિલ્લો બનાવવાની રજા નથી. એવી માન્યતાઓથી બચવું જોઈએ.

**સવાલ** : હિંદુસ્તાનમાં જગા જગાએ હુઝૂર ગૌષે رضی اللہ عنہ પાકના ચિલ્લા છે, શું એ સત્ય છે ?

**જવાબ** : હિંદુસ્તાનમાં એમની જાહેરી હયાતમાં આવવું સાબિત નથી, એટલે ખોટુ છે ?

**સવાલ** : બુઝુર્ગોની તબર્રુકની ચીજ વસ્તુ રાખેલી હોય તો ત્યાં જઈ શકાય છે ?

**જવાબ** : તબુર્રકની ચીજ વસ્તુની ઝિયારત કરી શકાય છે.

**સવાલ** : અમુક દરગાહો પર જાનદારની શક્કલવાળા રમકડા ચઢાવવામાં આવે છે તો કેવું ?

**જવાબ** : **હરામ** છે ! ખોટી માન્યતા છે. કોઈ જગાએ હોય અને ફિત્નો થાય તેમ ન હોય તો તોડીને ફેંકી દેવાં જોઈએ, નહીં તો હિકમતે અમલીથી કામ લેવામાં આવે.

**સવાલ** : અમુક દરગાહો પર લોકો પોપટ ચઢાવવાની મન્નત માને છે એ કેવું ?

**જવાબ** : **હરામ** છે ! ઈસાલે સવાબ માટે એ રકમથી દીનનું કોઈ કામ કરવું.

**સવાલ** : લોકો આમ કરે છે તો પણ ફાયદો થાય છે, જો હરામ હોય તો ફાયદો કેવી રીતે થયો ?

**જવાબ** : જાદૂગરો અને હિંદુઓ પાસે જનારાઓને પણ ફાયદો થાય છે શું એનાથી એ જાઈઝ થઈ ગયું ? માણસ બકરીના ગોશ્તથી પણ તાકત મેળવે છે અને ભૂંડનું ગોશ્ત ખાય તો પણ તાકત મળી શકે છે, શું એનાથી ભૂંડ જાઈઝ કરી દેવામાં આવે ? જાનદારની શક્કલ બનાવવી





જાઈઝ નથી, એટલે એ **હરામ** જ ઠરશે.

**સવાલ** : લોકોને સ્વપ્ન આવે છે કે ફલાણી જગાએ વલીની કબર છે તો તેઓ સ્વપ્ન પર ભરોસો કરીને કબર બનાવી લોકોને હાજરીની દા'વત આપે છે તે કેવું ?

**જવાબ** : **ખોટુ** છે, હાજરી આપવી જાઈઝ નથી, જો કોઈ આવા કામથી તૌબા ન કરે તો એનાથી સંબંધ તોડી નાખવામાં આવે.

**સવાલ** : લોકો તાઝીયા બનાવે છે અને એમાં બે કબરોની શક્કલ બનાવવામાં આવે છે, લોકો ત્યાં હાજરી આપીને ફાતિહા પઢે છે તે કેવું ?

**જવાબ** : **ખોટુ** છે, બચવું જરૂરી છે, ફાતિહા અને ઈસાલે સવાબ ગમે ત્યાંથી પહોંચે છે. એના માટે જૂઠી કબરો બનાવવી હરામ છે !

**સવાલ** : એક દરગાહ પર જોવામાં આવ્યું કે લોકો પાણીનાં કોરાં માટલાં મન્નતમાં ચઢાવે છે અને તેને ઝાડ પર લટકાવવામાં આવે છે તે કેવું ?

**જવાબ** : માલ વ્યર્થ કરવો છે, એ જાઈઝ નથી. જો પાણી પીવા માટે માટલાં રાખવામાં આવે તો જાઈઝ છે.

**સવાલ** : દરગાહની ઈમારતમાં પંખાઓ લગાડી શકાય છે ?

**જવાબ** : ઝિયારત માટે આવનારાઓની સહુલત માટે લગાડી શકાય છે.

## ★ દફ્ન પછી મૈયતને ફાયદો પહોંચાડો ★

મૈયત સગા સંબંધીઓથી અલગ થઈ કબરની ગયબી દુનિયામાં પહોંચે છે તો તેનું દિલ કબરમાં લાગતાં સમય લાગે છે. આ ગમના પહાડો માણસને સતાવતા હોય છે, ત્યાં તો આંખ ખોલતાંની સાથે મુન્કર નકીરની ભયભીત શક્કલો જોવા મળે છે, એકાંતમાં માણસને પોતાના પડછાયાની પણ બીક લાગતી હોય છે, ધમકાવતો અવાજ દિલના ધબકારાને ફાસ્ટ કરી આપે છે. કબર તો કબર જ છે, પરીક્ષાનો સમય છે, બદલાના જગતમાં પ્રથમ પ્રવેશ છે, વળી શૈતાન ત્યાં પોતાનો અંતિમ દા'વ રમવાની ભરપૂર તૈયારીમાં છે, મૈયત પોતાને સુરક્ષિત રાખે કે પછી

શૈતાનનો મુકાબલો કરે, પોતાના એકાંતવાસની ઘટનાનો ઈલાજ કરે કે પછી મુન્કર નકીરના સવાલોનો જવાબ આપે, શું આ'વા સમયે આપણે આપણા ભાઈની મદદ ન કરવી જાઈએ ?!

મૈયતની મદદ જરૂરથી કરવી જોઈએ, પણ શું આપણે ત્યાં પહોંચીને કરી શકીએ છીએ ? તો એ આપણી શક્તિથી બહારની વાત છે, જેથી મદદ કરવા માટે નબીની હદીષોનો સહારો લેતાં જાણવા મળે છે કે મૈયતને અલ્લાહના ઝિક્રથી ફાયદો પહોંચાડવો જોઈએ, જેને અરબીની પરિભાષામાં તલ્કીન કહેવામાં આવે છે, તો આપણે તલ્કીન વડે મૈયતને ફાયદો પહોંચાડવો જોઈએ.

## ★ શૈતાનની દખલગીરી ★

ઈમામ તિર્મિઝીની કિતાબ નવાદેરુલ ઓસૂલમાં હઝરત સુફયાન ષૌરી رحمۃ اللہ علیہ થી રિવાયત છે કે જ્યારે મુડદાથી સવાલ થાય છે **"મન રબ્બુક"** તારો રબ કોણ છે ? ત્યારે શૈતાન હાજર થાય છે અને પોતાની તરફ ઈશારો કરે છે કે હું તારો રબ છું ? એટલા માટે હુકમ છે કે મૈયત જવાબ આપી શકે તેના માટે દુઆ કરવી જોઈએ.

ઈબ્ને માજા અને બયહકીમાં હઝરત સઈદ બિન મુસૈયિબથી રિવાયત છે કે હું હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما સાથે એક જનાઝામાં ગયો. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ તે મૈયતને જ્યારે કબરમાં મૂક્યું તો **બિસ્મિલ્લાહિ-વ-ફી-સબી લિલ્લાહ** ફર્માવ્યું અને જ્યારે કબર બંધ કરવા લાગ્યા તો કહેવા લાગ્યા, ઈલાહી ! મૈયતને શૈતાનથી બચાવ ! અઝાબે કબરથી સુરક્ષિત રાખ ! ત્યાર પછી આપે ફર્માવ્યું, આ મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાંભળ્યું છે.

ઈમામ તિર્મિઝીએ હઝરત ઈબ્ને મુર્રા તાબઈથી રિવાયત કરી છે કે મુડદાને કબરમાં દફન કરતી વખતે સહાબાએ કિરામ અને તાબઈન આ દુઆ કરવાને મુસ્તહબ સમજતા હતા કે ઈલાહી ! એને શૈતાનથી પનાહ આપજે !

ઈબ્ને અબી શૈબાએ પોતાની કિતાબમાં હઝરત ખુસૈમાથી રિવાયત





કરી છે કે સહાબાએ કિરામ જ્યારે કોઈ મૈયતને દફન કરતા ત્યારે આ દુઆને મુસ્તહબ સમજતા હતા :- અલ્લાહના નામથી, અલ્લાહની રાહમાં રસૂલુલ્લાહની મિલ્લત પર, ઈલાહી મૈયતને અઝાબે કબર, અઝાબે દોઝખ અને મલઊન શૈતાનના ધોખાથી સુરક્ષિત રાખ.

ઉપરોક્ત રિવાયતોથી જાણવા મળ્યું કે કબરમાં શૈતાન માણસને ડગમગાવવા અંતિમ આશા લઈને આવે છે, એટલે શૈતાનથી સુરક્ષિત રહેવા આપણે આપણા ભાઈની મદદ કરવી જોઈએ.

## ★ કબરમાં મુન્કર નકીર ★

કબરમાં મુડદાને સવાલો પૂછવા બે ફરિશ્તાઓ આવે છે. એકનું નામ "મુન્કર" અને બીજાનું નામ "નકીર" છે. તેમની બાબત હદીષમાં આ પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે;

ઈમામ અસ્બહાનીએ હુજ્જતમાં, ઈબ્ને અબૂ દાઊદે બઅષમાં હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત કરી કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને ફર્માવ્યું, અય ઉમર ! તમારી શી દશા થશે જ્યારે તમે ચાર હાથ લાંબા અને બે હાથ પહોળા ખાડામાં હશો ! અને મુન્કર, નકીરને જોશો ?! કહે છે, મેં પૂછ્યું, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મુન્કર, નકીર કોણ છે ? આપે ફર્માવ્યું, કબરના બે યુવાનો છે, જેઓ પોતાનાં દાંતોથી કબર ચીરીને આવે છે, એમના લાંબા લાંબા વાળ હોય છે, એમનો અવાજ ગરજતી વીજળી માફક અને એમની આંખો વીજળીની ચમકાર જેવી, એમની પાસે ગદા હશે. લોકો મારી સાથે એને (ઉઠાવવા) માટે ભેગા થઈ જાય તો પણ એને ઉઠાવી ન શકાય, તે એમના માટે મારી આ લાકડીથી પણ સરળ છે, એ સમયે રસૂલુલ્લાહના હાથમાં લાકડી હતી જેને આપ આમ તેમ ફેરવી રહ્યા હતા. (ફર્માવ્યું) તેઓ તમારી પરીક્ષા લેશે. જો તમે જવાબ નહીં આપી શકો અને મોઢું ફેરવશો તો તેઓ તમને એના (ગદા)થી મારશે તો તમે (સળગીને) રાખ બની જશો. હઝરત ઉમરે વિનંતી કરી, અય અલ્લાહના રસૂલ ! અને હું તે સમયે આ જ સ્થિતિમાં હશે. ફર્માવ્યું, હા ! વિનંતિ કરી, ત્યારે તો હું એમને પહોંચી વળીશ.
*(કન્ઝુલ ઉમ્માલ, ભાગ-૧૫)*

આ હદીષે પાકથી સ્પષ્ટ થયું કે કબરમાં સવાલ માટે બે ફરિશ્તાઓ નિયુક્ત છે અને તેમનું નામ "મુન્કર નકીર" છે તેઓ મુડદાઓની પરીક્ષા માટે આવે છે. જવાબ મળે તો ઠીક, નહીં તો તેમને ગદાથી માર મારે છે. અને તેઓ એવી ખતરનાક શક્કલમાં આવે છે કે માણસ જોઈને ફટકી જાય ! તો શું આવા સમયે આપણે આપણા ભાઈની મદદ ન કરવી જોઈએ ?!

**તલ્કીન** : મૈયતની મદદ કેવી રીતે કરવી જોઈએ અને એને પરિભાષામાં શું કહેવામાં આવે છે ? તો એને તલ્કીન કહેવામાં આવે છે. અને મદદ કરવા વિશે આપણે આપણા નબીના ફર્માનથી શીખીશું;

ઈબ્ને અસાકિરે હઝરત અબૂ ઊમામાથી રિવાયત કરી છે કે નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે કોઈ વ્યકિત મરી (મૃત્યુ પામે) જાય અને તેમ એને દફન કરી આપો તો તમારામાંથી કોઈએ એના માથા પાસે ઊભા રહી આમ કહેવું જોઈએ, અય ફલાણીના બેટા ફલાણા ! (એનું અને એની માતાનું નામ લેવું જોઈએ) તો એ સાંભળશે. ફરી કહે, અય ફલાણીના બેટા ફલાણા ! એ સીધો બેસી જશે ફરી કહે, અય ફલાણીના બેટા ફલાણા ! તો એ કહેશે, અલ્લાહ તઆલા તારા પર કૃપા કરે, મને માર્ગ બતાવ ! તો કહે, "જે હાલતમાં તું દુનિયાથી બહાર થયો હતો તેને યાદ કર ! તે છે આ ગવાહી **લાઈલાહ ઈલ્લલ્લાહ વ અન્ન મુહમ્મદન અબ્દુહુ-વ-રસૂલુહુ**. નિઃશંક ! કિયામત આવશે અને બેશક ! અલ્લાહ કબરવાળાઓને જીવંત કરી ઊભો કરશે, મુન્કર નકીર ત્યાં જ હશે તેઓ એકબીજાને હાથ પકડીને કહશે, ચાલો ! આ માણસ પાસે તમે શું કરશો, એને તો એના જવાબની તલ્કીન કરી દેવામાં આવી છે.

આ રિવાયત થોડા શબ્દોની બદલી સાથે તિબ્રાની, ઈબ્ને અસાકિર અને દૈલમીએ પણ હઝરત અબૂ ઊમામાથી રિવાયત કરે છે : તેમાં કલેમા પછી છે તું અલ્લાહના રબ હોવા પર ખુશ હતો, મુહમ્મદના નબી હોવા પર ખુશ હતો ઈસ્લામના દીન (ધર્મ) હોવા પર ખુશ હતો, કુર્આનના ઈમામ હોવા પર ખુશ હતો, અંતમાં છે કે હુઝૂર કોઈને એની માતાનું નામ ન ખબર હોય તો શું કરવું ? આપે ફર્માવ્યું, ખબર ન હોય તો હઝરત હવ્વા તરફ એનો સંબંધ જોડવો.





ઈબ્ને નજ્જારે રિવાયતના આરંભમાં આ પ્રમાણે વધારો કર્યો છે : અય અબૂ ઊમામા ! હું તમને એવા શબ્દો ન બતાવું જે મૈયત માટે દુનિયા અને એની સઘળી વસ્તુઓથી અને જેના પર સૂર્ય ઉગે છે એ બધાંથી ઉત્તમ હોય ?

સઈદ ઉમવીથી રિવાયત છે કે હું હઝરત અબૂ ઉમામાની મૌતના સમયે એમની પાસે હાજર હતો તો એમણે મને કહ્યું, સઈદ ! હું મરી જાઉં તો જેવો હુકમ રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને કર્યો હતો તે પ્રમાણે મારી સાથે કરશો અને પછી ઉપરોકત હદીષ એમને સંભળાવી.

આ રિવાયતોથી સ્પષ્ટ થયું કે દફન પછી મૈયતને એના જવાબો શિખવાડવા જાઈઝ છે. અને આ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નો આદેશ છે. સહાબાનો અમલ છે તો આપણે પણ આપણા ભાઈઓની દફન પછી તલ્કીનથી મદદ કરવી જોઈએ. જ્યારે ઉત્તમ અને પવિત્ર જમાનાના લોકો આ પ્રમાણે કરતા હતા તો પછી હવે તો એની જરૂરત વધી ગઈ છે. એટલે આપણે આ કામ ભૂલવું ન જોઈએ.

**સવાલ** : તલ્કીન તો અરબીમાં કરવામાં આવે છે તો જેની ભાષા એ નથી તે કેવી રીતે સમજી શકશે ?

**જવાબ** : કબરમાં ગયા પછી મુડદાઓની ભાષા અરબી થઈ જાય છે એટલે વાંધો નથી.

ઝાદુલ મઆદમાં છે : મૈયતના દફનથી ફારેગ થયા પછી નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપના સહાબા رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن કબર પાસે ઊભા રહીને મૈયત માટે મુન્કર, નકીરના જવાબમાં સક્ષમ રહેવાની દુઆ કરતા હતા, અને બીજા લોકોને પણ પોતાના ભાઈના સક્ષમ રહેવાની દુઆનું કહેતા હતા.

શામી શરીફમાં છે : દફન પછી થોડીવાર માટે કબર પાસે રોકાવું અને મૈયત માટે મગફરેતની દુઆ કરવી અથવા કુર્આન શરીફ પઢીને સવાબ પહોંચાડવો સારું કામ છે.

બયહકીમાં છે : દફન પછી કબરની માથાની બાજુએ સૂરએ બકરહ્‌ની આરંભિક આયતો **મુફલિહુન** સુધી અને પગોની બાજુએ અંતિમ

બે આયતો **આમનર્રસૂલ**થી **કાફિરીન** સુધી પઢવું સારું કામ છે.

ફતાવા આલમગીરીમાં છે : દફન પછી એટલા સમય રોકાવું સારું કામ છે જેટલા સમયમાં એક ઊંટ કાપી એનું ગોશ્ત વહેંચી દેવામાં આવે.

તિબ્રાનીની રિવાયતોમાં તલ્કીન બાબતે શહાદત પછી આ પ્રમાણે છે : **કુલ રબ્બિયલ્લાહ દીનીયલ ઈસ્લામ વ નબિય્યી મુહમ્મદ** صلی اللہ تعالی علیہ وسلم. તું કહી આપ ! મારો રબ અલ્લાહ છે, મારો દીન (ધર્મ) ઈસ્લામ છે અને મારા નબી મુહમ્મદ صلی اللہ تعالی علیہ وسلم છે. *(બહારે શરીઅત)*

આ રિવાયતમાં સવાલોના જવાબોનો પણ તલ્કીનમાં ઉલ્લેખ થયો છે તો જવાબની પણ તલ્કીન કરવી જોઈએ. મૈયત માટે પરીક્ષામાં સફળ થવાનો માર્ગ તદન સરળ કરી આપવો જોઈએ.

**સવાલ** : શું તમને ખબર છે કે તમારા અમલથી મૈયતને ફાયદો થશે જ ?

**જવાબ** : જ્યારે અમારા નબી صلی اللہ تعالی علیہ وسلم એ કહ્યું તો અમને પૂરો ભરોસો છે કે ફાયદો થશે જ. જો ફાયદો ન પહોંચતો તો પછી આદેશ કેમ કરવામાં આવ્યો ?

**સવાલ** : ફતાવા રશીદિયહ્, કિતાબુલ અકાઈદમાં છે : ગંગોહી સાહેબને કોઈએ પ્રશ્ન કર્યો કે દફન પછી તલ્કીન સાબિત છે કે નથી ? જવાબ આપે છે આનો ફેંસલો નથી થઈ શકતો, દફન પછી તલ્કીન કરવી ન કરવીનો આધાર કરનાર પર છે, બંનેમાંથી જેના પર અમલ કરવામાં આવે દુરૂસ્ત છે.

**જવાબ** : જ્યારે અમને ખબર છે કે મુડદાને તલ્કીન ન કરવાથી અમને કોઈ નુકસાન નથી પણ એ તો સ્પષ્ટ છે કે એનાથી મૈયતને ફાયદો થાય છે, તો પછી તલ્કીનનો આદેશ આપણા માટે આપવામાં નથી આવ્યો મૈયતને ફાયદો પહોંચાડવા માટે આપવામાં આવ્યો છે, એટલે કરવી જોઈએ.

## ★ અઝાને કબર ★

જ્યારે એ સ્પષ્ટ થયું કે મુડદાઓને દફન પછી તલ્કીન કરવી જોઈએ અને એમને એમનો જવાબ બનાવવો જોઈએ. તો એના માટે





વર્તમાનકાળમાં અઝાન આપવાને પણ જાઈઝ કહ્યું છે. કારણ કે અઝાન શૈતાનને ભગાડવાનું હથિયાર છે, વધારેમાં તેમાં મુડદાને થતા સવાલોનો જવાબ પણ છે, અને તલ્કીન બાબત આવેલી હદીષો પર અમલ પણ થઈ જાય છે. બીજુ એ કે હદીષમાં તલ્કીન બાબતે કંઈ નિયુક્ત નથી એટલે અઝાનને એમાં લઈ લેવાથી ઈન્કાર નથી. શરીઅતમાં "ના" કહેવા માટે દલીલ અને પૂરાવાની જરૂરત છે. જો સ્પષ્ટ શબ્દોમાં એનાથી મનાઈ કરવામાં ન આવી હોય તો નાજાઈઝની દલીલ ન હોવી જ એના જવાઝ (જાઈઝ હોવા)ની દલીલ છે, એટલે અમલ કરનારે દલીલ આપવાની જરૂરત નથી. ઈન્કાર કરનારે પૂરવો આપવાની જરૂરત છે.

**સવાલ** : હદીષમાં આ પ્રમાણેની તલ્કીન નથી પછી તમે કેવી રીતે કરશો, શું ધર્મ તમારી ઈચ્છા પર ચાલશે ?

**જવાબ** : અમે નથી કહ્યું કે ધર્મ અમારી ઈચ્છા પર ચાલશે, પણ જ્યાં અમારી ઈચ્છાને દખલ આપવામાં આવી હોય ત્યાં એ ધર્મ સંબંધિત થઈ જાય છે. હદીષમાં તલ્કીન કરવાનું કહેવામાં આવ્યું છે પણ એવું નથી કહેવામાં આવ્યું કે માત્ર આ પ્રમાણે જ કરી શકો છો, તો પછી એ સરળ તરીકો જેનાથી મૈયતને ફાયદો વધારે થાય તે અમે પસંદ કરેલો છે.

**સવાલ** : તમે અઝાને કબરને સુન્નત કહો છો એ કેવી રીતે ?

**જવાબ** : તમે નાજાઈઝ કહો છો એ કેવી રીતે ? અમે આખી અઝાનને સુન્નત નથી કહી હદીષમાં **અલ્લાહુ અકબર** કહેવાનો ઉલ્લેખ થયો છે તો સુન્નત પર એનાથી અમલ થઈ જાય છે, આમ કહ્યું છે. તો પછી જે વધારો જાઈઝ તરીકાથી છે તેનાથી સવાબનો વધારો થાય છે.

ઈમામ અહમદ, તિબ્રાની અને બયહકીએ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત કરી કે : જ્યારે હઝરત સઅદ બિન મુઆઝ رضی اللہ عنہ ને દફન કરી કબર બંધ કરવામાં આવી ત્યારે નબીએ પાક صلی اللہ تعالی علیہ وسلم એ ઘણી વખત **સુબ્હાનલ્લાહ** ફર્માવ્યું, સહાબા પણ આપની સાથે કહેતા રહ્યા, પછી આપ **અલ્લાહુ અકબર** કહેતા રહ્યા અને સહાબા પણ આપની સાથે **અલ્લાહુ અકબર** કહેતા રહ્યા, પછી સહાબાએ હુઝૂરથી

વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપે પ્રથમ તસ્બીહ અને પછી તકબીર શા માટે કહી ? આપે ફર્માવ્યું, આ નેક વ્યકિત પર એની કબર તંગ થઈ ગઈ હતી, પછી અલ્લાહ તઆલાએ તેમનાથી એ તકલીફ દૂર કરી અને કબર પહોળી કરી આપી.

આ હદીષથી સાબિત થયું કે **અલ્લાહુ અકબર** વારંવાર કહેવાથી મુડદાને ફાયદો થાય છે અને અઝાનમાં છ વખત **અલ્લાહુ અકબર** કહેવામાં આવે છે એટલે આટલો ભાગ જરૂરથી તલ્કીનમાં સુન્નત થયો.

હિદાયામાં છે કે તે શબ્દોમાં ઘટાડો ન કરવો જોઈએ કારણ કે એ પ્રમાણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી નકલ થયું છે, પણ જો એમાં વધારો કરવામાં આવે તો જાઈઝ છે. કેમ કે એમાં અલ્લાહના વખાણ છે એટલે બીજા શબ્દોનો વધારો કરવાની મનાઈ નથી. તો પછી આ પૂરાવાના આધારે અઝાન પણ આપી શકાય છે.

**સવાલ** : પબ્લિક તો દફન પછી અઝાનને જરૂરી જ સમજે છે ?

**જવાબ** : પબ્લિકના કહેવાથી ગેર જરૂરી જરૂરી નથી થઈ શકતું ?! અને આ પ્રમાણેના મસ્અલાઓમાં પબ્લિકની વાત પર નિર્ણય નથી લઈ શકાતો, અમારા લખાણોથી તમે સાબિત નથી કરી શકતા, અમે અઝાનને મુસ્તહબ અને હાલતના આધારે યોગ્ય કહીએ છીએ.

**સવાલ** : તો પછી તમે લોકો કયારેક છોડતા કેમ નથી ?!

**જવાબ** : તમે પોતે કયારેક કબર પર અઝાન આપતા કેમ નથી દરેક જ એવું ઈચ્છે કે મારા સગા સંબંધીને ફાયદો પહોંચાડુ તો એમને અઝાનમાં વધારે ફાયદો જણાય છે એટલે તેઓ તેઓ છોડી શકતા નથી.

## ★ અઝાનનો ફાયદો ★

બુખારી અને મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : જ્યારે બાંગી અઝાન આપે છે તો શૈતાન પીઠ ફેરવીને હવા છોડતો નાસે છે.

મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે જયારે અઝાન થાય છે ત્યારે શૈતાન ૩૬ માઈલ દૂર નાસી જાય છે.





ઉપરોકત બંને રિવાયતોથી સાબિત થયું કે અઝાન શૈતાનને નસાડવાનું હથિયાર છે, એનાથી શૈતાન દૂર ભાગે છે, અને એ પણ સ્પષ્ટ થયું કે કબરમાં શૈતાન આવે છે, અને દખલગીરી કરે છે, તો પછી અઝાન વડે એનો ઈલાજ કરવામાં આવે તો એ હદીષના અધારે જ છે.

તિબ્રાનીની રિવાયતથી એ ઉલ્લેખ થઈ ગયો કે તલ્કીનમાં ફરિશ્તાઓના સવાલોના જવાબો પણ શિખવાડવામાં આવે છે, તો પછી અઝાનમાં એ પ્રશ્નોના ઉત્તર પણ છે. **અલ્લાહુ અકબર**થી યાદ આવશે કે મારો રબ અલ્લાહ છે. **હય્ય અલસ્સલાહ** અને **હય્ય અલલ ફલાહ**થી યાદ આવશે કે મારો દીન ઈસ્લામ છે, **અશ્હદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ**થી યાદ આવશે કે આ મારા નબી મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم છે.

**સવાલ** : અઝાન નમાઝનું એલાન છે તો મૌત પછી દફન બાદ કઈ નમાઝનું એલાન છે ?

**જવાબ** : કન્ઝુલ ઉમ્માલમાં છે : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈમામ હસનના કાનમાં એમની પેદાઈશ પછી અઝાન આપી હતી અને સર્વ એ અઝાનને સુન્નત સમજે છે. મસ્નદુલ ફિરદૌસમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને ચિંતિત જોયો તો ફર્માવ્યું, હું તમને ચિંતિત કેમ જોઈ રહ્યો છું ?! તમે તમારા ઘરવાળાઓથી કોઈને કહો કે તમારા કાનમાં અઝાન આપે અઝાનથી ગમ દૂર થઈ જાય છે.

મિશ્કાતમાં પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે કે, બિલાલની અઝાનથી તમે રમઝાનની સહેરી ખત્મ ન કરો, તેઓ જગાડવા માટે અઝાન આપે છે.

શામીમાં છે : નમાઝ ઉપરાંત બાળકના કાનમાં, ચિંતિત, વાઈવાળો અને ક્રોધીના કાનમાં, યુધ્ધ સમયે, આગ લાગે ત્યારે, મૈયતને કબરમાં ઉતારતી વખતે, દુષ્કાળમાં, જિનની બદમાશી વખતે, જે માણસ અથવા જાનવરની આદત ખરાબ હોય તેની સામે અઝાન આપવી મુસ્તહબ છે.

ઉપરોકત પૂરાવાઓથી સ્પષ્ટ થયું કે અઝાન નમાઝ સિવાયના બીજા કામોમાં પણ આપી શકાય છે, તો પછી કબરની અઝાનનો ઈન્કાર નથી થઈ શકતો.

**સવાલ** : અઝાન એ સમયે આપવી જરૂરી નથી પછી તમે અમને બુરા કેમ કહો છો ?

**જવાબ** : અઝાને કબર પર તમે અમને બિઅદતી કેમ કહો છો ? તમે હઠ કરશો તો તમારી સાથે એવું જ કરવામાં આવશે.

**સવાલ** : જ્યાં અઝાને કબરનો રિવાજ ન હોય ત્યાં રિવાજ આપવો જોઈએ ?

**જવાબ** : જ્યારે એમનું જાઈઝ હોવું સાબિત થઈ ગયું અને મૈયતને ફાયદો છે, એનો પણ ઉલ્લેખ થઈ ગયો તો પછી મૈયતના ફાયદા માટે રિવાજ આપવો જ જોઈએ.

**સવાલ** : જે જગાએ અઝાને કબરનો રિવાજ છે ત્યાં અઝાન છોડવામાં આવે તો એની રજા છે ?

**જવાબ** : જે જગાએ રિવાજ પડી જ ગયો છે તો એવી જગાએ છોડવાવાળાને લોકો વહાબી, જમાઅતી, ગેરમુકલ્લિદ વિગરે બદ્અકીદાની શંકાઓમાં લાવે છે, એટલે કુશંકાથી બચવા આપી દેવી જ જોઈએ અને બદ્અકીદા લોકોથી પોતાને અલગ રાખવો જોઈએ. જેમ કે આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ આશૂરાના રોઝામાં એકનો વધારો કર્યો હતો કે યહૂદીઓના અમલની (સરખામણીની) પણ શંકા ન થાય.

**સવાલ** : હવે પછી તમારા મુડદાઓનું કબરના સવાલના જવાબમાં નાકામ થવું શકય જ નથી ?

**જવાબ** : અલ્લાહથી ઉમ્મીદ છે કે જ્યારે એણે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની જીભથી આ કૃપાનો દરવાજો ખોલ્યો તો ફાયદો પણ આપશે, પણ અઝાબે કબરનું કારણ માત્ર આ જ નથી, બીજા ગુનાહો પણ છે. જો તેણે ગુનાહોથી તૌબા કરી લીધી હશે તો સફળ થઈ જશે. અલ્લાહની રહમતથી નાઉમ્મીદ થવું બીજાનું કામ હશે, ઈમાનવાળાઓ તેની રહમતથી નાઉમ્મીદ થવાની મનાઈ કરવામાં આવી છે.

## ★ જનાઝો લઈ જતી વખતે ઊંચે સ્વરે ઝિક્ર ★

મુસલમાનનો જનાઝો કબ્રસ્તાન તરફ લઈ જતી વખતે ઊંચે





અવાજે કલેમા શરીફ પઢવી, નઅત શરીફ કે સલામ દુરૂદ પઢવું અથવા બીજો કોઈ ઝિક્ર કરવો જાઈઝ છે. એનો ફાયદો એ છે કે લોકો વાતો કરવાથી અને બુરાઈઓ કરવાથી બચી જશે. જે કામ બેમકસદ વાતોથી, અને ચાડી ચુગલીથી બચાવે તે ઉત્તમ કામ છે, એટલે જનાઝા સાથે જતી વખતે ઊંચે અવાજે ઝિક્ર કરી શકાય છે.

**સવાલ** : ફતાવા આલમગીરી, ફતાવા સિરાજિયા, દુર્રે મુખ્તાર અને શામી વગેરે કિફ્હે હનફીની કિતાબોમાં કહેવામાં આવ્યું છે કે કોઈ પણ પ્રકારનો ઝિક્ર જનાઝા સાથે મકરૂહ છે પછી આપે ઉત્તમ શાથી કહ્યું ?!

**જવાબ** : ઝિક્ર ધીમો શા માટે કરવો અને ઊંચા સ્વરે મકરૂહ છે એના બાબતે કોઈ હદીષનું વર્ણન નથી થયું, એટલે તેમણે કોઈ ફાયદાને લક્ષમાં રાખીને મકરૂહ કહ્યું છે તો એ મકરૂહે તન્ઝીહી છે અને તન્ઝીહી હુકમમાં જાઈઝ હોય છે. બીજું એ કે તેઓનું આ મંતવ્ય છે જે તે જમાનાના લોકોના આધારે હતું જેમાં લોકો દુનિયાની વાતોથી બચી ઝિક્ર, દુઆ અને કુર્આનની તિલાવતમાં તલ્લીન રહેતા હતા જેથી બીજાને ખલેલ થાય એ કામ ન કરવાનો હુકમ હતો, હવે લોકો જનાઝામાં એકબીજા સાથે પોતાની વાતોમાં વ્યસ્ત રહે છે, અને જે લોકો જનાઝામાં જાય છે તેમને એ વાતનો સારી રીતે એહસાસ હશે. તો પછી જો કોઈ ઝિક્ર ઊંચા સ્વરે કરવામાં આવે તો જમાનાના હાલાતને લઈને એને ઉત્તમ કહેવામાં આવશે.

**સવાલ** : જ્યાં લોકો વાતો ન કરતા હોય ત્યાં શું હકમ છે ?

**જવાબ** : વર્તમાનકાળમાં એવું જોવા નથી મળતુ, તો પણ જો કોઈ જગાએ લોકો સંપૂર્ણ અદબથી જનાઝાથી શિખામણ લઈ ચિંતિત ચાલે અથવા મનમાં ઝિક્રમાં તલ્લીન હોય તો એમના માટે આજે પણ ઉત્તમ ધીમે અવાજે ઝિક્ર કરવો છે, અવાજ બુલંદ કરવો મકરૂહ ઠરશે. ઈમામ શઅરાનીએ અુહુદે મશાઈખમાં આનું વર્ણન કર્યું છે કે વર્તમાનકાળ માં લોકોને આનાથી મનાઈ કરવામાં નહીં આવે કારણ કે તેઓ ઝિક્રમાં વ્યસ્ત નહીં થાય તો વાતોમાં વ્યસ્ત રહેશે, તેમના દિલોમાં મૌતની યાદ નથી રહી ગઈ, બલ્કે અમુક લોકોને મેં મારી સગી આંખોએ જોયા છે કે તેઓ જનાઝાની આગળ હસતા હતા અને મસ્તી મજાક કરતા હતા.

**સવાલ** : જ્યાં જનાઝામાં વાતો થતી હોય અને ઝિક્ર બુલંદ અવાજથી ન થતો હોય તો શું કરવું જોઈએ ?

**જવાબ** : ત્યાં પણ અવાજથી ઝિક્ર શરૂ કરી દેવો જોઈએ, કારણ કે મનાઈ કરવાથી લોકો પોતાની આદત છોડવાના નથી તો પછી આપણે એવું કામ કરવું જોઈએ જેનાથી તેઓ આપમેળે વાતોથી રોકાઈ જાય, અને એના માટે ઊંચા સ્વરે ઝિક્ર ઉત્તમ છે, એનાથી લોકોને પણ ફાયદો છે કે વાતોથી બચીને અલ્લાહને યાદ કરશે અને મૈયતને પણ ફાયદો છે કે ઝિક્રથી રહમતની વર્ષા થશે.

## ★ પતિનું અવસાન અને પત્નીની ઈદ્દત તથા શોક ★

وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ مِنْكُمْ وَيَذَرُوْنَ اَزْوَاجًا يَّتَرَبَّصْنَ
بِاَنْفُسِهِنَّ اَرْبَعَةَ اَشْهُرٍ وَّ عَشْرًا

"અને તમારામાંથી જે મરણ પામે અને પત્નીઓ છોડી જાય તો તેણીઓ પોતાને ચાર મહીના દસ દિવસ રોકી રાખે."

જે સ્ત્રીનો પતિ મરણ પામે તેવી સ્ત્રી કુર્આનના ફર્માન આધારે ચાર મહીના, દસ દિવસ ઈદ્દત ગુજારશે. ઈદ્દત એટલે તો ગણતરી થાય છે પણ પરિભાષામાં એનો અર્થ છે સ્ત્રી બીજાના નિકાહમાં જવાથી પોતાને રોકીને રાખે. ઈદ્દત પૂરી થઈ ગયા પછી એને બીજાના નિકાહમાં જવું હોય તો જઈ શકે છે.

કોઈ પણ મુસલમાનના અવસાન પર કોઈને ત્રણ દિવસથી અધિક શોક અને ગમ મનાવવું જાઈઝ નથી, માત્ર પત્નીએ પોતાના પતિના અવસાન પર ચાર મહીના, દસ દિવસ ગમ મનાવવો જરૂરી છે. તેણી ઈચ્છે કે ન ઈચ્છે આના પર અમલ કરવો જ પડશે કારણ કે અલ્લાહ તઆલાનું ફર્માન છે.

શોક મનાવવો માત્ર સ્ત્રી ઉપર વાજિબ છે જે મુસલમાન, અક્કલવાળી, અને બાલિગ હોય. કાફિર, પાગલ અને નાબાલિગ પર





શોક નથી.

શોક (આઘાત)નો મતલબ એવો થાય છે કે બેવા સ્ત્રી પોતાની ઈદ્દતના દિવસોમાં કોઈ પ્રકારનો શણગાર નહીં કરે અને શણગારની દરેક ચીજ વસ્તુથી બચીને રહેશે.

## ★ શણગાર ★

કપડાં અને શરીરમાં સુગંધ લગાડવી, ફૂલોના હાર અથવા ગજરા પહેરવા, ઘરેણાં અને બંગડીઓ પહેરવી, સુરમો અથવા કાજલ લગાડવું, હોટ કશાથી લાલ કરવા, માથામાં તેલ નાખવું, કાંસકો કરવો, મહેંદી લગાડવી, રેશમી નહીંતર રંગીન નવાં અથવા નવાં જેવાં કપડાં પહેરવાં.

## ★ બીજું શું નહીં કરે ★

પતિના અવસાન સમયે જે ઘરમાં સંપૂર્ણપણે રહેવામાં આવતું હતું તેમાં જ ઈદ્દત પૂરી કરવી, તે ઘરમાંથી બહાર ન જવું, ઈદ્દતમાં નિકાહ થશે, નહીં તેનાથી માંગણી નિકાહની કરવી પણ હરામ છે, મુસાફરી કરવી પણ હરામ છે.

## ★ શંકા કુશંકાનો ઈલાજ ★

**સવાલ** : કોઈની પાસે દરેક કપડાં શણગારનાં જ હોય તો શું કરવું ?

**જવાબ** : જે તદ્દન જૂના હોય તે પહેરવાં, શામીમાં છે કે ન હોય તો લાવે અને પહેરે.

**સવાલ** : નહાવું અને માથુ ધોવું જાઈઝ છે ?

**જવાબ** : જાઈઝ છે.

**સવાલ** : કાંસકો કરવો જાઈઝ છે ?

**જવાબ** : નાજાઈઝ છે, પણ જો માથુ દુખતુ હોય તો રજા છે પણ મોટા દાંતાં તરફથી કરશે અને પટ્ટી નહીં પાડે.

**સવાલ** : માથામાં તેલ નાખી શકાય છે ?

**જવાબ** : જાઈઝ નથી પણ માથુ દુખતું હોય એટલે લગાડવું પડે તો સુગંધ વિનાનું તેલ લગાવી શકે છે.

**સવાલ** : આંખોમાં તકલીફ હોય તો સુર્મો લગાડી શકે છે ?

**જવાબ** : સુર્માની રજા નથી પણ દર્દ હોય તો સફેદ સુર્મો મળે છે તે લગાડે, કાળો જ હોય તો દિવસે નહીં રાત્રે સૂતી વખતે લગાડે, સવારમાં આંખો સાફ કરી નાખે.

**સવાલ** : કપડાંને પ્રેસ કરીને પહેરી શકાય છે ?

**જવાબ** : એ શણગારમાં સામેલ છે એટલે જાઈઝ નથી.

**સવાલ** : ઈદ્દતે શોકમાં સ્ત્રીનો ખર્ચ કોઈ ઉપર છે ?

**જવાબ** : એની પોતાની ઉપર વાજિબ છે, એની પાસે હોય એમાંથી ખર્ચ કરે, વારસો મળ્યો હોય એમાંથી ખર્ચ કરે, સગા સંબંધી પોતાના તરફથી ભલાઈ કરતાં હોય તો તેમના પર જરૂરી નથી પણ તેમને સવાબ મળશે.

**સવાલ** : કોઈ સ્ત્રી પાસે ખર્ચ નથી, કોઈ આપનાર નથી તો એ ઘરમાંથી બહાર ન નીકળે તો ખાવા પીવામાં શું કરશે ?

**જવાબ** : ખર્ચ જોગું, કમાવવાની અને એના માટે બહાર જવાની રજા છે.

**સવાલ** : સ્ત્રી બીમાર થઈ જાય અને ઈલાજ માટે જવું હોય તો ?

**જવાબ** : જો ડોકટર ઘરે આવી શકે તો નથી નીકળી શકતી, ઈલાજ માટે જવું જ પડે અથવા વધારે બીમાર હોય અને હોસ્પિટલમાં એડમિટ થવું પડે તો જઈ શકે છે.

**સવાલ** : કોઈના ઘરે શાદીમાં જવું હોય, અથવા મૌત થઈ હોય ત્યાં બેસવું હોય તો જઈ શકે છે ?

**જવાબ** : એ જરૂરત શરઈ નથી અને તબઈ જરૂરતોમાં પણ એની ગણતરી નથી એટલે એની રજા નથી.

**સવાલ** : ભાડાનું ઘર છે અને ભાડું આપવાની શકિત નથી તો શું





કરવું ?

**જવાબ** : જો નજીકમાં બીજુ ઘર હોય તો જઈ શકે છે, નજીકમાં હોય તો દૂર જવાની રજા નથી. અને નજીકમાં કોઈ બંદોબસ્ત ન હોય તો દૂર જઈ શકાય છે. આમ જ પતિવાળુ ઘર પડી ગયું, અથવા વારસદારોના માલમાં ચાલ્યું ગયું, અથવા એકલી છે અને ઘર સુરક્ષિત જગાએ નથી, આમ જ ઘરમાં જિન છે હેરાન કરે છે, અને સાથ આપનાર કોઈ નથી, એકલીને ઘરમાં એટલી બીક લાગે છે કે રહી શકતી નથી અને કોઈ સાથ આપનાર નથી તો પછી બીજી જગાએ જઈ શકે છે, પણ શરઈ જવાઝના આધારે કોઈ સ્ત્રી કે મહરમ સગો સાથ આપનાર હોય તો રજા નથી.

**સવાલ** : સ્ત્રીની સાસુ એને સતાવતી હોય તો શું કરવું ?

**જવાબ** : એ સબ્ર કરી લેશે, ઈદ્દત સુધી ત્યાંથી જવાની રજા નથી.

**સવાલ** : પતિ બીજા કોઈ દેશમાં હતો અને ત્યાં મરી ગયો તો શું કરવું ?

**જવાબ** : સ્ત્રી એના પતિના ઘરે જ્યાં છે ત્યાં ઈદ્દત વિતાવશે.

**સવાલ** : ઈદ્દતમાં દિવસોની ગણતરી કેવી રીતે કરવામાં આવશે ?

**જવાબ** : ઈસ્લામી માસથી ગણતરી કરવામાં આવશે, જો પહેલી તારીખે પતિનું મરણ થયું હોય, જો તે પછીની તારીખોમાં થયું હોય તો મહીનો ત્રીસ દિવસનો ગણવામાં આવશે અને એકસો ત્રીસ દિવસ ઈદ્દતનાં રહેશે.

**સવાલ** : ઈદ્દત કયારથી ગણવામાં આવશે ?

**જવાબ** : પતિના મરણથી જ ગણતરી શરૂ થઈ જશે.

**સવાલ** : ખબર અમુક દિવસો પછી મળી હોય તો ?

**જવાબ** : મરણના દિવસથી ઈદ્દત ગણાશે ખબર હોય કે ન હોય, પણ હવે ફોનની દુનિયા છે એટલે એવું ઓછું બની શકે છે.

**સવાલ** : મરણના દિવસોમાં શંકા પડી જાય તો શું કરવું ?

**જવાબ** : જે દિવસનું યકીન હોય તેનાથી ગણતરી કરવી.

**સવાલ** : શું સ્ત્રી સાથે બીજા ઘરના લોકો પણ એ પ્રમાણે રહેશે ?

**જવાબ** : ઈદ્દત માત્ર પત્ની પર છે, અને ચાર મહીના દસ દિવસના શોકનો હુકમ પણ એના માટે જ છે, ઘરના બીજા લોકોને ત્રણ દિવસથી અધિક કરવાની રજા નથી, હરામ છે.

**સવાલ** : ઈદ્દત પૂરી થઈ ગયા પછી નીકળવાની નિય્યત કરવી પડે છે ?

**જવાબ** : નિય્યતની જરૂરત નથી સમય પૂરો થતાં આપમેળે હુકમ ઉઠી જાય છે.

**સવાલ** : ઈદ્દત પૂરી થતાંની સાથે સગા સંબંધીઓને ત્યાં તે સ્ત્રીને લઈ જવામાં આવે છે તે કેવું ?

**જવાબ** : જરૂરી સમજીને ન હોય તો વાંધો નથી.

**સવાલ** : આપણા અમુક સમાજમાં બેવા સ્ત્રીને નિકાહ કરાવવો અયબ સમજવામાં આવે છે ?

**જવાબ** : એવી ગેરસમજ કુર્આન વિરૂધ્ધ છે, સ્ત્રીને નિકાહ કરવાનો હુકમ છે, જો નિકાહ ન કરવાથી ઝિનાનો ભય હોય તો એના માટે વાજિબ અને જરૂરી છે. કુર્આનમાં છે;

فَاِذَا بَلَغْنَ اَجَلَهُنَّ فَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيْمَا فَعَلْنَ
فِيْٓ اَنْفُسِهِنَّ بِالْمَعْرُوْفِ

"જ્યારે તેણીઓ પોતાની ઈદ્દત પૂરી કરી લે તો તમારા માટે વાંધો નથી એમાં કે તેણીઓ પોતાના હક્કમાં ઉત્તમ કામ કરી લે.

وَلَا تَعْزِمُوْا عُقْدَةَ النِّكَاحِ حَتّٰى يَبْلُغَ الْكِتَابُ

"અને નિકાહની ગાંઠનો ઈરાદો ન કરો એટલે સુધી કે લખાણ એની મુદ્દતે પહોંચી જાય."

સ્પષ્ટ થયું કે બેવા સ્ત્રીએ એકલાં ન રહેતાં શાદી કરી જ લેવી જોઈએ અને પોતાનું જીવન ફરીથી આબાદ કરવાની કોશિશ કરવી જોઈએ. વર્તમાનકાળની ખરાબીઓ પર નજર કરતાં નિકાહમાં જ ભલાઈ છે.





જીવન આબાદ થાય, કોઈની મોહતાજી ન રહે અને શંકાઓથી પણ સુરક્ષિત રહેવાય, સમાજની ખોટી વાતોમાં આવવું ન જોઈએ, ઈસ્લામના માર્ગે ચાલવું જોઈએ.

**સવાલ** : સ્ત્રીએ પોતે જ નિકાહ ન કરવો હોય દાખલા તરીકે એનાં બાળકો છે તેમના જીવન માટે ખતરો છે, અથવા એ એટલી ઉમરે પહોંચી છે કે એને જરૂરત નથી તો ?

**જવાબ** : બાળકો માટે ખતરો હોય, અથવા એ પોતે જ હવે ઈચ્છા નથી રાખતી તો ન કરવામાં વાંધો નથી.

**સવાલ** : પતિ બહાર દેશમાં ગુજરી ગયો ખબર આવી ત્યારે એની પત્ની બહાર ગામ ગઈ હતી તો શું કરશે ?

**જવાબ** : પતિના ઘરે જે દેશમાં એ રહેતી હતી ત્યાં પરત આવે અને ઈદ્દતમાં બેસે.

**સવાલ** : ઈદ્દતમાં સ્ત્રી વિના કારણે ઘરથી બહાર ચાલી ગઈ તો શું ઈદ્દત નવા નામથી ગુજારે ?

**જવાબ** : વિના કારણે જેનો ઉલ્લેખ થઈ ગયો નીકળવું હરામ છે. નીકળવાથી ગુનોહ થશે પણ ઈદ્દત ગણાતી રહેશે, ફરીથી શરૂ કરવાની જરૂરત. નથી આમ જ શણગાર કરવો હરામ છે પણ કોઈ સ્ત્રી શોકમાં શણગાર કરે તો ગુનેહગાર છે પણ ઈદ્દત ગણાતી જ રહેશે.

**સવાલ** : લોકોમાં એવો રિવાજ છે કે પતિ મરણ પામે છે તો પત્ની બંગડીઓ ફોડી નાખે છે, શું એ જાઈઝ છે ?

**જવાબ** : ગુનાહનું કામ છે, ફોડવું માલ બેકાર કરવો છે. સુરક્ષિત કાઢી લેવામાં આવે.

**સવાલ** : કોઈ સ્ત્રી ગર્ભાવતી હોય તો તેની ઈદ્દત શું છે ?

**જવાબ** : તેની ઈદ્દત બાળકને જન્મ આપવો છે, પછી ગમે તેટલા દિવસોમાં જન્મ થાય, જો પેટમાં બાળકના અંગો બની ગયાં હતાં અને પછી હમલ પડી ગયો તો એ દિવસથી એની ઈદ્દત પૂરી થઈ જશે. કુર્આન શરીફમાં છે;

وَاُولَاتُ الْاَحْمَالِ اَجَلُهُنَّ اَنْ يَّضَعْنَ حَمْلَهُنَّ

"ગર્ભાવતીઓની ઈદ્દત એમના ગર્ભને જણવું છે."

**સવાલ** : કોઈ સ્ત્રીને પેટમાં બે બાળકો હોય તો જન્મમાં ઈદ્દત કોનાથી પૂરી થશે ?

**જવાબ** : બીજા બાળકનો પણ જન્મ થઈ જાય ત્યારે.

**સવાલ** : અમારા ત્યાં એવો રિવાજ છે કે સ્ત્રીને ઈદ્દત ગુજારવા માટે ઘરનો એક ખૂણો નિયુકત કરી દેવામાં આવે છે. તેણીને ત્યાંથી ઘરમાં પણ ફરવા દેવામાં નથી આવતી, શું આમ જ કરવું જોઈએ ?

**જવાબ** : ઘરમાં ઈદ્દત ગુજારવી પૂરા ઘરમાં ગમે ત્યાં રહે અને ફરે વાંધો નથી, જાજરૂ બહાર હોય તો જરૂરત માટે જઈ શકે છે.

**સવાલ** : નિકાહ થયો રૂખ્સતી ન થઈ હતી, અથવા માંગણી થઈ હતી નિકાહ ન થયો હતો અને પતિનું અવસાન થઈ ગયું તો ઈદ્દત ગુજારશે.

**જવાબ** : નિકાહ થઈ ગયો હોય તો ઈદ્દત છે, માંગણી નિકાહ નથી એટલે એમાં ઈદ્દતનો હુકમ લાગુ પડશે નહીં.

**સવાલ** : નાબાલિગ છોકરીનો નિકાહ કરવામાં આવ્યો હતો એનો પતિ મરી ગયો તો ?

**જવાબ** : ઈદ્દત છે પણ એના માટે શોક નથી એટલે શણગારની રજા છે.

**સવાલ** : પતિ પત્નીમાં લડાઈ થઈ હતી, પત્નીને મારી કાઢી મૂકી હતી, પછી પતિ મરી ગયો તો પત્ની ઈદ્દત ગુજારશે અને કયાં ?

**જવાબ** : પતિના ઘરે આવી ત્યાં ઈદ્દત ગુજારશે, કોઈ કારણ હોય તો એનો ઉલ્લેખ થઈ ગયો છે.

## ★ કબ્રસ્તાન ★

જે જમીન મુડદાઓને દફન માટે નિશ્ચિત કરવામાં આવી છે તેને કબ્રસ્તાન કહેવામાં આવે છે. કબ્રસ્તાનની જમીન વધુ પ્રમાણમાં તો વકફી જમીન હોય છે. કયારેક એક માણસ સવાબની નિય્યતે વકફ કરે છે, કયારેક





કુટુંબ તરફથી વકફ કરવામાં આવે છે. કયારેક મુસલમાનો એકબીજા પાસેથી ચંદો કરે છે, અને પછી એ ચંદાથી જમીન ખરીદી કરવામાં આવે છે અને તેને વકફ કરવામાં આવે છે. આમ અમુક પ્રકારથી જમીન કબરો માટે વકફ કરવામાં આવે છે. અને મુસલમાનોએ ગેરમુસ્લિમ દેશોમાં એવું કરવું જ જોઈએ જેથી મુસલમાનોને મુડદાં દફન કરવામાં સહુલત રહે અને મોહતાજીનો સામનો ન કરવો પડે.

કબ્રસ્તાન માટે જમીન વકફ કરવી ઘણા સવાબનું કામ છે અને એ સવાબે જારિયા છે એટલે કે એનો સવાબ જયાં સુધી કબરો રહેશે, અને ઉપયોગ થશે સતત ચાલ્યા જ કરશે અને શકિતશાળી લોકોએ આ બાબતે આળસ ન કરવી જોઈએ, અને કબ્રસ્તાન માટે જમીન વકફ કરવામાં આગળ વધવું જોઈએ.

કબ્રસ્તાનમાં કબરો હોય તો અંદર પ્રવેશતી વખતે મુડદાંઓને સલામ કરવી જોઈએ. સલામ વિશે ઉલ્લેખ કરી દેવામાં આવ્યો છે. અને પછી દુરૂદ શરીફ પઢી આ પ્રમાણે દુઆ પઢવામાં આવે. અલગથી સલામ ન કરી હોય તો દુઆ સાથે સલામનું વર્ણન થઈ જાય છે.

اَلسَّلَامُ عَلَيْكُمْ يَا اَهْلَ الْقُبُوْرِ يَغْفِرُ اللّٰهُ لَنَا وَلَكُمْ

"અય કબરવાળાઓ ! તમારી ઉપર સલામ, અલ્લાહ અમને અને તમને બખ્શી આપે તમે અમારાથી આગળ છો અને અમે પાછળ એટલે તમારી પછી અમારે પણ ત્યાં આવવાનું છે."

કબ્રસ્તાનમાં પ્રવેશી મુડદાઓ માટે કુર્આનની અમુક સૂરતો પઢી ઈસાલે સવાબ કરવો જોઈએ. મુડદાંઓનો આપણી ઉપર આ હક્ક છે કે આપણે એમને સવાબનો ફાયદો આપીએ. ઉત્તમ એ છે કે પઢીને દરેક મુસલમાનની રૂહને બખ્શી દેવામાં આવે. જેનો ઉલ્લેખ ઈસાલે સવાબના પ્રકારણમાં થયો.

કબ્રસ્તાનમાં રસ્તો ચાલવામાં એ વાતનો ખયાલ રાખવો જોઈએ કે પગો નીચે કબરો ન આવે. મુસલમાનોની કબરોની ઈજ્જત કરવી જોઈએ, બેઈજ્જતી ગુનાહનું કામ છે અને એનાથી મુસલમાન મુડદાંને તકલીફ થાય છે.

લીલા છોડવા અને લીલી ઘાસની બાબત તેમજ ફૂલોના નાખવા બાબતે ઉલ્લેખ થઈ ગયો કે એનાથી નબીએ પાક ﷺ ના ફર્માન મુજબ મુડદાંઓને ફાયદો પહોંચે છે તો પછી લીલી ઘાસ અને છોડવા કબરો પરથી દૂર કરવા ન જોઈએ, એનાથી મુડદાંઓનો ફાયદો ચાલ્યો જાય છે. આપણે ફાયદો પહોંચાડવો જોઈએ, ફાયદો લઈ ન લેવો જોઈએ.

**સવાલ** : વકફી કબ્રસ્તાનમાં માલદારોને દફન કરી શકાય છે ?

**જવાબ** : કરી શકાય છે એનો વકફ દરેક મુસલમાન મુડદાં માટે જ હોય છે.

**સવાલ** : કબ્રસ્તાનમાં પોતાની કબર માટે પહેલાંથી જગા નિયુકત કરી શકાય છે ?

**જવાબ** : ન કરવી જોઈએ કારણ કે ખબર નથી એ કયાં મરશે ? નિયુક્ત કરવું બેમતલબ છે. જો વકફી કબ્રસ્તાનમાં જગા હોય તો એ જગા ઉપયોગ ન કરવી અને જગા ન હોય તો મુડદા માટે ઉપયોગ કરી શકાય છે.

**સવાલ** : કબ્રસ્તાનમાં કબ્રસ્તાન સંબંધિત માલ સામાન રાખવા કોઈ ઈમારત બનાવી શકાય છે અને એમાં વોચમેનને રાખવા રૂમ બનાવી શકાય છે ?

**જવાબ** : જો એના માટે જરૂરત પૂરતી જગા હોય અને કબરો માટે તંગી ન હોય તો બનાવી શકાય છે પણ કબરો પર બનાવવાની રજા નથી કારણ કે એમાં મુસલમાનોની કબરોની બેઈજજતી છે.

**સવાલ** : કબ્રસ્તાનની બાઉન્ડરી (હદ) બનાવી શકાય છે ?

**જવાબ** : વર્તમાનકાળમાં બનાવવી જ જોઈએ કારણ કે ખુલ્લુ રાખવાથી લોકો જમીનો દબાવી લે છે, ઉપરાંત કબ્રસ્તાનને રસ્તો અને માર્ગ બનાવી દેવામાં આવે છે. કૂતરાં, બિલાડાં અને પ્રાણીઓ ત્યાં ચરે છે અને જાજરૂ પેશાબ કરે છે, એનાથી મુસલમાનોની કબરોની બેઈજજતી અને અપમાન થાય છે એટલે બનાવવામાં આવે.

**સવાલ** : કોઈની માલિકીની જમીનમાં દફન કરી શકાય છે ?





**જવાબ** : માલિકની રજા વિના જાઈઝ નથી, રજા આપે તો દફન કરી શકાય છે ?

**સવાલ** : વિના રજાએ દફન કરવામાં આવે તો ?

**જવાબ** : માલિક વારસદારોને કહેશે કે તમારું મુડદુ કાઢી લ્યો ! નહીં તો જમીન બરાબર કરી, પોતાના કામમાં લાવશે.

**સવાલ** : કબ્રસ્તાનમાં પહેલાંથી માર્ગ બનાવવામાં આવ્યો હોય તો તેના પર ચાલી શકાય છે ?

**જવાબ** : ચાલી શકાય છે, જૂના કબ્રસ્તાનમાં નવો માર્ગ નીકળે તો ચાલવું ન જોઈએ, બની શકે કે ત્યાં પહેલાં કબરો રહી હોય.

**સવાલ** : વકફી કબ્રસ્તાનમાં કોઈએ પોતાની જગા નિશ્ચિત કરી હોય તો ત્યાં બીજાને દફન કરી દેવામાં આવે તો શું કરવું ?

**જવાબ** : મુડદાને રહેવા દેવામાં આવશે, જો કબર પહેલાંથી બનાવીને રાખી હોય તો કબર ખોદવાની રકમ લઈ લેશે.

**સવાલ** : મુસલમાનોનું જૂનુ કબ્રસ્તાન છે અને હવે એમાં કોઈ નિશાની નથી તો તેને બીજા ઉપયોગમાં લાવી શકાય છે ?

**જવાબ** : એ કબ્રસ્તાન છે અને એનો અદબ કરવામાં આવશે.

**સવાલ** : કાફિરોની કબરોની ઈજ્જત કરવામાં આવશે ?

**જવાબ** : નહીં ! કાફિર ઈજ્જતના લાયક નથી.

**સવાલ** : કબ્રસ્તાનનાં ઝાડો અને એમાં થતી ઘાસનો માલિક કોણ ?

**જવાબ** : કબ્રસ્તાનમાં આપમેળે નીકળેલાં ઝાડો અને ઘાસ, અથવા વકફ માટે ઉગાડવામાં આવેલ વૃક્ષો, કબ્રસ્તાનની માલિકીની વકફી રહેશે, કબ્રસ્તાનના કામોમાં એને અથવા એની રકમ ઉપયોગમાં લાવવામાં આવશે.

**સવાલ** : કોઈએ પોતે ઝાડ રોપ્યું તો એનો માલિક કોણ ?

**જવાબ** : તેનો માલિક એ પોતે છે એ ફાયદો ઉઠાવી શકશે.

**સવાલ** : કાફિરોનું જૂનુ કબ્રસ્તાન મુસલમાનોને આપવામાં આવ્યું તો શું કરવું ?

**જવાબ** : કબરોમાં જો હાડકાં બાકી હોય તો ખોદીને નાખી દેવામાં આવે અને તદ્દન જૂનુ કે કંઈ જ નથી રહી ગયું તો પછી ખોદખાદ કરવાની જરૂરત નથી.

**સવાલ** : કબ્રસ્તાનમાં લાઈટની વ્યવસ્થા કરવામાં આવે છે એ જાઈઝ છે ?

**જવાબ** : આવનારાઓની સહુલત માટે હોય, અને કોઈને રાત્રે દફન કરવાની જરૂરત પડી તો એ પ્રમાણેની વ્યવસ્થા કરી શકાય છે.

**સવાલ** : કોઈએ કોઈ એક કોમ્યુનિટી માટે ખાસ રાખ્યું તો એમાં બીજા લોકોને દફન કરી શકાય છે ?

**જવાબ** : વકફ કરનારે પહેલાંથી શરત કરીને વકફ કરી હતી તો તે કોમ્યુનિટી માટે ખાસ રાખવામાં આવશે, બીજા લોકોને ત્યાં દફન કરવામાં નહીં આવે. વકફ કરનારને શરતો લગાડવાનો અધિકાર છે.

**સવાલ** : સખત પાપી મુસલમાનોને વકફી કબ્રસ્તાનમાં દફન કરી શકાય છે ?

**જવાબ** : દરેક મુસલમાનને દફન કરવામાં આવશે.

**સવાલ** : કબ્રસ્તાનમાં ફળનાં વૃક્ષો હોય અને તેની ઉપર ફળ આવે તો શું કરવું ?

**જવાબ** : કોઈએ પોતાના માટે રોપ્યું હોય તો એનો એ માલિક છે અને વકફનાં વૃક્ષ હોય તો એનાં ફળો વેચીને કબ્રસ્તાનની જરૂરતોમાં ખર્ચ કરવામાં આવશે.

**સવાલ** : કબ્રસ્તાનમાં જનાઝાની નમાઝ માટે કોઈ જગા નિયુકત કરી બાંધકામ કરી શકાય છે?

**જવાબ** : જો તે જગાએ કબરો ન હોય તો કરી શકાય છે. કિબ્લા તરફ હાથ જેટલી દીવાર હોવી જોઈએ.

**સવાલ** : કબ્રસ્તાનમાં કબરો એક લાઈનથી જ બનાવવામાં આવશે ?

**જવાબ** : એવું તો જરૂરી નથી પણ કમિટીએ એવું કોઈ બંધારણ બનાવ્યું હોય તો વિવાદથી બચવું જોઈએ.





## ★ મૈયતના ઘરવાળાંઓની ખબર લેવી અને આ□ાસન આપવું ★

સગા સંબંધીની મૌત પર દરેકને દુઃખ થાય છે, પણ એમાં સબ્રનું દામન છૂટવું ન જોઈએ, આપણે અલ્લાહની અનામત છીએ, આપણી દરેક ચીજ વસ્તુ અને સંબંધિત સર્વ પણ અલ્લાહની અનામત છે. અલ્લાહ એને લઈ લે તો આપણે અલ્લાહના નિર્ણય પર શિશ નમાવી દેવું જોઈએ અને **ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઊન** પઢી લેવું જોઈએ.

તિર્મિઝી અને બુખારીમાં પ્યારા આકા ﷺ નો પ્યારો ઈર્શાદ છે : કોઈ ઈમાનવાળાને એ હલાલ નથી કે ત્રણ દિવસથી વધારે શોક મનાવે, બેવાને છોડીને કે એની મુદ્દત ચાર મહીના, દસ દિવસ છે.

આ હદીષથી સ્પષ્ટ થયું કે શોક માત્ર ત્રણ દિવસ મનાવવામાં આવશે, અને મૈયતવાળાના ઘરે ખબરગીરી માટે કેવળ ત્રણ દિવસ જઈ શકાય છે, એનાથી અધિક નહીં, જો કોઈ વ્યકિત દૂર રહે છે અને એ આવી નથી શકતો તો એ પછી પણ જઈ શકે છે.

ઈબ્ને માજામાં છે : નબીએ પાક ﷺ નો પ્યારો પ્યારો ઈર્શાદ છે : જે વ્યકિતએ કોઈ દુઃખી માણસને આ□ાસન આપ્યું એના માટે એવો જ સવાબ છે જેવો તે દુઃખીના માટે છે. આપણા પ્યારા આકા પણ આ□ાસન માટે તશરીફ લઈ જતા હતા એટલે આ□ાસન આપવા જવું સુન્નતે રસૂલે પાક ﷺ છે.

મૈયતનાં ઘરવાળાંઓને આ□ાસન આપવું જોઈએ, એમને સબ્રની શિખામણ આપવી જોઈએ, મૈયત માટે ફાતેહા અને મગફેરતની દુઆ કરવી જોઈએ. મૈયતના ઘરે આ□ાસન આપવા એક જ વખત જવું મુસ્તહબ છે, એકથી વધુ વખત જવામાં ન આવે. જે વ્યકિત નજીકમાં રહે છે, જો તે ત્રણ દિવસમાં આ□ાસન આપવા ન આવે તો હવે તેને આવવું મકરૂહ છે. કોઈ વ્યકિત દૂર રહે છે અને પહોંચી નથી શકતો તો તે ફોનથી પણ આ□ાસન આપી શકે છે. અને ફોન ન થાય તો માત્ર પત્ર લખીને પણ આ કામ કરી શકાય છે. નજીકના પડોશીઓ અને દૂરનાં સગાં સંબંધીઓએ ઘરવાળાંઓ માટે એક રાત દિવસના ખાણાની વ્યવસ્થા પણ

કરે. તેઓ ચિંતિત હોય છે, લોકોની અવર જવર હોય છે, ખાણુ બનાવી નથી શકતાં તો સગાં સંબંધીઓ બનાવીને લાવે અને એમને સમજાવી સમજાવીને ખવડાવે.

ઈબ્ને માજામાં છે : હઝરત અબ્દુલ્લાહ બિન જા'ફર رضی اللہ عنہ નું બયાન છે જયારે એમના પિતા હઝરત જઅફર رضی اللہ عنہ ની શહાદતની ખબર આવી તો નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જઅફરના ઘરવાળાઓ માટે ખાણું તૈયાર કરવામાં આવે તો આ ખબરથી એવી સ્થિતિમાં હશે કે ખાણુ બનાવવા તરફ ધ્યાન નહીં કરે.

જાણવા મળ્યું કે આમ કરવું આપણા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નત છે. અને આપણે પણ આપણા ભાઈ બહેનની ખબરગીરી કરવી જોઈએ અને એમને આ□ાસન આપવું જોઈએ. અલ્લાહ તઆલા આપણને અમલની તૌફીક અતા ફર્માવે. *–આમીન.*

وَمَا عَلَيْنَا اِلاَّ الْبَلاَغُ الْمُبِيْنُ


## ★ જાઅલ હક્ક ★ (ઐતિહાસિક કિતાબ)

**લેખક : હઝરત અલ્લામા મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ**

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

કુર્આન, હદીષ, ઉલમાનાં કથનો, અકલી દલીલો, વિરોધીઓના વાંધાઓ અને તેના જવાબો સાથે અહલે સુન્નત વ જમાઅત જે સહાબા, તાબઈન, ઔલિયાથી ચાલ્યો આવે છે તે જ મસ્લકે આ'લા હઝરતની હક્કાનિયતને દર્શાવતી તથા દેવબંદી, ગૈરમુકલ્લિદ વગેરેના બાતિલ અકીદાઓનું ખંડન કરતી કિતાબ જરૂરથી મંગાવો.

વાંચો ! વંચાવો ! વર્તમાનકાળમાં દુનિયાવી તમામ આફતોથી બચાવવા તમે સતત ઔલાદનું રક્ષણ કરો છો તો આખેરતની આફતોથી ઔલાદને બચાવવા આવી કિતાબો તમારા ઘરમાં વસાવો :–

**જાઅલ હક્ક ભાગ-૧ (૧૫/- રૂ.) જાઅલ હક્ક ભાગ-૨ (૧૫/- રૂ.)**
**જાઅલ હક્ક ભાગ-૩ (૨૦/- રૂ.) જાઅહ હક્ક ભાગ-૪ (૨૦/- રૂ.)**
**જાઅલ હક્ક ભાગ-૫** (કામ ચાલી રહ્યું છે) આ સાથે જાઅલ હક્ક કિતાબ સંપૂર્ણ થશે વધુ માટે પ્રકાશકનો સંપર્ક કરો.






## ★ અય ખુદા ઈલ્તિજા હે યે મેરી ★

અય ખુદા ઈલ્તિજા હે યે મેરી
ઉનકે જલ્વોંમેં યૂં મૌત આયે

જાન કદમોંમેં નિકલે નબી કે
ઔર વહીં મુઝકો દફનાયા જાયે

આરઝૂ હે મેરી મેરે આકા
મૌત આયે તો ઈસ તરહા આયે

ધૂમસે નિકલે મેરા જનાઝા
મેરી મૈયત મદીનેકો જાયે

આરઝૂ હે યહી અપને દિલમેં
મિલકે હમ સબ મદીનેકો જાયેં

ધૂમસે નિકલે હમ અપને ઘરસે
ઔર ખાકે મદીના બુલાએં

હે સહારા હમેં મુસ્તફાકા
છોળ દે છોળતી હૈ જો દુન્યા

હમસે દામન નબીકા ન છૂટે
ચાહે સારા જહાં છૂટ જાયે

આંખ ઝપકે તો ઈસ તરહા ઝપકે
નિંદ આયે તો ઈસ તરહ આએ

ઉનકી ચૌખટ પે હમ સો રહે હોં
ઔર અઝાને બિલાલી જગાયે

યા નબી હમકો સબ કુછ મિલા હે
મૌત પર ભી નિગાહે કરમ હો

ખાકે તયબહ્ હો હમકો મયસ્સર
કબ્ર ભી નૂરસે ઝગમગાયે

આબરૂ મેરે આકા બચાના
કયૂં કે દુશ્મન હુવા હૈ ઝમાના

મેરે આકા ન તુમ રૂઠ જાના
ચાહે સારા જહાં રૂઠ જાયે

લુત્ફ જબ હૈ દરે મુસ્તફા પર
સર ઝુકાતે હી દમ ટૂટ જાયે

આબે કૌષર સે હો ગુસ્લે રિઝવાં
હર ફરિશ્તા જનાઝા ઉઠાયે

અઝમતે મુસ્તફા કયા બયાં હો
શાન મેરે નબીકી ન પૂછો

બહરે તા'ઝીમ સારા ઝમાના
ઉનકી ચૌખટ પે સરકો ઝુકાયે

ઝાહિરીમેં મદીનાકી અઝમત
કોઈ પૂછે મેરે દિલસે પુરનમ

ઉનકી આંખોપે કુર્બાન જાઉં
જો દયારે નબી દેખ આએ

લે કે હાથોંમેં પ્યારે નબીકો
કહ રહી હૈ યે દાઈ હલીમા

અલ્લાહ અલ્લાહ નબીકા વો ચહેરા
જો ભી દેખે ફિદા હો જાયે





## ★ અય સબ્ઝ ગુંબદવાલે ★

અય સબ્ઝ ગુંબદવાલે મંઝૂર દુઆ કરના
જબ વકતે નઝઅ આયે દીદાર અતા કરના

અય નૂરે ખુદા આકર આંખોમેં સમા જાના
યા દર પે બુલા લેના યા ખ્વાબમેં આ જાના
અય પર્દાનશીં દિલકે પર્દેમેં રહા કરના
જબ વકતે નઝઅ આયે દીદાર અતા કરના

મહબૂબે ઈલાહીસા કોઈ ન હસીં દેખા
યે શાન હૈ ઉનકી કે સાયા ભી નહીં દેખા
અલ્લાહને સાયેકો ચાહા ન જુદા કરના
જબ વકતે નઝઅ આયે દીદાર અતા કરના

મેં કબ્ર અંધેરીમેં ગભરાઉંગા જબ તન્હા
ઈમદાદ કો મેરી તુમ આ જાના રસૂલુલ્લાહ
રોશન મેરી તુરબતકો લિલ્લાહ ઝરા કરના
જબ વકતે નઝઅ આયે દીદાર અતા કરના

ચહેરેસે ઝિયા પાઈ ઈન ચાંદ સિતારોંને
ઈસ દરસે શિફા પાઈ દુઃખ દુર્દકે મારોંને
આતા હૈ ઈન્હેં "સાબિર" હર દુઃખકી દવા કરના
જબ વકતે નઝઅ આયે દીદાર અતા કરના

## અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાને તમે કઈ રીતે સહાયરૂપ થઈ શકો ?

(૧) **અહલે સુન્નત વ જમાઅત**નું ઠોસ સાહિત્ય ફેલાવવા, **મસ્લકે આ'લા હઝરત**ની રોશનીને ચમકાવવા આપ કિતાબોના પ્રકાશનમાં આપના તથા મર્હૂમોના સવાબ અર્થે **સવાબે જારીઆ** કમાવા માટે **લિલ્લાહ રકમ** આપીને અપાવીને સહાય રૂપ થઈ શકો છો.

(૨) **કોઈ આખી કિતાબ છપાવવાની જિમ્મેદારી લઈને** સહાયરૂપ થઈ શકો છો

(૩) આપની **ઝકાત, સદકા, ફિત્રા, ખૈરાત, બુઝુર્ગોની ન્યાઝ, કુર્બાનીની ખાલોની રકમો, M.O., ચેક, D.D. થકી કિતાબો છપાવવા માટે** મોકલીને સહાયરૂપ થઈ શકો છો.

(૪) **રૂપિયા બસો ( રૂા. ૨૦૦/-) "વાર્ષિક મેમ્બર"** ફી તરીકે ભરીને, ભરાવીને મેમ્બરો બની બનાવીને સહાયરૂપ થઈ શકો છો.

**નોંધ** : દરેક **મેમ્બર** તથા **ડોનરને** વરસભર છપાતી સર્વ કિતાબોમાં ફ્રીમાં ઘરબેઠાં પોસ્ટથી પહોંચાડવામાં આવે છે તો આ લાભ મેળવવાનું ચૂકશો નહીં.

**આજીવન મેમ્બર બનવા ઈચ્છનાર કેવળ પાંચ હજાર (રૂા. ૫૦૦૦/-) મોકલી બની શકે છે.**

(૫) કિતાબો મંગાવીને મિત્રો, સગામાં, લાયબ્રેરીઓમાં, મસ્જિદોમાં, દારુલ ઉલૂમોમાં વહેંચી તબ્લીગે દીનના કાર્યને વેગવંત બનાવી સહાયરૂપ થઈ શકો છો.

(૬) **ખાસ તો કિતાબો વાંચીને-વંચાવીને તેના પર અમલ કરી કરાવીને** સહકાર આપી શકો છો.

**આજે જ સંપર્ક કરો**

અંજુમને રઝાએ મુસ્તફા, C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ,
ફોન નં. (૦૨૬૪૨-૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧)

**જરૂરી નોંધ** : જો તમે **મેમ્બર** કે **ડોનર** હોઉ અને તમને કોઈ કિતાબ ટપાલ ખાતાના વાંકે ન મળે તો અમને તમારો રસીદ નં. તથા રસીદ બન્યા તારીખ લખીને જણાવશો તો ફરીથી રવાના કરીશું. (ઈન્શાઅલ્લાહ !)





## શું તમે ઈચ્છો છો કે.....

☆ **શું તમે ઈચ્છો છો કે.....** તમારા ઘરમાં ઈસ્લામી માહોલ હોય, સૌ નમાઝી બની જાય, એક બીજાના હક્કોનો લેહાઝ રાખે, એક બીજાની ઈજ્જત કરે, પ્યાર મહોબ્બતનું સામ્રાજ્ય ઘરમાં સ્થપાય ?!

☆ **શું તમે ઈચ્છો છો કે.....** તમારા મહોલ્લામાં ફિલ્મી ગીતો તથા ડ્રામાઓની ધૂમ સ્પીકરો કે ટી.વી. પર ન થાય અને તેને બદલે નઅતે પાકના નગ્માઓ દરેકનાં દિલ તથા ઝબાન ગુનગુનાવતા રહે અને શરીઅતની પાબંદી માટે સુન્નતોની પાબંદી માટે સૌ કોશિશ કરે ?!

☆ **શું તમે ઈચ્છો છો કે.....** ઠઠ્ઠા મશ્કરીથી દૂર રહી નવયુવાનો દીનના કામોમાં અમલી જિંદગીના માટે મહેનત કરતા રહે અને બાઅખ્લાક બની એક સાચા મુસલમાન જેમ જીવન જીવે ?!

☆ **શું તમે ઈચ્છો છો કે.....** તમારી આબાદીમાં સૌ માં બહેનો પર્દો અપનાવી એક પાકીઝા માહોલને અસ્તિત્વમાં લાવે ?!

અને હા ! દરેક ઈસ્લામના ચાહક મુસલમાનની એ જ તમન્ના હોય છે કે કાશ ! અમારો માહોલ પાકીઝા, બાઅખ્લાક તથા સુન્નતોથી મહેકતા ગુલશન જેવો હોય.

તો આવો ! આજે જ **"સુન્ની દાવતે ઈસ્લામી"**ની શાખા તમારે ત્યાં સ્થાપો અને સુન્નતોને અપનાવો તથા તેનો ફેલાવો કરો.

**સુન્ની દાવતે ઈસ્લામી કી દાવત હર સૂ આમ કરેં**
**સુન્નતકો ઘર ઘર ફેલાએં તબ્લીગે ઈસ્લામ કરેં**

**★ સંપર્ક કરો ★**

***(મર્કઝ) સુન્ની દા'વતે ઈસ્લામી***

ઈસ્માઈલ હબીબ મસ્જિદ, મુહમ્મદ અલી રોડ, મુંબઈ.

**નોંધ** : દર શનિવારે ઈશા બાદ મર્કઝ પર હપ્તાવારી ઈજતેમામાં હાજરી આપો.